શ્રી

# સુમતિનાથ પ્રભુ ચરિત્ર

ભાગ-૧



પ્રસિદ્ધકર્તા:-

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

દેવેન્દ્ર, નરેન્દ્ર પૂજિત
ભગવાન શ્રી સુમતિનાથ પ્રભુ



ॐ

# શ્રી સુમતિનાથ પ્રભુચરિત્ર

## ભાગ-૧

: પ્રસિદ્ધ કર્તા :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

વીર સંવત ૨૫૦૬ આત્મ સંવત ૮૫ વિક્રમ સં. ૨૦૩૬

કિંમત રૂા.૧૫-૦૦

પ્રાપ્તિસ્થાન
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર
પ્રત ૭૫૦

## प्रभु स्तुति

द्युसत्किरीट शाणाग्रो–ते जितांघ्रि नखावलिः ।
भगवान् सुमतिस्वामी, तनोत्वभिमतानि वः ॥

ભાવાર્થ:—દેવોના મુકુટરૂપ સરાણના અગ્રભાગ વડે, જેના પગના નખોની પંક્તિ ચકચકિત થઈ છે એવા સુમતિનાથ ભગવાન્ તમારા મનોરથોને પૂર્ણ કરે.

अनंत विज्ञान विशुद्धरूपं
निरस्त मोहादि परस्वरूपम् ।
नरामरेंद्रैः कृतचारुभक्ति
नमामि तीर्थेश मनंत शक्तिम् ॥

ભાવાર્થ:—જેનું વિજ્ઞાન અનંત છે, જેનું સ્વરૂપ નિર્મળ છે, જેણે મોહ અજ્ઞાન–આદિ પર સ્વરૂપને ટાળેલું છે, અને મનુષ્યોના ઇન્દ્રોએ–( ચક્રવર્તીઓએ ) તથા દેવતાઓના ઇન્દ્રોએ જેની મનોહર ભક્તિ કરેલી છે, એવા અનંત શક્તિવાળા શ્રી તીર્થંકર પ્રભુને હું નમસ્કાર કરૂં છું.

મુદ્રક
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
જગાફોકના ડેલામાં, લોખંડબજાર,
ભાવનગર. ૩૬૪ ૦૦૧

# પ્રકાશકનું ગ્રંથ નિવેદન

"તીર્થસ્થળની પવિત્ર ભૂમિમાં પવિત્ર તેમજ ઉત્તમ વિચારોના પુષ્પો, ગ્રથિત બની પુષ્પહાર સર્જે છે. તે હાર પણ સુગંધ–પમરાટથી ભરપૂર. એવી એક પુણ્યમય પળે સંસ્થાના સ્વ. મંત્રી શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીના મનમાં તળાજાની પવિત્ર ભૂમિ ઉપર પરમ ઉપકારી પ્રભુશ્રી સુમતિનાથનું ચરિત્ર પ્રગટ કરવું–છપાવવું એવો વિચાર ઉદ્ભવ્યો, સહયોગે તે વિચારને હર્ષપૂર્વક વધાવ્યો. વિચાર મૂર્તસ્વરૂપ પામે તે સમયની રાહ જોવાતી રહી.

જે ઈચ્છિત, સંપૂર્ણ પાવનકારી પરિણામવાળું હોય અને જેની ઉત્કણ્ઠિત હૃદયે અપેક્ષા ધરાવતા હોય–તેની પ્રાપ્તિ નિઃશંક અપૂર્વ ભેટ બક્ષે છે. તે મુજબ આપ સહું (વાચક વૃંદ) સમક્ષ પરમ કૃપાળુ, તારક, પરમોપકારી તીર્થંકર ભગવંત સુમતિનાથજીના ચરિત્રનો પ્રથમ વિભાગ છપાવી પ્રસિદ્ધ કરતાં અમે સહુ આનંદ વિભોર બનીએ છીએ.

મહાન્ પુણ્યોદયે આ પાવનકારી ચરિત્રની હસ્તલિખિત પ્રત જૈન ભંડારમાંથી મળી આવી. પ્રતની ભાષા માગધી છે. આ ભાષામાંથી સરળ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવાનું કાર્ય પુષ્કળ પરિશ્રમ અને વિદ્વતા માગી લે છે. તેથી મુશ્કેલીનું પ્રથમ ચઢાણ અવરોધ કરતું અડીખમ રીતે ઉભું રહ્યું, ત્યારે પૂજ્ય મુનિરાજ સાહેબ અભયસાગરે તે કાર્ય સ્વીકારી લીધું. તેઓશ્રીએ ૧ પાનાથી ૮૮ પાનાસુધી ભાષાંતર કરી આપી સંસ્થાને ઉપકૃત કરી.

કાર્યની સ્થગિતતા સમયે પંડિત લાલચંદભાઇ ભગવાનદાસે (વડોદરા) સહાય્ય સમર્પણ કરી. તેઓશ્રીએ પાના ૮૯ થી ૧૨૭ સુધીનું ભાષાંતર કરી આપી, સંસ્થાના ધન્યવાદ મેળવ્યા. તેઓશ્રી 'દિવંગત' થતાં આ કાર્ય અટકી પડયું.

સંસ્થાએ ઠેર ઠેર પ્રયત્ન કર્યા પણ નિરાશાજ સાંપડી. છેવટે પ્રાધ્યાપક રમણિકલાલ મનસુખલાલ શાહે (અમદાવાદ) અથાગ પ્રયત્ન દ્વારા પ્રથમ વિભાગનું ભાષાંતર પૂર્ણ કરી આપ્યું.

આધુનિક સમયમાં માગધીપ્રાકૃતઅપભ્રંશ ભાષાના વિદ્વાનો જવલ્લેજ મળે છે. તેઓ જૈન ધર્મી હોય તો જ અનુકૂળતા રહે; કેમકે જૈન ધર્મના પારિભાષિક શબ્દોના સમાન અર્થવાળા શબ્દો શોધવામાં અત્યંત મુશ્કેલી પડે છે.

આટલી મુશ્કેલીઓ હોવા છતાં કાર્ય સંપૂર્ણ થયું તેમાં શાસન દેવની કૃપાજ જણાય છે. આ પ્રસંગે ભાષાંતર કરી આપનારાઓને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

આજની અકલ્પ્ય મોંઘવારીમાં આવાં પુસ્તકોના પ્રકાશન ખૂબ કિંમત માગી લે છે. પણ સંસ્થાના સદ્ભાગ્યે, આર્થિક મુંજવણ દૂર કરવામાં, શ્રાવિકા બહેન શ્રી જેકુરબેન અમૃતલાલ શાહ તથા તેમના છએ પુત્રોએ રૂા. ૮૦૦૧ ની માતબર રકમ સંસ્થાને સમર્પણ કરી. તેથીજ 'આકાશ કુસમવત્' લાગતુ કાર્ય સાકાર અને મૂર્તિમંત બન્યું. આ બદલ તે સર્વેનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો. શ્રીમાન્ અમૃતલાલ શેઠે જૈન સંઘમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેઓશ્રીના હૃદયમાં સંઘની સેવા વસી ગઈ હતી. તેથીજ ભાવના પૂર્વક સંઘની સેવામાં તત્પર રહેતા. સંઘના શુભ અને પુનિત કાર્યોમાં તેમનો સહકાર હંમેશ મળતો. તેઓશ્રીની ભાવના મુજબ શેઠશ્રી અમૃતલાલ ગિરધરલાલના પુનિત સ્મરણાર્થે અને શ્રેયાર્થે, આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

પુસ્તકના છાપકામ સમયે, શ્રી કાન્તિલાલ જગજીવન દોશીએ 'પ્રુફ રીડીંગ' માટેની સેવા અર્પી. તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

'રાધેશ્યામ પ્રીન્ટીંગ પ્રેસ'ના કાર્યકર્તાઓએ સુંદરરીતે છાપકામ કરી, ખૂબ સહકાર આપ્યો અને સુંદર પુસ્તક રૂપે રજુ કરાવ્યું. તેથી તેમની સુંદર ભાવના અને સહકાર માટે આભાર વ્યક્ત કરીએ છીએ. સંસ્થાના સભ્યો સમક્ષ આવું સુંદર પુસ્તક મૂકતાં અમે ગૌરવ લઈએ છીએ. આ કાર્યની સિદ્ધિ માટે નામી, અનામી જે વ્યક્તિએ યત્કિંચિત્ સેવા અર્પી હોય તે સહુનો સંસ્થા આભાર માને છે.

આવા વિધવિધ પ્રાચીન પુસ્તકો બહાર પાડવામાં શાસનદેવ અમને સહાય્ય રૂપ બને તેવી અભ્યર્થના.

ગુલાબચંદ લલ્લુભાઇ શાહ
પ્રમુખશ્રી
**શ્રી જૈનઆત્માનંદ સભા**



શેઠ શ્રી. અમૃતલાલ ગીરધરલાલ શાહ

જન્મ સવંત ૧૯૫૦ ફાગણ સુદ ૪ * સ્વર્ગવાસ સં. ૨૦૨૬ શ્રાવણ વદ ૧૦

# પ્રસ્તાવના

જગત્‌ભરમાં અન્ય ધર્મના સાહિત્યની સરખામણીમાં જૈનદર્શનનું સાહિત્ય વિપુલ અને સર્વોત્તમ છે. જૈનદર્શનના ચાર અનુયોગ. તેમાં કથાનુયોગ ખૂબજ સુગમ હોવાથી જનતા પ્રિય બનેલ છે. વળી બોધક હોવાથી પરિણામે જૈન ઐતિહાસિક–કથા સાહિત્ય સર્વપ્રકારે લાભદાયી છે.

પણ સાચું સાહિત્ય કયું ? જે સાહિત્ય લોકોની માનવતા શિખવે છે, આધ્યાત્મિક કલ્યાણમય પ્રવૃત્તિ તરફ દોરે છે, મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થવૃત્તિ પ્રગટાવે છે અને પરમાત્મપદ પમાડે છે તેજ અણમોલ સાહિત્ય સર્વશ્રેષ્ઠ લેખાયું છે.

ઐતિહાસિક સાહિત્યને સંપૂર્ણ ન્યાય કોણ આપી શકે ? ત્યાગી જૈન આચાર્યો. જે લેખક ઇતિહાસને વફાદાર રહે, સંપૂર્ણ તટસ્થતા દાખવી શકે, સત્યના સાચા પૂજારી હોય, જેની વિદ્વતાના વિધવિધ ઝરણાં સંપૂર્ણ સ્રોત બનાવી શકે, જેનામાં જગત્ કલ્યાણની ભાવના મૂળ પાયારૂપે બીરાજતી હોય, તે લેખક નિર્ભેળ યશ કલગી ધારી શકે છે. જ્ઞાનમણ્ડિત લેખિની દ્વારા શ્રી સોમપ્રભાચાર્યની વિદ્વતા ચોમેર ઝળહળતી હતી. પરિણામે શ્રીસુમતીનાથ પ્રભુનું ચરિત્ર આ બાલવૃદ્ધને ઉપયોગી તેમજ કલ્યાણકારી બનશે તે નિઃશંક છે.

જૈન કથા સાહિત્યમાં દેવાધિદેવ તીર્થંકર ભગવાનોના ચરિત્રો ઉત્કૃષ્ટ અને પ્રથમ સ્થાન ધરાવે છે. આવા પરમાત્માના ચરિત્રોનું વાચન, શ્રવણ અને મનન, વાચકના આત્માના તારને ઝણઝણાવે છે. ઉત્પન્ન સંગીતની મધુરાવલી હાર્દને ખૂણે ખૂણે ગુંજતી બને છે. તેમના ચ્યવન અને જન્મ કલ્યાણ પ્રસંગો વાંચતા, હૃદય અનુપમ આલ્હાદ અનુભવે છે. ભગવાનની માતાના આનંદની ઝલક વાચક પર પ્રસરી જાય છે. અને અહો ભાગ્યના ધ્વનિ અનેરી મુક્ સ્તુતિમાં પરિણમે છે. પ્રભુનું બહુમાન, ઇંદ્રોદ્વારા મેરૂશ્રૃંગ પર અભિષેક, પ્રભુની શક્તિનું વર્ણન, આનંદ અને આશ્ચર્યમાં મસ્ત બનાવે છે. ભૂરિ ભૂરિ પ્રશંસા અનેક પાતકોના ભુક્કા બોલાવે તેમાં શી નવાઇ ?

તીર્થંકર ભગવન્તોના અલૌકિક, પારમાર્થિક, સુંદર ચરિત્રોમાં, આધ્યાત્મિક જ્ઞાનના બોધક વિષયો, સુંદર અને સરળ તત્ત્વોથી ગ્રથિત બની પંડિત તેમજ બાલજીવોને એક સરખા ઉપયોગી થઈ પડે છે. તેનું કારણ એજ કે તેમાં અનેક દૃષ્ટાંતો, કથાઓ, ઉપનય સાથે વિવિધ ભાવો પૂર્ણતા અર્પી જાય છે.

પૂર્વાચાર્ય મહારાજાઓએ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના તીર્થંકર ભગવંતોના પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં અનેક ચરિત્રો લખેલ છે. આ ચરિત્રો, સરળ, રોચક ગુજીરાતી ભાષામાં અનુવાદ કરાવી પ્રગટ કરવામાં આવે તો જનસમૂહને ખૂબ ઉપયોગી બને, લાભ-દાયી બને, બેડોપાર કરનારી નાવ બને. આવા પવિત્ર ઉદ્દેશથી શ્રી જૈન આત્માનંદસભાએ આજદિન સુધીમાં ( ૧ ) શ્રી આદિનાથ પ્રભુ, ( ૨ ) શ્રી સુપાર્શ્વનાથ ( ૩ ) ચંદ્રપ્રભુ સ્વામી ( ૪ ) શ્રી વાસુપૂજ્ય સ્વામી ( ૫ ) શ્રી વિમલનાથ ભગવાન ( ૬ ) શ્રી નેમનાથ જીનેશ્વર ( ૮ ) શ્રી શાંતિનાથ પ્રભુ ( ૯ ) શ્રી શ્રેયાંસનાંથ સ્વામી વગેરે ચરિત્રોનું સુંદર રીતે પ્રકાશન કરેલું છે. આવા ચરિત્રોની માગણી બહોળા પ્રમાણમાં છે તેથી આ વર્ષે શ્રી સુમતિનાથ પ્રભુનું ચરિત્ર જૈન વાચકવૃંદ સમક્ષ મૂકતાં અમે ગૌરવ અનુવવીએ છીએ. અનેરો હર્ષોલ્લાસ અનુભવીએ છીએ તેમજ આનંદ-ઊર્મિઓથી રોમાવલી ખડી થઈ જાય છે.

તા. ૨૭–૬–૮૦
અષાડ સુદ ૧૫, ૨૦૩૬
ગુરુપૂર્ણિમા

શ્રીજૈન આત્માનંદ સભા
ભાવનગર

# અનુક્રમણિકા


| પ્રસ્તાવ | નામ | પાનું |
|---|---|---|
| ૧ | પ્રભુનો પ્રથમ ભવ | ૧ |
| ૨ | રાજાપુત્રીનું પ્રયાણ | ૨૦ |
| ૩ | વિજયસેન રાજાનું વિપરીત શિક્ષાવાળા ઘોડાથી જંગલમાં આવી પડવું. | ૨૬ |
| ૪ | રાજા સાથેનો પોતાના પૂર્વસંબંધનું મુનિરાજે કરેલું વર્ણન. | ૪૫ |
| ૫ | વિજયસેન રાજા પાસે મૂર્છારહિત બનેલા યુવકે આગળ કહેલી પોતાની આત્મકથા. | ૬૭ |
| ૬ | રાજપુત્રી સુદર્શનાની જંગલમાં થયેલી દુર્દશા, ચારણમુનિનો મિલાપ, કર્મનું સ્વરૂપ જણાવવા સાથે શ્રી નમસ્કાર મહામંત્રનું નિરંતર સ્મરણ કરવા આપેલ ઉપદેશ. | ૭૫ |
| ૭ | વિજયસેન મહારાજાનું ચન્દ્રપુરમાં આવવું, સુદર્શનાનો બચાવ અને મેલાપ. | ૮૨ |
| ૮ | જીવાનંદસૂરિ મ. ને વંદનાર્થે વિજયસેન રાજાનું સપરિવાર જવું, આચાર્ય મ. નો ઉપદેશ વગેરે. | ૯૩ |

# શુદ્ધિપત્રક

| પાનુ | પેરેગ્રાફ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૫ | ૩ | ૩ | કર્ત્તવ્ય | કર્તવ્ય |
| ૯ | ૨ | છેલ્લી | કોઈક | કોઈ |
| ૧૩ | ૨ | ૯ | કજીુસાઈ | કંજીુસાઈ |
| ૧૩ | ૨ | ૧૧ | હીનનર | હીનતર |
| ૧૩ | ૩ | ૩ | પીડ | પીઢ |
| ૧૩ | ૩ | ૫ | માહેંતી | માહિતી |
| ૧૪ | ૨ | ૫ | કર્યો | કર્યા |
| ૧૬ | ૧ | ૩ | તારપીઠ | તારપીડ |
| ૧૭ | ૧ | ૨ | આશ્ચય | આશ્ચર્ય |
| ૧૮ | ૨ | ૩ | અપૂવ | અપૂર્વ |
| ૨૨ | ૨ | ૧ | નિકળેલી | નીકળેલી |
| ૨૩ | ૧ | ૧૭ | દિવ્યૌષધી | દિવ્યૌષધિ |
| ૨૭ | ૨ | ૧ | છુકટારો | છુટકારો |
| ૩૧ | ૧ | ૧૦ | નિકળી | નીકળી |
| ૪૦ | ૧ | ૧૧ | નિકળતા | નીકળતા |
| ૪૭ | ૧ | ૧૨ | કુતુહલથી | કુતૂહલથી |
| ૪૯ | ૧ | ૬ | વિ લ્લતા | વિદ્યુલ્લતા |
| ૫૪ | ૨ | ૧ | કમમાં | કર્મમાં |
| ૧૦૦ | ૧ | ૧૭ | પરીષહ | પરિષહ |
| ૧૨૭ | ૧ | ૧૫ | રમણીયને | રમણીને |
| ૧૪૨ | ૩ | ૧ | મળ્યુ | મળ્યું |
| ૧૭૭ | ૨ | છેલ્લી | અનુભવતી | અનુભવતા |
| ૧૮૪ | ૨ | છેલ્લી | કૂળવધૂઓ | કુળવધૂઓ |
| ૧૯૦ | ૩ | છેલ્લી | ચુપ | ચૂપ |
| ૨૧૧ | ૩ | ૫ | ઘૃતકારે | દ્યૂતકારે |
| ૨૨૨ | ૨ | ૧ | પરીષહ | પરિષહ |

॥ श्रेयस्कर–विघ्नहर–श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ गणाधीशश्रीगौतमस्वामिने नमः ॥

શ્રી સોમપ્રભાચાર્યવિરચિત

# શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર

( ભાષાંતર )

## ખંડ ૧ લો.

### પ્રસ્તાવ ૧ લો.

### પ્રભુનો પ્રથમ ભવ.

**મંગલાચરણ—**

**શ્રી ઋષભદેવ પ્રભુ સ્તુતિ**—જગતના પ્રાણીઓના મનવાંછિત પૂરવામાં **કલ્પવૃક્ષ** સમાન, ચાલુ **અવસર્પિણીની ચોવીશીના** આદ્ય **તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુ** જય પામે છે, *કે જેમના બન્ને ખભા ઉપર સજ્જનોના હૃદયને આનંદ દેનાર, સિદ્ધિરૂપ ફલને દેનાર મનોહર કેશ–કલાપ શોભે છે.

* સામાન્યતઃ બધા **તીર્થંકરો દીક્ષાસમયે પંચમુષ્ટિથી** મસ્તક, દાઢી અને મુછના તમામ વાળોનો **લોચ** કરે છે, પણ ચાલુ **ચોવીશી**ના આદ્ય **તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુએ** માથાના પાછળના ભાગે રહેલા રમણીય વાળો બન્ને ખભા પર પથરાઈ અત્યંત શોભતા હોવાથી **શક્રેન્દ્રની** વિનંતિથી **લોચ** કર્યા વિના તેમ જ રહેવા દીધા. આની માહિતી માટે જુઓ **પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી**–રચિત **શ્રી કલ્પસૂત્ર** ( સૂ. ૨૧૧ ) તથા તેની ઉપાધ્યાયશ્રી **ધર્મસાગરજી મ.** રચિત **શ્રી કિરણાવલીવૃત્તિ**( પા. ૧૫૨ )માં આવતો **શ્રી ઋષભદેવ ભગવાનની દીક્ષાનો** અધિકાર.

**શ્રી સુમતિનાથ પ્રભુ સ્તુતિ**—જેઓએ ***મોહસમુદ્રનું** આલોડન કરી ઉત્તમ **કેવલજ્ઞાન**રૂપ લક્ષ્મીને મેળવી સારભૂત ઉત્કૃષ્ટ **જીવાદિ** સાત તત્ત્વોના નિરૂપણદ્વારા જગતનું અનુપમ હિત કર્યું છે, તેવા આત્મસ્વરૂપની શાશ્વત વિશુદ્ધ સ્થિતિને પામી કૃતકૃત્ય બનેલ **શ્રી સુમતિનાથ** પ્રભુને હે **ભવ્યલોકો**! તમે અર્ચા-પૂજો!

**શ્રી પાર્શ્વનાથ પ્રભુ સ્તુતિ—પ્રિયં**ગુલતાની જેમ નીલવર્ણવાળા, છત્રાકારે ફણા કરી મસ્તકે રહેલ **નાગરાજ**ની ફણાએ પર શોભતા તેજસ્વી મણિઓના કિરણોથી સુશોભિત શરીરવાળા જાણે! નવપલ્લવિત થયેલ કલ્પવૃક્ષ જ કેમ ન હોય! એવી ભ્રાંતિ કરાવનારા **શ્રી પાર્શ્વનાથ પ્રભુ** મારા મનવાંછિતને સંપાદિત કરો!

**શ્રી મહાવીર પ્રભુ સ્તુતિ**—નમેલા દેવેન્દ્રોના મસ્તક પર શોભતા મુકુટોના મણિઓથી સુશોભિત ચરણકમલવાળા, શિવપુરના પ્રધાન માર્ગને દર્શાવી પરમહિત કરનારા, પરમશાંતરસમાં નિમગ્ન, સંપૂર્ણ ગુણગણના ભંડાર તુલ્ય **શ્રીમહાવીરપ્રભુને** હું ભાવપૂર્વક વંદન-નમસ્કાર કરું છું.

**શેષ તીર્થંકર દેવોની સ્તુતિ**—અસમ (એકી-એકવીશની-સંખ્યાવાળા) હોવા છતાં સમતા રસથી ભરપૂર, **અમદ** (મદ વગરના) હોવા છતાં પણ પંડિત જનોના બહુમત (માનનીય), સંગ રહિત છતાં સંગર (સંગર-સુખદુઃખાદિ-રૂપ દ્વન્દ્વનો સંઘર્ષ)નો નિગ્રહ કરનારા બાકીના (એકવીશેય) તીર્થંકરોને ભાવપૂર્વક નમો!

**પ્રવચન-શ્રુતજ્ઞાન સ્તુતિ**—પ્રબલ **મોહ**ના આવેગને પણ શમાવવા સમર્થ પ્રવચન-શ્રુતજ્ઞાન રૂપ અમૃત મારા આત્મા વિષે પરિણત થાઓ! કે જેની લેશમાત્ર પરિણતિ પ્રાપ્ત થવાથી વિબુધ-ચતુર પુરુષો પરમ તે સુખના સ્થાનરૂપ નિર્વૃત્તિ-મોક્ષની પ્રાપ્તિ કરી શકયા છે.

**શ્રુતદેવતાની સ્તુતિ**—જેણીના પરમસૌમ્ય સુભગ મુખ-ચંદ્રના દર્શન માત્રથી કવિઓના હૃદયરૂપ સમુદ્રમાં નાનાવિધ અદ્ભુત કવનશક્તિના પરિચાયક સુંદર વચન-પ્રકારોરૂપ ઊર્મિઓની વૃદ્ધિ થવાથી પ્રતિભોલ્લાસરૂપ ભરતી આવે છે, તે **શ્રુતદેવી-સરસ્વતી** જય પામો.

---

* અહીં મૂળ ગ્રંથમાં **સુમતિનાથ પ્રભુને શબ્દશ્લેષથી અચ્યુત**નું વિશેષણ આપી લોકવ્યવહારપ્રસિદ્ધ **અચ્યુત-વિષ્ણુજીએ** સમુદ્રનું મથન કરી **લક્ષ્મી**ને મેળવી પોતાના અપૂર્વ સત્ત્વને પ્રકટ કર્યાની વાત અપૂર્વ શબ્દસામ્યદ્વારા જણાવી, ગ્રંથકારે પોતાની વિશિષ્ટ પ્રતિભાની ચમક જણાવી છે.

**ગુરુદેવની સ્તુતિ**—*જેઓ પાસેથી જ્ઞાન અને કૃપાપૂર્ણ દૃષ્ટિનું બલ મેળવી મૃગ જેવા મુગ્ધ--અજ્ઞાન પ્રાણી પણ પ્રત્યેક પદોના અવબોધપૂર્વક વિષમ પણ સાહિત્યના માર્ગમાં અસ્ખલિતપણે સંચરી શકે છે, તે **ગુરુમહારાજ** જય પામો !

**શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ**—સંસારના ત્રિવિધ તાપથી સંત્રસ્ત પ્રાણીઓને પરમ-શાંતિ આપનારા હોવાથી **હિમાલય**સ્વરૂપ જેમનાથી કોટિભવના સંચિત પાપરૂપ મલને દૂર કરનારી અને દેવેન્દ્રોને પણ પૂજ્ય પદસમૂહથી શોભતી **શ્રી દ્વાદશાંગી**રૂપ નદી પ્રકટ થઇ તે મહાન્ વિશ્વંભર **શ્રી ગૌતમસ્વામી ગણધર**ને હૃદયોલ્લાસપૂર્વક નમો !

**કવિ-જનોની સ્તુતિ**—વિવિધ ભાવભંગીપૂર્વક નવનવી કલ્પનાઓથી ભરપૂર પાષાણ હૃદયને પણ પીગળાવી દે તેવી અદ્ભુત કવિત્વશક્તિવાળા શ્રેષ્ઠ કવિઓની નિર્મલ ચંદ્રની કાંતિની જેમ પવિત્ર વાણી જયવંત છે, કે જે વાણી નવનવા સાહિત્યરસના આસ્વાદના અભિલાષુક કવિરૂપ ચકોરોદ્વારા નિરંતર પીવાતી--અનુભવાતી છતાં અમાપ--પ્રમાણાતીત-પણે વિલસે છે.

**ઉપક્રમ**—આ પ્રમાણે સ્તવવા લાયક પદાર્થોની સ્તવનાના બળે ઇષ્ટકાર્યની સિદ્ધિમાં વિઘ્નરૂપ અનર્થોને દૂર કરી, પરમાર્થસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવનાર પ્રસ્તુત ( લોકોત્તર દેવાધિદેવ તીર્થંકર પ્રભુના જીવનચરિત્રને વર્ણવવારૂપ ) વિષયનું વ્યાખ્યાન પ્રારંભું છું.

**પુરુષાર્થની મહત્તા-જૈનધર્મની શ્રેષ્ઠતા**—જગત્માં ખરેખર જે વિવેકી મનુષ્ય પુરુષાર્થની સાધનામાં જ કાલ નિર્ગમન કરે છે તેની જ મળેલી મનુષ્ય ભવાદિની સામગ્રીને પંડિતલોકો પ્રશંસાસ્પદ માને છે. વળી બધા પુરુષાર્થોમાં પ્રાધાન્ય ધર્મને જ વરેલું છે, કારણ કે જગતના તમામ પદાર્થો તથા નિખિલ પુરુષાર્થોનું મૂળ કારણ જ ધર્મ છે. પણ કસોટી પર ઘસાઇને શુદ્ધ થએલા સુવર્ણની જેમ શાસ્ત્રોક્ત વિધાન મુજબ સમ્યક્ પ્રકારે પરીક્ષા કરીને જ ધર્મ પુરુષાર્થને આદરવો ઘટે, અન્યથા નકલી સોનાની જેમ અપરીક્ષિત ધર્મ બાહ્ય દેખાવથી સ્વરૂપતઃ ધર્મની ભ્રાન્તિ કરાવી મિથ્યા ધર્મના આસેવનથી ધર્મ-પુરુષાર્થ સાધ્યાનો આભિમાનિક સંતોષ મનાવી વસ્તુતઃ પ્રવૃત્તિમાત્રને આયાસમાત્રરૂપે

---

* મૂળ ગ્રંથમાં " **बलहिय** " પાઠને બદલે ' **च लहिय** ' પાઠની અર્થસંગતિની દૃષ્ટિએ કલ્પના કરી " **कव्वमग्गे** " ના બીજી પ્રતમાં મળી આવતા " **कव्वमज्झे** " પાઠાંતરને પ્રમાણભૂત ગણતાં ગ્રંથકારે આ શ્લોકદ્વારા બે અર્થને ધ્વનિત કર્યાનું અનુમાની શકાય છે. એક તો-' **જેઓ પાસેથી જ્ઞાન મેળવી વિષમ અર્થકાઠિન્યાદિવાળા પણ કાવ્ય-સાહિત્ય-ના માર્ગે સફલપણે સંચરી શકે છે.** " અને બીજો-' **જેઓ પાસેથી કૃપાપૂર્ણ દૃષ્ટિનું બલ મેળવી દુઃશકયતાઓથી ભરપૂર લગભગ અશકય જેવું પણ કાર્ય નિર્વિઘ્ને કરી શકાય છે.** ' આ ઉપરથી ગ્રંથકાર પ્રસ્તુત ભગીરથ **મહાકાવ્ય**ની રચનામાં ગુરુકૃપાબલે સફલતા મેળવવાની આશંસા કરી પોતાનું આભિમાનિક ગૌરવ જતું કરી અપૂર્વ **નમ્રતા**ના ગુણને વ્યક્ત કરે છે.

પરિણમાવે છે. અને ધર્મદ્વારા સધાતા ઇષ્ટફલની પ્રાપ્તિ ન થવાથી મનઃસંતાપને વધારી મૂકે છે; માટે જ દૂધ નામ હોવા છતાં પણ આકડાનાં દૂધથી જેમ દહીં બનતું નથી તેમ શબ્દની સમાનતાએ ધર્મ નામવાળા બધા ધર્મો જગત્‌ના પ્રાણીઓના કલ્યાણની સાધના કરી શકતા નથી. આ કારણે જ ગ્રહોમાં ચંદ્રની જેમ, પર્વતોમાં મેરુપર્વતની જેમ અને મણિઓમાં ચિંતામણિની જેમ વીતરાગ સર્વજ્ઞ પ્રભુએ પ્રરૂપેલ **જૈનધર્મ** જ સર્વધર્મોમાં શિરોમણિ છે. આવા સર્વોત્તમ જિનભગવંતોએ પ્રરૂપેલ શ્રેષ્ઠ ધર્મની જગતના અન્ય સામાન્ય ધર્મોની સાથે તુલના કરવી તે પાણી અને અગ્નિ, અમૃત અને ઝેર, પ્રકાશ અને અંધકારની સમાનતા પ્રરૂપવાની જેમ તદ્દન અસંગત–ઉપહાસપાત્ર જ ઠરે છે. કારણ કે **સર્વજ્ઞ પ્રભુની વચનાતીત-સામર્થ્યવાળી અનુપમ લોકહિતકર વાણીદ્વારા વ્યવસ્થિત આ જૈનધર્મમાં છએ કાયના સૂક્ષ્મ પણ જીવની જયણા પાળી, પરમ અહિંસક ભાવને કેળવી, પરિણામે સર્વોચ્ચ સુખના સ્થાનરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવનારું જે જાતનું આદર્શ ઘડતર વર્ણવ્યું છે તેવું જગતના કોઇ પણ ધર્મમાં નહિં વર્ણવેલું હોઈ આ ધર્મની સર્વોચ્ચતા વસ્તુતઃ યથાર્થ છે,** માટે જ અહીં **ગ્રંથકાર** આદર્શ હિતોપદેશ ગુરુરૂપે છતાં પરમ સુહૃદ્‌ભાવે જગત્‌ના જીવોને સંબોધી કહે છે કે—"**જગત્‌ના અન્ય ધર્મો બાહ્ય આચાર–વિચારોથી આત્મકલ્યાણની સાધના કરાવનારપણાનો આભાસ માત્ર કરાવી અજ્ઞાન–મોહગ્રસ્ત પ્રાણીઓને નિતાન્ત સંસારમાં બે ચાર સારી યોનિઓને પમાડી અંતે જન્મ--મરણના ભીષણ આવર્ત્તમાંથી બચાવી શકતા નથી, માટે વિવેક--બુદ્ધિથી સ્વકલ્યાણની સાધના સિદ્ધ કરવા માટે કલ્યાણ-રૂપ વેલને ફલવતી બનાવી યથેષ્ટ–કાર્યની સાધિકા બનાવવા પરમશ્રેષ્ઠ–સાધન-સ્વરૂપ જૈનધર્મનો જ ત્રિકરણ શુદ્ધિએ આદરપૂર્વક સ્વીકાર કરો !**"

આવા સર્વોચ્ચ ઉપમાતીત લોકોત્તર મહિમાશાલી **જૈનધર્મના** યથાર્થ પાલન માટે જે પુણ્યાત્માઓ નિરંતર ઉદ્યતપણે પ્રવૃત્તિ કરવા માટે તત્પર થયેલા છે, તેઓના માટે સ્વર્ગ પણ ઘરના આંગણાની જેમ સુલભ બને છે, સર્વ સંપદાઓ તેઓની સહચારિણી બની રહે છે, સૌભાગ્યાદિ ગુણો તેઓને વરવા માટે સદા લાલાયિત બન્યા રહે છે, સંસારની ભીષણ ઉપાધિઓ તેઓ માટે વિષમ–જટિલ નથી રહેતી અને ભવસમુદ્રનો પાર પામી મોક્ષના સુખને તેઓ હાથ–વેંતમાં કરી લે છે.

**ધર્મમાં વિશેષણરૂપ જૈન પદની સુસંગતિ,**
**તે સાથે પ્રસ્તુત ચરિત્રનો ઘટતો સંબંધ—**

વળી જૈનધર્મમાં વિશેષણરૂપે જે '**જૈન**' પદ છે તે આ ધર્મનું નિરૂપણ

રાગદ્વેષનો સંપૂર્ણપણે જય કરી વિશુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી વીતરાગ પ્રભુએ કર્યાનું સૂચવવા માટે છે, તેથી પ્રાસંગિક અહીં એ પણ વર્ણવવું અનુચિત ન ગણાય કે—' આ ધર્મ તીર્થંકર પ્રભુએ ભવ્ય પ્રાણીઓના અનુગ્રહાર્થે કેવી રીતે ઉપદેશ્યો ? તથા આવા અનુપમ ધર્મના ઉપદેષ્ટા તે પ્રભુએ આવી અનુપમ જગવત્સલતાને સૂચવનારી તીર્થંકરની પદવી કેવી રીતે પ્રાપ્ત કરી ? વિષમ મોહાદિ પ્રબલ કર્મોના દુઃખદાયી બંધનોને સમ્યગ્જ્ઞાન-દર્શન--ચારિત્રની પ્રવર્ધમાન વિશુદ્ધ આરાધનાના બળે કેવી રીતે તોડીને વિશુદ્ધ આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ કરી આદિ.'

આ ઉપરથી ધર્મના વિશેષણ તરીકે યોજાયેલ જૈન પદની સાર્થકતા સમજવા ઉપરના મુદ્દાઓનું સ્પષ્ટતમ જ્ઞાન આવશ્યક છે, અને તેના માટે **તીર્થંકર પ્રભુનું** જીવનચરિત્ર વર્ણવવું જરૂરી છે, તેથી હું અહીં **શ્રી સુમતિનાથ ભગવાન**નું મુખ્યતઃ જીવન--ચરિત્ર વર્ણવી જગતમાં સર્વશ્રેષ્ઠ ધર્મના વિશેષણ તરીકે **જૈન** પદની સુસંગતતા યથાશક્ય પ્રયત્ને વર્ણવીશ.

**શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્રના સંક્ષિપ્ત મુદ્દાઓ**—**શ્રી સુમતિનાથ પ્રભુએ** પૂર્વભવમાં સમ્યક્ત્વ--બોધિબીજની પ્રાપ્તિ કેવા સંજોગોમાં શી રીતે કરી ? તે વર્ણવવા સાથે સર્વવિરતિ- ચારિત્રધર્મ સ્વીકારી તેઓએ **વૈજયંત** ( પાંચ **અનુત્તર--વિમાન**માં બીજું વિમાન ) વિમાનમાં અનુપમ દેવભવોચિત ભવ્ય ઋદ્ધિસમૃદ્ધિનો અનુભવ કેવી રીતે કર્યો ? તથા **સુમતિનાથ** પ્રભુ તરીકે જન્મી **તીર્થંકર**પણાને ઉચિત બાહ્ય વૈભવનો અનુભવ કરી યોગ્ય સમયે સંયમ, તપ, ઉત્કૃષ્ટ વૈરાગ્ય ભાવના આદિના બલે રાગાદિ અંતરંગ શત્રુ-ઓનો સમૂલ નિગ્રહ કરી, વિશુદ્ધ **કેવલજ્ઞાન** મેળવી દેશનાદ્વારા અનેક ભવ્ય પ્રાણીઓ પર અનુગ્રહ કરી પરમ વિશુદ્ધ મુક્તિપદને કેવી રીતે પામ્યા ? આ પ્રમાણે ત્રણ ભવ સંબંધી બીના વિગતવાર શાસ્ત્રાનુસારી પદ્ધતિએ યથાયોગ્ય સંક્ષેપથી મહાપુરુષોના યથાર્થ ગુણગ્રામદ્વારા અશુભ કર્મોની નિર્જરા કરવાના શુભ હેતુથી વર્ણવવાની શુભ આશંસા-પૂર્વકનો આ મારો શુભ પ્રયાસ છે.

**સજ્જન-સ્તુતિ, સજ્જન-દુર્જન-સ્વભાવ-વર્ણન**—અહીં **ગ્રંથકાર શ્રી સુમતિ-નાથ પ્રભુના** પ્રોજ્જ્વલ ગુણોના કીર્તનરૂપ પ્રસ્તુત ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ ઉપક્રમાદિ કર્યા પછી કવિ–સમયને અનુસરી સજ્જનોની સ્તુતિ કર્ત્તવ્ય તરીકે માની જણાવે છે કે—જગતમાં પોતાની વિવેકશક્તિથી પરમોત્કૃષ્ટ સ્થાનને ભજનારા **મહાપુરુષો** જયવંત રહો, કે જેમના નિર્મલ--વિશુદ્ધ માનસ અંતઃકરણરૂપ **માનસ સરોવર**માં દુર્જનોના પ્રલાપરૂપ મેઘની ગર્જનાથી ઉપદ્રુત થયેલા જ જાણે બધા ગુણોરૂપ રાજહંસો એકીભૂત થઇને વિલસી રહેલા છે. આ પ્રસંગે કાકવૃત્તિવાળા નિતાંત દોષદૃષ્ટિવાળા દુર્જનોના

સ્વભાવને વર્ણવવારૂપે તેમના દુર્ગુણોના કીર્તનની કોઇ જરૂર જણાતી નથી, કારણ કે તેમ કરવામાં મારું પોતાનું દુર્જનપણું સાબિત થાય છે, **દોષદષ્ટિ વિના દુર્ગુણોના ભંડારરૂપે દુર્જનોનું વર્ણન થઇ શકતું નથી,** તેથી જ **નીતિકારો** જણાવે છે કે—**જે દુર્જનોના દોષો વર્ણવી તેઓની અધમતા--હીનતા વર્ણવવા તૈયાર થયેલ છે તે સ્વયં પોતે જ દુર્જન કેમ ન કહેવાય ? કારણ કે દુર્જનનું લક્ષણ જ બીજાના દોષો વર્ણવવાસ્વરૂપે પ્રધાનતાએ** છે.

**સજ્જન દુર્જનોને વિનવવારૂપ કવિ સમયની અનાવશ્યકતા**
**પ્રસ્તુત પ્રબંધને રચવા પાછળ ગ્રંથકર્તાની ભાવના—**

વળી પોતાની કૃતિની મહત્તા સ્થાપવા સજ્જન--દુર્જનોને વિનવવારૂપે કવિ સમયને અનાવશ્યક વર્ણવવારૂપે **ગ્રંથકાર** નમ્રતા દર્શાવતાં જણાવે છે કે—પોતાની કૃતિની શ્રેષ્ઠતાના નિર્ણયને માટે સજ્જન કે દુર્જન કોઈને વિનવવાની જરૂર નથી જ, કારણ કે દુર્જનો તો સ્વભાવથી જ કુટિલ વક્ર અને કાળા નાગની જેમ સ્વભાવથી ભીષણ હોય છે, તેઓ દૂધમાંથી પોરા કાઢવાની જેમ વિવિધ દોષોનું ઉદ્ભાવન કરી સુંદર પણ વસ્તુને અસુંદર--વિરૂપ જાહેર કરે છે, તથા સૌજન્યનિધિ દાક્ષિણ્યમૂર્તિ મહાપુરુષો તો સ્વતઃ ગવેષક દષ્ટિના બળે ઉકરડા–અશુચિમાંથી પણ યોગ્ય, સારતત્ત્વભૂત હીરા આદિને ગ્રહણ કરવાની જેમ મારા આ પ્રસ્તુત પ્રબંધને ઉચિત અને ગુણગણથી અલંકૃત સમજી–માની આદરપૂર્વક આવકારશે, અને જો આ પ્રબંધ જ તેવા ગુણ માત્રનું બહુમાન કરનારા મહાભાગજનોની પણ દષ્ટિએ નિઃસાર હશે તો તેઓ ભલે આદર ન કરે ! તે છતાં મારો આ પ્રયાસ નિષ્ફળ તો નહિં જ થાય, કારણ કે મેં આ પ્રબંધની રચના કરવાદ્વારા કવિપણાની સસ્તી કીર્તિ મેળવવાની ચાહના નથી રાખી, તેમજ ‘ લોકોમાં મારી પ્રબંધકર્ત્તા તરીકેની ખ્યાતિ થાય ’ એવી લાલસા પણ નથી રાખી, તથા પ્રસ્તુત ગ્રંથની રચનામાં વિવિધ કાવ્યના ગુણોને અનુસરતી રંજક શૈલી, વિવિધ અલંકારો, આદિ યોજી જનમનરંજનની ભાવના પણ નથી સેવી, મેં તો ફક્ત વિશુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી જ્ઞાનાદિ નિર્મલ ગુણોના વિલાસમાં નિમગ્ન થયેલા **શ્રી સુમતિનાથ પ્રભુના** ચરિત્રનું કીર્તન કરી તેઓએ સમ્યક્ત્વ પામ્યા પછી પ્રભુશાસનની કરેલી શુદ્ધ આરાધનના બળે રાગાદિ–અંતરંગ–શત્રુઓ પર અપૂર્વ વિજય મેળવી યાવત્ તીર્થંકર બની, તીર્થની સ્થાપનાદ્વારા અનેક ભવ્ય પ્રાણીઓનું હિત સંપાદિત કરી પરમોત્કૃષ્ટ નિઃશ્રેયસના સ્થાનસ્વરૂપ મુક્તિપદ મેળવ્યાની પુનિત કથાને વિસ્તારથી વર્ણવી મળેલી જ્ઞાનાદિ સામગ્રીની સફલતા મેળવી ચર્મમય જિહ્વાની કૃતાર્થતા અનુભવવાની ઝંખના રાખી છે.

આ પ્રમાણેની ઉદાર ભાવનાને આગળ કરી આ કથા–પ્રબંધને રચવા ગુરુકૃપાએ હું

તૈયાર થયો છું. અને આ રીતે કેવલ મારા જીવનને પાવન કરવાના ઉદ્દેશથી લોકોત્તર મહિમાશાલી તીર્થંકર પ્રભુના ગુણાનુવાદરૂપ આ ચરિત્ર-પ્રબંધની રચનાથી અન્ય કોઈ પ્રાણીને સાહજિક જો લાભ થશે તો તેના જેવું મારા માટે બીજું હર્ષાસ્પદ શું છે?

## પુરુષાર્થોમાં ધર્મની શ્રેષ્ઠતા

तत्थवि समत्थपुरिसत्थ-मत्थयमणी समत्थिओ धम्मो ।
संपज्जंते जम्हा सेसा, सव्वेवि धम्माओ ॥ १ ॥

પ્રસિદ્ધ ચાર પુરુષાર્થોમાં ધર્મ પુરુષાર્થ જ સર્વશ્રેષ્ઠ યથાર્થાભિધાનવાળો છે, કારણ કે તેનાથી જ બાકીના પુરુષાર્થોનો યોગ-ક્ષેમ (પ્રાપ્તિ-સંરક્ષણ) સફલ રીતે થાય છે.

## ધર્મમાં વિવેકની જરૂર

सोऊण परिक्खिऊणं, गहियव्वो कंचणं व कसवट्टे ।
अन्नह विसंवयंतो कज्जे संजणइ संतावं ॥ २ ॥

ધર્મ પણ સાંભળ્યા પછી કસોટી પર શુદ્ધ થયેલા સ્વર્ણની જેમ વિવેક-બુદ્ધિથી યથાશક્ય યોગ્ય પરીક્ષા કર્યા પછી જ આદરવો ઘટે, અન્યથા ધર્મ દંભી-ગુરુઓના ભરમાવ્યાથી ધર્મબુદ્ધિએ કરાતા આચરણોથી જ આત્માની વિચારાતીત દુર્નિવાર અધોગતિ સાંપડવાનો પ્રસંગ આવે છે, જેમાં એકંદર સંતાપ જ અનુભવાય છે.

## વિવેકના અભાવે ધર્મની અનર્થકારિતા

धम्मो न नामतुल्लत्तणेण, सव्वो वि वंछियं कुणइ ।
दुद्धंति भणियं पिय, किमक्कच्छीरं दहिं जणइ ॥

જગતમાં ધર્મનું નામ માત્ર ધરાવ્યાથી બધા ધર્મો કલ્યાણ-સાધનામાં ઉપયોગી નિવડતા નથી, કલ્યાણ-સાધના તો શાસ્ત્રીય મર્યાદા મુજબ યોગ્ય રીતે પરીક્ષાયેલો ધર્મ જ કરાવી શકે છે, લોકવ્યવહારમાં પણ દૂધ નામ ધરાવ્યાથી આકડાનું દૂધ દહીં બનાવવામાં ઉપયોગી થતું નથી, માટે આરાધ્ય ધર્મની યથાર્થતાનો આધાર શાસ્ત્રીય-પરીક્ષા ઉપર જ નિર્ભર છે.

# ચરિત્ર પ્રારંભ

જંબૂદ્વીપવર્ણન—મેરુપર્વતરૂપ સોનાના કલશથી દીપતા, પરમ શોભાયુક્ત સમુદ્રરૂપ નીલાંબરથી મઢેલ, અને વ્યાવહારિક દૃષ્ટિએ આધારસ્તંભરૂપ મનાતા સહસ્રફણાવાળા શેષનાગરૂપ પ્રચંડ દંડથી છત્રની શોભાને ધારતા આ ભૂમંડલમાં મધ્યભાગે અમાપ--બહોળા વિસ્તારવાળા લવણસમુદ્રના મહાકાય ઊર્મિસમૂહથી પ્રેરિત થઈને સ્વતઃ કિનારે આવી પડેલા મહામૂલા માણિક્યાદિ રત્નોની ઉજ્જવલ દીપ્તિ-કાંતિથી શોભાયમાન પર્યંતભાગવાળો અને તેથી જ જ્યોતિષ્શાસ્ત્ર પ્રસિદ્ધ પરિવેષની શ્યામ રેખાઓથી અંકિત બનેલા સોળે કળાથી ખીલેલા પૂર્ણિમાના ચંદ્રની જેમ શોભતો સર્વપ્રધાન જંબૂદ્વીપ નામનો દ્વીપ શોભે છે.

શંખપુર વર્ણન--તેના મધ્યભાગે રહેલ મહાવિદેહક્ષેત્રની મધ્યમાં આવેલ મેરુ પર્વતથી પૂર્વબાજુ હોવાના કારણે પૂર્વમહાવિદેહ નામથી ઓળખાતા ક્ષેત્રમાં અવતંસરૂપે સુકચ્છ નામની વિજય શોભે છે. તે વિજયની શોભામાં અપૂર્વ વધારો કરનારું ઇષ્ટ વસ્તુને સંપાદિત કરી દેવામાં કલ્પવૃક્ષની સ્મૃતિ કરાવનાર, અનેક ગુણગણના સમૂહવાળા મહાપુરુષોથી શોભતું, ચંદ્રની નિર્મલ જ્યોત્સ્નાની જેમ દીપતા ઉજ્જવલ દેવાલયોથી મનોહર, સેંકડો આરામગૃહો, કૂવા, વાવડી, સરોવરો અને વિસામાઓથી વ્યાપ્ત, વિવિધ કલારૂપ સ્ત્રીઓના નિવાસસ્થાનરૂપ, સર્વ સંપદાઓનું ઉત્પત્તિસ્થાન, વિશિષ્ટ મહત્ત્વભર્યા આશ્ચર્યજનક પદાર્થોની ખાણ સમાન, ધર્મરાજનો રાજધાની સમું, દેવોની અમરાપુરીની પ્રતિમૂર્ત્તિસમું અને શીળી છાયા, મધુરાં ફલ અને ઘનઘોર ઘટાઓથી સુંદર વૃક્ષોના સમુદાયથી વિંટળાયેલું અતિ મનોહર શંખપુર નામનું નગર છે.

વળી *જે નગરમાં સંચરી રહેલ અનેક ગૌરીઓ ( ગૌરવર્ણવાળી સુંદર સ્ત્રીઓ ) તથા

---

* અહીં ગ્રંથકારે અનુપમ કવનશક્તિના બલે શબ્દશ્લેષ મિશ્રિત રૂપકાતિશયોક્તિ અલંકાર પ્રદર્શિત કરી પ્રસ્તુત નગરીનો અનુત્તર મહિમા જણાવ્યો છે, નગરીની આસપાસ રહેલ શ્વેત-સ્ફટિકના કિલ્લાને હિમાલયની ઉપમા સંગત કરવા માટે મહેશ્વર( મહાદેવ-શંકર ) અને ગૌરી-( પાર્વતી )ના સસરા હિમાલયને શબ્દશ્લેષથી અનેક ગૌરી-મહેશ્વરોથી યુક્ત આ નગરીને જોઇ થયેલા કુતૂહલ-સંભ્રમથી અહીં આવ્યાની વાત ઉપસ્થિત કરી સાહિત્યનો અપૂર્વ રસ પોષ્યો છે.

મહેશ્વરો( ધનસમૃદ્ધિની અનર્ગલ--વિભૂતિવાળા )ને જોવાના કુતૂહલથી જ જાણે આવેલ **હિમાલય**ની ભ્રાંતિ કરાવનારા, ઉત્તુંગ, અતિસુદૃઢ, પરમનિર્મલ--સ્ફટિકની શિલાઓથી બનાવેલ વિશાલકાય કિલ્લાથી જે નગર શોભી રહ્યું છે.

તથા જે નગરીનાં વિશાલકાય કિલ્લાની આજુબાજુ, નાના દેશોથી આવેલ વહાણવટું ખેડનારા સાહસિક વેપારીઓએ આણેલા વિવિધ ઉત્તમોત્તમ રત્નરાશિને મેળવવાની લાલસાએ ધસમસીને આવતા રત્નાકર--સમુદ્રને જાણે પ્રોત્તુંગ કિલ્લાએ નગરીની શોભાના સર્વસ્વરૂપ રત્નરાશિને લઇ જવાની કામનાવાળો પ્રતિસ્પર્ધી માની રોકી રાખ્યો કેમ ન હોય ! તેમ ભાસતી, સ્ફટિકતુલ્ય નિર્મલ સ્વચ્છ પાણીથી ભરેલી, દુશ્મનોના કાળમીંઢ જેવા કઠણ હૈયાંને પણ ઘડીભર થીજવી દેનારી, દુરવગાહતાના બલે નગરીનું અપૂર્વ રક્ષણ કરનારી વિશાલ ખાઈ હતી.

વળી તે નગરીમાં ત્રાસ અને અશુદ્ધિ રત્નો માટે જ હતી, કારણ કે રત્નોને જ પરીક્ષામાંથી પસાર થવા માટે કસોટી પર ઘસાવું, અગ્નિના તાપને સહવું આદિ ત્રાસ હતો, અને અશુદ્ધિ એમનામાં જ હતી, કે જેથી તેને શુદ્ધ કરવા ત્યાંના ઝવેરીઓ પ્રયત્ન-શીલ બનતા પણ ત્યાંના લોકોમાં કોઇના તરફથી ત્રાસ અગર કોઇ જાતની અશુદ્ધિ ન હતી, તથા अरिष्ट શબ્દનો વ્યવહાર ઝાડોમાં જ હતો, કારણ કે અરિષ્ટ( અરિઠા )નું ઝાડ હોય છે, પણ લોકોમાં અરિષ્ટ( દુરિત-પાપ ) ન હતું, તેમ જ દંડ પણ ત્યાંના દેવમંદિરોના શિખર ઉપર જ હતો, પણ લોકોમાં કોઇ અપરાધની શિક્ષારૂપે દંડની વ્યવસ્થાની જરૂર ન હતી, બંધન–ગૂંથવાસંબંધી–વિધિ કેશો માટે જ હતી, પણ પ્રજાના કોઇ તેવા અનિચ્છનીય તત્ત્વોને શમાવવા બંધન–જેલ–બેડી વગેરેની જરૂર પડતી ન હતી, અને *कलह (सं. कलभ એટલે કે હાથીના નાનાં બચ્ચાં )ની ઉપલબ્ધિ રાજકુલોમાં જ હતી, પણ માનસક્ષેત્રને ખળભળાવી મૂકનાર આંતરિક વૈમનસ્યરૂપ કલહ ત્યાંની પ્રજાએ કોઈક દિવસ અનુભવ્યો ન હતો.

+તથા જે નગરીના સીમા પ્રાંતભાગે અનેરી શોભાવાળા, શ્રેષ્ઠ સુગંધવાળા લવિંગના વૃક્ષોથી રમણીય, મનોહર અશોકવૃક્ષોથી શોભતા, તથા સુંદર પ્રિયંગુવૃક્ષોના સમૂહથી રાજતા

* અહીં ગ્રંથકારે પ્રાકૃતશૈલીના આધારે હાથીના નાનાં બચ્ચારૂપ અર્થના વાચક **कलभ** શબ્દને **कलह** રૂપથી જણાવી ત્યાંના લોકોની વિશિષ્ટતા જણાવવા શબ્દમર્યાદાથી કલહ–વૈમનસ્યનો અભાવ ધ્વનિત કરી પોતાની અપૂર્વ કવિત્વશક્તિનો પરિચય કરાવ્યો છે.

+ અહીં કવિએ એક જ શ્લોકમાં શબ્દશ્લેષથી દ્વિરુક્તિભર્યા શબ્દો યોજી બગીચા અને સ્ત્રીઓનું લાક્ષણિક વર્ણન યોજી પોતાની અપૂર્વ કવનશક્તિનો પરિચય કરાવ્યો છે. મૂળ ગ્રંથકારના શબ્દો જોયા વિના આ સ્થળે યોજાયેલ સાહિત્ય–રસનો આસ્વાદ મળવો અશક્ય છે.

વિવિધ બગીચાઓ શોભે છે, તેમજ તે નગરીમાં શ્રેષ્ઠ લક્ષણયુક્ત કંઠ, ઉદરાદિ પ્રદેશોમાં ત્રિવલિ-રેખાઓથી અંકિત, હર્ષથી ભરપૂર અને પ્રિયવચનના પ્રયોગથી હૃદયને મુગ્ધ કરનારી રૂપલાવણ્યથી ભરપૂર સ્ત્રીઓ શોભે છે.

**વિજયસેન રાજાનું વર્ણન**—તે નગરીમાં, નમેલા અનેક ભૂપાલોના મસ્તક પરના મુકુટોના શ્રેષ્ઠ કાંતિવાળા માણિક્યાદિ રત્નોની દીપ્તિથી દેદીપ્યમાન પાદપીઠવાળો અને દુશ્મન રાજાઓની રાણીઓના મુખરૂપ કમલોને મ્લાન કરવામાં ચંદ્ર સમાન **વિજયસેન** નામનો રાજા રાજ્ય કરે છે. જે પ્રતાપી રાજાના, પ્રબલ વૈરીઓના દુર્મદને ચકચૂર કરનારા ભુજારૂપ થાંભલે અત્યંત ચંચલ ગણાતી પણ રાજ્યલક્ષ્મી ઉત્કૃષ્ટ ઔદાર્યાદિ ગુણો( દોરડા )-વડે કરી હાથણીની જેમ બંધાઈ ન હોય તેમ સ્થિર થઇ ગઇ છે. વળી જે રાજાના પ્રબલ *પ્રતાપના તેજથી વ્યાપ્ત થયેલ ત્રણ ભુવનરૂપ વન જાણે નવપલ્લવિત--વિકસિત કેમ ન થયું હોય ! તેમ શોભે છે, અને ચંદ્રના કિરણોની જેમ અત્યુજ્જ્વલ યશના પ્રાગ્ભારથી વિકસિતાવસ્થા પછી આવતી પુષ્પિતાવસ્થાનો ભાસ થાય છે, +તથા જેણીની રૂપસુભગ રાણીઓ **ગયવાહણ, હયપરિકર** અને **હારાવરુદ્ધ** કંઠવાળી દુશ્મન રાજાઓની સ્ત્રીઓની જેમ જણાય છે,

વળી પોતાની લાક્ષણિક સુંદરતાથી કામદેવને તિરસ્કૃત કરનાર, સંપૂર્ણ કલાઓના નિવાસસ્થાનરૂપ, પરસ્ત્રીપરાઙ્મુખ તે **વિજયસેન** રાજા ગંભીર, ઉદાત્ત અર્થોથી પરિપૂર્ણ શાસ્ત્ર--ગ્રંથોના વિચારણાપૂર્વક મનનાત્મક અભ્યાસદ્વારા વિશુદ્ધ સંસ્કારોપેત મતિવાળા, અને પ્રાણના ભોગે પણ સ્વામીના કાર્યને હાનિ ન પહોંચાડી અપૂર્વ વફાદારીને દર્શાવનારા **મતિસાગર** વગેરે મહાન્ મંત્રીશ્વરોની ધર્માનુકૂલ રાજનીતિ અને શાસ્ત્રમર્યાદાના રહસ્યને યથાર્થપણે ઉપયોગમાં લાવી શકનારી કાર્યદક્ષ બુદ્ધિના બલ ઉપર સંપૂર્ણ રાજ્યનો ભાર

* જેમ સૂર્યના પ્રકાશથી વસંતઋતુના પ્રાદુર્ભાવ વખતે વનરાજીમાં પ્રફુલ્લતા અનુભવાય છે, અને ત્યારબાદ ફૂલ–મંજરીનો પ્રાદુર્ભાવ થાય છે, તેમ પ્રસ્તુત રાજાના પ્રતાપના ( પ્રતાપને સાહિત્યમાં તેજસ્વી તરીકે મનાતો હોવાના કારણે ) તેજસ્વી પ્રકાશથી ત્રણે ભુવનરૂપ વનને વિકસિત વર્ણવી રાજાના ઉજ્જવલ યશથી પુષ્પિતાવસ્થા પણ જણાવી છે.

+ આ શ્લોકમાં ગ્રંથકારે શબ્દશ્લેષની વિચિત્રતાના બલે પ્રતિરૂપ પણ અર્થોને જણાવનારા શબ્દો ગોઠવી અંતઃપુરની રાણીઓને પદભ્રષ્ટ થયેલ દુશ્મન રાજાઓની રાણીઓ સાથે સરખાવી દીધી છે, જેમાં **ગયવાહણ, હયપરિકર** અને હારાવરુદ્ધકંઠ શબ્દો મુખ્યતઃ પ્રયોજાયેલા છે. આ શબ્દોનો દુશ્મન રાજાઓની રાણીના પક્ષમાં વાહન વિનાની, હણાએલ-પરિવારવાળી અને આંસુની ધારાથી રુંધાયેલ કંઠવાળી એવો અર્થ થાય છે, અને અંતઃપુરની રાણીના પક્ષમાં ગજ–હાથી–ના વાહનવાળી, ઘોડાઓના સાજથી શોભતી અને મોતીઆદિના હારથી વ્યાપ્ત કંઠવાળી અર્થ થાય છે. આમ ગ્રંથકારે કવનશક્તિની નિરુપમ પ્રકૃષ્ટતાના બલે વિરુદ્ધ જણાતા પણ અર્થો સરખા શબ્દોમાં ગોઠવ્યા છે.

આરોપી, ઉપાર્જેલ શુભ કર્મોના વિપાકરૂપે મળેલી રાજ્યસામગ્રીના ભોગમાં નિરંતર મગ્ન થઈ સુખપૂર્વક કાલવ્યતિક્રમ કરતો હતો.

**વિજયસેન રાજાના વિલાસનું વર્ણન**—ક્યારેક મધુર સ્વરે વિવિધ રાગ--રાગિણીને આલાપતા મૃદંગ, વીણા, સારંગી વગેરે વાદ્ય વાજિંત્રોના મધુર ધ્વનિપૂર્વક સુંદર ગવાતા ગીતોવાળા, તથા વિવિધ હાવભાવને પ્રદર્શાવનારા મનોહર અંગઅંગની વિનોદભરી ચેષ્ટાવાળા, તેમજ હર્ષાવેશમાં એકતાન થઈ કરાતા તાલબદ્ધ નૃત્યના અનેક પ્રકારોમાં થતા ઠમકા આદિથી સોનાના કંકણોના ખણખણાટવાળા, રૂપ--ગૌરી વિષયી--જનોના હૃદયને ઉન્માદ કરાવનારી વારાંગના--વેશ્યાઓના નાચ--મુજરાના જલસા ગોઠવી મનોવિનોદ કરતો હતો. કો'ક વખતે સુંદર લક્ષણયુક્ત અંકુશ લઈ સ્વયં--પોતે મદોન્મત્ત હાથીના કુંભસ્થલે બેસી મદોન્મત્ત હાથીની વિવિધ ક્રીડાઓ નિરખવા કુતૂહલથી એકત્રિત થયેલા નરનારીઓના નયનરૂપ નીલ--કમલની માલાથી સુશોભિત મુખવાળો ( અર્થાત્--બધાય લોકો વિકસિત આંખો કરી જેના મુખ પ્રતિ જોઈ રહ્યા છે) તે રાજા વિશાલ રાજમાર્ગ ઉપર આવી, વિવિધ ક્રીડા કરી, લોકોના હૃદયને આનંદ આપવા સાથે પોતે શિખેલી હસ્તિકલાના વિવિધ અખતરા-દ્વારા મનોવિનોદ કરતો હતો. કો'ક પ્રસંગે વળી રાજસભામાં વિવિધ ધર્મશાસ્ત્રોના પદાર્થોની છણાવટ કરી, બનાવટી વાદ--પ્રતિવાદ કરાવી જનતાના હૃદય ઉપર 'વિનશ્વર જગત્‌માં જન્મી મોહમાયાથી ભરપૂર, પદાર્થોને મેળવવાના પ્રયત્ન કરતાં ભવોભવના સહકારી મિત્રરૂપ ધર્મની સાધનાની મહત્તાની સચોટ છાપ પાડી, પોતાનું પ્રજા--પાલકત્વ યથાર્થરૂપમાં અદા કરતો હતો. આમ વિવિધ ક્રીડાઓના અનુભવદ્વારા રાજ્ય- લક્ષ્મીના સદુપયોગનું લક્ષ્ય ચૂકયા સિવાય તે રાજાના દિવસો પરમ શાંતિથી પસાર થતા હતા.

**રાજસભામાં સુમંગલ સાર્થવાહનું આવવું**—એકદા રાજસભામાં સુખપૂર્વક બેઠેલા **વિજયસેન** રાજાને નમેલા મસ્તકથી રત્નમય ભૂમિતલને સ્પર્શતા દ્વારપાલે આવી વિજ્ઞપ્તિ કરી કે–સ્વામિન્! આપશ્રીના દર્શન માટે ઉત્સુક બનેલ **સુમંગલ** સાર્થવાહ સિંહદ્વારે આવી આપ શ્રીમાન્‌ની મહાપ્રસાદરૂપ આજ્ઞાની પ્રતીક્ષા કરે છે. **રાજાએ** તુરત સન્માન-પૂર્વક તેડી લાવવા પ્રતિહારને આજ્ઞા કરી. પ્રતિહારે કરાવેલ માર્ગદર્શન મુજબ સાર્થવાહે આવી પ્રણામ કરી શકિત–ભકિતને અનુરૂપ ભેટણું રાજા સમક્ષ ધર્યું. બાદ સાર્થવાહના વિવેકભર્યા વર્ત્તનથી પ્રસન્ન થયેલા **રાજાએ** નિર્દેશેલા આસને ઉચિત- મર્યાદાએ બેઠેલા શેઠને મૃદુ–મધુર શબ્દોથી સંભાષણ કરતાં **રાજાએ** પૂછયું કે–ભો સાર્થવાહ! તમારું આગમન મુબારક હો! સર્વ વાતે ક્ષેમ–કુશલ છે ને! વ્યાવહારિક પ્રવૃત્તિઓ નિર્વિઘ્ને પ્રવર્ત્તે છે ને! અને બહુ લાંબા ગાળે આવવું થયું! કહો! શા સમાચાર છે!'

આ રીતે રાજા વિજયસેને પિતા જેટલા વાત્સલ્યપૂર્ણ હૃદયપૂર્વકના મધુર સંલાપથી

પ્રસન્ન થયેલ **સાર્થવાહે** વિનીતભાવે જણાવ્યું કે-દેવ! આપની અખંડ પરાક્રમશાલી ભુજાની છત્રછાયામાં વસતા મને, 'प्रजाः प्रजाः स्वा इव मन्त्रयित्वा'ના આદર્શ સૂત્રને જીવનમાં ઉતારી પ્રજાના હરેક પ્રકારના દુઃખને ફેડવા તત્પર, આપશ્રીના અર્થિજનોની સમસ્ત અભિલાષાઓને પૂરનાર ચરણરૂપ કલ્પવૃક્ષનો પવિત્ર આશ્રય લેવાના પ્રતાપે, સંપૂર્ણ મનવાંછિતની સિદ્ધિ થવાથી સર્વ પ્રકારે આનંદ છે, અને લાંબા ગાળે આપની સેવામાં હાજર થવાનું કારણ હું જણાવું છું તે આપ કૃપા કરી સાંભળો.

**વ્યાવહારિક દૃષ્ટિએ અર્થોપાર્જનની મહત્તા**—એકદા રાત્રિના છેલ્લા પહોરે નિદ્રાભંગ થતાં મને એવો વિચાર ઉદ્‌ભવ્યો કે-"જગત્‌માં વ્યાવહારિક દૃષ્ટિએ જીવનનું ધોરણ ઊંચું રાખવા ઇચ્છનાર વિવેકી આત્માએ યુવાવસ્થામાં અનેક પ્રયત્નો કરી ધનોપાર્જન માટે દત્તલક્ષ્ય બનવું જોઇએ; નહિં તો છતી સામગ્રી અને કમાવાની શકિત હોવા છતાં બાપની કમાયેલી લક્ષ્મી પર તાગડધિન્ના કરવી તે ખરેખર લજ્જાસ્પદ નિવડે છે, તેનું જીવતર પણ બકરીના ગળે લટકતા આંચળની જેમ નિઃસાર--તુચ્છ ગણાય છે.

વળી વ્યવહારદક્ષ માણસે 'શી જરૂર છે નવું કમાવાની! મારી પાસે અનર્ગલ-વિપુલ સંપત્તિ છે' એમ પણ વિચારવું ન ઘટે; કારણ કે જલરાશિના અખૂટ ખજાનારૂપ મનાતો સમુદ્ર પણ યદિ કથંચિત્ તેમાં હજારો નદીઓનું પાણી ન મળતું હોય તો જગત્‌ના વિનશ્વરસ્વભાવને અનુરૂપ તુરત જ ગણત્રીના જ દિવસોમાં સૂકાઇ જાય છે, માટે અર્થોપાર્જનના વિવિધ ઉપાયો યોજી વ્યાવહારિક નિપુણતાના સદુપયોગરૂપ સંપત્તિને વધારવા પ્રયત્નશીલ થવું ઘટે, પણ પોતાની પાસેની સંપત્તિની નિરર્ગલતા પર વિશ્વાસ રાખી યથેચ્છ પ્રવૃત્તિ ઉચિત નથી; કારણ કે જગત્‌ના દરેક પદાર્થો પ્રાપ્તિ વખતે મોહનીય કર્મના પ્રબલ આવેગથી અજ્ઞાની પ્રાણીને હર્ષના આવેશમાં અંધ બનાવી પોતે અંદર છુપાવી લાવેલ વિયોગાદિના દુઃખનું ભાન થવા દેતા નથી, પણ જગત્‌ના નિયમ પ્રમાણે સંયોગ પછીની વિયોગાવસ્થાના વિપાક સમયે અતિવિરૂપ અનુભવ થાય જ છે, કારણ કે ધનહીન દશામાં ગુણવાન્ પણ નિર્ગુણી, સુંદર રૂપવાળો છતાં દુર્ભગ, બુદ્ધિશાળી છતાં ઘેલો, અને ન્યાયમાર્ગ પર ચાલનારો છતાં અવિવેકી અને તણખલાં કરતાં પણ તુચ્છ મનાય છે, અને તેના પ્રિય-મધુર-શબ્દોને પણ સ્વાર્થાન્ધ જગત્ પોતાનો સ્વાર્થ તેની પાસેથી નહિં સધાવાનો હોઈ કટુ-વિરસ માને છે, અગર ખુશામતીયા ગણી તિરસ્કારે છે, અને જ્યાં પોતાની વાસના તૃપ્ત થવાની અનુકૂલતા જણાતી હોય છે ત્યાં તે જ સ્વાર્થઘેલી દુનિયા નિર્ગુણને પણ ગુણીયલ, વિરૂપ-બેડોલ દેખાવવાળાને પણ સુંદર, કાળા અક્ષરને કૂટી મારનાર જડને પણ બુદ્ધિશાલી, નિર્વીર્ય-કાયરને પણ પરાક્રમશાલી અને કુલ-જાતિથી હીણાને પણ ઉચ્ચ કુલવાળા તરીકે માનવા-મનાવવા તૈયાર થાય છે. આ ખરેખર

**જગતના પ્રાણીઓની વ્યાવહારિક પ્રાણાધિષ્ઠાત્રી મનાતી લક્ષ્મીદેવીની બલિહારી છે, તેણી જેના ઉપર પોતાના કૃપા-કટાક્ષ ફેંકે છે, તે સંપૂર્ણ દોષવાળો છતાં પણ તેના બધા દોષ આવરાઈ જઇ તેનામાં અછતા પણ ગુણો જણાઈ આવે છે. મહાપુરુષોનો અચિંત્ય પ્રભાવ હોય છે, તેમની કૃપાદ્રષ્ટિ ક્ષણવારમાં હતું-ન હતું કરવા સમર્થ હોય છે.**

માટે વ્યાવહારિક જગત્‌માં પ્રતિષ્ઠાનો આધારસ્તંભ ધન-સંપત્તિ છે, અને તે બેહદ-બેહદ વાપર્યે છતે કાળાંતરે પણ ક્ષીણ થવાની જ છે, અને તે અવસરે પુનઃ જગતની દૃષ્ટિએ હીન બની ગૃહસ્થની જઘન્ય કક્ષામાંથી પણ બાતલ ન થઈ જવાય, તે માટે અર્થોપાર્જનાર્થે આપબલે વ્યવસ્થિત વ્યવસાય કરવાની જરૂર છે. વળી

**"મળેલી સંપત્તિનો સદુપયોગ-તો ગૃહસ્થ જીવનની આદર્શ સિદ્ધિ મેળવવા ઇચ્છનારે મળેલા અર્થનો સુપાત્રદાન અને યથોચિત ભોગદ્વારા સદુપયોગ કરવો ઘટે છે. જે લોકો મમત્વભાવના અતિરેકથી સંચય વૃત્તિને આધીન બની મળેલી સંપત્તિને ધર્માર્થે વાપરતા નથી, તેમ જ પોતાના વ્યાવહારિક ઉચિત ભોગમાં લેતા નથી, તેઓને મળ્યું પણ ધન ન મળ્યા જેવું છે, ઉલ્ટું તેની પ્રાપ્તિ-રક્ષા આદિ પાછળ અનેક પાપારંભ કરવાં છતાં પરભવના ભાથા તરીકે ધર્મમાર્ગમાં વાપરી તેનો ઉપયોગ કરી જાણતા નથી, કે નથી પોતાના અંગત ઉપયોગમાં વાપરી જાણતા, કેવલ એકઠું કરવાની વૃત્તિમાં તન્મય બની પોતાના કાર્પણ્ય ( કંજુસાઇ )ના દોષે મેળવેલી સામગ્રી બીજા માટે જેમની તેમ મૂકી વગર પૈસાની તનતોડ મજુરી કરી, બાંધેલા પાપકર્મોને ભોગવવા હીન-હીનતર યોનિઓમાં જાય છે, માટે પૂર્વના પુણ્યજોગે મળેલ સંપત્તિને સુપાત્રદાનાદિ ધર્મક્ષેત્રોમાં અને યોગ્ય રીતિએ પોતાના ઉપભોગમાં વાપરવી તે જ ખરેખર ગૃહસ્થનું ભૂષણ છે."**

**દેશાવર જવાના લાભો**-વળી જેણે ઘર, ગામ કે દેશના સીમાડા બહાર જઈ આપબલે આવતી આપત્તિ-અનર્થો સામે ઝઝુમી વિવિધ અનુભવો મેળવ્યા નથી-અર્થાત્ દેશ-વિદેશમાં ફરી પીઢ અનુભવીઓના કથન મુજબ વ્યવહારકુશલતા મેળવી નથી, તે ખરેખર કૂવાના દેડકાની જેમ જગત્‌ની વિશાલતા અને અન્ય અન્ય પ્રકૃતિવાળા માનવીઓના વિવિધ સ્વભાવોની માહેતી મેળવી શકતો નથી, અને તેવા અનુભવો મેળવ્યા વિના વ્યાવહારિક નિપુણતા મેળવી શકાતી નથી, માટે અર્થોપાર્જનની વાત ગૌણ કરીએ તો પણ વિવિધ અનુભવ મેળવવાની દૃષ્ટિએ પણ દેશાંતર-યાત્રા ગૃહસ્થો માટે મહત્ત્વની જ છે.

માટે હું સંપૂર્ણ તૈયારી કરી વિદેશમાં જાઉં કે જેથી નવનવા માણસોના સ્વભાવની

માહિતી સાથે આપત્તિ પ્રસંગે કયાં કેવી રીતે આત્મરક્ષા કરવી ? તે આપબલે સ્વાનુભવથી જણાય અને સાથોસાથ અર્થોપાર્જન કરી આપકમાઈ-પરસેવાના પૈસાનું મહત્ત્વ સમજાય."

હે રાજન ! આમ વિચાર કરીને દેશાવર જવા માટેની બધી સામગ્રી તૈયાર કરી વિપુલ પાયદલ સૈન્ય-લશ્કરથી પરિવરેલા મેં ઘણા ગધેડા, ઉંટ, પોઠીયા અને ખચ્ચરો ઉપર વિવિધ કરીયાણું-માલ ભરી સારા દિવસે સારા શકુન લઇ પૂર્વદિશા ભણી પ્રસ્થાન કર્યું. કેટલાક પ્રયાણોવડે અનેક ગ્રામ, નગર, પુર, પાટણ, પર્વત, સરોવર અને નદીઓથી શોભતી ભૂમિ ઓળંગી મહામૂલ્યવાન્ મણિરત્નોના બનેલા ઘરોની સુંદરતાથી દેવવિમાનોને પણ નિસ્તેજ કરનાર સમૃદ્ધિશાલી **ગંધપુર** નામના નગરે પહોંચ્યો. જે નગરમાં કમલો જ કોશવિગમ-એટલે મુકુલિતપણાને પામતા હતા, પણ ત્યાંના લોકોને કોઈ દિ' કોશ એટલે ખજાનાનો વિગમ ન હતો અર્થાત્ બધા સમૃદ્ધ હતા, તથા મિત્ર-સૂર્યના ઉદયે કુમુદો( ચંદ્રવિકાશી કમલો )જ મ્લાન થતા હતા, બાકી ત્યાંના લોકો મિત્રની ચઢતી( ઉદય ) જોઇને મ્લાનિ પામતા ન હતા, વળી ચંદ્રના કિરણો જ દોષો-એટલે રાત્રિના આગમને જ પ્રકાશમાન થનારા હતા, પણ ત્યાંની પ્રજા દોષોના આગમન પ્રસંગે ઉલ્લાસ( નિષ્ઠુરતા ) પામતી ન હતી, પણ દોષોના લીધે હૃદયમાં સંકોચ અનુભવતી હતી, તથા હાથીઓ જ ઊંચા-સુદૃઢ થાંભલે બંધાઈને વશવર્ત્તીપરાધીન હતા, પણ ત્યાંના લોકો પરાધીન ન હતા, તેમજ દુર્વાસનાસંગી ( એટલે દુર્વા નામની વનસ્પતિને ખાવાના આસંગવાળા ) ગાય આદિ પશુઓ જ હતા, પણ ત્યાંના લોકોના ગોવર્ગ ( ગો--એટલે ઇંદ્રિય, તેનો વર્ગ-સમૂહ ) દુર્વાસના વિષે આસંગવાળો ન હતો.

ઉપર પ્રમાણે ગંધપુર નગરની સુંદરતા અને અતિશાયી ગુણોથી શોભતા તે નગરની બહાર પડાવ નાંખી, મહામૂલ્યવાળું ભેટણું લઇ, નગરમાં જઈ રાજભુવનના દ્વારે ઉપસ્થિત થયો. પ્રતિહારના નિવેદનથી રાજાની સંમતિ મેળવી દ્વારપાલ સાથે રાજસભામાં પ્રવેશ કર્યો અને વિવિધ મંત્રિમંડલોથી પરિવરેલા તારાઓના સમૂહથી વીંટલાયેલ પૂર્ણિમાના ચંદ્રની જેમ શોભતા **તારાપીઠ** નામના ત્યાંના રાજાને વિનય-બહુમાનપૂર્વક પ્રણામ કર્યો, અને રાજાએ આપેલ-નિર્દેશેલ ઉચિત આસને બેઠો. બાદ રાજાએ સ્વાગત પૃચ્છા કરી કુશલક્ષેમ પૂછયું. મેં પણ યથોચિત વિવેક જાળવી ' આપની મહેરબાની ' કહી સુજનતાના સ્થાયી સંસ્કારોની છાપ રાજાના હૃદય પર પાડી. પુનઃ રાજાએ પૂછયું કે-**સાર્થવાહ !** કઇ બાજુથી આવો છો ? મેં પણ વિદેશગમન અને અર્થવ્યવસાયના બેવડા ઈરાદાથી **શંખપુરથી** પ્રસ્થાન કર્યાનું સૂચવી રાજાની જિજ્ઞાસા તૃપ્ત કરી.

**રાજકન્યાનું વર્ણન**—આ પ્રસંગે પ્રાણીમાત્રના નયનોને આનંદ દેનારી, રૂપલાવણ્યની સુભગતાથી ભરપૂર અનુપમ સૌંદર્યના બલે દેવરમણી-અપ્સરાઓને પણ વિલખી બનાવનારી અને યુવાવસ્થાના નવોદ્ગમથી શોભતી એક **રાજકન્યા** ત્યાં આવી. જેણીના

મદભર્યાં ચંચલ નયનો નિરખી લજ્જિત બનીને જ જાણે આખી હરણની જ્ઞાતિ વનવાસે નિકળી ગઇ, અને કમલોએ પાણીમાં અખંડ ઊભા રહી વધુ સુંદરતા મેળવવાના સંકલ્પથી જાણે તપસ્યા આદરી ન હોય તથા જેણીના વર્ણનાતીત મોહકતાભર્યા રૂપને જોઈ અતીવ લજ્જિત બની **હિમાલયની** પુત્રી **ગૌરી–પાર્વતી શંકર ભગવાનના** અર્ધાંગમાં સમાઈ ગઇ અને **વિષ્ણુપ્રિયા લક્ષ્મી** કૃપણના ઘરમાં જઇ ભરાણી, કે જેથી પોતાનું લજ્જાસ્પદ મુખ જગત્‌માં બતાવવું ન પડે. "

આ પ્રમાણે સાંભળી અનાદિકાલના સાહજિક બની ગયેલ વિષયાવેગના સંસ્કારોથી આર્દ્ર અંતઃકરણવાળો બનેલ **વિજયસેન** રાજા વિચારમાં પડ્યો કે–' અહો ! આશ્ચર્યની વાત છે કે–જેણીના રૂપસૃષ્ટિનું વર્ણન સાંભળવા માત્રથી જે કન્યા હૃદયને પ્રફુલ્લ કરે છે, તે જો દૃષ્ટિગોચર થાય તો કોણ જાણે મારી શી દશા થશે ! વળી પોપટ આદિ પંખીઓની જેમ વિધાતાએ અમને–મનુષ્યોને–પણ જો પાંખો આપી હોત તો હમણાં જ હમણાં જ ઊડી, આવી અદ્‌ભુત વાત સાંભળતાંની સાથે જ તેણીને પ્રત્યક્ષ નિહાળી મારા લોચનોને ધન્ય–કૃતાર્થ કરત.' આ પ્રમાણે પોતે પ્રજાનાયક છતાં ભરી સભામાં વિષયવિકારોના સંસ્કારોને આધીન થઇ કામરાગની વિચાર–તંદ્રામાં મગ્ન થઇ જાય છે, પણ પુનઃ પોતાની મર્યાદાનું ભાન થતાં જ સ્વસ્થ બની જાણે કંઇક ગંભીર વિચાર કર્યો ન હોય ! તે રીતે આકારનું સંવરણ કરી સાર્થવાહને પૂછે છે કે–' હે સાર્થવાહ ! પછી શું બન્યું ? '

સાર્થવાહ પુનઃ જણાવે છે કે–" દેવ ! પૂર્વોક્ત તે રાજકન્યા રાજાને વિનયપૂર્વક નમી ઉચિત સ્થાને બેઠી. બાદ રાજાએ તેણીના અંગોપાંગોમાં યુવાવસ્થાના વિકાસને નિહાળી **મતિસાર** મંત્રીને કહ્યું કે–' અહો ! આ મારી પુત્રીનું કેવું અદ્‌ભુત લાવણ્ય છે ! ખરેખર વિધાતાએ પોતાની સૃષ્ટિરચના–કુશલતાની પરાકાષ્ઠા અહીં જ નિર્ધારી લાગે છે, સાથે જ મને તો લાગે છે કે આવા જગત્‌માં તેવા વિશિષ્ટ સુંદરતાવાળા પરમાણુઓ આટલા જ હશે જેમાંથી કે ચુંટીચુંટીને સારભૂત અણુઓથી મારી લાડીલી પુત્રીના દેહની સુભગ રચના કરી છે, તેથી જ જગત્‌માં મારી પુત્રીના રૂપથી અધિકતા તો ક્યાંય સંભવે જ શાની ? પણ મારી પુત્રીના રૂપની સમકક્ષાએ પણ કોઈ મારી પુત્રીના યૌવનને સફલ કરનાર રૂપવાન્ પતિ હશે કે કેમ ? આની વિચારણા મારા હૃદયને મથી નાંખે છે. ખરેખર આવી દેવરમણીઓની ઉત્કૃષ્ટ રૂપસંપદાને પણ નિસ્તેજ બનાવનારી પુત્રીના પિતા થવાનું સૌભાગ્ય મેળવવા છતાં જગત્‌ના નિયમ પ્રમાણે સુખની સાથે દુઃખ સંકળાયાની જેમ પુત્રીને અનુરૂપ પતિ મેળવી આપવાની ચિંતા તો ઊભી જ છે, માટે જ અનુભવી પુરુષોએ ઉચ્ચાર્યું છે કે–' **જગત્‌ના કોઈ પણ પદાર્થની પ્રાપ્તિ એકાંત સુખકર નિવડતી નથી.** '

આ સાંભળી મેં વિચાર્યું કે–પ્રત્યેક સંગ્રામમાં પ્રબલ પણ દુશ્મનોના છક્કા છોડાવી

વિજયલક્ષ્મીને વરનાર ગુણગણનિધાન સ્વરૂપ અને અદ્‌ભુત રૂપસંપદાથી અનંગ-કામદેવના ઉત્કૃષ્ટ-મનોહર પણ રૂપને તિરસ્કૃત કરનાર અમારા **વિજયસેન મહારાજ** હોતે છતે આ ( **તારાપીઠ** ) રાજા નાહકની ચિંતા કરે છે. હું આવું વિચારી રહ્યો છું તેટલામાં તો **મતિસાર** મંત્રીએ સમયોચિત આશ્વાસન આપતાં કહ્યું કે-**સ્વામિન્ !** આપનું કહેવું યથાર્થ છે, પણ તે સંબંધી વધુ ચિંતા કરી નાહક ઉદ્વેગ કરવાની જરૂર નથી, કારણ કે જગત્‌ની વિવિધ અચરિજભરી રચના કરનારા વિધાતાની કિમીયાગિરી અજબ છે. તેણે જેમ અદ્‌ભુત સર્વશ્રેષ્ઠ રૂપવાળી આ રાજકન્યાનું નિર્માણ કર્યું છે તો અવશ્ય આને લાયક કામણગારા રાજપુત્રનું પણ નિર્માણ કરી સરખી જોડી મેળવવાની વ્યવસ્થા કરી જ હશે. અનાદિકાલથી ચાલી આવતી તેની કાર્યપદ્ધતિમાં કોઇને પણ મીન-મેખ કરવાની જરૂર રહેતી નથી, તેમજ ચંદ્ર અને જ્યોત્સ્ના( ચાંદની ), સમુદ્ર અને ગંગા તથા મેઘ અને વીજળીનો અત્યંત અનુરૂપ સંયોગ શું વિધાતાએ કોઇની પ્રાર્થના કે ભલામણથી કર્યો છે ? એ તો તેની ચાતુરી જ છે કે યોગ્ય-પદાર્થોનો સમુચિત સંબંધ કર્યા વિના રહે જ નહિં, માટે અમરવધૂ-અપ્સરાઓને પણ મ્હાત કરનારી આપની પુત્રી માટે રૂપથી કામદેવને પણ તુચ્છ બનાવનાર કો'ક ભાગ્યશાલી રાજકુમાર નિર્મિત થયેલો જ હશે, ફક્ત આપણે તે સંબંધી તપાસ કરવી ઘટે.

વળી **શંખપુરના** રાજા **વિજયસેનની** સૌમ્ય-રૂપ-સંપદા **રતિપતિ-કામદેવના** વર્ષો જૂના અભિમાનને ચકચૂર કરનારી સંભળાય છે, અને આ **સાર્થવાહ** પણ **શંખપુરના** રહેવાસી ત્યાંથી જ ચાલ્યા આવે છે, તો સાંભળેલી આ વાતની સત્યાસત્યતાનો નિર્ણય તેમને પૂછીને જ કરી લઇએ.

આ પ્રમાણે સમયોચિત પ્રત્યુત્તરદ્વારા હૃદયંગમ માર્ગદર્શન કરાવનારી મંત્રીની વાણીથી પ્રસન્ન થયેલા રાજાએ મંત્રીની વાતને અનુમોદન-સમર્થન આપી મને (સાર્થવાહને) પૂછયું કે—કહો શેઠજી ! **શંખપુરનરેશની** ઉત્કૃષ્ટ રૂપસંપદા બાબત તમારો શો અભિપ્રાય છે ? મેં કહ્યું કે—રાજન્ ! જેના અનુપમ મનોહર રૂપાદિ ગુણોને વર્ણવવા ચતુર્મુખ બ્રહ્મા પણ પાંચમા મુખની આશંસા રાખે છે, તેવા અલૌકિક વર્ણનાતીત ગુણ-ગણ-સમૃદ્ધ અમારા દેવતુલ્ય રાજાના રુપગુણનું એક મુખ અને એક જિહ્વાવડે કેટલું વર્ણન કરી શકું ? તે છતાં હું આત્મવિશ્વાસપૂર્વક એટલું તો કહી શકું છું કે—વિવિધ આશ્ચર્ય અદ્‌ભુતતાથી ભરપૂર છતાં આ જગત્‌માં તેવી એક પણ ચીજ નથી કે જે સંપૂર્ણ પ્રાણીઓના નયનને સંતુષ્ટ કરવા પરમ સુધારસરૂપ **વિજયસેન રાજાના** રૂપના પ્રતિરૂપક તરીકે ઉપમાવી શકાય ! વળી નિરંકુશ કવિઓએ સ્વેચ્છામાત્રથી ઉત્કૃષ્ટ રૂપના પ્રતિરૂપક તરીકે સામાન્યતઃ પ્રચલિત કરેલા કમલ, કુમુદ, ચંદ્ર વગેરે સુંદર ગણાતા પદાર્થો તો

અમારા તે રાજાના સર્વાંગ-સુભગ એકેક શરીરાવયવની રૂપ—પ્રભા આગલ નિસ્તેજ-ફીક્કા જણાય છે, માટે મારું તો એમ માનવું છે કે-સકલ સંસારમાં અભૂતપૂર્વ અદ્‌ભુત આશ્ચર્ય-સ્વરૂપ આપની પુત્રી અને અમારા મહારાજાનું ઉચિત જોડલું જો ન થવા પામે તો ખરેખર અનેક અઘટ ઘટનાઓને આંખમિંચામણા જેટલા અલ્પ સમયમાં ઘડનાર પણ **વિધાતાનો** અનુરૂપ આ જોડલાને જોડી દેવાનો ઈરાદો બર નહિં આવે, તેથી એટલે સુધી પણ કહું ખરો કે **લક્ષ્મી** માટે **વિષ્ણુ, પાર્વતી** માટે **શંકર,** અને **ઇન્દ્રાણી** માટે **ઇન્દ્રની** જેમ ત્રૈલોક્ય સારભૂત આપની આ પુત્રી માટે દેવવધૂ--અપ્સરાને પણ સ્પૃહણીય **શંખપુરાધિપતિ વિજયસેન** રાજા સિવાય અન્ય કોઇ સુયોગ્ય વર હોઇ શકે જ નહિ.

**તારાપીઠ રાજાએ સાર્થવાહનો કરેલો સત્કાર**—આ સાંભળી મેઘગર્જનાથી પ્રમુદિત થયેલા મયૂરની જેમ પ્રસન્ન ચિત્તવાળા **તારાપીઠ** રાજાએ સ્નેહપૂર્વક મને સંબોધીને કહ્યું કે—'વાહ! સાર્થવાહ! વાહ! ખરેખર તેં કન્યાના પિતા તરીકેની મારી મહાન્ ચિંતાનો સરલ રીતે નિવેડો આણ્યો છે. દેશાવરમાં ભ્રમણ કરવાના પ્રતાપે જાતજાતનાં અનુભવોથી પરિકર્મિત થયેલી તારી બુદ્ધિએ તને **વ્યવહારદક્ષ** સારો બનાવ્યો છે.' ઇત્યાદિ માનપૂર્વક શબ્દોથી સંભાષી તુષ્ટિદાન-પ્રીતિદાન(ઇનામ) તરીકે પોતાના શરીર ઉપરનું મહામૂલું આભૂષણ મને આપ્યું. મારા લાવેલા માલ ઉપર લાગતો સરકારી કર-વેરો માફ કર્યો અને રહેવા માટે સુંદર મહેલ આપ્યો. બાદ રાજાની અનુજ્ઞા લઇ હું મારા ઉતારે આવ્યો.

**તારાપીઠ રાજાએ વિજયસેન રાજાને પોતાની પુત્રીના પાણિગ્રહણ સંબંધી સાર્થવાહને કરેલ ભલામણ**—હે રાજન્! આ રીતે તે રાજાના પ્રેમાળ-માનીતા બનેલા મેં રોજ રાજસભામાં જઇ વિવિધ પ્રમોદભરી ગોષ્ઠી કરી રાજા તરફથી વધુ હાર્દિક સન્માન મેળવી સુખપૂર્વક કેટલાક દિવસ પસાર કર્યા. એકદા તે રાજાએ પ્રેમપૂર્વક મને બોલાવી કહ્યું કે-**સાર્થવાહ!** તે દિવસે રાજસભામાં તમોએ કરેલા **વિજયસેન** મહારાજના રૂપાદિ-ગુણોના યથાર્થ વર્ણનથી મારી લાડીલી રાજપુત્રી ગાઢાનુરાગવાળી થઈ છે, તેથી '**કન્યાએ તો પારકું ધન**'ની કહેતી મુજબ વહેલી-મોડી સારા સ્થલે તપાસ કરી વરાવવાની હોઈ તેણીએ સ્વતઃ અતિશય-યુક્ત રૂપાદિ ગુણોવાળા નિરુપમ **વિજયસેન** રાજાની પસંદગી કરી છે તો સોનામાં સુગંધની જેમ આ સંબંધ પ્રશસ્ય હોઇ તેને વધાવી લેવા વિચાર છે અને સારા મુહૂર્ત્તે આ કાર્ય પતાવવા વિચાર છે, માટે મારી દિકરીને આપ્ત પરિવાર સાથે તમારી જોડે મોકલું છું. પણ તમે ત્યાં જઈ અમારી પ્રાર્થના પાછી ન ઠેલાય તે માટે અમારા તરફથી તમારા મહારાજાને વિનવજો કે જેથી દીકરીની ઇચ્છા પૂર્ણ થાય. વળી મહારાજાની અનુરાગવૃત્તિને પણ તેવી કેળવવા પ્રયત્નશીલ થશો કે જેથી તેમના અનુરાગભર્યા વર્ત્તાવથી મારી દીકરીને જરા પણ મનમાં ઓછું આવવાનો

પ્રસંગ ન આવે, પ્રણયનો ભંગ થવાનો કદી અવસર ન આવે અને સ્વપ્ને પણ લાડમાં ઉછરેલી મારી બેટીનું માન ખંડિત ન થાય. વધારે શું કહું ? આ મારી પુત્રી અમારા પ્રાણ-જીવતર કરતાં પણ અધિક વહાલી, સ્વપ્નમાં પણ જેણીનું વચન પાછું ઠેલાયેલ નથી અને મનથી પણ જેણીની ઈચ્છા અવગણી નથી, તેવી અમારા હૈયાના હારસ્વરૂપ, અને કાળજાની કોર જેવી છે. જો કે-આપના મહારાજા તો સકલ-કલા-વિચક્ષણ છે, તેમને કંઇ કહેવા જેવું હોય નહિ, છતાં સંતાન પ્રત્યેના આંતરિક સ્નેહથી આર્દ્ર પિતૃહૃદય મને પ્રેરે છે તેથી કહું છું કે—મારી પુત્રીને તેવી સારસંભાળથી રાખવા મહારાજાને વિનવશો કે જેથી પિતૃગૃહનાં સુખ કે અમારાં વ્હાલને પણ યાદ ન કરે કે નાનપણની સહીયરીઓને પણ સંભારે નહિં, કારણ કે પતિદૈવત કુલીન બાલાઓને સ્વર્ગથી પણ અધિક પ્રિય જન્મ-ભૂમિ, સ્વદેશ આદિ પરિહરી, માતાપિતાદિ સ્વજનવર્ગના આંતરિક સ્નેહનાં બંધન ફગાવી પરઘરે માતા-પિતાએ વરાવેલ હોવાના કારણે ગયા પછી પતિ સિવાય બીજા કોનું શરણ હોય ? માટે જ વ્યવહારકુશલ પીઢ અનુભવીઓ જણાવે છે કે—“ **જેની પાછળ એક-લોહિયા ભાઇ-ભાંડુના વિકટ પ્રેમબંધનો તણખલાની જેમ ફગાવી દઇ અપરિ-ચિત પણ પતિગૃહને ઘર કરતાં અધિક વ્હાલું માની લેવાય છે, તે પતિદેવ જ જો વિમુખ થઇ બેસે તો ખરેખર પાતિવ્રત્યના પરમાધારે જીવનારી સ્ત્રીઓનું તો જીવતર ધૂળ-ધાણી થઇ જાય.** ”

**તારાપીઠ રાજાએ પુત્રીને વિદાય વખતે આપેલી શિખામણ**—આ સાંભળી મેં કહ્યું કે—‘ રાજન્ ! આ બાબત આપ બિલકુલ બેફિકર રહો, કોઇ જાતની ચિંતા કરવાની જરૂર નથી. પૂર્વભવના સંચિત વિશિષ્ટ પુણ્યના બળે મેળવેલ અપૂર્વ ગુણ-સમૃદ્ધિથી સ્વતઃ રમણીય આપની સુભગદર્શના પુત્રી આપ-લાયકાતથી જ વિશિષ્ટ મહત્તાને ભજનારી છે અને થશે. પાણીદાર ચમકતા હીરાઓ કંઈ કોઇની પ્રાર્થના કે લાગવગથી મહામૂલાં તરીકે અંકાતા નથી, એ તો એમાં રહેલ સ્વતઃસિદ્ધ વિશિષ્ટતા જ તેની મહર્ઘતા સાબિત કરી આપે છે. ’ આ સાંભળી વધુ પ્રસન્ન થયેલ રાજાવડે સન્માનિત થયેલો હું પ્રયાણોચિત સર્વ સાજ-સામગ્રી તૈયાર કરી, લાવેલ કરિયાણાંની ઉચિત લેવડ-દેવડ કરી નવો માલ ખરીદી પ્રયાણની તૈયારી કરી, એટલે જોષીએ બતાવેલ શુભ મુહૂર્ત્તે શુભ વેળાએ ઘણા હાથી, રથ, ઘોડા, પાયદળના સરંજામ સાથે રાજાશાહીને ઘટતી તમામ તૈયારી-ઓ કરાવી પોતાની માનીતી **સુદર્શના** પુત્રીને વળાવવા જવાની અંતઃપુરની રાણીઓથી પરિવરેલા **તારાપીઠ રાજા**એ પણ તૈયારી કરી, અને માદકતાભરી યુવાવસ્થામાં પાંગરતી વિનીત પુત્રીને અંતિમ શિખામણ આપતાં જણાવ્યું કે—

‘ બેટી ! ફૂલ ઝરે તેવાં પ્રેમાળ વચનો બોલજે ! વડિલોનો યથોચિત વિનય કરવાનું

ચૂકીશ નહિં ! અને ભૂલેચૂકે પણ બીજાની પંચાત–કુથલી કે પરનિંદામાં પડીશ નહિં ! તેમજ ભિન્નભિન્ન પ્રકૃતિવાળા જગત્માં નદી–નાવ સંયોગની જેમ બધાયથી હળી–મળીને ચાલવાના જુગજૂના સિદ્ધાંતને લક્ષ્યમાં રાખી બધા સાથે યથોચિત વ્યવહાર રાખવાનું ભૂલીશ નહિં ! વળી ગમે તેટલી પૌદ્ગલિક દુન્યવી પદાર્થોની સાહ્યબી મળતાં છકી જઈશ નહિં ! આ તો બધા પુણ્યકર્મના ઉદયથી થતા ચાર દિવસના ચટકા–મટકા છે એમ ધારી ઔદયિક ભાવથી આવી મળતા જગત્ના ક્ષણિક પદાર્થોથી થતી ઘેલછાથી ભાનભૂલી બનતી નહિં ! સાથે જ જીવનની વિશુદ્ધિને બનતે પ્રયત્ને જાળવવા દત્તચિત્ત બની પ્રાણુના ભોગે પણ ચારિત્ર્ય-શિયલનો ભંગ ન થાય તે માટે પૂર્ણ જાગૃત રહેજે. બેટા ! જગત્માં પ્રાણુ વિનાના ખોળિયાની જેમ શિયળવિહોણા જીવનની કશી કિંમત નથી, તેવા જીવતર કરતાં મરવું બહેતર છે, કારણ કે અખંડ રીતે પાળેલા વિશુદ્ધ શીલના પ્રભાવે ભડભડતી આગ પણ પાણી થાય છે, પારાવાર અથાગ દરિયો પણ ખાબોચિયાની જેમ સુતર થાય છે, ભયંકર ઝેરીલો કાળો મણિધર સાપ પણ રજ્જુવત્ થઈ જાય છે, અને હલાહલ ઝેર પણ અમૃતપણે પરિણમી જાય છે, માટે સર્વ પ્રયત્ને સર્વસ્વના ભોગે પણ ખાનદાનીના ખમીરસમા શીલને પ્રાણુ કરતાં અધિક વ્હાલું માની–સમજી તેના સંરક્ષણ માટે અહર્નિશ સાવધ રહેજે ! વધુ તો શું કહું ? તારા પૂર્વજન્મના વિશુદ્ધ સંસ્કારોએ તારા જીવનને આબાદ ઘડયું છે, પણ પિતૃહૃદય સંતાન પ્રત્યેના વ્હાલની લાગણીને ઉશ્કેરી મને આટલું કહેવા પ્રેરે છે. વળી તું તો વિવેકી, સમજુ અને સર્વ વાતે નિપુણ છે, માટે થોડું કહ્યું ઘણું માની ઉભય કુલની કીર્ત્તિ ઉજ્જવલ કરજે બેટા ! ”

શ્રી સુમતિનાથ પરમાત્માના ચરિત્ર વિષે શંખપુરનગરના રાજા
વિજયસેન અને ગંધપુર નગરના રાજા તારાપીઠના નગરો
સહિતના વર્ણન સાથે તારાપીઠ રાજાની રાજકન્યા
સુદર્શનાના વિજયસેન સાથે પાણિગ્રહણ કરવા
માટે પિતાએ આપેલી વિદાય સંબંધી
પ્રથમ પ્રસ્તાવ સમાપ્ત.

## પ્રસ્તાવ ૨ જો

### રાજપુત્રીનું પ્રયાણ.

આમ કહી ઘણા લાડપૂર્વક ઉછેરેલી પ્રાણપ્રિય પુત્રીનાગમનથી થતા દુઃખના વિપુલ ભારને હળવા કરનારા શ્રાવણ-ભાદરવાની જેમ બંને આંખોમાંથી અશ્રુ વરસાવતો **તારાપીઠ** રાજા પોતાના સમસ્ત પરિવાર સાથે યોગ્ય ભૂમિ સુધી વળાવી પાછો ફર્યો. **સુદર્શના** રાજપુત્રીએ પણ પિતાની શિખામણને આદરપૂર્વક ઝીલી માતા-પિતાના ચરણોમાં વિનીતભાવે શિર ઝુકાવી અહીં આવવા માટે વિજયપ્રસ્થાન કર્યું. મેં પણ તેની પાછળ યોગ્ય વિવેકની મર્યાદા જાળવી ચાલવા માંડયું. એમ કરતાં અનુક્રમે ગીચ ઝાડીઓથી ભરેલું અનેક શ્વાપદને પશુઓથી વ્યાપ્ત મોટું જંગલ આવ્યું, તેમાં એક સ્થાને પવનથી ઉછળતા નાના મોટા તરંગોથી શોભતા અને નાના પ્રકારના કમલોની ઉત્કૃષ્ટ સુગંધથી ખેંચાઇ આવેલ અનેક ભ્રમર-કુલોના મધુર ગુંજારવથી ગાજતા વિશાલ સરોવર પાસે પડાવ નાંખ્યો. જંગલ અને શિકારી પશુઓથી બનતી સાવધગીરી રાખવા તમામ પહેરા વગેરેની ચાંપતી યોજના કરી સ્વસ્થપણે બધા રાત્રે સૂઇ ગયા, ત્યાં અચાનક રાજપુત્રીના પડાવમાંથી કો'ક દીન અબલા સ્ત્રીના આક્રંદનો અને પરિવારજનોએ કરેલ બૂમરાણ–કોલાહલનો અવાજ સાંભળી હું સફાળો બેઠો થયો અને ભયભીત બની હથિયાર-બંધ માણસો લઇ શસ્ત્રસજ્જ થઈ તુરત રાજકુમારીના આવાસે આવ્યો, તેટલામાં બીજા પણ મંત્રીને સામંતાદિગણ પણ શસ્ત્રસજ્જ ચોકીદારો સાથે આવી પહોંચ્યા. યોગ્ય તપાસ કરતાં માહિતી મળી કે—સખીઓ સાથે આનંદપૂર્વક ક્રીડા કરતી અને અચાનક 'હાય ! હાય ! અનાથ અશરણ મને કો'ક લઈ જાય છે. ઓ મા ! ઓ બાપ ! ' ના દીનતાભર્યા આક્રંદ કરતી થકી રાજપુત્રી **સુદર્શનાનું** કોઇક અદૃશ્ય વિદ્યાધરાદિ અપહરણ કરી ગયો.

**રાજપુત્રીના અપહરણની વાતથી વિજયસેન રાજાને થયેલ સંભ્રમ અને તેની શાંતિ**—આ સાંભળતાં જ **વિજયસેન** રાજા તો વિષયવાસનાના વસમા આવેગથી લાગણીના સાહજિક ઉશ્કેરાટથી ક્રોધાયમાન બની, વિકટ ભ્રૂકુટિ, ચઢાવી કોણ છે તે દુષ્ટ જે કે જીવતા સિંહની બોડમાં હાથ નાંખવા તૈયાર થયો છે ? અગર કોને ત્યાં આજ **યમરાજનું** તેડું છે કે જેણે મારી પ્રાણપ્રિયા વહાલી પ્રિયતમાનું મારા છતાં તસ્કરવૃત્તિથી અપહરણ કર્યું છે ?

વગેરે બોલતો તુરત સિંહાસનથી ઊભો થઈ **યમરાજની** જિહ્વાની જેવી ચમકતી તલવારને મ્યાન બહાર કરી, એટલે **સુમંગલ** સાર્થવાહે તુરત મહારાજાને ચરણોમાં પડી વિનવ્યા કે ' મહારાજ ! આ તો હું ભૂતકાલની બની ગયેલી મારી વીતક વાત કહું છું. સાચેસાચ આપની પ્રિયતમાને કોણ ક્યાં ઉપાડી ગયું છે ? આગળ શું બન્યું, તે હજી આપ ધીરા થઈને સાંભળો.' આ સાંભળી વિવેકચતુર હોવા છતાં મોહના આવેશથી પોતાના અણછાજતા વર્ત્તનથી વિલખા બનેલ **વિજયસેન મહારાજા** સ્વસ્થ થઈ સિંહાસન પર બેઠા અને સાર્થવાહને સંબોધીને બોલ્યા કે-શ્રેષ્ઠિન્ ! **આ જગત્‌માં રાગ કેવી દુરંત વસ્તુ છે ! જેમાં અંધ બનેલા જ્ઞાની અને વિવેકી ગણાતા પણ ભીંત ભૂલીને પામરને ન છાજે તેવું અઘટિત આચરણ કરી બેસે છે.** મારી પણ તે જ દશા થઈ, તમે તો તમારી વીતક વાત સંભળાવતા હતા ત્યાં મને સામે પગલે પરણવા આવતી દેવલોકની **તિલોત્તમાને** પણ રૂપથી મ્હાત કરનારી રાજપુત્રીને કોઈ ઉપાડી ગયાની વાત સાંભળી હું બેબાકળો બની ગયો. ખેર ! હવે આગળ શું થયું ? તે જણાવો. ''

સાર્થવાહે કહ્યું કેઃ—'' બસ ! ત્યાર પછી અમે બધાએ આજુબાજુ બનતી બધી તપાસ કરી પણ ક્યાંય પત્તો લાગ્યો નહિં. છેવટે થાકી નિરાશ બનેલા તે મંત્રી સામંતાદિ વીલે મોઢે **ગંધપુર** પાછા ફર્યા, હું પણ નિરાશ થઇ દૈવની અજબ ઘટના પર અચરિજ પામતો અહીં આપની સેવામાં હાજર થયો. હે સ્વામિન્ ! ઘણે સમયે આપની પાસે આવવામાં આ કારણ હતું. ''

**સાર્થવાહની વાત સાંભળી વિહ્વળ બનેલ રાજાના ઉદ્‌ગારો**—આ સાંભળી પૂર્વજન્મના સંસ્કારોથી પોતા પર સ્વતઃ અનુરાગવતી થયેલી રાજપુત્રીની અચાનક અણધારી થયેલી દશાથી વિહ્વલ બનેલ **વિજયસેન રાજાએ** કહ્યું કે—'' ભો સાર્થવાહ ! જગતના પ્રાણીઓની મિથ્યા મોહની કલ્પનાઓથી લગભગ ઉપહાસને પાત્ર કેવી વિચિત્ર દશા છે ! કારણ કે **દુન્યવી સાધનોની વ્યવસ્થિત યોજનાને બલે, કાર્યશક્તિની સિદ્ધદશા માની લેવાના ભ્રામક ઈરાદાને બર લાવવાના આભિમાનિક અહંકારના કલ્પેલા માનસિક ક્ષેત્રમાં મોઝ માણતા માનવીને તેના લાયકનું ઉચિત પૂર્વસંચિત પુણ્યનું બલ ન હોવાના કારણે કુદરત એવી લપડાક મારે છે કે—તેના માનસિક મૂઢતાના અસાર પાયા પર રચેલા વિચાર-તરંગોના હવાઇ મહેલો ક્યાંય અદ્ધર ઊડી જાય છે, ધારેલા મનોરથો ધૂળમાં મળી જાય છે, અને અણધારેલી વિપત્તિઓના વાદળોની અશુભ કર્મરૂપ પવનના બલે ઘનઘોર ઘાટ છવાય છે. પરિણામે મોહમૂઢ પ્રાણીને પણ** '' तेरो ठाठ कुठाठ है, मैं ठाठुं सो और ''**ની કહેતી મુજબ** જગતના **ઔદયિક પદાર્થોની શુભાશુભ કર્મના પરિણામે** જ **થનારી**

**ઘડભાંજના સિદ્ધાંતનું રહસ્ય જાણવા મળે છે.** આમ દૈવાધીન પ્રાણીઓ પોતાના કર્ત્તવ્યો અને વિચારો ઉપર જ કાર્યસિદ્ધિની જે મગરૂરી રાખે છે તે **ખરેખર મિથ્યા** છે, અથવા તો દરેક કાર્યની સિદ્ધિમાં શુભાશુભ કર્મની જ પ્રધાનતા છે, તેથી પૂર્વજન્મમાં જેઓએ પુણ્ય ઉપાર્જ્યું નથી, તેવાઓને ખરેખર જગત્‌ના પદાર્થોની પ્રાપ્તિ થવાના સર્વ સંયોગોની અનુકૂળતા છતાં અણીના અવસરે તે પદાર્થો એવા છટકી જાય કે છત્રીશ પ્રકારની રસવતી ભાણામાં પિરસાયા છતાં તેનો સ્વાદ પામી ન શકનારા દુર્ભાગીની જેમ આજીવન તેને વિવિધ યાતનાઓ ઉઠાવવી પડે છે, તેથી જ મને આવી ઉત્તમ રૂપસુંદરી દેવકન્યા જેવી મનોહર પ્રિયતમાનો યોગ સાંપડવા છતાં મને તેણીની પ્રાપ્તિ ન થઈ શકી." આજ અવસરે કોઇએ નીચેના ભાવાર્થવાળી ગાથા ઉચ્ચારી.

"પર્વતમાંથી નિકળેલી નદીઓ વચમાં આડા આવતા ઊંચા–નીચા અનેક ભૂપ્રદેશોથી અથડાતી છતી સેંકડો વાર પાછી પડે છે, છતાં આખરે સતત ધારાબદ્ધ પ્રવહણશીલતાના સ્વભાવે તે નદીઓ સમુદ્રમાં જઇ મળે જ છે, કારણ કે તે નદીઓનો તે સમુદ્ર સિવાય બીજો કોઇ મહત્ત્વનો આશ્રય નથી, તેમ સેંકડો વાર જગત્‌ની વિપત્તિઓથી આમતેમ આથડતી પ્રજાના અનુપમ આશ્રયસ્થાન આપ જ છો."

**તારાપીઠ રાજાનું મંત્રીએ કરેલું આશ્વાસન**—આ સાંભળી મતિનિપુણતાના બલે ભૂમંડલ પર સુરગુરુ–બૃહસ્પતિ અવતર્યાની ભ્રાંતિ કરાવનાર **મતિસાર મંત્રીએ** સમય-સૂચકતા વાપરી મોહાવેગથી ચિંતાતુર બનેલ રાજાને પ્રમુદિત કરવા કહ્યું કે—'રાજન્ ! કેવું સરસ શબ્દશકુન થયું ! [1]**ઉપશ્રુતિશાસ્ત્ર**માં વર્ણવેલ સિદ્ધાન્તો પ્રમાણે કોઈ પણ કાર્યની પ્રારંભવેળાએ કે અટપટી ગૂંચ આવી પડવાના પ્રસંગે સહસા તાત્કાલિક સંભળાતા શબ્દો પરથી ઇષ્ટ કાર્યની ભાવી રૂપરેખા સુજ્ઞ વિવેકચતુર પુરુષો સમજી શકે છે, એટલે પરોક્ષ છતાં માનસિક આકર્ષણદ્વારા વિહ્વલ બનાવનાર રાજપુત્રી **સુદર્શનાના** અપહરણની વાત સાંભળી થયેલી વ્યાકુલતાના પ્રસંગે આવું સુંદર ગમે તે પ્રકારે પણ આખરે સમુદ્રની સાથે નદીઓના સમાગમને ચોક્કસપણે વર્ણવતું આ ભવ્ય શકુન જણાવે છે કે—તે રાજપુત્રી છેવટે આપની જ પ્રેયસી થવા નિર્માયેલી છે, માટે આપ હવે એ બાબત વધુ ચિંતા ન કરો.'

---

૧ આ શાસ્ત્ર જોકે હાલ ભૌતિકવાદની કેળવણીની પ્રબલ અસર તલે ઢંકાઇ ગયું છે, કોઇ આના ખાસ જાણકાર રહ્યા નથી, પણ પ્રાચીન શાસ્ત્રોમાં અનેક સ્થલે આનો ઉલ્લેખ જોવાય છે, તેમાં પણ આ સંબંધી બીજરૂપે યોગ્ય માહિતી **કલિકાલસર્વજ્ઞાચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મ૦ રચિત **શ્રી યોગશાસ્ત્ર** (પ્રકાશ ૫, શ્લો. ૧૮૮થી૧૯૬)માં **કાલજ્ઞાનનિર્ણયના** અધિકારમાં જણાવેલ છે. પાશ્ચાત્ય શિક્ષણની અસર તલે નહિં આવેલ પ્રજાના માનસમાં હજી પણ આ શાસ્ત્ર '**ડાશીશાસ્ત્ર**'ના પુનિત નામથી હૈયાત છે.

**મતિસાર મંત્રીના** યથોચિત વચનોથી પણ સ્વસ્થચિત્ત નહિં બનેલા રાજાને સાર્થવાહે સામનીતિના યોગ્ય પ્રકારને લક્ષ્યમાં રાખી કહ્યું કે—"દેવ! મને પણ મારી તુચ્છ અલ્પમતિના સામર્થ્યથી એમ જ ભાસે છે કે–અદ્ભુત ગુણગણસમૃદ્ધ આ રાજપુત્રી આપના સિવાય બીજા કોઇની પત્ની થઇ શકે જ નહિં, પ્રબલ ઉત્કટ વીર્યના સામર્થ્યવાલા વનરાજ-કેશરીસિંહ વિના ઉત્તમ જાતિની સિંહણનો ભોગ કરવાની તાકાત જ બીજામાં ક્યાંથી હોય? તેમજ ઉત્તમ આમોદથી ભરપૂર કમલના વન સિવાય રાજહંસીનું પણ મન બીજે ક્યાં ઠરે તેમ છે? માટે આપને સંપૂર્ણપણે નિશ્ચિન્ત થવાની જરૂર છે. ઘડીના છઠ્ઠા ભાગમાં અણધારેલા બનાવો–ઘટનાઓ કરી નાંખનાર **વિધાતા** યોગ્ય વિધાન કરી દેવામાં કદી પણ નહિં ચૂકે, વળી એમ પણ વિચારવાની જરૂર નથી કે–'આ તો બધા કેવલ ક્ષણિક આશ્વાસનો છે, જે રૂપસુંદરી કન્યાને કોણ ઉપાડી ગયું છે? તેની પણ કશી ભાળ ઘણી તપાસ છતાં મળી નથી, તે અવશ્ય મારી ગૃહિણી બનવાની છે, એ કેમ માનવામાં આવે?" હે રાજન્!—**જે વસ્તુ જગત્‌ના પ્રાણીઓને વિચારણા ક્ષેત્રમાં પણ દુર્લભ હોય અગર તો જેનો વિચાર સરખો પણ ન હોય, તેવી અતિદુર્લભ પણ વસ્તુઓ પૂર્વકૃત પુણ્યકર્મ-દૈવની અનુકૂળતાએ આંખના પલકારામાં અચરિજભરી રીતે સહસા આવી મળે છે**, માટે તેણીના કંઇ સમાચાર નથી તે ઉપરથી હતાશ થવાની જરૂર નથી અને આપ પૂર્ણ સ્વસ્થ બનો. પુણ્યકર્મની અનુકૂળતાવાળાને અપરંપાર દરિયો પણ ખાબોચિયા સમ છે, તલવારના ઘા પણ દિવ્યૌષધીનું કામ સારે છે, પાતાલ પણ સામાન્ય બિલ જેવું છે, કાલકૂટ ઝેર પણ અમૃત થાય છે, અતિવિષમ પર્વત પણ સપાટભૂમિ થઈ જાય છે, દૂર રહેલા પણ પદાર્થો સ્હેજે આવી મળે છે, અને ભયંકર દુશ્મનો પણ વિનયનમ્ર બની મિત્રભાવ ધારે છે, એટલે ભાગ્યની અનુકૂલતા જ સંસારના પદાર્થોને મેળવવામાં પ્રધાન કારણ હોઈ તે સંબંધી માનસિક સંતાપ–આર્ત્તધ્યાનાદિ કરવું ઉચિત નથી."

આ સાંભળી પુનઃ ચિત્તની વ્યગ્રતાને લઈ રાજા કહે છે કે—"ભવિષ્યમાં ગમે તે થાઓ! મારી રાણી પણ થાઓ! પણ અત્યારે તો તે બિચારી શિકારીના પંજામાં સપડાયેલી હરણીની જેમ ગરીબડી ગાય જેવી બની કોણ જાણે કઇ વિષમ દશા અનુભવતી હશે! એ જ ચિંતા મારા હૈયાને કોરી ખાય છે."

**સાર્થવાહનું આશ્વાસન**—આ સાંભળી પુનઃ વિવેક–ચતુર સાર્થવાહે કહ્યું કે—"**રાજન્!** પુણ્યનો સિતારો જ્યાં સુધી ચમકે છે, ત્યાં લગી જગત્‌ના આ પામર પ્રાણીઓ તો શું પણ આધિદૈવિક મહાન્ વિભૂતિઓ પણ કંઇ પણ કરી શકતા નથી, એટલે પૂર્વજન્મના અતુલ પુણ્યના બલે વૈભવશાલી ઉત્તમ રાજકુલમાં જન્મેલી લોકાતિશાયી રૂપાદિ-ગુણોથી શોભતી તે રાજપુત્રીના પુણ્યનું એવું પ્રબલ તેજ છે કે કોઈ પણ તેને યાતના

પહોંચાડી શકે તેમ નથી, બાકી ચડતી-પડતીનો તો કુદરતી શાશ્વત નિયમ હોવાથી પ્રબલપ્રતાપી સૂર્ય જેવાને પણ મેઘની સઘનઘટાથી હતપ્રભ થવું પડે છે, તેમ રાજપુત્રી અમુક સંજોગોમાં ભલે તે આપણાથી અજ્ઞાત દશામાં હોવાને લીધે આપણી કલ્પનાસૃષ્ટિના વિચારતરંગોથી દુ:ખી તરીકે ભાસિત થાય પણ વાસ્તવમાં મારો અંતરાત્મા કહે છે કે—તેણીનું પુણ્ય તેણીને અજબ રીતે રક્ષણ કરી ટૂંક સમયમાં જ વાદળાંને વિખેરી પ્રકાશથી ઝળહળતા સૂર્યની જેમ વિષમ આપત્તિઓમાંથી સુરક્ષિતપણે પસાર કરાવી દેશે, માટે આપ તે સંબંધી પણ વ્યાકુલતા પરિહરી સ્વસ્થ બનો."

આ અવસરે પ્રસંગોચિત મર્મસ્પર્શી સાર્થવાહના કથનને સાંભળી રાજા વિચારે છે કે—"સાર્થવાહે મુદ્રાસરની વાત કરી પોતાની અનુપમ વ્યવહાર-કુશલતાનો પરિચય કરાવેલ છે, તેમનું કહેવું યથાર્થ છે! "**આખા જગત્‌નો વ્યવહાર શુભાશુભ કર્મ ઉપર વ્યવસ્થિતપણે પાટા પર દોડી જતી રેલ્વેની જેમ નિયમિતપણે ચાલે છે. અજ્ઞાનમૂઢ પ્રાણી જ ખરેખર ગાડા નીચે ચાલતા કૂતરાની જેમ આભિમાનિક મનોદશામાં લેવાઈ નાહકનો અહંભાવથી ફૂલાય છે,** તેથી હે રાજન્! રાજપુત્રી સંબંધી વધુ વિચારણા-શોકાદિ કરવાની હવે જરૂર નથી." એટલે રાજાએ સાર્થવાહને વસ્ત્રાભરણાદિથી ઉચિત પ્રકારે સન્માની--સત્કારી વિસર્જન કર્યો.

એ જ સમયે **કાલવેલાનિવેદકે**(રાજસભાના સમયને સૂચિત કરનાર) પોકાર્યું કે—"સહસ્રકિરણાધિપતિ સૂર્ય પ્રાતઃકાલે સુખદર્શનીય રમણીય બનેલો છતો કાલના પ્રભાવે મધ્યાહ્નકાલે પ્રચંડ ઉગ્રતાપદાઈ કિરણોના ઝળહળાટથી સામે પણ ન જોઈ શકાય તેવા દુષ્પ્રઘર્ષ ઉગ્ર સ્વરૂપવાળો બની '**સમય સમયની છાંયડી**'ની કહેતીને સાર્થક કરતો, સાયંકાલે તેજહીન બની અસ્ત થતી વખતે જગત્‌ના પ્રાણીઓને સંબોધીને કહે છે કે—

કુશાગ્રભાગે રહેલ જલબિંદુ કરતાં પણ વધુ ચંચલ અને વિજળીના ચમકારા કરતાં પણ જલ્દી વિનશ્વર પરિવર્તનશીલ આ સંસારમાં કદાચ **પુણ્ય સંયોગે ઉત્કૃષ્ટ વૈભવ-સમૃદ્ધિ પામી કોઇ છકી જતા નહિં!** મારું જ દૃષ્ટાંત યાદ રાખી, એક દિવસમાં ત્રણ દશા ભોગવી છેવટે નામશેષ થઇ જનાર મારી ઘટનાઓને ધ્યાનમાં લઇ **જગત્‌ના તુચ્છ-અસાર પૌદ્ગલિક પદાર્થોને પુણ્યબલે મેળવી તેના અભિમાનમાં ચકચૂર ન બનતા!** તેમજ **અશુભ કર્મના વિષમ ઉદયે આવી પડેલ આપત્તિના પ્રસંગે દીનભાવ લાવી તમારા પુરુષાતનને લજવે તેવી નામરદાઇ દાખવતા નહિં!** પણ ઉદય અને અસ્ત વેળાએ એક સરખા (તામ્રવર્ણી) રંગવાળા મારા દાખલાથી **સમભાવ કેળવજો,** કારણ કે **શુભાશુભ કર્મોનું એવું અજબ નાટક છે, કે જેમાં**

**હાથમાં આવેલ વસ્તુ અણુધારી રીતે સરકી જાય છે, અને સ્વપ્ને નહિં ધારેલ વસ્તુ સહસા આવી મળે છે.** અસ્ત થવા છતાં પણ પુનઃ પ્રભાતકાલે મારી તેજ-લક્ષ્મી સહસા મને આવી મળે છે, અને પાસે રહેલી તેજ-લક્ષ્મી અસ્તવેળાએ કોણ જાણે કયાં અદ્દશ્ય થઇ જાય છે, માટે મારા દાખલાથી **સંપત્તિમાં છકી જતા નહિં** અને **આપત્તિમાં હીનપણું રાખતા નહિં.**

માટે હવે સંધ્યાકાલોચિત દેવાર્ચન, સ્નાન-સંધ્યાદિ કાર્ય આચરી પરભવમાં વિપુલ-કલ્યાણમાલા મેળવવા પ્રબલ ભાથા સમાન પુણ્યકર્મ ઉપાર્જો લો ! જગત્‌માં **અત્યદ્ભુત પણ મનવાંછિત કાર્યોની સિદ્ધિ પુણ્યના બલે જ થાય છે.** ”

આ સાંભળી સભા-વિસર્જનનો ઉચિત સમય જાણી રાજાએ સિંહાસનથી ઊઠી તત્કાલોચિત કર્ત્તવ્યો પતાવ્યા, પણ સાર્થવાહે વર્ણવેલ અદ્દ્ભુત રૂપ-સૌંદર્યવતી **સુદર્શના** રાજપુત્રીની સહજ-સુલભ પ્રાપ્તિમાં વિધિ-નિયોગથી આવી પડેલ તેના અપહરણરૂપ અંતરાયની વ્યાકુલતાએ રાજાને મહેલમાં કે બગીચામાં, સૂતા કે બેસતાં, દિવસે કે રાત્રે ચેન ન પડવા દીધું.

**શ્રી સુમતિનાથ પરમાત્માના ચરિત્રને વિષે રાજપુત્રી સુદર્શનાનું શંખપુર પાણિગ્રહણ માટે પ્રયાણ, જંગલમાં અદ્દશ્ય વિદ્યાધરાદિકે કરેલું અપહરણ, વિજયસેન રાજાને તે સાંભળી થયેલો શોક-સંભ્રમવાળો પ્રસ્તાવ બીજો સમાપ્ત.**

## પ્રસ્તાવ ૩ જો.

### વિજયસેન રાજાનું વિપરીત-શિક્ષાવાળા ઘોડાથી જંગલમાં આવી પડવું.

એકદા વિજયસેન રાજા મનોવિનોદ માટે યુવરાજ-કુમાર, સેનાપતિ વગેરે પ્રધાન પરિવાર સાથે રયવાડીએ ફરવા નિકળ્યો, તે અવસરે અશ્વશાલાના અધિકારીએ સર્વલક્ષણાલંકૃત જાણે સૂર્યના તેજસ્વી સાત ઘોડાઓમાંથી જ એક ભૂમંડલ પર અવતર્યો ન હોય ! તેવો દેખાવડો એક સુંદર ઘોડો તૈયાર કરી રાજા સમક્ષ હાજર કર્યો, એટલે રાજાએ પણ નવા ઘોડાની ચાલ વગેરે પારખવાના કુતૂહળથી તેના પર સ્વારી કરી, શહેર બહાર આવી તેની ચાલ વગેરે તપાસવા જરાક લગામ ખેંચી ચાબૂક બતાવ્યો, ત્યાં તો કોણ જાણે શા કારણે તે ઘોડો એવા તે પૂરપાટ વેગથી દોડવા માંડ્યો કે તેના પર બેઠેલ રાજાને આખું ભૂમંડલ ચાકડા પર કુંભારે ચઢાવેલ માટીના પિંડાની જેમ અતિશય વેગથી ફરતું લાગ્યું, સ્થાવર-વનસ્પતિકાય તરીકે શાસ્ત્રકારોએ ઓળખાવેલ પણ એકેન્દ્રિય વૃક્ષો જાણે દેવતાઈ પગ કરી સપાટાબંધ સામે ધસી આવતા હોય તેમ લાગ્યા, અને ઉત્તુંગ શિખરોની હારમાળથી વિકટ મનાતા દુર્ગમ પર્વતો પણ અતિચંચલ હિંચકાની જેમ હિલોળા લેતા ભાસ્યા, સામાન્યતઃ ઘોડેસ્વારીના નિયમ પ્રમાણે ઘોડાને ઊભો રાખવા જેમ લગામ ખેંચે છે તેમ તે ઘોડો વધુ વેગથી દોડતો જાય છે અને થોડીક વારમાં સઘન-ગાઢ જંગલમાં લઈ ગયો. આથી ભયભ્રાન્ત બનેલ રાજાએ બેબાકળા બની થાકીને છેવટે લગામ મૂકી દીધી, એટલે તુરત ઘોડો ઊભો રહી ગયો. એકધારી સફરના પરિશ્રમથી ખિન્ન બનેલ રાજા વિશ્રાન્તિ માટે એક ઘટાદાર વડની છાયા તળે ઘોડાનું પલાણ પાથરી બેઠો. આ બાજુ પેલો ઘોડો પણ સેંકડો ગાઉની એકધારી દોડ કરવાથી હાડના સાંધા તૂટી જવાથી તુરત પછાડ ખાઈ મરી ગયો-જાણે કે આવા પુણ્યશાલી રાજાને આવી ભયંકર અટવીમાં લાવી રખડાવી દેવાના ભયંકર પાપથી કલુષિત બનેલ શરીરનો ઘોડાના પ્રાણોએ પાપી ધારીને જ પરિહાર કર્યો ન હોય ! આ ઘટના નિહાળી વિચારોના ચકાવે ચઢેલ રાજા દિઙ્મૂઢ બની ચિંતવવા લાગ્યો કે—

**વિજયસેન રાજાની વિચારધારા—** "અહો વિધાતાની કેવી અજબ ઘટના છે, કે જેથી અછતો પણ વૈભવ ઘડીભરમાં પ્રાપ્ત થાય છે, અને વિપુલ પ્રમાણમાં દઢ-મૂલપણે સાચવેલ પણ વૈભવને ઘડીના છઠ્ઠા ભાગમાં હતો ન હતો થઈ

નામશેષ થતાં વાર લાગતી નથી! વાહ! વાહ! અજબ તારી કરામત! તારી આ કલા બાબત તને ભૂરિ-ભૂરિ ધન્યવાદ છે! જે વાત સ્વપ્ને પણ સંભવે નહિં, તેમજ અનેકવિધ ઘટનાઓ ઘડવામાં કુશલ મનથી પણ ન કલ્પી હોય તેવી સારી કે ખોટી ઘટનાઓ વ્હેતી મૂકવી એ તો તારા હાથનો ખેલ છે. આમ તું અચાનક વિપત્તિના ડુંગરો ખડકીને ઘડીભર ભલભલાના પણ હાજાં ગગડાવી મૂકે તેવો સમયચતુર છે, છતાં ધીરપુરુષો તો અણધારી પણ આવી પડેલ આફતોના ઓળાંને માનસિક ધીરતાના બલે હડસેલી, વિષમ પણ દુઃખરૂપ ઘોર અટવીને હેમખેમ પાર કરી, વીરતાભર્યું ઉમદા જીવન ગુજારે છે, તે છતાં તારો પંજો કાયર પુરુષો ઉપર તો સખ્ત રીતે ફરી જ વળે છે, કે જેથી તેઓ તો દુઃખરૂપ ઘોર જંગલમાં અચાનક ફસાણા હોવાથી તારા પ્રેરેલા વિષાદ-ખેદરૂપ પિશાચના સપાટામાં આવી દુઃખનો પાર પામી શકેલા નથી અને નામર્દાઈભર્યું લજ્જાસ્પદ જીવન જીવી તારું ધાર્યું સફલ થવા દે છે."

**જંગલમાં સરોવર કાંઠે વિસામો : સ્ત્રીના ફંદામાં ફસામણ અને છુટકારો—** આ પ્રમાણે માનસિક ધીરતા કેળવી ઘોર જંગલમાં-અજાણ્યા પ્રદેશમાં અસહાય દશામાં આવી પડવા છતાં દીનતાનો માનસિક ક્ષેત્રમાં જરા પણ પ્રવેશ ન થવા દઈ, તે રાજાએ ઘડીભર ત્યાં વિસામો કરી, આવેલ આફતોને પાર કરી માર્ગદર્શન મેળવવા, સંસારની જેમ સેંકડો-**આવયા**-(સંસારપક્ષે-**આપદા**-વિપત્તિ) આપગા-નદીઓથી વ્યાપ્ત, પ્રારંભિક રાત્રિકાલની જેમ સેંકડો **દીવિયા**-(રાત્રિપક્ષે-**દીપિકા**-નાના મોટા દીવા મૂકવાની દીવીઓ) દ્વીપિક-દીપડાઓથી વ્યાપ્ત, અને શરદૃઋતુની જેમ ચારે બાજુ ભમી રહેલ **મત્તકરિલય**-(ઋતુપક્ષે-ચોમાસું અનાજનો પાક સારો ઉતરેલ હોવાથી **મત્ત**-મદ-માતા **કરિલય**-કર્ષક-ખેડૂતો) મદોન્મત્ત સેંકડો હાથીઓના પ્રચારવાળા તે વિષમ મહારણ્યમાં આમતેમ ભમતાં એક સુંદર સરોવર દીઠું કે જે સરોવર જાણે વિકસ્વર-પત્રવાળા સુંદર કમલરૂપ નેત્રોવડે મહાભાગ્યશાલી પાંચમા લોકપાલ તરીકે મનાતા રાજાને અજાણ્યા પ્રદેશમાં ભૂલી-ભટકી પોતાની પાસે આવતો નિહાળી, યથોચિત આતિથ્ય-સત્કાર કરવા ઉત્સુક થયું હોય તેમ ભાસતું હતું, કારણ કે મંદ મંદ પવનના ઝકોરાથી હિલોળા ખાતા વિવિધ ઉછળતા તરંગો આવતા મ્હેમાનને ભેટવાની તૈયારી સૂચવતા હતા, મરકતમણિની થાળી-રકેબીઓની ભ્રાંતિ કરાવનાર મનોહર નીલવર્ણી કમલિનીના પાંદડાઓ પર રહેલા મોતીના દાણાનો ભાસ કરાવનાર ઉદક-બિંદુઓ સાચા મોતીના વધામણા સૂચવતા હતા, વિવિધ જાતિના કમલો-ફૂલોની આમોદથી તૃપ્ત બની ગુંજારવ કરતા ભમરા-ભમરીઓ આવેલ અતિથિના મંગલગીત ગાતા હોવાનું જણાવી રહ્યા હતા, અને યથેચ્છ જલવિહાર કરી પ્રેયસીઓ સાથે ગેલ

કરતા સારસ, ચકવા અને રાજહંસોના મધુર અવાજથી અતિથિના કુશલક્ષેમ સંભાળવાની તૈયારી જણાતી હતી, આવા અનુપમ તે સરોવરમાં જલક્રીડાદિપૂર્વક શરીરને હળવું કરી, સ્નાનાદિ પતાવી આજુબાજુના કંદ–ફલ–ફૂલાદિથી ક્ષુધા નિવૃત્ત કરી ઘડીભર આરામ લીધો, અને વિચાર્યું કે—' અહો! કેવો દુર્ધર મધ્યાહ્નકાલ પ્રવર્ત્તે છે! ખરેખર ત્રણે ભુવનને સંતાપનારા આ સૂર્યના પ્રચંડ દુર્દર્શનીય કિરણો *દુર્ભગ સ્ત્રીના હાથની જેમ કોના શરીરને દાહકારી ન લાગે? આવી પ્રખર ગરમીથી સંતપ્ત બનેલા સેંકડો પાડાઓ શીતલતા અનુભવવા સરોવરમાં પેસતા જણાય છે, પંખીઓ પણ પોતપોતાના માળામાં પણ ઉકળાટના કારણે મુશ્કેલીથી લપાયેલા છે, અને અતિભદ્રિક અને કોમલ–સુકુમાર મનાતી હરિણીઓનાં ટોળાં ઘટાદાર ઝાડોની શીળી છાયા હેઠે વિશ્રાન્તપણે વાગોળતા બેઠા છે; માટે હું પણ તાજા સઘન પાંદડાઓથી સૂર્યના કિરણોનો જેમાં સંચાર નથી તેવા આ તમાલકુંજમાં જઈ મધ્યાહ્નનો સમય વિતાવી લઉં.' આમ વિચારી જ્યાં તેમાં પેસવા જાય છે તેટલામાં અચાનક ' ઓ પરઉપકારી! જગવત્સલ! પરદુઃખભંજક! મહા-પુરુષ! મને બચાવ–બચાવ ' નો કરુણાભર્યો પોકાર સાંભળી ' નક્કી કો'ક દુષ્ટ કોઈ બિચારી અબલા સ્ત્રીને સતાવતો લાગે છે ' એમ ધારી કરુણા–રસ–પ્લાવિત બની અબલાની વ્હારે જવા તે નિકુંજમાં પેઠો કે એક સુરમ્ય લાવણ્યથી ભરપૂર એક યુવતીને જ એકલી દીઠી, કે જે યુવતીના કોમલ હાથ પગ અશોકના તાજા હર્યા–ભર્યા પાનની જેમ રક્તવર્ણી છે, કેળના થંભ સમાન શોભતી બે ઉરુઓ છે, ગંગા–નદીના સુકોમલ રેતાળ–તટની જેમ વિશાલ નિતંબના ભારથી શરીર લચકી રહ્યું છે, મુષ્ટિગ્રાહ્ય મધ્યભાગ–કમરનો પ્રદેશ ત્રણ વલિ–રેખાઓથી શોભી રહેલ છે, સ્થૂલ-વર્તુલ સ્તનનો ભાગ ઉજ્જ્વલ દેદીપ્યમાન ચમકતા મોતીના હારથી દીપી રહેલ છે, વિકસિત કમલના પાંદડાની જેમ વિશાલ અને

---

નોટ. * જૈન કથાગ્રંથોમાં કર્મવાદની વિચિત્ર આંટીઘુંટીઓને સરલ રીતે ઉકેલી યથાર્થપણે ચિતાર ખડો કરે તેવી અનેક કથાઓ છે, તેથી અન્યદર્શનીઓમાં અતિપ્રસિદ્ધ મહાભારતના મુખ્ય પાત્રરૂપ દ્રૌપદીના પાંચ ભર્તાર છતાં અખંડ શીલવતી–સતીપણાનો ઉકેલ કર્મસિદ્ધાન્તના ગીતાર્થગર્ભ્યા વિવેચનના અભાવે જૈનેતર વિદ્વાનો હાલ સુધી નથી કરી શક્યા ત્યારે સર્વજ્ઞપ્રણીત વીતરાગ–પ્રભુના શાસનના કથાસાહિત્યમાં કર્મવાદની એવી સરસ પદ્ધતિ નિરૂપી છે કે જેથી એક પછી એક થતા બનાવોની હારમાળ પાછળ અનેક ભવોના ઉપાર્જેલા કર્મોની સાંકળ ખ્યાલમાં આવવાથી કોઈ વિસંવાદભરી વાત જણાતી નથી, તેથી જ પતિ તરીકે સ્વયંવરમાં અર્જુનને વરવા છતાં પાંચે પાંડવના ગળામાં વરમાલા દેખાવાથી જગજાહેરપણે પાંચ પતિ કબૂલી મર્યાદા પ્રમાણે અખંડ સતી તરીકે દ્રૌપદી પૂજનીય–વંદનીય ઠરી છે, તેની પાછળના તેના પૂર્વ ભવોનું સળંગ વર્ણન મહત્ત્વનો ભાગ ભજવે છે, તે વર્ણનમાં આવતા સુકુમાલિકાના ભવમાં અહીં વર્ણવાયેલ હસ્તસ્પર્શ–માત્રથી શરીરદાહ પેદા કરનાર દુર્ભગ સ્ત્રીની વાત આવે છે. આની વધુ માહિતી માટે જુઓ શ્રી જ્ઞાતાધર્મકથાંગનું સોળમું દ્રૌપદી અધ્યયન.

કર્ણપ્રાંત-લંબી આંખો છે, સોળે કલાએ ખીલેલા પૂનમના ચાંદ જેવું મનોહર મુખ છે અને રત્નજડિત સ્વર્ણકુંડલોથી કપોલપ્રદેશ-ગાલનો ભાગ ઘસાયેલ છે, એવી તે યુવતીએ આદરપૂર્વક અભ્યુત્થાન કરી, આતિથ્ય-કુશલતાથી તુરત તાજા પાંદડાઓનું આસન પાથરી 'અહીં બિરાજો'-ના કોમલ આમંત્રણથી રાજાનું ભાવભીનું સ્વાગત કર્યું. પછી રાજાએ ભયનું કારણ પૂછતાં ઢાવકું મ્હોઢું રાખી યુવતીએ ઘંટડીના રણકારની જેવા મધુર સ્વરે કહ્યું કે—'સમસ્ત સુરાસુરનરેન્દ્રોએ જેમની આણા વહી છે તેવા દુર્ધર ભડવીર કામદેવથી મને ભય લાગ્યો છે, જ્યારથી મેં તમને નિહાળ્યા છે ત્યારથી કામદેવ પંચબાણ છતાં પણ હજારો બાણોના જેવી વિષમતર પીડાવડે મને સંતાપી રહ્યો છે, માટે તું જ હવે મારે શરણ-આશ્રય-રૂપ છો' એમ કહી સાનુરાગદૃષ્ટિથી તે યુવતી વિજયસેન રાજા ભણી જોઈ રહી.

**વિજયસેન રાજાનું અપરિચિત દિવ્ય-યુવતી સાથે વાગ્યુદ્ધ**-આ સાંભળી ધર્મ-સંકટમાં આવી પડેલ રાજાએ પ્રસંગ પારખવા માંડ્યો અને વિચાર્યું કે—"આ ભયાનક અટવીમાં મનુષ્યના આવાગમનનો સંભવ જ નથી તેમજ આ સ્ત્રીના વિશ્રબ્ધ વ્યવહારથી અટવીની ભયાનકતાની મૂંઝવણ પણ જણાતી નથી, માટે સંભવિત છે કે-આ યુવતી કોઈ દિવ્ય-યોનિની છે. આની આ બેહૂદી વિષયાભિલાષની પ્રાર્થનાને અવગણવાથી ક્રોધાયમાન બની આ યુવતી અવશ્ય મને સંકટમાં પાડશે, પણ આટલા ભય માત્રથી જો હું પ્રાર્થના સ્વીકારું તો પ્રાણના ભોગે પણ મહામૂલા શીલ-ધનને સાચવવાના જુગ-જૂના મહાપુરુષોએ પ્રબોધેલા સિદ્ધાન્તનો ભંગ થાય અને હું સત્પુરુષોના માર્ગથી ભ્રષ્ટ થાઉં. કહ્યું છે કે—

**"જેઓ પરસ્ત્રી પરાઙ્મુખ છે તેઓ જ નરસિંહ-પ્રધાન પુરુષ અને ગણનાપાત્ર મહાપુરુષો છે, પણ જેઓ વિષયવાસનાના વસમા આવેગથી લપટાઈ પરદારા પ્રતિ અનુચિત રીતે પ્રવર્તે છે તેઓ તો વસ્તુતઃ માનવતાની ગણત્રીમાંથી જ બકાત થાય છે, અર્થાત્ મનુષ્ય તરીકે ગણાવા માટે પણ તેઓ અયોગ્ય ઠરે છે. વળી વિષમાસ્ત્ર કામદેવે ઉપજાવેલ વિષમ વાસનાઓનો માનસિક ધીરતાપૂર્વક સામનો કરવામાં શૂરવીર સુભટસમા તે મહાપુરુષોને તોલે જગતનો કોઈ પણ પદાર્થ આવી ન શકે, કે જે મહાપુરુષો સર્વ અનુકૂલતા સાથે પરસ્ત્રીની અભિલાષાપૂર્વક કરાતી પ્રાર્થના વખતે પણ પોતાની કુલમર્યાદાને લોપતા નથી તેમજ પોતે અખંડ શીલવ્રત સાચવી શકે છે."**

માટે ગમે તે થાઓ, જન્મેલાનું મરણ તો એક વાર અવશ્ય થવાનું જ છે, અને મરણ કરતાં વધારે મહાન્ યાતના કોઈ નથી તો પછી તેટલા ડર માત્રથી હું મારા પ્રામાણિક ધર્મ-મર્યાદા અને સચ્ચારિત્ર્યને કેમ ખોઈ બેસું ? આવું કદી ન બને !" આમ

વિચાર કરી રાજાએ મીઠાશપૂર્વક પોતાને છટકવાનો માર્ગ સીધી રીતે મળી રહે તેવી વચનચાતુરી યોજી કહ્યું કે-"ભદ્રે! તારી વાત સાચી, પણ તું તો પરસ્ત્રી છે, તો હું કેવી રીતે તારી સાથે વિષયસુખ અનુભવી શકું?" આ સાંભળી વિષયાવેશમાં ઘેલી બનેલી સુંદરીએ શબ્દચાતુર્યથી રાજાને ચૂપ કરી પોતાની વાતમાં સંમત કરાવતાં કહ્યું કે-" બરાબર છે? તમારું કહેવું! પણ તમારે વિચારવું ઘટે કે-પુરુષને સ્ત્રી તો હંમેશા પરાઈ જ છે, પોતાની હોય (મા-બ્હેન-બેટી વગેરે) તો કદી સ્ત્રી બને જ નહિં." આમ રાજાના પરસ્ત્રી-ગમન-નિષેધ-પરક શબ્દોને વ્યંગ્યાર્થથી પોતાના અભિમત વાસનાપોષક અર્થમાં ઘટાવી તે ચતુર સ્ત્રી રાજાને ફસાવવા માંગે છે. **અહો! જગત્‌માં વિષયવાસના કેવી બૂરી ચીજ છે! કે જેના ફંદામાં પ્રાણી, સત્યાસત્યનો નિર્ણય તો દૂર રહ્યો પણ આબાલગોપાલ અનુભવસિદ્ધ યથાર્થ વસ્તુને પણ વિકૃત સ્વરૂપે ચિતરવા તૈયાર થાય છે.** આ રીતે યુવતીના ભ્રામક વચનો સાંભળી રાજાએ પોતાના કહેલ શબ્દોના આશયને સ્પષ્ટ કરતાં જણાવ્યું કે-'એમ નહીં! પરસ્ત્રી એટલે બીજાએ લૌકિક વિધિએ અગ્નિની સાક્ષીએ ગ્રહણ કરેલી સ્ત્રી. આવી સ્ત્રી સાથે સાંસારિક વિષયસેવન જીવનના આદર્શ પંથે વિહરનાર માટે સાવ અજુગતું ગણાય.' આ સાંભળી રાજાની વાતને અદ્ધર હવામાં ઉડાડી દેવા યુવતીએ માર્મિક હાસ્ય કરી કહ્યું કે-'વાહ! વાહ! રાજન્! તમે આવા અદ્ભુત ગુણ-ગણ-સમૃદ્ધિવાળા મહાપુરુષ છતાં આવી સંકીર્ણતા હૃદયમાં રાખો છો કે આ (મેં પરણી એટલે) મારી, અને આ (બીજાની પરણેલી માટે) પારકી--ના ક્ષુદ્ર વિચારો તમને મારા જેવી દિવ્ય રૂપવાળી પ્રેમી પ્રમદા સાથે મોજ માણવા રોકી રહ્યા છે. સુભાષિતકારોએ ઉદ્‌ઘોષ્યું છે કે-**તુચ્છ હૃદયવાળા માનવીઓજ મારા-પારકાની ઘડભાંજ કરી નાહકના કલ્પિત આવરણો ઊભા કરી અદ્‌ભુત જીવનશિક્ષાના સુંદર પાઠો તાદૃશ અનુભવરૂપે શિખવનાર સંસારરૂપ શિક્ષણશાલાનો મોંઘેરો લાભ ઉઠાવી શક્તા નથી. વિશાલ હૃદયવાળા મહાપુરુષો મારા-તારાના ક્ષુદ્ર વિચારો દૂર કરી અને જગત્‌ના ક્ષુદ્રતમ પણ પદાર્થ કે પ્રાણી સાથે માયાળુભર્યું વર્ત્તન કરી જીવનને અદ્‌ભુત રીતિએ સમૃદ્ધિશાલી બનાવે છે.** માટે મને બીજાની (પરણેલી હોવાના કારણે) માની મારા જેવી સામે પગલે આવી પ્રાર્થના કરી મનમાની મોજ મણાવનારી યુવતીને અવગણો નહિં અને ઉદાર સહૃદયતા વાપરી મને પોતાની ગણો.' આ સાંભળી રાજા બુદ્ધિ અને બલ વિનાની કહેવાતી સ્ત્રીઓમાં પણ પોતાના સ્વાર્થને સાધવા બીજાને ફંદામાં ફસાવનારી બોલવાની અદ્‌ભુત ચાતુરી જોઈ તેણીના વિપાક--વિરસ કર્ણકટુ વચનોની અવગણના પ્રદર્શિત કરતો બોલ્યો કે-'છિઃ, છિઃ, સ્વ--પર--વિનાશક તેવી ઉદાર હૃદયતાને મારા નવ ગજ નમસ્કાર છે. આવી તારી વચનચાતુરીની જાળમાં ફસાઇ, કોઈ પણ ભોગે મારા જીવન-

સર્વસ્વરૂપ સચ્ચારિત્ર્યને ભ્રષ્ટ કરનારી અને સ્વપર-ઉભય-ને અહિતકારી એવી તારી હલકટ માંગણીનો હું સ્વીકાર નહિં જ કરું એ તું ચોક્કસ માનજે! આ સાંભળી નાગણની જેમ છંછેડાયેલી છતાં કામ કાઢવાની ગરજથી મધુરા શબ્દોમાં માનભરી માનુની બોલી કે—'રાજન્! પુષ્પબાણ-કામદેવના વિષમ આક્રમણથી વિહ્વલ બનેલી મારા મનની શાંતિ થવાપૂર્વક તમને પણ અલૌકિક વિષય-સુખાસ્વાદ મેળવવાનો આ અનુપમ પ્રસંગ સ્વ(તમને) અને પર(મને) ઉભય-ને હિતકારી-અનુકૂલ છતાં તમે આ પ્રસંગને સ્વપર-અહિતકર શા સારુ જણાવો છો?' આ સાંભળી પોતાની નિકૃષ્ટ વાસનાને પોષવા ધર્મ અને નીતિના ઉદાર સિદ્ધાન્તોને પણ વિકૃત બનાવનારી રૂપસુંદર છતાં નાલાયક તે સ્ત્રીના મુખદર્શનને પણ મહાન્ પાપ માની, વાસના પોષવા મથતી અને દુરાગ્રહી તારી સાથે નાહકનું વાગ્યુદ્ધ કોણ કરે? એમ કહી તે તમાલકુંજમાંથી નિકળી ગયો.

ત્યારબાદ વિજયસેન રાજા વિષમ અટવીમાં પણ પૂર્વપુણ્ય-પ્રતાપે શિયળની આકરી કસોટીમાંથી નિર્વિઘ્ને પસાર થયાના અપૂર્વ આનંદને અનુભવતો, રાજહંસ, ચક્રવાકાદિ સુરમ્ય પક્ષીઓના મનોહર નિનાદવાળા સરોવરોમાં યથેચ્છ જલક્રીડાની મોજને માણતો, સુંદર પરિપક્વ ફલોના ભારથી લચી રહેલા આંબા, ચંપક, અશોક, સરલ, કેળ આદિની શીતળ છાયા નીચે વિસામા લેતો, અને વિષયક્રીડામગ્ન કિંનર-દંપતીઓના સ્વૈરવિહારને અવલોકતો વનવિહારના સુખને યથેચ્છ અનુભવી રહ્યો છે, ત્યાં તો નિરાધારપણે એકધારા ગગનવિહારથી જાણે શ્રાંત થયો ન હોય તેમ સૂર્ય, અસ્તાચલના શિખરો પર વિસામા માટે પહોંચી ગયો, અને ક્ષણ ભરમાં તો તે સૂર્ય, મહાપુણ્યશાલી છતાં કર્મવશ ભીષણ અરણ્યમાં આવી પડેલ રાજાને પોતે કંઇ સહાયતા કે પ્રતિકાર ન કરી શકવા બદલ લજ્જાસ્પદ મુખ ન બતાવવાની ઇચ્છાથી જ જાણે અસ્ત પામીને અદૃશ્ય થઇ ગયો, એટલે થોડી જ વારમાં અનંત આકાશ નક્ષત્રોરૂપ વિવિધ ફૂલો, સંધ્યાના ગાઢ રંગના ફેલાવારૂપ પાંદડાઓ અને અંધકારરૂપ ભ્રમરોની પંક્તિની શોભાથી મનોહર બગીચાની જેમ શોભવા લાગ્યું, અને નક્ષત્રરૂપ હાડકાંની માળા ધારતો, અંધકારરૂપ બહુલ--શ્યામલ વિખરાયેલ કેશવાળો, પ્રદોષ(રાત્રિનો આદ્યભાગ)રૂપ વિશાળ આકાશરૂપ કપાલમાં ભરી ભરી સંધ્યારૂપ રુધિરનું પાન કરતો હોય તેવો પણ ભાસ થોડીક ક્ષણો પછી થવા લાગ્યો. અહો! આ જગત્માં કાલનું ચક્ર કેવું અવિરતપણે ફર્યા કરે કે જેથી જગત્નો વ્યવહાર ક્ષણે ક્ષણે નવનવા સ્વરૂપમાં ભાસે છે.

**રાત્રિના સમયે ભૂતોનો ઉપદ્રવ અને તેનો સામનો**—આ અવસરે રાજાએ વિચાર્યું કે—"રાજ્ય ખરેખર પરાધીનતા ભર્યું છે, માટે જ સમય અને વ્યવસ્થાની મર્યાદાના ચોકઠામાં રહીને જ ખાન-પાન, આહાર-વિહાર, બોલવું-ચાલવું આદિ કરવાપણું

હોવાથી રાજાનું જીવન પરવશતાની બેડીમાં સંકળાયાના કારણે ઉદ્વેગપૂર્ણ હોય છે. કોઈ દિ' રાજા યથેચ્છ સ્વૈરવિહારને અનુભવી શકતો નથી, માટે જ કહ્યું છે કે–" **નિયમિતપણે સાથે રહેનારા ઓછા વધતા પરિવારના કારણે સ્વૈરવિહારના આનંદથી શૂન્ય અને સાથે રહેનારા પરિવારની ઇચ્છાને લગભગ માન આપવું પડતું હોઈ સ્વાત્માભિમાનથી પણ રહિત રાજ્યવૈભવની સ્પૃહા સુખના પરમાર્થનો વિચાર ન કરી જાણનારા પામર પ્રાણીઓ જ કરે છે. સારાસારનો વિવેક કરી યથાયોગ્ય પદાર્થનો ઉપયોગ કરનાર વિચક્ષણ પુરુષો તો આવા રાજ્ય-સુખની ઇચ્છા સરખી પણ કરતા નથી.**" હું તો વીરતાભર્યું જીવન ગુજારવા માટે ઉત્સુક્તાવાળો હોઇ '**યદિષ્ટં વૈદ્યોપદિષ્ટં**' ન્યાયાનુસારે અચાનક વક્રશિક્ષાવાળા ઘોડાના કારણે આવા નિર્જન એકાંત અરણ્યભાગમાં આવી ચઢ્યો છું. અત્રે મને મારા મનને અનુ-રૂપ વીરતાભર્યા પ્રસંગો નિહાળવાનું અનુપમ કુતુહલ આવી મળ્યું છે. આ અરણ્ય પણ અચરિજભર્યું જણાય છે. કાંઇક અદ્ભુત પણ મને જોવા મળશે એમ લાગે છે, વળી આ અત્યારનો સમય ભલભલા પરાક્રમશાલીઓને પણ આવા નિર્જન અરણ્યમાં હૈયું થડકાવી મૂકે તેમ છે, અને હું પણ આજ આખો દિવસ મનમોજપણે વનવિહાર કરી અતિશય શ્રાન્ત થયેલ છું, છતાં 'જીવ્યા કરતાં જોયું ભલું'ની કહેતી મુજબ મારા જેવા રાજ્ય-વૈભવમાં ઉછરેલાઓને આવા દુર્ધર જંગલમાં રાત્રિએ ફરવાનો અવસર ફરીથી ક્યાં મળ-વાનો છે ? માટે આજે તો માનસિક–કુતૂહલવૃત્તિને શાંત કરવા થોડીકવાર તો ફરું જ.' આમ વિચાર કરી રાત્રિના ગાઢ અંધકારથી વધુ ભયાનક દીસતી તે અટવીમાં જ્યાં થોડુંક આવ્યો ત્યાં તો રાજાએ ભયંકર પડઘાઓ પાડતા ઘોંઘાટથી અરણ્યને શબ્દમય બનાવતા ભૂતડાંઓને સામે ભમતા જોયા. તેમજ મનુષ્યના લોહીના તરસ્યા, ઉત્કંઠાપૂર્ણ કિલકિલાટ કરતાં વેતાલો, ભયંકર ખિલખિલાટભર્યા અટ્ટહાસ્યથી ગભરાવી મૂકનારા ઝોટિંગ, યક્ષ, રાક્ષસ અને વ્યંતર વગેરેને પોતાની સામે ધસી આવતા જોયા, અને '**દોડો, પકડો, મારો** અને રુધિર–માંસના મધુર આસ્વાદને ભોગવો, આ કોઇ આપણી ભૂખ ટાળવા જ જાણે સામે પગલે આવી રહેલો કોઈ માથા ફરેલો માનવી જણાય છે.' આદિ શબ્દો બોલતા સાંભળ્યા. તેમની પ્રવૃત્તિઓ પરથી પોતાને ક્ષોભ પમાડવા–ત્રાસ પમાડવા તેમની પૂર્ણ તૈયારી જાણી આત્મરક્ષણાર્થે 'આ ક્ષુદ્ર ભૂતડાઓ મારા જેવા પુરુષસિંહને શું ડરાવી શકતા હતા ? હું હમણાં ભગાડી દઉં છું' એમ માનસિક પડકાર કરી તીક્ષ્ણ ધારવાળી દીપતી તલવાર ઉગામી રાજા તેઓની સામે ધસ્યો. આ પ્રમાણે માનસિક ધીરતા જરા પણ ગુમાવ્યા વિના સામી છાતીએ પડકાર ઝીલવા તૈયાર બની ધસી આવતા રાજાને જોઇ પેલા વ્યંતરો–' આ તો કોઈ પ્રચંડ પરાક્રમી નરવીર છે, આની દૃષ્ટિ જ નવા આષાઢી મેઘમાં ચમકારા મારતી કાતીલ વિજલીની જેમ જોઇ શકાતી નથી. પ્રલયકાલે સહસ્ર

કિરણોથી સામટા તપતા બાર સૂર્યની પ્રભા કરતાં પણ વધુ દુઃસહ આની તેજલક્ષ્મી ખમાતી નથી, અને કોપાવિષ્ટ **યમરાજના** કટાક્ષ જેવી તીક્ષ્ણ તલવારની ધાર ક્રૂર દીસે છે, માટે ભાગો ભાગો !' એમ બોલતા ક્ષણભરમાં અદૃશ્ય થઇ ગયા.

**ભૂતોના સ્વામી મહાપિશાચનું વર્ણન અને તેનો પરાજય**—આ જોઇ વધુ કુતૂહલ-વૃત્તિથી ખેંચાયેલો રાજા તે ભૂતડાંઓની પાછળ જવાની ઇચ્છાથી થોડું આગળ ચાલ્યો ત્યાં તો સામે તાડ જેવી ઊંચી જંઘાવાળો, યમરાજના પ્રચંડ દંડ જેવી ઉદ્‌ભટ ભુજાવાળો, અગ્નિની જ્વાલાઓથી વ્યાપ્ત લાલચોળ લોઢાની ફાલ( લાંબી ચપટી ખીલી ) જેવી જીભવાળો, પ્રલયકાલના ધગધગતા અગ્નિના કણની જેમ દીપતી આંખવાળો, ચીબડા, વાંકા અને વિરૂપ નાકવાળો, વિજળીની જેમ વારે ઘડીએ ચમકારા મારતા પીળા વાળવાળો, બીજના ચંદ્રની જેમ કુટિલ પ્રચંડ રાક્ષસી દાઢાઓથી ભીષણ મુખવાળો, અત્યુગ્ર ભૃકુટિથી ભયંકર કપાલવાળો, મદિરાના ભાજનવિશેષની જેમ મહાકાય ઉદરવાળો, કાળી શાહી, **યમરાજના** વાહનરૂપ પાડો અને અડદના ઢગલાની શ્યામતાને પણ ટપી જાય તેવા શ્યામ વર્ણવાળો, નિરંતરપણે લોહી ટપકતું ગજચર્મ ઓઢેલો, ભયંકર ફુંફાડાઓથી ઝેરને વર્ષાવી રહેલા કાળા સર્પોના કંદોરાથી બાંધેલ ચમરુ( મૃગવિશેષ ) ચર્મ પહેરેલો, ઊંચી નીચી પાંસળીઓના વચગાળે સૂતેલા-રહેલા કાચીંડા--સાપવાળો, કાળા સર્પના કર્ણાભૂષણવાળો, ડાબા પડખામાં રાખેલ મનુષ્યના મડદાવાળો, ડાબા હાથમાં રહેલ મનુષ્યની ખોપરીમાં ભરેલ લોહી–ચરબી આદિ પીવાની ઉત્કંઠાવાળો, ગળામાં મનુષ્યોના રૂંડ( માથાં )ની માળાવાળો, જમણા હાથમાં ઉગામેલ તલવારવાળો, ઘોર અટ્ટહાસ્યથી દિશાઓને બહેરી કરનારો, સાક્ષાત્ પાપસમૂહની મૂર્તિ સમ અને રૂપાંતરિત યમરાજ જેવા એક મહાપિશાચને જોયો, અને " એય ! હીણપુણ્ય ! નરાધમ ! તું પોતાના ભુજબલ ઉપર મગરૂરી રાખી શું મુસ્તાક બની રહ્યો છે ? કાં તો ભાગી જા, અગર મારા ચરણોમાં શરણાર્થી બની પડ, નહિં તો તારું આજે આવી બન્યું છે. આવા વિષમ અરણ્યમાં કાલમુખી આવી રાત્રિના અવસરે તું આમ બેફિકરો થઇ ફરે છે તેથી મારા ઝપાટામાંથી હવે તું જીવતો છૂટે તેમ નથી ! " આવા શબ્દો સામેથી તે પિશાચપતિએ કહેલા રાજાએ સાંભળ્યા, છતાં પુણ્યના બલ ઉપર ઝઝૂમનાર રાજાને હિમ્મતભેર તેવી જ સ્વસ્થતાપૂર્વક રૂંવાડું પણ ભયથી ફરકાવ્યા વિના આગળ વધી રહ્યો જોઈ બમણા ક્રોધમાં આવી છંછેડાયેલા વાઘની જેમ ઘૂરકતો તે પિશાચપતિ બોલ્યો કે–" એય ! મગતરા જેટલા પોતાના ક્ષુદ્ર સામર્થ્યના મિથ્યાભિમાનમાં ચકચૂર બની ઉદ્ધત બનેલા નરાધમ ! તું મારા વચનને પણ અવગણે છે ! " આ સાંભળી કંઇક હસીને કુંદના શ્વેત ફૂલો જેવી શોભાવાળા દાંતોની અંધકાર દૂર કરનારી નિર્મલ--પ્રભાવાળા રાજાએ કહ્યું કે–" અહો નિશાચર ! તુંય ખરો બહાદૂર લાગે

છે કે-અચિંત્ય શક્તિવાળી દેવયોનિમાં જન્મેલ મારા જેવા સામાન્ય નરકીટથી ડરીને છતાં છેટેથી જ વાત કરે છે, પાસે આવી શકતો નથી, અને હું તો મારી જિંદગીમાં દુશ્મનને પીઠ બતાવવાનું તો શીખ્યો જ નથી, તેમજ કોઇના આશ્રય તળે કે શરણે જવાનું પણ ભણ્યો નથી, તો પછી હું કેવી રીતે ભાગી જાઉં કે તારે શરણે આવું ?" આ સાંભળી અગ્નિમાં ઘી હોમ્યા જેમ વધુ રોષમાં આવી તે મહાપિશાચ "એય ! દુર્વિનીત ! કોપાયમાન **યમરાજ**ના કટાક્ષ કરતાં પણ વધુ ભયંકર મારી તું મશ્કરી કરે છે. ઊભો રહે ! તને હમણાં જ તેનું ફલ ચખાડું છું, તાલના ફલની જેમ તારા મસ્તકના હમણાં ચૂરા કરી દઉં છું." એમ બોલતો સફાળો ઊભો થઈ તીક્ષ્ણ તલવારને વીંઝતો રાજાની સામે ધસ્યો, પણ તે રાજાના પ્રબલ પુણ્યના તેજથી ઘા કરવા માટે તેની પાસે આવી ન શક્યો, અતિ પ્રયત્ન કરવા છતાં રાજાના પુણ્ય-તેજને સહન ન કરી શકવાથી તે મહાપિશાચને દૂર રહેવું પડ્યું, અને વિચારવા લાગ્યો કે-"અહો ! મહા-આશ્ચર્યની વાત છે ! આવા સામાન્ય માનવીથી મારા જેવો પ્રબલ શક્તિવાળો મહાપિશાચ પરાભવ પામે છે ! પણ ના, ના, તેમ નથી, આ તો અપૂર્વ પુણ્ય પ્રભાવવાળો કોઈ મહા-પુરુષ જણાય છે, સામાન્ય માનવોની જેમ અમારાથી ક્ષોભ પમાડાય તેવો આ નથી." એમ વિચાર કરી લજ્જાથી વિલખો બની, બધી બિહામણી રૂપસૃષ્ટિ સંહરી, નયનમનોહર રત્નના આભરણોથી દેદીપ્યમાન સુંદર રૂપને ધારણ કરી તે મહાપિશાચે કહ્યું કે—

**મહાપિશાચે વિજયસેન રાજાની કરેલી સ્તવના અને વરદાન—**"હે પુણ્યવંત ! ભાગ્યશાલી ! સમસ્ત પ્રાણીઓને પરાભવ પમાડનારું તારું સત્ત્વ અદ્‌ભુત છે, પ્રાણીમાત્રને અચંબો પમાડનાર તારો મહિમા અપરંપાર છે, ન્યાય-નીતિના માર્ગથી અવિરુદ્ધ તારું પરાક્રમ અનિર્વચનીય છે, અને તારું તેજ તો સર્વથા અપ્રધૃષ્ય છે, એથી જ તમે જગતના તમામ પ્રાણીઓમાં સર્વોત્તમ છો, કે જેની મતિ પરદારાથી સર્વથા પરાઙ્‌મુખ બનેલ છે. ધન્ય છે તમારી કૃતપુણ્યા પત્નીને ! કે જેણીનો જન્મારો તમારા જેવા સર્વથા કલંકરહિત સદાચારી પતિ મેળવી સફલ થયો છે. હું પણ આજે આપ જેવા પુણ્યાત્મા સદાચારમૂર્ત્તિના દર્શનથી પવિત્ર થયો છું." આ સાંભળી આશ્ચર્યચકિત બની રાજાએ પૂછ્યું કે—"તમે કોણ છો ? હું તો તમને ઓળખતો નથી. કૃપા કરી તમારો પરિચય આપી મને કૃતાર્થ કરો." મહાપિશાચે કહ્યું કે—"હું **પિંગલાક્ષ** નામનો મહર્દ્ધિક વ્યંતર છું, આ વનમાં ક્રીડાર્થે આવેલ છું. હમણાં મારી દેવીએ મારી પાસે આવી અશ્રુપાતપૂર્વક ફરિયાદ કરી કે—"હું પેલા તમાલ કુંજમાં ક્રીડા કરતી હતી અને આ માણસે ( તમને ઉદ્દેશીને ) આવી મારી સાથે વિષયભોગાર્થે વારંવાર પ્રાર્થના કરી. કોઇ પણ રીતિએ મેં તેની વાત ન માની એટલે એણે ક્રોધાવિષ્ટ બની હલકટ સ્ત્રીની જેમ ગળચી પકડીને મને કાઢી મૂકી અને અપશબ્દોથી નઘાજી મારો ક્રૂર તિરસ્કાર કર્યો, માટે હવે જો તમને મારા પર ખરો

પ્રેમ હોય તો મારું અપમાન કરનાર એ માનવીને તુરત યોગ્ય શિક્ષા–સજા કરો, નહિં તો આજથી હું તમારી સ્ત્રી નહિં અને તમે મારા સ્વામી નહિં." આ સાંભળી વિષય-વાસનામાં ભાન ભૂલેલા મેં સારાસારનો વિવેક કર્યા વિના, બૈરીમુખો બની આપ જેવા સચ્ચારિત્રશીલ મહાપુરુષને સતાવવા ક્રોધાવેશમાં ધમધમીને પ્રથમ મારા સેવકો( ક્ષુદ્ર ભૂતડાં વગેરે )ને મોકલ્યા, પણ તેઓ તો તમારા સચ્ચારિત્ર અને પુણ્યબલના તેજને ન સાંખી શકવાથી અભાગિયાના ધાંધલની જેમ નિષ્ફલ નિવડ્યા, એટલે છેવટે હું પણ આવ્યો, અને અનુચિત પ્રવૃત્તિ આદરવાપૂર્વક આપની અવહેલના કરી, પરંતુ આપના અત્યદ્ભુત ચારિત્ર-તેજના પ્રભાવથી હતપ્રભ થયેલો હું તમારી સમીપ પણ આવી શકતો નથી તો પ્રહાર કરી વિરૂપ કરવાની વાત જ ક્યાં રહી? આ ઉપરથી માનસિક વિચારોની પવિત્રતા વિનાના પરદારાલંપટ વિષયાભિલાષી કામી પુરુષોનું કોઇ દિ' આવું દુષ્પ્રધૃષ્ય તેજ હોય જ નહિં માટે મારી દેવીએ મને આ માણુસ ( આપ ) બાબત કરેલી ફરિયાદમાં તથ્યાંશ જણાતું નથી. આવા સંભ્રમને દૂર કરવા વિભંગજ્ઞાનના ઉપયોગથી મેં આપની સદાચારશીલતા અને મારી દેવી તરફથી આપને થયેલી પજવણી આદિ જાણી વિષમ અરણ્યમાં એકાકી છતાં દિવ્ય રૂપવાળી દેવાંગનાને મનથી પણ નહિં ચાહવાની આપની સજ્જનોના હૃદયને પ્રફુલ્લ કરનારી ધીરતા અને સદાચારિતા ઉપર હું આફરીન થયો છું, માટે માંગો! માંગો! આપને જે જોઇએ તે આપવા હું વચનબદ્ધ થાઉં છું." રાજાએ કહ્યું કે—"મહાનુભાવ! હું શું માગું? મારે જે ઇષ્ટ હતું, જેની અભિલાષાએ આ ઘોર અટવીમાં પણ મેં આ રાત્રિ-વિહારને પસંદ કરેલ છે તે દિવ્ય–દેવતાનું દર્શન કરવાની ઇચ્છા તો આપના દર્શનથી પૂર્ણ થઇ, હવે મારે કંઇ અભીષ્ટ નથી." આ સાંભળી રાજાની નિરીહતા જોઇ વધુ પ્રસન્ન થયેલ યક્ષરાજે કહ્યું કે—"વાહ! વાહ! ધન્ય છે આપની ઉદારતાને! મહાપુરુષો કદી સ્વાર્થ સાધવાનું સમજ્યા જ નથી, માટે આપ કંઈ મારી પાસેથી માંગો તેમ નથી, છતાં દેવતાનું દર્શન અમોઘ હોય, તેથી અચિંત્ય પ્રભાવશાલી આ હાર આપ સ્વીકારો. આ હાર પહેર-નારના શરીરે ગમે તેટલા કુશલતાપૂર્વક પણ કરેલા શસ્ત્રપ્રહારો અસર કરતા નથી અને આના પ્રક્ષાલજલના છંટકાવથી પ્રથમના લાગેલા ભયંકર ઘા પણ રૂઝાઇ જાય છે." આમ બોલતો આકાશમાં જ રહેલો તે યક્ષરાજ રાજાના ગળામાં તે હાર પહેરાવી અદૃશ્ય થઇ ગયો.

**ઉજ્જડ શહેરમાં રાતવિસામો અને તે શહેરને ઉજાડનાર રાક્ષસને વશ કરી નગરનું ફરીથી વસાવવું.**—આ પ્રમાણેની અદ્ભુત પુણ્યની લીલા નિહાળી પ્રમુદિત બનેલ રાજાએ વિચાર્યું કે–"લાંબા કાળથી પાદચારીપણે વનવિહાર કરી મારું શરીર ઘણું થાકી ગયેલ છે, તેથી જ નિદ્રાના ભારથી લદાયેલા નયનો ભારાન્વિતસા થયેલા બીડાઇ રહેલ છે, માટે કયાંક ઉચિત સ્થાને જઇ વિસામો કરી રાત પસાર કરું અને પરિશ્રમને હળવો કરનારી મીઠી નીંદ લઉં." આમ વિચારી જ્યાં થોડું ચાલ્યો,

ત્યાં તો એક અદ્ભુત રમણીય પણ વસતિશૂન્ય-ઉજ્જડ શહેર જોયું, તેથી કુતૂહલ અને જિજ્ઞાસાથી ખેંચાયેલી ઉત્કંઠાવાળો રાજા તે શહેરમાં વિવિધ ભવ્ય મનોહર પ્રાસાદપંક્તિઓને નિહાળતો એક ભવ્ય દેખાવડા રાજમહાલયસા દીસતા ઉત્તુંગ મહેલમાં પેઠો. ધીમે ધીમે તે મહેલના સર્વ ભાગોને અવલોકતો હાથીદાંતના સુંદર નકશીકામવાળા તે મહેલના ઉપરના અગાશીના ભાગમાં પહોંચ્યો. ત્યાં સુંદર મખમલના ગાલીચા પાથરેલી તૈયાર પથારીવાળો પલંગ જોઇ આરામ કરવાના વિચારથી તે પલંગની પથારીમાં સૂઈ ગયો. અલ્પ સમયમાં જ રાજા ઊંઘી ગયો. મધ્યરાત્રિએ કંઇક નિદ્રાભંગ થયે રાજાએ પોતાને બીવરાવવા વિધવિધ પ્રયત્ન કરતા વિકરાલ સ્વરૂપવાળા એક મહાકાય રાક્ષસને જોયો. આ જોઇ જરા પણ ગભરાયા વિના સાહસિક **વિજયસેન**રાજાએ અવજ્ઞાપૂર્વક રાક્ષસને પોતાના નોકરની જેમ પોતાની પગચંપી કરવાનો હુકમ કર્યો, એટલે રાજાના પ્રબલ પુણ્યના પ્રતાપથી અંજાયેલ તે રાક્ષસ ગરીબડી ગાય જેવો દીન બની મંત્રાકૃષ્ટની જેમ રાજાની પગચંપી કરવા લાગ્યો. રાજા તો નિર્ભીક થઇને પુનઃ સૂઇ ગયો. પ્રભાતકાલે જાગૃત થયેલ રાજાએ તે રાક્ષસને અવિરતપણે પોતાની પગચંપી કરતો નિહાળી મૃદુ-મધુર સ્વરથી સંબોધતાં કહ્યું કે: "ભદ્ર! મેં તમને બહુ તકલીફ આપી, પગચંપી લાંબા કાળ સુધી કરાવી, મેં ના પાડી નહિં, ખરેખર અજુગતું થયું, પણ તમે કોણ છો? આવું આ સમૃદ્ધ-ભવ્ય જણાતું શહેર સાવ નિર્જન-ઉજ્જડ કેમ છે?" આ સાંભળી રાક્ષસે નમ્રભાવે કહેવા માંડયું કે "હું આ નગરનો અધિષ્ઠાયક **લોહિતાક્ષ** નામે યક્ષ છું. એકદા રાગ-દ્વેષની વિષમ વાસનાઓથી પર, ઉત્તમ, ક્ષમાપ્રધાન દશવિધ શ્રમણધર્મના પાલનમાં નિરત, ચારિત્રરૂપ રત્નના અનુપમ નિધાન અને ક્ષુદ્રસત્ત્વ ભવાભિનંદી પામર પ્રાણીઓ માટે દુઃશક્ય વિવિધ ઉગ્રતપ, પરીષહસહનાદિ સાધુક્રિયાને આસેવનારા એક મહામુનિ આ નગરીના સીમાભાગે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા હતા. શરીરના મમત્વને સાપ કાંચળી ઉતારે તેમ સર્વથા છંડી અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગોને સહન કરવામાં શૂરવીર તે તપસ્વી મહામુનિને આ નગરના અધર્મી લોકો નગરમાં પેસતાં-આવતાં ઉપદ્રવ કરવા લાગ્યા, લાકડી, ચાબૂક, ઢેફા આદિથી ઘા કરતા હતા, અને મહામુનિના માથા પર ધૂળ નાંખવા-ફેંકવા જેટલી સીમાતીત અસભ્યતા-દુષ્ટતા કરવા લાગ્યા, આટલું છતાં પણ તે મહામુનિ સમતારસમાં ઝીલતા જરા પણ માનસિક કલુષતા થવા દીધા વિના અજ્ઞાનમૂઢ તે પામર આત્માઓની ભાવદયા વિચારતાં પોતાના આત્માને **અનાદિકાલીન દેહમૂર્ચ્છાના આસંગભર્યા અભ્યાસથી થઈ જનારા આર્ત્તધ્યાનાદિક શુભ વિચારધારાને રોકનારી શુભ-વિચારણામાં જોડયો કે-"અહો! આત્મન્! આ લોકોના અજ્ઞાનવશ તારા પ્રત્યેના અશુભ આચરણોથી તું જરા પણ તેઓ પ્રતિ દ્વેષબુદ્ધિ કેળવીશ નહિં! આ લોકોદ્વારા થતું દુઃખ તેં અનંતવાર નરક-નિગોદાદિમાં ભોગવેલ (આના કરતાં) અનંતગુણી વેદનાના**

**દુઃખ આગલ શી વિસાતમાં છે ! તિર્યંચોના ભવમાં પણ પરાધીનપણે તેં કેટલા દુઃખો સહ્યા છે, પણ તે બધા સહન કર્યાથી તારો છૂટકારો ક્યાં થયો છે ? આ દુઃખને તો શાંતિ-સમભાવપૂર્વક સહવાથી તારો આ વિષમતર કર્મના બંધનોમાંથી નિર્જરાના બલે છૂટકારો થવાનો છે ! માટે મેરુપર્વતની જેમ સ્થિર બની ઝંઝાવાતોની જેવા આવી પડેલ આ ઘોર પરિષહોપસર્ગાદિના દુઃખો સહવા ધીર બન !**

**તારી આ સમજણદશામાં કર્મરાજાના લેણદારો વસુલાત કરવા આવ્યા છે, તો શાહુકારીના ધારા પ્રમાણે હસતે મ્હોંએ ભરપાઈ કરવા ચૂક નહિં ! વ્યાપારની મનમાની સવળતા હોય, નાણાં અણધારી રીતે ઉભરાઇ છલકાતા હોય, જ્યાં હાથ નાંખે ત્યાં ધારણા પ્રમાણે અવળા પાસા પણ અનુકૂળ થતા હોય અને શાહુકાર તરીકેનો વટ પડતો હોય તેવે પ્રસંગે પોતે પહેલાં કરેલ દેણાની ઉઘરાણી માટે આવેલ લેણદારોને વ્યાજ સાથે પૈસા દૂધે ધોઇને આપવા માટે કયો વ્યવહારદક્ષ શાહુકાર આનાકાની કરે ? માટે આ પરિષહોપસર્ગાદિ કરનારા તો નિમિત્તમાત્ર છે, ખરું તો આ લોકોદ્વારા કર્મરાજા પોતાનું લેણું તારી પાસેથી વસૂલ કરાવવા માંગે છે, તો અન્ય તિર્યંચાદિ યોનિની અપેક્ષાએ મનુષ્યભવ, આર્યક્ષેત્રાદિ-ધર્મારાધનાનુકૂલ સામગ્રી, પ્રભુશાસનની પ્રાપ્તિ તથા વિરતિમાર્ગની સમજણપૂર્વકની પ્રાપ્તિ અને સ્વીકાર આદિ અનુકૂલ તૈયારીના પ્રસંગે કર્મરાજાના આ જૂના લેણા સંપૂર્ણ સમભાવે પતાવી તારે તારા આત્માના સદ્વ્યવહારને નિર્મલતર બનાવી લેવો ઘટે. "** આવા પ્રકારની નિર્મલ વિચારધારાએ આરૂઢ થયેલા તે મહામુનિ લોકોના ભયંકર ઉપસર્ગો છતાં સમભાવે સહન કરતા હતા. એકદા તે મહામુનિ માસખમણના પારણે ગોચરી માટે નગરમાં પેસતા હતા, સામેથી આ ગામનો રાજા શિકાર ખેલવા જવા માટે આવી રહ્યો હતો. અધર્મથી ભ્રષ્ટ મતિવાળા અવિવેકી તે રાજાએ પોતાની અભીપ્સિત શિકાર-યાત્રાના પ્રસંગે સામેથી આવતા મહામુનિને અપશુકન-બુદ્ધિથી કષાયાવિષ્ટ બની મોહાંધ બની તીક્ષ્ણ બાણથી છાતી જેવા મર્મસ્થલે વીંધ્યા, કે જેથી તે મહામુનિ તુરત ત્યાં જ ઢળી પડી કાલધર્મ પામ્યા. આ બનાવથી અતિ રૂષ્ટ બનેલા એવા મેં તે પાપી રાજાને લત્તાપ્રહારથી હણી ક્ષણવારમાં ભસ્મીભૂત કરી દીધો, અને આવા પતિતપાવન લોકોત્તર પવિત્રતામૂર્તિ તે મહામુનિની ભયંકર અવજ્ઞા કરનારા દુષ્ટ નગરજનોને તેમના પ્રચંડ પાપની સજારૂપે વિવિધ ઉપદ્રવોથી પજવણી શરૂ કરી, જેથી પરિણામે ભયભીત બનેલા નગરલોકો જીવ લઈને ધન-માલ-મિલકતની મોહ-માયાને પડતી મૂકી જેને જ્યાં ફાવ્યું ત્યાં ભાગી ગયા. આ કારણથી હે રાજન્ ! ધન ધાન્યાદિથી સમૃદ્ધ આ નગર ઉજ્જડ જણાય છે, અને હમણાં તમને

નિ:શંકપણે આ પથારીમાં આવીને સૂતેલા જોઇ ક્રોધાંધ બની વિવિધ ઉપદ્રવો કરી પજવવાની મેં મહેનત તો ઘણી કરી, પણ તમારા વિપુલ પુણ્યસમૂહના બલથી પરાભૂત થયેલ હું કંઈ કરી ન શકયો, અને હવે તો તમારા તેજથી પ્રતિહત તેજવાલો બનેલ હું મનથી પણ તમારું અપ્રિય ચિંતવી શકું તેમ નથી. તમારા અપૂર્વ સત્વ–પરાક્રમથી હે રાજન્! હું અતિપ્રસન્ન થયો છું, માટે તમે કંઈક મારી પાસેથી માંગો જે આપીને હું તમારા જેવા પુણ્યશાલીનો સહાયક બની મળેલ શક્તિ–સામગ્રી આદિની કંઇક કૃતાર્થતા અનુભવું." રાજાએ કહ્યું કે–"ખરેખર જો તું મારા પર પ્રસન્ન થયો હોય તો મારે બીજું કંઈ માંગવું નથી. બસ! આ નગરના લોકો પુનઃ શાંતિપૂર્વક અહીં વસવાટ કરે અને પ્રમોદપૂર્ણ કિલકિલાટભર્યું વાતાવરણ પુનઃ સર્જાય એટલી જ માત્ર મારી ઇચ્છા છે."

આ સાંભળી રાજાની નિ:સ્વાર્થતાભરી એકાંત–પરોપકારપરાયણતાથી વધુ પ્રસન્ન થયેલ રાક્ષસ '**તથાસ્તુ**' કહી અદ્દશ્ય થઈ ગયો અને દેવના કથન મુજબ ઉજ્જડ બનેલ તે નગર પુનઃ લોકોના વસવાટથી ભરપૂર બન્યું. આ નિહાળી પ્રમુદિત બનેલ રાજાએ પ્રબલ ગાઢ અંધકારના પડલને ભેદી જગત્‌ના ચેતનાચેતન પદાર્થો વિષે અપૂર્વ પ્રફુલ્લતા પેદા કરનાર સૂર્યનો ઉદય થયેથી પુનઃ ભાગ્યભરોસે સાહસિકતાના બલે વિવિધ અનુભવો મેળવવા ઉત્સુક બની આગલ પ્રયાણ કર્યું.

**શસ્ત્રપ્રહારની વેદનાથી મૂર્ચ્છિત યુવકને રાજાએ આપેલું આશ્વાસન અને યુવકનો પરિચય**—ધીમે ધીમે પ્રયાણ કરતો તે રાજા કદંબ, જાંબુ, જંબીર (લીંબુનું ઝાડ), આંબા આદિ વિવિધ સુરમ્ય ફલપૂર્ણ વૃક્ષરાજિથી શોભતા એક સુંદર વનમાં આવી પહોંચ્યો. તે વનના મધ્યભાગે રહેલ સ્વચ્છ, સ્વાદુ અને શીતલ જલથી પરિપૂર્ણ સરોવરના કિનારા પર રાજાએ ગાઢ મર્મવેધી પ્રહારોથી થયેલ ઘામાંથી વધુ પ્રમાણમાં નિકળેલ લોહીથી વ્યાપ્ત, જમીન પર વિખરાઇને અસ્તવ્યસ્ત થયેલ કેશવાળા, અને મૂર્ચ્છાવસ્થાના કારણે ચૈતન્યશૂન્ય જણાતા કોઇ એક નવલોહીયા જુવાનને જમીન પર અવ્યવસ્થિતપણે પડેલો જોયો. આંખો બંધ હોવાથી અને કોઇ જાતની ચેષ્ટા નહિં જણાવાથી સંભ્રાન્ત થયેલ રાજાએ તુરત પાસે આવી જીવે છે કે કેમ? તેની ખાત્રીપૂર્વક તપાસ કરી, નાડી, હૃદયના ધબકારા આદિની અવ્યવસ્થિત ગતિના આધારે મૂર્ચ્છાવસ્થાથી ચૈતન્ય અવરાયેલું જાણી તુરત કરુણાર્દ્ર હૃદયપણે—'અહો! મહાપરાક્રમી જણાતો આ જુવાન માણસ શી રીતે આવી કરુણાજનક હાલતમાં આવી પડ્યો હશે?'–ઇત્યાદિ વિચારતા **વિજયસેન** રાજાએ દુર્ધર અટવીમાં રાત્રે મહાભયંકર ઉપદ્રવ કરી છેવટે પરાભૂત થયેલ મહાપિશાચે પ્રસન્ન થઇને આપેલ હારના સર્વપ્રકારના વિષમ પણ ઘાને રૂઝવી નાંખનાર પ્રક્ષાલ જલનો તેના આખા શરીરે છંટકાવ કર્યો. થોડીક ક્ષણોમાં તો ઊંઘમાંથી જાગતો હોય તેમ તે પીડાક્રાંત યુવકે ધીમે ધીમે આંખો ઉઘાડી. વેદના સહ્ય બની જવાથી કંઇક સ્વસ્થતા મેળવી બેઠો થઇ

મધુરતાભર્યા વિનીત શબ્દોમાં કહ્યું કે—" અહો મહાપુરુષ! ધન્ય છે! ધન્ય છે! તમારી વત્સલતાભરી નિષ્કારણ ઉપકાર કરવાની પ્રવૃત્તિ ખરેખર અનુમોદનીય છે, તમારું પ્રાણીમાત્ર પ્રત્યે માયાળુતાભર્યું વર્તન પણ અદ્ભુત છે. નાના કે મોટા જગતના તમામ જીવો પ્રતિ બદલાની આશા વિનાનો તમારો મૈત્રીભાવ અપૂર્વ છે. તમારી પરોપકાર બુદ્ધિ મારા તારાના ભેદભાવની દુર્ગંધીથી રહિત વિશુદ્ધ છે. ખરેખર જગત્‌માં આપ જેવા મહાપુરુષોનો જન્મ ચંદનના વૃક્ષોની માફક નિતાન્ત બીજાના ભલાની સાધના માટે જ હોય છે, અહો! આ જગત્‌માં પરોપકાર-નિરત સૂર્ય જો જગત્‌ના પ્રાણીઓના વ્યવહારને વિશકલિત કરનાર અંધકારના સમૂહનો નાશ ન કરે તો જગત્‌ની કેવી દયનીય દશા થાય! બિચારું સર્વ પ્રકારના સાધનોથી ભરપૂર પણ જગત્ અંધકારથી દૃષ્ટિનો વ્યાપાર અટકી જવાથી મુંઝાઈ જ મરત, અરે! અરે! પણ આમ ક્રિયાતિપત્તિનાં 'આમ હોત તો આમ થઇ જાત 'ના નામર્દાઇભર્યા પ્રયોગો કરી તે મહાપુરુષોની નિષ્કારણ વત્સલતાભરી પરોપકાર પ્રવૃત્તિને લાંછન શા માટે દેવું જોઇએ? એ તો મહા-પુરુષોનો સહજ સ્વભાવ જ છે કે તેઓ કોઇની પ્રાર્થના કે કાકલુદીભરી વિન-વણીની અપેક્ષા રાખ્યા વિના સ્વતઃ પ્રાણીમાત્રના દુઃખથી દ્રવિત-હૃદય બની તેના પ્રતિકારરૂપે સર્વાંગસંપૂર્ણ તૈયારી કરે જ છે. શું મેઘો કોઇની પ્રાર્થનાથી વરસે છે? અને વરસે છે ત્યારે શું જલ-સ્થલની અપેક્ષા રાખી ભેદભાવ-ભર્યું વર્ત્તન રાખે છે? માટે હે શ્રેષ્ઠ સત્પુરુષ! તમારા અનુપમ અદ્ભુત ગુણોના સંવેદનથી થતો અતિશય હર્ષોદ્રેકથી વાગ્વ્યાપાર અટકી ગયા જેવો થયેલ છે, વધારે શું કહું? નિષ્કારણ બંધુ! તમારા ચરણોમાં મારું જીવન હું સમર્પું છું, તમે જ મને આજે જીવિત-દાન આપી નવી જિંદગીનો અનુભવ કરાવ્યો છે."

આ સાંભળી પોતાની વધુ પડતી પ્રશંસાથી લજ્જાવનત બની રાજાએ તે ભદ્ર-યુવકને કહ્યું કે—" મહાનુભાવ! કહેવામાં જો કોઇ વાંધો ન હોય તો ખુલાસાપૂર્વક જણાવ કે તારી આ દશા કેમ થઈ? કે જેથી મારા વ્યાકુલ હૃદયને શાંતિ થાય." એટલે યુવકે કહ્યું કે—" સત્પુરુષ! શું મારી જીવનકથા વર્ણવું? કુલકલંકભૂત અને અનીતિના માર્ગે ચાલી આ લોક અને પરલોક બન્ને બગાડનાર મારા જેવા અધમ પાપીનો સાંભળવાથી પણ પાતક લાગે તેવો જીવનવૃત્તાંત છે, છતાં તમે મારા જીવનદાતા છો, તમારા ચરણોમાં મેં સર્વસ્વ સમર્પ્યું છે, એટલે તમારા વચનને નહિં ઉથાપવાની બુદ્ધિએ જ મારા નિકૃષ્ટ જીવનની આપવીતી વર્ણવું છું પણ આ વનભાગના આગળના ભાગે એક સુંદર

મહેલ છે ત્યાં પધારો, એટલે શાંતચિત્તે સ્વસ્થતાપૂર્વક વાર્તાલાપ થઈ શકે." આ સાંભળી રાજાએ તેની સાથે તેણે નિર્દેશેલા મહેલમાં જઇ સુખાસન ઉપર આરામપૂર્વક બેસી સ્વસ્થતા અનુભવી, એટલે યુવકે નમ્ર ભાવે મધુર શબ્દોમાં આત્મકથાનો પ્રારંભ કર્યો.

યુવક બોલ્યો હે રાજન્ ! આ **ભરતક્ષેત્ર**ના ઉત્તર–દક્ષિણ વિભાગ કરનાર, વિપુલ ગગનચુંબી પ્રોત્તુંગ શિખરોની હારમાળાથી શોભતો, ખલખલાટ પ્રવાહવાળા નિરંતર ઝરતા ઝરણાંઓના જલકણોથી મિશ્રિત થયેલ, મંદ સુગંધી પવનના ઝકોરાથી વિષય ક્રીડાથી ખિન્ન થયેલ કિંનર દંપતીઓના પરિશ્રમને દૂર કરનાર અને દિવસે સૂર્યના કિરણોથી જાજ્વલ્યમાન સૂર્યકાંતમણિના અને રાત્રે પ્રકાશથી દીપતી મનોહર તેજસ્વી ઔષધિઓના પ્રકાશથી સદા કાલ દીવાળીની સુરમ્ય શોભા ધારનાર **વૈતાઢય પર્વત** છે. ત્યાં સમૃદ્ધિશાલી વૈભવપૂર્ણ શ્રીપતિઓના નિવાસસ્થાનરૂપ ગગનચુંબી મહાલયોમાં નિરંતર બળી રહેલા કાલાગુરુ આદિ ઉત્કટ સુગંધપૂર્ણ મઘમઘાયમાન ધૂપના નિકળતા વિપુલ ધૂમાડાઓના સમૂહથી અકાલે જલબહુલ–શ્યામ મેઘની ઘનઘટાના વિભ્રમને કરાવનાર, વિવિધરંગી મણિઓના પ્રકાશથી અકાલે ઇંદ્રધનુષ્યના સંભ્રમને કરાવનાર મનોહર પ્રાસાદોની પંક્તિથી શોભતું, અને આકાશમાર્ગે જતી આવતી રૂપરમણી વિદ્યાધરીઓના શરીર પર રહેલ ચમકદાર ઝવેરાતની વિવિધરંગી શોભાવાળા ઘરેણાંઓના પ્રકાશથી વિજળીઓના ચમકારાની ભ્રાન્તિ કરાવનાર **રથનૂપુરચક્રવાલ** નામનું નગર છે, ત્યાં અતુલ પરાક્રમના બલે નમાવેલા દુર્ધર પણ અનેક રાજાઓના મુકુટોના મણિની પ્રભાથી દેદીપ્યમાન પાદપીઠવાળો, દશ દિશારૂપ વધૂઓને વિભૂષિત કરી અનેરી શોભા સંપાદિત કરાવનાર પ્રોજ્જ્વલ યશ–કીર્તિરૂપ ફૂલોના બગીચા સમાન, પરસ્ત્રીપરાઙ્મુખ, અને મહાપરાક્રમી ભડવીર યોદ્ધાઓને પણ મ્હાત કરનાર અદ્ભુત સામર્થ્યવાળો **મહેન્દ્રસિંહ** નામનો વિદ્યાધર ચક્રવર્તી રાજ્ય કરે છે, કે જેણે પોતાની ન્યાયપરાયણતાની પ્રજામાનસ પર એવી ચિરસ્થાયી સચોટ છાપ બેસાડી છે કે ન્યાય-નીતિના માર્ગથી ભ્રષ્ટ થયેલ આપ્ત સ્વજનને પણ વિષમબંધનો તોડી ભાગવા મથતા કેદીની ઉત્સુકતાથી પરિહરવા તૈયાર થાય છે, પણ મારા–તારાના ભેદભાવની ભ્રામક માન્યતાના આધારે થયેલ અન્યાય–અપરાધની પરંપરા કોઈ પ્રસંગોમાં થવા દેતો નથી. આ જાતની ન્યાયપરાયણતાની આદર્શ સેવનાના બળે પ્રજાના માનસ ક્ષેત્રમાંથી સ્મૃતિભ્રંશાદિ અપવાદે પણ અન્યાય માર્ગ-સેવનની ઇચ્છા પણ નાબૂદ કરી. આવા ન્યાયમાર્ગનિરત તે મહારાજાને મહારાજા કામદેવની રાજધાની સમી રૂપસુભગ **રતિ**( કામદેવની સ્ત્રી )ને પોતાની અપૂર્વ રૂપસૃષ્ટિથી અવહેલનારી, શીલસૌભાગ્યાદિ ગુણોની ખાણ, કમલની જેમ કોમલ મૃદુસ્પર્શવાલા રક્તવર્ણી હાથ પગના તલિયાવાળી, વસંતઋતુમાં નવનવી આમ્રમંજરીઓના આસ્વાદથી મદમત્ત કોયલના ટહુકારાથી પણ વધુ મધુર સ્વરવાળી, અને વિનયાદિ ગુણોના વિલાસની રંગશાલા જેવી **રત્નમાલા** નામની રાણી હતી. તે મહારાજાને રાણી સાથે દોગુંદકદેવની જેમ સુખ–નિર્ભર

વિષયક્રીડા અનુભવતાં કાલક્રમે **રત્નચૂડ** અને **મણિચૂડ** નામે બે પુત્રો થયા. તે બન્ને બીજના ચંદ્રની કલાની જેમ વૃદ્ધિ પામતા યોગ્યવયે ઉત્તમ કલાચાર્ય પાસે બોંતેર કલાઓ શીખી નિપુણ બન્યા, અને ક્રમે કરીને વિષયવિકારના પ્રાણોથી જીવનાર કામદેવના વિલાસ-વન જેવી યૌવન–અવસ્થા પામ્યા. માતા–પિતાએ હરખભેર વિશુદ્ધ જાતિ–કુલમાં ઉત્પન્ન થયેલ અને અનુપમ રૂપ–લાવણ્યની પ્રભાથી દેવસુંદરી અપ્સરાઓને લજ્જાન્વિત કરનારી વિદ્યાધર–રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવી ગૃહ–સંસારમાં પ્રવેશ કરાવ્યો. મહેન્દ્રસિંહ મહારાજાએ યોગ્યસમયે કલાઓના વિશિષ્ટ પરિણમન અને સ્ફાતિ–વિકાસના પુનિત સંગમથી વિશિષ્ટ વ્યવહારદક્ષ બનેલ અને પ્રવૃત્તિની સફલતાના આધારસ્થંભરૂપ વિવેકશક્તિની દૃઢતા કેળવી રાજ્યકારભાર ચલાવી શકવાની તેવડવાળા **રત્નચૂડ** રાજકુમારને યુવરાજ પદે અભિષેક કર્યો. મણિચૂડ રાજકુમાર માથે કોઈ પણ જવાબદારીભર્યું કામ ન હોવાથી જુવાનીની આંધળી દીવાનીમાં ભાનભૂલેલો બની યથેચ્છ ક્રીડાઓ કરવા લાગ્યો.

એકદા રત્નમાલા રાણીને પૂર્વના નિકાચિત અશુભ કર્મના ઉદયે દાહજ્વરનો રોગ થયો, જેથી ક્ષુધા નષ્ટ થઈ ગઈ, શરીરના પ્રત્યેક અંગમાં અસહ્ય દાહની વેદના થવા માંડી, પાણી વિનાના માછલાંની જેમ તડફડવા છતાં ક્ષણભર પણ નિદ્રા આવે નહિં અને રોગના વિષમતર હુમલાથી મુખની સાહજિક પ્રસન્નતા–ચહેરાની ખુબસુરતી તે નષ્ટ થઈ ગઈ. રાજાએ વિવિધ ઔષધોના પ્રકારોને જાણનારા, ધન્વંતરી જેવા અનુભવી વૈદ્યોને ચિકિત્સા માટે બેસાડ્યા. વૈદ્યોએ પણ આખી જિંદગીના અનુભવના નિચોડરૂપ ઉત્તમોત્તમ ઔષધોના સંયોજિત પ્રકારોનો ઉપયોગ કરવા માંડ્યો, ઉત્કૃષ્ટ સુગંધ-શીતલતાભર્યા બાવનાચંદનાદિના વિલેપનથી જ્વરની દાહકતાને શમાવવા અનેક પ્રયત્નો કર્યાં, પણ '**તૂટી તેની બૂટી નથી**' તેમ બધા પ્રતિકારો અરણ્યરુદનની જેમ લગભગ નિષ્ફલ નિવડ્યા, અને કાલક્રમે આયુ–કર્મ ક્ષીણ થવાથી રાણીનો જીવન–દીપ બુઝાયો, રાણીનું દેહ--દેવળ આખરે સૂનું--પ્રાણવિહોણું બન્યું, એટલે મહાન્ સામ્રાજ્યનો અધિપતિ છતાં મોહના આવેગથી વિહ્વલ બનેલ **મહેન્દ્રસિંહ** રાજા રત્નચૂડ–મણિચૂડ કુમારોની સાથે "હા! કમલપત્ર જેવા દીર્ઘ નયનોવાળી દેવી! હા! ચંદ્રવદની દેવી! હા! વિદ્રુમ(પરવાલાં) જેવા રક્તવર્ણી અધરવાળી દેવી! હા! અશોકવૃક્ષના તાજા નવપલ્લવો જેવા લાલ હાથના તળિયાવાળી દેવી! હા! દાડમની કલીયો સરખા દીપતા કુંદન જેવા સુંદર દંતપંક્તિવાળી દેવી! ઓ! મારી પ્રાણપ્રિયા રત્નમાલા! તું આમ ક્ષણભરમાં ક્યાં અદૃશ્ય થઈ ગઈ? હવે તારો મને મેળાપ ક્યાં કેવી રીતે થશે? તારા વિના મને આ જગત્ બધું સૂનું સૂનું ભાસે છે!" આદિ આક્રંદજનક મર્મવેધી કરુણાભર્યા વિલાપ કરતો છાતીફાટ રુદન કરવા લાગ્યો. મંત્રી આદિ પરિવારે યથાતથા સમાશ્વાસન આપી તાત્કાલિક બાહ્ય ઉપચારોવડે શાંતિ કરી, અને રાણીના

દેહની યથોચિત સંસ્કારાદિની વિધિ પતાવી, પણ રાણીના અસ્થિમજ્જાનુગત પ્રેમાનુરાગના દૃઢ સંસ્કારોથી વિહ્વલ થયેલ મહેન્દ્રસિંહ રાજા કેમે કરી રાણીને ભૂલે નહિં ! અને દિવસે દિવસે શોકાવેગના પૂરજોશ ધસારાથી એવો હતપ્રભ-હીનમનસ્ક-શૂન્યચિત્ત બનતો ગયો કે ખાવું--પીવું, રાત--દહાડો, જંગલ--ઘર, કશાની પરવા વિના શરીરની યથાયોગ્ય સારસંભાળ-માં પણ બેદરકાર બની ઉન્મત્ત જેવો બની ગયો. આવી દશામાં રાજકારભારનું તો પૂછવું જ શું ? પણ રાજાનું શરીર અને જીવન જોખમમાં મુકાણું, એટલે સમજુ વિચાર-શીલ મંત્રીઓએ ચિત્તવૃત્તિને અનુરૂપ સ્વાભાવિક સામપ્રયોગપૂર્વક રાજાને વિનવ્યા કે—"રાજન્! આપ વિવેકચતુર, પ્રજ્ઞાશીલ અને વ્યવહારદક્ષ હોવા છતાં પણ જગતના અસાર, તુચ્છ, ક્ષણભંગુર પદાર્થની મોહ--માયામાં આટલા બધા કેમ મુંઝાઓ છો ? **જગત્**ના તમામ પદાર્થો ઉત્પત્તિ અને વિનાશ સાથે સંકળાયેલા જ છે. હે વિદ્યાધરેન્દ્ર રાજન્! આપ જરા સ્વસ્થ ચિત્તે વિચાર તો કરો કે '**જગત્નો એક પણ સ્થાવર કે જંગમ એવો કોઇ પદાર્થ છે ખરો કે જે સદાકાલ અવિનાશીપણે એક સ્વરૂપે કાયમ રહેતો હોય ! તો પછી શા માટે જગતના સ્વભાવ પ્રમાણે નાશ પામતા પદાર્થોના નિમિત્તે આર્ત્તધ્યાનની વિષમતર વિપાકદાયી કક્ષાએ પહોંચી આત્માને અશુભ-નિકૃષ્ટતર કર્મોના બંધનોમાં નાહક ફસાવો છો.** માટે કૃપાનાથ ! સ્વસ્થ બનો ! '**गतं न शोच्यम्**' ના ભાવાર્થને હૃદયપટ ઉપર સ્થિર કરી યથોચિત વ્યવ-હારોના આસેવનમાં આવતી ખામી દૂર કરો." આવી અનેક પ્રકારની સમજાવટભરી વિનવણીઓ કરવા છતાં રાજાનું ચિત્ત સ્વસ્થ ન થયું, પણ શોકાક્રાંતપણે વ્યામોહ-મૂઢ દશામાં જ સ્થિતિ ચાલુ રહી.

**મણિપ્રભ મુનિની દેશનાથી રાજાના શોકનું દૂર થવું**—એકદા નગરના ઉદ્યાનમાં ચારણલબ્ધિસંપન્ન, આકાશમાર્ગે વિચરનાર, સંસાર-દાવાનલના તાપને શાંત કરનારી સુંદર ધર્મોપદેશની લબ્ધિવાળા અને સાતિશય અવધિજ્ઞાની **મણિપ્રભ** નામના મુનિવર નગરના સીમાભાગે રહેલ ઉદ્યાનમાં પધાર્યા, અને સાંસારિક શોક-દુઃખાદિની લાગણીઓના લદાયેલ બોજા તળે લગભગ કુમળાઈ ગયેલી વિરહાતુર રાજાની ચિત્તવૃત્તિરૂપ કલી, અમૃતના છાંટણાની જેમ મુનિવર પધાર્યાની વધામણીથી ખીલી ઉઠી. તુરત યોગ્ય તૈયારી કરી, રત્નચૂડ અને મણિચૂડ બન્ને કુમારો સાથે ઉદ્યાનમાં જઇ, વિનય-ભક્તિની લાગણીઓથી બેવડાયેલ હર્ષપૂર્વક વંદન-નમસ્કાર કરી યથોચિત મર્યાદાએ મુનિવરની સામે બેઠો. મુનિરાજે પણ પ્રસંગ પારખીને કહેલા થોડા પણ શબ્દો ધાર્યા કરતાં સારી અસર નિપજાવી શકવાના સિદ્ધાંતને ધ્યાનમાં લઈ, યથાકથંચિત્ જગત્ના જીવો અજ્ઞાન--મોહાદિથી હાથે કરીને ઉભી કરેલી વિવિધ યાતનાદાયી ફસામણીઓમાંથી ઉગરે તેવી વિશુદ્ધ બુદ્ધિએ આષાઢી મેઘની

ગર્જના જેવી ગંભીર સ્વરવાળી વાણીથી ભવ્યજીવોને સંબોધતાં કહ્યું કે—' **ભવ્યાત્માઓ !** આ ક્ષણવિનશ્વર પાણીના પરપોટાની જેમ આંખના પલકારામાં વિવિધ રૂપને ધારનાર, **સંસારના અપ્તરંગી, મોહની કારમી ઘેલછા ઉપજાવનારા પદાર્થોને મેળવવા, મેળવેલાને ભોગવવા અને ટકાવવા અને** જગત્‌ના **અવિચલ સ્વભાવાનુસાર ચાલ્યા** જતા-ગયેલા **તે પદાર્થોને રોકવા કે મેળવવા ધુમાડામાં બાચકાં ભરવાની જેમ નિષ્ફલ ફાંફા મારી નાહક શા માટે દુઃખી થાઓ છો ? મોહના વસમા ઘેનમાં મુંઝાઇ તમે શા માટે દર્પણમાં દેખાતા પોતાના પ્રતિબિંબને પકડવા મથતા નાના બાલકની જેમ નકામી પ્રવૃત્તિથી તમારી જાતને હલકી ઠરાવો છો ?** ખરેખર અતિશય વેગથી ફરતી ચકડોળમાં કે ઝપાટાબંધ ધસી જતી ગાડીમાં બેઠેલાને ચાલતી ગાડી કે ચકડોળ પણ સ્થિર ભાસે છે અને ઝાડપાન, પર્વતો, મકાનો અને પૃથ્વીઆદિ સ્થિર પદાર્થો અતિશય વેગથી ફરતા જણાય છે તેમ મિથ્યાત્વના પાશમાં જકડાયેલ મૂઢ આત્માની દૃષ્ટિમાં એવો વિપર્યાસ થવા પામ્યો છે કે **આત્માદિ પદાર્થો સદાકાલ નિત્ય રહેનારા છતાં તેની અનિત્યતાનો ક્ષણે ક્ષણે નવીનવી અવસ્થામાં પલટાતા** જગત્‌ના **પદાર્થોમાં અતિશય વેગથી ફરતા ભમરડાની જેમ સ્થિરતાનો ભાસ થાય છે,** નહિં તો આ જગત્‌નો એવો કયો પદાર્થ છે, હતો કે થશે, જે કાલના વર્તનાલક્ષણ પર્યાય-પરિવર્તનથી નવા-જુનાના ઘસારામાં ન ઘસાયો હોય ! વળી જગત્‌માં એવો કયો પ્રાણી છે જે મૃત્યુના પંજામાંથી છટકી જવા પામ્યો હોય ? ફક્ત મોક્ષે ગયેલ પરમાત્મસ્વરૂપને વરેલા સિદ્ધાત્માઓ જ આમાં અપવાદરૂપ છે. તેઓ તો જગત્‌ના તમામ વ્યવહારોથી પર થયેલા છે, માટે **ઇંદ્રજાલ-દેવમાયાની જેમ સર્વ રીતે વ્યવસ્થિત પણ પ્રતિભાસતો આ સંસાર વસ્તુતઃ નજરબંદીના ખેલની જેમ એક વાર તો દગો દેનાર જ છે.**

જુઓ ! વિચારો તો ખરા ! જીવતર તો પવનના ઝકોરાથી ફરકતી ધજાના અગ્રભાગની જેમ ચંચલ છે. કોણ જાણે ? કઇ ઘડી અને કયે ક્ષણે અણધારી રીતે તેનો કારમો અંત આવશે ? તે ચોક્કસ નથી અને મદભરી માનુનીના વિલાસિતાભરી માદકતાને વ્યક્ત કરનારા કટાક્ષોની જેમ ઇષ્ટ-વ્હાલી વસ્તુઓનો સંગમ પણ અસ્થિર છે, તથા પર્વતમાંથી પૂરપાટ ધસી આવતી નદીના તરંગો જેવી ચંચલ લક્ષ્મી છે, તેમજ ચાર દિવસની ચાંદની જેવું જોબન મદમસ્ત હાથીના કાનની અસ્થિરતા કરતાં પણ વધુ અસ્થિર છે. વળી સંધ્યાકાલે થતી નીતિકારોએ નિષેધવા છતાં અજાયબીભરી રચનાથી જોવા લલચાવનારી પંચવર્ણી સંધ્યાની જેમ પદાર્થોની ભભકાભરી મોહકતા માત્ર પ્રાતિભાસિકરૂપ જ છે, માટે **આ જગત્‌ના મોહક પદાર્થો ભણી વ્યાક્ષિપ્ત થઈ મહાપુણ્યરાશિએ મેળવેલ મનુષ્ય**

**ભવાદિ એળે ગુમાવી મુઠી સામાન્ય લાલચ પાછળ કિંમતી સાચા હીરાને ગુમાવી દેનાર બાલકની જેમ ઘેલા ન બનો! અને સાધવા લાયક ધર્મની આરાધના માટે કમર કસીને તૈયાર થાઓ!** ધર્મની સાધનાના પરમાર્થ વિનાનું નિઃસાર સત્ત્વહીન જીવન તો પશુઓ પણ જીવે છે, પણ તેનો કંઈ અર્થ નથી! માટે **મળેલી સમજણશકિત અને વિચારશકિતનો સદુપયોગ કરી આત્મહિતની સાધનાદ્વારા પરંપરાએ અવિચલ અવ્યાબાધ મુકિતના સુખને ભજનારા થાઓ!"**

**દેશનાથી સ્વસ્થ બનેલ રાજાએ મુનિ સાથે પૂર્વ સંબંધની કરેલી જિજ્ઞાસા-** મુનિવરની સુધાવાહિની દેશનાજલથી શોક--વિરહાદિ દુઃખરૂપ, અગ્નિની પીડાથી મુકત થયેલ વિદ્યાધરપતિ **મહેન્દ્રસિંહે** વિનવણી કરી કે—"ભગવન્! આપ શ્રીમાનના પવિત્ર દર્શન અને મધુર દેશનામૃતથી મારી શોકની વ્યાકુલતા દૂર થઈ ગઈ છે, મારું હૃદય કેટલાય કાલથી સાંસારિક મોહની આવેશભરી લાગણીઓના ભારથી કુમળાઇ ગયેલું, તે આજે આપશ્રીની વાણીદ્વારા શોકનો ભાર દૂર થવાથી પુનઃ વિકસિત--આનંદપૂર્ણ બન્યું છે, અને તમને જોવાથી મારા અંતરમાં હર્ષ--આનંદની ઊર્મિઓ ઉછાળા મારે છે, શબ્દાતીત પ્રમોદ અનુભવાય છે. આજ સુધી શાસ્ત્રોના જાણ-વિચક્ષણ મહામંત્રીઓના અવનવા યુકિતભર્યા ઘણા સમજાવવાના પ્રકારો છતાં મારું મન સ્વસ્થ નહિં થયેલ અને આપને જોતાંની સાથે જ અનેરા આનંદના અનુભવ સાથે શોકનું દુઃખ જાણે કયાંય અલોપ થઇ ગયું; માટે આમાં જરૂર મને કંઈક ભેદ જણાય છે. આપ અવધિજ્ઞાની છો, જ્ઞાનબલે મારો આપની સાથે પૂર્વભવનો એવો કયો સંબંધ છે કે જેથી આપને જોતાં જ અપૂર્વ આનંદ થતાં શોકનો સહસા વિલય થયો છે. કૃપા કરી આના ઉકેલપૂર્વક મારા મનને વધુ પ્રફુલ્લ કરો." મુનિવરે જણાવ્યું કે—"સામાન્યતઃ જગતના પ્રાણીઓના પ્રથમ જ પરિચયે તેમના પ્રતિ નિષ્કારણ આંતરિક દ્વેષ કે રુચિ જન્મ--જન્માંતરમાં ઉપાર્જેલ કર્મની લેણા--દેણીનો સંબંધ સૂચવનાર હોય છે, માટે તમારે અને મારે પૂર્વભવનો શો સંબંધ છે, તે તમે સાંભળો.

શ્રી સુમતિનાથ પરમાત્માના ચરિત્રને વિષે વિજયસેન રાજાનું વિપરીત,
શિક્ષાવાળા ઘોડાથી જંગલમાં આવવું, એક સ્ત્રીના ફંદામાંથી છૂટકારો,
ભૂતોનો ઉપદ્રવ અને તેનો પરાજય અને આપેલું વરદાન, મૂર્ચ્છિત
બનેલા યુવકને આપેલું આશ્વાસન, તેણે કહેલી આપવિતી,
એક મુનિએ રાજવીને આપેલ બોધવાળો
ત્રીજો પ્રસ્તાવ સમાપ્ત.

# પ્રસ્તાવ ૪ થો.

## રાજા સાથેનો પોતાનો પૂર્વ સંબંધનું મુનિરાજે કરેલું વર્ણન.

**આ** **ભરતક્ષેત્રમાં કુશસ્થલ** નામના નગરમાં વિશિષ્ટ રૂપ-લાવણ્યની સંપદાથી કામદેવના ઓજસભર્યા રૂપને ઝાંખપ લગાવનાર **મદન** નામનો એક કુલપુત્ર હતો. તેને સ્મરણ કરતાં જ તાત્કાલિક પરચો બતાવનારી પઠિતસિદ્ધ વિદ્યા( મંત્ર )ના જેવી નામ લેતાં જ યથાર્થપણે નામાનુસાર ગુણને બતાવનારી **ચંડા** અને **પ્રચંડા** નામની બે સ્ત્રીઓ હતી. જગત્માં વ્યવહારદક્ષ ચતુર પુરુષોએ અનુભવની એરણ ઉપર ઘડીને તૈયાર કરેલા "બે બૈરીવાળાને જીવતાં નરકની વેદના ભોગવવી પડે--"ના સૂત્રાનુસાર તે કુલપુત્ર બંને કર્કશા નારીઓના રોજના થઈ પડેલા દંતકલહમાં ઘંટીના બે પડ વચ્ચે આવી પડેલ અનાજના દાણાની જેમ એવો ભીંસાઈ ગયો કે—તેને વ્યાવહારિક જીવન ગુજારવું ભારે થઇ પડયું એટલે છેવટે નિરુપાયે બન્ને સ્ત્રીઓને જુદી રાખવાનો નિર્ણય કર્યો. નજીકના એક ગામમાં પ્રચંડાને રાખી, બન્નેના ઘરે વારા બાંધી મર્યાદાપૂર્વક બન્નેના મન રાજી રાખવાનો ઉપાય કર્યો. એક વખત કોઇક કારણસર પ્રચંડાના ઘરે એક દિવસ વધુ રહીને **ચંડા** પાસે ગયો, એટલે પ્રચંડ કોપવાળી ચંડાએ 'મારા કરતાં મારી સપત્ની ઉપર તમને વધુ વહાલ છે એટલે ત્યાં વારા કરતાં વધુ રહ્યા' આદિ શબ્દોથી નવાજી, ભીષણ ભ્રૂકુટી કરી ઘરમાં પેસતા ધણી સામે સાંબેલું ઉગામીને ફેંકયું. કર્કશા નારીના ઉગ્ર સ્વભાવથી પરિચિત બનેલ મદનકુમાર સફાળો સાવધ બની સાત આઠ પગલાં પાછળ ખસીને ઊભો રહ્યો, ત્યાં તે સાંબેલું જમીન ઉપર પડતાંની સાથે જ ભારે અજાયબી પેદા કરતું ભયંકર ઝેરી કાળા નાગરૂપે થઈ ગયું. અને તરત જ ભીષણ ફુંફાડા મારતો તે નાગ **મદન**ની સામે ધસ્યો. આ દૃશ્ય નિહાળી ભયથી બેબાકળો બની. આવી કર્કશા--કુભાર્યાની સોબતે પોતાના જીવતરને જોખમભર્યું જાણી તુરત પ્રાણ બચાવવા મુઠીઓ વાળી પાછો પ્રચંડાના ઘર ભણી વળ્યો. પેલો નાગ પણ ભયંકર ફુંફાડા મારતો સપાટાબંધ પાછળ ધસ્યો. તે નાગ પણ ફુંફાડાબંધ પાછલ ધસી આવતો હોવાથી અતિશય [illegible] **મદનકુમારે** આંધળી દોટ મૂકી, પણ વચમાં નદીના રેતાળ કિનારાના જળમાં નાગને એકદમ નજીક આવી ગયેલો જાણી સમયસૂચકતા વાપરી 'હાજર સો હથિયાર'ની કહેતી મુજબ 'ડૂબતાને તણખલાનો આધાર'ના ન્યાયાનુસાર નાગરાજને [illegible]

કરવાના આશયથી વજ્રાયુધ ફેંકવાની અદાથી પોતાનું ઉત્તરીયવસ્ત્ર નાગ ભણી ફેંક્યું. "પુણ્યશાલીનું ફેંકેલું તણખલું પણ વજ્રનું કામ સારતું હોવાથી મદને સમયસૂચકતાથી ફેંકેલ તે ઉત્તરીય વસ્ત્રમાં નાગ લપટાઇ ગયો, એટલે તરત મદને બન્ને છેડા અદ્ધર કરી નાગરાજને ઝૂલતા પારણાનો આસ્વાદ ચખાડતો ઝપાટાબંધ પ્રચંડાને ત્યાં શ્વાસભેર પહોંચ્યો. ભય-વિહ્વલતાથી બાજ પક્ષીના ત્રાસથી ગભરાયેલ ચકલીની જેમ વ્યાકુલ બનેલ મદનને પ્રચંડાએ પૂછ્યું કે— "આર્યપુત્ર! કેમ આમ ગભરાયેલા--બ્હાવરા દેખાઓ છો?" એટલે મદને ચંડાના કોપની બધી વાત અથેતિ કહી સંભલાવી. સાંભળીને માર્મિક હાસ્ય કરતી પ્રચંડાએ કહ્યું કે—"બસ.! આ જ કારણ! આટલામાં તમે આમ ગભરાઇ ગયા! આમાં છે શું?" કહી પતિને આશ્વાસન આપ્યું. મદન તો આ સાંભળી દિંગ જ થઇ ગયો કે આવો કાળો ઝેરી નાગ તો મારી પાછલ પડેલો અને તે હજી મારા ઉત્તરીય વસ્ત્રમાં છે, મારા પ્રાણ તો જોખમમાં છે અને 'આના મનમાં જાણે કંઈ છે જ નહિં'નો ભાસ થાય છે. ખરેખર! શું આ તે સ્ત્રીઓ છે કે રાક્ષસીઓ! આમ જ્યાં વિચારે છે ત્યાં તો પેલા ઉત્તરીય વસ્ત્રમાંથી કાળો નાગ સરકીને જમીન પર આવી પુનઃ ભયંકર ફુંફાડા મારવા લાગ્યો. અહિં પ્રચંડા સ્નાનાર્થે સુગંધી ચૂર્ણવિશેષથી શરીરનું ઉદ્વર્તન કરતી હતી, તે દરમ્યાન પોતાના ધણી સામે ફુંફાડા મારી પજવતા પેલા નાગને જોયો એટલે તુરત શરીરના મેલથી મિશ્રિત ઉદ્વર્તનની ગોળીઓ નાગ ભણી ફેંકી. તે ગોળીઓ નોળિયા સ્વરૂપે બની ક્ષણવારમાં તે ભીષણ નાગને ઘેરી ક્ષણવારમાં તેના ખંડ--ખંડ ટુકડા કરી બધા નોળિયા અદૃશ્ય થઈ ગયા.

**સ્ત્રીઓથી કંટાળેલા મદનનું દેશાંતર ગમન, ભાનુદત્તને ત્યાં મહેમાનગીરી.**

આ પ્રમાણેના બન્ને સ્ત્રીઓના આશ્ચર્યદાયક અદ્ભુત વર્તનને નિહાળી મદન વિસ્મિત બની વિચારવા લાગ્યો કે--"અહો! ચંડાના કોપાગ્નિમાં હોમાતાં તો હું આજ પ્રચંડાનું શરણું લઈ બચ્યો, નાગના સકંજામાંથી પ્રચંડાના આશરે આવવાથી છૂટ્યો, પણ જો આ પ્રચંડા જ કો'ક દિ' કારણસર મારા પર રુઠી તો મારે જીવવાનો--બચવાનો ઉપાય શો? જો કે હું દરેક રીતે સાવધ રહી પ્રચંડાનું મન સાચવવા તૈયાર રહું છું જ અને હવેથી વધુ સાવધ રહીશ, છતાં ચંડાની જેમ ક્યારેક નજીવા કારણસર જો આ પ્રચંડા રુઠી તો પછી મારે બચવાનો કોઈ ઉપાય જ નથી, કારણ કે **જગત્માં એવો કોઇ નથી કે જે અનિષ્ટ વર્ત્તનોને ભૂલી જઇ માત્ર સદ્વર્ત્તન તરફ જ ધ્યાન આપે. જગત્ના પ્રાણીઓ તો સેંકડો વાર ભલમનસાઇના વર્ત્તનને એક વારના અનિષ્ટ વર્ત્તનથી ભૂલી જાય છે**, માટે સર્વથા પ્રચંડાનું મન સાચવવા સાવધ છતાં કોઇક પ્રસંગે થઇ જનારા મારા અનિષ્ટ વર્ત્તનથી હું પ્રચંડાના કોપાગ્નિમાં હોમાઇ જ જવાનો; માટે નાગણ જેવી ભયંકર આ બન્ને સ્ત્રીઓથી સર્યું." આમ વિચારી ગુપ્ત રીતે મદન ઘર-

માંથી નિકળી ગયો. દેશાંતરમાં ભમતાં ભમતાં એકદા મણિમય અનેક પ્રાસાદોની પંક્તિથી દીપી ઉઠતા, ઇન્દ્રપુરીની શોભાને ટપી જાય તેવા **સંકાશ**નામના નગરે આવી પહોંચ્યો અને તે નગરોના સીમાભાગે રહેલ સુગંધથી મહેકી ઉઠેલા અનેક ફૂલઝાડોથી શોભતા અને સુગંધ--બહુલતાથી આકર્ષાઇને આવેલા ભમરાઓના મધુર ગુંજારવથી ગાજતા મનોહર નંદનવન જેવા સુંદર ઉદ્યાનમાં અશોકવૃક્ષ નીચે વિશ્રામાર્થે બેઠો. લાંબી મુસાફરીના થાકને મંદ--મંદ લહેરાતા શીતલ--સુગંધી પવનથી ક્ષણવારમાં ભૂલી જઈ ચિત્તની પ્રસન્નતા મેળવી, એટલામાં તે નગરનો રહેવાસી વેશ--ભૂષા-આકૃતિ આદિથી ધનસમૃદ્ધ જણાતા **ભાનુદત્ત** નામના શેઠે આવી, જાણે ચિરપરિચિત ન હોય તેમ ' આવો ! આવો ! મદન કુમાર ! તમે ભલે પધાર્યા ! ચાલો ! આપણે નગરમાં જઈએ ! ' ના સસંભ્રમ આદરસૂચક વચનોથી સ્વાગત કરી શહેરમાં આવવા પ્રાર્થના કરી. મદન અજાણ્યા દેશમાં પણ નિકટના સંબંધી કરતાં વધુ પ્રેમાળ-ભાવ વ્યક્ત કરી, જાતે આવી નિમંત્રણ આપી ઘરે લઈ જનાર તે શેઠના વર્ત્તનથી આશ્ચર્ય-ચકિત બની કુતુહલથી થતી કારણ-જિજ્ઞાસાને જેમ તેમ દબાવી, વિદેશ યાત્રાને વિધવિધ અનુભવો કરાવનાર માની શેઠ સાથે તેના ઘરે ગયો. અને જે ધરતી ઉપર પહેલવહેલો જ પોતે પગ મૂકે છે, તે દેશના રહેવાસી શેઠ લક્ષ્મી-નંદન છતાં અજાણ્યા પણ પોતાને આપ્ત-સંબંધી જેટલા પ્રેમથી સત્કારે છે, અને પ્રથમ મેલાપ વખતે જ પોતાને નામથી સંબોધે છે ! આ શું ? મારું નામ શેઠે જાણ્યું કેવી રીતે ? ને આ છે શું ? ' આદિ તર્ક-વિતર્કોની ઘટમાળમાં મદનનું ચિત્ત ચકડોલે ચઢ્યું. શેઠે પણ ઘરે લાવ્યા પછી વિપુલ ભાવ-ભક્તિ દર્શાવી સન્માનપૂર્વક સ્નાનાદિ કરાવી મધુરી ષડ્રસમય વિવિધ ભોજનની વાનગીઓ પીરસી ભોજન કરાવ્યું. બાદ મુખવાસ--પાન--તાંબૂલાદિથી સત્કારી સ્નેહ ઝરતા મધુર શબ્દોમાં શેઠે મદનકુમારને ઉદ્દેશી કહ્યું કે—" મહાનુભાવ ! મારે કમલના પત્ર જેવા વિપુલ નયનોવાલી, સુંદર રૂપવતી **વિદ્યુલ્લતા** નામની પુત્રી છે, તેની સાથે તમે પાણિ--ગ્રહણ કરી અમારા ચિરકાલના મનોરથો પૂર્ણ કરો ! "

**ભાનુદત્તે મદનને કરેલી જમાઈ બનવાની પ્રાર્થના.**

આ સાંભળી વધુ વિસ્મિત બનેલા મદને પોતાના દિલમાં કુતૂહલ વૃત્તિથી ઘોળાતા વિચારોને વ્યક્ત કરવાનો પ્રસંગ આવ્યો જાણી નમ્રભાવે કહ્યું કે—" શ્રેષ્ઠિન્ ! આ શું ? કદી નહિં દીઠેલા સાવ અપરિચિત હું, તેનો ( મારો ) આપ આટલો સત્કાર શા હેતુથી કરો છો તેનો હેતુ હું જાણી શક્યો નથી ત્યાં તો આપે નવો એક કોયડો મારી સમક્ષ લાવી મૂક્યો ! દેશ--કુલના પરિચય મેળવ્યા વિના પરદેશી એવા મને આપ પોતાની પ્રિય દિકરી કેમ પરણાવવા માંગો છો ? શું તે ઉચિત છે ? વળી આપે મારું નામ શી રીતે જાણ્યું ? અને મને શી રીતે યોગ્ય જાણી જમાઇ બનાવી લેવા સુધીની તૈયારી કરો છો ? તે કંઈ સમજાતું

**નથી, માટે મહેરબાની કરી આનો ખુલાસો કરો.** " આ સાંભળી પોતાના ભાવી જમાઈની ખાનદાની--કુલીનતા નીહાળી વધુ પ્રસન્ન બનેલા શેઠે કહ્યું કે—" તમને આશ્ચર્ય થાય તે વાસ્તવિક છે. મેં જે તમને પ્રાર્થના કરી છે, તે આમ દેખીતી રીતે અયોગ્ય હોવા છતા પણ તેના કારણો જાણશો એટલે તમને સહજ મારી પ્રાર્થના યોગ્ય છે તેમ જણાઇ આવશે, માટે ધ્યાનપૂર્વક સાંભળો. "

**ભાનુદત્તનો ખુલાસો**

" હે ભદ્ર ! મારે ચાર પુત્રો ઉપર સેંકડો મનોરથોવડે મેળવેલી આ મારી લાડકવાયી એકની એક દીકરી છે. એણીના સુંદર રૂપાદિ ગુણોથી મુગ્ધ બનેલો હું વાત્સલ્યના અતિરેકને લીધે ક્ષણવાર પણ તેણીના વિયોગને સહન કરી શકતો નથી, પણ રૂપાદિ ગુણોને ખીલવનાર યૌવનકાલ પ્રાપ્ત થવાથી તે મારી પુત્રીએ મને ચિંતા--સમુદ્રમાં ગરકાવ કરી દીધો. એક તો અતિશય ગુણોની સમૃદ્ધિથી અજોડ મારી પુત્રીને અનુરૂપ વર--પતિ જ મળવો દુર્લભ, અને મારી પુત્રી નજર સમક્ષ રહે--વિયોગનું દુઃખ ખમવું ન પડે તે હેતુથી ઘરજમાઈ તરીકે રહે તેવો વર મળવો અતિદુર્લભ ગણાય. આ જાતની વિચિત્ર માનસિક ભ્રમણાઓની જાળમાં મારું મન ભ્રમિત જેવું થઈ ગયું. હું દિઙ્મૂઢ બની ગયો. સાંસારિક ઉચિત વ્યવહારોમાં લથડિયાં ખાવા માંડ્યો. આવી દશામાં મને ક્ષણવાર પણ ચેન ન પડે. આમ થતાં વિવિધ વિચારણાઓમાં અટવાયેલા એવા મને મધ્યરાત્રે **કુલદેવી**એ આવીને કહ્યું કે—' બેટા ! તું આમ બ્હાવરો ન બન ! નાહક શા માટે આટલો સંતાપ કરે છે ? **દૈવાધીન પદાર્થોના યોગક્ષેમની ગડમથલમાં ફસી શા માટે તારી ચિત્તશાંતિને લેવાદેવા દેવા વગર પીંખી નાખે છે** ? તે છતાં હું તારા પુણ્યબલે આકર્ષાઇને આવી છું અને કહું છું ' આજે પહોર દિ' ચઢયે નગરના ઉદ્યાનમાં અશોકના ઝાડ હેઠે તરુણ વયના લક્ષણ--સંપન્ન **મદનકુમાર** નામના પોતાની અદ્ભુત રૂપસંપદાથી સાક્ષાત્ મદને--કામદેવે સદેહાવસ્થા જાણે ધારણ કરી હોય તેવા કુલીન, ગુણીયલ યુવકને જોઇશ. તેને તું તારી પુત્રી પરણાવજે. ' આ સાંભળી હર્ષાન્વિત બનેલા મેં કુલદેવીના ચરણોમાં માથું મૂકી નમસ્કાર કરી આભાર માન્યો. **કુલદેવી**ના અદૃશ્ય થયા બાદ બાકીની રાત સુખપૂર્વક વીતાવી સવારના કરવા લાયક કામો આટોપી કુલદેવીના સંકેત મુજબ નગરના ઉદ્યાનમાં હું જ્યાં આવી પહોંચ્યો, ત્યાં તમને કુલદેવીએ વર્ણવ્યા મુજબના અદ્ભુત આકૃતિવાળા અને ' आकृतिर्गुणान् कथयति ' મુજબ અનુપમેય ઉત્તમ ગુણસંપદાથી શોભતા આસોપાલવ નીચે વિસામો લેતા તમોને દીઠા, એટલે મેં આપને **કુલદેવી**-દ્વારા પૂર્વપરિચિત નામ વગેરે જાણ્યાથી પ્રેમપૂર્વક સંબોધી હું ઘરે લાવ્યો, અને સત્કાર કરી મેં મારી પુત્રીને પરણવા પ્રાર્થના કરી છે, માટે હવે આપ કોઈ જાતની આનાકાની કર્યા સિવાય સંમતિ દર્શાવી મારી લાંબા કાળની આશાઓ ફલવતી બનાવો. "

**મદનનાં લગ્ન અને વિલાસ.**

આ સાંભળી **મદને** પુણ્ય-કર્મની પ્રબલતાએ વિદેશ પણ સુખાકારી નિવડતો જાણી વિરોધ ન દર્શાવવારૂપે મૂક સંમતિ આપી, એટલે **ભાનુદત્તે** તુરત સારું મુહૂર્ત્ત લઇ સુંદર મહામૂલાં વસ્ત્રાભરણોની પહેરામણી, વિપુલ ધન-સંપત્તિનો દાયજો વગેરે આપી, ધામધૂમપૂર્વક લાડીલી દિકરીનાં **મદનકુમાર** સાથે લગ્ન કર્યા. **મદન** પણ રહેવા માટે આપેલા સુંદર મહેલમાં "નવપરિણીત કલાચતુર **વિદ્યુલ્લતા** સાથે વિવિધ પ્રકારે આનંદ અનુભવવા લાગ્યો. ખરેખર કુલ-શીલના પરિચય વિના પણ સત્પુરુષો વિદેશમાં પૂર્વના પુણ્યના બલે ઘર કરતાં પણ વધુ સામગ્રી મેળવી વિલસી શકે છે." માટે જ અનુપમ કરુણારસના ભંડાર **શાસ્ત્રકાર મહાત્માઓ** અજ્ઞાનાંધકારમાં આથડતા પ્રાણીઓને ઉદ્દેશીને **મુક્તકંઠે** જણાવે છે કે—હે **ભવ્યાત્માઓ**! ( તમારે સાંસારિક પદાર્થો મનગમતી રીતે મેળવવા કે ભોગવવા હોય તો પણ પુણ્યના ઉપાર્જન તરફ વધુ લક્ષ્ય આપો, બીજને સીંચીને યોગ્ય દરકાર રાખી ઉચિત પ્રવૃત્તિ જો કરશો તો મધુરાં ફલ અવશ્ય તમે મેળવશો; માટે **જગતના તમામ પદાર્થોના સંયોગ-વિયોગના મૂળ કારણભૂત પુણ્ય-કર્મની સાનુકૂલતા કરવા તત્પર રહો, તે વિના સંસારના પદાર્થો મેળવવા કરાતી દોડધામ હવામાં બાચકાં ભરવાની જેમ કેવલ નિષ્ફલ નિવડવાની છે, માટે સમજો! વિચારો! પુણ્ય કર્મના સંચય માટે ઉદ્યત બનો!!!**)

**વર્ષાઋતુ વર્ણન, અને મદને નવી સ્રીને કહેલી ચંડા-પ્રચંડાની વિતક કથા.**

આ પ્રમાણે પ્રકૃષ્ટ પુણ્યના બલે **મદનને** વિદેશમાં પણ **ભાનુદત્તનો** મેલાપ થઇ વ્યાવહારિક દૃષ્ટિએ બધી અનુકૂળતા મળી રહી. એમ કરતાં કેટલાક વર્ષો પસાર થયા. એકદા પતિના દીર્ઘકાલના વિરહ અને કામોત્તેજક ઋતુના વાતાવરણથી વિરહિણી સ્રીઓના હૃદયમાં વધી ગયેલ શોકરૂપ અગ્નિના નિકળેલા ધૂમાડાના ગોટાઓથી જાણે બનેલ કેમ ન હોય તેવી અતિ ઘનશ્યામલ મેઘઘટાઓથી વ્યાપ્ત, દિશારૂપ સ્રીઓ જાણે મેઘરૂપ પતિએ આપેલ વિજળીના ચમકારારૂપ સોનાના ઘરેણાંને પહેરતી નહિં હોય તેવો ભાસ કરાવતી વિજળીઓના ચમકારાથી ચમકતી, વર્ષાકાલરૂપ મહારાજાના એકછત્ર સામ્રાજ્યને સૂચવનારી રાજ્યઘોષણારૂપ અતિ ગંભીર ગડગડાટવાળી થતી મેઘ-ગર્જનાઓથી ગાજતી, કૃત્રિમ-આભિમાનિક ગુસ્સાને વશ થઇ વિરૂપ મનવાળી બનેલી માનુનીઓના માનને-કામવાસનાને ઉત્તેજક વાતાવરણના બલે છેદવામાં તીક્ષ્ણ ખાંડાની ધાર જેવી ભાસતી પાણીની ધારવાળા ધોધમાર પડતા વરસાદવાળી અને પૃથ્વીરૂપ સ્રીના વક્ષસ્થલ પર રાજતા સુંદર મોતીના હાર જેવી શોભતી પૂરપાટ જલપ્રવાહથી છલોછલ ભરેલી નદીઓ-

વાળી ચોમાસાની **વર્ષા ઋતુ** આવી. તે સમયે વર્ષા ઋતુની પૂરબહાર કુદરતી ખીલવટને જોવાના કુતૂહલથી **મદનકુમાર** ઝરુખામાં બેઠેલ છે. તે પ્રસંગે બાજુના ઘરમાં રહેતી કો'ક પ્રોષિતભર્તૃકા (જેનો ધણી વિદેશમાં ગયેલ છે) સ્ત્રીના કરુણ–આક્રંદનો સ્વર કર્ણગોચર થતાં સાવધ થઈ તેણીના રુદન તરફ મદને ધ્યાન આપ્યું, એટલે લાંબા કાળના પતિ–વિયોગના દુઃખથી વિહ્વલ બનેલ તેણીના રૂદનમિશ્રિત ટૂટ્યા–ફૂટ્યા શબ્દો સાંભળવા મલ્યા કે—"હે નાથ! અનાથ એવી મને ટળવળતી મૂકી વિદેશમાં તમે કયાં ચાલ્યા ગયા? ભલભલી માનુનીઓના માનને જડમૂલથી ઉખેડી નાંખનાર કામોદ્દીપક આ વર્ષાઋતુ આવી, છતાં તમે તો આવ્યા નહિં! રાતના સમયે ભયંકર મેઘગર્જનાના ગડગડાટ અને કાતીલ વિજળીના ચમકારાથી ત્રાસ પામેલી હું હવે કોના શરણે જાઉં! આ ઝુંપડી પણ વરસાદના ઝાપટાંઓથી ડામાડોલ થઇ રહી છે, પાણી ટપકી રહ્યું છે, તમે આપી ગયેલ થોડીઘણી મૂડી આજ સુધી જેમ તેમ કરી ચલાવી, પણ તમે તો ધાર્યા કરતાં વધુ સમય થવા છતાં વિદેશથી આવ્યા નહિં, હવે હું ભૂખે ટળવળતા આ બાલ–બચ્ચાંઓને ખાવા શું આપીશ? હું કેવી રીતે આજીવિકા ચલાવીશ! અહો! મારું ભાગ્ય કેવું વાંકું છે? જગતમાં બધા દુઃખોનું સ્થાન હું જ બની છું!" વગેરે સાંભળી કરુણાયુકત બનેલ મદને ચિંતવ્યું કે 'અહો! પતિના વિરહે કુલીન–સ્ત્રીઓની કેવી કમનસીબ હાલત થાય છે! ખરેખર મારા ઘરે પણ (ચંડા–પ્રચંડા) બન્ને સ્ત્રીઓ વગર કહ્યે મારા ચાલ્યા જવાથી બહુ દુઃખી થતી હશે! ખરેખર મેં ઠીક તો ન કર્યું.' આ જાતની વિચારણાથી શોકના આવેગથી હૃદય ભરાઈ આવ્યું, આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા, જેથી પાસે રહેલી પોતાની વિદ્યુલ્લતા સ્ત્રીએ વિનવ્યું કે 'નાથ! આપને મારા પિતા તરફથી કે મારા તરફથી શું ઓછું પડયું કે આમ અકાલે નિષ્કારણ અશ્રુપાત કરવા સુધીનું મનોદુઃખ ભોગવી રહ્યા છો? માટે કૃપા કરી ખુલાસો કરો, કે જેથી બનતો પ્રયત્ન કરી તમારા દુઃખને દૂર કરવાની ફરજ અદા કરી શકું.' આ સાંભળી મદનકુમાર વધુ મૂંઝવણમાં પડ્યો. વિચારવા લાગ્યો કે–'સ્ત્રીઓમાં સપત્ની–શોકયની ઇર્ષ્યાનું જોર વધારે હોવાથી આ મારી નવી સ્ત્રીને જૂની બે સ્ત્રીઓ સાંભર્યાનું કહેવાથી પોતા પર પ્રેમ ઓછો હોવાનું માની મારા વ્યકિતત્વને માટે નવનવી કલ્પનાઓ થશે. હવે શું કરવું? કહ્યા વિના ચાલે તેમ નથી, અને કહેવામાં નવી ઉપાધિ ઊભી થાય છે. આમ મારી કઢંગી સ્થિતિ બની છે. વિ.' **મદનને** ચૂપ રહેલો જાણી સ્ત્રીત્વોચિત વહેમથી ભરમાઇ તેણીએ પુનઃ ખુલાસો કરવા આગ્રહ કર્યો. છેવટે મદને પરિણામ કુદરત ઉપર મૂકી પોતાનો પૂર્વવૃત્તાંત (બે સ્ત્રીઓનો સંતાપ વગેરે) કહી સંભળાવ્યો, જે સાંભળી મદનના ધાર્યા પ્રમાણે વિદ્યુલ્લતાના મનમાં ચંડા–પ્રચંડા ઉપર ઈર્ષ્યા જાગી, અને કોઇ રીતે મદનને પોતાના પંજામાંથી ન ખસવા દેવાની પ્રપંચભરી બાજી મનમાં ગોઠવી. સ્ત્રીચરિત્રનિપુણ

તેણીએ ઠાવકું મ્હોં રાખી મદનને ટોણો માર્યો કે-'જો આટલું બધું હૃદયમાં દુઃખ થતું હોય તો ત્યાં જઇને તેણીઓના મનને પણ આશ્વાસન આપવું જોઇએ.' આ સાંભળી ચંડા-પ્રચંડાના કુવર્ત્તનથી સ્ત્રીચરિત્રની ગહનતાનો અનુભવ થયેલ છતાં વિષય-વિકારની આંધીમાં ભાન ભૂલી વિદ્યુલ્લતાના માર્મિક વચનને પણ સરલપણે પોતાની ઇચ્છાને અનુરૂપ માની મદને કહ્યું કે-'તું જો જવા દે, તો ત્યાં જઇને તેણીઓના મનને શાંત કરું.' વિદ્યુલ્લતાએ કહ્યું કે-'હમણાં તો ચોમાસાની ઋતુ છે, રસ્તાઓ પાણી-કીચડથી દુર્ગમ બનેલા છે, આવા વખતે મુસાફરી કરવી હિતાવહ નથી.' તેમ જણાવી તે દરમ્યાન પોતાને કરવા લાયક ઢગાભરી રમત રમી લેવા સમય મેળવી લીધો. મદને પણ ભદ્રિકપણે તે વાત મૂકી દીધી.

અનુક્રમે વર્ષાઋતુ વ્યતીત થયે મનોહર શરદ્ઋતુનો પ્રાદુર્ભાવ થયે છતે વિદ્યુલ્લતાની સંમતિપૂર્વક તેણીએ ભાથા તરીકે આપેલ કરંબાને લઈ મદન પોતાના ગામ-કુશસ્થલ-નગર-ભણી ચાલ્યો. ઘરે પહોંચી માનુનીઓને મનાવી લેવાના માનસિક ઉત્સાહના વેગમાં ઝડપભેર ચાલ્યો, પણ મધ્યાહ્નકાલ થતાં એક ગામને પાદરે સુંદર તલાવના કિનારે ઘટાદાર ઝાડ હેઠે વિસામો લેવા બેઠો. સરોવરમાં જઈ સ્નાનાદિથી શરીરશ્રમ દૂર કરી નિત્યનિયમ કરી, દેવગુરુને સંભારી, ક્ષુધાની શાંતિ માટે વિદ્યુલ્લતાએ ભાથા તરીકે આપેલ કરંબાના પાત્રને ખોલે છે. સાથે જ વિચારે છે કે-"**ખરેખર જગત્‌માં જન્મીને બીજું કંઇ પણ બીજાનું ભલું ન કરી શકનાર નિર્ગુણ લેખાતો પણ જે માણસ જમવા વખતે બીજાને બોલાવી થોડામાંથી થોડું પણ આપીને જમે છે, તે વસ્તુતઃ ધન્યવાદ-પ્રશંસાને પાત્ર છે.** તેઓ માટે જગત્‌ની તમામ સમૃદ્ધિ હાથ-વેંતમાં રહેલી હોય છે, ભાગ્યવાન પુરુષો નિયમિત અતિથિ-સંવિભાગ **કરીને જ જમે છે,** માટે જો આ વખતે કોઈક અતિથિ, દીન કે અભ્યાગત આવી ચઢે, તો તેને થોડું ઘણું આપી પછી હું જમું." આ જાતની શુભ વિચારધારાએ ચઢેલા મદને આમતેમ દિશાઓમાં નજર ફેંકી, તો નજીકના મંદિરમાંથી આખા શરીરે વિભૂતિ લગાડેલ, જટાથી શોભતા મસ્તકવાળો, અને હાથમાં ભિક્ષાપાત્ર લીધેલ કોઇ એક તાપસને ભિક્ષાર્થે આવતો જોયો, એટલે પ્રમુદિત બનેલા મદને ભાવપૂર્વક બોલાવી પૂરતો કરંબો આપ્યો, એટલે તે તાપસ ઉદરપૂર્ત્તિ જેટલો આહાર મળી રહેવાથી ત્યાં જ પોતાના આવશ્યક ક્રિયાકાંડને પતાવી શુદ્ધિપૂર્વક જમવા બેઠો. આ બાજુ મદન અજાણ્યા પ્રદેશમાં પણ તાપસ જેવા પરમપવિત્ર અતિથિને ભિક્ષા આપ્યાનો પરમ-સંતોષ અનુભવતો જમવાની તૈયારી કરી કોળિયો મોઢામાં મૂકે છે તે પહેલાં તેટલામાં કોઈએ છીંક ખાધી સાંભળી, જેથી વ્હેમ પડવાથી થોડીક વાર થોભ્યો, તેટલામાં તો પેલો તાપસ પોતાને આપેલ કરંબાને ખાવાથી તુરત બોકડો થઇ **સંકાશનગર** તરફ દોડવા માંડ્યો. આ જોઇ વિસ્મય પામેલ મદન ભૂખ-થાકને અવગણી આ બોકડો ક્યાં જાય છે? તે તપાસવા બોકડાની પાછળ દોડ્યો.

બન્ને સંકાશનગર આવી પહોંચ્યા, અને બોકડાને પોતાના સસરાના ઘરમાં પેસી વિદ્યુલ્લતા પાસે ગયેલો જોઈને હવે શું થાય છે? તે જાણવા ઘર બહાર ગુપ્તપણે ઊભો રહ્યો. ઘરમાં બોકડાને આવેલો જોતાંની સાથે જ વિદ્યુલ્લતા ખડકી બંધ કરી કપડા ધોવાના ધોકાવડે બોકડાને મારવા જ મંડી, જેથી બોકડાએ કરુણ–દીનતાભર્યા બેં બેંનો અવાજ કરી મૂક્યો, જેથી આજુબાજુના લોકો ભેગા થઈ ગયા અને મૂક પશુને મૂઢ માર મારવા બદલ કરુણા દર્શાવી વિદ્યુલ્લતાને તેને નહિં મારવા સમજાવવા લાગ્યા, જેથી તેણીએ શાંત પડીને અમુક મંત્રથી મંત્રિત પાણી બોકડા ઉપર છાંટયું, એટલે ક્ષણવારમાં તે બોકડો પશુ મટી જટાધારી તાપસ બની ગયો. આ જોઈ દિંગ બની ગયેલા લોકોએ કુતૂહલ, લજ્જા–ભયથી વિમૂઢ બની ગયેલા તાપસને પૂછયું કે–આ શું? હકીકત શી છે? એટલે તાપસે પણ અજાણતાં બે પાડાની લડાઈમાં વચમાં ઝાડનો ધાણ નિકલી જાય તેમ પોતે કેવી રીતે કૂટાઈ ગયો તે બધું સ્પષ્ટપણે કહી બતાવ્યું, ત્યારે લોકો પણ તાપસની મુગ્ધતા અને સ્ત્રીચરિત્રની ગહનતા ઉપર માર્મિક વિચારો કરતાં વિખરાઈ ગયા.

**મદનને ઉપજેલો સંતાપ અને હસંતીપુરીના જિનમંદિરમાં થયેલ ધનદેવનો મેલાપ.**

ઉપર મુજબની ઘટના સગી આંખે નિહાળી આશ્ચર્યમાં ગરકાવ બની ગયેલ મદને વિચાર્યું કે 'અહો! આ શું? જે વિદ્યુલ્લતાને હું મારી પરમ–પ્રેયસી ગણું છું, તે પણ **ચંડા–પ્રચંડા** કરતાં એક તસુ આગળ વધે તેવા દુર્લક્ષણોવાળી નિવડી. અરરર! ધિક્કાર છે મને! આટલી આટલી ઠોકરો વાગવા છતાં મારી સાન ઠેકાણે નથી આવતી અને પુનઃ પુનઃ આ રાક્ષસીઓના પંજામાં આનંદ-પૂર્વક ફસાતો જાઉં છું. આ સ્ત્રીઓ તો ખરેખર પોતાના સ્વાર્થની પૂર્તિ માટે વિવિધ વચનપ્રકારોથી માનવીને મુગ્ધ બનાવી પોતાના સકંજામાં પકડી રાખવા માંગે છે, બાકી સ્ત્રીઓના મુખમાં, હૃદયમાં, ઉચ્ચારમાં અને વર્ત્તનમાં ક્ષણે ક્ષણે બહુ અંતર જણાય છે. બસ! હવે, મારે આ સ્ત્રીઓથી સર્યું. એમ વિચાર કરી ભવનિર્વેદની પરમ–મંગલકારી, વિશુદ્ધ ભાવનાએ ચડી સંસારની વાસ્તવિક વિરૂપતાનું માનસિક પ્રત્યક્ષ દર્શન કરતો ત્યાંથી નિકળી ગયો, અને ફરતો ૨ અનુક્રમે **હસંતીપુરીમાં** આવી પહોંચ્યો, કે [1]જે નગરી પ્રત્યેક ઘરમાં વિદ્યમાન **ગૌરી** (પાર્વતી)=સ્ત્રીઓ, પ્રત્યેક-

---

૧ અહીં **ગ્રંથકારે** સાહિત્ય અને શબ્દસૃષ્ટિ ઉપર અનોખું પ્રભુત્વ હોવાની સાબિતીરૂપે મૂળમાં **શબ્દાનુપ્રાસ, શ્લેષ, ઉત્પ્રેક્ષા** આદિ અલંકારો ગુંથી અપૂર્વ–સાહિત્યનો પ્રધાન–રસ પોષ્યો છે.

અહીં **ગ્રંથકારનું** તાત્પર્ય એ છે કે–**અમરાવતી** પોતાને ત્યાં **ઈશ્વર**(મહાદેવ), **ગૌરી**(પાર્વતી), **લક્ષ્મી**(વિષ્ણુપત્ની), **રંભા**(અપ્સરા) હોવાના કારણે જગતની ઉત્તમ વસ્તુના સંગ્રાહક તરીકેનું અભિમાન ધરાવતી હતી પણ આ નગરીએ તેને ગૌણ કરી નાંખ્યું, કારણ કે **અમરાવતી** પાસે ઉપરની ચાર વસ્તુઓ એકેક જ છે, જ્યારે આ નગરીમાં તે **સંખ્યાતીત** અને **સર્વજનસાધારણ** છે.

સ્થાને નજરે પડતા ઈશ્વર (મહાદેવ)=ધનિકો, પ્રત્યેક સામાન્ય માનવીની પાસે પણ રહેલ **લક્ષ્મી** (વિષ્ણુપત્ની)=ધનસંપદાઓ અને દરેક ઉપવન-વાટિકાઓમાં વિલસી રહેલ અનેક **રંભા** (અપ્સરા)=કેળના ઝાડોની હયાતીના કારણે પાર્વતી, મહાદેવ, લક્ષ્મી, રંભાના રહેઠાણરૂપ હોવાના કારણે અભિમાનમાં ચકચૂર બની સામાન્ય લોકોને માટે તો **અદૃશ્ય**-નહિંવત્ બની ગયેલી ઇન્દ્રપુરી-અમરાવતીને જાણે ગગનચુંબી અનેક મણિમય પ્રાસાદોની કાંતિ-પ્રભાથી હસતી કેમ ન હોય! એવી શોભે છે. આવી અદ્ભુત વર્ણનાતીત શોભાવાળી તે નગરીના સીમાભાગે શોભતા **કુસુમાવતંસ** નામના ઉદ્યાનમાં આવેલ સુવર્ણમય થાંભલાઓથી દીપતા, અને મરકત મણિમય ભોંયતલિયાથી શોભતા એક સુંદર જિનભુવનમાં મદને પ્રવેશ કર્યો, અને ત્યાં સુંદર પદ્માસનાકારે યુગાદિનાથ પ્રભુ **ઋષભદેવસ્વામીની** પ્રતિમા નિહાળી **મદનકુમાર** પરમહર્ષિત બન્યો અને અહો! આ પ્રભુની દૃષ્ટિ પરમકરુણારસથી આપ્લાવિત જણાય છે, મુખ સૌમ્ય-શાંત સુધારસથી ઝળકતું અપૂર્વ આલ્હાદદાયી છે, મુદ્રા પણ પરમ-સુભગ નયન-મનને આનંદદાઈ છે, આજુબાજુનો પરિવાર પણ સુભગ જણાય છે, શરીર પ્રસાદભરી કાંતિથી દીપતું છે, માટે નક્કી આ કોઈ સામાન્ય દેવ નથી, પણ જન્મ-જરા-મૃત્યુ નિવારી પરમ-સુંદર મુક્તિપદને આપનારા લોકોત્તર દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્મા જણાય છે. અહો! ધન્ય છે મને! મારું જીવતર પણ આજ કૃતાર્થ થયું! કૃતપુણ્ય-ભાગ્યશાલીઓમાં હું આજે શ્રેષ્ઠ નિવડ્યો કે અચાનક આવા પરમતારક લોકોત્તર દેવના દુર્લભ દર્શન મેળવવા હું ભાગ્યશાલી નિવડ્યો." આદિ બોલતો હરખના આંસુ છલકાવતો ત્યાં જ પ્રભુ પાસે બેસી ગયો એટલામાં એક **ધનદેવ** નામનો એક શ્રેષ્ઠિપુત્ર ત્યાં આવ્યો અને તે પણ પ્રભુને ભાવપૂર્વક નમી મદનની પાસે આવીને બેઠો અને સૌજન્યભર્યા સ્નેહઝરતા બંધુત્વભાવને જણાવનારા મધુરા વચનોથી પૂછ્યું કે—'મહાનુભાવ! કયાંથી આવ્યા છો? આમ કેમ ચિંતાકુલ-વ્યગ્ર જણાઓ છો! તમારી મુખમુદ્રા અને ક્ષણે ક્ષણે મુકાતા ગરમ અને લાંબા નીસાસા જ કહી આપે છે કે આપ કોઈ વિષમ કર્મની વિટંબનામાં આવી પડ્યા છો!' મદને વિદેશમાં સગાભાઈ કરતાં પણ વધુ સ્નેહાળ-પ્રેમાળ શબ્દોથી આશ્વાસનભર્યા ખબર-અંતર પૂછનાર નિષ્કારણબંધુ તે શ્રેષ્ઠિપુત્રના મધુર વચનો સાંભળી પોતાની ચિંતા કહેવાનું યોગ્ય સ્થલ જાણી કહ્યું કે—'મહાભાગ! હાલ તો હું સંકાશનગરથી ચાલ્યો આવું છું, અને હૃદયના સંતાપનું યદ્યપિ લજ્જાસ્પદ ન કહેવા જેવું છે છતાં પ્રથમ સંભાષણે જ મારા અંતરને શાંત કરનાર આપ જેવા સૌજન્યભર્યા સુહૃદ્ભાવવાળા બીજાના દુઃખ માટે દુઃખી થનાર મહાપુરુષથી કંઈ છાનું હોય નહિં, એમ કહી બધી પોતાની કરમ-કહાણી કહી સંભળાવી.

આ સાંભળી **ધનદેવે** કહ્યું કે 'મિત્ર! આટલામાં તું આમ ગભરાઈને બ્હાવરો શું બની ગયો? જો તું મારી વીતક સાંભળે તો તને ખબર પડશે કે મારા દુઃખ આગલ તારું દુઃખ કંઇ હિસાબમાં નથી.' એટલે વધુ ચકિત બનેલા **મદને** શ્રેષ્ઠિ-પુત્રને પોતાનો વૃત્તાંત જણાવવા પ્રેરણા કરી. ધનદેવે પણ મન મળ્યાના કારણે સંકોચ રાખ્યા વગર અથેતિ પોતાની હકીકત જણાવવા માંડી કે—

**ધનદેવની આત્મકથા માતા-પિતાનો સ્વર્ગવાસ-અને વૈરાગ્ય**

આ જ નગરીમાં જિનશાસનની સુદૃઢ શ્રદ્ધાવાળો, ધર્મ-કર્મમાં રત અને સાધુ-મહાપુરુષોની નિરંતર સેવા કરવામાં તત્પર **ધનપતિ** નામે પરોપકારી શેઠ હતા. તેમને વિવિધ ગુણોથી શોભતી સાક્ષાત્ **લક્ષ્મીદેવી** જેવી સુભગ **લક્ષ્મી** નામની સ્ત્રી હતી, તેઓને ધર્માવિરોધી સાંસારિક વિષયક્રીડાના અનુભવના પરિણામે **ધનસાર** અને **ધનદેવ** નામના બે પુત્ર હતા. બન્નેને કલાભ્યાસ કરાવી માતાપિતાએ યોગ્ય વયે ઉત્તમ કુલની મનોહર બાળાઓ સાથે પરણાવી દીધા. આમ શેઠનો પૂર્વની પુણ્ય-સંપદાના પ્રભાવે ક્ષેમ-કુશલપૂર્વક ઘર-સંસાર ચાલતો હતો. અન્યદા જન્મની સાથે મરણ સંકળાયેલું હોઈ અને સંસારના તમામ પદાર્થો છેવટે વિનાશના પંથે જનારા હોઈ ધનપતિ શેઠ પણ આયુ-કર્મના ક્ષીણ થવાથી સર્વ જીવો સાથે ક્ષમાપના કરી, પરમ-મંગલિક ચાર શરણાં સ્વીકારી અને પંચ-પરમેષ્ઠિ-મંત્રનું અહર્નિશ રટણ કરતાં સ્વર્ગે સીધાવી ગયા. ત્યારબાદ પતિ-વિયોગના દુઃખના નિમિત્તે ધાર્મિક-સંસ્કારોના પ્રતિબલે જાણેલ સંસારની અસારતા-વિરુપતાનો યથાર્થ ભાસ થવાથી મળેલ મનુષ્ય-જન્માદિ લાખેણી-સામગ્રીને ફલવતી કરી આત્મ-હિત સાધવાના પંથે વિહરવાનો લક્ષ્મીશેઠાણીએ અમલી સંકલ્પ કર્યો. તદનુસાર વિવિધ દાન, શીલ, તપ આદિના પ્રકારો આસેવી ધર્મની સારમય-આરાધના કરી તપ આદિથી ક્ષીણ-શરીરવાળી બનેલી શેઠાણી પણ થોડાક સમયને આંતરે પતિના માર્ગની પાછળ સુકૃત-પુણ્યનું ભાથું વિપુલ-પ્રમાણમાં લઇ (સ્વર્ગે) સંચરી ગઈ. આમ શિર-છત્રરૂપ પિતાના અને વાત્સલ્યપૂર્ણ-હૃદયવાળી માતાના મરણના માનસિક આઘાતથી બન્ને પુત્રો શોક-વિહ્વલ બની ગયા. સાંસારિક-દૈનિક વ્યવહારોને પણ વિસંસ્થૂલ બનાવતા બન્ને ભાઈઓએ દુઃખિત-હૃદયે સમય પસાર કરવા માંડયો. આ અવસરે તેઓના પુણ્ય-બલે અચાનક ત્યાં પધારેલા **મુનિચંદ્ર** મુનિએ ધર્મદેશનાદ્વારા બન્ને ભાઈઓને સમજાવ્યા કે—

"**ભાગ્યશાલીઓ!** પૂર્વના અનંત ઉત્કૃષ્ટ પુણ્યને બળે દેવને દુર્લભ માનવ ભવાદિની યોગ્ય સામગ્રી મેળવ્યા છતાં વિવેકશૂન્ય બની આમ અજ્ઞાન-મૂઢ પ્રાણીની જેમ સંસારના પદાર્થોના સાહજિક-સ્વભાવાનુસાર અનુભવાતા સંયોગ-વિયોગ પ્રસંગે બાવરા શું બની જાઓ છો! આવું વર્ત્તન સંસારના અસાર-સ્વરૂપને પ્રત્યક્ષ નિહાળી વૈરાગ્ય-

વાસનાને સુદૃઢ કરી શકનાર વિવેક દૃષ્ટિવાળા તમને ઘટે ખરું કે? તમે જરા વિચારો તો ખરા! કે આ જગત્‌માં કયો એવો પદાર્થ છે જે કે અસલ-પોતાના સ્વરૂપમાં એક-સરખી રીતે રહી શકયો હોય? માટે અનુચિત શોકના આવેગને દૂર કરી આત્મહિત સાધવાના પંથે વિહરવા આવા નિમિત્તોથી માનસિક ઉત્સાહ વધારવો ઘટે. વળી જન્મ પછીના પ્રત્યેક સમયે શાસ્ત્રપ્રસિદ્ધ આવીચિમરણને અનુભવતા દશ દ્રવ્યપ્રાણોને જાણી, અને સાંસારિક ધન-માલ-મિલ્કત-કુટુંબ પરિવારાદિના સંબંધનું અંતિમ પરિણામ વિયોગ અને દુઃખરૂપે આવવાનું જ્ઞાનબલે નિહાલી ભવોભવના હિતકારી શ્રી જૈન ધર્મની નિર્મલ આરાધના માટે હવેથી વધુ ઉદ્યત થવું ઘટે." આ સાંભળી સ્વસ્થચિત્ત બનેલા બન્ને ભાઇઓ યથાવત્ વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ અને આત્મહિતસાધન માટે ઉદ્યત બન્યા.

અન્યદા બન્ને ભાઇઓ આંતરિક સ્નેહ-સંબંધ છતાં ઘરની સ્ત્રીઓના પરસ્પર કલહના કારણે માલ-મિલ્કત આદિની યોગ્ય વહેંચણી કરી જુદા ઘરમાં રહેવા લાગ્યા. કેટલાક સમય પછી એકદા **ધનદેવને** ઉદાસ-ચિંતાતુર જોઇ **ધનસારે** પૂછયું કે-કેમ આમ ઉદાસ જણાઓ છો? ધનદેવે કહ્યું કે-' આવી તે કુભારજા કયાંય દીઠી નહિં હોય! ક્ષણ વાર પણ મોઢામાં જીભ વાળતી નથી, તેણીના સ્વભાવની વિરૂપતાના કારણે તો વડિલતુલ્ય તમારાથી જુદો રહ્યો, પણ સ્વભાવનાં તે કંઈ ઓસડ થતા હશે! રાત-દિવસ મારે હૈયાહોળી અનુભવવી પડે છે આદિ.' આ સાંભળી મોટાભાઇએ નાનાભાઇને સાંસારિક દૃષ્ટિએ અનુચિત છતાં સુખી કરવાની બુદ્ધિએ તેની સંમતિ લઈ સારા ઘરની ઉત્તમ સંસ્કારવાળી કન્યાની તપાસ કરી બીજી વાર પરણાવ્યો, પણ નસીબ બે ડગલા આગળ જ રહ્યું. નવી પરણેલી સ્ત્રી ખાનદાન-કુટુંબની, સારા સંસ્કારવાળી છતાં પરિચય દોષથી સમુદ્રમાં ભળતા ઉત્તમ-સ્વાદુ ગંગાના નીરની થતી ખારાશની જેમ વિપરીત આચરણ-વાળી બની-ધનદેવની માનસિક પીડામાં વધારો જ કરનારી નિવડી.

આ પ્રમાણે દુર્દૈવવશ મળેલી બન્ને સ્ત્રીઓના વર્ત્તનની કટુતાથી કંટાળેલો ધનદેવ તેણીઓના આવા વર્ત્તનના મૂળ હેતુને તપાસવા એકદા સાયંકાલે (બન્ને કુભારજાઓના ચરિત્ર જાણવા) ઢોંગથી જાણે એકદમ ઠંડી ચઢી હોય તેમ ધ્રૂજતો સ્ત્રીઓ પાસે પથારી કરાવી સૂઈ ગયો. ઉપર ઘરના તમામ ગોદડાં વગેરે ઓઢાડવા કહ્યું, અને આટલું ઓઢ્યા છતાં હજી જાણે ઠંડી વાતી હોય તેમ ધ્રૂજતો દાંતનો કચકચાટ વગેરે કરી પેલી બન્ને સ્ત્રીઓને સાચેસાચ પોતાના ધણીને માંદગી આવ્યાનું ભાન કરાવી દીધું. થોડીવારમાં સૂર્યાસ્ત થયે ચારે બાજુ અંધકાર છવાવા માંડ્યો, ધીમે ધીમે રાત પડી, એટલે ધનદેવે ઘસઘસાટ ઉંઘમાં હોવાનો ડોળ દેખાડવા નકલી નસકોરાંનો અવાજ કરવા માંડ્યો, એટલામાં ઘરનું કામકાજ આટોપતી નવી સ્ત્રીને જૂનીએ કહ્યું કે-' લે! હવે ચાલ! જલ્દી તૈયાર

થઇ જા! સમય થઈ ગયો છે!' આ સાંભળી ધનદેવ ચોંક્યો કે-' આ શું! શેનો સમય થઇ ગયો છે! આ સ્ત્રીઓને ક્યાં જવાની ઉતાવળ લાગી છે!' એટલામાં બન્ને સ્ત્રીઓ ઘરનું કામ આટોપી યોગ્ય વેષ-ભૂષાની તૈયારી કરી ઘરની પાછળના બગીચામાં ગઇ એટલે ધનદેવ પણ તેઓના ભેદી વર્ત્તનથી વહેમાઇ તપાસ કરવાની દૃષ્ટિએ સ્ત્રીઓની પાછળ ગયો. બન્ને સ્ત્રીઓ ત્યાં એક ઘટાદાર વિશાલ આંબાના ઝાડ ઉપર ચઢી, કંઇક મંત્રોચ્ચાર કરવા લાગી. કુતુહલવશ ધનદેવ પણ તે આંબાના થડ સાથે ઉત્તરીય-વસ્ત્રથી પોતાને બાંધી સ્થિર થઈ ગયો. થોડીક ક્ષણ પછી મંત્ર-શક્તિના અચિંત્ય પ્રભાવના બલે જડ-સ્થાવર ગણાતું તે આંબાનું ઝાડ દેવતાઇ વિમાનની જેમ આકાશમાર્ગે ઉપડ્યું. થોડી વારમાં તો અનેક ભીષણકાય મગરમચ્છ આદિ જલ-જંતુઓથી વ્યાપ્ત મોટા સમુદ્રને ઓળંગી વિવિધ રત્નોની કાંતિથી ઝળહળી ઉઠેલા અનેક રમણીય મહેલોની શ્રેણિઓથી શોભતા રત્નપુર નગરના સીમાભાગે શોભતા ઉદ્યાન-બગીચામાં આવી જાણે ત્યાં જ ઊગ્યું કેમ ન હોય તેમ સ્થિર થઇ ગયું, એટલે ધનદેવ તુરત ઝાડથી દૂર જઇને ઊભો રહ્યો. બન્ને સ્ત્રીઓ ઝાડ પરથી ઉતરી શહેરમાં જવા માંડી. ધનદેવ પણ ગુપ્તચર્યાનો ભેદ ઉકેલવા બિલ્લીપગે પાછળ ચાલ્યો અને અનુક્રમે તે નગરીના રૂપસૃષ્ટિની સંપદાથી અનંગ કહેવાતા છતાં અનેક રૂપ થઈ વિચરતા સાક્ષાત્ કામદેવની ભ્રાંતિ કરાવનારા વિલાસી તરુણપુરુષો તથા નયન-સુભગ મનોહર દેહ-લાવણ્યવાળી સ્થંભન-મોહનાદિ કરનારી મંત્ર-વિદ્યાનું જ્ઞાન ન ધરાવતી છતાં રૂપ-સંપદાના બલે ભલભલા ગગન-વિહારી વિદ્યાધરોને આશ્ચર્ય-ચકિત બનાવી ઘડીભર થંભાવી દેનારી અપ્સરા-તુલ્ય રમણીઓની મનોહર-વિલાસભરી ક્રીડાઓને નિહાળતો, બન્ને સ્ત્રીઓની પાછળ ચાલતો **ધનદેવ** શહેરના મધ્ય ભાગે આવી પહોંચ્યો. ત્યાં તે ગામના ધન-કુબેર, અનર્ગળ-વિભૂતિવાળા **શ્રીપુંજ** શેઠના ઘરના આંગણે ચાર છોકરા ઉપર જન્મેલી લાડીલી એકની એક **શ્રીમતી**-પુત્રીના લગ્નનો ભવ્ય સમારોહ ઉજવાતો હતો. તે પુત્રી ત્યાંના જ **વસુદત્ત** નામના શ્રીમંત શેઠના પુત્ર વેરે આપેલ, એટલે કન્યા અને વર પક્ષ તરફથી વિપુલ આડંબરપૂર્વક લગ્નની તૈયારીઓ ચાલતી હતી. દેવવિમાનને પણ શોભા-આડંબરથી ઝાંખપ લગાડતા ભવ્ય લગ્ન-મંડપમાં ઉત્તમ-મહામૂલાં ઝવેરાતભર્યા વસ્ત્રાભૂષણોથી દીપી ઉઠેલી અને વિવિધ કાંતિવાલા રત્નજડિત દાગીનાઓની પ્રભાથી પંચરંગી ઇન્દ્રધનુષ્યની પ્રભાની ઝાંખી કરાવતી અનેક તરુણવયની સ્ત્રીઓ મનોહર સંગીતના તાલ-લય સાથે નાચી રહી છે, એટલે **ધનદેવે** સ્ત્રીઓની પાછળ આટલે સુધી ગુપ્તપણે આવવા છતાં બીજું કંઇ વહેમના રદિયાને પૂરવાર કરનારું કોઈ વર્ત્તન નહિં જોવાથી, દેશ-વિદેશના કુતૂહલ જોવા-જાણવાની જ જિજ્ઞાસા હોવાનું અનુમાન કરી સ્ત્રીઓની પાછળ જવાનું માંડી વાળી લગ્ન-મહોત્સવની ધામધૂમને નિહાળવા ત્યાં જ ઊભો રહ્યો.

**રત્નપુરમાં ધનદેવના આકસ્મિક લગ્ન, સ્ત્રીઓએ તેની કરેલી દુર્દશા**

થોડીવારમાં વિવિધ સામગ્રીથી શોભતો વરરાજાનો વરઘોડો આવ્યો, જાનૈયાઓ અને સાજનો ઉમંગ-ભેર ભાગ લેવા પડાપડી કરી રહ્યા હતા. તોરણદ્વાર ઉપર વરરાજા આવી પહોંચતાં કન્યાપક્ષના અનેક સાજનો ઉલ્લટ-ભેર વરરાજાને વધાવવા આવ્યા. આજુ-બાજુ વર-કન્યા પક્ષના સંખ્યાબંધ સાજનો તથા ધામધુમપૂર્વક થતા લગ્નમહોત્સવને નિહાળવા ભેગા થયેલા શહેરના અનેક પ્રેક્ષકોની ગણુના-તીત ભીડ થવા માંડી. ભવિતવ્યતાવશ લગ્ન-મહોત્સવમાં ભાગ લેવા ધક્કા-મુક્કી કરતા તે લોકોના ધસારાથી તોરણુને ધક્કો લાગતાં કડડડ ભૂસના અવાજ સાથે તોરણુ નીચે પડયું, અને તેની તીક્ષ્ણ-અણિયાલી બારશાખ જમાઈ ઉપર પડતાં કર્મસંજોગે માથા ઉપર સખ્ત આઘાત લાગતાં ધોરી નસ તુટવાથી જમાઇરાજ લગ્નના ઉમળકાને અધૂરો મૂકી યમ-શરણુ થઈ ગયા. આ બનાવથી ક્ષણભરમાં જ આનંદ અને હર્ષના કિલકિલાટભર્યા વાતાવરણમાં સંક્ષોભ થઈ આકસ્મિક પરિવર્ત્તન થયું, અને શોક-વિલાપ અને છાતીફાટ રુદનોથી ભારેખમ વાતાવરણુ થઈ ગયું. વસુદત્ત શેઠ તો અચાનક વિજળી કે વજ્રના આઘાતના જેવા જબ્બર લાગણીઓના આંચકાથી વિહ્વલ બની મૂર્ચ્છિત જ બની ગયા. પરિવારના યોગ્ય આશ્વાસનોથી કંઇક સ્વસ્થ બની દિશાઓ ગજવી મૂકતા આક્રંદનો અને પત્થર-હૈયાઓને પણુ પિગળાવી દેનાર કરુણુ-પોકારો કરતો પોતાના ઘરે પાછો વળ્યો. કન્યાનો પિતા (શ્રીપુંજ શેઠ) પણુ વિવિધ મનોરથોથી ઉજવાતા લગ્ન-મહોત્સવમાં આમ અચાનક ભંગાણુ પડવાથી 'હાય ! હાય ! હવે મારી આ કન્યાનું શું થશે ?' આદિ વિચારોથી વિષાદના વમળમાં અટવાઇ ગયો. આપ્ત-પ્રામાણિક સ્વજનોએ કુદરતના સંકેતને બનવાકાળ માની કન્યાનું ભાવી સુધારવા હવે ગમે તે સારા બીજા કોઈ શ્રેષ્ઠિ-પુત્ર સાથે પણુ પરણાવી દઇ મુહૂર્ત્તને સાધી લેવાની સલાહ આપી. શેઠે પણુ તેઓની સલાહને અવસરાનુકૂલ માની '**સમય વર્ત્તે સાવધાન**' થઈ પોતાના વિશ્વાસુ માણસોને તુરત કોઇ સારા દેખાવડા રૂપ-મનોહર યુવકને શોધી લાવવાનું કહ્યું, એટલે એ માણસો શોધતા, મહોત્સવ જોવા અર્થે ઉભેલા ધનદેવને સુંદર દેખાવથી શિષ્ટ-કુલોત્પન્ન માની, શેઠની આજ્ઞા પ્રમાણે પોતાની સાથે આવવા વિનંતી કરી. ધનદેવ પણુ અજાણ્યા દેશમાં કુદરત શા શા નાચ નચાવે છે ! એ જાણુવા-સમજવા કુતૂહલથી તેઓ સાથે ગયો. તે માણસોએ તે ધનદેવને લઇ જઈ તે જ છોકરીના પિતા સમક્ષ લાવી હાજર કર્યો. શેઠે પણુ જાણે પરિચિત હોય એમ હાવ-ભાવ-પૂર્વક સત્કાર કરી, સુગંધચૂર્ણમિશ્રિત પીઠી ચોળાવી, ન્હવરાવી, સુંદર વસ્ત્રાભૂષણો

પહેરાવી, ઘોડા પર બેસાડી, ફરીથી તોરણુ માંડી ધામધૂમપૂર્વક પૂર્વવત્ હર્ષ–આનંદ-પૂર્વક શુભલગ્ન–મુહૂર્તે પોતાની પુત્રી પરણાવી. **ધનદેવ** પણ આ જાતની અણધારી અણુચિંતવી કુદરતની બલિહારીને વિચારતો લગ્ન-મંડપની બહારના ભાગ તરફ ક્યાંક પોતાની સ્ત્રીઓ પોતાને જોઇ ન જાય માટે ભયભીતના જેવી નજર નાંખતો નાટકિયાની જેમ લગ્નની તમામ વિધિ ઉચક–મને ઉકેલવા લાગ્યો. વિધિમાં સમય વધારે થાય અને પોતાની સ્ત્રીઓ પાછી ઘરે ચાલી ન જાય એથી પણ બનતી ત્વરાએ બધી વિધિ ધનદેવે તુરત પતાવવા માંડી, એટલામાં લગભગ લગ્ન–સમારંભ પૂર્ણ થવાના પ્રસંગે પેલી બન્ને સ્ત્રીઓ ફરતી ફરતી ત્યાં જ આવી પહોંચી અને વિવિધ આડંબરપૂર્વક થતા લગ્ન–સમારંભને 'હજી તો ઘણી રાત બાકી છે! જવાય છે! ઉતાવળ શી છે!' એમ ધારી જોવા ઊભી રહી. થોડીકવારમાં તે સ્ત્રીઓનું ધ્યાન વર–વહૂના જોડલા ઉપર જતાં નાનીએ મોટીને કહ્યું કે 'બ્હેન! જો તો ખરી, કેવું સુંદર કામદેવ અને રતિના જેવું મનોહર જોડલું છે! પણ! આ શું? આ વર તો આપણા સ્વામિનાથ જણાય છે! એ વળી અહીં ક્યાંથી?' આ સાંભળી મોટીએ ઉપહાસપૂર્વક કહ્યું કે–'ઉંહૂ! તું તો હજી આવી ને આવી જ રહી, તું કેવી મુગ્ધ છે! કયાં અહીંથી લાખો જોજન દૂર આપણી હસંતી નગરી! અને શીત–જ્વરની કારમી વેદનાથી પીડાતા આપણા પતિને તો પથારીમાં પોઢાડીને, ઘસઘસાટ ઉંઘતા મૂકીને આપણે અહીં આવેલ છીએ! તો તે બિચારો અહીં કયાંથી સંભવે! એ તો એક સરખા ચહેરાવાળા માણસો જગત્‌માં ઘણાં હોય છે, માટે જ તને ભ્રમ થયો છે! લે! હવે ચાલ? મોડું થશે!' એમ કહી તુરત બન્ને સ્ત્રીઓ ત્યાંથી ચાલતી થઇ. બન્ને સ્ત્રીઓની વાત સાંભળી ધનદેવ અહીંના કામથી તુરત નિવૃત્ત થઇ પોતે અહીં રહી ન જાય તે હેતુથી ઉતાવળે જવાની તૈયારી કરવા લાગ્યો. વચમાં અવસર મેળવી કોઇને ખબર ન પડે તેમ નવપરિણીત સ્ત્રીના કપડાને છેડે કંકુથી પોતાનો પરિચય આપનારી એક ગાથા લખી જેનો ભાવ એ હતો કે—"અહો! ક્યાં **હસંતીપુરી** અને કયાં **રત્નપુર**, અને મંત્રબળે આકાશમાર્ગે ઉડનારો આંબો કયાં? ખરેખર **ધનવતી**ના પુત્ર **ધનદેવ**ને તો વિધિ–દેવની આ બધી અઘટમાન પણ ઘટના છેવટે સુખદાયી જ નીવડી કે–તૈયાર વરઘોડે અપ્સરાને પણ મહાત કરનારી રૂપસુંદરી સ્ત્રી મળી." બાદ કોઇ ન જાણે તેમ બ્હાનું કાઢી ધનદેવ તુરત તે સ્ત્રીઓના આવવા પહેલાં આંબાના ઝાડ હેઠે આવી ઉત્તરીય–વસ્ત્રથી થડ સાથે બંધાઇ સ્થિર થઇ ગયો. થોડી વારમાં બન્ને સ્ત્રીઓ આવી, પણ તુરત જવાની ઉતાવળ, અંધારું તેમજ સ્થિરપણે થડ સાથે ઉભેલો હોવાના કારણે ધનદેવની ખબર ન પડી. ઝાડ ઉપર જઇ સ્ત્રીઓએ મંત્રોચ્ચારણ કર્યું અને તરત જ આજ્ઞાંકિત–સેવકની જેમ આકાશમાર્ગે આંબો ઊડ્યો.

ક્ષણુવારમાં તો હસંતીપુરીના પોતાના ઘરના બગીચામાં આવી આંબો સ્થિર થઇ ગયો. તુરત ધનદેવ સ્ત્રીઓ ઉતરે તે પહેલાં અંધારાનો લાભ લઈ આડે રસ્તે થઈ ઘરમાં જઇ પલંગ ઉપર સૂઇ ગયો, અને ઉપર ગોદડી ઓઢી જાણે શરીરમાં કળતર થતી હોય તેવા ઉંકારા-સીસકારા કરવા લાગ્યો. સ્ત્રીઓ પણ ઘરમાં આવી ધનદેવની પથારી તપાસી ગઈ કે-અહીં છે તો બરાબર અને તેના ઉંકારા અને સૂવાની રીત-ભાત ઉપરથી જોઈ બોલી કે-આ તે વળી બિચારો આવી કળતર ભોગવતો ત્યાં રત્નદ્વીપમાં ક્યાંથી આવતો હશે! એમ ધારી નિશ્ચિંત બની થોડી રાત બાકી હોવાથી બન્ને સ્ત્રીઓ સૂઇ ગઈ. થોડીવારમાં રાત પૂરી થતાં બન્ને સ્ત્રીઓ ઘર-કામે વળગી. સૂર્યનો ઉદય થયો, અંધકાર દૂર થયો છતાં ધનદેવને માંદગીનો ઢાંગ બરાબર કરવાનો હોઈ ઉઠ્યો નહિં, અને રાતની વીતેલી અજાયબીભરી કુદરતી ઘટના-ઓના વિચાર-વમળમાં ગોથાં ખાતો વિચાર-નિદ્રામાં અટવાઇ ગયો. એટલામાં ધનદેવના ખ્યાલ બહાર લગ્નના મીંઢલ-દોરા બાંધેલો જમણો હાથ ઓઢેલ વસ્ત્રમાંથી બહાર દેખાય તેમ રહી ગયો, અને તે હાથ અને તે ઉપરનું લગ્ન-કંકણ, ઘરનું વાસીદું વાળતી નાની સ્ત્રીના જોવામાં આવ્યું, એટલે તુરત પોતાને રાતે રત્નપુરમાં આવેલો વ્હેમ સાચો પડેલો જાણી બાવરી-ગાભરી બની મોટી સ્ત્રી પાસે ગઇ. વાત કરી અને તેને લાવીને રૂબરૂ બતાવી ખાત્રી પણ કરાવી. મોટી સ્ત્રીએ પણ કહ્યું કે-'હા! તેં રાતે ત્યાં જ કહ્યું હતું કે-વર તો આપણા સ્વામિનાથ જ લાગે છે! એ સાચું લાગે છે હોં! પણ કંઈ નહિં, તું ગભરા નહિં! એ દીન-રંક કીટમાત્ર પુરુષ મારા ચરિત્ર જોવાના અડપલા કરે છે, તેનું ફલ હું એને હમણાં જ ચખાડું છું. એને પણ ખબર પડે કે "**स्त्रियाश्चरित्रं पुरुषस्य भाग्यं, देवो न जानाति कुतो मनुष्यः?**" દેવોને પણ દુર્ગમ્ય સ્ત્રી-ચરિત્ર તપાસવા જતાં કેવી દુર્દશા ભોગવવી પડે છે!' એમ કહી તુરત એક દોરો લાવી, મંત્રી ધનદેવના પગે બાંધી દીધો, એટલે મંત્ર-શક્તિના અચિંત્ય પ્રભાવથી ધનદેવ પોપટ થઈ ગયો. તેને એક પાંજરામાં પૂરી દીધો. કર્મની વિચિત્ર ગતિના વિરસ પરિણામને અનુભવતો તે પોપટ પોતાના સ્વજન-સંબંધી, ધનવૈભવ, ઘર-બાર વગેરેને કરુણતાભરી વેધક-દૃષ્ટિથી નિહાલતો દુઃખના દહાડા જેમ-તેમ વીતાવા લાગ્યો. પેલી સ્ત્રીઓ પણ ભાજી-વેસણમાં તીખા મરચાંના વઘાર અને છમકારાં વારંવાર કરી પોપટને ડરાવી-સંતાપી જાત-જાતની યાતનાઓ આપી બિચા-રાનો જીવ જોખમાય તેવી તે પોપટની કરુણાજનક બેહાલ સ્થિતિ કરવામાં બાકી ન રાખતી.

આ બાજુ રત્નપુરમાં લગ્ન-મંડપમાંથી બહાનું કાઢીને છટકી ગયેલ ધનદેવની શ્રીપુંજ શેઠે ચારે બાજુ માણસો દોડાવી પૂરતી તપાસ કરી, પણ પત્તો ન લાગ્યો. શેઠ ચિંતાતુર બન્યા. ભાગ્યયોગે ગુણસંપન્ન, રૂપવાન્ ઉત્તમ વર અચાનક મળી જઈ મુહૂર્ત સધાઇ ગયું અને પોતાની આબરૂ-પ્રતિષ્ઠા રહી ગઇ, પણ આટલામાં જમાઇ પાછા અલોપ ક્યાં થઇ ગયા? શું દેવમાયા હતી? આવી વિચાર-તંદ્રામાં બાકીનીરાત પૂરી કરી. સવાર થતાં કન્યાના

કપડાના છેડે ધનદેવે લખેલ શ્લોક બધાએ વાંચ્યો, અને હસંતીપુરીના ધનપતિ શેઠના પુત્ર **ધનદેવને** પોતાના જમાઇ તરીકે જાણ્યો. શેઠે પણ સ્વસ્થ થઈ પુત્રીને આશ્વાસન આપ્યું.

એકદા **સાગરદત્ત** નામનો સાર્થવાહ વ્યાપારાર્થે હસંતીપુરીએ જતો હતો. તેમની સાથે શ્રીપુંજ શેઠે જમાઇને લાયક સુંદર હીરાજડિત ઘરેણું આપી, તુરત આવીને તેડી જવાનું કહેવડાવ્યું. સાગરદત્ત પણ વ્યાપારાર્થે દેશ-વિદેશ ખેડતો કાલક્રમે હસંતીનગરીએ આવી પહોંચ્યો અને વ્યાપારનું કામ-કાજ પતાવી તપાસ કરતો ધનદેવના ઘેર આવ્યો. ત્યાં તેણે ફક્ત બે સ્ત્રીઓને જ જોઈ પૂછયું કે-ધનદેવ શેઠ ક્યાં છે! સ્ત્રીઓએ કહ્યું કે—તે તો વ્યાપારાર્થે દેશાવર ગયા છે, એટલે સાગરદત્તે રત્નપુરના શ્રીપુંજ શેઠે મોકલાવેલ હીરા જડેલ દાગીના સ્ત્રીઓને આપ્યા અને નવપરિણીત સ્ત્રીને તેડી જવાનો શેઠનો સંદેશો કહી સંભળાવ્યો. તે સાંભળી કપટકલાચતુર સ્ત્રીઓએ કહ્યું કે-'બહુ સારું! શ્રીપુંજશેઠે ઠીક સમાચાર કહેવડાવ્યા. ધનદેવ તો ક્યારના આ સંદેશાની રાહ જોતા હતા, ત્યાં આવવા ઉત્સુક પણ હતા, છતાં કહેણ-સંદેશા વિના સ્વર્ગવાસ-તુલ્ય પણ શ્વશુરગૃહના સુખનો અનુભવ લેવા એમ તે અવાતું હશે! અને એટલામાં એમને જરૂરી કામ આવી પડવાથી દેશાવર જવું પડયું પણ અમને કહી ગયા છે કે-'રત્નપુરથી જો કોઇ સંદેશો લઇને આવે તો તેમની સાથે તેમના મારા દેશાવર ગયાના સમાચાર આપી શ્રીપુંજ શેઠની લાડીલી-વ્હાલી બેટીના મનો-વિનોદ માટે આ પોપટ મોકલાવજો, માટે તમે આ પોપટ લઈ જાઓ અને શ્રીપુંજ શેઠની દીકરીને પતિની ભેટ તરીકે આપજો અને આ સંદેશો કહેજો.' કહી પેલો પોપટ (**ધનદેવ**) આપ્યો. આમ તે પોપટ-ધનદેવ દુષ્ટાશયવાળી તે સ્ત્રીઓના પંજામાંથી વિધિ-ભાગ્યની અનુકૂલતાએ છૂટવા પામ્યો. સાગરદત્ત પણ પોપટને લઇ વ્યાપારનું કામ પતી જવાથી શુભ મુહૂર્તે માંગલિક શુકનો લઈ તુરત વહાણમાં બેસી થોડા દિવસોમાં રત્નપુર પહોંચી ગયો. શ્રીપુંજ શેઠને પેલો પોપટ આપી બધા સમાચાર કહ્યા. શેઠે પણ દીકરીને પતિ તરફથી વ્હાલભરી આવેલ ભેટરૂપ પોપટ આપી જણાવી રાજી કરી. શ્રીમતી પણ પોપટ સાથે વિવિધ ક્રીડા કરી મનો-વિનોદ કરે છે. એકદા સહજ-સ્વાભાવિક પોપટના પગે બાંધેલ દોરો મેલો ધારી શ્રીમતીએ છોડી નાંખ્યો, જેથી અચાનક પોપટ મટી ધનદેવ મૂળ સ્વરૂપે પ્રગટ થઈ ગયો. આ જોઇ અચરિજ પામેલી શ્રીમતીએ પૂછયું કે—આ શું? આમ કેમ? શી વાત છે? ધનદેવે કહ્યું કે—બસ તું જુએ છે એ જ! બીજું કંઇ નહિં કહી વાત ટૂંકમાં પતવી. ઘરનો ભેદ ન જણાવ્યો. ધનદેવના સસરા શ્રીપુંજ શેઠને ખબર પડી, એટલે હર્ષાન્વિત બની આપણે તો '**દૂધનું કામ, પાડા-પાડીની શી ગરજ**'ની વૃદ્ધોની શીખામણ ધ્યાનમાં લઈ કેમ થયું? શું થયું?ની ભાંજ-ગડમાં પડયા વિના પોતાની દીકરીની જિંદગી સુખરૂપ રહે માટે જમાઇરાજનો પૂર્ણ સત્કાર કરી એક સુંદર મહેલ આપી ભોગ-વિલાસની તમામ

પૂરતી સગવડ કરી આપી. ધનદેવ પણ શ્રીમતી સાથે યથેચ્છ ભોગ ભોગવતો અને અવસરોચિત વ્યાપાર આદિ કરીને અર્થોપાર્જન કરતો સુખ-પૂર્વક કાલ નિર્ગમન કરે છે.

એકદા કાલ-ક્રમે પરિવર્ત્તનશીલ સંસારના સ્વભાવ મુજબ શ્રીપુંજ શેઠના સ્વર્ગવાસ પછી ભોજાઇઓ સાથે સ્ત્રીસુલભ-કલહના પ્રસંગે પોતાના સ્વામિનાથ બાબત સસરાની સંપત્તિ ઉપર મોજ માણવાનું મ્હેણું સાંભળી ખોટું લાગવાથી શ્રીમતી શોક-વિહ્વલ બની, ધનદેવ પાસે આવી ગદ્ગદસ્વરે કહેવા લાગી કે-" આર્યપુત્ર! સુજ્ઞ-પુરુષોએ તથાવિધ સ્વભાવ-પરીક્ષા કરી જગત્માં પિતા, માતા અને સ્ત્રીના નામે ખ્યાતિ પામનારાઓને ક્રમશઃ ઉત્તમ, મધ્યમ અને અધમ જણાવેલા છે." યદ્યપિ આપ સર્વ-કલા-કુશલ, ગુણીયલ અને દરેક વાતે સમર્થ છો છતાં વ્યવહારમાં તમારી ઓળખાણ શ્રીપુંજ શેઠના જમાઈ તરીકે થાય છે, તે ઠીક ન કહેવાય, માટે ઉત્તમ પુરુષોના માર્ગને અનુસરી અહીંથી તુરત રવાના થઈ સ્વદેશ-જન્મભૂમિમાં જવું ઉચિત છે, વધારે શું કહું ? આપ સુજ્ઞ છો !" આ સાંભળી ધનદેવે કહ્યું કે " તારી વાત બરાબર છે ! શ્વશુર-ગૃહના વાસને નીતિકારોએ પણ " ગણત્રીના દિવસ પૂરતો જ સ્વર્ગના સુખ સાથે સરખાવ્યો છે,' અહીં રહેવામાં મારા કુલની પ્રતિષ્ઠા પણ જોખમાય જ છે એ હું બરાબર જાણું છું, પણ શું કરું ? મને હજી પણ એ ભાજીના વઘાર યાદ આવી ભડકાવે છે.' આ સાંભળી વિસ્મિત બનેલી શ્રીમતીએ ભાજીના છમકાર-વઘાર બાબત ખુલાસો પૂછયો, એટલે ધનદેવે નિરુપાયે પોતાની બન્ને સ્ત્રીઓનો વૃત્તાંત કહી સંભલાવ્યો; તે સાંભળી શ્રીમતીએ માર્મિક હાસ્ય કરી જણાવ્યું કે-"આમાં શું છે! આટલેથી ગભરાઓ છો શું ? મને બતાવો તો ખરા તેણીઓનું સામર્થ્ય ! હું પણ જોઉં તો ખરી કે મારી આગલ કેટલું જોર પછાડે છે ? " તેણીના આવા હિમ્મતભર્યા વચનો સાંભળી ધનદેવે યોગ્ય તૈયારી કરી, વિપુલ-સ્વોપાર્જિત ધન-સંપત્તિ લઇ શ્રીમતી સાથે વહાણમાં બેસી જલ્દી હસંતીપુરી ભણી પ્રયાણ કર્યું. થોડા દિવસોમાં ક્ષેમ-કુશલપૂર્વક હસંતીપુરી પહોંચી છૂટે-હાથે દીન-દુઃખી-ગરીબોને યથેચ્છ દાન આપતો પોતાના ઘરે પહોંચ્યો. ત્યાં પેલી બન્ને સ્ત્રીઓએ ધનદેવને રૂપ-સુભગ-શ્રીમતી સ્ત્રીની સાથે આવતો જોઈ આશ્ચર્ય ચકિત બની ગઇ. આ શું ? અમે ધનદેવને તો મંત્ર-બલે પોપટ બનાવેલ હતો તે પાછો મનુષ્યરૂપે શી રીતે થયો ને કેમ બન્યું ! વિચાર કરતી સસંભ્રમ લોકવ્યવહાર સાચવવા બહુ હર્ષાન્વિત થયાનો ભાસ કરતી બન્ને સ્ત્રીઓએ ધનદેવનું ભાવભીનું સ્વાગત કર્યું, અને મોટી સ્ત્રીના કહેવાથી સુંદર રત્ન-જડિત પાટલે બેસાડી નાની સ્ત્રીએ પાદ-પ્રક્ષાલ કર્યો અને તે પગ ધોયાનું પાણી મોટી સ્ત્રીએ લઈ ઘરમાં છાંટયું કે તરત જ ' મંત્રબલના અચિંત્ય પ્રભાવે ' આખા ઘરમાં બધે પાણી-પાણી થઈ રહ્યું એટલું જ નહિં પણ ક્રમે ક્રમે તે પાણી વધવા માંડયું. આ જોઈ ભય-ભીત બનેલા ધનદેવે શ્રીમતી સામે પોતાની કફોડી હાલતનો પરિચય દેનારી નજરે જોયું. શ્રીમતીએ કહ્યું કે—જરા પણ ગભરાવાની જરૂર નથી. ધનદેવ આ સાંભળી કંઈક સ્વસ્થ થયો. આ બાજુ થોડીવારમાં તો પાણી આખા ઘરમાં ફેલાઇ ધનદેવના પગ સુધી આવી

પહોંચ્યું. ધીમે ધીમે ઢીંચણ, કમર અને ગળા સુધી આવી પહોંચ્યું, નાક આગળ આવવાની તૈયારી થતાં ધનદેવે ભય-ભ્રાંત બની શ્રીમતીને તાત્કાલિક પ્રતીકાર કરવા સુદીન શબ્દોમાં વિનવણી કરી, એટલે શ્રીમતીએ મંત્રોચ્ચારપૂર્વક તુરત બધુંય પાણી એક ઘુંટડાની જેમ પી જવાનો દેખાવ કર્યો, એટલે ઇંદ્રજાલ-બાજીગરના ખેલની જેમ ત્યાં પાણીનું એક બિંદુ પણ ન રહ્યું, ધનદેવને પોતાના ઘર-બાર, માલ-મિલ્કત, બધું સહી-સલામત લાગ્યું. ધનદેવ તો શ્રીમતીનું આવું અદ્ભુત સામર્થ્ય નિહાળી વિસ્મય-ભાવી ભયની બેવડાએલી લાગણીના આવેગમાં શૂન્યમનસ્ક થઈ ગયો. પેલી બન્ને સ્ત્રીઓ પણ પોતાના સામર્થ્ય-કરતૂતને ટપી જાય તેવી નવી સ્ત્રીને જોઇ વ્યવહાર-ચતુરતા દાખવી શ્રીમતી-ના ચરણોમાં પડી અપરાધની માફી માંગી અને ખરેખર ! આપની શક્તિ આગળ અમે અમારી હાર કબૂલીએ છીએ કહી, પોતા પર રહેમ-દિલી રાખવા સૂચવ્યું. આ પ્રમાણે બિચારો ધનદેવ એકેકના માથાં પછાડે તેવી અજબ ચરિત્રોથી ભરપૂર સ્ત્રીઓના ફંદામાં પડ્યો છે ! તો તેની આગળ તું તારા દુઃખને કઇ વિસાતમાં લેખીશ ? તે ધનદેવ હું પોતે જ છું.

આમ પરસ્પર દુઃખ-સંવેદનની મીઠી ભાગીદારી ભજતા બન્ને મિત્રો વાતો કરી રહ્યા છે, તેટલામાં સ્વર્ગાદિ સદ્ગતિ યાવત્ મોક્ષપ્રાપ્તિ કરાવનાર, સન્માર્ગના ઉપદેશક, ઉપદેશબલે નરક નિગોદાદિના ભીષણ દુઃખોમાંથી બચાવનાર, પ્રાણીમાત્રના હિતના ચિંતક, જગ-વત્સલ **વિમલવાહ**( નાથ ! ) નામના આચાર્યમહારાજ પધાર્યા. તેઓએ ભાવભક્તિપૂર્વક યુગાદિદેવની સ્તવના કરી, યોગ્ય આસને બેઠા. **મદન** અને **ધનદેવ** પણ પોતાની માનસિક ગૂંચનો ઉકેલ કરવા જ જાણે કુદરતે જરૂર વખતે જ-અવસરે જ મોકલ્યા ધારી સવિનય વંદન-નમસ્કાર કરી વિનીત-ભાવે બેઠા. **સૂરિપુંગવે** પણ જ્ઞાન-બલે તે બન્નેના માનસિક વિચારો જાણી મધુર શબ્દોમાં કહ્યું કે—

" **મહાનુભાવો** ! આ સંસારમાં અકલ્યાણ-દુઃખોની પરંપરારૂપ વેલને વિકસિત કરવામાં પાણીની નીક સમી, નરકગતિની પગદંડી જેવી, ક્ષણે ક્ષણે બદલનારી પ્રેમ અને ક્રોધની લાગણીઓવાળી, કપટના કુટુંબનું આશ્રયસ્થાન સ્વરૂપ, વિવેકરૂપ સૂર્યને આચ્છાદિત કરવામાં સઘન મેઘ-ઘટા જેવી, અને વિકારી માણસોને ભડકાવનાર રમણીય પણ વાંકડિયા કેશ-કલાપથી પોતાની આંતરિક વક્રતાનું સૂચન કરનારી **સ્ત્રીઓ જ ખરેખર વિષયાંધ પ્રાણીને મોહની વાસનામાં ફસાવી અહિતકર માર્ગે ઘસડી જાય છે**, માટે સમજુ-વિવેકી લોકોએ વહેલી તકે તેણીનો ત્યાગ કરવો ઘટે. આની વાસના જ એવી દુરંત છે કે વિષયાસ્વાદની પ્રાપ્તિની લાલચે, માંસના ટુકડાના સ્વાદની લાલસાએ જાલમાં ફસાઇ રીબાઇને પ્રાણ ગુમાવનાર મત્સ્યની જેમ અવિવેકી પ્રાણી સાનભાન ભૂલી, કર્ત્ત-વ્યાકર્ત્તવ્યના વિચારને વેગળો મૂકી, માનવતાને ન છાજે તેવા કુત્સિત આચરણોમાં પાવરધો બને છે, પરિણામે ઘોર વિપાકદાયી અશુભ કર્મો તીવ્ર-નિકાચિતપણે બાંધી ચતુર્ગતિરૂપ સંસારમાં અનેકાનેક શારીરિક, માનસિક યાતનાઓ ભોગવતા સંસારમાં રઝળ્યા કરે છે,

**હે ભાગ્યશાળીઓ!** આ બધા શાસ્ત્રકારોના વચનો સાંભળી, અને સ્વાનુભવથી યથાર્થતા નિહાળી પરિણામ–વિરસ–પૌદ્ગલિક પદાર્થોની મમતા દૂર ફગાવી, મળેલ સાધન–સામગ્રીના સદુપયોગરૂપે "સર્વવિરતિ ધર્મ સ્વીકારવાપૂર્વક આત્મ–કલ્યાણ સાધવા ઉજમાલ બનો!!! દુરંત-સંસારમાં રખડાવનાર કષાયોનો નિગ્રહ કરતાં શીખો! દુર્દમ-ઇન્દ્રિયોની વૃત્તિને નિયંત્રિત કરી સ્વર્ગ–મોક્ષના સુખો હસ્તગત કરી લો! યોગ્ય સુવિહિત મોક્ષમાર્ગના ઉપદેશદ્વારા એકાંત કલ્યાણ સાધનારા સદ્ગુરુના સહવાસમાં રહી આત્માને વિષય કષાય સામે બલવાન્ બનવાની તાલિમ લો!" પ્રસંગે આવી પડતા પરીષહોપસર્ગો સહી અશુભ કર્મને સમભાવપૂર્વક નિર્જરતાં શીખો! કે જેથી જન્મ, જરા, મરણરૂપ મોજાંઓથી ભરપૂર રોગ, શોકાદિ જલચર જીવોથી વ્યાપ્ત, અપાર દુઃખ-રાશિરૂપ ભવ–સમુદ્રનો સહેલાઇપૂર્વક પાર પામી, સહજ–ચિદાનંદમય–અનંત સુખના નિધાનસ્વરૂપ કર્મના તમામ કલેશોથી રહિત, અનુપમ મુક્તિપદ શીઘ્ર પામી શકશો!!!"

આ સાંભળી વૈરાગ્ય–વાસનાથી વાસિત બનેલા **મદન** અને **ધનદેવે** વિનયપૂર્વક કહ્યું કે–'ભગવન્! અજ્ઞાન–મોહમાં અંધ બનેલા અને ભવ–સમુદ્રમાં ડૂબતા અમોને આપ જ ખરા આધારરૂપ છો! માટે હવે કૃપા કરી દીક્ષા આપી અપાર આ સંસાર–સમુદ્રથી અમારો નિસ્તાર કરો!' આચાર્ય મહારાજે પણ બન્નેની ઉત્કટ વૈરાગ્ય–ભાવના નિહાળી, યોગ્ય જાણી પરમ પવિત્ર સર્વવિરતિધર્મની મહત્તા સમજાવવાપૂર્વક દીક્ષા આપી, વિષમ-સંસારના પાશમાંથી છૂટવા બદલ અતિશય આનંદ અનુભવતા **મદન** અને **ધનદેવમુનિ** પણ ગુરુદેવની નિશ્રામાં સાધુ–સામાચારી શીખી, જાણી અને વિનયપૂર્વક પરમકારુણિક વીતરાગ–પરમાત્માએ ઉપદેશેલ આગમોનું તલસ્પર્શી અધ્યયન–મનન કરી ગીતાર્થપણું મેળવી ગુરુ–આજ્ઞા મુજબ કિલષ્ટકર્મોના પુંજને ક્ષય કરનારી વિવિધ ઉત્કૃષ્ટ તપસ્યામાં રક્ત બન્યા, બન્ને મુનિઓ પરસ્પર કલ્યાણ–મિત્રના અપૂર્વ સંબંધને તન્મયતાપૂર્વક નભાવતા, ધર્મસ્નેહભર્યા સાધર્મિક બની એક-નિષ્ઠાએ શુદ્ધ સંયમ પાળી, અંત–સમયે વિધિપૂર્વક અનશન આદરી **સૌધર્મ** (પહેલા) દેવ-લોકમાં એક જ વિમાનમાં સમાનઋદ્ધિવાળા એકસરખા પાંચ *પલ્યોપમનું આયુવાળા દેવ થયા.

ત્યાં પણ તેઓને પરસ્પર ગાઢ-પ્રીતિ સંબંધ રહ્યો, કાલ–ક્રમે આયુ પૂરું થયે ત્યાંથી પછી **મદન**નો જીવ આજ **વિજયપુર**ના **સગરસેન** રાજાની **જયાવલી** મહારાણીની કુક્ષિએ **મણિપ્રભ** નામનો રાજકુમાર થયો. અનુક્રમે તે રાજપુત્ર યોગ્ય કલાભ્યાસ કરી યુવાવસ્થાએ ઉત્તમ રાજકન્યાઓ પરણ્યો, અને માથામાં સફેદ વાળને જોઇ બોધ પામેલા

* ચાર ગાઉ લાંબા, પહોળા અને ઊંડા કૂવાને તરતના જન્મેલ બાલકના માથાના વાળના અતિસૂક્ષ્મ (એકના બે ન થઇ શકે તેવા) ટુકડાઓથી ભરીએ, ઉપરથી ચક્રવર્તીનું સૈન્ય કે ગંગાનો પ્રવાહ પસાર–બંધ ચાલે છતાં જરા પણ હચમચે નહિં, આવા તે કૂવામાંથી દર સો વર્ષે એકેક ટુકડો કાઢતાં જ્યારે કૂવો ખાલી થાય તેટલા કાલને **પલ્યોપમ** કહેવામાં આવે છે.

પિતાએ સોંપેલ રાજગાદીએ બેસી, અનુપમ સાહસ-ભર્યા પરાક્રમથી અનેક ઉન્મત્ત પણ સામંત રાજાઓને વશ કરી એકચ્છત્ર સામ્રાજ્ય ભોગવવા લાગ્યો.

એકદા તે રાજા હાથીના હોદ્દે બેસી યોગ્ય-પરિવાર સાથે રયવાડીએ ફરવા નિકળ્યો. ત્યાં ગામ બહાર જલ-સમૃદ્ધિથી ભરપૂર સુગંધથી મહેકતા અનેક વિકસિત કમલોની અપૂર્વ શોભાથી નક્ષત્ર-તારાગણુથી શોભી ઉઠતા એક સરોવરને નિહાળી ' અહો ! કેવી સરસ સરોવરની શોભા છે ! ' આદિ વિસ્મય-પૂર્ણ વિચારણા કરતાં રાજાએ સેવક પાસે સુંદર એક કમલ તોડી મંગાવ્યું અને આગળ વધ્યો, સાથેના પરિવારે પણ ગતાનુગતિકતાએ એકેક કમળ ચુંટતા જઇ સરોવરના તમામ કમલો લઈ લીધા. પાછા ફરતાં રાજા સરોવરની અદ્ભુત છટાને નિહાળવા તે જ માર્ગે આવી સરોવરની પાળે આવી ઊભો છે ત્યાં બુઝી ગયેલા અંગારાની જેમ સરોવરને સાવ નિસ્તેજ જોઇ શોભાના સર્વસ્વરૂપ એક પણ કમલને ન જોવાથી ' અરે ! ક્ષણવારમાં આ શું થઈ ગયું ? ' એમ પૂછતાં પરિવારે કહ્યું કે-' સ્વામિન્ ! આપે એક કમલ તોડી મંગાવ્યું એટલે અમે બધાએ પણ એકેક કમલ ચૂંટયું એટલે તમામ કમલો ખલાસ થઇ ગયા, તે કારણે આ સરોવર હવે પહેલા જેવું રમણીય નથી લાગતું. ' આ સાંભળી પૂર્વ જન્મસંચિત શુભ સંસ્કારો જાગૃત થવાથી રાજાને સરોવરની ક્ષણભંગુર શોભાના દાખલાથી આખા સંસારની ક્ષણિકતા સમજાણી અને " કમલો વિના તેનું તે જ સરોવર પણ જેમ નિસ્તેજ જણાય છે, તેમ સમયે ચિત્ર-વિચિત્ર દશાને પામતા જગત્‌ના આ પદાર્થોના સંયોગથી થતી શોભાસમૃદ્ધિ પણ કેટલા દિવસ ટકવાની ? ખરેખર ! જગત્‌ની માયા જ આવી છે કે-તેનાથી શાંત-ચિત્ત બની અજ્ઞાની પ્રાણીઓ કિંપાક-ફલની જેમ પરિણામે દુઃખદ, સુખ-મધુર જગત્‌ના પદાર્થો પાછળ ઘેલા થઇને ભટકી રહ્યા છે ! ! ! " આદિ વિચારણાએ ચડેલ તે મણિપ્રભ રાજાએ નજીકના બગીચામાં ધર્મોપદેશ આપતા શ્રી **જિનેશ્વરસૂરિને** જોયા, તુરત જ તે સૂરિ-પુંગવ પાસે જઈ વિનયાવનત થઇ ધર્મદેશના સાંભળી વૈરાગ્ય-વાસિત બની મણિપ્રભરાજાએ પુત્રને રાજ્ય સોંપી પરમ-કલ્યાણકર ભાગવતી દીક્ષા અંગીકાર કરી ક્રમે ગુરુ મહારાજની નિશ્રામાં રહી જ્ઞાન-ધ્યાનની તલ્લીનતાપૂર્વક સંયમનું પાલન અને નિરાશંસભાવે વિવિધ તપસ્યાઓ કરી આકાશ-માર્ગે વિહરવાની લબ્ધિ અને અવધિજ્ઞાન મેળવી તે મણિપ્રભમુનિ હું પોતે પૂર્વભવનાં ધર્મ-સહચારીનને પ્રતિબોધવા અહીં આવી પહોંચ્યો છું, કારણ કે પૂર્વભવમાં મારા ( મદનના ) સહચારી તરીકે તું ધનદેવ હતો, આપણે બંનેએ સાથે દીક્ષા લઈ આરાધના કરી સૌધર્મદેવલોકમાં સાથે જ ઉત્પન્ન થયેલા, તું સૌધર્મદેવલોકમાંથી ચ્યવી અહીં વિદ્યાધર-રાજા થયો છું, આ પ્રમાણે આપણો પૂર્વભવનો ધર્મ-સ્નેહનો સંબધ છે. "

આ સાંભળી ઉહાપોહ થવાથી રાજાને પણ જાતિ-સ્મરણ જ્ઞાન થયું, અને ગઈકાલની

વાતની જેમ પોતાના બન્ને ભવો પોતે નિહાળી, હર્ષાન્વિત બની, મુનિવરની જ્ઞાનશક્તિની પ્રશંસા કરતા રાજાએ અપાર સંસાર-સમુદ્રથી તરી જવા સંયમ-સ્વીકાર માટે રાજ્ય-વ્યવસ્થા કરીને આવી પોતાની તૈયારી સૂચવી, તુરત ઘરે-પોતાના મહેલે આવ્યો અને શુભ મુહૂર્ત-લગ્ન કઢાવી યુવરાજ રત્નચૂડનો પોતાના હાથે શુભ મુહૂર્તે રાજ્યાભિષેક કર્યો, અને સિંહાસને બેસાડી પોતાના હાથે રાજ્ય-શાસનનું ગૌરવ વધારવા મંત્રીઓ-સામંત-ભૂપાલો વગેરે સાથે નમસ્કાર કરી, પોતાના પુત્રને જવાબદારીનું સૂચન કર્યું. પછી હિત-શિક્ષા દેતાં કહ્યું કે—

## પિતાએ પુત્રોને આપેલી હિતશિક્ષા.

**વત્સ !** વિનયાદિ ગુણોથી સ્વતઃ અધિવાસિત પરમસુભગ તારું જીવન છે, અનેક વ્યવહારોચિત ન્યાય-નીતિના સૂત્રોને તું બરાબર સમજે છે, છતાં પ્રેમાલ પિતૃ-હૃદય મમતાભરી લાગણીને ઉશ્કેરી મને પ્રેરે છે તેથી કહું છું કે-આ વૈભવ અલ્પમાત્રામાં હોય છતાં પણ વિવેકની મર્યાદા ઓળંગાવી દેવા સમજુ પુરુષને પણ પ્રેરે છે, તો પછી આવી અનર્ગલ સંપત્તિ અને સત્તાના સંમિશ્રણવાળી રાજ્ય-લક્ષ્મીની માદકતાની તો વાત જ શી કરવી ? માટે **સાવધાન રહેજે !** રાજ્યવૈભવના મદમાં છકી જઇ શોષણના માર્ગે થઇ અવનતિના ખાડામાં પડવાની ભૂલ કરતો નહિં ? **વિષમ-સ્વૈરવિહારી ઇંદ્રિયરૂપ ઘોડાઓને સંયમની લગામથી નિગૃહિત રાખજે,** કે જેથી ઉન્માર્ગગામી બની જીવનની સુંદરતાને નિર્મૂલ કરી નાંખનારી દુરંત વિષય-વાસનાના ઝેરી ફંદામાં ફસી કરુણ-દશા પ્રાપ્ત ન થાય ! સાથે જ સજ્જન-મહાપુરુષોએ આસેવેલ રાજમાર્ગરૂપ સદાચારના પંથને પ્રાણના ભોગે પણ ન છોડવાની પૂર્ણ માનસિક તૈયારી રાખજે ! વધુ શું કહું ? તું સમજુ છે !

આ પ્રમાણે મોટા પુત્રને યથોચિત શિક્ષા-પ્રદ બે શબ્દો કહ્યા પછી સંસારના પ્રવાહ-માં તણાઇ, માદક ઇન્દ્રિયોની વાસનાના પાશમાં પડી, ઉન્માર્ગે પ્રવર્ત્તી રહેલા **મણિચૂડ** (નાના પુત્ર)ને ઉદ્દેશીને કહ્યું કે-**વત્સ !** તું સમજુ થઇ વિવેક-શૂન્ય અનાચારને માર્ગે કેમ પ્રવર્તે છે ? શા માટે હાથે કરીને ખાનદાનીના ખમીરની ઓછાશ જણાવવાપૂર્વક તું તારી લઘુતા કરાવે છે ? કુલની મર્યાદાનું પણ ભાન તને જણાતું નથી. વડિલોની આણ પણ ઓળંગવામાં તું જરાય અચકાતો નથી, હિત-શિક્ષાઓ બધી વિસારી મૂકી છે, અપયશ કે કલંકનો પણ ડર મુદ્દલેય જણાતો નથી, અને પરભવદુર્ગતિનો તો ભય હોય જ શાનો ! કે જેથી ઇન્દ્રિયોની વાસનામાં તણાઈ અનાચરણીય પાપોની પ્રવૃત્તિમાં તું રાચી-માચીને પ્રવૃત્તિ કરી રહ્યો છે ! જરા વિચાર તો કર ! બેટા ! આ બધું શું ઉચિત છે ? તારી આ

પ્રવૃત્તિથી તને આ ભવમાં અપકીર્ત્તિ–કલંક અને પરભવમાં નાનાવિધ દુર્ગતિના દુઃખો અનિચ્છાએ પણ મળવાનાં છે, તો ચંદ્ર જેવા નિર્મલ કુલમાં જન્મેલા, સકલગુણના નિધાન-સ્વરૂપ, અને વિવિધ–કલા–નિપુણ તને વિશુદ્ધ–શીલ મહાપુરુષોને સદંતર ગર્હિત આવા આચરણો શોભે ખરા ! જરા સમજ ! અને હવેથી પણ તારું વર્ત્તન તું સુધાર ! ઇન્દ્રિયો પર સંયમ કરતાં શીખ ! સ્વાર્થ–પટુ કુશીલ મિત્રોની સોબત છોડી, સ્વસ્થચિત્ત થઈ સજ્જનોને છાજતા આચારના પંથે આવી જા.

આ પ્રમાણે બન્ને પુત્રોને પોતાની ફરજ મુજબ યોગ્ય હિતશિક્ષા આપી, જિનેશ્વર-પ્રભુના મંદિરમાં મહા–મહોત્સવપૂર્વક પૂજા–અભિષેક આદિ કરી–કરાવી, યથોચિત સત્કારી અને દીન–દુઃખીઓને સ્વજન–આપ્ત–વર્ગને છૂટે હાથે દાન આપી ધામધૂમપૂર્વક મણિ-પ્રભ મુનીશ્વર પાસે આવી સંસારના તમામ પદાર્થોની આસક્તિના ત્યાગરૂપે ઉત્કૃષ્ટ વિશુદ્ધ અધ્યવસાયની નિર્મલતાએ વિધિપૂર્વક સંયમ ગ્રહણ કર્યું.

શ્રી સુમતિનાથ પરમાત્માના ચરિત્રને વિષે મહેન્દ્રસિંહ રાજા પાસે મણિપ્રભ મુનિએ કહેલું પૂર્વભવનું વૃત્તાંત, ધનદેવ અને મદનનો મેલાપ, અરસપરસ કરેલ પોતાનું વર્ણન, બંનેએ લીધેલ દીક્ષા અને સ્વર્ગમાં ઉત્પન્ન થવું, ત્યાંથી મદનના જીવનું વિજયપુરમાં મણિપ્રભ નામે રાજકુમાર થઇ લીધેલ દીક્ષા અને ધનદેવના જીવનું મહેન્દ્રસિંહ નામે વિદ્યાધર રાજા થવું વગેરે વર્ણનવાળો આ ચોથો પ્રસ્તાવ સંપૂર્ણ.

# પ્રસ્તાવ પાંચમો

## *વિજયસેન રાજા પાસે મૂર્છારહિત બનેલા યુવકે આગળ કહેલી પોતાની આત્મકથા.

વિદ્યાધર રાજા મહેન્દ્રસિંહે દીક્ષા લીધા બાદ વિહાર કરી ગયા પછી ગાદીપતિ મ્હોટાભાઈ રત્નચૂડરાજા પણ અનેક વિદ્યાઓને સાધી, અનેક વિદ્યાધર રાજાઓને તાબે કરી તેમનાથી સેવાતો, સમૃદ્ધ રાજ્ય-સુખને અનુભવતો કાલ નિર્ગમન કરે છે અને તેનો ન્હાનોભાઈ મણિચૂડને તેના પિતાએ દીક્ષા લેતી વખતે આપેલી યોગ્ય હિતશિક્ષાને અવગણી ઇંદ્રિયોના માદક આવેગને આધીન થઈ, પૂર્વવત્ દુઃશીલ ભાઈબંધો સાથે અનાચારના માર્ગે નિઃશંકપણે વિચરવા લાગ્યો.

એકદા વસંતઋતુના આગમનથી નવજીવન પામેલી તેમજ દક્ષિણદિશાના(મલયાચલના) પવનના ઝકોરાથી હાલતા અભિનવ-રક્તવર્ણી પાંદડારૂપ હાથોવડે હર્ષભર્યા નૃત્યનો અભિનય કરતી અનેક વનલતાઓની સમૃદ્ધિ હોતે છતે તથા ત્રણે જગત્‌માં અખંડ સામ્રાજ્ય ધરાવનાર શ્રી કામદેવ મહારાજાનું જાહેર ફરમાન અને પ્રણયકલહમાં કૃત્રિમ ડોળ કરી પતિથી રહી ગયેલી માનભરી માનુની-સ્ત્રીઓને શિખામણ વ્યક્ત કરનારા પંચમ સ્વરમાં કોયલના ટહુકાઓથી દિશાઓ ગાજી ઉઠયે છતે, નગરના લોકો વસંતક્રીડારૂપે બાગ-બગીચાઓમાં સ્વૈરવિહાર કરી આમોદ-પ્રમોદભર્યા વાતાવરણમાં મશગૂલ થઈ ગયા હતા. આ પ્રસંગે મણિચૂડકુમાર પણ સ્વેચ્છાચાર પ્રમાણે વિલાસભરી રીતે રાજમાર્ગ પરથી જઇ રહ્યો છે, તે પ્રસંગે એક ઊંચા રાજમહાલયના ઝરુખામાં કોઇ રૂપવતી સ્ત્રીની નજર મણિચૂડ ઉપર પડી, તેણીના માદકભર્યા વિલાસી નયનોથી પોતા તરફ સ્નેહ ઝરતો નિહાલી ખાનદાનીયતને સાવ વિસારી રાજમાર્ગ પરથી જ કામરાગભરી નજરે પેલી સ્ત્રી તરફ મણિચૂડ જોઇ રહ્યો. છેવટે ન છૂટકે પણ તે સ્ત્રીના જ વિચારોમાં શૂન્યમનસ્ક બની પોતાના ઘરે આવ્યો. કોઈક પ્રસંગે **મણિચૂડ** પાસે એકાંતમાં કોઈ એક **સંગમી** નામની દાસી આવી વિનયપૂર્વક નમી બોલી કે-રાજપુત્ર ! મારી અરજ સાંભળો ! કામરાગમાં ભાનભૂલેલા મણિચૂડે લોકલજ્જાદિ અવગણી એકાંતમાં પણ તેણી સાથે વિશ્રબ્ધપણે વાર્તાલાપ કર્યો. દાસીએ કહ્યું કે—

" આ જ નગરમાં રહેતા **જયશેખર** વિદ્યાધરની એકની એક રૂપ-સંપદાથી સકલ

---

*૪૦ મા પાનાના પ્રથમ પારેગ્રાફનું અનુસંધાન, ( મૂર્ચ્છિત થયેલ યુવક મણિચૂડ વિદ્યાધર છે )

વિદ્યાધર કન્યાઓમાં શ્રેષ્ઠ **કનકાવલી** નામની પુત્રી છે, કે જેને **કનકપુર**ના રાજા **કનકકેતુ**ને પરણી છે, પણ તે રાજરાણીએ આપને રાજમાર્ગ પરથી જતાં નિહાળી આપના અદ્ભુત લાવણ્યની છટામય સુભગ રૂપથી મોહાઇ છે. વિષમાસ્ત્ર કામદેવે રૂપસંપદાની મનોહરતાથી આપનાથી પરાભવ પામી આપને નિમિત્ત કરી તે સુકુમાર બાલાને એવી દુઃખી કરી છે કે આપના દર્શન વિના વ્યાકુલ થતી તેણીનું જીવતર પણ જોખમાઈ ગયું છે. આપને જોયા પછી તરત તે બેભાન થઇને જમીન પર પડી ગયેલ, જેથી આજુબાજુના પરિવારે અરે ! કનકાવલીને અચાનક શું થયું ? એમ કોલાહલ મચાવી મૂકેલ, પણ તેના હાર્દિક અભિપ્રાયને જાણનારી મેં અને મારા જેવી સહીયરીઓએ તુરત એકાંતમાં લઇ જઇ યોગ્ય શીતલોપચાર કર્યાં. પરિણામે રાજપુત્રી ભાનમાં આવી, પણ હૃદયના ઊંડાણમાં ખૂંચતા શલ્યથી હંમેશાં આકુલ-હૃદયવાળી રહેતી જેથી મેં ખાનગીમાં પૂછયું કે–હે બ્હેન ! કેમ આમ ઉદાસ છે ? શું કારણ છે ? તેણીએ કહ્યું કે–**સંગમી !** તારાથી તો શું છાનું હોય ? તારે ને મારે માત્ર શરીરનો જ ભેદ છે, આત્મા–મન એક જ છે; માટે તું તુરત જા ! અને રૂપ–સુભગ તે મણિચૂડ કુમારને વિનવજે કે તેઓ તુરત આવી મારી મનોવ્યથા દૂર કરે, તેમના સંગમ–દર્શન વિના મને ચેન પડવાનું નથી. આમ કહીને હે કુમાર ! મને અહીં મોકલી છે, તો તમારાં વિરહરૂપ અગ્નિથી સંતાપ પામેલા તેણીના શરીરને સંગમરૂપ અમૃતરસ છાંટી શાંતિ પમાડવાની કૃપા કરો ! અને તેણીએ પોતાના હાથે તૈયાર કરેલ કપૂર આદિ સુગંધી પદાર્થોના મિશ્રણવાળું આ પાનનું બીડું અને બકુલના ફૂલોની આપેલી આ માલા સ્વીકાર કરો !” એમ કહી દાસીએ પાનનું બીડું અને ફૂલની માલા મણિચૂડ આગળ મૂકી, જેથી મણિચૂડ જેણીના નામની માલા જપતો હતો, તે જ પોતાને આમંત્રે છે જાણી પ્રસન્નતા અનુભવી અને યુવાવસ્થાના ઉન્માદમાં ભાન ભૂલી, કામદેવના ફંદામાં ફસી તેમજ લોકાપવાદ–અપ્રતિષ્ઠા-કુલકલંક આદિ અવગણી વાસના તૃપ્ત કરવા તૈયાર થયો. આનું પરિણામ કેવું ભયંકર આવશે ! તે વિચાર્યા વિના, વડિલોના ઉપદેશને બાજુએ મૂકીને, અને આ ભવ–પરભવને નિતાંત દુઃખમય બનાવીને દાસીનું વચન કબૂલ્યું, પાનનું બીડું, ફૂલની માળા સ્વીકારી, **કુસુમસુંદર** ઉદ્યાનમાં આવવાનો સંકેત આપી પોતાના ગળામાંથી બહુમૂલો હાર કાઢી દાસીને આપ્યો. દાસીએ પણ ‘મોટી મહેરબાની’ કહી કનકાવલી પાસે આવી બધી બીના જણાવી. તે સાંભળીને ખુશી થયેલ કનકાવલી પણ સૂર્ય અસ્ત થતાંની સાથે જ સુંદર શણગાર સજી ઉદ્યાનવિહાર કરવાના બહાને સંગમી સાથે કુસુમસુંદર ઉદ્યાનમાં જઈ એક લતાકુંજમાં બેસી, પ્રિયતમ–મણિચૂડના આવવાની રાહ જોવા લાગી. મણિચૂડ પણ વિષયવાસનામાં અંધ બની, માતા સમાન પરસ્ત્રી સાથે વિષયક્રીડા જેવા નિંદિત કામ માટે પણ ઉત્સાહપૂર્વક તૈયાર થઈ, અંધારું પડયે છતે, ગુપ્તપણે રાજમહેલમાંથી નીકળી કુસુમસુંદર બગીચામાં આવી પહોંચ્યો. ત્યાંના **કામદેવ**ના મંદિરમાં

થતાં નાટારંભ-ગાનતાનને ઘડીભર જોઇ-સાંભળી, પોતાની પ્રેમિકાને શોધતો, એક લતા-કુંજમાંથી સ્ત્રીઓની વાતચીતનો અવાજ સાંભળી નક્કી આ તે જ કનકાવલી અને સંગમી દાસી વાત કરતા જણાય છે એમ ધારી શું વાત કરે છે તે જાણુવા જોડેના ઝાડ પાછળ મણિચૂડ ઊભો રહ્યો. કનકાવલી સખીને કહે છે કે-કામદેવના વિષમ બાણોથી દુઃખી થયેલી હું હવે તો જરા પણ વિલંબ ખમી શકતી નથી ! સખીએ કહ્યું કે-સ્વામિની ! ધીરા થાઓ ! નાહક બેબાકળા ન થાઓ ! કનકાવલી બોલી કે-તું તો હજી ભોળી જ રહી ! અહીં મને તો વિરહાનલ હદ ઉપરાંત સતાવે છે અને રૂપસુભગ મણિચૂડ તો દેખાતો ય નથી, માટે જા ! તું તપાસ તો કર કે શું બન્યું છે ? એટલે **સંગમી** તપાસ માટે લતાકુંજથી બહાર નિકળી. કનકાવલી દાસીના ગયા પછી એકલી પડવાથી વિરહના દુઃખથી ઘેલી બની, દેવકન્યા-અપ્સરાઓને પણ દુર્લભ દર્શનવાળા મણિચૂડકુમારનો મેલાપ મારા જેવી મંદભાગિણીને તે વળી ક્યાંથી થાય ? એમ બોલતી, મણિચૂડે દાસી સાથે મોકલાવેલ હારને છાતીસરસો ચાંપી હર્ષ અનુભવવા લાગી. મણિચૂડે આ જોઇ-સાંભળી વિચાર્યું કે-' અહો ! એણીનો મારા પર કેટલો બધો ઉત્કટ પ્રેમ છે, ' એટલામાં મહારાજા કામદેવના રાજ્યાભિષેક માટે, સોળે કળાએ ખીલી ઉઠેલો ચંદ્ર ઊગ્યો, તેના ઉજ્જવલ-નિર્મલ કિરણોથી આખું જગત્ ક્ષીરસમુદ્રના જલ-પૂરથી ધોવાયેલું ભાસવા લાગ્યું. ચંદ્રના ઉદ્દીપક કિરણોથી વ્યાકુલ બનેલી કનકાવલીએ કહ્યું કે-રે ! નિર્દય ! ચંદ્ર ! તું પીયૂષ-અમૃત જેવા શીતલ કિરણોવાળો કહેવાય છે, ને મને સંતાપ કરનારા અગ્નિકણુ જેવા કિરણોથી કેમ વધુ દુઃખી કરે છે ? આ સાંભળી મણિચૂડે વિચાર્યું કે-બસ ! હવે આ **કનકાવલીને** વધુ દુઃખી કરવી તે ઠીક નથી અને તુરત કનકાવલી સમક્ષ હાજર થયો, જેથી અનુપમ આનંદને ધારણ કરતી કનકાવલી બોલી કે-પ્રાણુનાથ ! તે વખતે તમે નયનોદ્વારા મારા અંતરમાં પેસી, મારી તમામ સુખ-શાંતિ લૂંટી ક્યારે પાછા બહાર નિકળી ગયા ! કંઇ ખબર પડી નહીં. મણિચૂડ કહ્યું કે-પ્રિયે ! કોઈ જાતની ચિંતા કર નહિં ! તારા અદ્ભુત રૂપ-યૌવનાદિ ગુણો( રૂપ દોરડી )થી કામદેવે મને બાંધીને જીવનભર તારો ગુલામ બનાવેલ છે, ઇત્યાદિ શુભ વાર્ત્તાલાપ કરી વિનોદપૂર્વક કેટલોક સમય વિતાવી કનકાવલીને લઇ મણિચૂડ પોતાના ઘરે આવ્યો. સાંસારિક રંગરાગમાં મણિચૂડ પરસ્ત્રી કનકાવલી સાથે તન્મય થઇ ગયો. થોડાક દિવસોમાં તો લોકોને ખબર પડી કે-રાજપુત્ર મણિચૂડે પરસ્ત્રીને અંતઃપુરમાં રાખી છે, લોકો ફિટકાર આપવા માંડ્યા કારણુ કે પાપ કોઈ દિવસ છાનું રહેતું નથી. ગુપ્તપણે પણ કરેલું પાપ ગમે તેટલું છાનું રાખ્યું હોય છતાં છેવટે ઘાસથી ઢાંકેલા અગ્નિની પેઠે છેવટે પ્રકટ થયા વિના રહેતું નથી.

એકદા મણિચૂડના આવા અન્યાયભર્યા વર્તનથી દુઃખી થયેલા રત્નચૂડ રાજાએ વ્હાલભરી શિખામણુના બે શબ્દો કહ્યા કે-" બંધો ! વિવેકી આત્માએ ઉભય લોકોને હિતકારી જ

પ્રવૃત્તિ કરવી ઘટે, તથા ઉત્તમ મહાપુરુષોના જીવનના ઘડતરમાંથી મળી આવતા સદ્‌ગુણો મેળવવા ઉદ્યતશીલ બનવું જોઇએ. વળી મહાપુરુષોના જીવન-સૂત્રને આદર્શ બનાવી તદનુકૂલ ઘડતર કરવા પ્રયત્નશીલ થવું જરૂરી છે, પણ જુવાનીની માદકતાભરી દીવાનીને આધીન બની, ભાનભૂલા બની, ઉન્માર્ગ-ગામી બનવું ઠીક ન કહેવાય. આવે વખતે વિવેકરૂપ અંકુશથી મન ઉપર કાબૂ મેળવવો જોઇએ, વડિલોના વાત્સલ્યભર્યા હિતોપદેશો વિસારવા ન ઘટે, જીવનમાં કલંક લાગે તેવું આચરણ ભૂલેચૂકે પણ ન થવા દેવું જોઇએ, વિષયવાસનાને વશ થઇ ઉચ્છૃંખલ બનતી ઇન્દ્રિયોને સંયમિત રાખવી જોઇએ. સ્વાર્થસાધુ, ખુશામતીયા, દુરાચારી મિત્રોની અકલ્યાણકર સોબત વર્જવી ઘટે, સન્માર્ગથી ભ્રષ્ટ ન થવાની તકેદારી રાખવી જોઇએ, મહાઅનર્થકારી કામદેવરૂપ સર્પના વિષને શમાવવા તનતોડ મથવું એ જ ખરો હિતનો માર્ગ છે, રજનું ગજ કરી નાખનાર લોકોને ટીકા કરવાનો કે આંગળી ચીંધવાનો અવસર સાંપડે તેવું અણછાજતું કામ પણ કરવું ન ઘટે માટે હજી પણ સાવધ થઇ પ્રવૃત્તિ સુધાર કે જેથી આપણા કુલ-ધર્મને બાધા ન પહોંચે, પરલોક બગડે નહીં, તારી ગુણ-સંપદા કલુષિત ન થાય, ઇજ્જત-આબરૂને ધક્કો ન લાગે અને સજ્જનોને ખેદ કે દુર્જનોને ટીખલ કરવાનો અવસર ન આવે; માટે હજી પણ વિવેક-બુદ્ધિથી વિચારી જરા સમજ! વળી બીજું તો ઠીક, પણ આપણા ચંદ્રોજ્જવલ કુલ-કીર્તિ પર શાહીનો કૂચડો ફેરવનાર, પ્રતાપ-સૂર્યના અસ્તાચલ સમાન, કલેશ-વૈમનસ્યના બીજ વાવનાર, પ્રતિષ્ઠાના મહેલના પાયામાં સુરંગ મૂકનાર, સઘળા અનર્થોને નોતરનાર, દુરાચારની રાજધાની સમ, સદાચારરૂપ ચંદ્રમંડળના રાહુસમ, ગુણ સમૃદ્ધરૂપ રાજહંસો માટે વર્ષાઋતુ જેવા, ક્ષાત્રવટની આપણી પૈતૃક-મર્યાદાને જડમૂળથી ઉખેડી નાંખનાર અને દુર્ગતિમાં સરળતાથી પ્રવેશ કરાવનાર મુખ્ય દ્વાર જેવા પરસ્ત્રીગમનના ભયંકર અનર્થમાં તું કેમ પડયો! હાથે કરીને વિનાશ નોતરનારા આ કામને વ્હેલામાં વ્હેલી તકે તું છોડી દે! ખાનદાન કુલમાં જન્મેલા તને આ શોભે નહિં! શરદ્‌ઋતુના મેઘ જેવા નિર્મલ ગુણસંપદાવાળા તને આ છાજે નહિં! ચંદ્રના કિરણોથી પણ વધુ ઉજ્જવળ વિવેકશક્તિ ધરાવનાર તને આ ઘટે નહિં!

આ સાંભળી કુલની ખાનદાની અને વિવેકબુદ્ધિથી પોતાની ભૂલ ધ્યાનમાં આવવા છતાં કામરાગમાં અંધ બનેલ મણિચૂડકુમાર લોકોક્તિને ચરિતાર્થ કરતો બોલ્યો કે- 'પૂજ્ય બંધો! આપના કહેલા તમામ વચનો યથોચિત વિવેકની મર્યાદાને જાળવનારા સુંદર હિતાવહ છે, હું પણ સમજું છું, પણ શું કરું? મારા અશુભ કર્મોએ મને ક્ષત્રીવટની મર્યાદાને લોપનાર, ધર્માધર્મના વિચારથી શૂન્ય, હિતોપદેશથી પરાઙ્‌મુખ, આપાતરમણીય વિષયસુખમાં લંપટ, હલકટભર્યા કામ કરનારો અને નિષ્કલંક અતિ વિશુદ્ધ બાપ-દાદાની ઇજ્જત-આબરુ તેમજ કુલ-ખાનદાનીને કલંક લગાડનાર બનાવ્યો છે!

શું કરું ? ખરેખર હું નિર્મલ સદાચારની ભાવનાઓથી સદંતર દૂર થઇ ગયો છું, વડિલોના અમૃતસમ હિતાવહ પણ ઉપદેશને લાયક નથી રહ્યો, ઉચિત આચરણો તો મેં સાવ વિસારી દીધા છે, પવિત્ર વર્ત્તનની પણ દરકાર રાખી નથી અને સદ્ગતિ મેળવવા માટે તો હું તદ્દન નાલાયક નિવડ્યો છું, માટે કૃપા કરી આ બાબતમાં ફરીથી આપે મને કંઇપણ ન કહેવું ! આ સિવાય બીજી ગમે તે પણ દુષ્કર આજ્ઞા કરો તો તે પ્રાણુના ભોગે પણ બજાવવા ઉદ્યત થઇશ. આ પ્રમાણે બહારથી વિવેકભર્યાં અને અંદરથી પોતાની વાતમાંથી તલ માત્ર પણ ખસ્યા વિના તે બાળક પોતાને સ્વચ્છંદ–વર્ત્તન કરવા વડિલોને પણ સંમતિ દર્શાવવા ફરજ પાડનારા શબ્દો કહી મણિચૂડ મૌન થયો. " ખરેખર વ્યવહારમાં દુષ્કર પણ મનાતા અગ્નિ–પ્રવેશ, ઝેર ખાવું, પાણીમાં ડૂબી મરવું આદિ કાર્યોમાં જગત્ના પદાર્થો મેળવવાની ઘેલછામાં ભાન–ભૂલેલા માનવીઓ સાહસિક–વૃત્તિથી હસતે મુખે ફત્તેહમંદ નિવડે છે, પણ અનાદિકાલીન વાસનાના આવેગમાં તણાતા મનને કાબૂમાં રાખી વિષય–વિકારનો સંયમ સાધી શકતા નથી. પરસ્ત્રીને ઉપાડી લાવ્યાનો ગુન્હો જગ-જાહેર રીતે કરી રહેલા મણિચૂડને વાત્સલ્યભર્યાં શબ્દોમાં હિતશિખામણ દેવા છતાં પણ જરાય અસર ન થઇ અને વડિલોના ઉપદેશ કે કુલની પ્રતિષ્ઠા કે ઇજ્જતના સવાલને ધીઠાઇથી ઉડાડી દઈ ઉડાઉ જવાબ આપનાર પોતાના બંધુની મનોદશાનો ભાવદયાપૂર્વક વિચાર કરતો રત્નચૂડરાજા સ્વસ્થાને ગયો, નીતિકારો પણ કહે છે કે " માનવી ત્યાં સુધી જ લાજ–મર્યાદા કે સદ્વિચારોના નિયંત્રણથી ઉન્માર્ગે જતાં અટકે છે, કે જ્યાં સુધી સચ્ચારિત્ર અને વિવેકબુદ્ધિને નષ્ટ કરનારી વિષય–વાસનાના કારમા સપાટામાં ફસાણો નથી. " મણિચૂડ પણ વિષયાંધ હોવાના કારણે જ વડિલ–બંધુની હિતાવહ શિખામણથી સન્માર્ગ પર આવી શકયો નહિં.

એકદા પોતાના પ્રેમમાં અંધ બની લોક–વિરુદ્ધ બીજાની પરણેતરને ઘરમાં લાવવાના હીચકારા કૃત્ય કરનાર પોતાના પ્રેમી મણિચૂડની ઠેરઠેર અપભ્રાજના થતી સાંભળી લોક-નિંદાના ડરે કદાચ પોતાને કાઢી મૂકે તો ઉભય–ભ્રષ્ટ થઇ પોતાના બેહાલ ન થાય તે હેતુથી કનકાવલીએ બીજા અજાણ્યા પ્રદેશમાં જવાની તેને ઇચ્છા દર્શાવી, એટલે તેના મોહમાં ઘેલા બનેલ મણિચૂડે તમામ સ્નેહી કુટુંબ–પરિવારને છોડી, રૂપથી કન્યાઓને પણ લજવનારી ગુણીયલ પોતાની અનેક વિદ્યાધર સ્ત્રીઓના નામ–મોહને અવગણી, પ્રેયસીના મનને રાજી રાખવા આ જંગલમાં આવ્યો. વિદ્યાબલે સુંદર મહેલ બનાવી નિરંતર યથેચ્છ ભોગ–વિલાસમાં આ ભીષણ પણ અરણ્ય તેને સ્વર્ગલોકસમ ભાસવા લાગ્યું. આવા અધમ આચરણોદ્વારા જીવનનો અધઃપાત હાથે કરી નોતરનાર મણિચૂડ એક દિવસ સવારે બહાર ગયેલ તે સમયે કોઇ અજાણ્યા ( વિદ્યાધર ) માણસને પોતાની પ્રેમિકા સાથે વાત કરતો બહારથી આવતાં મણિચૂડે સગી આંખે નિહાળ્યો. તેના ગયા પછી તેણીને પૂછ્યું પણ

ખરું કે વ્હાલી! કોણ આવ્યું હતું? સ્ત્રીચરિત્રનિપુણ તે સ્ત્રીએ–એ તો મારા પિયરમાંથી મારી ખબર કાઢવા મારી માએ મોકલેલ મારો ભાઇ છે, એવો ભળતો જવાબ આપી કામાંધ તેના મનને તાત્કાલિક સંતોષી દીધું. થોડીવાર પછી ઉદ્યાન–વિહાર કરવાના બ્હાને તે કનકાવલી મણિચૂડને આ બાજુ તેડી લાવી. થોડીવાર આમતેમ ફરી ' હવે તો ગરમી બહુ લાગે છે, મધ્યાહ્ન સમય થયો છે '–એમ કહી તેને લઇ આ સરોવરમાં જલક્રીડાર્થે લાવી, તે પણ બૈરીમુખો બની લાજ–મર્યાદા નેવે મૂકીને કપડાં તલવાર આદિ કિનારે મૂકી સરોવરમાં જાહેર રીતે સ્ત્રી સાથે જલક્રીડા કરવા લાગ્યો. થોડીવારમાં તો દૂરથી કોઈક વિદ્યાધરને તલવાર ઉગામી મણિચૂડ ભણી ધસી આવતો જોયો અને ક્રોધથી લાલ બનેલી આંખોમાંથી અગ્નિના કણીયા વરસાવતા તેના મુખમાંથી " એય! દુષ્ટ! વિદ્યાધરાધમ! મહાવિદ્યા સાધવામાં તત્પર મારી સ્ત્રીને તું ઉઠાવી લાવ્યો છે! ઊભો રહે! તને બરાબર સજા કરું ' ના તિરસ્કારભર્યા શબ્દો સંભળાણા. તેણે પણ તુરત જ સાવધ થઈ કિનારે આવી તલવાર લઈ મેદાને જંગ ખેલવા તૈયારી કરી ત્યાં તો અચાનક પેલા ચાલાક વિદ્યાધરે તલવારના અચૂક અનેક ઝાટકા મારી મણિચૂડને ભોંય–ચાટતો કર્યો. આ જોઇ કનકાવલીએ હસતાં કહ્યું કે–સ્વામીનાથ! ઠીક કર્યું, દુરાચારીને ઠીક સજા કરી. આ દુષ્ટ મને બળાત્કારે ઉપાડી લાવ્યો હતો. આ સાંભળી ફરી ઝનૂન ચઢવાથી કનકકેતુએ ફરી તેને તલવારથી જખ્મી કર્યો, અને તેને મરેલો ધારી પેલો વિદ્યાધર કનકાવલીને લઇ ચાલ્યો ગયો. તેજ હું મણિચૂડ વિદ્યાધર છું. હું મૂર્ચ્છિત થઇ ગયેલો હોવાથી પછી શું થયું? તેની મને હે રાજન્! ખબર નથી, પણ આપ જેવા પુણ્યવાન્ મહાપુરુષના પનોતા પગલાં થવાથી મને પુનર્જીવન મલ્યું છે. આ મારી દુર્દશાનું કારણ છે, ખરેખર મારું ધારવું છે કે—જેણીના ખાતર મેં લોકલાજ, આબરુ–પ્રતિષ્ઠા નેવે મૂકી, કુટુંબ–પરિવાર છોડી આ જંગલમાં આવી વસ્યો, તે કનકાવલીના જ આ બધાં કારસ્થાન છે. સવારે જે અજાણ્યા માણસ સાથે વાત કરતી હતી તે નક્કી મારો ઘાટ ઘડવા યોજના વિચારતી હતી, મારા હાથમાં હથિયાર હોય તો મને જેર કરવો દુષ્કર ધારીને જ જલક્રીડાના બ્હાને તલવાર કિનારા પર મુકાવી મને સરોવરમાં જલવિહારમાં વિશ્વાસી બનાવી સંકેત મુજબ કનકકેતુએ આવી મારા હાલ–બેહાલ કર્યા. ખરી રીતે તો " હાથે કર્યાં હૈયે વાગ્યાં "ની જેમ મારી ઉચ્છૃંખલ દુરાચારિતાથી જ હું દુઃખી થયો છું. આ બધા તો નિમિત્તરૂપ છે, છતાં મને સ્વાનુભવથી પ્રતીત થયું છે કે–વિષયવાસનાના દુરંત આસ્વાદ માટે લંપટ સ્ત્રીઓ જાન ન્યોછાવર કરી દેવા સુધીનો પ્રેમ કે સુંદર ચાતુરી, ગુણ–સમૃદ્ધિ કે લાજ–શરમ કોઈનાથી રીઝતી નથી, ખરેખર તેણીઓનાં મન જ દુર્ગ્રાહ્ય હોય છે. વડિલોના અનુભવપૂર્ણ હિતાવહ સુંદર વચનો અવગણી વાસનાના આવા દુરંત ફંદાની ફસામણીથી અણછાજતા આચરણો કરનાર મારા જીવતરને ધિક્કાર છે! જે કામ-રાગમાં અંધ બની, નિર્લજ્જ બની, કુલ મર્યાદાનો ભંગ કર્યો, કુલીનતા–ખાનદાનીના

ખમીરનો નાશ કર્યો, વાસના તૃપ્ત કરવા આંધળી દોટ મૂકી, અનેક દુર્યોનિમાં રખડી ભયંકર દુઃખો ભોગવવાનું આખરી પરિણામ ભૂલ્યો, હાય! હાય! જીવનમાં પ્રાણના ભોગે પણ સાચવવા લાયક સ્વમાન અને આબરુ–પ્રતિષ્ઠા પણ વેડફી નાંખી, ખરેખર! ફુટી કોડી મેળવવા અમૂલ્ય ધન–સંપદા હારી ગયો છું, મેં મારા આત્માને ખરેખર છેતર્યો છે, કુંદના ફૂલ જેવા નિર્મલ વંશને મેં કલંકિત કર્યો છે, મારા સ્વજન વર્ગના મુખ પર કલંકનો કૂચડો મેં ફેરવ્યો છે, હા! મારા અપયશની કાલિમાથી ત્રણે ભુવન કલુષિત થયા છે, મેં મારા પરમ–હિતેચ્છુ પિતા અને વડિલ બંધુના હિતકારી વચનો ઉથાપી મારી મુરાદો બર લાવવા વિવિધ દુરાચરણોના માર્ગે જીવન વેડફી નાંખ્યું, તેનું પ્રત્યક્ષ ફલ આજે અનુભવ્યું, હજી દુર્ગતિમાં ભટકી ભોગવવાના દુઃખની તો વાત જ શી કરવી? મારા જેવો અધમ–પાપી ખરેખર આ જગત્માં કોઇ નહિં હોય! ખરેખર નરક–નિગોદની વિષમતર વેદનાઓ ભોગવ્યા વિના હવે મારો છૂટકારો થાય તેમ જણાતું નથી! અરેરે! કોણ મારા જેવો દુર્ભાગિયો હશે! હે ભાગ્યવાન મહાપુરુષ! એ રીતે મેં મારી આત્મકથા આપને જણાવી છે."

આ સાંભળી **વિજયસેન** રાજાએ આશ્વાસન આપતાં કહ્યું કે—"ભદ્ર! પરદારાગમન ખરેખર પરિણામે દુરંત દુખદાયક નિવડનારું આવું જ છે, માટે જ સત્પુરુષો પહેલી તકે તેનો ત્યાગ કરે છે, બુદ્ધિશાલી લોકો ઇચ્છતા પણ નથી, આ ભવ પરભવ સુધારવા ઇચ્છનારાઓ સદંતર અનાચરણીય માને છે. વળી સઘળા દોષની ખાણ સમી અનર્થ–પરંપરાને ઉપજાવનારી અને ક્ષણે ક્ષણે કૃત્રિમ રાગ–રોષના ભાવો દર્શાવવામાં કુશલ સ્ત્રીઓના–વાસનાને ઉત્તેજિત કરી પ્રાણીઓને મૂઢ બનાવનારા–આચરણો કોને નિર્વેદ–કંટાળો ન ઉપજાવે? તે છતાં પણ ઠોકર ખાઇને માર્ગે આવી પોતાની ભૂલ સમજનારા પણ જગતમાં વિરલા છે, માટે તું એટલો પણ ભાગ્યશાલી છે કે–અધઃપાતના માર્ગથી જીવનને બચાવી ક્ષતિ–ભૂલને યથાર્થ રૂપમાં સમજી શકયો છું. વળી **ઠોકર ખાધે સાન આવે** એ કહેવત અનુસાર તો આવા આફતના પ્રસંગો તો ભાગ્યશાલીને જીવનમાં સોનેરી બોધપાઠ સૂચવે છે, માટે તે બાબત ખેદ ન કર!"

મણિચૂડ કુમાર પોતાની છતી ભૂલને પણ ઘૃણાપૂર્વક ટકોર કરી તરછોડવાને બદલે સુમધુર વચનોથી પ્રસંગોચિત આશ્વાસન આપવાની સૌજન્યભરી વૃત્તિથી દુઃખભર્યાં હૈયાને હળવું કરનાર તે રાજાનો વધુ પરિચય મેળવવા ઉત્સુક બન્યો, અને નમ્રભાવે બોલ્યો કે—'પ્રાણદાતા! પુરુષશ્રેષ્ઠ! કૃપા કરી જણાવો કે તે નગર કયું છે કે જે આપ જેવા ઉપકારસુભગ મહાપુરુષના વિયોગના દુઃખથી હાલ પીડિત છે? આપના પુનિત પગલાં આ દિશામાં શા હેતુથી અને કયા શુભ આશયથી થયા છે? કે જેનો અચાનક લાભ મારા જેવા પતિતને મળ્યો છે!' રાજાએ કહ્યું કે 'હું શંખપુરનો રહેનારો છું. અને વિપરીત શિક્ષાવાળા ઘોડાથી આ જંગલમાં આવી પહોંચ્યો છું.' આ સાંભળી મણિચૂડે શંખપુરનું

નામ શ્રવણ-ગોચર થતાં જ ત્યાંના પ્રતાપી ગુણગણસમૃદ્ધ વિજયસેન મહારાજાના પુનિત યશોગાન સ્મરણમાં આવવાથી સંભ્રમપૂર્વક કહ્યું કે—'ત્યારે તો મારું ધારવું છે કે-આપ તો શંખપુરાધિપતિ **વિજયસેન મહારાજા** જ છો; કારણ કે તે વિના આવી નિષ્કારણ પરોપકાર-રસિકતા, કરુણાર્દ્રતા અન્ય સામાન્ય માણસમાં સંભવિત નથી! અહો! હું કેવો ભાગ્યશાલી! મારા માટે તો આ દુઃખ પણ મહોત્સવરૂપ અને કલ્યાણકર નિવડયું કે આપના જેવાના દેવદુર્લભ દર્શન સહેજે આવા વિષમ અરણ્યમાં થયા.' આમ મધુર સંભાષણ કરતાં સંધ્યા-કાલ થયો. સમયોચિત કાર્ય પતાવીને રત્નજડિત પલંગોમાં સુખશય્યામાં સૂતેલા તેઓની રાત ક્ષણભરમાં પસાર થઇ ગઇ. પ્રભાતકાલની આસન્નતાએ દિશાઓમાંથી અંધકાર અસ્ત થવા માંડ્યો. વિવિધ પંખીઓના સુરમ્ય કિલકિલાટથી દિશાઓ ગાજી ઉઠી. અલ્પસમયમાં સૂર્યદેવપતિના સંગમની સંભાવના હોવાથી અરુણોદયકાલીન રક્તવર્ણી પ્રભાથી કંકુ આદિના વિલેપનવાળા શરીરવાળી નવવધૂની જેમ પૂર્વ દિશા શોભી ઉઠી. રૂઠીને ચાલ્યા ગયેલા પતિની જેમ અસ્ત પામી ગયેલ સૂર્યરૂપ પતિના વિરહથી દુઃખી બનેલ અને પતિ-સૂર્ય દર્શન માટે ઉત્સુક બનેલી કમલિની પત્રરૂપ નયનોનો વિકાસ કરી અંદરથી નિકળેલા ભમરાઓથી જાણે શોકભર્યા નીસાસા મૂકતી હોય તેમ જણાવા લાગી અને નિબિડ અંધ-કારના ફેલાવાથી લગભગ નિશ્ચેષ્ટ બનેલ જગતને અવલોકી કરુણાર્દ્ર બની સૂર્યે પોતાના સહસ્રકરો-કિરણો ઉદ્ધાર કરવાની અભિલાષાએ પ્રસાર્યા, આમ સૂર્યના પ્રકાશથી ઝલહલાટ થયે છતે વિજયસેન મહારાજ જાગૃત થયા, સ્નાનાદિનું કામ પતાવ્યા બાદ મહારાજાને અંજલિબદ્ધ પ્રાર્થના કરી કે-'મહારાજ! આપ મારા જીવનદાતા છો! આપની અમીભરી નજર મારા જેવા અધમ પર ન થઇ હોત તો દ્રવ્યથી પ્રાણાંત કષ્ટ અને ભાવથી કામાંધદશાના ફંદામાંથી હું કદી ઉગરત નહિં! માટે હું તો હવે આજીવન આપનો આજ્ઞાંકિત દાસ બની ચૂકયો છું, માટે કંઇ મારા લાયક દુષ્કર પણ આજ્ઞા ફરમાવો, જેનું પાલન કરી યત્કિંચિત્ જીવનદાનનું ઋણ અદા કરી શકું.' આ સાંભળી મણિચૂડની નમ્રતાથી પ્રસન્ન થયેલ વિજયસેનમહારાજે પોતાને પરણવા માટે સામે પગલે આવતી અને અચાનક કોઈનાથી અપહૃત થયેલી **સુદર્શના**નો પત્તો મેળવવાના ઈરાદાને બર લાવવા વિવિધ દેશ-દર્શનના કૌતુકને પૂર્ણ કરવા કહ્યું. મણિચૂડે તરત જ વિદ્યાબલે વિવિધ રત્નજડિત તોરણસ્તંભ આદિની પ્રભાથી દેદીપ્યમાન, મધુર ઘંટડીયોના ઝણકારવાળું સુંદર વિમાન વિકુર્વ્યું, વિજયસેન મહારાજા પણ મણિચૂડકુમારની સાથે યથેચ્છ દેશ-વિદેશ જોવાના કૌતુકને પૂર્ણ કરવા તેમાં બેસી ગગનવિહાર કરવા લાગ્યા.

વિજયસેન રાજા પાસે મૂર્ચ્છા રહિત થયેલ યુવકે આગલ કહેલી પોતાની આત્મકથાવાળો આ પાંચમો પ્રસ્તાવ પૂર્ણ થયો.

# પ્રસ્તાવ છઠ્ઠો

## રાજપુત્રી સુદર્શનાની જંગલમાં થયેલી દુર્દશા. ચારણમુનિનો મિલાપ. કર્મનું સ્વરૂપ જણાવવા સાથે શ્રી નમસ્કાર મહામંત્રનું નિરંતર સ્મરણ કરવા આપેલ ઉપદેશ.

*આ બાજુ **શંખપુરના સુમંગલ** સાર્થવાહના મુખથી **વિજયસેન** મહારાજાની ગુણસમૃદ્ધિ સાંભળી **ગંધપુરના** રાજા **તારાપીઠે** પોતાની પુત્રી **સુદર્શનાને** પરણવા યોગ્ય સામગ્રી સાથે શંખપુર ભણી વિદાય કરેલ, પણ વચમાં એક જંગલમાં રાત્રિના સમયે કો'ક પૂર્વભવવિદ્વેષિણી ક્ષુદ્ર વ્યંતરીએ પલંગમાં સૂતેલી રાજપુત્રી સુદર્શનાનું અપહરણ કર્યું અને ચારે બાજુ મદમાતા થઈને ફરતા ગંધહસ્તીઓના મદ-ઝરણાંથી આપ્લાવિત ભૂમિભાગવાળા, ભીષણ ગર્જના કરતા ભયંકર કેશરીસિંહે ઝડપેલા હરણ આદિ પ્રાણીઓના કરુણ ચિત્કારોવાળા, ગગનચુંબી તાલ, તમાલ, હિંતાલ આદિ વિશાલકાય ઘટાબદ્ધ ઝાડોથી વિકટ અને દિવસે પત્થરહૈયાંને પણ થડકાવી મૂકે તેવી ભીષણતાવાળા ઘોર જંગલમાં પટકીને ભાગી ગઈ. રાજપુત્રી પણ સહસા અણધારી આવી પડેલ આફત અને વ્યંતરીના ઉપદ્રવથી બેબાકળી બની તરુનિકુંજમાં મૂર્છાવસ્થામાં બેભાન થઇને થોડીવાર પડી રહી, બાદ મંદમંદ લહરાતા રાત્રિના શીતલ પવનથી મૂર્છા વળતાં ચેતનામાં આવી, આસપાસ ભયભ્રાંત નજરે નિહાળતાં પોતાને ભયંકર અરણ્યમાં આવી પડેલી જાણી પરિસ્થિતિની વિષમતાના વિચારથી વિહ્વલ બની ગઇ, અને ''ઓ બાપ રે ! ઓ મા !'' ના આક્રંદ કરતી દુઃખને જીરવી ન શકવાથી સ્ત્રીસ્વભાવસુલભ કરુણતાભર્યું રુદન કરી જંગલના પ્રાણીઓને પણ કરુણાર્દ્ર કરવા લાગી, એટલામાં જાણે તેણીના છાતીફાટ વિલાપ-રુદનને ન જોઈ શકવાના કારણે ચંદ્ર પણ દૂધ જેવા નિર્મળ શીતલ કિરણોને સંકોચતો અસ્ત થવાની તૈયારી કરવા લાગ્યો જેથી અંધકારની ઘનતા વધવા માંડી અને જાણે રજનીદેવી-(રાત)સુકુમાર શરીરવાળી સુભગ રાજપુત્રીની કરુણ દશા નિહાળી ચમકતા તારાઓરૂપે સ્થૂલ આંસુઓ પાડતી, સઘન અંધકારરૂપ કેશ-પાશ(ચોટલા)ને વિસ્તારી છાતીફાટ રુદન કરી સહૃદયતા દર્શાવતી હોય તેવો ભાસ થવા લાગ્યો, પણ પોતે રાજપુત્રીના વિપુલતર દુઃખમાંથી થોડો

* અહીંથી શરૂ થતા કથાપ્રસંગનો પૂર્વસંબંધ ચાલુ ગ્રંથના પ્રસ્તાવ ૧ (પા. ૧૫-૧૮) તથા પ્રસ્તાવ ૨ (પા. ૨૦-૨૧) માંથી જોઇ લોવો.

પણ ભાગ ન લઈ શકવાના કારણે કે પ્રતિકાર ન કરી શકવાના કારણે રાત્રી પણ થોડા સમયમાં ચાલી ગઈ અને થોડી વારમાં તો ઉદયાચલના શિખર પરથી બાલસૂર્યે પોતાના કિરણરૂપી હાથોથી જાણે રાજપુત્રીને આશ્વાસન આપતાં જાણે કહેતો ન હોય તેમ કહે છે કે હે ?–" **દિકરી ખિન્ન ન થા !** મારી તરફ જરા જો ! કાલ સાંજે આખા જગતે જોયેલી વિષમતર અસ્ત સમયની દશા અનુભવવા છતાં કાલચક્રના પરિવર્ત્તન મુજબ આજે પુનઃ મારી તેજલક્ષ્મીના સંભાર સાથે ઉદયાચલ પર ઊગ્યો છું, માટે તું પણ તારા અશુભ કર્મોના વિપરિણામ ભોગવ્યા પછી પુનઃ સમૃદ્ધિ–સુખ અનુભવી શકીશ માટે ગભરા નહિં ! હિમ્મત રાખ !" રાજપુત્રી પણ સૂર્યનું અજવાળું બરાબર વિસ્તરે છતે આવી પડેલ આફતનું યોગ્ય માર્ગદર્શન મેળવવા ત્યાંથી ઉઠીને જગત્‌ની ક્ષણભંગુરતા અને સ્વપ્ન-સૃષ્ટિની જેમ સંસારની આળપંપાળનો વિચાર કરતી, બન્ને આંખોમાંથી ધારાબદ્ધ આંસુ–સારતી કર્કશ–તીખા કુશ–ડાભની અણીઓથી વિંધાએલા પગમાંથી ઝરતા લોહીવાળી, અને સૂર્યના તાપથી થતા સુકોમલ શરીરના સંતાપને સહતી પૂર્વદિશા ભણી ચાલવા લાગી. શોકાકુલ હૃદયપણે ભયભીત બનેલી હરિણીની જેમ જંગલમાં આમતેમ આથડતી તે રાજપુત્રી ક્યાંક ભયંકર ફૂંફાડા મારતા નાગ–સર્પોથી ડરીને લપાતી–છુપાતી, ક્યાંક વનરાજ કેશરીસિંહની ભયંકર ગર્જનાથી ત્રાસ પામતી અને ક્યાંક મહોન્મત્ત પર્વતકાય જંગલી હાથીઓના ધસારાથી પોતાને માંડ–માંડ બચાવતી, આવી પડેલ દુઃખ–સંતાપમાંથી બચવા કોઇ આશ્રય–શરણું શોધવા લાગી, એટલામાં જંગલમાં પણ શરીરના મમત્વને સાવ વિસારી, પરીષહોપસર્ગના ઝંઝાવાતોથી જરા પણ ન ડગનારા, મેરુપર્વતની જેમ નિશ્ચલ, ત્રણે ભુવનને મ્હાત કરનાર કામદેવના ગર્વને ચકચૂર કરનારા અને સાક્ષાત્ ધર્મ-મૂર્ત્તિસમા એક **ચારણ મુનિને** કાયોત્સર્ગ અવસ્થામાં શિલાપટ પર રહેલા દીઠા. સુદર્શના રાજપુત્રી પણ વિષમ અરણ્યમાં પણ નિષ્કારણ ઉપકાર કરનારા, નિઃસ્વાર્થી, દુઃખનું ખરું કારણ શોધી પરમ સુખી બનવાનો હિતાવહ માર્ગ દર્શાવનારા મહામુનિનો સમાગમ અચાનક થવાથી ચિંતામણિરત્ન મળ્યા જેટલો અતિશય આનંદ અનુભવતી નજીકમાં આવી વિનયપૂર્વક નમસ્કાર કરી ઉચિત સ્થાને બેઠી.

જગવત્સલ કરુણામૂર્ત્તિ મુનિવરે પણ દુઃખના ભારથી વિહ્વલ બનેલ છતાં શરીર–સૌષ્ઠવ આદિથી સારા ખાનદાન–ઉત્તમ કુલની જણાતી ભયસંતપ્ત તેણીને જોઇ ધર્મલાભના પરમ કલ્યાણકર આશીર્વાદપૂર્વક સાંત્વન કરતાં કહ્યું કે–" ભદ્રે ! સંસારની માયા આવી જ વિચિત્ર અને સ્વપ્ન કે ઇંદ્રજાલની વિભૂતિની જેમ ક્ષણભંગુર–પરિવર્ત્તનશીલ છે, તેમાં પણ જડ છતાં અનંત શક્તિવાળી કર્મસત્તા તો ગજબની ઘટનાઓ સર્જે છે. આ સત્તાના દુર્લંઘ્ય પ્રભુત્વ આગલ સુરેન્દ્ર કે ત્રણે જગતના સ્વામીનું કંઈ ચાલી શકતું નથી,

જાણ્યે-અજાણ્યે, ઇચ્છાએ કે અનિચ્છાએ બંધાયેલા કર્મોના વિપાક ભોગવ્યા સિવાય કોઈનો છૂટકારો થતો નથી. વળી સુકૃતના સંચયની ન્યૂનતાવાળા પ્રાણીઓ તો ડગલે-પગલે અવનવી આફતોના ઓળામાં અટવાઇ અજ્ઞાન મૂઢતાના કારણે વધુ દુઃખને નોતરનારા અશુભ કર્મોના બંધનોમાં વળી પાછા સપડાતા જાય છે, માટે પોતાનું હિત ઇચ્છતા પ્રાણીએ આવી પડેલ આફતને પૂર્વસંચિત પાપકર્મના ઉદયે આવેલ માની યથા-શકય પ્રયત્ને ધર્મારાધના તરફ વધુ લક્ષ્યવાળા બનવું જોઇએ." મુનિવરની અમૃતમય-હિતકર મધુર વાણી સાંભળી કંઇક સ્વસ્થ બનેલી સુદર્શનાએ હાથ જોડી વિનીતભાવે કહ્યું કે—'આપની વાત યથાર્થ છે, જગતના પ્રાણીઓ ખરેખર દુઃખના મૂલ કારણને સમજ્યા વિના નાહકના આમતેમ આથડી જાણી જોઈને વધુ દુઃખમાં સપડાય છે, માટે આ સ્થિતિમાં ઉપયોગી થાય અને શક્ય હોય તેવી કોઇ ધર્મારાધનાનો ઉપદેશ ફરમાવો જેથી અશુભ કર્મોનો ક્ષય થવાથી આત્મા પરમશાંતિ પામી શકે.' મુનિ-વરે પણ ભાવકરુણાર્દ્ર બની કહ્યું કે "ભદ્રે ! હાલ તું બીજું કંઇ ધર્માચરણ ન કરી શકે તો પણ નિરંતર શુદ્ધ ચિત્તથી લોકોત્તર પરમપુણ્યશાલી પંચપરમેષ્ઠિઓને નમસ્કાર-રૂપ **શ્રી નવકારમહામંત્ર**નું અહર્નિશ રટણ-સ્મરણ કર ! આ મંત્ર ભયત્રસ્ત પ્રાણી-ઓને સાચું શરણું આપી ભયમુકત કરનારો છે અને પાપરૂપ વૃક્ષોના સમૂહને અગ્નિની જેમ બાળી નાંખે છે. આના અચિંત્ય માહાત્મ્યથી નાના મોટા વિઘ્નો-ઉપદ્રવો સૂર્યથી અંધકારની જેમ દૂર ભાગે છે; તેથી જ દુર્ગતિરૂપ પર્વતોના નાશ માટે વજ્ર સમાન, ધર્મ-ધ્યાન અગ્નિને ઉત્પન્ન કરવા અરણિકાષ્ઠ સમાન, મંગલમાલાની ખાણસમા, મોક્ષપ્રાસાદમાં પ્રવેશ કરવા માટે ઉત્તમ દ્વાર સમાન અને ત્રણે જગતના તમામ પ્રાણીઓની વિવિધ ચિંતાઓને ચિંતામણિ રત્નની જેમ ક્ષણભરમાં દૂર કરનાર આ મહામંત્રનું વિશુદ્ધભાવે મહાપુરુષો અહર્નિશ સ્મરણ કરતા હોય છે." આ સાંભળી વધુ હર્ષાન્વિત બનેલી રાજ-પુત્રીએ વિનીતભાવે ગુરુમુખે નવકાર-મહામંત્રનો સ્વીકાર કર્યો. મહામુનિએ પણ બાલાની શ્રદ્ધા મજબૂત કરતાં પુનઃ કહ્યું કે 'નિઃસંશય આ મહામંત્રના પ્રભાવથી તારા તમામ દુઃખો અલ્પકાળમાં ચાલ્યા જશે અને તારી મનોકામનાઓ ધર્મપસાયે શીઘ્ર પૂર્ણ થશે.' એમ કહી મેરુપર્વત ઉપર વિરાજમાન શાશ્વત જિનપ્રતિમાઓની યાત્રા કરવા તે મહા-મુનિ આકાશમાર્ગે વિહરી ગયા.

રાજપુત્રી સુદર્શના મહામુનિના ઉપદેશવડે કર્મના વિપાકની મહત્તા ધ્યાનમાં આવવાથી, આવી પડેલી આફતના કારણે થયેલી વિહ્વલતા દૂર થતાં તેમજ સર્વ સંકટનિવારક શ્રી નમસ્કાર મહામંત્રની સુભગ પ્રાપ્તિ થવાથી પોતાના દુઃખને વિસરી જઈ તે જંગલમાં જ ફલાદિથી આજીવિકા ચલાવતી યથેચ્છ વિહરવા લાગી. ભાગ્યયોગે

તેણી એક દિશામાં ચાલવા લાગી. રસ્તામાં અનેકવિધ સંકટો નવકાર મહામંત્રના પ્રભાવથી તેણીના દૂર થતા ગયા, તેથી વધુ શ્રદ્ધાલુ બની એકાગ્રપણે નવકારનું રટણ કરવા લાગી. પરિણામે કયાંક મદોન્મત્ત હાથીઓના ગંડસ્થલને ભેદી નાંખવાને સમર્થ તીક્ષ્ણ નખાગ્રવાળો પંજો ઉગામી ભીષણ કરવત જેવી તીખી દાઢોવાળો ધસારાબંધ ફાલો ભરી આવતો સિંહ પણ તેણીની સમીપ આવવા સમર્થ થતો નહતો, તેમજ ઝરતામદની ઉત્કટ ગંધવાસનાથી નહિં રોકાતા ભમરાઓથી વધુ ક્રોધતિ બનેલા હાથીઓનું ટોળું પણ જાણે રાજપુત્રીથી ડરતું હોય તેમ દૂર જ રહેવા લાગ્યું. વળી ધૂમાડાના ગોટાઓથી ચારે બાજુ અંધારું કરી દેનાર, ભડભડ બળતી ગગનચુંબી નાની મોટી અનેક જ્વાલાઓથી પદાર્થ માત્રને ભસ્માવશેષ કરનારો જંગલનો પ્રચંડ દાવાનલ પણ તે રાજપુત્રીને જાણે પોતે બુઝાઇ જઇને જવાનો માર્ગ કરી આપવા લાગ્યો. વળી હલાહલ ઝેરની પિચકારીઓવાળા, છાતી થડકાવી મૂકનારા કુંફાડા અને ફણાના ભયંકર દેખાવોથી ક્રોધ-ઈર્ષ્યાની બહુલતા સૂચવતા ક્રોધાંધ નાગરાજો પણ રાજપુત્રીને કંઇ પણ ઉપદ્રવ કરી શકતા નહતા અને પૂર્વના પુણ્યથી મળેલ સામગ્રીનો પોતાની કૂતુહલ વાસનાને તૃપ્ત કરવા દુરુપયોગ કરી બીજાને સંતાપકર નિવડતા ભૂત-પ્રેતાદિઓ પણ મહામંત્ર-સ્મરણના પ્રભાવથી રાજપુત્રીની દૃષ્ટિ માત્રથી હતપ્રભાવ બની કંઈ પણ વિરૂપ કરવા સમર્થ થતા નહતા. આ પ્રમાણે ભીષણ અટવીના વિવિધ ઉપદ્રવોને પણ ગુરુએ આપેલ નવકાર મહામંત્રના સ્મરણના પ્રતાપે હઠાવતી રાજપુત્રી દિવસે યથેચ્છ આરામ લેતી ચાલ્યા કરતી, અને જ્યાં રાત પડે ત્યાં નિર્ભીકપણે પાંદડાની પથારી કરી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું શરણું લઇ નિર્વિઘ્નપણે રાત પસાર કરતી. આ પ્રમાણે નિરાધારપણે નિર્જન જંગલમાં આવી પડવા છતાં રાજપુત્રીએ ધર્મના પ્રભાવથી કેટલાક દિવસ પસાર કર્યા.

**સુદર્શનાને સિંહરાજાએ ચંદ્રપુરમાં લઇ આવવી અને સિંહરાજાની પ્રાર્થનાનો સુદર્શનાએ કરેલો તિરસ્કાર.**

એકદા હાથીઓ પકડવા આવેલ **ચંદ્રપુરનો સિંહ** નામનો રાજા તે બાજુ અચાનક આવી ચડયો, અને જંગલમાં આમતેમ આથડતી તે રાજપુત્રીને જોઈ આશ્ચર્યચકિત થયો. સાથે જ તેણીના ખીલી ઉઠેલ રૂપ-સૃષ્ટિવાળા સુંદર શરીરના અવયવો નિહાલી મુગ્ધ બન્યો, અને શરીરના દેખાવ ઉપરથી તેણીને કુંવારી કન્યા સમજી વિકારી દૃષ્ટિથી ચિંતવવા લાગ્યો કે-' અહો ! આવી શૂન્ય અટવીમાં પોતાના સૌંદર્યથી કામદેવની સ્ત્રી રતિ તથા પાર્વતી કે લક્ષ્મીદેવીની રૂપસૃષ્ટિને નિઃસાર કરનારી આ અદ્ભુત બાલા કોણ હશે ? નક્કી મેં પૂર્વજન્મમાં દુષ્કર તપસ્યાદિના આસેવનથી બહુલ પુણ્ય ઉપાર્જેલું લાગે છે કે જેથી આવી દેવદુર્લભ બાલાને આમ સહજ આવા વિષમ અરણ્યમાં હું જોઇ શકયો છું, ખરેખર

હું ભાગ્યશાલી છું.' આમ વિચાર કરી તેણીને પરણવાની લાલચે પોતાની સાથે નગરમાં લઇ આવ્યો, અને કદલી, કદંબ, જાંબુ, આંબા આદિ મનોહર ઘટાદાર ઝાડોથી શોભતા અને ઉત્કટ સુમધુર ગંધથી વ્યાપ્ત ફૂલોની સમૃદ્ધિવાળા **પ્રમદવન** નામના ઉદ્યાનમાં મધ્યભાગે શોભતા વિવિધ રત્નજડિત સ્ફટિકની શિલાઓથી બનાવેલ અને વિવિધ રંગી તેજસ્વી મણિઓની કાંતિથી દીપતા તેમજ ઊંચા શિખરાગ્રોથી સૂર્યના રથને રોકી પાડવાની સ્પર્ધા કરતા વિશાલ મહાલય-મહેલમાં તેણીને રાખી. ત્યાં તેણીના મનનું સંપાદન કરવા દરેક જાતની સુખકારી સાધન-સામગ્રી યોજી પોતાની વાસનાને સંતોષવાનો ઇરાદો સફલ કરવા જાતજાતના પ્રયત્નો કર્યા, તે છતાં તે રાજપુત્રી સુદર્શના દીર્ઘ-ઉષ્ણ નીસાસા મૂકતી નિરંતર બન્ને આંખોમાંથી આંસુ છલકાવતી રહી, શરીરના પોષણ માટે આહાર પણ લીધો નહિં. છેવટે સમવયસ્ક સહીયરીઓએ સહૃદયતાપૂર્વક ઘણું સમજાવી મહામુશીબતે થોડુંક ખવરાવ્યું એટલામાં ખુદ સિંહરાજાએ આવીને મધુર શબ્દોથી કહ્યું કે '**હે દેવી!** તું કહે તો ખરી કે દર્શનમાત્રથી નયન-મનને આનંદ દેનારી ચંદ્રલેખા જેવી તું કયા રાજાની પુત્રી છો? કયા કારણથી અને શી રીતે તું વાઘ, સિંહ, હાથી આદિ હિંસક જનાવરોથી ભરેલ નિર્જન અટવીમાં આવી પડેલી છો?' આ સાંભળી રાજાની રીતભાત અને બોલવા ઉપરથી પોતાના ઉપર રાજાની કુદૃષ્ટિ થયેલી જાણી મૌનને સર્વથા હિતકારી માની 'મુજ મંદભાગીના બોલવાથી શું! પ્રાણીમાત્રને ઈશારામાત્રથી નચવનાર દૈવ-ભાગ્યને પૂછો'-નો ટૂંકો જવાબ આપ્યો, અને પોતાના મન ધારેલા પતિને પરણવા જતાં અચાનક જંગલમાં આવી પડવાના દુઃખની સાથે બચાવવાના બ્હાને લઇ આવેલ રાજાની દુર્વાસનાની ઉપાધિ વધવાથી કિંકર્ત્તવ્યમૂઢ બની અવ્યક્ત સ્વરે કરુણ-રુદન કરવા લાગી જેથી રાજાએ જિજ્ઞાસા પડતી મૂકી આશ્વાસનના શબ્દોથી વિશ્વાસ પમાડતાં કહ્યું કે 'દેવી! વીતી ગયેલ અનિષ્ટ બનાવનો વધુ વિચાર કરી ખેદ કર્યાથી શું? તારી આકૃતિ, શરીર-સૌષ્ઠવ જ તારા ઉત્તમ-કુલને સૂચવે છે. વળી મારા જેવો વિશાલ-સામ્રાજ્યનો અધિપતિ તારો આજ્ઞાવર્ત્તી સેવક છે, તો હવે તારો વાળ કોણ વાંકો કરી શકે એમ છે! માટે તું આકુલતા છોડી પ્રસન્નચિત્ત થઇ અત્યંતાનંદદાયી કમલપત્ર જેવા વિશાલ લોચનોથી મારા પર કૃપાદૃષ્ટિ કર!' અને તારા રૂપદર્શનથી વિહ્વલ બની કામજ્વરથી પીડાતા મારા હૃદયને પાણિ-ગ્રહણની સંમતિ દર્શાવી શાંત કર!' કામાંધ બનેલા તે રાજાના કર્ણકટુ આ વચનો સાંભળી સુદર્શના 'વિજયસેન મહારાજ સિવાય તો મારે અગ્નિનું જ શરણું છે' એવો જવાબ મક્કમતાપૂર્વક આપી, દુર્વાસના સંતોષવા જાતજાતની ખુશામદ કરતા રાજાને તૃણ જેમ સૂચવનારી તિરસ્કારપૂર્ણ દૃષ્ટિથી નિહાળી મૌન રહી.

સુદર્શનાની તિરસ્કારપૂર્ણ દૃષ્ટિ અને માનસિક અનિચ્છા સૂચવનારા શબ્દોથી પણ સાન ઠેકાણે નહિ આવતાં સિંહરાજા ઉલટો પોતાના કામરાગના આવેશની પકડ મજબૂત

કરવારૂપે બલાત્કારે પણ પરણવાનો દૃઢ સંકલ્પ કર્યો, અને વિવાહયોગ્ય સામગ્રી તુરત તૈયાર કરવા માંડી. આ સમાચાર સાંભળી રાજપુત્રી સુદર્શના પણ ભીષણ અટવીમાં ભયંકર સિંહઆદિથી બચાવનારા પરમપ્રાભાવિક નવકાર મહામંત્રનું શ્રદ્ધાપૂર્વક એકાગ્રમનથી ધ્યાન કરવા લાગી. એકદા ફરીથી રાજાએ સમજાવવા માટે બોલવામાં ચતુર એક પ્રતિહારીને સુદર્શના પાસે મોકલી. પ્રતિહારી પણ રાજપુત્રીની મનોદશા ધ્યાનમાં રાખી ચાતુરીપૂર્વક, દલીલોપૂર્વક, મીઠાશપૂર્વક સમજાવવા લાગી કે 'ભોળી! શા માટે આવા દેવકુમાર જેવા સુંદર–રૂપવાળા રાજાને અવગણે છે? આની રાણી થવાવડે તું જગતની તમામ સમૃદ્ધિને ભોગવવા નસીબદાર બનીશ! આમ છતાં કદાચ તું હઠાગ્રહ કરીશ અને રાજાની ઇચ્છાને માન્ય નહિ રાખીશ તો રાજા સરમુખત્યારીપણે પણ બલાત્કારે લગ્ન કરશે, તારું અબલાનું શું ગજું છે? મને કે કમને ઘરે આવેલ મ્હેમાનને હસતાં વધાવી લેવામાં જ ડહાપણ છે! જરા વિચાર કર?' આ પ્રમાણે મધુરતાપૂર્વકનું કદાગ્રહ કે બલાત્કારના અંશ વિનાનું પ્રતિહારીનું સંભાષણ સાંભળી સુદર્શનાએ પણ પોતાના મનની વાત નરમાશપૂર્વક કહેવા માંડી કે "સુંદરી! ખરેખર તું હોંશિયાર તો છે, પ્રતિકૂળ વાતને પણ સામાના હૈયે યુક્તિપૂર્વક ઉતારવામાં ચતુર છે, પણ મારી વાત સાંભળ કે–મારા પિતા(તારાપીઠ રાજા)એ સર્વ સામગ્રી સાથે લગ્ન–મુહૂર્ત્ત નક્કી કરી વિજયસેન મહારાજ સાથે પરણવા રવાના કરેલ હતી. ભાગ્યયોગે ધારણા વિપરીત થઈ પડી અને અચાનક જંગલમાં હું આવી પડી, ત્યાંથી આ રાજા મને અહીં લઈ આવેલ છે. મેં મારું હૃદય અનુરાગ–પ્રેમના તારમાં એકતાન બની વિજયસેન મહારાજને આપી દીધેલ છે, પિતાશ્રીએ મને તેમની સાથે વરાવી દીધેલ છે. હવે હું શી રીતે પરપુરુષ–આ સિંહ રાજાને વરી શકું? શું કમલિની સૂર્ય વિના બીજા કોઇનાથી વિકસ્વર થાય છે ખરી? આમ છતાં કદાચ સાન–ભાન ભૂલેલ આ રાજા બલાત્કારે મને પરણવા માંગશે તો કુલીન બાલાને છાજતા રિવાજ મુજબ તૃણની જેમ સહેજે પ્રાણોનો પરિત્યાગ કરતાં મને વાર નહિં લાગે, અને તેમ થવાથી રાજાનું મનધાર્યું સિદ્ધ થશે નહિં, ઉપરથી અબલા–બાલાના પ્રાણ હર્યાનું કારમું કલંક લાગશે, અને રાજાનું તે ઉદ્ધતાઈભર્યું વર્તન કેવલ સજ્જન લોકોને ઉપહાસપાત્ર જ લાગશે, માટે તારી આ બોલવાની–સમજાવવાનો ચાતુરીનો સદુપયોગ કરી રાજાને આ દુષ્કૃત્યથી બચાવ અને મારા જેવી નિરાધાર અબળાના શીલ સંરક્ષણના પુનિત કામમાં તું સહભાગી બન!" આ પ્રમાણે સુદર્શનાની વ્યાજબી વાત સાંભળી પ્રતિહારી (યથાર્થ વાત સમજી જવાથી) ચૂપ થઈને રાજા પાસે જઇ બધી વાત અથેતિ જણાવી નમ્રતાપૂર્વક બોલી કે–"રાજન્! આપ સારાસારનો વિચાર કરી પરિણામે હિતકર કામ કરાવનારી વિવેકબુદ્ધિથી સંપન્ન છો અને હું તો આપની તુચ્છબુદ્ધિવાળી સેવિકા છું, નેવનાં પાણી મોભે ચઢાવવાની જેમ આપને

શીખામણનાં શબ્દો કહેવા તે સાવ અનુચિત છે, આપ સ્વયં સમજદાર છો ! તેથી સમજી શકો એમ છો કે ગુરુજનોએ નહિં આપેલ અગર આપણને ન ચાહતી કન્યા સાથે લગ્ન કરવું તે સજ્જનોને છાજતું નથી, તેમાં પણ આ તો પરસ્ત્રી ગણાય, કારણ કે આ રાજપુત્રી તો તેના પિતાએ વિજયસેન મહારાજા વેરે આપીને પરણવા માટે સર્વ સામગ્રી સાથે રવાના કરેલ, પણ અકસ્માત્ યોગથી તેણી જંગલમાં આવી પડેલી, તો વચનથી પિતાએ બીજા વેરે વરાવેલી અને મનથી જરા પણ નહિં ચાહનારી આવી કન્યા સાથે લગ્નનો વિચાર રાખવો ઉચિત નથી, આપ આ વાતથી કદાચ નારાજ થતા હો તો ભલે ! પણ કુલીન આજ્ઞાકારી સેવકની ફરજ પ્રમાણે માલિકને યથાશકય પ્રયત્ને અશુભ પ્રવૃત્તિમાંથી રોકવા મેં આટલું જરા કડવું પણ કહ્યું છે, માટે આપ મહેરબાની કરી આ હઠાગ્રહ છોડી દો, સોનાની છરી પણ કંઈ પેટમાં ભોંકાય ! માટે રૂપસુંદર પણ આ સ્ત્રી પરનો મોહ કુલ-પ્રતિષ્ઠાને મલિન કરનાર હોઇ સદંતર વર્જવા યોગ્ય સમજી કૃપા કરો અને આ વાત પડતી મૂકો." આ પ્રમાણેની વાક્ચતુર પ્રતિહારીની વ્યાજબી વાત સાંભળી હૃદયમાં પોતાના વર્તનને અનુચિત સમજવા છતાં કામદેવના વિષમ વિકારોથી ભાન-ભૂલેલ તે રાજાએ કર્ત્તવ્યા-કર્ત્તવ્યના વિવેકથી શૂન્ય બની પોતાની ધારણા કોઇ પણ હિસાબે પાર પાડવા લોકલજ્જાદિ અવગણી મનમાં દૃઢ સંકલ્પ કર્યો. "ખરેખર જગત્માં કામની વાસના અજબ છે. તેને આધીન બનેલા બુદ્ધિશાલી-વિચારક આત્માઓ પણ કામવાસનાના પડલથી વિવેક-ચક્ષુ પર આવરણ આવી જવાથી સન્માર્ગથી ભ્રષ્ટ બની છડેચોક અણછાજતા વર્ત્તનો આચરે છે, તેવાઓને હિતાવહ પણ શાસ્ત્રકારોના વચનરૂપ પાણી વિષમ કામદેવના સંકલ્પમય પણ બાણોના તીવ્ર પ્રહારથી જર્જરિત બનેલ હૃદયરૂપ કલશમાં ટકતું નહિં હોવાથી અસર કરનારું થતું નથી." સિંહરાજાએ પ્રતિહારીની વાત સાંભળી ટૂંકમાં પોતાના સંકલ્પને દૃઢતાપૂર્વક અમલમાં મૂકવાનું વ્યકત કરતાં કહ્યું કે—"કામદેવના વિષમ બાણોથી વિહ્વલ બનેલું મારું હૃદય તેણીના વિરહાનલથી સંતપ્ત બનેલું છે, માટે હું તો કોઇ પણ હિસાબે તેને પરણવાનો જ ! જે બનવાનું હશે તે બનશે."

**શ્રી સુમતિનાથ પરમાત્માના ચરિત્ર વિષે રાજપુત્રી સુદર્શનાની જંગલમાં થયેલી દુર્દશા, ચારણમુનિનો મિલાપ, અને કર્મનું સ્વરૂપ, તથા શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા આપેલ ઉપદેશ સંબંધી આ છઠ્ઠો પ્રસ્તાવ સમાપ્ત.**

# પ્રસ્તાવ ૭ મો.

## વિજયસેન મહારાજાનું ચન્દ્રપુરમાં આવવું, સુદર્શનાનો બચાવ અને મેલાપ

આ બાજુ વિજયસેનમહારાજા મણિચૂડ વિદ્યાધર સાથે પોતાની પ્રિયતમાની શોધના એવડા ઇરાદે વિમાનમાં બેસી ભૂભ્રમણ કરતાં અનેક વિવિધ રમણીય ગામ, નગર, ઉપવન આદિ જોતાં જોતાં સુંદર મણિઓના વિવિધરંગી પ્રકાશથી અંધકારને દૂર કરી દીપી ઉઠેલ મનોહર મહાલયોથી શોભતા, ભૂ-ભામિનીના સુંદર કર્ણાભૂષણની શોભા સારતું અને મનમોહક રૂપસુંદરી સ્રીઓની ગરવી સમૃદ્ધિવાળા તે જ **ચંદ્રપુર**( જ્યાં વિજયસેનમહારાજની પ્રિયતમા સુદર્શના છે, કે જેણીને બલાત્કારે પણ પરણવા જ્યાંનો રાજા તૈયાર થયેલ છે)ના સીમાભાગે આવી પહોંચ્યો. તે નગરની અલકાપુરીને વિસરાવે તેવી અદ્‌ભુત સમૃદ્ધિ નિહાળવા ઉત્સુક બનેલ વિજયસેન મહારાજાએ મણિચૂડને કહ્યું કે 'ઓહો ! આ કોઇ નગર પોતાની જાહોજલાલીથી અમરાપુરીને પણ હતપ્રભ કરનારું જણાય છે, માટે ચાલો ! આનું અવલોકન કરી ભૂભ્રમણની સુભગ જિજ્ઞાસાને કૃતાર્થ કરીએ !' આમ કહી વિમાનમાંથી ઉતરી મહારાજા વિજયસેન મણિચૂડ સાથે શહેરમાં આવ્યા. ત્યાં સ્થાને સ્થાને વિવિધ નાચ-ગાનના જલસાઓ અને આમોદ-પ્રમોદભર્યાં નાટારંભના મહોત્સવો થતા નિહાળી કુતૂહલથી વિજયસેન રાજાએ એક ભાઈને પૂછ્યું કે-' ભદ્ર! આજે શું છે ! કે બધેય મહોત્સવ-સમારંભ જણાય છે !' નગરવાસીએ કહ્યું કે-' મહાનુભાવ ! સાંભળો. અમારા શિરછત્રરૂપ ન્યાયનીતિથી શાસન ચલાવનાર અને પ્રતાપી પણ ઘમંડી દુશ્મન રાજાઓરૂપ હાથીઓના મદને ઉતારી દેવામાં સિંહ જેવા **સિંહરાજા** અહીં રાજ્ય કરે છે, તેઓ એકદા હાથીઓ પકડવા ઘોર અટવીમાં ગયેલા, ત્યાં નિર્જન પણ તે અરણ્યમાં ભયવિહ્‌લ સુંદર રૂપવતી એક અબલાને નિહાલી દયાથી અહીં લેતા આવ્યા. તેની રૂપસૃષ્ટિના માદક ઘેનથી મૂઢ બનેલ રાજાએ પોતાની સાથે લગ્ન કરવા જાતજાતની વિનવણીઓ-પ્રાર્થનાઓ કરવા છતાં નહિં માનતી તે કન્યા સાથે અમારા રાજાએ ગમે તેમ બલાત્કારે પણ વિવાહ કરી લેવાનું નક્કી કરી લીધું છે. તે અંગે રાજાજ્ઞાથી આ બધા સમારંભો યોજાયા છે.' આ સાંભળી ભવિતવ્યતાના સંકેત મુજબ વિજયસેન મહારાજાને સ્વાભાવિક ઉત્સુકતા ઉદ્‌ભવતાં અને ન ચાહનારી કન્યા સાથે બલાત્કારે કરાતા રાક્ષસી

વિવાહના દુષ્કૃત્યને અટકાવવાની પોતાની ક્ષત્રિયોચિત ફરજનું પણ ભાન થતાં, બાલાની અનિચ્છાનું અંતરંગ કારણ તપાસવા તે નગરવાસીને મહારાજાએ પૂછયું કે—' ભાઇ ! એ બાલા હાલ કયાં છે ? એનું નિવાસસ્થાન કયાં છે ? ' એટલે નગરવાસીને ' **आकृतिर्गुणान् कथयति** ' એ સુભાષિત મુજબ પરદેશી જણાતા પણ પૂછનારની સજ્જનતાની ખાત્રી થવાથી ગમે તેમ પણ આપણો રાજા આ રાક્ષસી કૃત્યમાંથી બચવા પામે એ ઈરાદે કહ્યું કે—' ભદ્ર ! **ભદ્રશાલ** નામના પ્રમદવનની અંદરના રાજમહાલયમાં હાલ તે બાળા સમવયસ્ક સહીયરીઓદ્વારા રાજા સાથે પરણી લેવા સમજાવાય છે. ' આ સાંભળી મણિચૂડની સાથે શીઘ્રતાપૂર્વક વિજયસેન મહારાજ તે ભદ્રશાલવનમાં ગયા, અને ત્યાં એક મનોહર સઘન છાયાથી સૂર્યના તાપપ્રદ કિરણોને રોકી પોતાની શીતલ છાયાથી મોહક લાગતા કદલીઘરની શોભા નિહાળવા લાગ્યા, તેટલામાં સુદર્શના પણ લગ્નનું મુહૂર્ત નજીક જાણી કામવાસનામાં ભાનભૂલેલ નરાધમ રાજા પરાણે પણ મને પરણશે, હવે તો મારે આપઘાત કરી મરણ સિવાય બીજો કોઈ ઉપાય નથી એમ વિચારી લગ્નની તાત્કાલિક તડામાર તૈયારીમાં વ્યગ્ર બનેલ પરિવારની નજર ચુકાવી ફાંસો ખાવા એકાંત શોધતી તે બાજુ આવી ચઢી અને એક અશોકના ઝાડ હેઠે ઊભી રહી. કદલીઘરમાં રહેલ વિજયસેનમહારાજાએ લતાઓના આંતરામાંથી સુદર્શનાને નિહાળી. તેણીનું અદ્‌ભુત રૂપસૌંદર્ય જોઈ ચકિત બનેલ મહારાજાએ કહ્યું કે ' અરે ! આ કોણ સુંદરી છે ? શું વનદેવતા સ્વેચ્છાપૂર્વક ફરવા નિકલી છે કે કોઈ નાગ–કન્યા ભૂમંડલની શોભા નિહાળવા આવેલ છે કે કોઇ વિદ્યાધરની સ્ત્રી વિદ્યા-ભ્રષ્ટ બની પૃથ્વી પર આવી છે ! અગર કૃત્રિમ માનભર્યા કોપને વશ બની સ્વર્ગમાંથી ચાલી આવેલી ઇન્દ્રાણી છે ? ' આમ આશ્ચર્યોદ્‌ગાર બોલતા તે રાજાએ થોડીક ક્ષણોમાં તે બાળાનો ઘંટડી જેવો મધુર પણ ચિરકાલના દુઃખ–સંતાપના મિશ્રણથી વિહ્વલતાભર્યો લાગતો અવાજ સાંભળ્યો. મહારાજાએ ધ્યાનપૂર્વક સાંભળવા માંડયું–" હાય ! હું કેવી મંદભાગ્યા નિવડી કે પોતાની સર્વોત્કૃષ્ટ રૂપસંપત્‌થી અતિશયરૂપ–સૌંદર્યથી મદમત્ત બનેલ અશ્વિની-કુમાર આદિ દેવોના રૂપમદને ચકચૂર કરનાર, અને પૂર્ણિમાના સોલે કલાએ ખીલી ઉઠેલ ચંદ્રની જેમ નિર્મલ યશ–કીર્તિનાં સમૂહથી ત્રણે ભુવનને ઉજ્જવલ કરનાર સુભગનામધેય **શ્રી વિજયસેનમહારાજ**ને મારા પિતાએ વાગ્દાનપૂર્વક અપાયેલી છતાં હું તો તે મારા હૃદયના લાડીલા સ્વામિનાથને જોવા પણ ન પામી, અને અહીં આ દુષ્ટ સિંહરાજાના પંજામાં ફસાઈ ગઈ છું. આ રાજા લોકમર્યાદાને પણ અવગણી મારી મુદ્દલ પણ ઇચ્છા ન છતાં બલાત્કારે પરણવા તૈયાર થયો છે, હવે મારે રાક્ષસ જેવા હીચકારા કામ કરનાર આ દુષ્ટના ફંદામાંથી બચવા મરણ સિવાય બીજો કોઈ ઉપાય નથી, કારણ કે " કુલીન-બાલાની ફરજ પ્રમાણે એક વાર વાગ્દાનથી પણ એકના વેરે વરાવ્યા પછી પાતિવ્રત્ય ધર્મની મર્યાદા મુજબ બીજા પુરુષનો સ્પર્શ માત્ર પણ ન થવા દેવો જોઇએ. " તેથી હવે ના-

છૂટકે મારા શીલધર્મના બચાવ ખાતર મારે મારા પ્રાણોનું પણ બલિદાન આપી દેવા અચકાવું ન જોઇએ-કારણ કે "જગત્‌માં ભૌતિકદેહના દ્રવ્ય-પ્રાણોના વિયોગરૂપ મૃત્યુને પામ્યા છતાં નિર્મલ સદાચારમય જીવન જીવી જનારા તે મહાપુરુષો સદાકાલ માટે અમર જ ગણાય છે, જેઓ પ્રાણના ભોગે પણ પોતાના સચ્ચારિત્ર્ય-શીલને જરા પણ દૂષિત થવા દેતા નથી, પણ જેઓ તાત્કાલિક રમણીય વૈષયિક સુખોના ભોગની અપેક્ષાએ મહામૂલા ચારિત્રધનને વેડફી નાંખે છે, તેઓ વ્યાવહારિક દૃષ્ટિએ સાધન-સંપન્ન દશામાં સમૃદ્ધિભર્યું જીવન ગુજારવા છતાં વસ્તુતઃ મરેલા જ ગણાય છે." વળી ખરેખર તે જ જગત્‌માં ધન્યભાગ્ય-કૃતપુણ્ય છે, તેની જ ચંદ્ર જેવી નિર્મલ કીર્તિથી જગત્ સુવાસિત છે કે જેણે પોતાના જીવન-સર્વસ્વરૂપ ચારિત્રધનનો રક્ષણાર્થે આત્મભોગ પણ આપીને માનસિક ધીરતાનો સુભગ પરિચય આપ્યો છે, માટે આ આસોપાલવની ડાળ સાથે ટિંગાઈ આપદ્ધર્મ તરીકે ફાંસો ખાઈ મારા શીલધર્મની રક્ષા કરું" એમ સાંભળી મણિચૂડ વિદ્યાધરે મહારાજા વિજયસેનને કહ્યું કે—'**રાજન્!** આ તો નથી નાગકન્યા કે નથી વિદ્યાધરી, આ તો આપના ઉપર દૃઢ અનુરાગવાળી કોઈ રાજકન્યા જણાય છે.' આ બાજુ સુદર્શના પણ નિરુપાય થઈ ગળામાં ફાંસો નાંખી આસોપાલવની ડાલ સાથે પોતાના શરીરને લટકાવતી બોલી કે—'હે **વનદેવતાઓ!** નિરાધાર દીન-હીન દશામાં આવી પડેલ મંદભાગિણી મને જન્માંતરમાં પણ વિજયસેન મહારાજ જ ભર્ત્તાર તરીકે પ્રાપ્ત થજો.' આમ કહી ડાળ સાથે અદ્ધર પોતાના શરીરને લટકાવી દીધું, એટલે મણિચૂડે કહ્યું કે—'સ્વામિન્! આપના પર અનુરાગવાળી અબલા-બાલા આમ અનાથદશામાં આવી આપની દૃષ્ટિ સમક્ષ કેવલ આપના નામ ઉપર પ્રાણોનું બલિદાન પણ આપી દે અને આપ ઉપેક્ષા કરો તે ઉચિત ન કહેવાય' મણિચૂડના માર્મિક પણ વ્યાજબી વચનો સાંભળી વિજયસેન-મહારાજ વિજલી વેગે ઝડપભેર જઈ ડાબા હાથે તે બાલાને છાતી સામી પકડીને જમણા હાથથી તીક્ષ્ણ તલવારની ધારથી ફાંસાને કાપી નાંખ્યો. પછી તે બાલાને ખોળામાં લઈ એક શિલાપટ ઉપર બેસી ગયો. મહારાજાએ તેણીના અંગોપાંગોને મૃદુ હાથથી દબાવી શ્રમરહિત કર્યાં. તાત્કાલિક થતા પરસેવાના બિંદુઓથી વ્યાપ્ત કપાલને ધીમેથી લૂંછયું, કેળના પાનથી પવન નાંખ્યો, આમ કરતાં થોડીક વારમાં બાલા સ્વસ્થ થઇ, એટલે મહારાજાએ કહ્યું કે-'બાલે! કોણ તને સંતાપ-દુઃખ દે છે તે કહે, કે જેથી તેનો હું નિગ્રહ કરું.'

**વિજયસેનરાજાએ સુદર્શનાને આપેલું આશ્વાસન.**

મહારાજા વિજયસેનના સુમધુર વચનો સાંભળી સુદર્શના વિચારમાં પડી કે—"શીલ-સંરક્ષણ માટે ફાંસો ખાવા તૈયાર થયેલી મને મારા ઇષ્ટકાયમાં બાધા નાંખનાર છતાં પણ આ મહાનુભાવના દર્શન માત્રથી મારું મન પ્રફુલ્લ કેમ થાય છે? આના પૂર્ણચંદ્ર જેવા મનોહર મુખને નિરખવા મુજ નયન-કમલો વારંવાર વિકસ્વર થઈ ઉત્સુક

કેમ થાય છે ! આ પુણ્યશાલી પુરુષ કોણુ હશે ? શા માટે આ મહાપુરુષના સુધામધુર શાંતિપ્રદ વચનો સાંભળી મુજ હૈયું થનગનાટ કેમ અનુભવે છે ? આ પરપુરુષ છતાં આના કમલપત્ર જેવા રક્ત અને કદલીગર્ભ જેવા કોમલ હાથના સ્પર્શ માત્રથી મારા તમામ અંગપ્રત્યંગો ઉલ્લસાયમાન કેમ થાય છે ? રોમરાજિ પણ પ્રફુલ્લ-વિકસ્વર કેમ થાય છે ? કુલીન બાલાની આદર્શ મર્યાદા પ્રમાણે આજ સુધી વિજયસેનમહારાજ સિવાય બીજા કોઈ પણ કામદેવ-જેવા પણ રૂપસુંદર પુરુષને મેં ચિંતવ્યો જ નથી, તો આમ કેમ બને છે ! શું પછી મારા પૂર્વજન્મના સુકૃત-પુણ્યનો સમય આજે મરણાસન્ન દશાએ મારી વહારે આવેલ છે કે જેથી મુજ પ્રાણુવલ્લભ વિજયસેન મહારાજ પોતે જ સદેહે મારી સમક્ષ આવી ઊભા છે, તે વિના તો આવો આંતરિક ઊર્મિઓને સચેતન કરનાર અનેરો આનંદ-થનગનાટ મુજને સંભવે નહિં." આદિ વિચારોની ગડમથલમાં સંશયના ઝૂલા પર ઝૂલતી સુદર્શનાને મહારાજાએ જણાવ્યું કે—' દેવી ! શા માટે નાહકના સંશય-વિકલ્પોના ઝોલે ચઢી નાહક માનસિક સંતાપ અનુભવો છો ? જેનું તમે લાંબા કાલથી ચિંતન કરી રહ્યા છો, જેની પાછળ પ્રાણુ પણ આપી દેવા તૈયાર થયા છો તે વિજયસેન હું પોતે તમારી સમક્ષ તમારા પ્રબલ પુણ્યથી આકર્ષાયેલો અચાનક આવી પહોંચ્યો છું.' વિજયસેન મહારાજાના સ્વમુખથી પોતાના હૃદયમાં થયેલ સંભાવનાની સત્યતા કરાવનારા સુમધુર વચનો સાંભળી સુદર્શના અવર્ણનીય આનંદમાં ગરકાવ બની ગઇ. બાદ ચિરકાલથી જેની ઝંખના હતી તે મનપસંદ સ્વામિનાથના આકસ્મિક પ્રથમ-દર્શનના કારણે સાત્વિક (શૃંગારભાવવ્યંજક માનસિક ઊર્મિનો એક પ્રકાર) ભાવને ભજતી, પતિદેવે ફાંસો ખાવા વખતની પોતાની બધી બાલ-અજ્ઞાનજનોચિત ચેષ્ટા નિહાલી હોવાથી લજ્જાવનત બનેલી, આશાનો દોર પણ જ્યાં નહિં પહોંચેલ તેવા પ્રસંગે પણ અચાનક સ્વામિનાથ શી રીતે આવી પહોંચ્યાના વિતર્કના ઉકેલમાં વિસ્મયભાવને પામેલી, મોઢે આવેલ કોલિયાના ઝડપાઈ જવાની જેમ પરણવા માટે પ્રયાણ કર્યા પછી અચાનક જંગલમાં ફસાઇ પડી પતિદેવના દર્શન સમાગમથી સુદૂર વંચિત બની ગયેલી દશામાં પણ અણીના અવસરે મેલાપ થવાથી માનસિક ઉત્કંઠાભાવવાળી, યથેચ્છ પતિનો સમાગમ થવાથી હવેનું જીવન સુખમાં પસાર થવાની વિચારણાએ પરમ આનંદિત થયેલી, આવી અસહાય અવસ્થામાં પતિદેવનું સ્વાગત શી રીતે કરું-ના વિચારથી ચિંતાતુર બનેલી, અને પોતાને બલાત્કારે પણ પરણવા તૈયાર થનાર સિંહરાજા હવે નક્કી મારા નિમિત્તે યુદ્ધ ખેલશે, પણ મારા સ્વામિનાથ તો એકલા જ છે, તો શું થશે ? યુદ્ધમાં સ્વામિનાથ કેમ જીતશે એના વિચારથી વિહ્વલ બનેલી, એકીસાથે પરસ્પર વિસંવાદી પણ અનેક રસ-ભાવોના મિશ્રણને હૃદયમાં અનુભવતી સુદર્શના અવર્ણનીય હર્ષાતિરેકવાળી થઇ હર્ષમિશ્રિત લજ્જાભાવથી ગદ્ગદ કંઠવાળી બની બોલી કે—' ભલે પધાર્યા ! સ્વામીનાથ ! સ્નેહ-વ્યામૂઢ-હૃદયવડે આટલા સમય સુધી

આપને મેં ભજેલા, પણ મારા પુણ્યની મૂર્ત્ત રાશિરૂપ આપને પ્રત્યક્ષ નિહાલવાનો તો સુઅવસર આજે જ સાંપડ્યો છે, પણ આવી વિષમ બંદી જેવી હાલતમાં હું આપનું શી રીતે કેવું સ્વાગત કરું ? મુજ મંદભાગ્યા પાસે આજ પ્રાણનાથને વધાવવા પૂરતી પણ સામગ્રી નથી ! શું કરું નાથ ?' આ સાંભળી વિજયસેન મહારાજાએ કહ્યું કે—' દેવી ! શા માટે નાહક ખેદ કરો છો ? તમે પોતાનું સર્વસ્વ મને સમર્પીને ખરેખર કોઇ ન કરી શકે તેવું તો સ્વાગત કર્યું છે ! હવે બીજું શું જોઇએ ? સુંદરી ! ' જે પોતાના આંતરિક હાર્દિકભાવોની ઉજ્જવલ સંપદા ચરણે ધરી દે પછી તેની પાસેથી વ્યાવહારિક તુચ્છ બાહ્ય-પદાર્થો દ્વારા સ્વાગતની વ્યર્થ આશા નકામી છે. ' આ સાંભળી રાજપુત્રીયે સિંહરાજા તરફથી આવનારી આફતનો ખ્યાલ કરી પુનઃ ભયભીત સ્વરથી કહ્યું કે—' આર્યપુત્ર ! આપ તો માત્ર ખડ્ગસહાય જ એકલા જણાઓ છો, તેથી મારું હૃદય કંપે છે ' જેથી વિજયસેન રાજાએ આશ્વાસન આપતાં કહ્યું કે-' તારી શંકા યથાર્થ છે ! પણ અધીરી ન થા ! જંગલમાં મદમત્ત બની ઉદ્ધતાઇપૂર્વક ફરતા સેંકડો હાથીઓને શું એકલો સિંહ મારી નથી નાંખતો ! જેનું પૂર્વપુણ્ય જાગૃત છે તેને કોઇ કશું કરી શક્તો નથી. આ તો બિચારો રાજા નહિં ઇચ્છતી પરસ્ત્રી સાથે બલાત્કાર કરવાના અધમ દુષ્કૃત્યના વિચારોથી જ હતપ્રભ-હણાયેલો મૃતપ્રાય છે, તેનાથી વળી શું ડરવાનું છે ? પણ તું એ તો કહે કે હાલ તે દુરાત્મા સિંહરાજા ક્યાં છે ! કે જેથી તેને ક્ષત્રિયોચિત મારી ફરજ અનુસાર રાક્ષસી આ કૃત્ય કરવા બદલ યોગ્ય શિક્ષા કરું ?'

**સિંહરાજા સાથે વિજયસેન રાજાનું પ્રચંડ યુદ્ધ અને સિંહરાજાને થયેલ પશ્ચાત્તાપ.**

આ બાજુ લગ્નનું મુહૂર્ત્ત નજીક આવવાથી ઉત્સુકતાપૂર્વક લગ્નનું કામ પતાવવા સિંહરાજા પ્રમદવનના મહાલયમાં આવ્યો ત્યાં સુદર્શનાને ન જોઇ ભ્રાન્ત બની આમતેમ શોધતો પ્રમદવનમાં તે આસોપાલવના ઝાડ પાસે આવી પહોંચ્યો, કે જ્યાં વિજયસેન મહારાજા અને રાજપુત્રી સુદર્શના પ્રેમનિર્ભર સંભાષણ કરી રહ્યા હતા. દૂરથી પોતાની માની લીધેલી સ્ત્રી સાથે કોઈક અજાણ્યા પુરુષને વાત કરતો જોઇ ક્રોધાવિષ્ટ બની સત્તાવાહી અવાજે તેણે પડકાર કર્યો કે-' કોણ દુષ્ટ મારી પ્રિયતમા સાથે અહીં એકાંતમાં ગોષ્ઠી કરી પોતાના મોતને નોતરી રહેલ છે ? યમરાજની વિકરાલ દાઢ જેવા ભયંકર મારા ક્રોધને ઉશ્કેરી પોતાના વિનાશને આમંત્રણ દેવારૂપે આવી ધૃષ્ટતા મારા સામ્રાજ્યમાં કયો હતભાગી પાપાત્મા કરી રહ્યો છે ?' આ સાંભળી મંદસ્મિત કરતાં વિજયસેન મહારાજાએ કહ્યું કે—" અહો ! શી મોહની વિડંબના છે ? દુન્યવી પદાર્થોનું આધિપત્ય મેળવી સત્તાની મગરુરીમાં ભાન ભૂલેલા તેમાં પણ વાસનાના ફંદામાં ફસી, મળેલ સામગ્રીના દુરુપયોગ માટે કુલમર્યાદા-પ્રતિષ્ઠાહાનિ આદિના વ્યાવહારિક ભયને પણ સાવ વિસારે મૂકી નિર્લજ્જ બની પામરજનોચિત ધૃષ્ટતાભર્યું

કામ કરનારા બિચારા આવા મોહમૂઢ પ્રાણીઓ પોતાના પગતલે બળતું નથી જોઈ શકતા, ઉલટું બીજાને શિખામણ દેવા ઉદ્યુક્ત થાય છે, એ જ આશ્ચર્યની વાત છે. પોતે શાસનસૂત્રના સંચાલક બનીને પોતાના ઉન્માર્ગી આચરણો પર સંયમ ન રાખનારા છતાં બીજાને ઉન્માર્ગમાંથી બચાવવાનો જાણે ઇજારો ન લીધો હોય તેમ સત્તાના અભિમાનમાં ચકચૂર બની યથેચ્છ વર્ત્તન કરે છે. આવા વર્ત્તનવાળા આત્માઓ જો કે પોતાના હીન આચરણથી જ હણાયેલા–હીનસત્ત્વ બનેલા–હોય છે, તે છતાં સર્પની જેમ નિષ્કારણ અન્ય સજ્જનોને સતાવનાર દુષ્ટ–સ્વભાવવાળા આવા મનુષ્યોની સાવ ઉપેક્ષા પણ હિતાવહ નથી." એટલામાં કોઇ સમયસૂચકે કહ્યું કે—"પોતાના પ્રતાપથી પ્રબલ વૈરીઓને પણ વશીભૂત કરનાર મહાપરાક્રમી આ તો શ્રી વિજયસેન મહારાજા છે." આ સાંભળી સિંહરાજા મનમાં કંઈક ખંચકાણો છતાં '**વીરભોગ્યા વસુંધરા**'ની ઉક્તિની ધૂનમાં પોતાને અતુલ–બલી માનતો, પોતાના ચુનંદા યુદ્ધવીર લડવૈયાઓ સાથે અસહાય જણાતા વિજયસેન મહારાજાને ગભરાવી–હરાવી દેવાને ઈરાદે એકદમ બાણોનો વરસાદ વરસાવતો તૂટી પડયો. વિજયસેન મહારાજા તો કયારના તે દુષ્ટ નૃપાધમને શિક્ષા કરવા સાવધાન થઇને તૈયાર જ રહેલા, ત્યાં તેણે જ રણ–સંગ્રામની શરૂઆત કરી દીધી એટલે બમણા રોષથી લાલ બનેલી ભીષણ આંખો અને વિકરાલ ભ્રુકુટીપૂર્વક ઘોર અટવીમાં કારમી શીલ–પરીક્ષાથી પ્રસન્ન થઈને **યક્ષરાજે** આપેલ દિવ્ય વક્ષસ્થલ પર વિરાજમાન હારના પ્રવાહથી સિંહરાજા અને તેના ભડવીર યોદ્ધાઓ તરફથી અનેક માર્મિક વિવિધ હથિયારોના કરાતા પ્રહારોને નિષ્ફલ કરતો વિજયસેન રાજાએ અપૂર્વ ખડ્ગવિદ્યાના કલાકૌશલથી એકલો છતાં પ્રતિપક્ષીના તમામ સૈન્યને ગભરાવી મૂક્યું, રણ–સંગ્રામમાં પાવરધા તે મહારાજાએ કોઇને તીક્ષ્ણ તલવારના ઝપાટાથી, કોઇને વજ્ર કરતાં કઠિન જણાયેલી મુઠ્ઠીના સખત પ્રહારથી, કોઇને પ્રચંડ ચપેટા–તમાચા–થી અને કોઇને પગની પાનીના પ્રબલ આઘાતથી હત–વિહત કરીને વિવિધ આયુધોથી સજ્જ બનેલા પણ તમામ સૈન્યને પોતાના પ્રચંડ પરાક્રમના બલે ક્ષણવારમાં ભયમૂઢ બનાવી છિન્ન–ભિન્ન કરી નાંખ્યું. એક ફક્ત સિંહરાજા પોતાના તમામ સૈન્યને પ્રચંડ–નિબિડ પણ અંધકારના સમૂહને ક્ષણમાત્રમાં દૂર કરનાર સૂર્યની જેમ એકલે હાથે ત્રાસ પમાડી ભગાડી મૂકનાર વિજયસેન મહારાજા તરફ ક્ષત્રિયોચિત અમર્ષથી પોતાની ભુજાને ફરકાવતો અને વકરેલા ભૂંડ કે છંછેડાયેલા વાઘની જેમ રોષારૂણ આંખ કરી ઘૂરકિયાં કરતો, હાથમાંની તલવારને જેમ તેમ ફેરવતો રહ્યા–સહ્યા પોતાના પરાક્રમ–સામર્થ્યની માત્રાને વ્યક્ત કરતો જ્યારે બાકી રહ્યો ત્યારે મહારાજા વિજયસેને તેને પણ સામે પડકારી યુદ્ધ ખેલવા આમંત્ર્યો, અને 'લે આ તારા દુષ્કૃત્યનું ફલ!' એમ બોલતાં તીક્ષ્ણ તલવારનો અચૂક ઘા કર્યો. પ્રબલ સામર્થ્ય-પૂર્વક કરાયેલ તે ખડ્ગ–પ્રહારથી તુરત છેદાયેલ મૂળિયાવાળા ઝાડની જેમ મૂર્છાથી બીડાતી આંખોવાળો થઇ નષ્ટ–ચૈતન્ય બની સિંહરાજા જમીન પર ઢળી પડ્યો, એટલે યુદ્ધનીતિ

પ્રમાણે માર્મિક પ્રહારથી ઘાયલ બનેલા અને પ્રહાર-વિહ્વલ દશામાં આવી પડેલાને ઘા નહિં કરવાના નિયમને અનુસરી વિજયસેન મહારાજાએ પ્રહાર ન કરતાં, ઉલટું લોકોત્તર સૌજન્યના પ્રભાવે દુશ્મન છતાં દુઃખના પ્રસંગે તેના મનમાં થતી અસ્વસ્થતા ટાળવા પોતાના ગળામાંથી દિવ્ય-હાર કાઢી મણિચૂડદ્વારા પાણી મંગાવી હારને તેમાં બોળી તે પાણી સિંહરાજા પર છાંટયું. દેવતાઈ હારના પ્રભાવથી ક્ષણવારમાં તલવારનો ઘા રૂઝાઈને જાણે કંઈ જ થયું નથી તેમ સિંહરાજા સ્વસ્થ થઈ ગયો, અને પછી ઠોકર ખાઈને સાન ઠેકાણે આવવાથી તરત પોતાની ભૂલનો હાર્દિક પસ્તાવો કરતો મહાપરાક્રમી મહારાજા વિજયસેનના ચરણોમાં માફી માંગવા લાગ્યો પણ સૌજન્યમૂર્ત્તિ મહારાજાએ પગમાં ઝૂકતા સિંહરાજાને અધવચ્ચેથી બાથમાં લઈ યુદ્ધ બંધ કરવાની કાયરતા ન જણાય તેવા સૌમ્યસ્વરે ઉત્તેજના આપતાં કહ્યું કે—' મહાનુભાવ! આમ કાયર શું થાય છે? ખરેખર તું તો અજબ પરાક્રમી છે, તારા જેવો યુદ્ધનિપુણ શૂર-વીર મેં ક્યાંય જોયો નથી. હું તારા સત્ત્વ અને યુદ્ધકૌશલથી પ્રસન્ન છું, યુદ્ધમાં પછાડ તો ભલભલા પણ અનુભવે છે, તેથી રણ-ભંગ કરવાની જરૂર શી છે? તું તારી તલવાર લે! અને ફરીથી આપણે બન્ને બરાબર આપણા કુતૂહલની તૃપ્તિ કરીએ, ધીરજ ન હાર! થા તૈયાર! અગર તલવારને દૂર મૂકી દે. આપણે બન્ને બાહુયુદ્ધ ખેલીએ અને અંગબલને કસી પરસ્પર ઘડીક વિનોદ કરીએ! મને તારા જેવા નિપુણ લડવૈયા સાથે લડતાં આનંદ આવે છે!' આ પ્રમાણે પોતાની પ્રત્યક્ષ હાર થવા છતાં માર્મિક ઉક્તિઓદ્વારા તિરસ્કારવાને બદલે પોતાના ગુણાનુવાદ કરી ઉત્સાહિત કરનારા વચનો સાંભળી કુલીનતા દર્શાવતો લજ્જાવનત બની સિંહરાજાએ નમ્રપણે કહ્યું કે—" **પૂજ્યશ્રી!** હવે તો ભયંકર દુષ્કૃત્યના વિષમ ફંદામાંથી બચાવનાર, નિષ્કારણ ઉપકાર કરનાર પિતાતુલ્ય આપની સાથે યુદ્ધ ખેલી આપને નાહક પરિશ્રમ ઉપજાવવાની ગંભીર ભૂલ કરવા બદલ પશ્ચાત્તાપની ભટ્ઠીમાં મારા આત્માને શુદ્ધ કરવા ઇચ્છું છું, આટલી ઠોકર ખાધા પછી પણ શું આપની સાથે પામર-જનોચિત-અવિવેકભરી યુદ્ધાદિની અનુચિત પ્રવૃત્તિ હવે કરું ખરો! ખરેખર આપના કરેલ ઉપકારનું ઋણ હું કેમ કરીને ચૂકવી શકીશ? કારણ કે ઉપકાર કરનારા પર તો ઉપકાર કરનારા અગર સ્વાભાવિક ઉપકાર કરનારા પ્રાણીઓ જગત્માં ઘણા છે, પણ મારી જેવા અપકાર કરનારા દુષ્ટસ્વભાવવાળા ઉપર પણ ભાવ કરુણાથી ઉગારવાની બુદ્ધિએ ઉપકાર કરનારા આપ જેવા મહાપુરુષ તો વિરલ જ હોય છે. વળી આપ તો તેવા વિરલ ઉપકારી મહાપુરુષોમાં પણ શ્રેષ્ઠ છો, કારણ કે-કુલ-મર્યાદા અને આબરૂ-પ્રતિષ્ઠાના તમામ બંધનોને અવગણી, કામાંધ બની અને ક્ષત્રિયોચિત કર્ત્તવ્યની મર્યાદા ઉલ્લંઘી ભયંકર પાપકર્મ કરવા માટે સત્તાનો પણ દુરુપયોગ કરવા તૈયાર થયેલા મુજ જેવા નરાધમ પાપીના પણ આત્માને વિષય વાસનાના કારમા ફંદામાંથી ઉગારવા આપે

માર્ગદર્શન આપ્યું છે. આમ કરીને આપે મને નિર્બંધ કૂવામાંથી બચાવ્યો છે, ચંદ્રના કિરણોના સમૂહ જેવા ઉજ્જવળ એવા મારા કુળને કલંકિત કરતા મને અટકાવ્યો છે, બન્ને લોકમાં સુખ આપનાર સન્માર્ગમાં મને સ્થિર કર્યો છે. વધારે તો શું કહેવું ? ત્રણ ભુવનમાં એવી કોઈ વસ્તુ નથી કે જે આપને આપીને હું મારી જાતને કૃતાર્થ માની શકું. તો આ લડાઈ કરવાની પ્રવૃત્તિ બંધ કરો અને હાથી, ઘોડા, ધનભંડાર વગેરે રિદ્ધિથી સમૃદ્ધ એવું મારૂં રાજ્ય આપ સ્વીકારો." વિજયસેને કહ્યું, "હે ભાઇ, તું તારા કુલક્રમ પ્રમાણે મળેલ રાજ્યનું પાલન કર. તું ઉત્તમ પુરૂષ છે, તો શામાટે સંતાપ પામે છે ? આટલા સામાન્ય બનાવ પરથી સાવધ થઇ સન્માર્ગ પર તું સ્વતઃ આવી ગયો છે, માટે લજ્જા-સંકોચ છોડી ફરીથી તેવું બનવા ન પામે તે પ્રમાણે નિશંકપણે તું તારા રાજ્યનું પાલન કર !" વિજયસેન મહારાજાના સૌજન્યભર્યા શબ્દો સાંભળી સિંહરાજા સાચા થયેલ પશ્ચાતાપના કારણે પોતાનીજ ભૂલ-દોષને પ્રકટ કરતો પુનઃ બોલ્યો કે-'રાજન્ ! આપ તો ભદ્ર પ્રકૃતિવાળા ઉત્તમ મહાપુરુષ છો, અને દુષ્કૃત્ય કરનાર એવા મારી અવહેલના ન કરતાં મને કલ્યાણના માર્ગે પ્રોત્સાહિત કરવા મારા ગુણાનુવાદ ઉચ્ચારો છો, પણ હું તો ખરેખર અધમ છું, કારણ કે જગતમાં ત્રણ પ્રકારના પ્રાણીઓ હોય છે જેઓ વિવેકબુદ્ધિના સદુપયોગથી સ્વયં પ્રાણના ભોગે પણ દુષ્કૃત્ય કે અણછાજતું કોઇ પણ કામ કરતા જ નથી, તેઓ ઉત્તમ છે, જેઓ અનાદિકાલીન દુર્ધર વાસનાને સંસ્કારવશ આધીન બની કદાચ ઉન્માર્ગે ચાલ્યા જાય, પણ નિષ્કારણ ઉપકારી જગદ્વત્સલ મહાપુરુષો કે વડિલોના હિતકારી ઉપદેશથી પુનઃ સન્માર્ગપર આવી જાય છે, તેઓ મધ્યમ છે અને જેઓ લોકવિરુદ્ધ હડહડતા અન્યાય-ભરેલા પ્રત્યક્ષ-સિદ્ધ દુષ્કૃત્યના આચરણ માટે હૃદયમાં ખરાબ સમજાયા છતાં લોકલાજ આદિ પણ અવગણી, એકાંત-હિતકર સજ્જનોની શિખામણને પણ ઠોકરે મારવા તયાર થાય છે, તેઓ તો અધમ છે, માટે" રાજન્ ! હું તો અધમ છું, કારણ કે મનમાં સમજતો હતો કે બીજા વેરે વાગ્દાનથી વરાયેલી અણઇચ્છતી કન્યા સાથે બલાત્કારે લગ્ન કરવું, તે ઉચિત નથી, છતાં કામાંધ બની હિતકારી શિક્ષા દેનારા મંત્રી આદિના શુભાવહ વચનોને પણ અવગણી સત્તાબલે આવા અણછાજતા કામમાટે તૈયાર થયેલ, છેવટ આપના હાથે પરાજય પામ્યો ત્યારે ભાન આવ્યું છે, માટે હવે વિવેકબુદ્ધિને નષ્ટ કરનારા અને દુર્દમ્ય વિષય-વિકારોને વધારનારી આ પૌદ્ગલિક સંપદાઓના ફંદામાંથી હું છુટવા માગું છું, આજ સુધી કારમી વાસનાના ફંદામાં ભાનભૂલો થઈ કલુષિત-મતિવાળો બની, ગુણિયલ સજ્જનોની હિતશીખને તૃણતુલ્ય ગણી, વિષયોને મધુરા માન્યા અને યથેચ્છ વર્તન કરવામાં બાકી નથી રાખ્યું, હવે આપ

જેવા શ્રેષ્ઠ ઉપકારી મહાપુરુષના ભાવદયાભર્યા શુભ પ્રયત્નથી વિષયોની દુરંત ફસામણી અકારી થઇ પડી છે, મન તેનાથી એકદમ ઉદ્વિગ્ન બની સદંતર ત્યાગ કરવા ઉત્સાહિત થઇ ગયું છે, સંસારના મોહક જણાતા પદાર્થો પણ મને તો ભયંકર કેદખાનામાંથી છૂટવા મથતા કેદીની જેમ નિર્વેદ કંટાળો ઉપજાવનારા ભાસે છે, બહારથી દેખાતા સુંદર સ્ત્રીના મોહક અંગોપાંગો પણ આત્માને ભયંકર સંસારના બંધનોમાં જકડી રાખનારા જણાયા છે, અરેરે! મેં આજ સુધી સરસવ જેટલા સુખમાટે મેરુપર્વત જેટલા અપયશના ભારથી મારા આત્માને રગદોળી નાખ્યો, માટે હવે આ બધા ભયાવહ નરકની વેદનાને નોતરનારાં દુષ્કૃત્યોના આસેવનથી લાગેલા કર્મોના ભારને હળવો કરવા કલ્યાણકામી મુમુક્ષુઓએ આસેવેલ ત્યાગમાર્ગના પંથે વિહરવા ઉત્કટ અભિલાષા થઇ છે, તે વિના જીવનમાં દુષ્કર્મોના વિપાકનો વિચાર કર્યા વિના વિષયો પાછળ કારમી આંધળી દોટ મુકીને જે પાપકર્મ ઉપાર્જ્યાં છે, તેનો ઉકેલ થવાનો નથી” આમ બોલીને તરત ત્યાંથી ઊભો થઈ સાપ કાંચલી ઉતારે તેમ ઉત્કટ વૈરાગ્ય-બળે રાજ્ય-સુખને અને રાણીઓ વગેરેના મોહને કપડાપર લાગેલ તણખલાની જેમ ખંખેરી-છોડી, સ્વજન-પરિવાર આદિ આપ્તવર્ગની કાકલુદી-ભરી વિનવણીના શબ્દો સાંભળ્યા વિના ઝપાટાબંધ શહેરમાંથી નીકળી ગામ બહારના તાપસના આશ્રમે આવી તાપસની દીક્ષા લઈ લીધી.

આ પ્રમાણે સિંહરાજાના અનુમોદનીય વર્તનની અનુમોદના કરતા વિજયસેન મહારાજાએ તે જ ભદ્રસાલ વનના ભૂષણરૂપ તે જ રમણીય વિશાલમહાલયમાં સિંહારાજાએ તૈયાર કરાવેલ તે જ લગ્નમંડપમાં તૈયાર રહેલી તે જ સામગ્રી વડે તે જ શુભ મુહૂર્ત-લગ્નમાં જે પોતાને સ્નેહ-સમર્પણથી દઢ સંકલ્પ પૂર્વક વરી ચૂકેલી હતી તે રાજપુત્રી સુદર્શના સાથે ધામધૂમપૂર્વક પાણિગ્રહણ કર્યું !

શાસ્ત્રકાર ભગવંતો કહે જ છે કે, જગતના પદાર્થોના સુખાવહ ઉપભોગ માટે પણ વિશિષ્ટ પુણ્યની જરૂર પડે છે, તે માટે પણ ધર્મારાધન ઉપયોગી નીવડે છે, વિશિષ્ટપુણ્ય વિના જગતના પદાર્થો માટે કરેલી ધાંધલ કેવલ આયાસજનક જ નીવડે છે.

આ પ્રમાણે તાત્કાલિક મુહૂર્તમાં લગ્નનું કામ પતાવી વિજયસેન મહારાજાએ મંત્રી-સામંતાદિથી પરવારીને હાથીના હોદ્દે વિરાજી, નગરના લોકો દ્વારા સ્થાને સ્થાને વિવિધ માંગલિક વધામણાંઓ સ્વીકારતાં બંદી-ભાટચારણો દ્વારા બિરૂદાવલી બોલાતાં નગરમાં ધામધૂમપૂર્વક પ્રવેશ કર્યો. રાજસભામાં જઈ સ્વર્ણ-રત્નજડિત સિંહાસન પર વિરાજી ઉદયાચલ પર ઉદય પામતા છટાદાર તેજસ્વી પ્રભાથી દીપતા બાલસૂર્યની જેમ શોભવા લાગ્યા, બાદ વિવેકી અવસર-ચતુર મંત્રીઆદિ આપ્તવર્ગે એકત્રિત થઈ સર્વસંમતિથી સ્વર્ણાદિના બનેલા કલશોમાં સુગંધમિશ્ર વિવિધ-તીર્થોદક ભરી તેનાથી રાજ્યાભિષેક કર્યો. પછી તમામ સામંત-

મંત્રિ-મંડળ અને પ્રમુદિત બનેલા પૌરજનોએ નમ્રતા પૂર્વક આજ્ઞા શિરોધાર્ય કરવાના અભિનય પૂર્વક પ્રણામ કર્યા, માંગલિક વાજિંત્રોના સૂર ગુંજવા લાગ્યા, વારાંગનાઓ મુજરો કરવા લાગી, મહારાજાએ પણ અવસરોચિત સહુને દરજ્જા પ્રમાણે વસ્ત્રાલંકાર, તાંબૂલ-પ્રદાન ઈનામ આદિથી સંતોષીને મહોત્સવ-સમારંભનું વિસર્જન કર્યું. બાદ સભા બરખાસ્ત કરી રાજમહાલયમાં આવી, દેવપૂજાદિ કરી, ગુરુ-ચરણારવિંદનું ધ્યાન ધરી નિત્યકર્મ પતાવી સુંદર વિવિધ રસમય પદાર્થોથી ભોજન કર્યું. પછી અદ્‌ભુત શોભાથી ઝળહળી ઊઠતા દીવાનખાનામાં આવી મૃદુ-મહામૂલી પથારીવાળા પલંગમાં બેસી, મણિચૂડને પાસેના સિંહાસન પર બેસાડી, જોડેના ભદ્રાસનપર વિનયપૂર્વક બેઠેલી સુદર્શના મહારાણીને ઉદ્દેશીને મધુર-સ્વરે વિજયસેન મહારાજાએ કહ્યુંકે 'દેવી, તું પિતા તરફથી તમામ ઉચિત સામગ્રી સાથે શંખપુર આવવા નીકળેલી, પણ અચાનક જંગલમાંથી તને તારી પથારીમાંથી મધરાતે કોણ ઉપાડી ગયું? અને શું બનવા પામ્યું? તે ભીષણ અટવીમાંથી તું અહીં આ રાજાના ફંદામાં કેવી રીતે ફસાણી! તે જણાવ.' આ સાંભળી કંઈક લજ્જા-સંકોચને અનુભવતી તે સુદર્શનાએ કોઈક અદૃશ્ય શક્તિદ્વારા થયેલું અપહરણ, ચારણમુનિનો સમાગમ, ધર્મોપદેશ, નવકારમંત્રનું આપવું, તેના પ્રભાવે ઉપદ્રવોનો થયેલ નાશ, સિંહરાજાદ્વારા જંગલમાંથી અહીં આવવું વગેરે તમામ વૃત્તાંત સંક્ષેપમા સ્વામિનાથને કહી જણાવ્યો. આ સાંભળી વિજયસેનમહારાજા અનુમોદના કરતાં બોલ્યા કે-" અહો! સંસારથી નિર્મોહી બની વિરકત થવા છતાં પણ જગત્‌ના દુઃખી પ્રાણીઓને ઉદ્ધારવાની ચારણમુનિવરની? કેવી ઉપકારવૃત્તિ કે જેમણે સંકટ-માત્રને દૂર કરનાર પરલોક સુધારનાર અને પરમકલ્યાણકર નવકારમહામંત્ર આપ્યો, ખરેખર! આવા મહાત્મા પુરુષો જગત્‌માં અજ્ઞાનથી આમ-તેમ આથડતા સંસારી પ્રાણીઓને સન્માર્ગે લઈ જનારા અનુપમ સાર્થવાહ સરખા હીણભાગીયા કે અલ્પપુણ્યવંતોને પ્રાપ્ત થવા પણ દુર્લભ છે! દેવી! તું પણ પુણ્યશાળીની ખરી કે, તેવા વિષમ અરણ્યમાં જીવન બચાવવાની મુશ્કેલીના પ્રસંગે પણ તને આવા નિષ્કારણવત્સલ ઉપકારસુભગ મહામુનિનો સાહજિક મેળાપ થઈ ગયો, અને ઉત્તમ નવકાર-મહામંત્રને પામી દુઃખના દરિયાનો સહેલાઈપૂર્વક પાર પામી શકી. અહો! મારે પણ તેવો પુણ્યનો સુભગ સૂર્ય ક્યારે ઉગશે? ક્યારે આવા જગદ્‌વત્સલ મહાકરુણાળુ મુનિવરનું દર્શન પામીશ? ક્યારે મારાં સદ્‌ભાગ્ય જાગે કે, આવા સદ્‌ગુરુની નિશ્રામાં યથોક્ત તત્ત્વનું શ્રદ્ધાન મેળવી સમ્યક્‌પ્રકારે વીતરાગ પ્રભુનું શાસન સ્વીકારી, જન્મ-જન્માંતર સુધારનાર પરમકલ્યાણકર ધર્મની આરાધનાના માર્ગે સંચરી શકું. કારણ કે-આપમતિથી ગ્રંથો વાંચીને કે શાસ્ત્રોનાં વાકયો વિચારી ગમે તેટલું દુષ્કર પણ ધર્મારાધાન આસેવાય, પણ યોગ્ય સદ્‌ગુરુની નિશ્રા વિનાનું તે દુષ્કર પણ ધર્મારાધનાનું કરેલું આસેવન આત્મ-પરિણતિભાવને પેદા કરનારૂં ન હોઈ લગભગ નિષ્ફળજ જાય છે.

બલ્કે ધર્મઆરાધ્યોનો આભિમાનિક સંતોષ હૃદયમાં પેદા થઈ આરાધનાના મૂળને તપાસવાની બેદરકારી વધતી જાય છે, જેથી પરિણામે લાભની અપેક્ષાએ હાનિ વધી જાય છે. તે પુણ્યાત્માઓ વાસ્તવમાં કૃતાર્થ છે, તેઓનું જીવતર પણ ધન્ય છે કે જેઓને અહર્નિશ કલ્યાણ-સાધનાના પંથે ચાલતાં થતી ત્રુટીઓનું ભાન સદ્‌ગુરુમહારાજા હિતશિક્ષાપૂર્વક કરાવી રહ્યા છે, કંઈ આ રીતે આત્મ-કલ્યાણની સાધનામાં મદદગાર ભવ ભવનાં ઉપકારી બનતા આવા ગુરુદેવોનો સમાગમ પણ તેવા ઉત્કૃષ્ટ પુણ્યશાળી આત્માઓને જ થાય છે, આ પ્રમાણેની મહારાજાની સદ્‌ગુરુ પરના દૃઢ રાગને સુચવનારી વાણી સાંભળી મણિચૂડે નમ્રતાથી કહ્યું કે-'પૂર્વની અતુલ પુણ્ય-સંપદાથી ડગલે પગલે મન-વાંછિત આપમેળે મેળવી લેનાર આપને આપની આ વિશુદ્ધ ભાવનાને ફલવતી કરનાર સુગુરુનો સમાગમ પણ ટુંકા ગાળામાંજ થવા સંભવ છે. આ પ્રમાણે ઘડીભર વિનોદકથા કરી રાજ્યસંબંધી થોડી ઘણી વાત કરી. પછી મહારાજાએ મણિચૂડને કહ્યુંકે- 'ભદ્ર ! વિપરીત શિક્ષાવાળા અશ્વથી અપહરાઈને જંગલમાં આવવા બાદ મારી પાછળ શંખપુરની પ્રજા બહુ દુઃખી થઇ હશે ! મને શોધવા તે લોકોએ બહુ પ્રયત્ન પણ કર્યા હશે ! હવે તો ત્યાં જઇ તે લોકોના મનને પ્રસન્ન કરવાં જોઇએ ' આ સાંભળી તુરત મણિચૂડ વિદ્યાધરે વિદ્યાના બલે ઝળહળતું મોટું વિમાન મોકલ્યું, પછી વિજયસેન મહારાજ રાજ્યનું કામકાજ વ્યવસ્થિત કરી મંત્રિમંડળને ગોઠવી મહારાણી સુદર્શના અને વિદ્યાધર મણિચૂડ સાથે વિમાનમાં બેસી શંખપુર ભણી ચાલ્યા.

વિજયસેન મહારાજાનું ચંદ્રપુરમાં આગમન, સુદર્શનાને આપેલું આશ્વાસન, સિંહસેન રાજા સાથે યુદ્ધ, સિંહસેન રાજાનો પશ્ચાત્તાપ, અને સુદર્શનાનો મેળાપ સંબંધી આ સાતમો પ્રસ્તાવ સમાપ્ત થયો.

# પ્રસ્તાવ ૮મો

આ બાજુ **વિજયસેન** મહારાજાનું વિપરીત શિક્ષાવાળા અશ્વથી અપહરણ થયા પછી **શંખપુરમાં** શું બન્યું ! તેનો સંબંધ જણાવતાં ગ્રંથકાર કહે છે કે-અશ્વની વિપરીત-શિક્ષાથી અનભિજ્ઞ **વિજયસેન** મહારાજાને ઘોડાથી અપહરાયેલ જાણી પાછળથી સામંતો, પ્રધાનમંત્રી,-સેનાપતિ વગેરે રાજાના હિતુચ્છુલોકો ચતુરંગી સેના સાથે જંગલમાં ચારેબાજુ શોધમાટે નીકળી પડચા. પગેરૂં શોધવામાં ચતુર બુદ્ધિશાળી માણસોના અથાગ પ્રયત્ન કરવા છતાં ક્યાંય મહારાજાનો પત્તો ન લાગ્યો. મહારાજાના અચાનક અપહરણ થયાથી શોકાકુલ બનેલા તે બધા લોકો જંગલમાં આમતેમ આથડતા વિકસિત કમલોના સમૂહથી શોભતા એક સરોવર નજીક આવ્યા. ત્યાં પાસેના શીતલ ઘટાદાર એક તમાલ-કુંજમાંથી કરુણ-સ્વરે રડતી કોઈ અબલાનો અવાજ સંભળાયો એટલે પોતાના શિરછત્રરૂપ મહારાજા-ની તપાસમાં લગભગ વ્યર્થતા મળવાથી મનઃસંતાપની કારમી વેદના અનુભવતાં છતાં પણ તેઓ તેણીના દુઃખને દુર કરવાના શુભ આશયથી તેણી પાસે જઈ લાગણીભર્યા શબ્દોમાં તેને પૂછયું કે-'ભદ્રે ! તું કોણ છે ? શા માટે આવા નિર્જન અરણ્યમાં આમ મુક્તકંઠે હૈયાં પિગળાવનારૂં રુદન કરે છે ?" આ સાંભળી તેણીએ કહ્યુ કે-" હું વનદેવી છું, પણ મારા રડવાનું કારણ એવું મહત્ત્વભર્યું છે, કે આવા નિર્જન વનમાં છાનું રાખવા પણ જ્યાં કોઈ આવવાનો સંભવ નથી તે તમે જરા ધ્યાનપૂર્વક સાંભળો કે-ગઈકાલે અહીં કોઈ સુંદર વસ્ત્રાભૂષણ પહેરેલ અને અત્યંત સુંદર શરીરની કાંતિવાળો, સંભવતઃ કોઈ રાજવંશી મહાપરાક્રમી પુરુષ આવેલ , અને તે આ સામા સરોવરમાં સ્નાનાદિ કરી, શરીર-શ્રમને દૂર કરી, ક્ષુધા-શાન્તિ માટે કંદમૂલ-ફલ-ફૂલાદિની આજુબાજુ ગવેષણા કરતો મેં તેને જોયો, ત્યારે મેં વિચાર્યું કે-' અહો ! આ કોઈ મહાપુરુષ પૂર્વસંચિત દુષ્કર્મોની અજબ લીલાને આધીન થઈ આવા વિષમ અરણ્યમાં આવી પડેલ છે, આવા પુણ્યશાલી મહાપુરુષનાં મારે ત્યાં પનોતાં પગલાં થયાં છે, તો ઘરે આવેલ અતિદુર્લભ આ મહાપુરુષનું યથાશક્ય હું આતિથ્ય કરું '-આમ વિચારી તરત હું મેરુપર્વત ઉપર કલ્પવૃક્ષનાં મધુરાં ફલ લેવા ગઈ પણ લઇને જ્યાં હું અહીં પાછી આવી, ત્યાં તો મુજ મંદભાગ્યાને તે મહાપુરુષના આતિથ્યનો લાભ હાથમાંથી ચાલ્યો ગયો દેખાયો, એટલે કે

તે મહાપુરુષ ને વિકરાલ કોઇ સિંહે અચાનક આવીને નામશેષ કરી નંખાયેલ જોયો, એટલે મને મારા ઘરઆંગણે વગર બોલાવ્યે આવી ચડેલ પુણ્યશાલી મહાપુરુષની કંઈપણ સેવા-ભક્તિ ન કરી શકવા બદલ હૃદયમાં પારાવાર દુ:ખ થાય છે, તેથી હું રડી રહી છું, " આ સાંભળી મહારાજાની શોધમાટે નીકળેલા તે મંત્રી આદિ લોકોએ દેવીના કહ્યા મુજબ સિંહદ્વારા મહારાજાનું સંભવિત મરણ થયેલું માની ખિન્નહૃદયે નગરમાં પાછા આવ્યા. ત્યાં લોકો મહારાજાની સંભવિત દુર્દશાને પણ અન્ય વિરોધી કોઈ સબળસમાચાર ન હોવાના કારણે સાચા માની પોતાના ન્યાયી અને પિતા કરતાં પણ વધુ વાત્સલ્યભાવે યોગ્ય શાસન કરનાર મહારાજાના અકાલ અવસાનથી શોક-વિહ્વલ બની ગયા અને અંત:પુરની તમામ રાણીઓ પણ પાતિવ્રત્યધર્મને અદા કરવા સમુદ્યત થઈ, કેટલાક સ્વામિભક્ત નિમકહલાલ સેવકો તો શોકાવેશની લાગણીઓથી ઉત્તેજિત થઇને મ્યાનબહાર તલવાર ખેંચી આત્મઘાત કરવા તૈયાર થઇ ગયા, સામંતગણ અને મંત્રીમંડલાદિ તમામ રાજ્યકર્મચારીઓ અતિશય સંતાપાદાયી શોકાગ્નિથી આંસુઓના ધારાબદ્ધ પ્રવાહથી બહાર કાઢી ભીની બનતી જમીનના બહાને પૃથ્વીને પોલી કરી પાતાલમાં પેસી જવાનો અભિનય કરવા લાગ્યા, અને શોક-દુ:ખના એક છત્રી સામ્રાજ્યથી વાતાવરણ ઘેરૂં બનતાં નાનાં બાલકોએ પણ ખાવું-પીવું છોડી દીધું. આમ આખા નગરમાં શોકનું વાતાવરણ ફેલાયાથી બુદ્ધિશાલી **મતિસાગર** મંત્રીએ સહુને આશ્વાસન આપતાં કહ્યુંકે-" મહાનુભાવો! આમ તમે બ્હાવરા શું બની જાઓ છો! આપણા મહારાજાના અમંગલિક સમાચાર મને ખાત્રીવાળા કે ચોક્કસ જણાતા નથી, હજી આજે સવારે જ મેં સ્વપ્નમાં મહારાજાને અત્યુન્નત દેદીપ્યમાન મેરુપર્વત પર આરૂઢ થયેલા અને તેજસ્વી અવસ્થાવાળા નિહાળ્યા છે, માટે પ્રાત: કાલીન સ્વપ્નોના ચોક્કસ પરિણામ તાત્કાલિક આવતા હોઇ મારું માનવું છે કે, ' આપણા મહારાજા ગયા તે વખત કરતાં વધુ સમૃદ્ધિ-આબાદિ મેળવી શિઘ્ર અહીં આવશે, તેવા ઉત્કૃષ્ટ પુણ્યશાલીનો કોઇ પણ વાંકો વાળ કરી શકે તેમ નથી, તો શરીર બળપર ઝઝુમનાર તિર્યંચમાત્ર સિંહનું શું ગજું છે કે, તે આપણા મહારાજાને સંતાપી શકે? એ તો વનદેવતા એ વ્યંતરીનિકાયના જાતિસ્વભાવ મુજબ કુતૂહલાર્થે પણ આવી વાત કરી હોય! માટે તેના ધોરણે પ્રાણત્યાગ કે વિહ્વલતા-ભરી કોઈ પ્રવૃત્તિ કરવી, તે આપણા માટે વિવેકપૂર્ણ ન કહેવાય માટે તમે થોડો વખત ધીરતા રાખો, સહુ વાનાં સારાં થશે. "

ઉપર મુજબ સમય-ચતુર મંત્રીએ લોકોના મનપર જામેલ વાતાવરણની ઘેરી અસરને આશાભર્યો કાલક્ષેપ કરવાની હિતાવહ શિખામણથી કંઈક શિથિલ કરી, તેટલામાં તો **મણિચૂડ** વિદ્યાધર અને **સુદર્શના** રાણી સાથે પ્રકાશથી ઝળહળતા સુંદર વિમાનમાં બેઠેલા **વિજયસેન** મહારાજા આવી પહોંચ્યા, જેથી નાગરલોકો હર્ષઘેલા બની ગયા. ક્ષણવારમાં

આખું વાતાવરણ પલટાઈ ગયું, શોક-વિષાદ અને વિલાપ-આક્રંદની ઘેરી છાયા દૂર થઇ. અપેય હર્ષ-આનંદ અને કિલકિલાટનું મધુર વાતાવરણ સર્જાયું. પછી હરખભેર સધવા સ્રીઓએ માંગલિક પદાર્થોથી નવાજાયેલા અને પુંખણાં-ઓવારણાં લેવાયેલા મહારાજાએ વિમાનમાંથી ઊતરીને દૂધ કરતાં પણ ઉજ્જવલ ચૂનાથી લેપાયેલ ભવ્ય પ્રાસાદોની પરંપરા જાણે મહારાજાના સમૃદ્ધિભર્યા આગમનથી થતા હર્ષને વ્યક્ત કરતુ ન હોય, તથા પ્રાસાદોના ઊંચા શિખરો ઉપર લહેરાયમાન નિર્મળ ધ્વજા-પતાકાઓથી જાણે આનંદ વ્યક્ત કરવા નાચતું ન હોય, વળી પ્રાસાદોના અગ્રભાગે શોભતા ધ્વજાદંડોની ઘંટડીઓનાં મધુર રણઝણાટથી જાણે મહારાજાના આગમનને વધાવવા મધુર મંગલ-ગીતો ન ગાતા હોય તેવા અને પ્રમુદિત બનેલા પૌરજનોએ યોજેલ સ્થાને સ્થાને માંગલિક તોરણો, સુરમ્ય ધ્વજા-પતાકાઓ અને મંગલકલશોથી શોભતા નગરમાં પ્રવેશ કર્યો. રાજસભામાં જઇ સિંહાસન પર વિરાજ્યા. બાજુમાં મણિચૂડ વિદ્યાધર અને સુદર્શનારાણી યોગ્ય આસને બેઠા, બાદ પિતા કરતાં પણ વધુ વાત્સલ્યભાવ દર્શાવી ન્યાયપૂર્વક શાસન ચલાવનાર મહારાજાના લાંબા કાલે નિરાશાભર્યા પ્રસંગે પણ અચાનક આવવાથી કૃતકૃત્યના ભાવને વ્યક્ત કરતા નગરજનોના વિવિધ ભેટણાં સ્વીકારી મહારાજાએ યથાયોગ્ય સન્માન-સત્કાર કર્યો. બાદ મહારાજાને અશ્વથી અપહરણ પછી વીતેલ બીનાને જાણવા ઉત્કંઠિત થયેલી મંત્રીઆદિ જનતાએ વિનયપૂર્વક પૂછ્યું કે-'**સ્વામિનાથ**! આપ આટલા દિવસ ક્યાં અને કેવી રીતે પસાર કર્યા, તે જાણવાની અમને તીવ્ર ઉત્કંઠા થઇ છે, અમે તો નાથ! આપની તપાસમાટે આપની પાછળજ જંગલમાં આવેલા, નિર્જન અરણ્યમાં ખૂબ ભટક્યા, ક્યાંય પત્તો ન લાગ્યો, ઉલટા વનદેવતાએ અમને આપને સિંહે મારી નાખ્યાનું ખોટું ભરમાવી વધુ દુઃખવિહ્વલ બનાવ્યા, આપ જો ઘડીભર મોડા આવ્યા હોત તો અહીં કેટલાનું બલિદાન આપના નામ ઉપર થઇ ગયું હોત, માટે કૃપા કરી અજાયબીભરેલું આપનું વૃત્તાંત જણાવો. આ સાંભળી પોતાના વિયોગ કે અનિષ્ટના ભ્રામક સમાચારથી પણ જાન કુરબાન કરી દેવા સુધીની તમન્નાવાળી સામંતગણાદિ પ્રજાજનની રાજભક્તિથી પ્રસન્ન થયેલ વિજયસેનમહારાજા વિદેશમાં સહજ આવી પડેલા કષ્ટોની પરંપરામાં પણ દાખવેલ અડગતા આદિના બલે મેળવેલી સમૃદ્ધિ આદિના કથનરૂપે ગર્ભિત આત્મશ્લાઘા થઈ જવાના ભયથી મૌન રહ્યા. એટલે વિવેકી મણિચૂડે સમય પારખી મહારાજાની માનસિક મુંઝવણ સમજીને મહારાજાનો તમામ વૃત્તાંત બધાને કહી સંભળાવ્યો. તે સાંભળી અતિશય આશ્ચર્ય પામેલ પ્રધાન લોકોએ કહ્યું કે-" ખરેખર મહારાજાનું પૂર્વ જન્મોપાર્જિત પુણ્ય અદ્ભુત છે, કે જેના પ્રભાવથી ધીરતા, ગંભીરતા આદિ નિર્મલ ગુણો દ્વારા તમામ મનવાંછિતો સિદ્ધ થયા છે, આવા ભાગ્યશાલીઓને સ્વપ્ને પણ આફતોનું આક્રમણ સંભવતુ

નથી, કારણ કે, કદાચ જન્માંતરનાં કોઈ અશુભ કર્મના દુર્વિપાકના કારણે મહાપુરૂષો સ્થાનભ્રંશાદિ કષ્ટને પામે, છતાં પોતાના વિશિષ્ટ ગુણોને કારણે પહેલા કરતાં અધિક નિર્મલ શોભાને પામે છે. જેમ પોતાના ઉત્પત્તિસ્થાનરૂપ સમુદ્રથી ( દેવોએ કરેલ સમુદ્રમંથન પ્રસંગે ) વિખૂટો પડવા છતાં ચંદ્ર શંકર-મહાદેવના મસ્તક ઉપર પોતાના નિર્મલતાદિ ગુણોના પ્રતાપે સ્થાન મેળવે છે અને કૌસ્તુભમણિ શ્રીકૃષ્ણના વક્ષ:સ્થલને શોભાવનાર થાય છે; તેમ વિશિષ્ટ ગુણોના બલે પૂર્વકરતાં વધુનિર્મલ શોભાને પામે છે " તેટલામાં મધ્યાહ્નસમયને સૂચવતાં કાલનિવેદકે કહ્યું કે રાજન્! આ સૂર્ય ગત-દિનના અલ્પભાગે અસ્ત પામી સ્થાનાંતર-ક્ષેત્રાંતરમાં જઇ પ્રકાશદ્વારા કર્મસંયોગે વિદેશમાં જઇ પડવા છતાં મહાપુરુષોચિત જનહિતનાં અનેક કાર્યો કરી પરોપકાર-સુભગ બનેલ આપની જેમ પરોપકાર કરી વિપુલ તેજ લક્ષ્મી સાથે આકાશના મધ્યભાગે આવી લોકોમાં પોતાની તેજસ્વિતાનો પરિચય આપી આપની ગૌરવભરી પ્રબલ પરાક્રમ-ક્ષાત્ર-તેજની દીપ્તિની જાણે સ્પર્ધા કરી રહ્યો છે." આ સાંભળી વિજયસેનમહારાજા એ મધ્યાહ્ન-સમય થયો જાણી સભા વિસર્જન કરી અને સુદર્શનાદેવીને મહોત્સવપૂર્વક અંત:પુરમાં મોકલી, અને સામંતાદિ પ્રધાનો પણ મહારાજાના ગુણોનું કીર્તન કરતા સ્વસ્થાને ગયા.

બાદ મહારાજાએ મણિચૂડની સાથે કાલોચિત ભોજનાદિ ક્રિયા પતાવી રાજ્યના તમામ અંગોની સાર-સંભાળ લીધી અને સાંજના સમયે માનસિક પ્રમોદને વધારતા નાચ ગાનથી શોભતાં નાટકાદિ જોઇ રાત્રિના યોગ્ય સમયે સુંદર દિવ્ય-શય્યામાં સૂઇ ગયા અને સુખપૂર્વક રાત્રિ વીતાવી.

**જીવાનંદસૂરિ મ. ને વંદનાર્થે વિજયસેન રાજાનું સપરિવાર જવું**

ક્રમે કરીને સવાર થયે છતે અને અંધકારનો નાશ કરનાર તથા આકાશનીશોભારૂપ આના માણેક કુંડલની જેમ શોભતા સૂર્યનો ઉદય થયે છતે મહારાજાની પાસે ઉદ્યાનપાલકે આવી વિનયનમ્ર બની કહ્યું કે-' દેવ! કુસુમસુંદર ઉદ્યાનમાં મિથ્યાત્વથી અંધ બનેલ, લોકોએ ઊભા કરેલ કુમતરૂપ કમલોને મ્લાન કરવામાં ચંદ્ર-સમાન, નિષ્કારણકરુણારૂપ વેલડીના કંદસમાન, કામદેવ-વિષયવાસના-રૂપ દાવાનલથી બળી-ઝળી રહેલ ભવ્ય લોકોને અપૂર્વ શાંતિ આપનારી જડી-બુટી સમાન, અમૃતના ઝરણાંની જેમ આધિ વ્યાધિના ત્રાસથી પીડાયેલ લોકોના મનને આનંદ આપનારા અને નિર્મલ અવધિજ્ઞાનના બળે જગતના વિવિધ પદાર્થોના સ્વરૂપને જાણનાર જીવાનંદસૂરિ નામના આચાર્યમહારાજા પધારેલા છે. આ સાંભળી આનંદિત બનેલ મહારાજા સમસ્ત સામંતરાજા મંત્રી-ગણ આદિ પરિવાર મણિચૂડ વિદ્યાધર અને સુદર્શના રાણી સાથે હાથી

પર બેસી સમૃદ્ધિ-પૂર્વક કુસુમસુંદર ઉદ્યાનમાં આવ્યા, ત્યાં દેવોએ રચેલ સ્વર્ણ-સિંહાસન પર વિરાજેલા, અને સાક્ષાત્ સાધુધર્મની પ્રતિમૂર્તિ જેવા શોભતા આચાર્ય મહારાજને ધર્મની દેશના આપતા જોયા, મહારાજા વિધિપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન-નમસ્કાર કરી બીજા સાધુઓને પણ વંદી ચોગ્ય સ્થાને બેઠા. આચાર્ય ભગવંતે મધુરધ્વનિથી ઉપસ્થિત ભવ્ય જનતાને સંબોધતાં કહ્યું કે—

**આચાર્ય મ. નો ઉપદેશ સમ્યકૃત્વ વર્ણન**

"રાધાવેધ સાધવાનીજેમ અતિદુર્લભ મનુષ્યભવ, આર્ય-ક્ષેત્રાદિ ( ધર્માનુકૂલ ) સામગ્રી પામીને બુદ્ધિશાળી પ્રાણીએ ધર્મારાધના માટે પ્રયત્નશીલ થવું જોઈએ. કારણ કે, મનુષ્ય તથા દેવભવ સંબંધી પૌદ્ગલિક સુખો અને યાવત્ મોક્ષના લોકોત્તર સુખની પ્રાપ્તિ ધર્મથી જ થાય છે, કહ્યું છે કે-" મેઘના અભાવે જેમ વરસાદ ન હોય અને વરસાદના અભાવે દુકાળ હોય, અનાજની ઉત્પત્તિ ન થાય, અને તેમ થવાથી લોકો દુઃખી થાય, તેમ ધર્મની આરાધના વિના આ ભવના કે પરભવના યાવત્ લોકોત્તરસુખની પણ પ્રાપ્તિ થવી અસંભવિત છે." વળી શાસ્ત્રોમાં ધર્મના મૂલ તરીકે સમ્યકૃત્વને મહાવૃક્ષના મૂલ જેવું અને મોટા મહેલના દઢ પાયા જેવું વર્ણવેલું છે, તે સમ્યકૃત્વ દેવ, ગુરુ ધર્મના યથાર્થ સ્વરૂપને સાચી રીતે શ્રદ્ધા કરવા રૂપ છે, અને તેનો પ્રભાવ જગત્માં શ્રેષ્ઠ ગણાતા કામધેનુ, ચિંતામણિ આદિના અતિશાયી લૌકિક પ્રભાવ કરતા વધુ મહત્ત્વવાળો છે. કારણ કે, કામધેનુ આદિ એક ભવની ક્ષણિક વાસનાઓને પુણ્યાધીનપણે તૃપ્ત કરનાર હોઈ અનેક જન્મની વિવિધ ઉપાધિઓ દૂર કરી સાચા આત્મિક સુખને પ્રાપ્ત કરાવનાર સમ્યકૃત્વના પ્રભાવ આગળ તુચ્છ છે. હવે ગ્રંથકાર સમ્યકૃત્વના સ્વરૂપને સૂચવતાં જણાવે છે કે—આત્માને અનાદિકાલથી સંસારમાં ભટકાવનાર રાગ, દ્વેષ અને મોહનો ક્ષય કરનાર વિષમ વિષય વાસનાને ઉપજાવનાર તમામ કામ વિકારો પર વિજય મેળવનાર, અને જગત્ના તમામ જીવોનું વાત્સલ્યભાવ-પૂર્વક હિત સાધનારા વીતરાગ-સર્વજ્ઞ પ્રભુ સિવાય બીજા કોઈને ઉપાસ્ય ન માનવારૂપની સુદેવશ્રદ્ધા, તથા સર્વપ્રકારના પરિગ્રહ-મમત્વભાવનાથી રહિત, પંચમહાવ્રતના ભારને વહન કરવામાં ધીર, અને રાગ-દ્વેષની ભાવનાથી પર રહેનારા જગદ્વત્સલ સુસાધુ ને જ સુગુરુતરીકે માનવાની સુદઢ શ્રદ્ધા, તેમજ વીતરાગ સર્વજ્ઞ-પ્રભુએ ઉપદેશેલ, પૂર્વાપર વિરોધ વિનાનું, અને પ્રમાણ બલે સિદ્ધ એવું જીવાજીવાદિ પદાર્થોને તત્ત્વસ્વરૂપે માનવારૂપ માનસિક અવિહડ પ્રતીતિ તેનું નામ સમ્યકૃત્વ છે. એટલે કે, અન્યદર્શનીઓએ સ્વ-સ્વમતિ કલ્પનાથી વર્ણવેલ સિદ્ધાંતોને તત્ત્વરૂપ ન માનવા. અથવા આત્મસ્વરૂપની સાધનાને અનુકૂલ, મુક્તિના પંથે વધારનાર દાનાદિ ધર્મના પ્રકારોનું જે વિધિપૂર્વક પાલન

કરવું, તેને પણ વીતરાગ પ્રભુએ તત્ત્વરૂપે વર્ણવેલ છે. આ જાતના વિશુદ્ધ દાનાદિ ધર્માનુષ્ઠાનોની યથાર્થ શ્રદ્ધાને પણ સમ્યક્ત્વ કહેવાય છે, એટલે કે અન્યધર્મીઓએ ધર્મ તરીકે સ્વીકારેલ ગોદાન, લોહદાન, કન્યાદાન વગેરે તત્ત્વરૂપ ન હોઇ શકે, કારણ કે, દાન પણ તે જ શુદ્ધ અને કલ્યાણ કરનારું થઇ શકે કે જે અશુભ કર્મોની પરંપરામાંથી પોતાને અને બીજાને છોડાવી પરિણામે દુઃખનો નાશ કરે, ત્યારે ગોદાનાદિ તો વર્તમાનમાં સત્-ક્રિયારૂપે દેખાવા છતાં પરિણામે અન્ય અશુભ કર્મોની પરંપરાને વધારનાર હોઈ સરવાળે તો સ્વ અને પર ઉભયને દુઃખાવહ જ નીવડે છે. વળી એ વાત તો આબાલ ગોપાલ પ્રસિદ્ધ છે કે, જીવહિંસાથી અધમ ગતિ જ થાય છે, તે છતાં આશ્ચર્યની વાત છે કે, વિવેકશૂન્ય આત્માઓ પશુની જેમ જયણા, ઉપયોગિતા આદિનો પણ વિચાર કર્યા વિના નદી વગેરેમાં પાણીડોળવા રૂપ ધબાધબરૂપે ન્હાવાને પણ પરમપુણ્યના સાધનરૂપ ધર્મસ્વરૂપે માની આદરપૂર્વક પ્રવૃત્તિ કરે છે. ખરેખર આ મહામોહનો જ પ્રભાવ છે! કારણ કે, આવી વિવેકશૂન્ય, પ્રત્યક્ષહિંસા સ્વરૂપ નદીસ્નાન આદિની પ્રવૃત્તિથી ધર્મ સધાતો હોય, તો નિરંતર જલમાં જ રહેનાર જલચર જીવો પરમધાર્મિક બની જાય, માટે આ બધી પ્રવૃત્તિ અવિવેક અને મોહના ઉછાળાથી થતી જાણી વિવેકીએ તેની ઉપેક્ષા કરવી યોગ્ય છે.

**સાધુધર્મની મહત્તા શ્રાવકધર્મનું વર્ણન**

વળી ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતોએ તે ધર્મના બે પ્રકાર જણાવ્યા છે. સાધુધર્મ અને ગૃહસ્થ (શ્રાવક) ધર્મ. તેમાં ક્ષાંત્યાદિ દશ પ્રકાર+વાળો સાધુધર્મ સાહસિકો (આત્માના અપૂર્વ વીર્યોલ્લાસની જાગૃતિવાળા) માટે સુકર અને કાયરો (પુદ્ગલાસક્તિમાં રાચેલા અને ધર્મના રહસ્યને નહીં સમજેલા) માટે દુષ્કર છે, તે સાધુધર્મ અનંતકલ્યાણરૂપ વેલડીને વિકસાવવામાં અમૃતના સિંચન રૂપ છે, સ્વર્ગ અપવર્ગ નગરે પહોંચવા તૈયાર થયેલ લોકોને સુખપૂર્વક પહોંચાડનાર સાર્થવાહ છે, ભયંકર ભવસમુદ્રમાં ડૂબતા જીવોને શ્રેષ્ઠ વહાણ સમાન છે. અને કર્મરૂપ વૃક્ષની ગહન ઘટાને જડમૂલથી છેદી નાંખવા તીક્ષ્ણ કુહાડારૂપ છે. તથા પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર પ્રકારનો શ્રાવકધર્મ છે, તેમાં નિરપરાધી ત્રસજીવોને સંકલ્પ પૂર્વક મારવાના પાપમાંથી*દ્વિવિધ-ત્રિવિધે પાછા ફરવારૂપ જયણારૂપ જીવદયા પાળવી તે

*દ્વિવિધ-ત્રિવિધે એટલે મન, વચન અને કાયાથી કરવું-કરાવવું. જૈન શાસ્ત્રોમાં પાપકાર્યનો ત્યાગ મન, વચન, અને કાયાથી કરવું, કરાવવું, અને અનુમોદવું એમ નવ પ્રકારે થાય છે, પણ ગૃહસ્થ દશામાં વર્તનારને કરવા-કરાવવા રૂપે પાપનો મન, વચન, અને કાયાથી ત્યાગ સંભવી શકે, અનુમોદનાનો ત્યાગ ન ઘટે.

પહેલું અણુવ્રત છે. ગાય, ભૂમિ અને કન્યા સંબંધી ખોટું બોલવું, તથા ખોટીસાક્ષી અને થાપણ ઓળવવારૂપ અસત્યનો દ્વિવિધ-ત્રિવિધે ત્યાગ કરવો, તે બીજું અણુવ્રત છે. ખાતર પાડવું, ખીસા કાતરવા, ગાંઠ છોડવી વગેરે પ્રકારોથી થતી ચોરીનો દ્વિવિધ-ત્રિવિધે ત્યાગ કરવો તે ત્રીજું અણુવ્રત છે, દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી મૈથુન-વિષયક્રીડાનો યથા-યોગ્ય ઘટતા ભાંગાએ પરસ્ત્રીનો ત્યાગ અને સ્વદારા-સંતોષરૂપે દ્વિવિધ-ત્રિવિધે ત્યાગ કરવો, તે ચોથું અણુવ્રત છે, દ્વિપદ ( મનુષ્ય-દાસ-દાસી ) ચતુષ્પદ ( ચોપગાં-પશુ વગેરે ) ધન, ધાન્ય, ખેતર, ઘર, સોનું, ચાંદી, અને બીજી ધાતુઓનું પરિમાણ નક્કી કરી ઈચ્છા-મૂર્છાનો દ્વિવિધ-ત્રિવિધે ત્યાગ કરવો, તે પાંચમુ અણુવ્રત છે. તથા સકલ જીવોને બચાવવા માટે ઉદ્યત બુદ્ધિવાળા શ્રાવકે બને તેટલી પ્રવૃત્તિ ઓછી કરવાના ધ્યેયથી દશેય દિશાઓમાં જવાનું પ્રમાણ બાંધવું તે પહેલું ગુણવ્રત છે, ભોજનાદિ ભોગવસ્તુઓનું, તથા સ્ત્રી આદિ ઉપભોગવસ્તુઓનું પ્રમાણ નક્કી કરવું, તે બીજું ગુણવ્રત છે, તથા આર્તધ્યાન, હિંસક-સાધનો આપવા અને ખોટી સલાહ આપવારૂપ અનર્થદંડ ( વિનાકારણે લાગતું પાપ ) થી અટકવું, તે ત્રીજું ગુણવ્રત છે. વળી રાગ-દ્વેષની ભાવનાનો ત્યાગ કરવા પૂર્વક સાધુની જેમ સર્વ સાવદ્ય-પાપમય પ્રવૃત્તિ બંધ કરી સમભાવમાં રહેવાનો અભ્યાસ કરવો, તે સામાયિક નામનું પહેલું શિક્ષાવ્રત છે, લીધેલાં બધાં વ્રતોનો દિવસ કે રાત્રિની નિશ્રાએ સંક્ષેપ કરવો, તે દેશાવકાશિક નામનું બીજું શિક્ષાવ્રત છે. સંસાર સંબંધી પ્રવૃત્તિ, ચતુર્વિધ આહાર, અઢારપ્રકારનું અબ્રહ્મ અને વિવિધ પ્રકારનો શરીર-સત્કાર આ ચાર વસ્તુનો ત્યાગ કરવારૂપ સંવર-પ્રધાન જીવન, પર્વના દિવસોમાં ગાળવું, તે ત્રીજું પૌષધ નામનું ગુણવ્રત છે, યોગ્ય ભોજન, વસ્ત્ર આદિથી સાધુઓની ભક્તિ કરવી, તે ચોથું અતિથિ સંવિભાગ નામનું ગુણવ્રત છે. વળી ઉપર પ્રમાણેના ગૃહસ્થને પાળવા યોગ્ય બાર વ્રતોમાં દરેક વ્રતના પાંચપાંચ અતિચારો પણ જાણી-સમજીને મોક્ષમાર્ગની આરાધનામાટે તૈયાર થયેલ વિવેકી આત્માએ ત્યાગ કરવા જોઇએ.

**શ્રાવકના મનોરથનું વર્ણન દેશના સમાપ્તિ.**

સર્વથા પાપકાર્યની પ્રવૃત્તિ છાંડવા રૂપ સાધુધર્મ (સર્વ-વિરતિ ) ની અપેક્ષાએ આ શ્રાવક ધર્મમાં કરાતી પાપ-વિરતિ અલ્પાંશે જ હોય છે. માટે આ શ્રાવકધર્મ દેશવિરતિ-ધર્મ કહેવાય છે. સાધુધર્મ રૂપ મહેલ ઉપર ચડવા માટે અસમર્થ ગૃહસ્થે આધ્યાત્મિક માર્ગે આગળ વધવાના પ્રથમ પગથિયા રૂપ આ દેશવિરતિધર્મનો વિશુદ્ધ અભ્યાસ કરવો જોઇએ, સુંદર ચિત્ર બનાવવા માટે ભૂમિકાની નિર્મલતા આવશ્યક છે, તેમ સાધુધર્મનીશ્રેષ્ઠ આરાધના આ( દેશ-

વિરતિ) ધર્મની સુદૃઢ આરાધનાને બળે થાય છે. વળી જેમ વિધિપૂર્વક નિર્મલ કરાયેલ ભીંત સુંદર ચિત્ર બનાવવા માટે યોગ્ય થાય છે, તેમ આ શ્રાવક ધર્મનો સુદૃઢ અભ્યાસ કરી યોગ્ય બનેલ મુનિધર્મનું સુંદર પાલન કરી શકે છે. કહ્યું છે કે "આ (દેશવિરતિ)ધર્મનું આરાધન સર્વવિરતિધર્મની પ્રાપ્તિ થાય, તે હેતુથી જ કરાય છે, કારણ કે, દેશવિરતિધર્મની મર્યાદાને સંપૂર્ણપણે પાળી શકનાર જ પ્રાયઃ સાધુધર્મમાં સ્થિરતા મેળવી શકે છે," વળી દેશવિરતિધર્મ પાળનાર વિવેકી શ્રાવકે અનાદિકાલીન વિષય-વાસનાના સંસ્કારોની પ્રબલતાના કારણે સમજવા છતાં વિષય-વાસનાના ફંદામાંથી ન છૂટી શકવાની પોતાની નૈતિક નિર્બલતા ને લક્ષ્યમાં રાખી સાધુધર્મ ઉપર બહુમાન રાખવું જોઇએ, અને તે બહુમાનને ફલિત કરવા સારૂ નીચે મુજબની ભાવના હરરોજ ભાવવી જોઇએ." અહો ! ખરેખર તેઓ ધન્ય છે કે જેઓ બાલ્યાવસ્થામાંજ પવિત્ર સંયમ-દીક્ષા ગ્રહણ કરી આજીવન શ્રેષ્ઠ પરિણામની વિશુદ્ધિપૂર્વક બ્રહ્મચર્ય-સંયમાદિનું પાલન કરી રહ્યા છે, હુંપણ ક્યારે એવો ધન્યભાગ્ય બનીશ કે, સંસારની તમામ ઉપાધિઓનો ત્યાગ કરી સંવિગ્નગીતાર્થ ગુરુદેવના ચરણોમાં આત્મસમર્પણપૂર્વક સંયમ-ચારિત્રની નિર્મલ આરાધના કરી શકીશ ? તેમજ મિથ્યાત્વાદિ દુર્ગંધ ભરેલા અન્ય દર્શનરૂપ ફૂલોની વાસના છોડી એકાંતહિતકર તીર્થંકર પ્રભુની પરમકલ્યાણકર વાણીરૂપ સુગંધી પુષ્પરસનો લોલુપ બની ભ્રમરની જેમ ગુરુદેવના ચરણ-કમલોમાં સેવક થઇને રહીશ ! તથા પાંચ [1]સમિતિ અને ત્રણ [2]ગુપ્તિના ઉપયોગવાળો, ઈન્દ્રિયોને જિતનારો અને પરીષહ-કષાય ઉપર વિજય મેળવનારો બની પવનની જેમ અપ્રતિબદ્ધપણે ( મમત્વ-રહિતપણે ) વિહાર કરીશ ? વળી 'રે મુંડિયા ! હજી રંધાય છે! શેનો અહીં આવી ચડયો છે ! નીકળ ઘરબાર ! આવા કર્ણકટુ શબ્દોથી ધિક્કાર-તિરસ્કાર પામવા છતાં માનસિક સમભાવને ગુમાવ્યા વિના ઉદ્યતપણે ક્યારે હું દોષ-રહિત આહાર ની ગવેષણા પૂર્વક ગોચરીમાટે ફરીશ ? તેમ જ નગર-ચૌટાઆદિ સ્થલે કાઉસ્સગ્ગ ધ્યાને રહી બંને હાથો લટકતા રાખી શરીરના મમત્વને સાવ વિસારી દઇ, જતા આવતાં માતેલા સાંઢો વડે પથ્થરના થાંભલાની જેમ મારા શરીર સાથે શરીર ઘસવાની ક્રિયા કરવા છતાં શાંતચિત્તે હું આત્મધ્યાનમાં લીન ક્યારે બનીશ ?" આવા ઉત્તમોત્તમ વિચારરૂપ સુંગધી ફૂલની માલાથી અલંકૃત થયેલો વિવેકી ગૃહસ્થ સુંદર રૂપવાળા અને વસ્ત્રાભૂષણોથી દીપતા યુવકપુરુષ પર સહેજે ઘતા સ્ત્રીના કટાક્ષની જેમ ચારિત્ર-લક્ષ્મીના કૃપા-કટાક્ષને પાત્ર બની જાય છે-અર્થાત્ ચારિત્રની નિર્મલ પ્રાપ્તિ સહજમાં થઈ જાય છે."

---

૧. તમામ પ્રવૃત્તિ ઉપયોગ પૂર્વક કરવી, અને સારા કાર્યમાં મન, વચન અને કાયાને જોડવી.

૨. ખોટા કાર્યમાંથી મન, વચન અને કાયાને રોકવી.

**આચાર્યશ્રીએ વિજયસેન મહારાજા અને સુદર્શનાનો કહેલ પૂર્વ ભવ**

આ પ્રમાણેની ધર્મદેશના સાંભળી પ્રસન્નચિત્ત બનેલા વિજયસેન મહારાજાએ જિજ્ઞાસાબુદ્ધિએ પૂછયું કે—'ભગવન્ ! સુદર્શના રાણી કયા પૂર્વજન્મોપાર્જિત કર્મની શૂન્યારણ્યમાં અપહરાઇ ? અને અપહરણ કરનાર વ્યંતરી સાથે પૂર્વભવનો શો સંબંધ હતો ?' આચાર્ય-મહારાજે જ્ઞાનબલથી સુદર્શના રાણીના પૂર્વભવમાં ઉપાર્જેલ કર્મોનો સંબંધ જણાવતાં કહ્યું કે—સૌમ્ય, સાંભળ ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મધ્યખંડને શોભાવનારું **કુશપુર** નગર હતું કે જ્યાં 'રણ' શબ્દ કેવલ શબ્દના પર્યાયવાચી રૂપે અને 'માર' શબ્દ ફક્ત કામદેવના પર્યાયરૂપે વપરાતો હતો, બાકી લડાઇ કે મારવાની ક્રિયા જ્યાંના લોકોમાં હતી નહિં. ત્યાં તીર્થંકરદેવની અનુપમ ભક્તિ કરનાર સાધુપુરુષનો પવિત્ર સમાગમ સાધનાર અને દોષના કલંકમાત્રથી હીન **દત્ત** નામનો સાર્થવાહ-**શેઠ** હતો, તે શેઠને દુષ્ટસર્પના જેવી ક્રૂરસ્વભાવવાળી અને કુટિલતાથી ભરેલી **પદ્મા** નામની સ્ત્રી હતી. કર્મ-સંજોગે વિસદશ પણ મળેલા સંયોગને નભાવતો શેઠ પોતાનો સંસાર ચલાવતો હતો. ઘણા વખતે પણ પુત્રની પ્રાપ્તિ ન થવાથી તેણે માકંદીપુરીના માણિભદ્ર શેઠની, પ્રભુશાસનના નિર્મલ સંસ્કારવાળી અને સુંદર રૂપવાળી ભદ્રા નામની બાલા સાથે લગ્ન કર્યાં. **ભદ્રા** પતિ તરફથી નાનાપ્રકારની વિષયોપભોગની સામગ્રી મળવા છતાં સંસારના પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણતી હોવાથી તેમાં વધુ આસક્ત બનતી નહિં. વળી **परलोय**-પરલોક ( પર=બીજી લોક=માણુસ ) ની **तत्ति**-તપ્તિ ( નકામી ચિંતા ) ન કરનારી છતાં પણ **परलोय**-પરલોક ( આવતો ભવ ) ની **तत्ति**-તપ્તિ ( યોગ્ય વિચારણા ) કરનારી હતી. આવી ગુણિયલ-સુશીલા સ્ત્રીસાથે સાંસારિક સુખો ભોગવતાં **દત્ત**શેઠને ત્યાં ઉત્તમ પુત્રનો જન્મ થયો. આટલું છતાં પણ શેઠ પહેલાંની ( જૂની ) સ્ત્રી પદ્મા ઉપર બહુ હેત દાખવતા હતા. તેના મનમાં જરાપણ ઓછું લાગી આવે તેવું વર્તન **દત્ત**શેઠ કરતા ન હતા. તે છતાં સપત્ની સ્વભાવને સહજ ઇર્ષ્યાભાવથી **પદ્મા** હૃદયમાં બહુ વ્યાકુલ રહેતી. કારણ કે દૂધથી ગમે તેટલી વાર સિંચાયેલી છતાં કડવી તુંબડી તો તેવી જ રહે છે. કહ્યું છે કે-જગત્માં ગુણસંપન્ન પુરુષ પોતાના સૌભાગ્યના કારણે સાત્ત્વિક ગર્વધારણ કરે છે, અને તેના પ્રતિ, કામમિશ્ર મત્સર-ઇર્ષ્યા આખા જગત્માં હોય છે, જેથી કે જગત્ની તમામ રમણીઓ તેને પોતાના હૃદયમાંથી ખસેડી શકતી નથી.'

**સપત્નીએ આપેલ કલંકથી ભદ્રાની દુઃખી હાલત**

એટલે જુની સ્ત્રી ( પદ્મા ) વિચારવા લાગી કે હાલ તો મારા પતિ તો મારૂં મન રાજી રાખવા ખાતર મારા પર પ્રેમ ભાવ દર્શાવે છે, પણ છેવટે તો નવી સ્ત્રી (ભદ્રા) છોકરાની માતા હોવાના કારણે વધુ પ્રેમને પાત્ર બની મારા પ્રેમમાં વ્યાઘાત કરવાની જ છે, માટે હું કોઈ એવી તજવીજ કરું, કે જેથી આ નવી સ્ત્રી ઉપરથી પતિનું મન જ ઊતરી જાય. આમ વિચારી મોહની ઘેલછામાં ભાન ભૂલેલી પદ્માએ પોતાનો સ્વાર્થ સાધવા કપટકલા-કુશલ એક પરિવ્રાજિકાને એકાંતમાં સત્કાર પૂર્વક બોલાવી વિનંતી કરી કે-ભગવતિ ! આ મારી સપત્ની ( શોકય ) સંબંધી શલ્યને દૂર કરવા કંઈ પ્રયત્ન કરો ! તેણીએ પણ પૈસાની લાલચે કબૂલ કર્યું. ખરેખર અવિવેકથી વિધુર બનેલા પ્રાણીઓ શું અકાર્ય કરતા નથી ? થોડાક દિવસો પછી કર્મસંજોગે દત્તશેઠને દાહજ્વરનો રોગ થયો. કર્મના નિકાચિત બંધના કારણે ઘણા ઉપાયો કરવા છતાં કેમે રોગ શાંતિ ન થઈ. કુટુંબીઓ ઘણા ગભરાઈ ગયા. એટલામાં પેલી પરિવ્રાજિકા ત્યાં આવી, એટલે વિરક્તાવસ્થામાં રહેલા મહાપુરુષો બીજાનું દુઃખ છેદવા હંમેશા તૈયારજ હોય છે એમ ધારી કુટુંબીઓએ ભકિતપૂર્વક પરિવ્રાજિકાને પૂછયું કે-' આ શેઠ ને દાહ-જ્વર ઘણા ઉપાયો કરવા છતાં કેમ શમતો નથી ! જરા મહેરબાની કરો અને શા કારણે આ રોગ થયેલ છે તેની તપાસ કરી તેને દૂર કરવાનો કંઈ ઉપાય બતાવો ! ' આ સાંભળી શેઠની જુની સ્ત્રીએ આપેલ પૈસાની લાલચે નવી સ્ત્રીનું કાટલું કાઢવાનો આ ઠીક લાગ છે એમ ધારી ઠાવકું મ્હોં રાખી કંઇ જાણે મંત્ર પાઠ કરતી હોય તેમ હોઠ ફફડાવતી થોડીવાર ધ્યાનસ્થ થવાનો ડોળ કરી બોલી કે-' સાંભળો ભાઇઓ ! હું જે કહું છું, તે સાંભળી ગુસ્સે ન થતા ! ખરેખર દેવતા સાચું કહે છે કે-આ શેઠની નાની સ્ત્રી (ભદ્રા) પરપુરુષના સંબંધમાં આડે માર્ગે ચાલનારી અને વિષયલોલુપ છે, તેથી પોતાના સ્વાર્થને સંપૂર્ણપણે સાધવા દુષ્ટાશયવાળી ભદ્રા પોતાના પતિનું પણ વિરૂદ્ધ ચિંતવે છે કે-સ્વચ્છંદ રીતે મારી વાસનાને તૃપ્ત કરવામાં આડખીલીરૂપ આ દત્તને કોઈ ઉપાયથી મારી નાખું. પછી હું છોકરાની મા હોવાથી ઘરની માલિક બનીશ, સપત્ની-( શોકય ) ને કાઢી મૂકીશ, અને મનવાંછિત ભોગોને યથેચ્છ ભોગવીશ. આમ વિચારી આ ભદ્રાએ કોઈની પાસેથી શીખીને કંઇક યંત્ર બનાવ્યું છે, તેના કારણે આ દુઃસહ પીડા શેઠને થઈ છે. જો વિશ્વાસ ન આવતો હોય તો ચાલો તમને ખાતરી કરાવું. એમ કહી પોતે પહેલાં દાટી રાખેલ યંત્ર ચૂલા પાસેથી ખોદી કાઢી બતાવ્યું, જેથી બધા કુટુંબીઓને ભદ્રાના કારસ્તાનની ખાતરી થઈ, અને પરિવ્રાજિકાને કાકલુદી પૂર્વક કુટુંબીઓએ વિનવણી કરી કે-ભગવતિ ! આપે કહ્યું તે બરાબર છે, પણ હવે ગમે તેમ શેઠની પીડા ટળે એવો ઉપાય બતાવો. એટલે પરિવ્રાજિકાએ કપટકલાપૂર્વક કહ્યું કે-

'તમે કહો તેમ હું કરવા તૈયાર છું, પણ આ ભદ્રા જ્યાં સુધી અહીં (ઘરમાં) હશે, ત્યાં સુધી શેઠ સાજા થવાના નથી, માટે એણીને જલ્દી ઘર બહાર કાઢો.' આ સાંભળી કુટુંબીઓએ 'રે પાપણી! પતિનો ઘાત કરનારી! તારુ મ્હોં ન બતાવ! નીકળ ઘર બહાર!' આદિ ભર્ત્સના જનક અનેક શબ્દો સંભળાવી ભદ્રાને ઘર બહાર કાઢી મૂકી. આંખમાંથી ચોધાર આંસુ વહેવડાવતી ભદ્રા પણ ગામ બહાર આવી, અને આંબાના ઝાડ નીચે પતિ તથા પુત્રના વિરહથી વ્યાકુલ બનેલી ભદ્રા પોતાના આત્માને સંબોધી વિચારવાલાગી કે- 'જીવ! તેં આ જન્મમાં કંઈપણ પાપ નથી કર્યું, છતાં કોઈ કોઇને વિના કારણે દુઃખ આપી શકતું નથી માટે નક્કી પૂર્વજન્મમાં કોઈ એવું દુષ્કૃત તેં કર્યું હશે, કે જેનું ફલ આ ભવમાં તને મળ્યું છે' આદિ વિચાર કરતી ઊભી હતી, તેટલામાં માકંદી નગરી તરફ જતા ધનધર્મ નામના સાર્થવાહે આશ્વાસનભર્યા મધુર શબ્દોમાં ભદ્રાને પૂછયું કે- 'તું કોણ છે! ક્યાં જવું છે?' એટલે ભદ્રાએ રડતાં રડતાં કહ્યું કે-'હું વાણિયાની દીકરી છું, ભાગ્યની પ્રતિકૂલતા થવાથી મારે પિયર-માકંદીપુરી તરફ જવા માટે નીકળી છું.' આ સાંભળી સાર્થવાહે તે દુઃખી અબલાને બહેન તરીકે કબૂલી વિશ્વાસ પમાડી પોતે ક્ષેમ-કુશળપૂર્વક લઈ જશે-એવી ખાતરી આપી. પોતાની સાથે આવવા કહ્યું, એટલે તેણી પણ તેની સાથે ચાલી.

**ભદ્રાનું અજગરના મુખમાં સપડાવું તથા લુંટારાના પંજામાં ફસાવું**

અનુક્રમે ચાલતાં જંગલમાં એક સ્થાને મુકામ કરેલ. રાત્રે સહુએ યોગ્ય સ્થાને મુકામ કરેલ, સવારે જવાના વખતે સહુ ચાલવાની તૈયારી કરવા લાગ્યા, એટલામાં સૂતેલી ભદ્રાને કોઇ મહાકાય અજગર આવીને ગળવા લાગ્યો. આ બાજુ સાર્થવાહે ભદ્રાની તપાસ ચારે બાજુ કરવા માંડી. જ્યાં તે ભદ્રા સૂતી હતી, ત્યાં આજુબાજુ તપાસ કરતાં અજગરના આવવાની નિશાનીઓ જોઈ. તુરત ભયભીત બનેલા સાર્થવાહે આજુબાજુ ધારીને જોતાં અજગરના મોઢામાં અર્ધી ગળેલી હાલતમાં ભદ્રાને જોઇ. તુરત બુદ્ધિ વાપરી પથરા વગેરેના પ્રહારથી અજગર ને વ્યાકુલ કર્યો. જેથી તેના મુખમાંથી ભદ્રા ઉગરી ગઈ, એટલે સાર્થવાહે તુરત તેણીને સાથે લઈ પોતાના સાર્થ (કાફલા) સાથે ભેગો થઈ ગયો, બીજે દિવસે ફરી જંગલમાં મુકામ કર્યો. ત્યાં રાતે અચાનક 'મારો મારો' પોકારતા હથિયારબંધ ધાડપાડુઓની ટોળી ભરનિદ્રામાં સૂતેલા સાર્થ-(કાફેલા) ઉપર તૂટી પડી. તેઓની સાથે સાર્થવાહ પોતાના ચુનંદા લડવૈયાઓ સાથે ખૂબ લડયો, પણ લૂંટારાઓએ એકદમ ધસારો કરી સાર્થવાહને ઘાયલ કરી પકડી લીધો, અને આખો સાથ (કાફલો) લૂટીલીધો, અને ભદ્રાને પકડી પોતાના માલિક-પલ્લીપતિને સોંપી. તેણીને જોઇને કામ-વિહ્વળ બનેલો પલ્લીપતિ વિચારવા લાગ્યો કે-'અહો! શું અદ્ભુત રૂપ છે! ખરેખર આ

સ્ત્રીના રૂપ સૌંદર્યની આગળ કામદેવની સ્ત્રી રતિ કે સ્વર્ગલોકની અપ્સરા રંભા પણ તુચ્છ છે,' બાદ વિષય વિકારની પ્રબલ વાસનાને આધીન બની કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલેલા પલ્લીપતિએ કહ્યું કે–'સુંદરિ તારાં પ્રેમપૂર્ણ સુંદર નેત્રોવડે મારી પર કૃપાદષ્ટિ કરે. અને દેવનીજેમ મને પતિ તરીકે સ્વીકારી અપ્સરાની જેમ વિવિધ ભોગ–સુખોના વિલાસને અનુભવ. મારી વજ્ર ભુજાના આશરે આનંદથી રહેતી તું યમરાજ જેવાથી પણ ડર કરિં! સામાન્ય માણસથી તો ભયની આશંકા જ ન રાખવી' આ સાંભળી અત્યંત ઉગ્રપણે હૃદયને સંતાપી રહેલ શોકાગ્નિને મોતી જેવડાં સ્થૂલ અશ્રુ-બિંદુ (આંસુ) ઓથી જાણે બુઝવતી સોય તેમ વિહવલતા પૂર્વક રડતી ભદ્રા વિચારવા લાગી કે–'હા દૈવ! તેં મારા ઉપર એવું ખોટું કલંક ચડાવ્યું, કે જેનાથી ધિક્કાર પૂર્વક ઘરમાંથી કાઢી મુકાણી, પતિ અને પુત્રનો વિયોગ પામી જંગલમાં અજગરના મ્હોમાં ફસાણી, અને મારા કારણે મારા ધર્મ–બંધુ ધનધર્મ સાર્થવાહને કેદમાં પડવું પડયું. (કારણ કે જો હું સાથે ન હોત તો લુંટારાઓ સાર્થવાહને લુંટીને જ ચાલ્યા જાત, પણ હું સાથે હોવાથી મને સાર્થવાહની સ્ત્રી સમજી, મને હાથ કરવામાટે સાર્થવાહને કેદમાં નાખેલ છે. હજી આટલાથી પણ તને સંતોષ નથી થયો, કે, જેથી આટલા બધા દુઃખના ડુંગરાઓ મારે માથે ખડકવા છતાં મારે મન મારૂં શીલ રૂપ ધર્મધન સચવાયેલ હોવાની સંતોષભરી લાગણીને પણ છેદવારૂપે પલ્લીપતિ દ્વારા આવી અધમ પ્રાર્થના કરાવે છે! પણ આ ઠીક થતું નથી, તારી ઇચ્છા હોય તો કેવલ દુઃખ ભોગવવા સર્જાયેલ મારા પ્રાણને તું હરી લે, પણ દુર્ગતિનાં દુઃખો કે દરિદ્રતાનો નાશ કરનાર મારા શીલરત્નની તો રક્ષા કરજે! કારણ કે કહ્યું છે કે—

"તેઓની આજ્ઞાને દેવતાઓ પણ હાથ જોડીને વિનીતપણે શિરોધાર્ય કરે છે, હાથી, સાપ, પાણી, અગ્નિ અને સિંહ વગેરે ભયાનક ચીજો પણ તેઓના તાબામાં રહે છે તેઓ કોઇનાથી પરાભવ પામતા નથી, અને સ્વર્ગ અને અપવર્ગની વિપુલ લક્ષ્મી તેઓને સરક્યાંયપણ લતાપૂર્વક હસ્તગત થઈ જાય છે કે જેઓ નિર્મલશીલનું અખંડિતપણે પાલન કરે છે. પ્રાણાંતે પણ ખંડન કરતા નથી."

**ભદ્રાના શીલનો પ્રભાવ લુંટારા પાસેથી છુટકારો**

આમ વિચાર કરતી ભદ્રાએ જ્યારે પલ્લીપતિને કંઈ જવાબ ન આપ્યો, એટલે તેણીને પોતાના તરફ અનુકૂલ કરવા માટે પોતાની માતાને સોંપી અને ભલામણ કરી કે, 'આને જરા એમ સમજાવજો કે, મને પતિ તરીકે કબૂલે!' માતાએ પણ સમજાવતાં કહ્યું કે,–'ભદ્રે! તું

હવે પતિથી તો વિખૂટી પડી જ છે,' આટલું જ્યાં કહ્યું, તેટલામાં કોઇએ છીંક ખાધી, એટલે ભદ્રાએ આ વચનની વ્યર્થતા સૂચવનાર છીંકને શકુનરૂપ સમજી તુરત કપડાને છેડે શુકનની ગાંઠ વાળી. 'હવે તું રાજી થઇને મારા પુત્રને પતિ તરીકે કબૂલી લે!' નાહક તારા યૌવન-જીવનને કાં ગુમાવે છે? આ મારો પુત્ર તારી ઉપર પ્રસન્ન હશે, તો તને દરેક જાતની સારી સાધન-સામગ્રી આપશે અને જો તેને તેં નારાજ કર્યો હશે તો પછી જગત્‌માં તને બચાવનાર કોઈ પણ નથી.' આમ ઘણી રીતે સમજાવવા છતાં કોઈ હિસાબે માનતી નથી. એટલામાં પલ્લીપતિ પણ ચાબુક લઇને મારવા તૈયાર થયેલો આવી પહોંચ્યો. જ્યાં મારવા જાય છે, તેટલામાંતો તેણીના શીલ અને સત્ત્વગુણથી આકર્ષાયેલ નજીકની દેવતાના પ્રભાવથી પલ્લીપતિ ધડામ કરતો જમીન પર મૂર્છાથી મીંચાતી આંખવાળો પછડાણો. એટલે પલ્લીપતિની માતા વગેરે પરિવાર ગભરાઇ ગયો, તુરત શીતલોપચાર કરવા માંડયા, પણ કેમે કરી પલ્લીપતિની મૂર્છા વળી નહિં, લાકડાની જેમ નિશ્ચેષ્ટતા થઇ ગઇ, આ જોઇ બધો પરિવાર ગભરાઇ ગયો, એટલામાં આકાશવાણી થઇ કે-'આ મહાસતીના ચરણ પખાળીને તેનું પાણી જો છાંટો તો ચૈતન્ય આવશે, નહિં તો મરી જશે,' આ સાંભળી તેની માતાએ તુરત ભદ્રાના ચરણ પખાળી તેનાથી પલ્લીપતિના શરીરને છાંટયું, થોડીવારમાં જાણે ઊંઘમાંથી ઊઠે, તેમ આંખો ચોળતો બેઠો થયો. માતાએ બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, જેથી પોતાની ભૂલ સમજાયાથી પલ્લીપતિ તુરત સતી ભદ્રાના પગમાં પડયો, અને પોતાના અપરાધની માફી માગી અને કહ્યું કે-'મેં તારો પ્રભાવ જોયો. હવેથી ફરી આવું કદી નહિ કરું, હું તારો સેવક છું! મને આજ્ઞા કર કે હું શું કરું? હવેથી તું મારી બહેન સમાન છે!' તેણીએ કહ્યું કે, મારા ધર્મબંધુ સાર્થવાહને તું મુક્ત કર' પલ્લીપતિએ તુરત સાર્થવાહને બંધન મુક્ત કરી સન્માનપૂર્વક 'જેવી તારી આ બહેન છે, તેવી મારી પણ છે, માટે આ મહાસતી અને તમારો વૈભવ તમે સ્વીકારો', એમ કહી પોતાનો બધો વૃત્તાંત કહ્યો અને સન્માન સાથે વિદાય આપી, સાર્થવાહ પણ ભદ્રા સાથે ચાલ્યો.

**ભદ્રાનો પતિ સાથે સમાગમ, પૂર્વભવ ઉપસંહાર વ્રતપાલનની દૃઢતાનો ઉપદેશ**

આ બાજુ નીરોગી થયેલ દત્તે પરિવારને પૂછયું કે-'ભદ્રા કયાં છે?' એટલે પરિવારે પરિવ્રાજિકાના કથનથી માંડી ઘરમાંથી કાઢી મૂકવા સુધીની તમામ હકીકત જણાવી. એ સાંભળી દત્તે કહ્યું કે-'અરરર! બહુ અજુગતું કર્યું', કારણ કે કદાચ અમૃત ઝેરપણે પરિણમે, અગર ચંદ્ર આગ વરસાવે, તો પણ તે મહાસતી ભદ્રાના જીવનમાં આવું

અઘટિત કદાચિત્ પણ સંભવે નહીં ' આટલામાં જૂની સ્રી ( પદ્માને ) અચાનક ઉત્કટ ઝેરવાળો કાલસર્પ ડસ્યો અને તુરત તરફડિયાં મારતી મરી ગઈ. આ જોઈ પોતાની ભૂલ સમજાયાથી પશ્ચાત્તાપ કરતી પરિવ્રાજિકાએ દત્તને કહ્યું કે-' શેઠ ! ખરેખર ! જે દુરાત્મા નિષ્કલંક પણ મહાપુરુષનું વિરૂપ કરવાનું ચિંતવે છે, અગર પ્રવૃત્તિ કરે છે, તે આ તારી સ્રી ( પદ્મા ) ની જેમ તુરતા તુરત કટુ પરિણામને ભોગવે છે. ' દત્તે પૂછ્યું કે,-' એમ કેમ ? એટલે પરિવ્રાજિકાએ પદ્માની શીખવણીથી પોતે કરેલ તમામ પ્રપંચની વિગત જણાવી. એ સાંભળી દત્ત ભદ્રાને લઇને જ આવવાની પ્રતિજ્ઞા કરી, તેની તપાસમાં નીકળી પડયો. ભાવિ સંયોગે ધનધર્મ સાર્થવાહનો ભેટો થઈ ગયો. સાર્થવાહે પણ અજગરના મુખમાં અને પલ્લીપતિના સકંજામાં સપડાયાની અને શીલ-પ્રભાવે બચ્યાની હકીકત વિસ્તારથી જણાવી. ભદ્રાને મહાસતી તરીકેની પ્રશંસા પૂર્વક દત્તશેઠને સોંપી. પછી દત્તશેઠ ભદ્રાને લઈ કુશપુરમાં આવ્યા, અને વિશેષે ધર્મની આરાધના કરવા પૂર્વક પર્યંતે સમાધિપૂર્વક કાલકરી બન્ને સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યાવીને દત્તનો જીવ હે મહારાજ ! તમે થયા છો, અને ભદ્રાનો જીવ સુદર્શનારાણી તરીકે થયેલ છે. પેલી પદ્મા આર્તધ્યાનમાં મરીને અનેક પ્રકારની કૂતરી વગેરે તિર્યંચની યોનિઓમાં વિવિધ પ્રકારનાં લાખો દુઃખોની પરંપરાને સહન કરતી યથા કથંચિત્ અકામ નિર્જરાના બલે પુણ્યસંચય થયેલી લૂસાર નામના ગામમાં મહાદરિદ્રી દાન નામના ગૃહસ્થને ત્યાં દુર્ભગદશાના સ્થાનરૂપ કન્યાપણે ઉત્પન્ન થઈ, યોગ્ય વયે પરણાવતાં પૂર્વજન્મોપાર્જિત દુર્ભગપણાના દુષ્કર્મથી પતિએ પરણ્યા પછી તુરત તેણીનો ત્યાગ કર્યો, એટલે વૈરાગ્ય ભાવવાળી થઈ તાપસી દીક્ષા લીધી. અજ્ઞાનકષ્ટ ભરી વિવિધ તાપસીદીક્ષોચિત આચરણાઓ કરી અકામનિર્જરાબલે ક્ષુદ્ર વ્યંતરીપણે થઈ. આ સુદર્શના તમને પરણવા પિતાને ત્યાંથી સામગ્રી સાથે આવતી વેળાએ જંગલમાં જ્યાં પડાવ નાખેલો, ત્યાં વિલાસ કરતી જોઇને પૂર્વભવના વૈરાનુબંધના સંસ્કારથી દુઃખી કરવાના ઇરાદાથી સુદર્શનાને ઉપાડીને તે ક્ષુદ્ર વ્યંતરીએ જંગલમાં જઈ પટકી, અને મહારાજ ! તમને પણ ઘોડાદ્વારા અપહરણ કરાવી જંગલમાં પદ્મસરોવરની પાસે લાવી મૂકેલ, પણ સુંદર રૂપાદિ ગુણોથી તમારા પર મોહી પડી અને તમારીપાસે વિષયભોગની પ્રાર્થના કરી, છતાં તમે તેણીના વચનને માન્ય ન રાખ્યું. ત્યાર બાદ આકરી કસોટીમાં પણ તમે દૃઢ રહ્યા. ખરેખર ! તમે ધન્ય છો આવી અનુકૂળ સામગ્રીએ પણ તમારી બુદ્ધિ પરસ્રી પરાઙ્મુખ રહી શકી. તમારી આવી દૃઢ ધાર્મિકતાના પ્રતાપેજ વિષમ અટવીમાંથી હેમ-ખેમ પસાર થઈ વિશેષ અભ્યુદયાવહ સંપત્તિ-સામગ્રી વગેરે મેળવી પુનઃ તમારુ રાજ્ય અને સુદર્શનારાણી મેળવી શકયા છો. સુદર્શનારાણી પણ કોને વખાણવા લાયક નથી, કે જેણીએ નિરાધાર સ્થિતિમાં પ્રબલ સત્તાધીશ સિંહ રાજાની અનુકૂળ-પ્રતિકૂળ પ્રાર્થના-ધમકી આદિ છતાં પણ

પોતાના શીલવ્રતને દૃઢપણે ટકાવી જાણ્યું, કારણ કે નિર્મળપણે પાળેલું શીલ સકલ ઉપસર્ગોને દૂર હઠાવનાર છે. તેથીજ સુદર્શનાના સકલ મનોવાંછિતની સિદ્ધિ થયેલ છે. આ રીતે શુદ્ધિપૂર્વક પાળેલા એક શીલવ્રતનો આવો મહિમા જાણી બાકીનાં વ્રતોને પણ નિર્મલપણે પાળવા પ્રયત્નશીલ થવું."

હવે પૂર્વભવ સાંભળીને બન્ને જણ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી વિજયસેન રાજા અને સુદર્શનાએ કહ્યું "હે ભગવન્, તમે જે આ કહ્યું છે તે બધુ હાથમાં રહેલા મુક્તાફળની જેમ બધું અમને પ્રગટ દેખાય છે." એવામાં અવસર મળવાથી મણિચૂડે કહ્યું, "હે ભગવન, પૂર્વજન્મમાં કરેલ ક્રોધનો આ વિપાક છે, તો અમારા જેવા વિષયલોલુપ અપ્રિય કરીને બીજાને ક્રોધ ઉત્પન્ન કરે છે તો તેવાની ગતિ કેવી થશે ? તો હે પ્રભુ અમારા જેવાને માટે તમારા જેવાના ચરણ કમળનું શરણ લેવા સિવાય બીજો માર્ગ નથી તેથી હે ભગવન્, મને દિક્ષા આપો. પછી ગુરુવડે દિક્ષિત થયેલ મણિચૂડ ભવથી વિરક્ત ચિત્તવાળો બનીને ગુરુસાક્ષીએ પોતાના દુશ્ચરિત્રની નિંદા કરવા લાગ્યો.

હવે વિજયસેન રાજાએ કહ્યું, "ભારે કર્મને લીધે હજી પણ અમારે સંસારમહાર્ણવમાં ભટકવાનું છે. અમે ગુરુજન તેમજ જિનધર્મ પ્રાપ્ત થવા છતા પણ વિષયપરવશહૃદયવાળા હોવાથી અમે દિક્ષા અંગીકાર કરતા નથી અને આ મણિચૂડ કૃતપુણ્ય મહાસત્તા હોઈ આપની પાસે જિનધર્મની દિક્ષા અંગીકાર કરી. તો હે ભગવન્, અમારા ઉપર મહેરબાની કરી અમને શ્રાવકધર્મ અંગીકાર કરાવો. પછી ગુરુએ રાજાને અને સુદર્શનાને વિધિપૂર્વક ઉત્તમ સમ્યક્ત્વરૂપ પ્રથમ બાર વ્રત ગ્રહણ કરાવ્યા. પછી રાજા મુનીન્દ્રને નમીને ત્રણ ભુવનનું રાજ્ય પ્રાપ્ત થયું હોય તેવા આનંદથી પોતાની જાતને કૃતકૃત્ય માનતો પોતાને ઘરે ગયો. રસ્તામાં ઠેકઠેકાણે તેણે સુવર્ણમય જિનમંદિરો બંધાવ્યા અને તેમાં સ્ફટિકમય સર્વજ્ઞ-પ્રતિમાઓ સ્થાપન કરાવી. તે હંમેશા સામયિક કરતો અને પર્વદિવસે પૌષધવ્રત આચરતો. આ પ્રમાણે રાજા શ્રાવકધર્મનું પાલન કરતો. કુલાંગનાઓ પતિના માર્ગનેજ અનુસરે એ રીતે દેવી સુદર્શના પણ પતિના માર્ગનેજ અનુસરતી.

**શરદ ઋતુનું વર્ણન**

એવામાં શરદઋતુનો સમય આવ્યો. જે વિરહ-વેગની જેમ ઘણા ધાન્યને ઉત્પન્ન કરનાર થાય છે. (બીજા પક્ષમાં ઘણો આશ્વાસન કરનાર થાય છે.) રૂપવાન્ મનુષ્યની જેમ આકાશને નિર્મલ કરનાર-શોભાવનાર છે. પુણ્યના સમૂહની માફક કમલોના ઉદયને વધારનાર થાય છે (બીજા પક્ષમાં લક્ષ્મીના ઉદયને કરનાર), કમલ-ખંડની જેમ સર્વ ભમર-ભમરીઓથી યુક્ત હોય છે. જે

ઋતુમાં એક બાજુ નિરંતર શાલિનાં ક્ષેત્રો શોભે છે, ચારે દિશામાં વૃષભો (બળદો) ગાજે છે-ગર્જના કરે છે. એક તરફ વન-પ્રદેશમાં સપ્તપર્ણ-સુગંધી વૃક્ષોના પરિમલથી વ્યાકુલ થયેલાં ભમરાનાં કુલો વિચરે છે. અને આ ઋતુમાં એક બાજુ હર્ષિત થયેલી ગોપીઓ રાસ રમતી જોવાય છે. વળી આ ઋતુમાં હર્ષિત થયેલા લોકો હર્ષને વધારનાર દીપોત્સવ (દીવાળી), ઇન્દ્રમહ વગેરે પ્રકારના શ્રેષ્ઠ મહોત્સવો પૃથ્વીમાં કરે છે. આ ઋતુમાં, સૂર્યના પ્રચંડ કિરણોથી તપી ગયેલા લોકોને સરોવરો શતપત્ર કમલો ધરે છે અને ધોળાં વાદળો છત્ર ધરે છે અને પોતાની રિદ્ધિથી લોકોને કહે છે કે દાન વિશુદ્ધિના હેતુભૂત થાય છે. આ ઋતુમાં, રજનીનાથ (ચંદ્ર) અધિક ચાંદનીના પ્રકાશથી મહીતલને પ્રસન્ન કરનાર થાય છે. અથવા જે કોઈ વિમલ સ્વભાવવાળો હોય છે, તે ખરેખર બીજાઓને ઉપતાપ કરતો નથી. બીજા વન-પ્રદેશમાં મદોન્મત્ત હાથીઓ નવા ઊગેલા દંતૂશળો વડે મોટા મોટા વૃક્ષોને ભાંગતા સંચરે છે. અથવા મલિનોની રિદ્ધિ, બીજાને અવશ્ય દુઃખના કારણરૂપ બને છે. ગિરિ-નદીઓ-પર્વત પાસેની નદીઓ, ભારે વિસ્તારને પામી, પાછળથી કૃશ થાય છે. એ મહીધરો (પર્વતો અને રાજાઓ) થી ઉત્પન્ન થયેલી ઋદ્ધિઓનું અસ્થિરપણું કહે છે. જે જલ (પાણી) ન પીવામાં આવ્યું હોય, તે કલુષિત (ડહોળું) થાય છે અને પછી લોકોથી પીવાતું પાણી સ્વચ્છ થાય છે. તેને પણ જલ (જડ) કહે છે. સર્વ કોઈ સ્વચ્છ હોય, તે પ્રિય થાય છે. વર્ષાકાલમાં મોરોને હર્ષ થતો હતો, હાલ શરદના સમયમાં હંસોને હર્ષ થાય છે; 'કેટલાક દિવસો સાસુના, તો કેટલાક વહુના હોય છે.' વીજળીના ગુણ-વિસ્તાર સાથે ઇન્દ્રધનુષ્ય પણ લોકો વડે જોવાતું નથી, પરંતુ ભવનમાં ધોળાં વાદળાનું પટલ જોવાય છે, તે મજબૂત રીતે શરદ ઋતુને સૂચવે છે.

તે શરત-કાલમાં, વિજયસેન રાજા સભા-મંડપમાં બેઠા હતા, ત્યારે ઉદ્યાનપાલે આવી, તેને આ પ્રમાણે વિનંતી કરી-'હે રાજન્! શ્રેષ્ઠ શિરીષ-નિતંબવાળી, પંકજરૂપ મુખવાળી સારસની જોડીરૂપ સ્તનયુગલવાળી, હંસાવલીરૂપ દાંતપંક્તિવાળી શરદ-લક્ષ્મી તમારાં દર્શનની અભિલાષા કરે છે. પતિનાં દર્શન ન થવાથી પવન દ્વારા લાંબા નીસાસા નાખે છે, તો ઉદ્યાનમાં જઇને પોતાનાં દર્શનરૂપી અમૃતરસવડે એ બિચારીને આશ્વાસન આપવું જોઇએ. જ્યાં સુધીમાં હજી પણ તે અતિક્રમણ કરતી નથી.'

**મહારાજાએ મહારાણી સાથે ઉદ્યાનમાં પધારવું.**

એ પ્રમાણે સાંભળીને રાજાએ જાણ્યું કે, હાલમાં શરદ-સમય પ્રવર્ત્યો છે.' ત્યાર પછી રાજા વિજયસેને નગરના લોકોને આજ્ઞા કરી કે, ઉદ્યાન-યાત્રા કરવા યોગ્ય છે અને પોતે પણ મોટા આડંબર-પૂર્વક ચાલ્યા. તે આ પ્રમાણે

અપ્સરા સમાન સુંદર કામિનીઓના કરો વડે શ્રેષ્ઠ ચામરો વીંઝાતા હતા, મસ્તક ઉપર ઉજ્જવલ છત્ર ધરવામાં આવ્યું હતું. મદોન્મત્ત હાથીના સ્કંધ ઉપર મહારાજા બિરાજ્યા હતા. ચાલતા કનકમય રથનાં ચક્રોના ઘણુ ઘણુ અવાજ વડે દિશાઓનું ચક્ર રૂંધાઈ ગયું હતું. ચાલતા મદમત્ત હાથીઓનામદ-જલવડે પૃથ્વીપીઠ સિંચાઈ ગયું હતું. જેમના હાથોમાં વિવિધ પ્રકારનાં શસ્ત્રો રહેલાં હતાં, તેવા પાયદળ-સૈન્યથી રાજા પરિવર્યા હતા. અને ઘોડાઓની ખરીઓના પ્રહારથી ઉખાડેલી પૃથ્વીના ધૂળના સમૂહથી આકાશ આચ્છાદિત થઈ ગયું હતું. એવી રીતે ચતુરંગ સૈન્ય સાથે અને અન્તઃપુર સાથે પરિવરેલા રાજા, વિલાસ-પૂર્વક જતાં કુસુમાકર નામના ઉદ્યાનમાં પહોંચ્યા.

જે ઉદ્યાનમાં, રાજાના સમાગમથી અત્યંત હર્ષિત થયેલા હોય, તેમ શ્રેષ્ઠ વૃક્ષો મકરંદ-પાનથી પરવશ થયેલા ભમરાઓના અવાજ વડે જાણે ગાતા હોય-તેમ જણાતું હતું. તથા પવનથી કંપતા-ડોલતા મોટા વૃક્ષો પલ્લવરૂપી હાથો વડે જાણે નાચતા હોય અને વિકસ્વર થયેલ ઉજ્જવલ કેતકી ( કેવડા ) વૃક્ષોનાં પાંદડા વડે જાણે અત્યંત હસતા હોય-તેમ જણાતું હતું. જંબીર, અંબ ( આંબા ) કદંબ, જંબૂ ( જાંબુ ), કેળ, કપૂર, પૂગીફલ ( સોપારી ), તેમજ ખજૂરી, અર્જુન, સર્જ, સલ્લકી, સમી, ન્યગ્રોધ ( વડલા ), શોભાંજન વૃક્ષો અને કક્કોલી, કુવલી, લવંગ, લવલી, નવમાલિકા, માલતી વગેરે લતાઓનો સમૂહ, તેમજ તમાલ, તાલ, તિલકસ્નિગ્ધવૃક્ષો ત્યાં શોભતાં હતાં.

એવા પ્રકારના ઉદ્યાનમાં, સમીપમાં રહેલી મહારાણી સુદર્શના સાથે મહારાજા વિજયસેન ગયા હતા અને અનિમેષ દૃષ્ટિથી વનલક્ષ્મીને જોતા હતા. કૌતુકથી આકર્ષાયેલા પરિજનો ( અનુચરો ) વડે તેમને આદર-પૂર્વક માર્ગ દર્શાવાતો હતો. 'હે મહારાજ! જોઈને પ્રસન્ન થાઓ, આ તરફ, વિકસ્વર થયેલાં કમલ-ખંડ ( સમૂહ ) થી શોભતાં સ્વચ્છ પાણીથી ભરપૂર મહાસરોવરો શોભે છે. આ તરફ, સહચરીઓ વડે હર્ષ-પૂર્વક અપાતાં મૃણાલ ( કમલ )-દલવાળાં હંસ-યુગલો સંચરી રહ્યાં છે, આ તરફ, પ્રિયો વડે સારી રીતે ઉત્તેજિત કરાતા માનિની-પ્રિયાના પ્રણય-પ્રસરવાળાં સારસ-યુગલો ક્રીડા કરે છે. આ તરફ પુષ્પોની સુગંધમાં આસક્ત ભમરાઓની પંક્તિઓવડે સપ્તપર્ણ-સુગંધી વૃક્ષોનાં વન સેવાય છે. આ તરફ પોપટોનાં કુલ વડે ક્રીડા કરાય છે, તથા આ તરફ જાણે વિપુલ ( ભારે વિસ્તારવાળા ) નિતંબ ( મધ્યપ્રદેશ ) ના ભારથી નમી ગયેલા અંગવાળી, ઊંચાં સ્થૂલ સ્તનમંડલવાળી અને હાથના તાલને મેળવતી ગોપીઓના જેવી શાલિ-મંજરીઓ ચંચળ નેત્રોથી જોવાય છે. આ તરફ, શાલિ-ક્ષેત્રનું રક્ષણ કરવામાં તત્પર ગોપીજનો વડે મહારાજાનાં ગીતો ગવાય છે, જે સમીપ આવીને નિશ્ચલ થઇને બેઠેલાં હરણોનાં કુલો વડે સંભળાય છે.

એવી રીતે કંચુકી ( અન્તઃપુરરક્ષક ) વડે જેને શરદ-લક્ષ્મીનો વૈભવ દર્શાવાઈ રહ્યો હતો-એવા રાજા, ઉદ્યાનના બીજા ભાગોમાં હર્ષ-પૂર્વક વિચર્યા હતા.

**મહારાણીએ સાર્થવાહ-પત્ની જોવી.**

તેવામાં સુદર્શનારાણીએ, વિશિષ્ટ નેપથ્ય ( વેષ-વિભૂષા ) વડે જેણીએ સમસ્ત રમણીગણને નિસ્તેજ ( ઝાંખો ) કર્યો હતો અને રમણીયપણા વડે જેણીઓએ કામદેવની પ્રિયા ( રતિ ) નાં રૂપને ઝાંખું કરી દીધું હતું-તેવી સમાન વયવાળી, તથા જુદાં જુદાં નરવિમાનો ( પાલખી-શિબિકાઓ ) માં આરૂઢ થયેલી જાણે કે કલહંસીઓ જેવી મહિલાઓ વડે અનુગમન કરાતી રાજહંસી જેવી, તારાઓ વડે અનુગમન કરાતી ચંદ્રલેખા જેવી અને ચંપકલતાઓ વડે અનુગમન કરાતી કલ્પલતા જેવી નરવિમાન ( શિબિકા-પાલખી ) માં બેઠેલી, મોટા ઋદ્ધિ-સમુદાય સહિત શ્રેષ્ઠ મહિલાને, વિસ્મય વડે વિકસ્વર થયેલાં નેત્રવાળી મહારાણીએ જોઈ. અને કંચુકીને પૂછ્યું કે-હે ભદ્ર ! પૃથ્વીની નદીઓમાં શીતાનદીજેવી, મણિઓમાં ચિન્તામણિરત્ન જેવી, બીજી વિદ્યાઓનાં શબ્દવિદ્યા જેવી, બીજાં વૃક્ષોની મંજરીઓમાં સહકાર ( આંબા ) ની મંજરી જેવી, કુસુમની જાતિઓમાં માલતી જેવી, બીજી કથાઓમાં ધર્મકથા જેવી, બીજી હાથણીઓમાં અભ્રમુ ( ઐરાવણની પત્ની ) જેવી બીજી રમણીઓનાં રૂપ, સૌભાગ્ય-શોભાના ગર્વને દૂર કરતી આ કઈ મહિલા આગળ ચાલે છે ? અથવા અસાધારણ સ્વાભાવિક સૌભાગ્યવાળી એ મહિલાની પાછળ ગમન કરતી વિચરે છે ? '

કંચુકીએ કહ્યું કે-' હે મહારાણી ! પરમાર્થને સંપાદન કરવામાં જેણે ધન-વ્યય કર્યો છે-એવો, તથા બાંધવ જનો રૂપી કમલોને વિકસ્વર કરવામાં સૂર્ય જેવો, મોટા ગુણરૂપી રત્નોનો સાગર, વાચક જન રૂપી મોરના સમૂહને આનંદિત કરવામાં મેઘ જેવો, નંદિષેણ નામનો સાર્થવાહ અહીં વસે છે. વિકસ્વર અરવિંદ ( કમલ ) જેવા સુંદર મુખવાળી, નીલ કમલનાં દલ જેવાં નેત્રવાળી, પોતાનાં દર્શનરૂપી અમૃતવડે કામદેવને જીવાડનારી, મહામૂલ્યવાળાં રત્નોના અલંકારોના કિરણો વડે આકાશને દેદીપ્યમાન કરનારી, ઈતર વનિતાઓ કરતાં વિલક્ષણ, સુંદર લક્ષણોવાળી આ મહિલા, તે સાર્થવાહની પ્રણયિની ( સ્નેહાળ પત્ની ) છે. તેણીને સ્નેહ-સદ્ભાવ ભર્યા ભર્તાર સાથે વિષય-સુખોને સેવન કરતાં, દેવકુમાર જેવા અને સકળ કલા-કલાપના કૌશલ્યને ધારણ કરનાર, લોકોનાં મનને આનંદ આપનારા બે નંદનો ( પુત્રો ) થયા છે. તે બંને પુત્રો સમાન કુલ, શીલથી શોભતી, ગુરુજન ( વડીલજન -સાસુ-સસરા વગેરે ) નાં ચરણ-કમલને સેવવામાં ભમરી જેવી, સકલ વિદ્વત્ જનોનાં ( લોકોનાં ) લોચનોને આશ્ચર્યભૂત ચાર ચાર કન્યાઓને પરણ્યા હતા, તે આણવિક્-પુત્રીઓ છે. '

મહારાણી સુદર્શનાનો ઉદ્વેગ.

એ પ્રમાણે કંચુકીએ કહેલું સાંભળીને, સુદર્શના મહારાણી, આંસુના પાણીથી ભરાયેલી આંખવાળી, શોક ખિન્ન ( દિલગીર ) મનવાળી, અત્યંત ભારે ઉદ્વેગને કારણે કલંકથી દૂષિત શરીરવાળી થઈ. પોતાના આત્માને ચોર જેવો જોતી એવી રીતે બોલવા લાગી કે, ખરેખર, આ જીવલોકમાં તે મહિલાઓ ધન્ય છે, કૃતાર્થ છે અને તેણીઓએ ખરેખર મનુષ્ય-જન્મ સારી રીતે પ્રાપ્ત કર્યો ગણાય, જેણીએ પોતાની કુક્ષિથી ઉત્પન્ન કરેલા બાળકો મન્મન ઉલ્લાસ કરતાં સ્વીકારે છે અને પરભવમાં પણ નિર્વૃતિ-શાંતિને પામે છે." અને આવો પુત્ર દુર્લભ છે, કારણ કે, મારે ત્યાં, આટલો કાળ જવા છતાં પણ, અને ઘણી પ્રણયિની ( પ્રેમી રાણીઓ ) હોવા છતાં પણ, કુલને અલઙ્કૃત કરે-શોભાવે-તેવા એક પણ પુત્રની પ્રાપ્તિ થઇ નથી, તો બીજું બધું રહો. એવી ચેષ્ટા વડે હું શું કરું ? કોની આરાધના સારી રીતે કરું ? હું કયાં જાઉં ? કોની સાધના કરું ? અથવા કયો ઉપાય છે ?' એ પ્રમાણે ક્ષણવાર શું કરવું એ વિચારમાં મહારાજા મૂઢ મનવાળા થયા. તત્કાલ જ સત્ત્વભાવ સ્વીકારીને વિચારમાં પ્રવૃત્ત થયા કે, "જો કે પરલોકને સ્વીકારનારાઓને પુત્રો વડે કોઈ સાધાર-ઉપકાર થતો નથી, કારણ કે, યોગીઓને ઉપરાઉપર થયેલો રોગ દુઃખ કરતો નથી, તો પણ પૂર્વના રાજાઓના સંસ્થાન ( મર્યાદા ) ના ઉચ્છેદનું દુઃખ મારા મનને ખેંચે છે, અને પૂર્વના રાજાઓએ રક્ષણ કરેલું ભૂમંડલ મને આકર્ષે છે."

આ સમયે, સૂર્ય-મંડલને અસ્તાચલના શિખર પર ચડેલું જોઇને મહારાજા પોતાના રાજમહેલે આવ્યા. પુત્રની પ્રાપ્તિ સંબંધી અનેક વિકલ્પ કલ્પનાઓથી વ્યાપ્ત મનવાળા મહારાજાની રાત્રિ પસાર થઈ ગઈ. દિશાનાં મુખો, મોર, કારંડવ, ( બતક ), ચકોર, ચક્રવાક અને પોપટનાં કુલો વડે કોલાહલવાળાં થયાં. તારાઓનો સમૂહ વિશેષ ગલતી પ્રભાના પ્રભાવથી નિસ્તેજ થયો. સિંદૂરના પૂર જેવી સૂર્યના સારથિ-અરુણની પ્રભા પ્રસરી, માનિનીઓનાં માનને નિર્મંથન કરનારાં, પ્રભાતનાં મંગલ વાજિંત્રો વાગ્યાં. અનુક્રમે કમલવનોને પ્રફુલ્લિત કરવામાં સમર્થ પ્રભા-પ્રસરવાળો દિનકર ( સૂર્ય ) સારી રીતે ઊગ્યો. ત્યાર પછી મહારાજા રત્ન-રચિત પોતાના મહેલમાંથી ઊઠીને પ્રભાત સંબંધી કર્તવ્યો કર્યા પછી પ્રધાન પરિજનો સાથે આસ્થાન ( સભા ) મંડપમાં જઇને, અનેક મણિ-ગણોથી વિભૂષિત, પૂર્વપર્વતના શિખરના સિંહાસન ઉપર દેવની જેમ રહ્યો. તેની પાસે, જેમના હાથમાં ચામરો છે, તેવી તરુણીઓ બંને બાજું શોભતી હતી. સામંતો, મંત્રીઓ અને સુભટો પોતપોતાનાં સ્થાનોમાં બેઠા હતા. ત્યાર પછી પ્રધાન રાજાઓનાં વિપુલ ભેટણાં-

ઓને સ્વીકારતા, રાજ્યનાં કાર્યોથી ચિંતા કરતા રાજાએ ત્યાં થોડીવાર રોકાઈને સમસ્ત સેનાપતિ, સાર્થવાહો અને સામંતોને વિસર્જિત કર્યા.

ત્યાર પછી કેટલાક પ્રધાન લોકોથી પરિવૃત થઈ મહારાજા એકાન્તમાં બેઠા. મતિ-સાગર પ્રમુખ મંત્રિવર્ગ આગળ, પૂર્વોક્ત સર્વ વૃત્તાન્ત કહીને એવી રીતે પૂછ્યું કે, "હે મંત્રીઓ! તમે સદા સમસ્ત શાસ્ત્રોને સારી રીતે સાંભળો છો, તમે વિદ્યા-સિદ્ધોને સેવો છો, તથા મંત્ર-તંત્રોને સાંભળો છે, તમે અત્યન્ત વિશુદ્ધ બુદ્ધિ-વૈભવવાળા છો, તમે જાતે પણ અત્યન્ત ગુપ્ત કાર્યોનાં વિવેચન કરો છો, તો તમો કહો કે, હું પુત્ર-લાભ સંબંધી ચિંતા-સમુદ્રનો પાર ક્યારે પામીશ?"

ત્યાર પછી થોડી વાર વિચાર કરીને મંત્રીઓએ કહ્યું કે, હે મહારાજા; સારા સ્થાનમાં આપનો આ સારો ઉદ્યમ છે. અમે પહેલાં પણ આ પ્રયોજનની વિનંતી કરવાની અભિલાષાવાળા હતા. હાલમાં આપ મહારાજાએ પોતે જાતે જ કહ્યું-એ સારું થયું, પરંતુ આપ અમને પૂછો છો, પરંતુ આ અર્થ ( વિષય પ્રયોજન ) દિવ્યજ્ઞાન-વચનોવાળા-નો છે. તેમનાં દર્શનને આચરતા અમે આ વિષયમાં શું કહી શકીએ? અથવા શું પ્રત્યુ-ત્તર આપીએ? અમારા જેવા આકાર, ઇંગિત, ગતિ, કથન-વિષયના અર્થને જાણે, પરંતુ દિવ્યજ્ઞાન-ગમ્ય આ અર્થમાં, અમારી મતિઓ ચાલતી નથી, પરંતુ અમે એટલું તો જાણીએ છીએ કે, ઉપાય વિના પણ જીવો પોતાનાં કરેલાં કર્મોને યોગ્ય સ્થાનોમાં પુત્ર તરીકે ઉત્પન્ન થાય છે."

ત્યાર પછી રાજાએ હસીને કહ્યું કે, "જો એમ છે, તો આકાશમાંથી પ્રતિક્ષણે કેમ ઉત્પન્ન થતા નથી? કર્મની પ્રધાનતાથી થાય છે, તેથી તમો એકાન્ત પક્ષને સ્વીકારો નહિ, કારણ કે, કાર્યની સિદ્ધિમાં, દ્રવ્ય, ક્ષેત્ર અને કાલ એ પણ કારણો છે."

ત્યાર પછી ભાલતલ પર હાથરૂપી કમલ સ્થાપી મંત્રીઓએ કહ્યું કે, 'આપ મહા-રાજા જે ફરમાવો છો, તે સત્ય છે' એમ કહી તે સર્વ વચન જલ્દીથી બહુ માન્યું.

ત્યાર પછી અવિવેક મંત્રીએ કહ્યું કે "હે મહારાજા! શ્રીમણિભદ્ર યક્ષ તમારા પ્રકટ કુલદેવતા છે, શ્રેષ્ઠ ગંધ, ધૂપ, નૈવેદ્ય, કુસુમ-સમૂહવડે પૂજવામાં આવે, તો તે સંતુષ્ટ મનવાળો થઇ પુત્ર-રહિત જનોને પુત્ર-સહિત કરે છે, ધનના અભિલાષીઓને ધન આપે છે, વ્યાધિઓથી વિહ્વલ જનોને આરોગ્ય આપે છે, રાજ્યના અભિલાષી જનોને હાથીઓ, ઘોડા અને રથોથી સમૃદ્ધ એવું રાજ્ય આપે છે બહુ કહેવાથી શું? જગતમાં જેનું જે વાંછિત હોય, તેને તે સર્વ તુષ્ટ થયો છતો આપે છે; તો હે મહારાજા! તેની પૂજા શ્રેષ્ઠ કુસુમોવડે કરવા ઇચ્છો, તો તુષ્ટ થયેલ તે યક્ષ પુત્ર આપે."

મહારાજાએ પોતાના બંને હાથો વડે બંને કાનો ઢાંકીને કહ્યું કે-'શાન્તં પાપમ્' "અમ્હારી આગળ એવા પ્રકારનું વચન ન બોલ, રાગ, દ્વેષ અને મોહને જિતનાર, સર્વજ્ઞ જિનવરને મૂકી, અન્યની પ્રાર્થના હું ન કરું, તો પછી પૂજા કેમ કરું? જીવના વધ (હિંસા) વડે જો મનોવાંછિત અર્થની પ્રાપ્તિ થાય, તો સંસારભરની દુઃખકરનારી તેવી પ્રાપ્તિથી મારે સર્યું." ત્યાર પછી મતિસાગર મંત્રીએ કહ્યું "જિનેન્દ્ર-ધર્મમાં સ્થાપન કરેલ મનવાળા મહારાજાએ અહો! આવું વચન ઉભય લોક (આ લોક અને પરલોક) ને હિતકારી વચન કહ્યું છે. મહારાજાનો બુદ્ધિ-પ્રકર્ષ વિશુદ્ધ છે, વિવેક-રસ અસાધારણ છે, નિષ્કારણ કરુણા છે, ચરિત લોકોને મોટું આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું છે. અને સર્વોત્તમ ધર્મમાં સારી રીતે ઉદ્યમ છે, મનોવૃત્તિ નિર્મલ છે. મહારાજા સિવાય આવો યુક્ત અને અયુક્તનો વિમર્શ (વિચાર) કરવા બીજો કોણ સમર્થ છે? કારણકે જીવોને પુણ્યોવડે સ્ફુટ મનોપદાર્થની પ્રાપ્તિ થાય છે. અન્યથા સર્વને સર્વ વગર રોકેટોકે થાય.

જગતના સર્વજીવોને હિતકારી, રાગ, દ્વેષ અને ભયથી મુક્ત એવા જે સર્વજ્ઞ દેવ છે, તેને નમસ્કાર કરવા વડે તે પુણ્ય પ્રાપ્ત થાય છે. જેઓ પોતે નિર્ગુણી છે, કરુણા-રહિત છે, રાગ-દ્વેષ આદિ દોષોથી પ્રતિબદ્ધ-ભરપૂર છે, તેમને વ્યન્તરો વગેરેની પૂજાથી પુણ્ય કેવી રીતે થાય? જીવોને અધર્મવડે ઇચ્છિત અર્થની પ્રાપ્તિ હણાય છે. જીવ-વધ કરવામાં આવતાં તે અધર્મ જ દૃઢ થાય છે. તેથી મનોવાંછિત વસ્તુ-સમૂહની સિદ્ધિના અભિલાષી મનુષ્યે તેવી રીતે પુણ્ય વધારવું જોઇએ. જેથી પુણ્ય વૃદ્ધિ પામે. તો હે મહારાજા! જિન મંદિરોમાં મહાપ્રબંધ વડે મહિમા કરાવો. જિન ભગવાનની પ્રતિમાઓને ઘણા કેસર, કપૂર (બરાસ) અને શ્રીખંડ (સુખડ)ના રસથી મિશ્રિત પાણીવડે પ્રભાવવાળી કરાવો. તથા પ્રફુલ્લ (વિકસ્વર) મલ્લિકા, કમળો અને માલતી પ્રમુખ કુસુમો વડે પૂજાવો તથા વિચિત્ર ચીનાઈ વસ્ત્ર, પટ્ટાંશુકો વડે સત્કાર કરાવો. તથા વિવિધ પ્રકારના સુવર્ણના અને રત્નજડિત અલંકારો વડે વિભૂષિત કરાવો. તથા તે જિનપ્રતિમાઓ આગળ, પરિપકવ ફળો સાથે નિર્દોષ ખાદ્ય, ભોજ્યથી ભરેલા વિશાલ થાળો ભેટ ધરાવો. તથા પ્રાણીગણને મનોહર લાગે તેવાં, મધુર ગીતો ગવાતાં હોય તેવાં, નાચતી સુંદર તરુણીઓના સમૂહથી શોભતાં પ્રેક્ષણકો (દશ્યો) નિર્માણ કરાવો. તથા સર્વત્ર વિસ્તારથી (આડંબરપૂર્વક) જિન-રથયાત્રાઓ પ્રવર્તાવો, શ્રમણ-સંઘનું સન્માન કરાવો, સાધર્મિક-સમૂહોનો સત્કાર કરાવો. ક્ષણે ક્ષણે વેગને અટકાવ્યા વિના મહાદાનો અપાવો. તથા સર્વ પ્રકારે આદર પૂર્વક સર્વ પ્રકારની જીવ-હિંસાઓ અટકાવો. એવી રીતે શુભ કર્મોના ઉપચય (પુષ્ટિ) વડે, તથા કુત્સિત કર્મના વિનાશ વડે-એમ કરતાં નિશ્ચયે કરીને તમારુ મનોવાંછિત થશે;

કદાચ કોઇ પ્રકારે અશુભ તીવ્ર કર્મના વશથી વાંછિત ન થાય, તો પણ પરલોકનો માર્ગ જરૂર આરાધિત થશે."

ત્યાર પછી મહારાજાએ મંત્રીને આજ્ઞા કરી કે 'આ સઘળું તું કરાવ, મારો આદેશ છે.' તે મંત્રીએ પણ તે જ પ્રમાણે ( મહારાજાના આદેશ પ્રમાણે ) સર્વ કર્યું.

મહારાજા પોતે આહાર-ત્યાગ કરીને, આઠ દિવસ સુધી, બ્રહ્મચર્યનો સ્વીકાર કરી, શરીર સંબંધી સર્વ સંસ્કાર-સત્કારનો ત્યાગ કરીને રહ્યા. દિવસે જિનેન્દ્રની પૂજા સિવાય બીજા વ્યાપાર-પ્રવૃત્તિનો ત્યાગ કરી પોસહ વ્રતને સ્વીકારનાર થયા, રાત્રે સ્વાધ્યાય-ધ્યાનમાં તત્પર થયા.

મહારાણી સુદર્શના પણ તેવી જ રીતે સર્વ કરવા લાગી.

**માણિભદ્ર યક્ષની પરીક્ષા**

આઠમા દિવસની રાતે, મહારાજા જ્યારે સ્વાધ્યાયમાં તત્પર હતા, ત્યારે, તે માણીભદ્ર યક્ષ વિકરાલ રૂપ પ્રકાશિત કરીને, આકાશમાં રહીને તીક્ષ્ણ ધારવાળી તરવાર હાથમાં રાખીને એવી રીતે કહેવા લાગ્યો કે, "હે રાજન્! તમારા રાજ્યની ચિન્તા કરનાર હું માણીભદ્ર યક્ષ છું. પૂર્વે થઇ ગયેલા શ્રેષ્ઠ રાજાઓ વડે તમારા કુલમાં હું નિત્ય પૂજાયો છું, હાલમાં તો તું મને પ્રણામ પણ કરતો નથી; તેથી તને મનોવાંછિત અર્થનો લાભ ક્યાંથી થાય? આ સર્વ તું ચિંતવ, જો સો પાડાઓ વડે મને પૂજ, તથા મને નિત્ય વંદન કરે, તો થોડા દિવસોની અંદર તને વાંછિત આપું."

પછી મહારાજાએ સહજ હસીને યક્ષને કહ્યું કે, "જીવોના વધ ( હિંસા ) વડે જે વાંછિત પ્રાપ્ત થાય, તેના વડે મને સર્યું. મારું મસ્તક, રાગ, દ્વેષ અને મદથી મુક્ત એવા જિનદેવ સિવાય, તથા પાંચ મહાવ્રતોથી યુક્ત ગુણવંત સાધુઓ સિવાય, બીજાને નમતું નથી."

એ પ્રમાણે મહારાજાએ કહેતાં અત્યન્ત કોપ વડે જોઇ ન શકાય એવો યક્ષ બોલ્યો કે, 'અરે દુષ્ટ! જો તારો આવો નિશ્ચય છે, તો પૂર્વ કુલ-ક્રમનું ઉલ્લંઘન કરનાર કૂટધર્મમાં તત્પર થયેલા તને દુર્નય-નીતિનું ફલ હું તીક્ષ્ણ ધારવાળી તલવારવડે દર્શાવું, 'જ્યારથી તું આ લક્ષણહીન સુદર્શનાને પરણ્યો છે, ત્યારથી તેં મારું પૂજનાદિક તજી દીધું છે, તેથી પહેલાં તે દુષ્ટ મહિલાનું મસ્તક છેદીને, પછી તને પણ રાજન્! યમરાજના ભવનનો અતિથિ કરીશ.' એમ કહીને ઘોર અટ્ટહાસ વડે દિશાઓના અંતરને પૂરતો, જેના હાથ તરવારમાં વ્યગ્ર છે-એવો યક્ષ આકાશના આંગણામાં ઉછળતો કૂદતો ઉપડ્યો,

ડાબા હાથ વડે જેના કેશ ગ્રહણ કર્યા છે, એવી સુદર્શના રાણીને દર્શાવી તે રાજાને કહેવા લાગ્યો કે, 'જો તું પોતાના અને આ મહારાણીના જીવિતને ચાહતો હો, તો કહેલી વિધિ વડે તું મારી પૂજા કર.'

ત્યાર પછી રાજાએ કહ્યું—' જો જીવિત તૂટયું નહિ હોય, તો તારા વડે કોઇ પણ હણાશે નહિ અને કદાચ જીવિત તૂટયું હશે, તો બીજા પ્રકારે પણ મરવાનું હશે, તો અનંતા કાલ પછી પ્રાપ્ત થયેલ જિનધર્મને કોણ મલિન કરે ? '

ત્યાર પછી યક્ષે મહારાણીના શરીરને, મહારાજાની આગળ તરવારવડે મસ્તક કાપી નાખેલ વિકુર્વણા કરી પ્રકાશિત કર્યું. ત્યાર પછી— "જેવી રીતે પ્રાણીઓને પ્રાર્થના કર્યા વિના દુઃખો આવે છે; તેવી રીતે આ લોકમાં સુખો પણ આવે છે, એમાં દૈન્ય ( દિનતા ) વધી જાય છે. "

એવી રીતે ચિંતવતો રાજા, જેનો મતિનો વેગ ક્ષુદ્ર થતો નથી, જેનું મન જિન-ધર્મમાં નિશ્ચલ હતું, તે પોતાના નિયમનીધોંસરીને ઓળંગતો નથી. તેમ જ મહારાણી પણ તે તે પ્રકારનાં વચનો વડે તે યક્ષે તર્જના કરવા છતાં દૃઢ પ્રતિજ્ઞાવાળી રહી, સુધર્મ-માંથી થોડી પણ ચલાયમાન થઇ નહી, તેથી અત્યન્ત કોપાયમાન થયેલા તે યક્ષે સકલ નગરને ચૂર્ણ કરવા માટે નગરની ઉપર મોટી શિલા વિકુર્વી ( વૈક્રિય શક્તિથી રચી. ) અને રાજાને કહ્યું-'નગર સાથે તું વિનાશ પામીશ, પરંતુ જો તું મારા વચનને કરીશ, તો તને વાંછિત આપું" રાજાએ કહ્યું, બીજા જીવોના વધ ( હિંસા ) વડે હું કદાપિ પોતાના જીવની રક્ષા નહિ કરું, તો તને જે રુચે, તે તું કર' ત્યાર પછી યક્ષે કહ્યું-" જો પાપથી ડરતા મનવાળો તું સો પાડાઓ દ્વારા મારી પૂજા ન કરે, તો પણ તું મને નિત્ય પ્રણામ કર, જેથી હું તારા રાજ્યની રક્ષા કરું અને સ્વસ્થ મનોહર એવો પુત્ર તને આપું. વિન-યથી તુષ્ટ થયેલો હું તારાં વિઘ્નને હણું, કલ્યાણ કરું, મનોવાંછિત પદાર્થ જલ્દી આપું, તેથી મને મૂકીને, ત્રિભુવનમાં બીજો કયો દેવ છે જેને માટે ભૂલો પડેલો તું એવી રીતે પોતાની વિડંબના કરે છે ? " રાજાએ કહ્યું કે, " હુ દયામાં તત્પર છું, તને પાડાઓ ન આપું, તે ખરેખરી જીવ–દયા છે, જે મારા દેવે ઉપદેશેલી છે. તે દેવની હું પૂજા કરીશ, હું તે દેવનો કિંકર છું. તું જે સ્વયં વધ માટે પાડાઓની પ્રાર્થના કરે છે, તે તું પોતે અપૂર્ણ વાંછા-વાળો થઇને બીજાની વાંછાને કઈ રીતે પૂરીશ ? પોતે દરિદ્ર મનુષ્ય અન્યનાં દારિદ્રને દૂર કરી શકે નહિ. બીજું, મનુષ્યનો વાંછિત અર્થ સુકૃત ( પુણ્ય ) ના પ્રભાવથી થાય છે અને સુકૃત વીતરાગને પૂજવાથી થાય, સરાગ ( રાગવાળાને ) પૂજવાથી નહિ. જો રાગ-દ્વેષને વશ થયેલા ( દેવો ) ની પૂજાથી સુકૃત લેશ પણ થાય, તો તે કોણ ન પ્રાપ્ત કરત. તેથી

પાડાઓના વધને ઈચ્છતો તુ રાગી છો, બીજા ગુણાઢ્યને નિર્ગુણી માને છે અને પોતાને પ્રણામ કરનારાઓ પ્રત્યે પક્ષપાતને ધારણ કરે છે, તથા જે તું આ રાગના ચિહ્નને અમારા જેવાઓને વિષે કલ્પે છે, ચંદ્ર જેવા ઉજ્જવલ જિનેન્દ્રધર્મને પાળનારાઓનો ઉપહાસ કરે છે, પ્રદ્વેષ કરે છે, તો તું દ્વેષી કેમ ન કહેવાય ? જેમના રાગ, દ્વેષ અને મોહ દોષો ગયા છે. એવા જિન( દેવ )ને નમ્યા પછી બીજા દેવને કોણ નમે ? કલ્પવૃક્ષ પ્રાપ્ત કર્યા પછી કયો મનુષ્ય બીજા ( બાવળ જેવા ) વૃક્ષને પૂજે ? મારી આગળ તું પોતાની પ્રશંસા કરે છે, તો મોટા અંતરે ભૂલો પડ્યો છો. મુગ્ધ ! દૂધની શ્રદ્ધા કાંજિક ( છાશ ) વગેરે પદાર્થો વડે પૂરી શકાય નહિ. જો તું જ દેવ છો, અથવા તારી અંદર દેવના ગુણો છે, તો શા માટે પ્રણામ ન કરનારને હઠથી ( બલાત્કારથી ) તું પગોને વિષે પાડે છે ? ઇચ્છિત અર્થને કરનાર તને જે નમતા નથી, તે તેઓને જ હાનિ છે, કલ્પવૃક્ષનું કંઈ નષ્ટ થતું નથી કે લોકો તેને સેવતા નથી.” એ પ્રમાણે યુક્તિઓ અને હેતુથી સંગત વચનો વડે રાજાએ તે યક્ષને નિરુત્તર ( ચૂપ ) કર્યો.

એથી જેને વિવેક સ્ફુરાયમાન થયો છે એવો યક્ષ આડંબર સંહરીને બોલ્યો-“હે શ્રેષ્ઠ મહારાજા ! તમે ખરેખરા ધન્ય છો, તમે જન્મ સારી રીતે પ્રાપ્ત કર્યો છે, તમારું જીવિત સફલ છે, કે જેમનું ચિત્ત વર્તમાન કાળમાં જિનધર્મમાં નિશ્ચલ છે. મેં પણ વીતરાગ દેવને સંશય વિના સ્વીકાર્યા છે, તે વીતરાગ દેવે કહેલ આગમ શરણવાળા સાધુઓ મારા ગુરુઓ થાઓ, જીવ-દયાથી રમ્ય આ ધર્મમાં જ મારુ માનસ સારી રીતે લીન છે. હે મહાયશ ! આજથી માંડી હું તમારો સાધર્મિક છું અને બીજું જિનધર્મના પ્રભાવે જેનાં સમસ્ત વિઘ્નો નાશ પામ્યાં છે, એવા તમારે ત્યાં સિંહના સ્વપ્નથી સૂચિત, ગુણોવડે વિખ્યાત એવો પુત્ર થશે.” એમ કહીને દેવ અદૃશ્ય થયો.

સૂર્યનો ઉદય થતાં મહારાજાએ પણ પોસહવ્રત પાર્યું. પરિતોષ પામેલા મહારાજા સુદર્શના મહારાણી પાસે આવ્યા, તેને ક્ષેમ-કુશળથી શોભતી, પારેલ પોસહવાળી જોઈને મહારાજાએ મધુર વચનોથી રાત્રિનો વૃત્તાન્ત કહીને ઇચ્છિત અર્થના લાભ વડે વધાવી-વધામણી આપી. મહારાણી સુદર્શનાએ પણ કહ્યું-‘ ધર્મવડે નિશ્ચય ઇચ્છિત થાય છે. ’ સમયે સુરલોકથી આવીને કોઈક મહર્ધિક દેવ, હંસ જેમ માનસ સરોવરમાં લીન થાય તેમ મહારાણીના ગર્ભમાં ઉત્પન્ન થયો. રાતે સુખે સૂતેલી મહારાણી સિંહનું સ્વપ્ન જોઈ જાગૃત થઇ અને ભારે પ્રમોદથી પૂર્ણ થઈને તે સ્વપ્ન મહારાજાને કહેવા લાગી. મહારાજાએ કહ્યું-‘ યક્ષના કથન પ્રમાણે સિંહના સ્વપ્નના પ્રત્યય ( વિશ્વાસ ) વડે તારો પુત્ર સિંહની જેમ, મદોન્મત્ત શત્રુઓના મદને ખંડિત કરવામાં સમર્થ થશે. ’ ‘ દેવ અને ગુરુના ચરણ-કમલના પ્રભાવ વડે એમ થાઓ. ’ એમ કહે છે.

પુત્ર-પ્રાપ્તિ

ત્યાર પછી મહારાણી ગર્ભને સુખ-પૂર્વક ઉદ્વહન કરે છે. જિન-વંદન-પૂજન, સાધુઓને દાન, જીવોને અભય-દાન આપવા પૂર્વક, જેમના દોહદો પૂર્ણ થયા છે-એવી મહારાણીએ સમયે શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો.

વધામણી

તે પુત્રના દેહનાં કિરણોના સમૂહવડે દશે દિશાઓના મુખોને પ્રકટ કરતા અને દીપ-શિખાને નિસ્તેજ કરતા તે પુત્રને જોઈ, પ્રિયંવદિકા નામની ચેટી હર્ષિત થઈ અને તેણીએ મહારાજાને વધામણી આપી.

મહારાજાએ પણ વધામણી લાવનાર ચેટીને પોતાના શરીર પર પહેરેલ આભરણ આદિ અર્પણ કર્યું.

વર્ધાપન-મહોત્સવ

અધિકારી મનુષ્યોને આજ્ઞા કરી કે, મહાવિભૂતિ-પૂર્વક વધામણાનો મહોત્સવ કરાવો. તે અધિકારીઓએ પણ જલ્દીથી તેનો પ્રારંભ કર્યો. તે આ પ્રમાણે-અક્ષયપાત્રો વડે રાજમહેલનાં આંગણાં ભરાવા માંડયાં, વારાંગનાઓનાં નૃત્ય થવા લાગ્યાં, ઉછળતા કંચુકીગણ એકઠા થઈ હર્ષ મનાવવા લાગ્યા. ઘણા ધન-દાન વડે ઘણા સદ્‌ગુણી જનોને તુષ્ટ કર્યા, રાજમાર્ગોને કેસર-ચંદનના રસો વડે સિંચ્યા. સકલ નગરમાં શ્રેષ્ઠ ધ્વજો વડે આકાશને ભરી દીધું. સર્વ જિન-ભવનોમાં પૂજા-મહોત્સવ કરવામાં આવ્યો. કુબ્જો અને વામન જનો વડે કરાતા નૃત્યવડે લોકોને હાસ્ય કરાવ્યું. ઘરે ઘર ઊંચાં તોરણો બંધાવ્યાં, ગંધહસ્તીના સ્કંધ પર ચડીને મહાવતો ભમવા લાગ્યા. વગાડાતાં વાજિંત્રોના ધ્વનિવડે આકાશ ભરાઈ ગયું. લોકોને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તાંબૂલ-પાનબીડાં અપાવા લાગ્યાં. વિશેષમાં, નીતિથી પાલન કરાતા તેના રાજ્યમાં, અપરાધ કરનાર કોઈ પણ પ્રાપ્ત થયો નહિ, જેને કેદખાનામાંથી મુક્ત કરવામાં આવે."

મહારાજાએ મહિનો વીતી જતાં, સકલ જીવલોકને આનંદિત કરનારું સ્વપ્નના અનુસારે તે પુત્રનું નામ ' પુરુષ સિંહ ' સ્થાપિત કર્યું.

ત્યાર પછી લોકોના સેંકડો મનોરથો સાથે કુમાર વૃદ્ધિ પામવા લાગ્યો. ઉપદ્રવ-રહિત કનકશૈલ ( મેરુપર્વત ) ના ઉદ્યાનમાં કલ્પવૃક્ષની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. સમય થયો, ત્યારે તે કુમારને કલાઓનો સમૂહ ગ્રહણ કરાવ્યો. તથા અનુક્રમે જે કુમારના, તારુણ્યથી ઉન્નત સ્તન-થલીવાળી રમણીઓનાં મનને હરણ કરે તેવી અંગ-શોભાને વિકસ્વર કરનાર યૌવનને જોઈને મદન ( કામદેવ ) લજ્જાવડે જાણે અનંગપણાને વહન

કરે છે તે કુમારના દર્શનની ઉત્કંઠાથી અત્યંત દોડતી તરુણીઓના તૂટેલા હારો વડે, ત્રણ માર્ગો, ચાર માર્ગોમાં મોતીઓના ચોક પૂરાય છે.

રમણીઓનો સમૂહ, કામદેવથી વિહ્વલ મનવાળો બની, તે કુમારનું જ ધ્યાન ધરે છે. ફરી ફરી ( વારંવાર ) તેને જ ગાય છે, ચિત્રપટ્ટમાં તેને જ આલેખે છે-ચીતરે છે. અને તેને જ જુએ છે.

**ચોરને મુકાવ્યો**

કદાચિત મારવા માટે લઈ જવાતા અને ગધેડા પર ચડાવેલા, જેના મસ્તક ઉપર છિત્તર ( જૂનું સૂપડું ) ધરવામાં આવ્યું હતું, જેને રાતાં કણેરનાં ફૂલોનીમાળા અને મુંડ-માલા અંગે તટકાવવામાં આવી હતી, જેની આગળ વાગતા વિરસ ડિંડિમના ધ્વનિથી નિર્વિવેકી લોકો એકઠા થયા હતા તેવા ( અને વળી ) રાજપુરુષો વડે ઘેરાયેલા અને અહીં તહીં વિષાદ યુક્ત શૂન્ય નજરે નગરના માર્ગને જોતા ચોરને જોઈને, કરુણારસવડે જેનું મન ભરાઈ ગયું છે. એવા કુમારે એ ચોરને મુકાવ્યો.

આ વૃત્તાન્તને સાંભળીને, નીતિ-માર્ગ પ્રત્યે બહુમાન ધરાવનાર જનો પ્રત્યે અનુરાગ ધરાવનાર અને આવસ્થાન-સભામાં સુખે બેઠેલા મહારાજાએ કુમારને કહ્યું-' હે વત્સ ! તેં યુક્ત આચરણ નથી આચર્યું કે, જે ચોરને મુક્ત કરાવ્યો. કારણ કે, " ( ૧ ) દુષ્ટનો દંડ કરવો, ( ૨ ) સુજનની રક્ષા કરવી, ( ૩ ) ન્યાય વડે કોશ ( ખજાના ) ની સારી રીતે વૃદ્ધિ કરવી, ( ૪ ) પક્ષપાત ન કરવો, ( ૫ ) અને પોતાના રાષ્ટ્રની રક્ષા કરવી-એ પાંચ યજ્ઞો શ્રેષ્ઠ રાજાઓએ કરવાના હોય છે."

**શ્રીપુર નગરમાં ચંદ્રલેખા**

' તો તારે ફરીથી આવું ન કરવું. ' રાજપુત્ર અભિમાન રૂપી ધનવાળો હોવાથી-એટલા કથને જ પરાભવરૂપ માનતો માતા-પિતાને પણ કહ્યા વિના પોતાના નગરમાંથી નીકળી ગયો, અને પરિભ્રમણ કરતો તે ધરણીરૂપી રમણીના મણિ ઝાંઝરવાળી તરુણીગણના રૂપવડે કામદેવના અંતપુરની તુલના કરનારી શ્રીપુર નામના નગરે પહોંચ્યો. ત્યાં પ્રબલ શત્રુઓનાં સૈન્યરૂપી સમુદ્રનું મન્થન કરવામાં મંદરપર્વત-સમાન, નષ્ટ થયેલા શત્રુઓની કામિનીના કુટુંબવડે સકલ પર્વતોની ગુફાઓને સાંકડી કરનાર, પુરંદર નામનો રાજા હતો. તેને નિરુપમ રૂપવડે રંભાના ગર્વને રોકનારી, હાથના સૌભાગ્ય વડે રંભા પર વિજય મેળવનારી, ગુણોથી ભરપૂર રંભા નામની રાણી હતી. તેમને લાવણ્યથી ભરેલા દેહવાળી, લોકોનાં લોચનો રૂપી ચકોરોને આકર્ષણ કરતી ચંદ્રલેખા જેવી, ભૂતલમાં તિલક સમાન કહી શકાય એવી ચંદ્રલેખા નામની પુત્રી હતી. રૂપ વગેરે ગુણોવડે પોતાના

સરખા કોઈ પણ પુરુષને ન જોતી, કોઈ પુરુષ ઉપર દૃષ્ટિને સ્થાપન કરતી ન હતી, પુરુષના નામને પણ સહન કરતી ન હતી, તે કોઈ પણ રાજપુત્ર સાથે પરણવાનું માનતી ન હતી. પુરુષ–વિદ્વેષિણી થઈ,–એથી તે માત-પિતાને ચિંતા કરાવનારી થઇ હતી. તે ચંદ્રલેખા નર-વિમાન (શિબિકા-પાલખી)માં બેસીને નગરના ઉદ્યાનમાંથી પાછી ફરી રહી હતી, ત્યારે તેણીએ રાજમાર્ગમાં પરિભ્રમણ કરતા આ પુરુષસિંહ કુમારને જોયો. ફરી ફરીને સ્નિગ્ધ દૃષ્ટિથી તેને જોતાં, તેની ધાવમાતાએ તેનો ભાવ જાણ્યો. ત્યાર પછી, ‘ અનન્ય સદૃશ (અસાધારણ) આવી આકૃતિ વડે આ કોઈક વિશિષ્ટ પુરુષ જણાય છે, આ જ કારણથી રાજપુત્રીએ ફરી ફરી તેને જોયો.

‘ રાજહંસી કમલાકર વિના અન્યત્ર રમે નહિ.’ એમ વિચારી એ કોણ છે અથવા ક્યાં રહેલો છે એ સંબંધમાં વિશેષ જાણવા માટે એ ધાવમાતાએ પોતાની પુત્રીને મોકલી, તે પણ જલ્દી જલ્દી ત્યાં ગઈ, જ્યાં એ રાજકુમાર દેવકુલના એક ખંડમાં રહ્યો હતો તેણે આસન સ્વીકાર્યું અને શ્લોક લખવાનો આરંભ કર્યો-‘ ન ચાહવા છતાં, બલાત્કારથી દેશને ન જાણનાર માનવ, પોતાના કર્મરૂપી પવનવડે ત્યાં લઈ જવાય છે, જ્યાં તેનું ફલ છે.’

એ પ્રમાણે અર્ધો શ્લોક લખતાં તેનો ખડીનો ખંડ પડી ગયો, તેને લેવા માટે તેણે હાથ પસાર્યો, તે ખંડ, તેને આશ્ચર્યકારી પૂતળીએ આપ્યો. એ જોઇને ધાવમાતાની પુત્રી આશ્ચર્ય પામી, તેણે તે આશ્ચર્યકારી વૃત્તાન્ત ધાવમાતાને કહ્યો, તેણીએ પણ રાજપુત્રીને કહ્યો. અને એને પૂછ્યું કે, “ આ શું છે ? ” ધાવમાતાએ કહ્યું કે, “ ખરેખર એ રાજપુત્ર છે અને થોડા વખતમાં એને રાજ્ય પ્રાપ્ત થવાનું છે. બીજાને આવા પ્રકારની સ્વભાવથી વિનય-યોગ્યતા ઘટી શકે નહિ. ” ધાવમાતાએ કહ્યું કે, એમાં સંદેહ નથી, કારણ કે, તેં પણ રાજલક્ષ્મીથી વિભૂષિત તેને જોયો છે. રાજપુત્રીએ કહ્યું કે, “ તેણે શું લખ્યું ? ધાવમાતાએ ગવેષણા કરીને સંવિદિત કર્યું. રાજપુત્રીએ કહ્યું કે, તેને બીજું ફળ સમીપમાં છે. એના એવા પ્રકારના લખાણ વડે જણાય છે. ધાવમાતાએ કહ્યું કે, ‘ હું તર્ક કરું છું કે તે તને પરણશે.’ એવું બીજું શું ફળ હશે ? ” એ સાંભળીને તે રાજપુત્રી લજ્જિત થઇ (શરમાઈ ગઈ).

**રાજહાથી વિફર્યો**

એ સમયમાં, રાજહસ્તીએ વિકૃત થઇને અયુક્ત કર્યું. કન્યાઓના અંતઃપુરના આવાસને અર્ધો ભાંગી નાખ્યો, રાજા આકુલ થઇ ગયા અને એણે કહ્યું કે, અરે ! જે કોઇ પણ શક્તિશાલી હોય, તે આ હાથીને ગ્રહણ કરો,–એ સાંભળીને પુરુષસિંહ રાજકુમાર આવ્યો.

પુરુષસિંહ હાથીને વશ કરવો

તે વીજળી ઝબકારો કરે-એ રીતે ઊઠયો અને રાજહાથી ઉપર આસન બાંધ્યું, અંકુશ ગ્રહણ કર્યો અને હાથીને વશ કર્યો. એ સમયે નગ્નાચાર્યે (બંદીમંગલપાઠકે) તે રાજકુમારને ઓળખીને પુરુષસિંહ નામે ઉદ્ઘોષણા કરી. રાજકુમારીએ તેને અભિલાષ-પૂર્વક જોયો. રાજા પરિતુષ્ટ થયા, તેનો ઉચિત ઉપચાર કર્યો. રાજકુમારીને કહેવરાવ્યું કે-'પુત્રિ! તારે માટે આ ઉચિત છે.' રાજકુમારી મૌન રહી. 'નિષેધ કર્યો નથી, એથી એ અનુમત છે.'-એમ વિચારીને રાજાએ એ રાજકુમારી પુરુષસિંહને આપી અને વિભૂતિથી-આડંબર-પૂર્વક એ બંનેનો વિવાહ કરવામાં આવ્યો, પરસ્પર પ્રીતિ ઉત્પન્ન થઇ.

ચંદ્રલેખા રાજકુમારી વિવાહ

વિદ્યાસાધક અને મદનલેખા રાજકુમારી

ત્યાર પછી એક વખતે પુરુષસિંહ કોઇને કહ્યા વિના ત્યાંથી નીકળી ગયો. તે પર્વતો, નગરો, સરોવરો, નદીઓ અને આશ્રયો-સ્થાનોથી ભરપૂર ભૂતલને જોતો જીર્ણ દેવકુલથી અલંકૃત એક વન-નિકુંજમાં પહોંચ્યો. એ સમયે સૂર્ય સમસ્તગિરિ (અસ્તાચલ)ના શિખર પર આશ્રિત થયો, એથી તમાલનાં દલો જેવી શ્યામ અંધકારની પંક્તિ પસરી. રાજપુત્ર (પુરુષસિંહ) દેવળમાં સૂઇ ગયો. મધ્યરાતના સમયે તે રાજપુત્રે રડતી રમણીનો કરુણ શબ્દ સાંભળ્યો. ત્યાર પછી કરુણા ઉત્પન્ન થતાં તે રાજકુમારે તેની સમીપ જઇને સારી રીતે જોયું કે, રાતાં કણેરનાં કુસુમોથી પૂજેલ, ચારે દિશાઓમાં ફેંકવામાં આવેલ માંસ અને લોહીની ભેટવાળા, છેડા ઉપર દીવો પ્રજવલિત હતો અને મધ્યમાં રહેલ ત્રિકોણકુંડમાં અગ્નિ દીપી રહ્યો હતો, મંડલ કરેલું હતું, તેની મધ્યમાં જેણે આસન સ્વીકાર્યું હતું અને જેની દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ ઉપર હતી, જેની સમીપ વિકરાલ તલવાર. સ્થાપેલી હતી—એવા વિદ્યાસાધકને જોયો અને પૂછયું, તેની આગળ ત્યાં બેઠેલી, હરણીના જેવાં ચંચલ લોચનવાળી કે જેનો આકાર અત્યંત મનોહર હતો, ભારે ભયથી જેનું સમસ્ત શરીર કંપી રહ્યું હતું-એવી યુવતી હતી, તેને વિદ્યાસાધકે તરવાર ઉગામીને કહ્યું કે-'આ જીવલોકને સારી રીતે જોઇલે, જીવિત સિવાય બીજું કંઇ પણ પ્રાર્થના કરવા યોગ્ય માગી લે, આ જીવલોક, આ જ અંતવાળો છે.' ત્યાર પછી 'હા પુરુષસિંહ! રાજપુત્ર! શરણ વગરની સુસમા (મદનાવલી)ની તું રક્ષા કર' એ સિવાય કંઈ પણ પ્રાર્થના કરતી નથી

આ સમય દરમ્યાન પુરુષસિંહ આગળ થઈને બોલ્યો કે, રે નરાધમ વિદ્યાસાધક! જેની આંખો ભયભીત થયેલી છે એવી અપરાધ-રહિત આ અબલા બાલાને શૂન્ય અરણ્યમાં લાવીને વધ કરતો તું તારા શરીરમાં જે પાંચ ભૂતો વસે છે, તેમનાથી પણ લાજતો નથી? 'હા દુષ્ટ! જો કે આ તારી ચેષ્ટા અનર્થોના સમૂહના ભવન જેવી છે, સુચરિત રૂપી પ્રાણોથી રહિત અને પાપકર્મની પ્રધાનતાવાળી છે. હાથીને ભેદવામાં સમર્થ આ મારી તલવાર, તારા આ શરીર પર પ્રહાર કરતાં શરમાય છે, તો પણ યુવતીની રક્ષા માટે હું પ્રવૃત્ત થયો છું.'-એમ કહીને કુમારે વિદ્યાસાધકની તર્જના કરી. વિદ્યાસાધકે પણ સ્તંભિની વિદ્યાનો પ્રયોગ કર્યો, પરંતુ કુમારના પ્રબલ પુણ્યથી તે પુરુષસિંહ પર સમર્થ થઇ-એથી વિદ્યાસાધક છોભીલો પડયો અને કુમારના પગોમાં પડયો, એટલે કુમારે પૂછયું કે, 'હે ભદ્ર! બંને લોકોને વિરુદ્ધ એવું આ આચરણ શા માટે?' વિદ્યાસાધકે કહ્યુ કે, 'સર્વ લક્ષણોથી અલંકૃત એવી આ રાજકન્યાને હોમવાથી સિદ્ધ, દેવો, વિદ્યાધરો અને રાજાઓ ને રમણીઓને વશ કરનાર મંત્રની સિદ્ધિ થાય.' કુમારે કહ્યુ કે, 'વિશુદ્ધ ધર્મની શત્રુરૂપ એવી આ મંત્ર-સિદ્ધિથી શું? ભદ્ર! સ્ત્રીનો વધ તો લોકોમાં અને આગમોમાં નિંદ્ય કહ્યો છે, એવો સ્ત્રી-વધ જેમાં કરાય છે! મુગ્ધ! એવી રીતે કપટબુદ્ધિવાળા કોઈના વડે તું ઠગાયો છે. કે, સ્ત્રીના વધવડે, સકલ સ્ત્રીઓના વશીકરણની તું પ્રાર્થના કરે છે! સ્ત્રીઓ તો આ જગત્‌માં અનર્થોના સમૂહરૂપી વૃક્ષોને પ્રકટ કરવામાં અંકુરાની ભૂમિસમાન છે. નરકમાં લઈજનાર મોટા માર્ગ સમાન હોઇ વિદ્વાનોએ તર્જવા યોગ્ય છે, બંને લોકોના દુઃખનાં કારણરૂપ છે, પાપના વેગને ઉત્પન્ન કરનારી હોઇ, એ દુરધ્યવસાયથી હે ભદ્ર! તું હવે વિરામ પામ (અટક)."

વિદ્યાસાધકે કહ્યું—' હે મહાપુરુષ! તમે પરમ ઉપકારી છો, જેથી અકાર્યના આચરણથી મને અટકાવ્યો. મેં સર્વથા આ તજ્યું છે, પરંતુ હું તમને પ્રાર્થના કરું છું, કે મારી પાસે પઠિત-સિદ્ધ ગારુડ મંત્ર અને થંભણી વિદ્યા છે, તે તમે મારા ઉપર અનુ-ગ્રહ કરી એ બન્ને સ્વીકારો, એ બન્ને વડે પણ તમે પરોપકાર કરશો.' પ્રાર્થનાના ભંગથી ડરતા કુમારે પણ ગારુડ મંત્ર અને થંભણી વિદ્યા ગ્રહણ કરી. વિદ્યાસાધક પ્રણામ કરીને ગયો.

કુમારે પણ રાજકુમારીને મધુર વચનો વડે આશ્વાસન આપ્યું અને પૂછયું કે-'તું કોણ છો? અથવા કયા પ્રકાર વડે તને અહિં લાવવામાં આવી છે? અથવા તે પુરુષસિંહ કોણ છે? જેનું તેં શરણ કર્યું હતું?'

રાજકન્યાએ વિચાર્યું કે-' એમના વચનામૃત-રસ વડે મારાં અંગો સિંચાયા છતાં ઉચ્છવાસ પામે છે, એમના વદન-કમલ પર મારી દૃષ્ટિ વારંવાર પડે છે, તેથી જરૂર આ તે જ પુરુષ-ચૂડામણી **પુરુષસિંહ** છે.' એમ વિચાર કરતી તે રાજકન્યાએ કહ્યું-" સિંહપુર નામનું નગર છે, ત્યાં **સિંહવિક્રમ** રાજા રાજ્ય કરે છે, તેને **જયાવલી** નામની રાણી છે. તેમના પુત્રોમાં **મદનલેખા** કન્યા છે, જે યૌવનમાં વર્તતી હતી, ત્યારે કોઈ વાર પિતાજીના ચરણોને પ્રણામ કરવા માટે આસ્થાન ( રાજસભા ) મંડપમાં ગઇ હતી, ત્યાં માગધ-ગણો ( બંદી-ભાટચારણો ) વડે કરાતું, મહારાજા **વિજયસેનના** પુત્ર **પુરુષસિંહ** કુમારનું ગુણકીર્તન મેં સાંભળ્યું હતું. હું ત્યારથી માંડીને તેમના પ્રત્યે પરોક્ષમાં અનુરાગ-પરવશ થયેલી છું -આ હકીકતને જાણીને માતા-પિતાએ સ્વીકાર્યું હતું કે, 'તને પુરુષસિંહને જ આપવાની છે'.

આજે સંધ્યા-સમયે હું મહેલના ઉપરના ભાગમાં ( અગાશીમાં ) ક્રીડા કરી રહી હતી, ત્યારે આ વિદ્યાસાધક વિદ્યાના બલવડે મને અહીં લાવ્યો છે. તથા જો કે, તમે મન વડે જાણી લેવાયા છો કે, તે જ **પુરુષસિંહ** તમે જ છો, તો પણ તમારાં વચનોવડે આ જન ( હું ) જાણવા ચાહે છે. "

ત્યાર પછી કુમારે કહ્યું કે-' તે સર્વ તેં તારા મનવડે જે જાણ્યું છે. તે બરાબર છે, કારણ કે, સંદેહના સ્થાનમાં મોટાઓનું મન જ પ્રમાણ છે.

આ સમયે રાત્રિ પૂરી થઈ અને પ્રભાત થયું. ત્યાર પછી પૂર્વદિશા બહોળા સંધ્યાના રાગવડે, કૌસુંભ વસ્ત્રથી યુક્ત નવી વહુ હોય-તેમ શોભવા લાગી અને અપરાધ કરનાર ( ગુન્હેગાર ) હોય, તેમ અંધકાર-સમૂહ અત્યન્ત નષ્ટ થયો. પરોપકાર કરવામાં તત્પર મનુષ્યની જેમ સૂર્ય ઉદય પામ્યો. બીજાઓના ગુણો જોવામાં સુજનોનાં મુખોની જેમ કમલ-ખંડો( વનો ) વિકસ્વર થયાં.

તે સમયે આ તરફથી પરિવાર સાથે ધાવમાતા તે પ્રદેશમાં આવી, તેણીએ કુમારીને જોઇ. જેનાં લોચનો આંસુના જલથી ભરાઈ ગયાં છે, તેવી ધાવમાતાએ કુમારીને ખોળામાં બેસારીને કહ્યું કે, હે વત્સે ! તારું અપહરણ થયા પછી તરતજ કન્યાઓના અંતઃપુરમાં આક્રંદનો શબ્દ ઊછળ્યો, મહારાજા અત્યન્ત ખેદ પામ્યા અને તારી શોધ કરવા માટે રાજલોક સર્વત્ર પ્રવૃત્ત થયા. ખિન્ન મનવાળી હું પણ આખી રાત સુધી ભમીને અનુકૂલ વિધિના નિયોગવડે અહીં આવી છું, તો તું કહે કે, ' તેં શું અનુભવ્યું છે ? ' રાજકન્યાએ કહ્યું કે, ' એક વિદ્યાસાધકે મોટી સિદ્ધિ-નિમિત્તે મારુ અપહરણ કર્યું હતું', અહીં મંડલની આગળ મને મારી નખાતી હતી, પરંતુ મારા ભાગ્યથી આકર્ષાયેલા આ મહાપુરુષે મને બચાવી છે. ' ધાવમાંતાએ પૂછ્યું કે-' એ કોણ છે ? ' રાજકન્યાએ કહ્યું કે,

'અનુરાગમાં તત્પર થઈને જેને મેં પહેલાં પણ આત્મા અર્પણ કર્યો હતો, તે આ પુરુષ-સિંહ છે, જે શ્રીવિજયસેનના પુત્ર છે.' ધાવમાતાએ કહ્યું કે-'આ સ્વયં જ તારી સાથે સંગમ થયો, તો જરૂર વિના વાદળે આ તો અત્યંત વૃષ્ટિ થઈ ગણાય. રાજકન્યા પ્રાપ્ત થયા સંબંધી વૃત્તાન્ત પ્રાપ્ત થતાં, પરિતોષથી વિકસિત મુખવાળો રાજા પણ ત્યાં આવ્યો. રાજાએ ધાવમાતાના મુખેથી રાત્રિનો સઘળો વૃત્તાન્ત જાણ્યો. ત્યાર પછી કુમારને હાથીના સ્કંધ ઉપર ચડાવીને રાજા પોતાના નગરમાં લઈ ગયો અને તે રાજકન્યા સાથે પરણાવ્યો. કુમાર કેટલાક દિવસ સુધી ત્યાં સુખ-પૂર્વક વસ્યો.

**કનકાવલી**

ત્યાર પછી કોઈને કહ્યા વિના તે નગરમાંથી નીકળી ગયો. ત્યાંથી કંચનપુર નામના નગરે પહોંચ્યો, જ્યાં ગુરુ-દેવનાં ચરણોનું અર્ચન થતું હતું, જ્યાં પવન વડે જિન-ભવનની ધજાનું કંપન થતું હતું, જે નગરમાં સકળ જનોએ બીજાઓને ઠગવાનું દૂર કર્યું હતું, તથા જ્યાં દીન બંદિ જનોને ધન, કંચન અપાતું હતું તે કંચનપુર નગરમાં, વૈરીઓરૂપી હાથીઓની ઘટાને ખંડિત કરવામાં સિંહ સમાન વૈરસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને કમલનાં દલ જેવાં દીર્ઘ નયન વાળી નયનાવલી નામની મહારાણી છે. તેમને કોઈ વડે પણ ખંડિત ન થયેલા સ્નેહવાળી, ગુરુજનોનાં ચરણોને પ્રણામ કર-નારી, પોતાની કાંતિ વડે કનકને જિતનારી કનકાવલી નામની કન્યા છે. તે રાજા રાતે સુખેથી સૂઈ રહ્યો હતો, તેવામાં કોઈ સર્પે તેને ડંખ દીધો. ગારુડિકો (ગરુડમંત્ર જાણ-નારા-સર્પનું ઝેર ઉતારનારાઓ)ને બોલાવવામાં આવ્યા, છતાં કોઈ પ્રકારનો ગુણ ન થયો, નગરના લોકો ખેદ પામ્યા. ત્યાં વાજિંત્રોના ગીતોના અવાજને અટકાવવામા આવ્યા હતા. કુમારે તેવા તે નગરને જોઈને, તથા ખરીદવા અને વેચવાની પ્રવૃત્તિથી રહિત બજારને, તથા શોકનાં આંસુઓથી ભરેલા નયનવાળા લોકોને જોઈને તેવા પ્રકારના કોઈ પુરુષને પૂછ્યું કે, 'આ સઘળું નગર આમ કેમ છે?' રોતાં રોતાં તેણે સર્પે ડસેલ રાજાનોસર્વ વૃત્તાન્ત કહ્યો. ત્યાર પછી 'તે જ શ્લાઘા-પ્રશંસા કરવા યોગ્ય છે, તેણે આ મનુષ્ય-જન્મ સારી રીતે પ્રાપ્ત કર્યો ગણાય, જેની મતિ ઉભય લોકના હિત કરનાર પરોપકારમાં રમે છે.'-એમ વિચારી કુમારે તેને કહ્યું કે, 'તે ગારુડમંત્ર છે, હું તેનો પ્રયોગ કરું, મંત્રી વગેરેને તું જણાવ.' તેણે પણ 'બહુ સારું' કહી વિધિ-પૂર્વક જઈને પુરુષસિંહ કુમારે ગારુડમંત્રના પ્રભાવથી રાજાને જિવાડ્યો. સમગ્ર નગર આનંદિત થયું. રાજાએ પણ ભારે હર્ષથી તે કુમારને કનકાવલી રાજકન્યા પરણાવી. કુમાર તેની સાથે વિષય-સુખોનો અનુ-ભવ કરતો હતો.

**રત્નાવલી**

તેવામાં એક મનુષ્યે આવીને એકાંતમાં વિજ્ઞપ્તિ કરી કે, હે મહારાજા ! તમે સાંભળો. ' વિજયપુર નામનું નગર છે, ત્યાં અરિદમન નામનો રાજા છે, તેના અંતઃપુરમાં તિલક સમાન જયશ્રી નામની મહારાણી છે, તેના ગર્ભમાં ઉત્પન્ન થયેલી કન્યા, જે રમણીઓમાં શિરોમણિ જેવી, પ્રિય વચન બોલનારી, ચંદ્રજેવા સુંદર મુખવાળી રત્નાવાલી નામની કન્યા છે. તે રાજાને પણ દૈવના વશથી વિજયકેતુ નામના પ્રબલ ગોત્રિએ સમર-ભરમાં જીતીને પુરમાંથી દૂર કરેલ છે, તે રાજા પણ ભારે અમર્ષને વહન કરતો, સહસા પર્વત પાસેની પલ્લીને અધિષ્ઠિત કરીને, પોતાના પરિવાર સાથે રહેલો છે. તેણે એક વખત એ નિમિત્તિયાને પૂછ્યું કે-' અમને શું ફરીથી રાજ્ય-સંપ્રાપ્તિ થશે ?' નિમિત્તિયાએ બરાબર તપાસ કરીને કહ્યું કે ' થશે ' રાજાએ કહ્યું કે-' કઈ રીતે ? ' નિમિત્તિયાએ કહ્યું કે- ' જે આ રત્નાવલીને પરણશે, તે તમને ફરીથી રાજ્ય ઉપર સ્થાપશે. ' રાજાએ કહ્યું કે, તેને કેવી રીતે જાણવો ? ' નિમિત્તિયાએ કહ્યું કે, ' જે ' સર્પથી ડસાયેલા વૈરિસિંહ રાજાને જિવાડશે, તે. ' ' તેથી હે મહારાજ ! તમારી કીર્તિ સાંભળીને મારા સ્વામીએ મને મોકલ્યો છે, તો ત્યાં આગમન કરવા વડે તમે પ્રસાદ કરો. ' કુમાર પણ કોઇને કહ્યા વિના પરોપકાર કરવામાં તત્પરપણાને લઇ તેની સાથે પલ્લીમાં પહોંચ્યો. રાજાએ બહુમાન આપ્યું. પોતાની પુત્રી રત્નાવલી સાથે તેને પરણાવ્યો.

ત્યાર પછી કુમારે રાજાને કહ્યું કે, ' પોતાના રાજ્યને ગ્રહણ કરવા માટે તમે ચલો. ' તે રાજા પણ સમગ્ર સામગ્રી સાથે ચાલ્યો, પોતાના નગરની સમીપમાં પહોંચ્યો. વિજયકેતુએ તેને આવેલ જાણ્યો, એટલે તે પણ ચતુરંગ ( હાથીઓ, ઘોડાઓ, રથો અને પાયદળો ) સૈન્ય સાથે સામે ચાલ્યો, યાવત્ બંને સૈન્યો સામે મળ્યાં, પરસ્પર પ્રહરણ કરવામાં સમર્થ હતાં. કાયરનરોને ભય કરનાર, ગંભીર રણનાં વાજિંત્રોના અવાજથી શૂરાને ઉત્સાહિત કરનાર યુદ્ધમાં સુભટોની સાથે શત્રુપક્ષના સુભટોયુદ્ધ કરવા લાગ્યા. સૂર્યના રથના ઘોડાઓનો વિભ્રમ કરાવનાર ઘોડાઓ સાથે ઘોડાઓ યુદ્ધ કરવા લાગ્યા. વિલાસ કરતા, વિવિધ પ્રહરણોવાળા રથિકો બીજા રથવાળાઓ સાથે, શત્રુ પક્ષને પરાજય કરાવવામાં મગ્ન થઈ તેમજ હાથીઓ હાથીઓ સાથે યુદ્ધ કરવા લાગ્યા. રણ-સંગ્રામનું કુતૂહલ જોવામાં તત્પરદેવો અને વિદ્યાધરોથી આકાશ છવાઈ ગયું. ઘોડાઓની ખરીથી ઉખાડેલી ધૂળના પૂરથી સૂર્ય, ચંદ્ર પણ ઢંકાઈ ગયા. બંને પક્ષનાં સૈન્યો ક્રોધાતુર બની જલ્દીથી યુદ્ધમાં પ્રવર્ત્યાં. અત્યંત આનંદિત થયેલા અરિદમન રાજાએ કુમારના મુખ સામે જેયું, એટલે કુમારે થંભની વિદ્યાવડે શત્રુપક્ષનું સકળ સૈન્ય થંભાવી દીધું. ચિત્રમાં આલેખેલ હોય, તેમ નિશ્ચલ બની ગયું. 'મહાપ્રભાવશાલી પુરુષસિંહ કુમાર જયવંત વર્તે છે' એવો સાધુવાદ-પ્રશંસાના શબ્દ ઉછળ્યા.

વિજયકેતુએ વિચાર્યું કે, 'આ સત્પુરુષનો પ્રભાવ છે, પુરુષાકારમાત્રથી આ ઉલ્લંઘન કરી શકાય તેવો નથી, તેથી એનું શરણુ સ્વીકારવું-એ જ ઉચિત છે. હાલમાં તો હું બોલવા પણુ શક્તિમાન્ નથી, તો હું શું કરું? એવી રીતે દીન મુખવાળો થયો-એટલે કુમારે તેને સ્તંભનથી મુક્ત કર્યો-એટલે તે વિજયકેતુએ કુમારના પગોમાં પડીને વિનંતિ કરી કે, 'આ રાજ્ય તમે ગ્રહણુ કરો, હું તો હવે પરલોકનો માર્ગ સાધીશ.' એમ કહીને નીકળીને તપોવનમાં ગયો.

અરિદમન રાજાએ પણુ કુમારની સાથે પોતાના નગરમાં પ્રવેશ કર્યો, રાજ્યને અધિષ્ઠિત કર્યું. કુમાર ( પુરુષસિંહ ) પણુ રત્નાવલીની સાથે વિષય-સુખને ભોગવતો રહેલ છે.

એક વખતે તે કુમાર ક્રીડા-નિમિત્તે પ્રમદ-ઉદ્યાનમાં ગયો હતો, ત્યાં તેણે અશોક વૃક્ષની શાખામાં ફાંસો નાખી રહેલી એક સ્ત્રીને જોઈ, જે વિલાપ કરી રહી હતી કે, 'હા સત્પુરુષ ! મારી રક્ષા કરો.' જેનું મન કરુણારસથી ભરેલું છે, તે કુમારે વીજળીનો ઝબકારો થાય-તે રીતે આકાશમાર્ગે ઉપડીને, ડાબી ભુજાથી તે સ્ત્રીને ગ્રહણુ કરીને, જમણા હાથવડે છુરિકા ( કટાર ) વડે તેનો પાશ કાપી નાખ્યો.

ઓશીકાને ગાઢ આલિંગન કરી રહેલ રાજપુત્રનું અપહરણુ કર્યું. એ રાજપુત્ર એક વન-નિકુંજમાં લઈ જવાયો. જેનો કુટ્ટિમતલ ભાગ વિવિધ શ્રેષ્ઠ રત્નોથી બનાવેલ હતો, ચારે બાજુ જેનો ભીંતનો ભાગ સ્ફટિકમણિવડે ઘડેલ હોઇ ઉજ્જવલ દીપતો હતો, જેનો આડંબર કનકમય થાંભલાઓથી શોભતો હતો, જ્યાંનો ધ્વજ-પટ પવનથી કંપતા આકાશને આચ્છાદિત કરતો હતો, એવા સ્થાનમાં, મહેલને સાતમે મજલે, રત્નમય. પલંગમાં, રાતે કુમાર ફોગટ સૂતો હતો, દેવીએ કુમારના ચરણોને પખાળ્યા, તથા નવાં(તાજાં) કમલના જેવા કોમલ કરતલોવડે તેનાં અંગોને દબાવતાં જ તેણીએ રાત પસાર કરી. સૂર્ય ઊગ્યો, કુમાર ઊભો થયો, તેણીએ કહ્યું કે-નિત્ય પરોપકાર કરનાર તમે પ્રબલ શત્રુએ ગ્રહણુ કરેલ રાજ્ય, અરિદમનને ફરીથી અપાવ્યું, તેથી હું તમને પ્રાર્થના કરું છું કે, અહીંથી બહુ દૂર દેશમાં નહિં, તેવો સકળ ઋતુ-લક્ષ્મીનું સંકેત સ્થાન, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, યક્ષો અને કિંનરોનાં જોડલાંની ક્રીડાભૂમિ, મૃગલાં, મૃગાધિપ ( સિંહો) વગેરે શ્વાપદ-ગણોના નિવાસરૂપ, નારંગ વગેરે સકળ ફલોના આશ્રયરૂપ, મહીરૂપી મહિલાના શેખર ( મુકુટ ) સમાન, નિરંતર ઝરતાં નિજઝરણાઓનાં ઝંકારથી મનોહર, જેનાં શિખર, ગગનના અગ્રભાગ સુધી પહોંચેલ છે, એવો રત્નકૂટ નામનો પર્વત છે, તેનો અધિષ્ઠાયક ગીતરતિ નામનો વનચર દેવ છે, તેની હું ગંધર્વમાલા નામની દેવી છું. પોતાના પરિજનોથી પરિ-

વરેલા અમે અહીં જ સુખ-પૂર્વક રહેલા છીએ. આ પર્વતના મધ્યભાગમાં, જેનો દ્વાર-દેશ નીચે રહેલો ગૂઢ છે, દેવોને પણ અગમ્ય, અત્યંત રમ્ય, રમણીય મણિઓથી રચાયેલ, વિવિધ ક્રીડા-પ્રદેશોથી શોભતું, સકલ ભોગોનાં ઉપકરણનો સમુદાય જ્યાં સમીપમાં જ છે-એવું દેદીપ્યમાન રત્નોના કિરણોથી દીપતું, દેવ-ભવન જેવું પાતાલ-ભવન છે. કોઇ એક વખતે જીવલોકની ચ્યવન ( મૃત્યુ ) પર્યવસાનતા હોવાથી, હું જોતી જ રહી અને પવનથી કંપાયમાન થયેલા દીવાની જેમ મારા પ્રિયતમ ( ગીતરતિ) બૂઝાઈ ગયા-પર્યવસાન પામ્યા. ત્યાર પછી હું, શોકરૂપી અગ્નિ પ્રસર્યો હોવા છતાં પણ, સંસારના અસાર સ્વરૂપને વિચારવા લાગી, કે, મૃત્યુ અપ્રતિકાર છે, જેને રોકી શકાય તેમ નથી, પરલોકમાં પહોંચેલાનું પ્રત્યાગમન ( પાછું આવવાનું ) થતું નથી-એમ વિચારી, હૃદયને સ્થાપન કરી, પોતાની સ્થિતિ ( મર્યાદા )માં તત્પર થઇ રહી. કદાચિત-કોઇ એક વખત, ક્રીડા-નિમિત્તે હું પાતાલ-ભવનમાંથી બહાર નીકળી. પર્વતની ગુફાઓ, સરોવરો, નદીઓ અને ઉદ્યાનોને વિષે ક્રીડા કરીને, જ્યારે હું પાતાલ-ભવનમાં ફરીથી પ્રવેશ કરતી હતી, ત્યારે મને કોઈ એક વિદ્યાધરે જોઇ લીધી હતી, જેણે રાજ-કન્યારત્નનું અપહરણ કર્યું હતું, તે મારી પાછળ જ તેમાં પેઠો, તેણે પાતાલ-ભવન જોયું અને તેણે વિચાર્યું કે, અહો ! આ ભવન તો દેવોને પણ અગમ્ય છે અને રમણીય છે. ત્યાર પછી તેણે અભિલાષવાળી દૃષ્ટિએ મારા મુખ સામે જોયું અને કહ્યું કે, 'જેની આજ્ઞા, બધા દેવોવડે માથા ઉપર વહન કરાય છે-એવા કામદેવનાં બાણોના સમૂહથી હણાતો આ લોક, દુર્ગની જેવા આ તારા ઊંચા, ગોળાકાર, સ્તન પર ચડવાને ઇચ્છે છે.' ત્યાર પછી દુઃખે જોવા લાયક, લલાટપટ્ટપર ભૃકુટિ ચડાવીને તેને મેં કહ્યું કે, 'આઃ પાપ ! દુષ્ટ ચેષ્ટિત ! નિર્લજ્જ ! શું તેં આ પણ સાંભળ્યું નથી ? કે, સિંહનાં કેસરાં ( કેશવાળી ), સતીના સાથળ, સુભટનો શરણાગત, આશીવિષ ( સર્પ )નો માથાનો મણિ, તેના મૃત્યુ પામ્યા વિના ગ્રહણ કરી શકાતા નથી.' તો હતાશ ! તું અહીં શું આવ્યો છો ? મારા આ ભવનમાંથી તું જલ્દી નીકળી જા.' ત્યાર પછી રોષ વડે લાલ-ચોળ નયનવાળા તેણે 'આનો સતીવાદ નષ્ટ કરી નાખું.' એમ કહીને તેણે કરુણા-રહિત બનીને, સહજ કોમલ કેશ-કલાપ ગ્રહણ કરીને મને પકડીને, પૃથ્વી ઉપર પાડીને, મને પગની પાનીના પ્રહારોથી ખૂબ હણી. બહુ વાર આક્રોશ કરતી મને પાતાલભવનમાંથી બહાર કાઢી મૂકી, પાતાલ-ભવન તો તેણે અધિષ્ઠિત કર્યું છે, હું તો તેમાં પ્રવેશ પણ પામતી નથી; તો હે મહાયશ ! આ સંકટથી મારો ઉદ્ધાર કરો.' કરુણારૂપી અમૃતના સાગર કુમારે દેવીને કહ્યું કે, 'હે માતા ! હું પ્રાણો ધારણ કરું છું, ત્યાં સુધી તમારો પરાભવ કોણ કરે છે ?, વિષાદને મૂકી દો, ધૈર્યને ધારણ કરો, મારુ અવલંબન છે, તમે તે ખેચર ( વિદ્યાધર )ને દર્શાવો, જેથી તેના દર્પ ( અહંકાર ) ને હું દૂર કરું.' એ પ્રમાણે

પ્રમાણે બોલતો કુમાર ઊભો થયો, એટલે દેવીએ તેને કહ્યું કે, 'તે વિદ્યાધર, પ્રબલ વિદ્યા સાધી હોવાથી, ભારે વિક્રમના ગર્વથી દુષ્પ્રેક્ષ્ય ( દુઃખે જોઈ શકાય તેવો ) છે, તો તમે પણ બખ્તર ( કવચ ) ને ધારણ કરો.' ત્યાર પછી કુમારે સહજ હસીને કહ્યું કે, 'હે માતા ! ભયને મૂકી દો, ધીર થાઓ, કેસરી સિંહ હાથીઓનાં કુંભ-સ્થલોને ભેદવામાં શું બખ્તર ધારણ કરે છે ?, સૂર્ય શું અંધકારને ભેદવામાં કોઇની અપેક્ષા રાખે છે ?' ત્યાર પછી 'અહો ! ધીરતા, અતિ મહાસત્ત્વતા, અહો ! નિરપેક્ષતા, અહો ! ગંભીર આલાપતા !, આ કુમારનું સર્વથા સર્વરૂપપણું છે.' એમ વિચારતી વનદેવતા તેની પાછળ માર્ગે ચાલવા પ્રવૃત્ત થઈ. કુમાર જાણે વૃક્ષોના પવનથી પ્રેરાતા પલ્લવરૂપી હાથો વડે આમંત્રણ કરાતો હોય તથા કોમલ શાખારૂપી ભુજાઓવડે આલિંગન કરાતો હોય, પવનવડે હરણ કરાયેલ સુગંધી-પુષ્પવૃષ્ટિવડે અર્ઘ અપાતો હોય ઉન્નત લતાના છેડા પર્યન્ત ફલ-ભારના નમવા વડે ભેટ ધરાતો હોય. સ્વાગત-સન્માન કરાતો હોય-તેવો કુમાર ગિરિવર પર પહોંચ્યો, વનદેવતાએ દર્શાવેલા દ્વારથી પાતાલ-ભવનમાં દાખલ થયો. તે વખતે આવો અવાજ સંભળાયો કે, 'હા ! ક્ષત્રિયકુલરૂપી નભસ્તલ ( આકાશ )ના ચંદ્ર ! મહાન શ્રેષ્ઠ એવા હે પુરુષસિંહ ! કુમાર ! શું નિમિત્તિયાએ કહેલ વચન પણ અત્યારે અસત્ય થશે ?' એ પ્રમાણે વિલાપ કરતી રમણીયને કુમારે એક તરફ જોઈ તેથી વિસ્મય પામ્યો. તે જઇને સોનાના આસન ઉપર બેઠો. કુમારને જોઇને તે બાલા પણ હર્ષયુક્ત લોચનવાળી થઇને વારંવાર સ્તન-છાતીને ઉત્તરીય ( ઉપરના વસ્ત્ર ) વડે સ્થાપન કરવા લાગી. ખસી ગયેલ નીવી ( નેફા ) ને ભુજલતાથી સ્થાપન કરવા લાગી, કેશ-કલાપને ફરી ફરીને બાંધવા લાગી, આંસુઓને હાથ વડે લૂછવા લાગી, ઘણી મુશ્કેલીથી તે બાલા રોવાથી અટકી. કુમારે વનદેવતાને કહ્યું કે-'આ બાલિકાને તમે પૂછો કે, 'તું કોણ છો ? અને ક્યાંથી કોના વડે તને અહીં લાવવામાં આવી છે ? અને શા માટે તું રડે છે ?' વનદેવતાએ તેને પૂછ્યું, એટલે તે બાલા ગદ્ગદ અક્ષરે કહેવા લાગી કે,

લીલાવતી

હસ્તિનાપુર નામનું નગર છે, ત્યાં નરસિંહ નામે રાજા રાજ્ય કરે છે, તેમની મહારાણી વિલાસવતી છે, તેની કુક્ષીથી ઉત્પન્ન થયેલી હું લીલાવતી નામની કન્યા છું. યૌવનમાં આવેલી મને જોઇને પિતાજીએ નિમિત્તિયાને પૂછ્યું કે, 'આ કન્યા કોને આપવામાં આવે ? તે કહો.' નિમિત્તિયાએ કહ્યું કે, 'આ કન્યા શંખપુરના અધિપતિ વિજયસેન મહારાજાના પુત્ર પુરુષસિંહની પત્ની થશે.' આ સાંભળીને, પરોક્ષમાં રહેલા ચિત્તના અનુરાગને પરવશ થઈ મારો આત્મા એ કુમારને અર્પણ કર્યો છે. એક વખતે હું ઉદ્યાનમાં ક્રીડા કરતી હતી, ત્યાંથી અધમ વિદ્યાધર મને અહીં લાવ્યો છે, તે નહિ ઈચ્છતી એવી

પણ મને પરણવાને ઈચ્છતો એ વિદ્યાધર વિવાહનાં ઉપકરણો નિમિત્તે ગયેલો છે, તેથી મંદભાગ્યવાળી હું જેના મનોરથો પૂર્ણ થયા નથી એવી હું, વિચાર કરું છું કે, શું નિમિત્તિયાનું વચન પણ અસત્ય થશે ?'-એવા વિતર્ક કરતી હું રડું છું.' ત્યાર પછી વનદેવતાએ તે બાલાને કહ્યું કે, 'હે ભદ્રે ! વિષાદ મૂકી દે, નિમિત્તિયાનું વચન સાચું થશે, તારા મનોરથો પણ સફલ થશે, કારણ કે, હમણાંજ તારા હૃદયને આનંદ આપનાર મહાસત્ત્વ આ પુરુષસિંહ કુમાર, તારાં પુણ્યથી પ્રેરાઈને આ કાર્ય માટે આવેલ છે.'

આ તરફ, વિદ્યાધર, વિવાહનાં ઉપકરણો સહિત હાથવાળી કમલાવતી નામની વિદ્યાધરી સાથે આવ્યો. ત્યાર પછી જેનું હૃદય, ભય-વશ થવાથી કંપી રહ્યું હતું, તે વનદેવતાએ કહ્યું કે, કુમાર ! આ તે દુરાચારી વિદ્યાધર આવે છે.' કુમારે કહ્યું 'હે અંબ ! ધીરજ ધર, તારા આ તનયનો વિલાસ જો.' ભય વડે જેનાં લોચનો કંપિત થઈ રહ્યાં છે, એવી લીલાવતીએ વિચાર્યું કે, દુષ્ટાત્મા વિદ્યાધર છલ-પ્રધાન છે અને આ કુમાર સરલ સ્વભાવી છે. હા ધિક્, જાણી શકાતું નથી, કે કંઈ પણ થશે, 'તેથી મારું મન સંતાપ પામે છે.' ત્યાર પછી વિદ્યાધરે કુમારને જોયો, તથા તેની પાસે રહેલી વનદેવતાને જોઈ. અને જેની અનર્ગલ વિકારલીલા પ્રકટ થયેલી છે. એવી તે શ્રેષ્ઠ કન્યા લીલાવતીને પણ જોઇ, 'જેનું અલૌકિક તેજ સ્ફુરાયમાન છે, એવો આ કોણ છે ?' એવો વિચાર કરતો વિદ્યાધર, હૃદયથી ક્ષોભ પામ્યો હોવા છતાં, ક્ષોભ ન પામ્યો હોય એ રીતે બોલવા પ્રવૃત્ત થયો- 'અરે રે ! તું કોણ છે ? ચોરની જેમ શૂન્ય-પરઘરમાં પેઠો છે ! હે દુરાચાર ! તું શું જાણતો નથી કે, પારકા ઘરમાં, પરસ્ત્રીઓની સાથે સંવાસ એ ધર્મ વિરુદ્ધ છે. તેમ છતાં સર્વથા સાધુ ( સજ્જન )-સમાચાર જેણે તજી દીધા છે-એમ હોવા છતાં પણ તને મારા વડે કરુણાવડે મુક્ત કરવામાં આવે છે, તો જીવિત લઇને જલ્દી પલાયન કરી જા, અથવા સામે થા.

ત્યાર પછી સહજ હર્ષના વશથી જેના દાંતની પંક્તિની કાંતિ શોભે છે-એવા કુમારે કહ્યું, જેણે ધતૂરો પીધો હોય, તેની જેમ, તારા ધાતુઓ ચલિત થાય છે, તેથી ધતૂરો પીનારની જેમ તું સર્વ વિપરીતજ જુએ છે; તેથી મારા પરઘર ( પારકું ઘર ) છે, પરંતુ તારે આ ઘર પિતા સંબંધીનું છે ? આ સ્ત્રીઓ મારે પરસ્ત્રીઓ છે અને તારે એ સ્ત્રીઓ સાથે વાસ કરવો વિરુદ્ધ નથી પરંતુ તને સાધુ ( સજ્જન ) ના સમાચારથી રહિત હું છું '-એવો મંત્ર તને કોણે શીખવાડયો ? જે તેં પહેલાં કહ્યું, તેથી તું બોલવાનું પણ જાણતો નથી, અથવા તારા દુષ્ટ આત્માને, અસત્ય શૌર્યમાત્ર ગુણોથી મોહિત થયેલી, તારા અનાચારને ન જોતી એવી વિદ્યાદેવીઓથી તું અધિષ્ઠિત થયેલ છો, એથી તારું આ ( અનાચરણ ) ક્ષમા કરાય છે. મારે તો સર્વ દેવીઓ પૂજનીય છે. તો તું આજે આત્માને વિવેકથી યુક્ત કર, અનાચારને મૂકી દે.'

એ સમયે, આકાશ જાણે અકુંરિત થયું, હર્ષથી જેનાં મુખ વિકસ્વર થયેલાં છે, હારથી જેના વક્ષસ્થળો શોભી રહ્યાં છે, ભમરા અને કાજલ જેવા જેના શ્યામ કુટિલ કેશો છે, નીલોત્પલનાં પત્રો જેવાં જેનાં સર્વ અંગ છે, સત્પુરુષોનાં ચરિતને શોભતાં કુંડલો જેણે ધારણ કર્યાં છે, જેના ભુજ-વલ્લિમાં ફલક શોભે છે, જેના હાથમાં કનકનાં વલયો શોભે છે, કુંદનાં પુષ્પો જેવી જેની દાંતની પંક્તિ શોભે છે, પગમાં પહેરેલાં ઝાંઝરના અવાજથી દિશાઓ વાચાળ થાય છે, જેનાં રત્નોના સમૂહથી અનંત મહાપ્રભાવ દીપી રહ્યો છે, એવી દિવ્યરૂપવાળી વિદ્યાદેવીઓ જલ્દી ત્યાં પ્રત્યક્ષ થયાં. કરવાલ વિદ્યા, તથા બહુરૂપિણી વિદ્યા એ ત્રણે પ્રકટ થઇને આકાશમાર્ગે ગમન કરતાં તે વિદ્યાદેવીઓએ કહ્યું, 'કુમાર! આટલા વખત સુધી માત્ર શૌર્યગુણથી મોહિત થયેલી અને અનાચાર તરફ ન જોનારી અમે આ (વિદ્યાધર) નું શરીર અમે અધિષ્ઠિત કર્યું હતું, હાલમાં તેને અકાર્ય કરનાર તરીકે જાણીને, એનાથી વિરક્ત ચિત્તવાળી થયેલી અમે એને મૂકીને, લોકોત્તર ચરિત્રવાળા તમારા પર રંજિત થઇને, અમે તમને જ આશ્રિત થયેલી છીએ. બીજાને તો કલેશથી સિદ્ધ થઇએ છીએ, પરંતુ તમને તો તમારા અચિંતનીય ગુણોથી આકર્ષાયેલ હૃદયવાળી થઇને સ્વયંજ સ્વયંવર-વનિતાઓની જેમ અમે આવેલી છીએ, તો કુમાર અમારી પ્રાર્થનાને સ્વીકારી અમારો સ્વીકાર કરો. કુમારે કહ્યું, 'જે તમે કહો છો, તે કરવામાં આવે.' ત્યાર પછી, 'હાથમાં ગ્રહણ કરવા માત્રથી સમરાંગણમાં સમગ્ર રિપુ-વર્ગનો નિગ્રહ કરે, તેવું આ ખડ્ગ-રત્ન ગ્રહણ કરો,' એમ કહીને ખડ્ગદેવતાએ ખડ્ગરત્ન સમર્પણ કર્યું; કુમારના શરીરને વિષે અધિષ્ઠિત થયું. એ વ્યતિકર જોઇને બીજી સ્ત્રીઓ વિસ્મિત થઈ, દેવતા હર્ષિત થઈ, તથા લીલાવતી અને કમલાવતી (વિદ્યાધરી) પણ અભિલાષ-પૂર્વક વિચારવા લાગી કે, 'અસાધારણ ગુણ-ગણમાહાત્મ્યવાળા, જેને વિદ્યાઓ સિદ્ધ થઈ છે, એવા સચ્ચરિત મહાનિધિ સમાન આ કુમારની ગૃહિણી એવા શબ્દને હું વહન કરીશ' એવું ચિન્તવીને સ્નિગ્ધ દૃષ્ટિ વડે કુમારના મુખ-કમલને જોવા લાગી; વિદ્યાધરે તેને જાણી. વિદ્યાદેવીઓથી વર્જિત થયેલ તે વિદ્યાધર, જેનું સર્વથા અભિમાન ગળી ગયું છે, એવો તે, હાથની પાંચે આંગળીઓ જોડીને કુમારના પગોમાં પડયો, અને બોલવા પ્રવૃત્ત થયો કે, 'હે કુમાર! હું તમારા ભૃત્ય(સેવક)ભાવને પામ્યો છું, અને તમે શરણાગત-વત્સલ છો, તમે મારા આ અપરાધની મને ક્ષમા આપો, મને જીવિત-દાન આપવાનો પ્રસાદ કરો.' કુમારે કહ્યું કે, 'હે ભદ્ર! તું ભદ્ર આકૃતિવાળો જણાય છે, તેથી તારે અનાચાર કરવો-એ યુક્ત નથી.' વિદ્યાધરે કહ્યું, 'આ પર્યવસાન (છેડા-અંત) સુધીનો મારો અનાચાર છે.' કુમારે કહ્યું કે, 'અનાચાર મૂકી દેનારા

બીજાઓનું પણ જીવિત ઉપઘાત વગરનું હોય છે, વિશેષ કરીને તારું પરંતુ મહાપુરુષો ખરેખર સત્યપ્રતિજ્ઞાવાળા હોય છે, તેથી તારે અન્યથા કરવું નહિ. વિદ્યાધરે કહ્યું કે, 'કુમાર જે આજ્ઞા કરે, તે પ્રમાણ છે' એમ બોલતાં તેણે વિનંતી કરી.

**કમલાવતી**

અહિં વૈતાઢ્ય પર્વત ઉપર દક્ષિણ શ્રેણિમાં મદનપુર નામનું નગર છે, ત્યાં વિદ્યુદ્વેગ નામનો વિદ્યાધરોનો રાજા વસે છે, તેને વિદ્યુન્માલિકા નામની ભાર્યા છે. તેમનો પુત્ર હું પવનવેગ નામનો છું, મારી નાની બહેન આ કમલાવતી નામની છે. પિતાજીએ અનેક વિદ્યાધર કુમારોનાં રૂપોને ચિત્રપટ્ટિકાઓમાં આલેખાવીને મંગાવ્યાં, આ બહેનને દર્શાવ્યાં, પરંતુ એનું મન કોઈના ઉપર વિશ્રામ પામ્યું નહિ ( ઠર્યું નહિ ), ત્યાર પછી પિતાજી, આ કન્યાનો કોણ વર થશે ? એવા ચિંતાતુર થયા. હાલમાં તમે દૃષ્ટિગોચર થતાં, આ ભારે અનુરાગથી રસિક હોય-તેવી જણાય છે, તો કુમાર આ જ વિવાહનાં ઉપકરણો વડે, આ કન્યાનું પાણિગ્રહણ કરવાનો અનુગ્રહ કરો, જેથી હું મારા આત્માને કૃતાર્થ માનીશ. પિતાજી પણ તેના વર-સંબંધી ચિંતા-સાગરથી પાર ઊતરેલા થશે.

**લીલાવતી**

એ પ્રસંગમાં વનદેવતાએ વિનંતી કરી કે 'હે કુમાર ! પાતાલભવન મને સોંપાવવા વડે, મારુ એક પ્રયોજન તો તમે કર્યું. હવે બીજું પણ કાર્ય તમે કરો.' કુમારે કહ્યું કે, 'જે તમે આજ્ઞા કરો.' વનદેવતાએ કહ્યું-'જો એમ છે, તો ભારે અનુરાગથી યુક્ત એવી આ લીલાવતીના જલ્દી પાણિગ્રહણ વડે એના મનોરથો સફલ કરો.' કુમારે કહ્યું, જે તમને રુચે.' ત્યાર પછી રાજેન્દ્રની કન્યા અને વિદ્યાધરી કન્યા સાથે કુમારે શુભમૂહુર્તે ગાંધર્વ વિવાહ દ્વારા પાણિગ્રહણ કર્યું. પવનવેગ વિદ્યાધર પણ બહેનના વિવાહ વડે પોતાના આત્માને કૃતાર્થ માનતો છતો કુમારનાં ચરણોને પ્રણામ કરીને પોતાના સ્થાને ગયો. કુમાર જવામાં ઉત્સુક મનવાળો હોવા છતાં વનદેવતાનાં વચન વડે કેટલોક વખત ત્યાં રહ્યો. જેને દેવી વડે મન અને ઇન્દ્રિયોને અનુકૂલ સકલ ભોગ-ઉપભોગોનાં ઉપકરણો સંપાદન ( હાજર ) કરવામાં આવે છે, તેવો કુમાર, તે બંને પત્નીઓ સાથે વિષય-સુખ અનુભવતો હતો.

કેટલોક વખત ગયા પછી પુરુષસિંહ કુમારના મનમાં ચિંતા થઇ કે, હું, અહીં એવી રીતે કેમ રહું ? જો કે આ પાતાલઘર સમસ્ત પ્રકારનાં ભોગો અને ઉપભોગોનાં સાધનોથી રમણીય છે, તો પણ ખરેખર મને આ ગર્ભાશય સરખું લાગે છે. કારણ કે, વિક્રમ વડે, દાન વડે દીન-દુખિયાઓના પર-ઉપકાર કરવા વડે નર-જન્મનું ફલ અને યશ

ધર્મનું ઉપાર્જન વિદ્વાન જનો ( ડાહ્યા માણુસો ) કહે છે, તે નથી અહીં પાતાલ-મંદિરમાં વસતાં મને આત્મંભરિ અથવા કાયરના જેવા નિષ્ફળ જીવિતવાળા મને તે નથી '- એવું વિચારીને કોઈ વખતે વનદેવતાના વિરહમાં, લીલાવતી અને કમલાવતી ભાર્યાઓ સારી રીતે સુઇ રહી હતી ત્યારે, પગનો સંચાર ન જાણી શકાય એ રીતે તે કુમાર પાતાલ-ઘરમાંથી જલ્દી નીકળી ગયો.

અરણ્યનું ઉલ્લંઘન કરીને, પર્વત, નદીઓ અને વૃક્ષોની રમણીયતા, તથા ગામો, આકરો ( ખીણો ), ગોકુલોથી ભરપૂર પૃથ્વીમાં પરિભ્રમણ કરતો તે કુમાર કેટલાક વખત પછી એક ગામમાં, દેવકુલમાં બેઠા, ત્યાં તેણે એક બંદી ( ભાટ-ચરણ ) ને આગળ જોઈ પૂછયું કે, હે મહાયશ ! તમે કયાંથી આવો છો ? અથવા કયાં જવા પ્રવૃત્ત થયેલા છો ?'

**સૌભાગ્ય મંજરી**

તેણે કહ્યું કે, 'હસ્તિનાપુરથી હું પોતનપુર પહોંચવા માટે ચાલેલો છું.' પછી કુમારે કહ્યું કે, 'ત્યાં તમે કયા કાર્ય માટે જાઓ છો ?' માગધે ( ભાટ-ચારણે ) કહ્યું કે, 'પ્રકટ-પ્રસિદ્ધ કાર્યમાં; શું તમે આ નથી જાણ્યું ?' કુમારે કહ્યું કે, 'તે પ્રસિદ્ધ કાર્ય શું ?' પછી બંદીએ કહ્યું કે, 'હે ભદ્ર ! તમે સાંભળો. આ પોતનપુરમાં શ્રેષ્ઠ રાજાની રાણી સૌભાગ્યસુંદરીના ગર્ભમાં ઉત્પન્ન થયેલી સૌભાગ્યમંજરી નામની કન્યા છે, જે અંગોની સુંદરતાગુણવડે, રતિ અને રંભાના રૂપ-પ્રકર્ષના ગર્વને રોકવામાં પ્રવીણ છે, જે કન્યાના નિર્મલ મુખ-કમલની કાંતિ વડે જેનું સમગ્ર સૌભાગ્ય ઝાંખું પડયું હોઈ કલંકવાળો ચંદ્ર જાણે લજ્જાથી રાતે સંચરે છે. જે કન્યાનાં લોચનોની લાવણ્ય-લક્ષ્મીને જોઇને જાણે નીલ ઉત્પલો ( કમળો ) અત્યંત લજ્જાવશ થઈ પાણીમાં છુપાઇ ગયાં જણાય છે. કલાઓના કલાપની કુશલતાથી જે કન્યાનું શરીર સારી રીતે ઉલ્લાસ પામી રહ્યું છે, તે કન્યાએ પ્રતિજ્ઞા કરી છે કે, 'જે કોઈ મને વીણાના વિનોદવડે જીતે, તે જ મને પરણે.' તેથી રાજાએ સ્વયંવરનો મંડપ કરાવ્યો છે અને સર્વે રાજકુમારોને આમંત્ર્યા છે, હું પણ કૌતુકના વશથી ત્યાં જવા પ્રવૃત્ત થયો છું." કુમારે કહ્યું કે, 'જો એવું છે, તો હું પણ તારી સાથે ત્યાં જઇને તે જોઉં, આ તો આશ્ચર્ય છે.'

**પોતનપુર સ્વયંવર મંડપ**

ત્યારે પછી બંદીએ કહ્યું કે, 'એમાં શું અયુક્ત છે ?' એમ કહેતાં કહ્યું કે, 'કુમાર ! તમને મેં ઓળખ્યા છે, તમે શંખપુરના સ્વામી વિજયસેન મહારાજાના નંદન પુરુષસિંહ કુમાર છો.' લજ્જાથી નમ્ર મુખવાળા કુમારે બંદીને બે કડાં આપ્યાં. ત્યાર પછી બંને ચાલ્યા અને પોતનપુર પહોંચ્યા. જે નગર, સોનાથી ઘડેલા કિલ્લાવાળું, પુરુષાર્થ વિસ્તારવામાં શત્રુપક્ષના

પુરુષોના શસ્ત્ર-સંચારને અગમ્ય હોઈ મનોહર હતું. હરણની આંખ જેવી સુંદર હરિણાક્ષીઓથી ભરપૂર હતું, વિપુલ વાવડીઓ, કૂવા, આરામ ( બગીચા ) અને સરોવરોથી શોભતું હતું. જે નગરમાં, દેવમંદિરોની અત્યંત ઊંચાઈ વડે સૂર્યના રથના માર્ગને અટકાવેલો હતો, સ્ફટિકમય શિખરોની કિરણાવલીથી જાણે એ સ્વર્ગને હસી રહેલું જણાતું હતું. તે બંને જણે ત્યાં સ્વાગતના મિશ્ર શબ્દો સાંભળ્યા. ત્યાં રાજકુમારો ઘણી ઋદ્ધિના આડંબર સાથે આવેલા હતા. પ્રત્યેક આવાસના ઉપર શ્રેષ્ઠ ધ્વજાઓ પવનથી ફરકી રહી હતી, ત્યાં બંદીઓના સમૂહથી કરાતું તેમના ગુણોનું કીર્તન સંભળાતું હતું, ત્યાં વાગતાં વાજિંત્રોનો પડઘો ભુવનમાં વ્યાપી જતો હતો. ત્યાં જતા રાજલોકવડે રાજમાર્ગ વ્યાપ્ત થયો હતો. કોઈક ઘોડા ઉપર બેસીને, કોઈ મદોન્મત્ત હાથી ઉપર બેસીને, કોઈ રથમાં બેસીને, કોઈ સુખાસન ( પાલખી ) માં બેસીને આગળ સંચરતા હતા, એથી રાજમાર્ગ સુખે સંચાર કરી શકાય તેવો ન હતો. તે સમયે સમગ્ર પ્રાણીઓને દુઃસંચર સાંકડો બની ગયો હતો, તો પણ કુતૂહલથી જેમનાં મન હરણ કરાયાં છે-એવી રમણીઓના સમૂહે બીજા વ્યાપાર (પ્રવૃત્તિ) તજીને ત્યાં મંડલ રચ્યું છે, કેટલીક રમણીઓ, જે લાવણ્યથી ભરપૂર હતી અને મણિજડિત, સોનાનાં કુંડલો વડે જેમના દેહ દીપતા હતા, કેટલીક ભવનના ગવાક્ષ-ઝરુખામાં ચડીને જોતી હતી, કેટલીક હાટ-બજાર-દુકાનોમાં શરીર ટેકવીને જોતી હતી, કેટલીક મંચ (માંચડા) માં બેસીને જોતા હતા. એવી રીતે ઘણા પ્રકારે જોવામાં વ્યાકુલ લોકોને જોતા તે બંને જણ સ્વયંવર-મંડપમાં જાય છે, ત્યાં તેઓ સ્વયંવરમંડપને જુએ છે. જે સ્વયંવર મંડપમાં સુવર્ણમય થાંભલાઓ ઉપર સ્થાપન કરવામાં આવેલી, રત્નોથી રચવામાં આવેલી તારા ( કીકીવાળી ) મણિમય પૂતળીઓવડે કાંતિના સમૂહથી દિવસે પણ તારાઓના સમૂહને દર્શાવતો હોય, તેવો મંડપ જણાય છે. જે મંડપ, કૌતુકથી આવેલી જાણે અપ્સરાઓ હોય તેથી શોભે છે, મોતીઓના ઝુમખાથી શોભતો જે મંડપ, બગલીઓની પંક્તિવડે જેમ મેઘ શોભે, તેમ દેવોની પંક્તિવડે પડતો ધારાઓનો સમૂહ શોભતો હતો. તે સ્વયંવર-મંડપમાં મોટા આડંબર-પૂર્વક રાજકુમારો પ્રવેશ કરતા હતા. કુમાર ( પુરુષસિંહ ) બહુરૂપિણી વિદ્યાવડે વામનરૂપધારી બન્યો હતો, તે બંદી સાથે સ્વયંવર-મંડપમાં દાખલ થયો. વામનરૂપધારી હોવા છતાં, તેના અપૂર્વ શોભા-સમુદાયને જોઈ, લોકોએ તેને માર્ગ આપ્યો. રંગ-મધ્યમાં આવેલા તે કુમારને પુરુષોત્તમ રાજાએ જોયો. ' આ કોઈક મનોહર દર્શનવાળો છે ' એવા સંભ્રમવાળા રાજાએ અપાવેલા આસન ઉપર કુમાર બેઠો, તેની પાછળ બંદી બેઠો. સૌભાગ્યમંજરીએ ચિંતવ્યું કે, જેણે ( અનંગે ) શરીર ધારણ કર્યું છે, એવો આ રતિવલ્લભ ( સાક્ષાત્ કામદેવ ) જણાય છે. મેં અયુક્ત વ્યવસાય કર્યો અને પ્રતિજ્ઞા કરી, વીણા-વિનોદના વિજ્ઞાનથી વર્જિત હોય, તો પણ સૌભાગ્ય ગુણનો નિધિ આ પુરુષરત્ન

નિશ્ચે મારે પરણવા યોગ્ય છે. તે વખતે કુમારી તેને જ જુએ છે, તેને જ ચિંતવે છે, તેની જ પ્રાર્થના કરે છે, ક્ષણ માત્રમાં તન્મય બની ગઈ હતી.

**વીણા-વિનોદ કલા**

ત્યાર પછી જેમનું યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું, તે રાજકુમારો બેસી ગયા. અને કુતૂહલથી સકલ લોકો મળ્યા અને દેવો, સિદ્ધો, તથા વિદ્યાધરો ઉપર (આકાશમાં) રહ્યે છતે ઊઠીને એક વિદગ્ધ ( ચતુર ) કંચુકીએ ( અન્તઃપુરના રક્ષકે ) મોટા શબ્દવડે કહ્યું કે, " ભો ભો ! રાજકુમારો ! સુગુણોની અનુરાગી આ રાજકન્યાએ પૂર્વે આવી પ્રતિજ્ઞા કરી છે કે, ' સર્વ કલાઓમાં શ્રેષ્ઠ અને વિશેષ લલચાવનારી લોકમાં સર્વ જીવોને જેના ગુણો વિખ્યાત છે-એવી એક વીણા-વિનોદની કલા છે, અહિં આવેલા કુમારોમાં જે ( કુમાર ) આ કલાવડે અધિક છે, તે જ મારો દયિત ( સ્વામી ) થાઓ, એમાં સંદેહ નથી; તો તમે પોતાનું વિજ્ઞાન ખરેખર પ્રકટ કરો. અહીં જેનું જેટલું પદ છે, તેટલું કામદેવની વિજયપતાકા જેવું પદ તમે પ્રાપ્ત કરો. "

કલાના અત્યંત ગર્વિષ્ઠ એવા એક કુમારે વીણા માગી, **સૌભાગ્યમંજરીએ** તેને આપી. એ કુમારે સારી, એણે સમીપમાં મત્તહાથી ધર્યો, ત્યાર પછી તેણે મનોહર સ્વરે વીણા વગાડી, હાથી સૂઈ ગયો. તેનો સાધુવાદ ( પ્રશંસા ) થઈ.

**સૌભાગ્યમંજરીએ** ફરીથી વિચાર્યું કે, હા ધિક્, જાણી શકાતું નથી કે શું થશે ? આ બધા રાજકુમારો પણ અત્યંત કલા-કુશલ જણાય છે. તેથી જો હું પ્રતિજ્ઞા-ભંગ ન થાય-એ રીતે મારા હૃદયને ઇષ્ટ એવા દયિત ( સ્વામી ) ને પામું, તો સારુ થશે. '

—એ સમયે બીજા એક કુમારે વીણા ગ્રહણ કરી, તેણે સમીપમાં વિરહ નામના વૃક્ષને ધરાવ્યો, તેણે વગાડીને વિરહ વૃક્ષને ફૂલાવ્યો ( પુષ્પોથી વિકસ્વર કર્યો. )

બીજા એક કુમારે વીણા ગ્રહણ કરી, મનોહર રીતે વગાડીને દૂર દેશમાં રહેલા યુવાન હરણને આકર્ષ્યો.

ત્યારપછી બીજા રાજકુમારે વીણા ગ્રહણ કરી, એણે શ્રેષ્ઠ હાથીને ઇષ્ટ કવલ આપ્યો અને વીણા વગાડી તે અર્ધો ખાધેલ કવલ મુકાવ્યો.

એ વગેરે બીજાં પણ અનેક પ્રકારનાં કુતૂહલો બીજા કુમારોએ પણ દર્શાવ્યાં, સર્વ કુમારોનો સાધુવાદ થયો.

ત્યારપછી એ **સૌભાગ્યમંજરીએ** વીણા વગાડી કે અત્યંત સૂતેલો શ્રેષ્ઠ હાથી ત્યાં આવ્યો અને લાંબા કાળ પહેલાં ખાધેલો કવલ વમી નાખ્યો. મુગ્ધ કુરંગ (હરણ) ચરણોની

સમીપ આવ્યો, અને વિરહ વૃક્ષ મૂલમાંથી વિકસ્વર થયો. બહુ શું કહેવું? તે વખતે કુમારીએ તેવી અદ્ભુત રીતે વગાડી કે-કુમારોએ કરેલાં એ બધાં કૌતુકો એકી સાથે થયાં. અને આ અત્યધિક થયું. રંગમંડપમાં બેઠેલા સર્વ જનો બીજા વ્યાપાર (પ્રવૃત્તિઓ)ને તજી દઈને ક્ષણવાર તો જાણે ચિત્રમાં આલેખેલા હોય-તેવા સ્થિર થઈ ગયા. સર્વ કુમારોનાં મુખ-કમળો લજ્જાથી નમી ગયાં અને તે વખતે સૌભાગ્યમંજરી સંબંધમાં એવી રીતે ચિંતવવા લાગ્યા કે, જો કે આ કન્યા ખરેખર રતિના જેવી રૂપવતી છે, નિરુપમ સુખોનાં કારણરૂપ છે, તોપણ જ્વરને હરનાર તક્ષક નાગના ચૂડામણિની જેમ મળવી દુર્લભ છે. રાજા પણ ખિન્ન મનવાળો થઈ ચિંતવે છે કે-એવી રીતે કરવા છતાં પણ કોઈપણ પ્રકારે મારી કન્યા નિર્વૃત્તિ ન પામે, તો ભાગ્યને શું કરીએ? ત્યારપછી પ્રેમને પરવશ થયેલી, જેનાં લાંબા નયન વિલાસવાળાં છે-એવી તે કુમારીએ મન સાથે વીણા કુમારને આપી, જે મધુર સ્વરવાળી હતી, ગુણોથી શ્રેષ્ઠ હાથથી ગ્રહણ કરાય તેવી, તુંબડારૂપી સ્તનવાળી, તથા કંઠમાં સ્થાપવા યોગ્ય કુમારી જેવી વીણાને કુમારે (પુરુષસિંહે) ગ્રહણ કરી. કુમારે કહ્યું કે, 'રાજકન્યાનું વિજ્ઞાન સુંદર છે, પરંતુ વીણા સુંદર નથી.' રાજાએ કહ્યું કે-'કઈ રીતે?' ત્યારે કુમારે કહ્યું, કારણ કે, 'સ્વર શુદ્ધ નથી.' રાજાએ કહ્યું કે-'કેવા પ્રકારનો સ્વર શુદ્ધ હોય?' કુમારે કહ્યું, 'દૃઢ રીતે શ્રુતિને સુખકર થાય.' રાજાએ કહ્યું, આ વિષયમાં શો વિશ્વાસ?' કુમારે કહ્યું, વીણાને શુદ્ધ કરતાં જણાઈ આવે.' રાજાએ કહ્યું, 'આ વીણામાં કયો દોષ છે?' કુમારે કહ્યું, તેમાં દાખલ થયેલ કાંકરાના સંબંધ વડે આ વીણાનો દંડ કલંકવાળો છે. તાંત પણ વૃદ્ધ વાલવડે ગર્ભિત છે. રાજાએ નિરૂપણ કરાવ્યું, તો તેજ પ્રમાણે થયું. રાજા આશ્ચર્ય પામ્યા. કુમારે સારી રીતે સ્થાપન કરીને વીણાને આસારિત કરી. એ દરમ્યાન સૌભાગ્યમંજરીના બીજા હૃદય જેવી ભદ્રા નામની તેની પ્રિય સખીએ તેને કહ્યું-'હે પ્રિયસખી! આ આસાર જ અપૂર્વ છે, સ્વર-મંડળ પ્રકટ ભેદવાળું ઓળખાય છે, ગ્રામરાગનો પ્રવેશ પૃથક્ જણાય છે, મૂર્છનાના પ્રકારો હૃદયને હરનારા છે, તેથી આ કુમાર આ કલામાં સર્વથા અધિક છે, ત્રણે ભુવનમાં પણ અધિક હશે-એમ જણાય છે. તેં પ્રતિજ્ઞા કરી છે, વિશેષમાં આ કુસંસ્થાનવાળો વામન છે, તો એમાં શું કરી શકાય?' સૌભાગ્યમંજરીએ તેને કહ્યું કે, 'અસંબદ્ધપ્રલાપિનિ! આ કુમાર વામન નથી, પરંતુ તું પડલથી ભરેલ આંખવાળી હોઈ એવી રીતે જુએ છે? તો ક્ષણવાર તું રાહ જો અને આ શ્રવણામૃત તું સાંભળ.' એ દરમ્યાન લોકો નિશ્ચલ નયનવાળા થઈ, બીજા બધા વ્યાપારો (પ્રવૃત્તિઓ)ને મૂકી, વીણાના ઝંકારથી મોહિત થઈને સૂવા લાગ્યા. વીણાની ધ્વનિથી મોહિત થયેલ, શૂન્ય મનવાળા રંગમંડપના સર્વ જનોને જોઈ કુમારે બહુરૂપિણી વિદ્યા વડે, બહુ રૂપો કર્યાં, તે રૂપો દ્વારા ભ્રમણ કરીને રંગમંડપમાં, સોભાગ્યમંજરીના હાથની

પાંચે આંગળીઓમાંથી મુદ્રિકાઓ ગ્રહણ કરી, પુરુષોત્તમ રાજાના હાથમાંથી સોનાનું કડું, અને બીજા રાજકુમારોનાં કુંડલો વગેરે સમસ્ત આભૂષણો ગ્રહણ કર્યાં, પરંતુ કોઈએ પણ જાણ્યું નહિ. રંગમંડપમાં આભરણોનો ઢગલો કર્યો. થોડીવાર પછી કુમારવીણા વગાડીને રહ્યો, એટલે રંગના લોકો જાગ્યા, આભરણોનો ઢગલો જોઈ સર્વ જનો વિસ્મય પામ્યા. સાધુવાદ (પ્રશંસા) ઉલ્લસિત થયો. 'અહો ! આશ્ચર્ય !' એ પ્રમાણે બોલતા, આકાશમાં રહેલા દેવો, ગંધર્વો અને વિદ્યાધરોએ કુમારના ઉપર કુસુમાંજલિ મૂકી. માત્ર તેના વામન-રૂપપણાથી સર્વ કોઇ રંગ-મંડપનો જન-સમુદાય ખેદ પામ્યો અને બોલવા લાગ્યો કે, 'આ કલા-કૌશલ્યને અનુરૂપ જો આનું રૂપ હોત, તો આને કોણ અર્ઘ ન કરત ?' એ પ્રમાણે સાંભળતી સૌભાગ્યમંજરી ખેદ પામતી ચિંતવવા લાગી કે, માત્ર તારી આ સખી જ મારા ભાવને વિશેષ જાણવા માટે એને વામનરૂપવાળા કહે છે, પરંતુ હું તો એને અમર-કુમાર જેવા રૂપવાળા જોઉં છું, તો આ શું ઇંદ્રજાલ છે? એ વિચારથી શોકથી રાજકન્યાના મુખ-કમલને મ્લાન થયેલું જોઈને કુમારે પોતાનું સ્વાભાવિકરૂપ કર્યું, રંગ-મંડપમાં રહેલા સર્વ જનોએ એ જોયું-એટલે તેઓએ કહ્યું કે, 'અહો ! કુમારનું કલા-કૌશલ્ય, અહો ! રૂપ-સંપદા, અહો ! સૌભાગ્ય, અહો ! સર્વ ગુણોનો પ્રકર્ષ !-એ પ્રમાણે સર્વ રંગ-જનોના ઉલ્લાસને સાંભળી સૌભાગ્યમંજરી તુષ્ટ થઇ અને વિકસ્વર મુખ-કમલ-વાળી થઈ અને વિલાસ-પૂર્વક ઊઠીને લજ્જાથી જેનાં અંગો કંપી રહ્યાં છે-એવી તે રાજ-કન્યાએ, જે માલાની સુગંધથી ભમરાઓની પંક્તિ ખેંચાઈને અવાજ કરતી હતી, તેવી વરમાલા, કોમલ કર-પલ્લવોથી ગ્રહણ કરી પુરુષસિંહ રાજકુમારના કંઠમાં સ્થાપન કરી.

માગધો ( ભાટ-ચારણો ) એ જય જય શબ્દો ઉચ્ચાર્યા. કુમારના માગધે પણ ઉચ્ચાર્યું કે, 'વિજયસેન મહારાજાના નંદન, સકલ યુવાનજનોનાં નયનોને આનંદ આપ-નાર, પુરુષસિંહ રાજકુમાર મહી-મંડલના આભૂષણરૂપ છે, શત્રુ રાજાઓને ખંડન કરનાર જયવંત વર્તે છે. સકલ લોકોએ ઉદ્‌ઘોષણા કરી કે, 'સારું વરવાનું થયું,' તેજ સમયે ગંભીર સ્વરવાળાં વાજિંત્રો વાગ્યાં, પણ્યાંગનાઓ-નર્તકીઓ નાચી, સધવા સુંદરીઓએ ધવલ ( ધોળ ગીતો ) ગાવાનો પ્રારંભ કર્યો. અનેક પ્રકારનાં કૌતુકો કરાય છે, વધાવા આવે છે, અક્ષયપાત્રો પ્રવેશ કરે છે. લોકોના ઉપચારો પણ આચરાય છે, સન્માનનીયોનાં સન્માન કરાય છે, મહાદાનો અપાય છે. નગરમાં મહોત્સવ પ્રવર્ત્યો. લોકોએ હાટ-બજા-રની શોભાઓ કરી, પ્રત્યેક ઘરે તોરણો બંધાયાં. સારે મુહૂર્તે કુમારે સૌભાગ્યમંજરીનું પાણિગ્રહણ કર્યું. બીજા સર્વ રાજકુમારોને સન્માન કરી વિસર્જિત કર્યા. પુરુષસિંહ કુમારને ગંધહસ્તીના સ્કંધ ઉપર ચડાવવામાં આવ્યો અને સમીપમાં સૌભાગ્યમંજરીને હાથણી ઉપર ચડાવી. એવી રીતે નગરના લોકો વડે સન્માન પામતો નાચ કરતા વિલા-

સિનીઓના સમૂહ સાથે, મંગલ વાજિંત્રો વાગતાં બંદિજનો ( ભાટ-ચારણો ) વડે સ્તુતિ કરાતો, જેને પગલે પગલે મંગલ ઉપચાર કરવામાં આવે છે, તેવો રાજકુમાર રાજભવને પહોંચ્યો. મહારાજાએ તેને શ્રેષ્ઠ પ્રાસાદ ( રાજમહેલ ) સમર્પણ કર્યો, તેમાં મહારાજાવડે સન્માન કરાતો વિવિધ પ્રકારના વિનોદો વડે વખત પસાર કરે છે.

આ તરફ, તે માગધ, જેનું સન્માન કુમારે કર્યું હતું, તે શંખપુર પહોંચ્યો, ત્યાં તેણે કુમારના માતા-પિતાને અને નગરજનોને, જેઓ કુમારના વિરહાગ્નિ-જ્વાલાથી પ્રદીપ્ત થયેલાં હતાં, તેમને વીણાના વિનોદની ગુણાવલી અને પુરુષોત્તમ મહારાજાની રાજ-પુત્રી સાથે પરણવાનો વૃત્તાન્તરૂપ અમૃતરસવડે સિંચી તેમનાં હૃદયોને શાંત કર્યાં.

કુમારનાં દર્શન કરવા માટે ઉત્સુક મનવાળા વિજયસેન મહારાજાએ શીખવીને પ્રધાન પુરુષોને મોકલ્યા, તેઓ પોતનપુર પહોંચ્યા, તેઓ કુમારને જોઇ, તેને પગે લાગ્યા. રાજકુમાર પણ તેને ગાઢ આલિંગન આપી ભેટયો અને તેઓ સુખાસન ઉપર બેઠા એટલે કુશલ વૃત્તાન્ત પૂછયું. ગદ્ગદ અક્ષર પૂર્વક, આંસુથી ભરાયેલાં લોચનોવાળા તેઓએ પણ કહ્યું કે-' હે કુમાર ! તમારા વિરહમાં માતા-પિતાને કુશલ કેવી રીતે હોય ? કારણ કે, અનિમેષ આંખવાળા દેવની જેમ મહારાજા કરાતા આગ્રહ વડે રાજ્ય-કાર્યોને ચિન્તવે છે. અને મહારાણીને પણ રડતાં રડતાં વક્ષઃસ્થલ પર પડતાં મોટાં આંસુનાં બિંદુઓવડે નિત્ય હારાવલિનો વિલાસ થાય છે. બહુ કહેવાથી શું ? તમારા વિરહમાં સર્વ નગર જનો પણ શોકવડે જેનાં આંસુઓ ગળી ગયાં છે, તેથી વરસી ગયેલ મેઘ જેવા બની ગયા છે. અને તેઓએ સંદેશો કહેવરાવ્યો છે કે, ઘણા દેવોના આરાધનથી તમે પ્રાપ્ત થયા છો, ઘણા મનોરથોવાળા રંક જેવા અમ્હે પૂજ્ય નિધિ જેવા તમે દેવના વશથી હાલ જોવામાં આવતા નથી. હે કુમાર ! તમારા વિયોગમાં, શોકરૂપી વજ્રના પ્રહારથી જેનાં હૃદયો આઘાત પામ્યાં છે અને અમને જે દુઃખ થયું છે તે શરીરમાં ન સમાતાં, નીચી ગતિમાં ગયેલા નારકીઓ પણ, તમારા વિરહરૂપી મોગરથી હણાયેલું અમ્હારૂં હૃદય, આટલા વખત સુધીમાં જે ફૂટી ન ગયું, તે તમારા જ ગુણો વડે બંધાયેલું છે, તેથી નિશ્ચયે જાણો, તેથી દયાળુ થઈ જલ્દી તમે આવો. બહુ કહેવાથી શું ? હજુ પણ જીવતા અમે તમારા મુખ-કમલને જોઈ શકીએ. ''

ત્યાર પછી પુરુષસિંહ કુમાર, જેના શરીરમાં તાપ સમાતો નથી, જેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં છે, તે એવી રીતે વિચારવા લાગ્યો કે, ' ગુણ અને દોષનો વિચાર કરવામાં વિચક્ષણ એવા ગુરુજને ( પિતાજીએ ) તે વખતે મને ઉપાલંભ કર્યો, એટલા માત્રથી હું અન્ય મનવાળો શું થઈ ગયો ? કારણ કે, ગુરુ ( વડિલ જનો ) ના મુખરૂપી

મલયાચલમાંથી નીકળેલ સરસ વચનરૂપી ચંદનનો સ્પર્શ, જે અહિત આચરણને રોકનાર, ધર્મમાર્ગનો નિર્વાહ કરનાર એ તો ધન્ય-ભાગ્યશાલીના ઉપર જ પડે છે. જેમને ગુરુજન (વડીલો) નાં વચનરૂપી અંકુશ અટકાવનાર નથી, તે નિરંકુશ હાથી જેવા લોકો ઉન્માર્ગે ગમન કરનારા થઈ તેઓ અનર્થોનો વિસ્તાર કરે છે. તેઓ ખરેખર ધન્ય છે, જેઓ નિત્ય રાત્રિ પૂરી થતાં પ્રત્યેક પ્રભાતમાં, માતા-પિતાના શુદ્ધ વર્ણોની રચનાથી રમણીય રત્નોથી (દાંતોથી) ઉજ્જવલ મુખોને જુએ છે અને વચનોને સાંભળે છે.' એ પ્રમાણે વિચાર કરીને કુમારે કહ્યું કે, 'પિતૃજનને (અર્થાત્ માત-પિતાને) જે પ્રિય હોય તે, મારે અવશ્ય કરવા યોગ્ય છે, બીજા બહુથી શું?' એમ કહીને તેઓની સાથે તે કુમાર પુરુષોત્તમ મહારાજાના સભામંડપમાં પહોંચ્યો અને પોતાને મુક્ત કરવા માટે જ્યારે પુરુષોતમ રાજાને વિનંતી કરે છે; તેટલામાં જેના વક્ષઃસ્થલમાં હાર શોભે છે, તેવા પ્રતિંહાર પ્રણામ્ કરીને મહારાજાને વિનંતી કરે છે કે, 'હે મહારાજા! દેવનાં દર્શન કરવા માટે ઉત્સુક બે તાપસકુમારો દ્વાર પર રહેલા છે.' રાજાએ કહ્યું કે-'તેમને જલ્દી પ્રવેશ કરાવ.' 'જેવો આદેશ' એમ કહેતાં તાપસકુમારોને પ્રવેશ કરાવ્યો, ઉચિત પ્રતિપત્તિ-પૂર્વક તેમને આસનો ઉપર બેસાર્યા અને રાજાએ તેમને પૂછ્યું કે, 'સપરિવાર કુલપતિનું કુશલ છે? તપ-કર્મ નિર્વિઘ્ન ચાલે છે? તાપસકુમારો વડે જેમને જલ-સિંચન કરવામાં આવે છે, એવાં નિત્ય લીલાં આશ્રમનાં વૃક્ષો ઉપદ્રવ વગરનાં છે? વૃદ્ધતાપસો વડે જેમને નિરંતર નીવાર (ઘાસ-ચારો) અપાય છે એવા, મનને પ્રમોદ આપનારાં તપોવનનાં હરણોનાં બચ્ચાંઓ વગર રોકટોક ભ્રમણ કરે છે? અથવા કયા પ્રયોજન વડે, પોતાનાં ચરણ-કમલોવડે આ સ્થાનને આપે પવિત્ર કર્યું છે?" તેઓએ કહ્યું કે, 'ચારે આશ્રમોના ગુરુ આપ મહારાજાના પ્રભાવથી સર્વત્ર કુશલ છે, પરંતુ હાલમાં કોઇક સ્થાનથી એક શ્રેષ્ઠ હાથી આશ્રમ-સ્થાનમાં આવેલો છે, જે વિસ્તીર્ણ ઊંચા કુંભસ્થલવડે પર્વતના શિખરની તુલના કરે તેવો છે, અંગોનાં સર્વ લક્ષણોને ધરનાર, લાંબી સૂંઢવાળો છે, દાંતો વડે વૃક્ષોના સમૂહને ભાંગનાર, ગતિ-માર્ગને અટકાવનાર છે અને જેના મદની ગંધથી ભમરાઓ આસપાસ ભમે છે, તે આપ મહારાજાને યોગ્ય હસ્તિરત્ન છે, બીજું, કંઈક આશ્રમનાં વૃક્ષોને વિદ્રવ કરે છે-ભાંગે છે, એથી કુલપતિએ અમને મોકલ્યા છે." રાજાએ કહ્યું કે-'અમારા ઉપર મહાન્ અનુગ્રહ કર્યો છે.' એમ કહી, સન્માન કરી તે તાપસકુમારોને વિસર્જિત કર્યા.

હાથીને ગ્રહણ કરવા માટે મહારાજાએ પ્રસ્થાન કર્યું, દરમ્યાન પુરુષસિંહ કુમારે વિનંતી કરી, 'મને આદેશ આપો કે, જેથી હું જ તે હાથીને ગ્રહણ કરીને, આપ મહા-

રાજાને સમર્પણ કરું.' રાજાએ પુરુષસિંહ કુમારને આદેશ આપ્યો અને સ્વયં નિવૃત્ત થયા. કુમાર ઘોડા ઉપર આરૂઢ થઈને કેટલાક પ્રધાન પરિવાર સાથે ચાલ્યો. તે ઉદ્દેશમાં પહોંચ્યો અને તેણે મહિવલયના હાથીઓમાં, મદની ગંધથી મહમહતા તે ગંધહસ્તીને જોયો, જાણે દેવલોકમાંથી આવેલ દેવતાઓનો હાથી (ઐરાવણ) જેવો હતો. કુમારે ઘોડાને મૂકી, આગળ થઈને તે હાથીને હાકોટો કર્યો એટલે હાથી કુમાર સામે દોડ્યો. કુમારે તેની આગળ સારી રીતે વીંટીને ઉત્તરીય વસ્ત્ર (ખેસ) નાખ્યું, હાથી તેના પર પ્રહાર કરવા લાગ્યો, તેવામાં કુમાર તેના દંતૂશલ ઉપર પગ મૂકી હાથીના સ્કંધ ઉપર ચડ્યો, ત્યાં આસન બાંધ્યું. કુમારે હાથીના કુંભસ્થલ ઉપર હાથથી પ્રહાર કર્યો. એ દરમ્યાન, પરિજનો જોતા રહ્યા અને હાથી, મહાદેવ (નીલકંઠ) ના ગળા જેવા નીલ ગગનાંગણમાં ઉપડ્યો અને લોચનોને અગોચર થયો, તે ક્ષણવારમાં વૈતાઢ્ય પર્વત ઉપર પહોંચ્યો, ત્યાં તાજાં વૃક્ષોથી શોભતા ઉદ્યાનના મધ્યભાગમાં, હાથીનું રૂપ મૂકી દઇ તે સ્ફુરાયમાન મણિકુંડલવાળો વિદ્યાધર થયો. તેણે નમીને કહ્યું કે, 'હે કુમાર! અહીં અશોકવૃક્ષની નીચે થોડી વાર વીસામો લ્યો, એટલી વારમાં રત્નપુરના સ્વામી રત્નપ્રભ વિદ્યાધર રાજાને તમારું આગમન કહું.' એમ કહીને વિદ્યાધર ત્યાં પહોંચ્યો.

હવે આ તરફ કુમાર વિચારવા લાગ્યો કે, 'આ વિદ્યાધર વડે હું શા કારણે હરણ કરાયો છું? અથવા આવી ચિંતા કરવાથી શું? મનુષ્યોને સુખો કે દુઃખો ઉત્પન્ન કરવામાં દૈવ (ભાગ્ય) જ પ્રમાણ છે. હું જોઉં છું, તો હાલ આ ઉદ્યાન ઘણો રમણીય છે.' ત્યારપછી વિચરતો કુમાર તમાલતરુના મંડપમાં પહોંચ્યો, ત્યાં લતા-વેલડીના આંતરે રહી સ્ત્રીઓના સંલાપને સાંભળવા લાગ્યો. ત્યાં કુસુમોની શય્યામાં રહેલી એક કન્યા સખી સાથે રહેલી છે, તેને જોઈ કુમાર ચિંતવે છે કે, આ કોઈ કમલનાં દલ જેવી વિશાલ આંખવાળી કન્યા, વિરહદશાના પ્રચંડ કર્મને સૌભાગ્યને સૂચવે છે. કારણ કે, આ કન્યાનું મુખ-કમળ, સમસ્ત લોકોનાં નેત્રોને ઉત્સવરૂપ છે, કલંકથી રહિત છે એ જોઈને ચંદ્ર લજ્જિત થઈને વિશેષ શોભા પ્રાપ્ત કરવા માટે જરૂર લલાટ નયનવાળા ત્રિનયન (મહાદેવ)ને સેવે છે.

ત્યારપછી કન્યાએ કહ્યું કે, 'હે સખિ ચૂતલતા! ઘરને મૂકીને હું ઉદ્યાનમાં આવી છું. આ ઉદ્યાન વસંતઋતુના સમય જેવું વિશેષ શીતલ છે, તેમ છતાં કુસુમાયુધ (કામદેવ) વડે, તેનાં સુલભ કુસુમરૂપી બાણો વડે ભેદાયેલી મને આ ઉદ્યાન પણ પ્રજ્વલિત થતું જણાય છે, તથા આંબાનાં વૃક્ષો-જવાલાઓ જેવી મંજરીઓ વડે હૃદયને દુઃખ ઉપજાવે છે. અશોક વૃક્ષો અંગારાની જેમ લોચનોને સુખ આપતા નથી. અશોક વૃક્ષોનાં પલ્લવો શરીરને સંતાપે છે. પલાશનાં કુસુમોનો સમૂહ મને સ્ફુલિંગ (અગ્નિના તણખા) જેવા લાગે છે. ભમરાઓની પંક્તિ મને ધૂમાવલી જેવી લાગે છે, મારા હર્ષને હરે છે. કેળનાં પાંદડા વડે કરેલો વીંજણો,

તથા તેં સજ્જ કરેલો આ કુસુમોનો સાથરો, અને ઉરઃસ્થલ (છાતી ઉપર) તેં કરેલ ગાઢ ચંદનનું વિલેપન, તથા તેં ભુજાઓ ઉપર કરેલ શિરીષની લતાવલી તે પણ હે સખિ! મારા શરીરના દાહને દૂર કરતાં નથી. વધારે શું કહું? ખરેખર, આ કામદેવ પંચશર તરીકે પ્રસિદ્ધ હોવા છતાં, મારા હૃદયરૂપ લક્ષ્યને વિષે લાખ શરવાળો બની મને વીંધે છે. એથી મારા વડે એ લક્ષશર તરીકે જણાવાય છે. મારા જેવી મંદભાગ્યવાળીને તે સુભગનાં (ભાગ્યશાળીના) દર્શન દુર્લભ છે, તેથી હાલમાં હું માનું છું કે, મારે પોતાને મરણ એ જ શરણ છે.' એ સાંભળીને કુમાર વિચારે છે કે, ખરેખર, તે જ પુરુષનું જીવિત સફલ ગણાય, જેના ઉપર અનુરાગી ચિત્તવાળી બની આ બાલા એવી રીતે ખેદ પામે છે. તેની સખીઓએ કન્યાને કહ્યું કે, 'હે સખિ! તું ખેદ પામ નહિ, ધીરતાને ધારણ કર. હે હરિણાક્ષી! નિશ્ચે તારા મનોરથો સફલ થશે, કારણ કે, પિતાજીએ આજે પુરુષસિંહ કુમારને લાવવા માટે વિદ્યુત્પ્રભ વિદ્યાધરને પોતનપુર મોકલ્યો છે.' પોતાનું નામ સાંભળવાથી હર્ષ થયો હોવા છતાં કુમાર ચિન્તવે છે કે, 'જરૂર આ બાલાના કારણે હું અહીં લાવવામાં આવ્યો છું.' એ દરમ્યાન વિદ્યાધરોના સમૂહને સમીપ આવતા જોઈ, કુમાર પાછો ફરીને અશોકવૃક્ષ નીચે બેઠો.

**રત્નમંજરી**

ઉચિત પ્રતિપત્તિ-પૂર્વક કુમારનો રત્નપુર નગરમાં પ્રવેશ કરાવ્યો. વિપુલ વિમાનગૃહમાં રત્નપ્રાસાદમાં તેને સ્થાપ્યો અને વિદ્યાધરોના અધિપતિ રત્નપ્રભે સમયે કુમારને સ્નેહ-પૂર્વક કહ્યું કે,—

હે રાજપુત્ર! તમારા પોતાના આ અપહારનું કારણ તમે સાંભળો. મારે ચાર પુત્રોના ઉપર રત્નમંજરી નામની પુત્રી છે. કલાઓને ગ્રહણ કરી જે યૌવનમાં આવી છે. તે પણ માતાએ મોકલેલી મને પ્રણામ કરવા માટે સભામંડપમાં આવી હતી. તે કન્યાના રૂપાતિશય જોઈને મેં એવું કહ્યું કે, 'હું માનું છું કે, આ કન્યાના રૂપ વડે યોગ્ય હોય-એવો કોઈ વર નથી.' ત્યારપછી એક વિદ્યાધર માગધે કહ્યું કે, શ્રી વિજયસેન રાજાના નંદન, જે રૂપ વડે કામદેવની તુલના કરે તેવા છે, તેમ જ સમસ્ત કલાઓના સ્થાનરૂપ છે, જેમનું નામ પુરુષસિંહ છે. હાલમાં તે પોતનપુરમાં પુરુષોતમ રાજા પાસે છે, તે હે મહારાજા! આ રત્નમંજરી માટે ઉચિત વર થશે.' એ પ્રમાણે સાંભળીને તે કન્યાને તમારા ઉપર તેવો અનુરાગ થયો છે કે, વિદ્યાધર કુમારોના નામને પણ કોઈ પ્રકારે સહન કરતી નથી. કોઈપણ સ્થળે રતિને ન પામતી, તથા રાત્રિઓને વિષે પણ નિદ્રા-સુખને ન પ્રાપ્ત કરતી, તમારી સંકથાથી આકર્ષાયેલી તે કરતલ (હથેળી)માં કપોલ રાખીને રહે છે.-એવું જાણીને હે કુમાર! મેં તમને અહીં અણાવ્યા છે તો તમે રત્નમંજરીને પરણી મને પરિ-

તોષ કરો.' કુમારે કહ્યું કે, 'તમે જે આજ્ઞા કરો તેમાં હું સજ્જ છું. બહુ કહેવાથી શું? કુલીન જનો, ગુરુજનો (વડીલો)થી પ્રતિકૂલ આચરવાનું જાણતા નથી.' ત્યાર પછી કુમારને **રત્નપ્રભ** વિદ્યાધરેન્દ્રે મોટા ઋદ્ધિ પ્રબંધથી **રત્નમંજરી** સાથે પાણિગ્રહણ કરાવ્યું. તથા તે બંનેને પરસ્પર ગાઢ પ્રીતિ થઈ કે, નિમેષમાત્ર પણ એકબીજાના વિરહ-દુઃખને સહન કરી શકતાં નહિ.

કોઈવાર કુમાર **રત્નમંજરી** સાથે **મનોરમ** ઉદ્યાનમાં પહોંચ્યો હતો. ત્યાં તેની સાથે કુમાર સારી રીતે ક્રીડા કરી રહ્યો હતો, એવામાં કોઈક વિદ્યાધરે **રત્નમંજરી** ભાર્યાનું અપહરણ કર્યું. તેના વિરહમાં કુમાર વિલાપ કરવા લાગ્યો કે, 'હા! ચંદ્ર જેવા સુંદર મુખવાળી, તું તારું પોતાનું હસતું મુખ દર્શાવ. દીર્ઘ નયનવાળી! હા દેવિ! સ્નિગ્ધ નયનો વડે, પોતાના મુખેથી અમૃત જેવાં મધુર વચનો વડે મારા જેવા દીનને તું પ્રતિવચન (પ્રત્યુત્તર) આપ. હા! કુંદ (મોગરાનાં પુષ્પ) જેવા ઉજ્જવલ દાંતવાળી હે સુંદરિ! તારાં દર્શનરૂપી જ્યોત્સ્નાથી મને ઉજ્જવલ કર. હા! સરલ કોમલ ભુજ-લતાવાળી! ભુજ-લતાઓ વડે તું મને જલ્દી ભેટ-આલિંગન કર. હા! મુગ્ધા. આ મુગ્ધ જનને મૂકીને તું ક્યાં ગઈ છો?' એ પ્રમાણે વિલાપ કરતા કુમારને સસરા વગેરે વિદ્યાધરોએ મુશ્કેલીથી સ્થાપિત કર્યો. તે (રત્નમંજરી)ની શોધ કરવાના કાર્યમાં સર્વત્ર વિદ્યાધરોને મોકલ્યા. તેમાંથી સુવેગ નામનો એક વિદ્યાધર એક દિવસ વેગ-પૂર્વક આવીને કુમારને વિનંતી કરવા લાગ્યો કે, 'હે કુમાર! તમારી આજ્ઞાથી હું ઉત્તરશ્રેણિમાં વિદ્યાધરોનાં નગરોમાં દેવી (રત્નમંજરી)ની શોધ કરતો સુરપુર નગરમાં પહોંચ્યો હતો, ત્યાં સર્વ જનોને ઉદ્વેગવાળા જોયા. સર્વ આયતનોમાં ઉપચાર કરાઈ રહ્યો હતો, દશે દિશામાં હજારો ગાડાંઓ દ્વારા ફેંકાતી બલિઓથી ભરપૂર હતું, ત્યાં જ્યોતિષીઓ દ્વારા **શાંતિકર્મ**નો પ્રારંભ કરાયેલો હતો. મેં એક વિદ્યાધરને પૂછ્યું કે, 'હે ભદ્ર! આ શું છે?' તેણે ખેદ પૂર્વક કહ્યું કે 'સ્વામીના દુર્નય (અનીતિ) રૂપી ઝાડનાં ફૂલ ઊગ્યાં છે.' મેં કહ્યું કે 'કેવી રીતે?' તેણે કહ્યું કે, તમે સાંભળો, અહીં વજ્રવેગ નામનો વિદ્યાધરરાજા છે, તે કામદેવને વશ થઇને કોઇ સત્પુરુષની પ્રિયતમાનું અપહરણ કરીને અહીં લાવેલ છે, નગરદેવતાએ તેને કહ્યું કે, 'ભો ભો! તેં આ અયુક્ત કાર્ય કર્યું છે, સમર્થ વિદ્યાધર નરેન્દ્ર-શબ્દનું આ કાપુરુષનું આચરણ છે.' તો પણ તે તે (પરસ્ત્રી)ના અનુરાગને મુકતો નથી, તેથી ધરતીકંપ થયો છે, ઉલ્કાઓ પડેલી છે, નિર્ઘાત ઉત્પન્ન થયો છે.-એથી શંકિત થયેલા નગરજનોએ **શાંતિકર્મ**નો પ્રારંભ કર્યો છે." મેં કહ્યું કે, 'તે સ્ત્રી ક્યાં રહેલી છે.' તેણે કહ્યું કે, 'રાજમંદિરના ઉદ્યાનમાં તિલકવૃક્ષની નીચે છે.' ત્યાર પછી મેં આકાશમાર્ગ દ્વારા ત્યાં જઇને **રત્નમંજરી** દેવીને વિદ્યાધરીઓના વૃંદમાં રહેલી જોઇ. મેં તેને કહ્યું કે

'દેવિ! તમે જાણવામાં આવી ગયાં છો, તમારે ખેદ પામવો નહિ.' દેવી (રત્નમંજરી) એ કહ્યું કે, 'આર્યપુત્રની ગૃહિણી-શબ્દને ધારણ કરતી મને શો ખેદ છે?' ત્યાર પછી તેમને પ્રણામ કરીને હું આવ્યો છું. ત્યાર પછી વૃત્તાન્ત જાણ્યા પછી વિદ્યાધરરાજાઓ મળ્યા-એકઠા થયા. કુમારે કહ્યું કે, 'સામ-પૂર્વક યાચના માટે તે (વિદ્યાધર) પાસે કોઇ દૂતને તમે મોકલો.' મેઘઘોષે કહ્યું કે, 'પોતાની ભાર્યા લાવવામાં પણ દૂતને મોકલવો-એ અપૂર્વ સામપ્રયોગ છે.' સંગ્રામસિંહે કહ્યું કે, 'તેને પણ દૂત મોકલવો-એ હું સહન કરી શકતો નથી.' ઘનઘોષે કહ્યું કે, 'અભિલષિત (ઇચ્છિત) સિદ્ધ થયું નથી.' સુઘોષે કહ્યું કે, દેવ જાણે-એમ કહી હસી કાઢયું. સિંહરથે ઉંચા સ્વરથી તાડન કર્યું. મણિપ્રભ બોલ્યો નહિ, ધનરથે નીસાસો નાખ્યો. સૂરતેજ ચલિત ન થયો. ત્યાર પછી અનિલવેગે કહ્યું, સુભટ ભાવથી એકજ વીરરસવાળાઓને અસંમત હોવા છતાં વિદ્યાધરોની આ સ્થિતિ (મર્યાદા) છે. એવી રીતે વિદ્યાધરોને સમજાવીને, શીખવીને વિદ્યુતપ્રભ દૂતને મોકલ્યો, તે સૂરપુર ગયો. તે વજ્રવેગ નામના વિદ્યાધર રાજાપાસે પહોંચ્યો. તેણે કહ્યું કે, પુરુષસિંહ કુમારે આજ્ઞા કરી છે કે, 'જે ઉત્તમ નરો હોય છે, તેઓ ઉત્તમ માર્ગે પ્રવૃત્તિ કરે છે. સમુદ્રો કદાપિ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતા નથી. જે કરવાથી ભુવનમાં અકીર્તિ થાય પોતાનું લઘુપણું થાય, તેવું કાર્ય કરતા નથી. થોડા હિમથકી પણ આઘાત પામેલાં કમળો શુષ્કમુખવાળાં થઈ મ્લાન થાય છે-કરમાઈ જાય છે. જે કરવાથી બુદ્ધિ નષ્ટ થાય, તથા લોકમાં ઉપહાસ થાય, શત્રુગણ અવકાશ મેળવીને તુષ્ટ મનવાળો થાય, તેવું એવા ઉભયલોક-વિરુદ્ધ કાર્યને સત્પુરુષો કદાપિ આચારતા નથી. 'પરની ભાર્યાનું અપહરણ એ વિરુદ્ધ કાર્ય છે, તેથી તું મોહ ન પામ, મોહ ન પામ. જલ્દી તું રત્નમંજરી પુરુષસિંહ કુમારને સોંપી દે, અન્યથા તારા જીવિતવ્યમાં પણ સંદેહ થશે."

એવી રીતે વિદ્યુતપ્રભ (દૂત) વડે કહેવા છતાં, ભારે રોષના આવેગથી જેને અધિક વિકાર થયો છે, એવો વજ્રવેગ બોલવા લાગ્યો કે, 'ધરણિગોચર (ભૂચર) થઈને મને એ આજ્ઞા કેવી રીતે મોકલે? તેથી હું રત્નમંજરીને નહિ મોકલાવું, તારે જેને કહેવું હોય, તેને કહેજે.' એમ કહીને વિદ્યુતપ્રભને કાઢી મૂક્યો, તે પુરુષસિંહ પાસે આવ્યો, તેણે પ્રણામ કરી એ વૃત્તાન્ત જણાવ્યો. -એ સાંભળીને વિદ્યાધર ભટો ક્ષુભિત થયા (ખળભળ્યા) પ્રકટ થતા અમર્ષ (ક્રોધ)ના વશથી મેઘઘોષે હુંકારો કર્યો, રણની ઉત્કંઠાના ઉત્સાહથી જેને રોમાંચ ખડાં થયાં છે-એવા સંગ્રામસિંહે ભુજ અફાળ્યો. રોષ વડે જેનાં નયન લાલ થયેલાં છે, એવા સુઘોષે તલવાર ઉપર દૃષ્ટિ નાખી, ઘોણઘોષે રિપુના ઉપર પ્રહાર કરવાના પ્રસંગથી વક્ષઃસ્થલને વિષમ ઉન્નત કર્યું. કોપાનલવડે પ્રજ્વલિત થયેલા સિંહરથે મુખને પ્રિય

તરીકે ધારી રાખ્યું, **મણિપ્રભે** પોતાની બંને ભુજાઓને મરડી, **ઘનરથે** પર્વતને કંપાવતાં ધરણીતલને આઘાત પૂર્વક કંપાવ્યું, **સૂરજે** સમીપમાં યુદ્ધ થવાના પરિતોષથી મુખ ફૂટી જાય તેવો ઉચ્છ્‌વાસ નાખ્યો. **અનિલવેગે** સમસ્ત પર્વતની ગુફા-કંદરાઓ ભરાય જાય, તેવું હાસ્ય કર્યું'

ત્યાર પછી **પુરુષસિંહ** કુમારે કહ્યું કે, તે બિચારો નજીકમાં નાશ પામનાર હોઇ એનો બુદ્ધિ-વૈભવ નાશ પામ્યો જણાય છે. તેથી તેના પ્રત્યે યુદ્ધના સંરંભથી સર્યું. તમે બધા રહો અને તલવાર જેને બીજી સહાયતા છે-એવો હું તેને ભૂમિચરનું પરાક્રમ દર્શાવું.' વિદ્યાધરોએ કહ્યું કે. 'તે અસમર્થ છે, તમારા સેવકના પણ પરાક્રમને તે જુએ, તો તમારૂં તો શું ?

આ સમય દરમ્યાન, વિદ્યાધરોનું સૈન્ય મળ્યું (એકઠું થયું), વિમાન હાજર થયું, કુમાર તેમાં આરૂઢ થયો. મંગલ વાજાં વાગ્યાં; અનુકૂલ પવન હોવાથી, ઉજ્જવલ ધ્વજ-પટ જેમાં નાચી રહ્યો છે-એવું વિદ્યાધરોનું સૈન્ય ચાલ્યું. જય જય શબ્દ સારી રીતે ઉચ્છળ્યો, કુસુમ-વૃષ્ટિ પડી, આનંદ ઉત્પન્ન થયો એવી રીતે ચાલતું તે સકળ સૈન્ય **સૂરપુરની** સમીપમાં પહોંચ્યું.

વજ્રવેગે જાણ્યું. તેણે અવજ્ઞાથી **વીરસેન** નામના સેનાપતિને મોકલ્યો, તે આવ્યો. મોટા વિદ્યાધરોના સૈન્ય સાથે મોટું સૈન્ય આવ્યું છે-એ જાણીને કુમારના સૈન્યમાં કલકલ (કોલાહલ) ઊછળ્યો, રણ-ભેરી વાગી, વિદ્યાધરો બખ્તર વગેરેથી સજ્જ થયા. કુમારે ખડ્ગરત્ન ગ્રહણ કર્યું.

એ દરમ્યાન દૂત આવ્યો, તેણે કહ્યું કે, "ભો ભો ! વિદ્યાધરો ! વજ્રવેગ સ્વામિના સેનાપતિ **વીરસેને** મને મોકલ્યો છે અને તેઓએ આજ્ઞા કરી છે કે, ભૂમિગોચરને આગળ કરીને તમે અપ્રતિહત પ્રતાપવાળા વજ્રવેગ દેવ સાથે સમર (યુદ્ધ)ની શ્રદ્ધા કરી છે અને તમે મહારાજાની રાજધાનીમાં પ્રવૃત્ત થયા છો, તો આ કલેશ વડે શું ? તમે સજ્જ થાઓ, મહારાજાનો એક સેવક હું તમારા વિગ્રહને સમાપ્ત કરું છું."

અને એ પ્રમાણે સાંભળીને, 'વજ્રવેગ' આવ્યો નથી એમ જાણી કુમારે ખડ્ગ-રત્ન મૂકી દીધું. 'સેનાપતિ આવ્યો' એમ જાણી વિદ્યાધર-સૈન્ય એકઠું થયું. 'હું પણ અહીં (આ પક્ષે) સેનાપતિ છું' એમ (વિચારી) **સીંહરથ** ઉઠયો અને **વીરસેનની** સામે ધસી ગયો. યુદ્ધ શરૂ થયું, મેઘજાળની જેમ બાણુસમૂહથી આકાશ છવાઈ ગયું. વીજળીના કડાકાની જેમ ખડ્ગના પ્રહારો અન્યોન્ય પડવા લાગ્યા. સામસામે આવેલા સેનાપતિઓ યુદ્ધ કરવા લાગ્યા. અન્યોન્ય પ્રહાર કરવાથી રુધિર વમન કરતા બન્ને ધરણીપીઠે પડ્યા.

( આ ) વૃત્તાંત જાણતાં વજ્રવેગે યુદ્ધભેરી વગડાવી અને આજ્ઞા કરી કે 'ગરુડવ્યૂહ રચો'.

પછી વજ્રવેગનું સૈન્ય એકત્ર થવા લાગ્યું. કેવી રીતે ?

સામેથી પ્રજ્વલિત ઔષધિવલયવાળા પર્વત શિખરો જેવી, સુભટોની ઉત્તમ કનક અને રત્નની બનેલ ઢાલો, યોદ્ધાઓના રુધિરની લાલસાવાળી યમજિહ્વા જેવી તરવારો, દુર્જનની વાણી જેવી ભયજનક ભાલીઓ, ગુણથી આકર્ષાયેલ છતાં પ્રકૃતિથી કુટિલ વેશ્યાઓની જેમ દોરીથી બંધાયેલ અને સ્વાભાવિક વક્ર એવી ધનુષ્યની ચાપો, પર-મર્મનું ઉદ્ઘાટન કરનાર દુર્જનના પ્રપંચો જેવા પારકાના મર્મસ્થાનમાં ઘા કરનાર બાણો લઇ જવાતાં હતાં.

ત્યાં આ પ્રમાણે યુદ્ધસામગ્રી લઈ જવાતી હતી ત્યારે—

પ્રિયાના સઘન સ્પર્શના લોભી કોઈ યોદ્ધાએ કવચ ન બાંધ્યું. યુદ્ધની શ્રદ્ધાના ગાઢ આગ્રહવાળા કોઈએ વળી ઘોર આંસુથી ભીની સ્તનવાળી પ્રિયાને રોતી અવગણી, બીજાએ શિથિલ કંકણો અને કંદોરાવાળી આંસુ સારતી પ્રિયાને 'આ હું ઝટ આવ્યો' એમ આશ્વાસન આપ્યું. પ્રિયને આપેલ પીણાનું પાત્ર કોઇ પ્રિયાએ મોટા આંસુઓથી ભરી દીધું. બેભાનાવસ્થામાં કોઈ પ્રિયતમાએ બીજા જ તરફ અનુરાગ દર્શાવ્યો, અને વિલખુંહસીને મંગળવિધિ કોઇ બીજાની કરી !

એવી રીતે વિવિધ વિકારોથી પ્રેમ દર્શાવીને વિદાય અપાયેલા સુભટો સાથે વજ્રવેગ વિદ્યાધર-નરેંદ્ર નીકળ્યો.

કુમારના સૈન્યે પણ કોપાયમાન યમદેવના હુંકાર જેવી, વીજળીના પ્રહારથી ફૂટેલા પર્વતના અવાજ જેવી, ભીષણ યુદ્ધ ભેરી વગાડી. યુદ્ધોત્સુક પ્રબળ વિદ્યાધર યોદ્ધાઓમાં કોલાહલ થઇ રહ્યો.

અન્યોન્ય વિલેપન અપાવા લાગ્યાં. પુષ્પ માળાઓ ગુંથાવા લાગી, ઉત્તમ આસવો પીવાવા લાગ્યા, સુભટોનું સન્માન થવા લાગ્યું, દુશ્મનપક્ષનું વર્ણન થવા લાગ્યું, સુભટોની ધ્વજાઓ ઊંચી થવા લાગી, ચામરો વીંઝાવા લાગ્યા, વ્યૂહો રચાવા લાગ્યા, છત્રો શોભવા લાગ્યા, ગમનની મંગળવિધિઓ થવા લાગી, 'જય' શબ્દની ઘોષણા થવા લાગી, નગારાના ઘોષ સંભળાવા લાગ્યા.

કુમારનું સૈન્ય સજ્જ થઈ ગયું. 'ચક્ર' વ્યૂહની રચના કરવામાં આવી. વ્યૂહના આગળના ભાગમાં ધનરથ, ડાબી બાજુએ કનકપ્રભ, દક્ષિણે મણિપ્રભ, પશ્ચિમે મેઘઘોષ, ને મધ્યમાં અનલવેગ રહ્યા. રત્નપ્રભાદિ વિદ્યાધરોથી વીંટળાયેલો વિમાનારૂઢ કુમાર પોતે

પણ આકાશમાર્ગે રહ્યો. વજ્રવેગનું સૈન્ય નજીક આવ્યું. કુમારે વિદ્યુતત્પ્રભ ને દુશ્મન-દળના રાજાઓના નામ પૂછયાં. તેણે કહ્યું "સ્વામી! ગરુડવ્યૂહને મોખરે સુહાઢ છે, ડાબે પાસે વદ્યુન્મુખ, જમણે મેઘમુખ, વચ્ચે અગ્નિમુખ અને પાછળ વજ્રવેગ છે."

દુશ્મન સૈન્ય જોઇને રાજી થયેલું કુમારનું સૈન્ય આગળ વધ્યું. જેમાં યુદ્ધના વાજા વાગે છે, વિદ્યાધરો ઝઝૂમે છે, પૂર્વજોનાં ગોત્રો પોકારાય છે, સિંહનાદો ગાજે છે, હાથમાં તલવારો ખેંચાઇ છે, પ્રચંડ ભુજાઓથી વાળેલાં ધનુષ્યો પર બાણ મંડાયેલ છે, જબરા મુદ્ગર ઊછળે છે, છમકતા ભીષણ ભાલાઓમાં હાથ રોકાયેલા છે, બરછી-ભાલા-બાણ-ત્રિશૂળ-મુસુંઢી આદિ આયુધો ઉપાડ્યાં હોઇ જે ભીષણ લાગે છે, જેમાં અર્ધચંદ્રાકાર બાણોથી છત્ર અને ધ્વજાઓ છેદાય છેને જેમાં કૌતુકથી ક્ષુરપ્ર વડે દુશ્મનના માથાના વાળ ઉતારાય છે તેવાં બન્ને સૈન્યો ભેટયાં.

પછી પુરુષસિંહ કુમાર કિરણ-સમૂહથી બધી દિશાઓને અજવાળતું એવું દેવતાએ દીધેલું શ્રેષ્ઠ ખડ્ગરત્ન હાથમાં લઈ દુશ્મનસૈન્યની સામે આવ્યો. જેમ પવનથી વૃક્ષોનાં પાકાં પાંદડાં ખરી પડે તેમ એ ખડ્ગરત્નને પ્રભાવે વિદ્યાધર સૈનિકોનાં શસ્ત્રો સરી પડયાં. ત્યારે તુષ્ટ થયેલા દેવો અને સિધ્ધોએ આકાશમાંથી કુમારની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. જયજયકારનો અવાજ થયો. ને બધા વિદ્યાધર સૈનિકોનાં શસ્ત્રો પડી જતાં તેઓનો દર્પ ઓસરી ગયો ને તેઓ પોતાને સૂતેલા જેવાં. પીધેલા જેવા, કે મરેલા જેવા માનવા લાગ્યા.

ત્યારે કુમારનો અદ્ભુત પ્રભાવ જોઇને વજ્રવેગ વિદ્યાધર ગળે ફરસી મૂકી. કામળો ઓઢી, ધરણી પર માથું ટેકવી પ્રણામ કરી, રત્નમંજરીને આગળ કરીને હાથ જોડી વિનવવા લાગ્યો: 'હે કુમાર! મારો અપરાધ માફ કરો. નિર્મળ દોરાની ગૂંથણી વાળી, સુગંધથી મનોહર એવી કોઇ અમ્લાન પુષ્પમાળા સરખી આ નિર્મળ ગુણસમુદાયવાળીને નિષ્કલંક ચારિત્રની સુવાસથી મનોરમ એવી રત્નમંજરી દેવીને સ્વીકારો. વળી મારું રાજ્ય પણ સ્વીકારો. હું હવે તપોવનમાં જાઉં છું." આમ કહીને વજ્રવેગે તેમ જ કર્યું. કુમાર પણ રત્નપ્રભ રાજાના જ્યેષ્ઠ પુત્ર રત્નશિખરને બધા લોકોની સંમતિથી રાજ્યપદે સ્થાપે છે. પછી રત્નમંજરીને લઈને પૂરો પરિતોષ અનુભવતો તે વિદ્યાધરસમુદાય સાથે રત્નપુર પાછો ફર્યો. ત્યાં થોડો વખત રહ્યો.

પછી માતપિતાનો સંદેશો સાંભરતાં, મણિજડિત જળહળતાં વિમાનોના સમુદાયથી આકાશને ભરી દેતો, રત્નપ્રભ-રત્નસિંહ-વિદ્યુતત્પ્રભ આદિ મહાવિદ્યાધરોના વૃંદથી વીંટળાયેલો તે રત્નમંજરીને લઇને પોતનપુર આવ્યો. જેણે રત્નનાં આભૂષણોથી શણગાર સજ્યા હતા તેવી પુરુષોત્તમ રાજાની દીકરી સૌભાગ્યમંજરી તથા પિતાએ મોકલેલા પ્રધાન

પુરુષોને વિમાનમાં બેસાડીને રત્નચૂડ પર્વત પાસેના પાતાલભવનમાં આવ્યો. દરમિયાન મોકલાયેલા વિદ્યાધરના વચનથી જેણે વૃત્તાંત જાણ્યું છે તેવી વનદેવતાએ શ્રેષ્ઠ ઉપહારો સહિત લીલાવતી અને કમલાવતી એ પ્રિયાઓ સોંપી, તેમને લઈ ચાલ્યો, અને વિજયપુર પહોંચ્યો, ત્યાં વિવિધ રત્નોના કિરણોના ઢગલાથી ઈન્દ્રધનુષ્યની જેવી શોભતી અરિદમન રાજાની દીકરી રત્નાવલીને લઈને કંચનપુર આવ્યો, ત્યાંથી સુવર્ણને રત્નોથી અલંકૃત એવી વૈરિસિંહ રાજાની દિકરી કનકાવલીને લઇને સિંહપુર ગયો. ત્યાં અનુપમ એવી રૂપરેખાવાળી સિંહવિક્રમરાજાની દીકરી મદનલેખાને લઇને શ્રીપુર પહોંચ્યો, ત્યાં મનોહર રત્ન અને સુવર્ણના આભૂષણોથી શોભતા દેહવાળી પુરંદર રાજાની દીકરી ચંદ્રલેખાને લઇને શંખપુરની નજીક આવી પહોંચ્યો.

શું પ્રબલ પવનથી પ્રગટ થયેલો એવો બધા સાગરોનાં રત્નોનો સમુદાય ફરી પડે છે ? કે પછી કશા આલંબન વગર ગગનમાર્ગે ફર્યા કરવાના ખેદથી થાકેલું આ આખું ગ્રહમંડળ ધરણીવલય પર ઊતરી રહ્યું છે ? અથવા શું પુણ્યફળ બાબતના સંદેહથી બેચેન હૃદયવાળી ધાર્મિકજનોને વિશ્વાસ બેસે તે માટે આ સ્વર્ગ પોતે આવે છે ? -આવી વિકલ્પમાળાથી આકુળ લોકો વડે જોવાતી રત્નના ચંદરવા જેવી વિમાનપંક્તિ નગર ઉપર આવી. પછી વિદ્યાધરોએ અગાઉથી આવીને વિજયસેન મહારાજને કુમારાગમનની વધામણી આપી. તેમણે પણ સંતોષને લીધે ચંચળ બનેલા હૃદયથી નગરમાં મહોત્સવની આજ્ઞા કરી.

સ્થળે સ્થળે અનેક પ્રકારના રત્નોથી છટાવાળા મંડપો બંધાયા, વિલાસિનીઓ વિજયમાં મસ્ત બની ઝુમવા લાગી, સુવર્ણથી શોભતા કેળના સ્તંભો રચવામાં આવ્યા, દરેકની આંખોને આનંદ આપતાં મણિમય હારોના તોરણ બંધાયા, રેશમી વસ્ત્રોથી ગગનને પલ્લવિત કરતી હારોની શોભા ઠેર ઠેર કરવામાં આવી. પદે પદે પુષ્પોની શોભા રચવામાં આવી, ઘરે ઘરે મોતીના ચોક પૂરાયા, માર્ગે માર્ગે મોટા તોરણ બંધાયાં, પ્રત્યેક માણસે સુંદર આભરણ પહેર્યા, સૂર્યને ઢાંકી દેતા પટમંડપો રચાયાં, ગંભીર સૂરો વાજિંત્રો વાગવા લાગ્યાં, ગગન સુધી પહોંચતી ધજાઓ ફરકવા લાગી, રાજમાર્ગે કુંકુમ છંટાયા.

આમ હર્ષથી ઉદ્દભવેલા મહોત્સવપૂર્વક જ્યારે બંદીજનો બિરદાવતા હતા, ત્યારે વિકસિત નયનોવાળી રમણીઓથી નીરખાતો કુમાર પોતાના ભવનમાં પ્રવેશ્યો. માતાપિતાના

ચરણકમળમાં પડ્યો. તેમણે ભેટીને માથું ચૂમ્યું. ત્યારબાદ આઠ વધૂઓએ સહર્ષ ધરતી પર માથું મૂકી પ્રણામ કર્યા. પિતાના કહેવાથી મણિમય ભૂષણધારી ને વિદ્યાધરો વડે નમન કરાતો તે સોનાના આસને બેઠો. મધુરવચનો દ્વારા પિતાએ તેની સાથે વાર્તાલાપ કર્યો. પછી હર્ષપૂર્વક તે બધો વૃત્તાંત કહે છે. તે સાંભળીને માતાપિતાનાં લોચનો વિકસે છે. વિસ્મય પામેલાં તે કહે છે; "તેં લાંબે વખતે પણ મુખકમળ બતાવ્યું. તે પણ સારું કર્યું. તારા સર્વાંગ-સંસર્ગી વિરહાગ્નિથી દાઝેલા અમારા અને નગરજનોના ઉના નિશ્વાસથી જે સરોવર સૂકાયા હતાં તે ફરી આંખોના અશ્રુજળથી ભરાઈ ગયા."

પછી કુમાર કહે છે, "હું જ અભાગિયો કે જેથી તમારાથી દૂર જઇને વંચિત થયો."

આમ બાપ દીકરો થોડીવાર પ્રીતિભર્યો વાર્તાલાપ કરતા બેઠા. રાજાએ રજા આપતાં કુમાર પોતાના આવાસમાં ગયો. કુમારે પણ વિદ્યાધર રાજાઓનું સન્માન કરીને સૌને વિદાય આપી એટલે તેઓ પોતાને દેશ ગયા. કુમાર પણ આઠ પ્રિયતમાઓ સાથે —જાણે દેવકુમાર અપ્સરાઓ સાથે — વિષય સુખ ભોગવે છે.

એક વખતે બપોર વેળાએ કુમાર મણિમય ગવાક્ષમાં બેઠેલો ત્યારે ભાર્યાઓએ કહ્યુ "વ્હાલા! ચોપાટ તો ઘણી રમ્યા; હવે પ્રશ્નોત્તર વિનોદ કરીએ." કુમારે કહ્યું: "ભલે".

પછી ચંદ્રલેખા બોલીઃ "ઘોડાનું શું વખણાય? સાધુઓ તપથી શેને દૂર કરે છે? કામીજન શું વાંછે? ત્રણેનો જવાબ એક શબ્દમાં આપો." કુમારે કહ્યું: "रय એટલે કે અનુક્રમે (૧) रय અથવા વેગ, (૨) रज અટલે કે બંધાતા કર્મ અને (૩) रत એટલે કે રતિક્રીડા. હવે મારો પ્રશ્ન સાંભળ (૧) ચંદ્ર, (૨) હાથી, (૩) તુચ્છ માણસને (૪) મરુદેશ—કોને ધારણ કરે? તુષ્ટ થયેલો સ્વામી શું આપે? પાંચેનો જવાબ એક શબ્દમાં આપો." વિચારીને ચંદ્રલેખા બોલી; "मय એટલે કે અનુક્રમે (૧) મૃગ અર્થાત્ હરણ, (૨) मद અર્થાત્ મદજળ; (૩) मद અર્થાત્ અહંકાર, (૪) मय અર્થાત્ ઊંટ, (૫) मत અર્થાત્ મન માન્યું."

પછી મદનલેખાએ પ્રશ્ન કીધાઃ "સર્પ કેવો હોય? સંગ્રામમાં ભયંકર કોણ? પતિનો વિયોગ પામેલી અંગના કેવી દેખાય?" કુમારે કહ્યું: "विषीदंती અર્થાત્ અનુક્રમે (૧) विषी એટલે વિષવાળો, ઝેરી (૨) दंती અર્થાત્ હાથી અને (૩) विषीदंती અર્થાત્ વિષાદ કરતી. હવે મારું સાંભળ; (૧) કયા ધાતુનો અર્થ 'પહોંચાડવું' એવો થાય? (૨) वदनै શબ્દ કેવો હોય તો वन શબ્દ થાય? (૩) શેને જોઈને મોરને આનંદ થાય? (૪) ઘડપણમા મુખ કેવું થાય?" મદનલેખાએ કહ્યું. "नीरदं અર્થાત્ અનુક્રમે (૧) नीः

ધાતુ, (૨) अ-दं એટલે કે द-કારરહિત એવો वदन શબ્દ હોયતો वन શબ્દ થાય, (૩) नीरद એટલે વાદળ અને (૪) नीरय એટલે કે निर्-रदं અર્થાત્ रद એટલે કે દાંત વગરનું."

પછી કનકાવલીએ પૂછયું. "(૧) શેને જીતવું શકય નથી? (૨) પ્રાણીઓ શેના વિના જીવતા નથી? (૩) વળી તપસ્વી સમુદાય કેવો કહેવાય છે? કુમાર! કહો." કુમારે કહ્યું: "खमाहारं; એટલે કે અનુક્રમે (૧) खम् અર્થાત્ ઇન્દ્રિય, (૨) आहार અર્થાત્ ભોજન (૩) खमाहारा અર્થાત્ खमा-आहार એટલે કે 'ક્ષમાનો આધાર' હવે મારા પ્રશ્ન સાંભળ જેનો અપરાધ પકડાઇ ગયો હોય એવા પતિનું મુખ પ્રિયા પ્રત્યે કેવું હોય? સંસારસાગરને કેવો કહે છે?" કનકાવલીએ કહ્યું: "अलसदुत्तरं. એટલે કે અનુક્રમે (૧) अलसत्-उत्तरं અર્થાત્ જવાબ ન જડતો હોય તેવું અને (૨) अलस-दुत्तरं અર્થાત્ આળસુ માટે दुत्तर એટલે કે દુસ્તર-ન તરી શકાય એવો."

પ્રશ્નોત્તરના 'ભાષાચિત્રક' પ્રકારમાં રત્નાવલીએ પૂછયું, "મુનિ કેવો હોય? કોણ મનુષ્યને શુદ્ધ કરે છે? ત્રણ જગતનું કુશળ કરનાર છતાં ભયંકર કોણ છે? કાંતની પડખે જતી સ્વૈરવિહારણી રાત્રે શેની ઇચ્છા કરે? બીજાને પીડા કોણ ન કરે?" કુમારે કહ્યું; "सदयतमः અર્થાત (છેલ્લા मः સાથે આગલા એક એક અક્ષરને લઇને છેલ્લે આખો શબ્દ લેતાં) અનુક્રમેઃ (૧) सम અર્થાત્ [ સુખદુઃખ સર્વમાં ] સરખો, (૨) दम અર્થાત્ ઇન્દ્રિયજય (૩) यम અર્થાત્ કૃતાન્ત એટલે કે યમદેવ, (૪) तमः અર્થાત્ તિમિર અને (૫) सदयतमः અર્થાત્ અતિશય કૃપાવાળો. હવે મારું સાંભળ, (૧) ઊંટ શેનું વહન કરે? (૨) સંતુષ્ટ સ્વામી શું આપે ? (૩) મનુષ્યોમાં ધન વગરનો કોને કહે ? (૪) સર્પ શેને ધારણ કરે ? (૫) કોને હિમાલયની પુત્રીના કંઠાશ્લેષને પ્રિય ગણનાર કહેવામાં આવે છે? (૬) જિનેન્દ્રના મતરૂપી ઔષધને કયા પ્રકારનું ગણીને સુબુદ્ધિવાળી વ્યક્તિ તેને ભજે છે?" રત્નાવલીએ કહ્યું: भवरोगहरम. એટલે કે [છેલ્લા रम ને આગલા એક એક વર્ણ સાથે લેતાં ને છેલ્લે આખા શબ્દને લેતાં:] અનુક્રમે (૧) भरं અર્થાત્ કે ભાર, (૨) वरं અર્થાત્ કૃપા (૩) रोरं અર્થાત્ દરિદ્ર, (૪) गरं અર્થાત્ વિષ (૫) हरं અર્થાત્ શંકર અને (૬) भवरोगहरं અર્થાત ભવરૂપી વ્યાધિને દૂર કરનાર."

કમલાવતીએ ....... પૂછયું, " (૧) સુકૃતથી શું થાય ? (૨) હરિ કોણ કહેવાય છે ? (૩) કોણ આકાશમાં ફરે ? (૪) ઘોડાનું આભૂષણ કયું ? (૫) ભરતોક્ત ગીતકળા જાણનારાના મનમાં શું સ્ફુરે છે ? " કુમારે કહ્યું, " स्वरविस्तरः એટલે કે (૧) स्वर् અર્થાત્ સ્વર્ગ, (૨) अ અર્થાત્ વિષ્ણુ, (૩) विः અર્થાત્ પક્ષી, (૪) तरः અર્થાત્

વેગ અને (૫) **स्वरविस्तरः** એટલે ષડ્જ વગેરે સ્વરોનો વિચાર. હવે મારું પણ સાંભળ, (૧) ચક્ર કેવું હોય ? (૨) દર્શનો કેટલાં છે ? (૩) માતાને શું કહેવાય ? (૪) ધર્મ કેવો હોય છે ? (૫) તે ધર્મનું સેવન કરનારને શું થાય ? " કમલાવતીએ કહ્યું, " **कलुषडंबरमणीयः** એટલે કે (૧) **कलु** અર્થાત્ **क** કહેતાં મસ્તક, તેને **लु** કહેતાં છેદનાર, (૨) **षट** અર્થાત્ છ (૩) **अंब** અર્થાત્ હે માતા (૪) **रमणीय** એટલે ગમે તેવો અને (૫) **कलुषडंबरम् अणीयः** અર્થાત્ પાપનું પ્રગટન ખૂબ ઓછું હોવું. "

**लिंगचित्र** પ્રકારે લીલાવતીએ પૂછ્યું, " રાત્રે વિરહથી કયુ પક્ષી દુઃખી થયું ? એવો પ્રશ્ન પૂછનારને કેવો ઉત્તર મળ્યો ? " કુમારે કહ્યું, " **कोकः** અર્થાત્ **कः** એટલે કે કોણ **अक** બરાબર સુખવગરનું છે ? એવો પ્રશ્ન થતાં ઉત્તર મળે છે-**कोक** અર્થાત્ ચક્રવાક મારુ ય સાંભળ, કામીઓને શું (**का**) સારી (**मधुरा**) લાગે ? એવો જેણે પ્રશ્ન કર્યો તેને તે પ્રશ્નમાં જ ઉત્તર મળ્યો તો કહે કેવો ઉત્તર ? " લીલાવતીએ કહ્યું, " **का मधुरा** અર્થાત્ કઈ વસ્તુ મધુર ? તેનો જવાબ પણ **काम-धुरा** અર્થાત કામદેવની ધુરા યાને ધૂંસરી."

**सदृशोत्तर** પ્રકારમાં સૌભાગ્યમંજરીએ પ્રશ્ન કર્યો, " (૧) કોણ સ્થિર રહેતો નથી ? (૨) વધૂનું પ્રિયતમ દ્વારા પ્રથમ શું ગ્રહણ કરાય છે ? (૩) કોણ ભાર ઉપાડે છે ? અથવા (૪) કોણ સ્ત્રીઓના ઊરુસ્થળની ઉપમા પામે છે ! " કુમારે જવાબ આપ્યો, " **करभ** અર્થાત (૧) **कः** એટલે વાયુ (૨) **करः** અર્થાત હાથ (૩) **करभः** અર્થાત્ ઊંટ અને (૪) **करभ** અર્થાત કાંડાથી ટચલી આંગળી વચ્ચેનો હાથનો પાછલો ભાગ. મારું ય સાંભળ, (૧) લોકો શેની અભિલાષા કરે છે ? (૨) વિધાતા-બ્રહ્માના પક્ષીને કેવું કહેવાય ? (૩) ઘોડાના મોઢામાં શું નખાય છે ! પાણી વગરની નદી કઇ રીતે કહેવાય. (૫) સકળ શાસ્ત્રનો જાણકાર પણ કોની આગળ અલ્પ પુણ્યવાળો ઠરે ? " સૌભાગ્યમંજરીએ કહ્યું, " **कविकलाम्** એટલે કે (૧) **कं** અર્થાત સુખની (૨) **क-वि**, **क** અર્થાત બ્રહ્માનું **वि** અર્થાત્ પક્ષી (૩) **कविकं** અર્થાત્ ઘોડાના મોઢામાં લગામ સાથે જોડેલું લોઢાનું બંધન—ચોકડું (૪) **क-विकलां** અર્થાત્ **क** એટલે પાણીથી **विकलां** એટલે રહિત, (૫) **कविकलां** અર્થાત કવિઓની કળા."

પછી રત્નમંજરીએ પ્રશ્ન કર્યો, " (૧) ઋષભ પ્રત્યે ભરત અને બાહુબલિ કેવા કહેવાય ? (૨) સ્વામીને કેમ સંબોધાય ? (૩) અગ્નિ શાનાથી બળે ? (૪) કોણે, કોને, શું આપ્યું હોય તે કલ્યાણકારક બને ? " કુમારે કહ્યું, " **नंदनौविभवेधसा** એટલે (૧) **नंदनौ** અર્થાત પુત્રો (૨) **विभो** અર્થાત્ ' હે સ્વામી ' (૩) **एधसा** અર્થાત્ ઇંધણ વડે (૪)

(સમગ્ર શબ્દને ઉલટાવી વાંચીએ તો) साधवे भविना ओदनं અર્થાત્ સાધુને-મુનિને, ભવી એટલે સંસારીએ ओदन એટલે ભાત દીધા હોય તે કલ્યાણ કરનાર બને. મારું પણ સાંભળ, (૧) પાતળી દેહયષ્ટીવાળીનું પાતળાપણું જોઇને તેને કામી શું કહે ? (૨) અભિમાનીઓની હારને કેમ સંબોધાય ? (૩) કઈ વસ્તુ વૈરાગ્યનું કારણ છે ? " રત્નમંજરીએ જવાબ આપ્યો, " राजतेतनिमातव એટલે (૧) राजते तनिमा तव અર્થાત્ તારી કૃશતા શોભે છે (૨) वत मानितते અર્થાત્ 'અહો ! અભિમાનીઓની પંક્તિ !' અને (૩) जरा અર્થાત્ ઘડપણ."

આવા વિવિધ વિનોદોથી કુમારે દિવસોને પલકારાની જેમ, મહિનાઓને દિવસોની જેમ અને વર્ષોને મહિનાઓની જેમ પસાર કર્યા.

એક વખત બાગવાને પ્રણામપૂર્વક વિનંતી કરી. "કુમાર! કુસુમાકર ઉદ્યાનમાં સ્વર્ગ અને મોક્ષરૂપી નગર માટેના માર્ગના રથરૂપ, સુંદર ચરિત્રના ચમત્કારમાં ઈન્દ્ર જેવા આખા જગત્‌ને જીતવાના અભિમાનવાળા કામદેવનું નિકંદન કાઢનાર, શુભ ઉપદેશનાં વચનોની શીતળતાથી હરિચંદનનેય હરાવતા, વિનતાના પુત્ર એવા પક્ષિરાજ ગરુડ ની જેમ નમેલાને આનંદ આપનારા મુનિ પધાર્યા છે."

આવા બોલ સાંભળીને કુમારે તેને ઇનામ આપ્યું. પછી તે ગંધહસ્તી પર ચઢીને તેમને વાંદવા ગયો. સૂરિને જોઇને, પર્વત પરથી જેમ સિંહનું બાળ ઊતરે તેમ, હાથી પરથી ઊતરીને પુષ્કળ ભક્તિથી સભર ચિત્તવાળો તે પ્રણામ કરીને સન્મુખ બેઠો. પછી જેમ ધીરું ગર્જન કરતો મેઘ અમૃત વરસાવવા માંડે તેમ દેહધારીઓના ઉગ્ર ભવરૂપી દાવાનળને શમાવતા મુનિશ્રી ધીરગંભીર સ્વરે દેશના કરવા લાગ્યા:

"આર્યદેશ, કુળ, રૂપ, બળ, આયુષ્ય અને બુદ્ધિ સહિતનું મનુષ્યપણું પામીને જે આત્મોદ્ધારના ઉપાય માટે મથતો નથી, તે તો સાગરમાં આવીને નૌકાને છોડી દે છે. આવો આત્મા જેમાં આધિ અને વ્યાધિરૂપી ડાંસ અને મચ્છર આમ તેમ ઊડે છે, તેવા, મોહરૂપી અંધારાથી વીંટાયેલા, રાગ અને દ્વેષરૂપી બારણાંની જોડીવાળા, કષાયરૂપી દીવાલવાળા સંસાર-રૂપી કારાવાસમાં પુરાઈને આઠ કર્મરૂપી પ્રહરીઓ વડે ચારગતિઓરૂપી ખૂણામાં રહેલો પિડાય છે.

"તેમાં પહેલો જ્ઞાનાવરણ નામનો પ્રહરી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનનું આવરણ કરતાં પાંચ સ્વરૂપો વડે સર્વ જંતુઓને પીડે છે. બીજો દર્શનાવરણ નામનો તે નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનર્દ્ધિ, ચક્ષુઃ,

અચક્ષુઃ, અવધિ અને કેવળ એમ નવ દર્શનાવરણરૂપી સ્વરૂપો વડે દેહધારીઓની વલે કરે છે. ત્રીજો વેદનીય નામનો સાત-વેદનીય અને અસાત-વેદનીય એમ બે રૂપો વડે પ્રાણીઓની વિડંબના કરે છે. ચોથો મોહનીય નામનો પ્રહરી દર્શન મોહના મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ એમ ત્રણ પ્રકાર તથા ક્રોધ, માન, માયા, લોભ એ ચારેય પાછા અનંતાનુબન્ધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, અને સંજ્વલન પ્રકારના તે રીતે સોળ કષાય ઉપરાંત સ્ત્રીવેદ, પુંવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સારૂપ નવ નોકષાયો મળી ચારિત્ર-મોહના કુલ પચ્ચીસ પ્રકાર એમ એકંદરે અઠ્ઠાવીસ રૂપો વડે સંસારરૂપી કારાવાસમાંથી આત્માને નીકળતો અટકાવે છે. પાંચમો વળી આયુઃ નામનો દેવ, નર, તિર્યંચ, નારકના આયુષ્યરૂપી પ્રકારોનાં સ્વરૂપોથી ઊંચે, નીચે અને ચાર દિશાઓમાં પ્રાણીઓને મોકલે છે. છઠ્ઠો નામ નામનો ગતિ, જાતિ, શરીરનાં અંગોપાંગ, બંધન- સંઘાત- સંહનન- સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વી, વિહાયોગતિઃ— એ ચૌદ પિંડપ્રકૃતિઓ; ત્રસ સ્થાવર, બાદર-સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત, પ્રત્યેક-સાધારણ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સુભગ-દુર્ભગ, સુસ્વર-કુઃ સ્વર, આદેય-અનાદેય, યશસ્કર-અયશસ્કર : એમ વીસ અન્ય પ્રકૃતિઓ; અગુરુ-લઘુ, ઉપઘાત, પરાઘાત, આ તપ ઉદ્યોત ઉચ્છવાસ, તીર્થંકર........નિર્માણ રૂપી આઠ-પ્રત્યેક પ્રકૃતિઓ-એમ કુલ બેંતાલીસ અથવા-દેવ નર તિર્યંચ અને નારકરૂપ ચાર ગતિઓ, એક-બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયોવાળી પાંચ જાતિઓ, ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણ એ પાંચ શરીરો, ઔદારિક-વૈક્રિય-આહારકરૂપ ત્રણ અંગોપાંગો, શરીર નામનાં ( ? ) પાંચ બંધનો, પાંચ સંઘાતનો, વજ્ર-ઋષભ-નારાચ-નારાચાર્ધ-નારાચકીલિકા-છેદસ્પૃષ્ટ રૂપ છ સંહનનો; સમચતુરસ્ત્ર-ન્યગ્રોધ-સાદિ વાચન-કુબ્જ-હુંડ એ છ સંસ્થાનો; સફેદ-પીળો-રાતો-નીલ-કૃષ્ણ એ પાંચ વર્ણો; સુરભિ-અસુરભિ એ બે ગંધ; કડવો-તીખો-તુરો-ખાટો-ગળ્યો એમ પાંચ રસ; શીત-ઉષ્ણ સ્નિગ્ધ-રુક્ષ-ગુરુ-લઘુ-મૃદુ-કર્કશ એ આઠ સ્પર્શો; સુર-નર-તિર્યક્-નારક એ ચાર આનુપૂર્વી; શુભ-અશુભ બે ગતિ—આ પ્રકારે પિંડપ્રકૃતિઓના પાંસઠ પ્રકારો; બાકીની ( વીસ ઈતર પ્રકૃતિઓ અને આઠ પ્રત્યેક પ્રકૃતિ એમ ) અઠ્ઠાવીસ સાથે મળીને ત્રાણુ અથવા તો પાંચ બંધનો અને પાંચ સંઘાતનોને પાંચ પ્રકારના શરીરમાં જ સમાયેલાં મળીને તે બંનેના કુલ દશ ભેદો અને વર્ણ, ગંધ, રસ ને સ્પર્શના ( અનુક્રમે પાંચ, બે, પાંચ ને આઠ મળી ) વીસ ભેદો—એમ કુલ છવ્વીસ ભેદો બાદ કરતાં ત્રાણુ ને બદલે સડસઠ ભેદો અથવા બંધનના પંદર ભેદો પણ પડાતા હોઇ ત્રાણુમાં બીજા દશ વધારીને થતા એકસો ત્રણ—એમ આવા અનેક સંખ્યાઓવાળાં રૂપો વડે, દેહધારીઓને ઉપહાસાસ્પદ બનાવી દે છે. સાતમો ગોત્ર નામનો પ્રહરી ઉચ્ચ-નીચ એવાં બે રૂપો વડે પ્રાણીઓને ઉચ્ચ ધર્મ અને

સ્થાનોએ સ્થાપતો મહાલે છે. વળી આઠમો અંતરાય નામનો દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યને વિઘ્ન કરતાં પાંચ શરીરોથી મદ કરે છે,"

" આમ આઠ પ્રચંડ પ્રહાર કરનારાઓ વડે ભવરૂપી કારાવાસમાં બેહાલ થતા પોતાના આત્માને જે પુરુષ છોડાવવા મથે તે જ પુરુષપણું ધારણ કરે છે, બીજો નહિ."

એટલામાં સંસારરૂપી કારાવાસથી ભય પામતા ચિત્તવાળો રાજપુત્ર બોલ્યો; " હે ભગવન્ ! આ આત્માને તેમનાથી કેમ છોડાવવો ? " ત્યારે સૂરિ આમ બોલ્યા; " ક્ષમારુપી ક્ષમા (પૃથ્વી) માં જેની પ્રતિષ્ઠા થઈ છે તેવું, જૈન જનોને રમણીય લાગતું, સદા સદાચારરૂપી વિશાળ ગૃહોવાળું, જિનેશ્વરની આજ્ઞારૂપી ખાઇથી વીંટળાયેલું એમ શ્રેયસૂરૂપી નગર છે. તેમાં દુશ્મનસમુદાયને નષ્ટ કરનાર ચારિત્રધર્મરૂપી મહાન રાજા છે. તેને પ્રબોધ, સંવેગ, વૈરાગ્ય, અને વિવેક એ જેમાં મુખ્ય છે તેવા સુભટો છે. હે રાજપુત્ર ! ચારિત્રધર્મ રાજાની સેવા કરવા જો તું ઈચ્છતો હોય તો તે ભટોને સંસારરૂપી કારાગૃહને ભાંગવા માટે પ્રેર. તેઓ પ્રાહરિકોને મારી નાખશે ને તને ચારિત્રધર્મની પાસે લઈ જશે. તે રાજા પણ દુર્ગતિને હરનાર ત્રણ રત્નો આપીને સુખી કરશે."

પછી " હે ભગવન્ ! માતા - પિતાની રજા લઇને તમારા ચરણકમલમા ચારિત્રધર્મને સેવીશ, " એમ બોલીને કુમાર પોતાને ઘેર આવ્યો. પ્રણામ કરીને તેણે માતા - પિતાને વિનવ્યા, " આજે હું ગુરુને વંદન કરવા ગયેલો. ધર્મદેશના સાંભળી ભવરૂપી કારાવાસથી મારું મન વૈરાગ્ય પામ્યું છે. તો કૃપા કરીને તમે રજા આપો, જેથી ગુરુના ચરણો પાસે ચારિત્રધર્મનું સેવન કરીને મનુષ્ય - અવતાર સફળ કરું. " તેમણે કહ્યું: " બેટા ! તું સેંકડો મનોરથો બાદ, દેવતાના આરાધનથી પ્રાપ્ત થયો છે; અમારે માટે તું અત્યંત પ્રાણપ્રિય છે. તો કેવી રીતે અનુજ્ઞા દઇએ ? " કુમારે કહ્યું: " હું તમારે માટે પ્રાણપ્રિય હોઉં તો પછી જન્મ, જરા, મરણ, રોગ, શોકાદિ સેંકડો આપત્તિઓથી ભરપૂર સંસારમાંથી બહાર નીકળતો એવો હું ઊલટી વિશેષ સંમતિને પાત્ર છું, કારણકે વિવિધ પ્રકારની દુર્દશામાંથી નીકળી રહેલો, ભડભડતી જ્વાળાઓના સમુદાયથી પ્રાણીઓની પરંપરાને કોળિયો કરી જતી આગમાંથી ભાગતાને સ્ફુરી રહેલા મહા ફુત્કારથી ભયંકર વિષધરથી વસમા, અંધારા કૂવાની બખોલમાંથી નીકળતાને, અત્યંત દુર્ગમ, ઊંડા કાદવમાંથી બહાર નીકળી રહેલાને કે ભારે મોજાંઓની પરંપરાથી રૌદ્ર એવા સમુદ્રને તરી જવા મથનાર એવા પ્રિયજનને, જાતે તે તે આફતમાંથી બચાવવા અસમર્થ એવી કઇ વ્યક્તિ અટકાવે ?" માતા - પિતાએ કહ્યું: " આ વાત બરોબર છે. પણ દીક્ષા લેવી એ કપરું કામ છે. કારણકે એમાં દુઃખથી ઉપાડી શકાય તેવો પંચમહાવ્રતોનો ભાર ઉપાડવો પડે, શરીર પ્રત્યે નિર્મમત્વ

આચરવાનું, રાત્રીભોજન ત્યજવાનું, બેંતાલીસ દોષોથી રહિત અન્ન વાપરી શકાય, તીવ્ર તપશ્ચર્યા કરવી પડે, ત્રણ ગુપ્તિઓ ન છોડાય, અકિંચનત્વ સાધવું જોઇએ, માસ માસની વગેરે પ્રતિમાઓ ગ્રહણ કરવી પડે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવના અભિગ્રહો ધારવાના આવે, જીવનભર સ્નાન ત્યજવાનું, ભૂમિપર સુવાનું. લોહી નીકળે તેમ વાળનો લોચ કરવો પડે, શરીરના સંસ્કાર ત્યજવા પડે, ગુરુકુલમાં રહેવું પડે, ભૂખ-તરસ આદિ પરિષહો અને ઉપસર્ગો વેઠવાના આવે, આજીવિકા મળે કે ન મળે તોય ચલાવી લેવાનુ, અઢાર હજાર શીલનાં અંગોનો ભાર ક્ષણવાર પણ ન ત્યજાય. આ આચાર તો લોઢાના ચણા ચાવવા જેવો, રેતીને કોળિયો કરવા સરખો નિસ્વાદ, તીક્ષ્ણ તલવારની ધારાપર ચાલવા બરાબર, સળગતા અગ્નિની જવાળાઓને પીવા જેવો, બાહુથી અપાર સાગર તરવા સરખો, ત્રાજવાથી મેરુ પર્વતને તોળવા જેવો, જબરી નદીના પ્રવાહને અટકાવવા જેવો, એકલે હાથે પ્રબળ દુશ્મનસૈન્યનું નિકંદન કરવા જેવો, રાધાવેધ (ગોળ ફરતી પૂતળીની ડાબી આંખ વીંધવાં) જેવો કપરો છે."

કુમારે કહ્યું: "કાયરો માટે કપરો, ધીરો માટે નહિ. કારણકે જગતમાં તેવું કશું નથી કે જે ભારે સાહસિક પુરુષો ન કરે—રણભૂમિમાં ઝુકાવે, સાગરને તરી જાય, અરે ! જબરા પહાડને ય તોળે !"

માતા-પિતાએ કહ્યું: "કુમાર ! જેમ માલતીની માળાને સાંબેલાથી ખાંડવી ઉચિત નથી તેમ સુકુમાર શરીરવાળા તારે માટે આ આચાર ઉચિત નથી. કારણ કે નીલ-કમળની પાંખડીની ધારાથી કાંઈ લાકડું ન વહેરાય. તો બેટા ! બહુ દુઃખવાળી દીક્ષા તારે માટે નથી." કુમારે કહ્યું: "પિતાજી ! નારક, તિર્યંચ, નર કે દેવગતિ રૂપ સંસારમાં નીપજતાં દુઃખોના અનંતભાગનું પણ દુઃખ પ્રવજ્યામાં નથી પડતું. જેમ કે—

દિવસરાત નરકમાં સબડતા નરકવાસી જીવોને એક નિમેષ જેટલું સુખ નથી હોતું, સતત દુઃખ જ હોય છે. વળી પ્રાણીઓને પણ અંકુશ, ચાબૂકનો માર આદિથી જે દુઃખ થાય છે તે આખા જગત્‌માં પ્રત્યક્ષ દેખાય છે, તેને કોણ એક જીભથી વર્ણવી શકે ? વળી કેદમાં પુરાવું, વધ, બંધન, રોગ, ધનનું અપહરણ, અપમાન આદિ દુઃખોથી ભરેલા મનુષ્યોને પણ સુખ ક્યાં છે ? ને વળી ઇર્ષ્યા, વિષાદ, પ્રિયનો વિયોગ, અપ્રશસ્ત ચ્યવન આદિ લાખો ભાતભાતનાં દુઃખોથી દેવો પણ વિડંબના પામે છે. માટે આ સંસારનાં દુઃખોમાંથી છૂટવાનો બીજો કોઈ ઉપાય જગતમાં નથી- સિવાય કે જિને આદેશેલી દીક્ષા. એમ છતાં દીક્ષાનું દુઃખ બતાવે છે તે તો મોહગ્રસ્ત માનસવાળા લોકો જ. સાચે તો દીક્ષા

શુભ ધ્યાનનો હેતુ હોવાને લીધે દુઃખરૂપ છે જ નહિ. કારણ કે સુરુચિસંપન્ન મહર્ષિઓ માટે દીક્ષાપર્યાય દેવલોક સમાન છે, દીક્ષા માટેની સુરુચિ ન હોય તેમને માટે મહાનરક જેવો હોઈ શકે. સાચે જ સંસારના વ્યાપાર વગરના સાધુને જેવું સુખ ઇહલોકમાં જ હોય છે તેવું રાજાધિરાજ કે ખુદ ઇંદ્રને પણ નથી હોતું."

આવાં કુમારનાં વચનો સાંભળીને માત-પિતાએ કુમારને વ્રત ગ્રહણ કરવા માટે યોગ્ય છે માનીને સંમતિ આપી. પછી માતપિતાને પ્રણમીને પોતાના રાણીવાસમાં ગયો. હર્ષયુક્ત પ્રિયતમાઓએ આવકાર દીધો. સોનાની બેઠક પર બેઠો. આઠે રાણીઓ યોગ્ય પ્રકારે ગોઠવાઈ. કુમારે તેમને કહ્યુંઃ "આજે વિનયનંદનસૂરિ પાસે ધર્મદેશના સાંભળીને મારું મન આ ભવરૂપી કેદખાના પ્રત્યે અભાવવાળું થઇ ગયું છે. વિષયોની તૃષ્ણા વિરમી છે. આત્માનું વીર્ય ઉદય પામ્યું છે. દીક્ષા સ્વીકારવાની મનોદશા નીપજી છે. પાશના જેવો ગૃહસ્થાઈનો વ્યાસંગ તોડીને જૂના દોરડા જેવા રાજ્યને ત્યજી દઇને, વિષ જેવા વિષય-સુખને ટાળીને હું પ્રવ્રજ્યા સ્વીકારીશ."

આવું કદી પહેલાં ન સાંભળેલું, કાનને અસહ્ય લાગતું વચન સાંભળીને બધી જ રાણીઓ ભારે આઘાતથી મૂર્ચ્છિત થઈ, આંખો બીડાઈ ગઈ, 'ધડ' કરતી ધરતી પર ફસડાઈ પડી. તેમની અંગરક્ષા કરતી દાસીઓએ 'હાય હાય!' એમ ચીસ પાડીને તેમને શીતળ ઉપચાર કર્યા. રાણીઓને કળ વળી. ભાવિ વિયોગ-દુઃખના વિચારે દદડતા આંસુઓના પ્રવાહથી જેમની આંખો ભરાઇ આવી છે એવી તેઓ ગદ્‌ગદ્ કંઠે બોલવા લાગી; "હે આર્યપુત્ર! તમારે માટે ભારે સ્નેહ દાખવનાર અને વિનયશીલ એવી અમને છોડીને કેમ તમે સંયમ ધારણ કરવા ઉદ્યત થયા છો? કૃપા કરીને કહો જોઈએ-અમે શો અપરાધ કર્યો છે? હે સુભગ! હે નાથ! તમારા વિના અનાથ એવી અમારું કયું શરણ?"

એટલામાં પ્રિયજનના ભાવિ વિયોગના દુઃખથી લજ્જાને ત્યજીને, ઊછળતા ભારે સ્નેહવાળી ચંદ્રલેખા કહેવા લાગી; 'બુદ્ધિશાળી પુરુષે મોટા કાર્યો આરંભતાં અધીરાઇ છોડીને મનની સ્થિરતા સાધવી જોઈએ. અસ્થિર મનથી, આવેશમાં તણાઇને જે કાર્યો કરાય છે તે છેવટે બગડે છે ને પાછળથી દુઃખ દે છે. કારણ કેઃ કોઈ પણ કાર્યમાં ઉતાવળ ન કરવી. ઉતાવળ કાર્યનો નાશ કરે છે. ઉતાવળ કરતાં એક મૂર્ખે મોરને કાગડો બનાવી દીધો."

કુમારે પૂછ્યુંઃ " એ મૂર્ખ કયો? "

ચંદ્રલેખા બોલીઃ "સાંભળો. ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં એક સાગર નામે વાણિયો હતો. હવે શ્રાવક સમજીને બીજા શ્રાવકોએ તેને દેવદ્રવ્ય સોંપીને કહ્યુંઃ 'ચૈત્ય બાંધવામાં

કુશળ કડિયા વગેરેને તારે આ દ્રવ્ય આપવું. ' હવે તે વાણિયો લોભનો માર્યો તેમને રોકડ દ્રવ્ય દેતો નથી. એને બદલે 'થોડો લાભ મને ભલે થાય ' એમ વિચારી તેમને ધાન્ય, ગોળ, ઘી વગેરે દેવા લાગ્યો. આમ કરતાં તેણે અબોધિબીજ સમાન લાભ-અંતરાયકર્મ બાંધ્યું. તે કર્મના દોષે મર્યા બાદ સાગર વાણિયો વિવિધ વેદનાઓ સહન કરતો, અનેક હીન યોનિઓમાં ભમીને, થોડું કર્મ બાકી હોઈ, વસંતપુરમાં વસુદત્તની પત્ની વસુમતીના ગર્ભમાં પુત્ર તરીકે જન્મ્યો. હવે ગર્ભાધાનના દિવસથી માંડીને વસુદત્તનું ધન ક્ષય પામવા લાગ્યું. વળી તે જન્મ્યો તે દિવસે જ વસુદત્ત મૃત્યુ પામ્યો. ત્યારે લોકોએ તેને ' પુણ્ય વિનાનો ' કહીને નિંદ્યો; પાછળથી તેનું ' પુણ્યહીન ' એવું નામ પડી ગયું. આઠ વરસનો થયો ત્યાં તેની માતા મૃત્યુ પામી. ત્યારથી તે બીજાનાં ઘેર ભિક્ષુકવૃત્તિ કરતો વખત પસાર કરવા લાગ્યો.

" એક વખતે એના મામા પોતાને ઘેર લઇ ગયા ને બોલ્યાઃ ' બેટા ! મારે ઘેર નિશ્ચિંત થઇને રહે. ' તે પુણ્યહીન પણ ત્યાં વિદ્યાભ્યાસ કરવા લાગ્યો, મધુર વાણી બોલતો, વિનય રાખતો ને હલકાં કામ કરતો છતાં પૂર્વકર્મના દોષે લોકોને સુખ આપી ન શકયો. એક વખતે તે મામાના ઘરનો મુદ્દામાલ ચોર લૂંટી ગયા. તેથી પુણ્યહીનને ઉદ્દેશી લોકો કહેવા લાગ્યાઃ ' જ્યાં પુણ્યશાળી મનુષ્ય જાય ત્યાં સારાં શયન, આસન, ખાન, પાન, ઘોડા મળે, મોટો મહેલ મળે ! પણ પુણ્યહીન જ્યાં હોય ત્યાં બધું ઓછું થવા માંડે. તે ડાળ તરત સૂકાય, જ્યાં કોળાનો વેલો ( ? ) ચડે ! '

ઇત્યાદિ લોકાપવાદને સાંભળવા અશક્ત એવો તે ત્યાંથી ચાલી નીકળ્યો. ભટકતો ભટકતો ભારે કલેશો વેઠીને તામ્રલિપ્તિ આવ્યો. ત્યાં વિનયંધર શેઠને ઘેર બતાવેલા કામ કરતો રહ્યો. થોડા જ દિવસોમાં તેનું ઘર આગમાં બળી ગયું. તેથી નોકરચાકરોએ ' પુણ્યહીન છે. ' એમ કહી તેને કાઢી મૂકયો. ત્યારે વિચારવા લાગ્યો: ' હે જીવ ! તેં પૂર્વે કેમ કોઇ પણ શુભ કર્મ કર્યું નથી કે જેથી લોકો તરફથી અનેક ફિટકાર જ પામે છે ? આમ જનતાના ધિકકારથી અધમુઆ થયેલા, દરેક ડગલે અપમાનિત થતા, પૂર્વે પાપકર્મ કરનારા પુરુષો પરાભવ પામે છે. તો શું કરું ? અથવા કયાં જાઉં ? અથવા તો શું અત્યારે મોતને ભેટું ? મારા પૂર્વકર્મના દોષે કંઇ પણ પુણ્ય થઈ શકયું નથી. આમ છતા મનુષ્યે પુરુષાર્થ ન છોડવો જોઇએ. કારણકેઃ શ્રી ન તો વિષ્ણુના વક્ષસ્થળ ઉપર ન તો કમળસરોવરમાં વસે છે; ખરેખર તો પુરુષોના પુરુષાર્થરૂપી સાગરમાં લક્ષ્મી સ્વેચ્છાએ વસે છે. ' આ પ્રકારે વિચારીને પુણ્યહીન સમુદ્રતીરે ગયો.

" તે જ દિવસે વહાણથી પરદેશ જતો ધનવેધ નામને સાગરખેડુ વેપારી મળ્યો. તેણે પુણ્યહીનને કહ્યું: 'ચાલ મારી સાથે.' શુભ મુહૂર્તે વહાણ હંકાર્યું. પરદેશ પહોંચ્યુ પુણ્યહીન પણ થોડું ધન કમાયો. પછી તે જ સાગરખેડુ સાથે જતાં વચ્ચે વહાણ ભાંગ્યું. નસીબજોગે પુણ્યહીનના હાથમાં એક પાટિયું આવી ગયું. તેની ઉપર બેસીને સાત દિવસે સમુદ્રમાંથી બહાર નીકળ્યો. કિનારે પહોંચ્યો. ત્યાં એક ગામ હતું. એ ગામના મુખીની સેવા કરવા લાગ્યો. એકવાર અચાનક ત્યાં દુશ્મનની ધાડ પડી. ગામના મુખીને મારી નાખવામાં આવ્યો. પુણ્યહીનને પકડીને બાંધ્યો. છાવણીમાં લઈ જવાયો. તેને પૂછવામાં આવ્યું, 'તું એનો શું થાય ?' તેણે કહ્યું; 'હું તો પરદેશથી આવેલો વણિકૂપુત્ર છું ને પૈસા કમાવા તેની ચાકરી કરું છું:'

પછી એમણે એને છોડી મૂકયો. ભટકતો ભટકતો મોટાં જંગલમાં આવી પહોંચ્યો. ત્યાં વળી પુણ્યહીને એક બિભેલક નામનો યક્ષ જોયો. પછી તે વિચારવા લાગ્યો: 'એવો કોઈ ધંધો નથી કે ધન માટે મેં ન કર્યો હોય. છતાં કાશપુષ્પની જેમ બધોયે ઉદ્યમ નિષ્ફળ જ થયો. તો પણ પૂજા સહિત યક્ષની પ્રતિમાને આરાધું.' એમ કરીને જમીન સાફ કરી શીતળ જળ સીંચ્યું. યક્ષપ્રતિમાનું પ્રક્ષાલન કર્યું: સુગંધી કમળ પુષ્પો વડે પૂજા કરી. પગમાં પડીને વિનવવા લાગ્યો: 'ધનની ઈચ્છાથી અભાગિયો એવો હું પુણ્યહીન આખા પૃથ્વી મંડળ પર ભમીને, ઇચ્છેલું ધન ન પામવાથી હવે તમારે ચરણે આવ્યો છું. તો હે સ્વામી! મારા તરફ કરુણાના ભારથી મંથર થયેલી દૃષ્ટિથી જુઓ, જેથી મારાં આ ગરીબાઈનાં દુ:ખ નાશ પામે.'

" ત્યારે કરુણાથી ભરેલા હૈયે યક્ષે કહ્યું: 'ભાઇ! સાંજે મારી સામે નૃત્ય થાય ત્યારે પડતું એક એક સોનાનું પીછું લઇ લેજે.' 'આપની કૃપા' એમ બોલતા પુણ્યહીને વાત કબૂલી. સાંજ પડી. પીછાવાળો મોર કળા કરીને નાચવા લાગ્યો. તે નાચતો હતો ત્યારે એક પીછું પડયું. મોર અદૃશ્ય થયો. પુણ્યહીને પીછું લઈ લીધું. બીજે-ત્રીજે દિવસે પણ એમ જ ચાલ્યું. ચોથે દિવસે પુયણહીને વિચાર્યું; 'સૂના જંગલમાં મારે કેટલા દિવસ રહેવું? તેથી લાવ ને એક ઝાપટ મારીને જ પીછાં લઈ લઉં.' આમ વિચારીને પુણ્યહીન સાંજે થાંભલા પાછળ સંતાઈને ઊભો રહ્યો. મોર નાચવા લાગ્યો એટલે એક ઝપાટે બધાં પીછાં લેવા માંડ્યો હવે તે મોર પોતાનું રૂપ છોડીને 'કા' 'કા' એવા અવાજથી કાન ભરી દેનારો કાગડો બની ગયો. પહેલાં લીધેલાં પીછાં પણ નાશ પામ્યાં. તેથી નિરાશ થયેલો પુણ્યહીન 'શું મેં ય ઉતાવળ કરી' એમ કરીને પસ્તાવો કરવા લાગ્યો.

" એટલામાં કોઇ અદશ્ય વ્યક્તિ બોલવા લાગી: ' હે પથિક ! મીઠી વાણીમાં વાત કહું છું, સાંભળ. વેઠ કરે, સ્વામીની ચાકરી કરે, દરિયો તરે કે દેવની સેવા કરે-કોઇ કોઇને કશુ આપવા સમર્થ નથી, સિવાયકે ભાલે લખેલ વિધાતાનો લેખ.'

તો હે સ્વામી! તમે પણ ઉત્કંઠિત થઇને પસ્તાવો કરવો રહેવા દો. " એટલે કુમાર કહેવા લાગ્યો, " મહાપરાણે આ ચિંતામણિ જેવો દુર્લભ માનવભવ પામીને મૂઢતાથી પ્રમાદ કરીને વણિકૂપુત્રની જેમ આ ભવને શાને વેડફી મારું ? " ચંદ્રલેખા બોલી; " નાથ ! કૃપા કરીને કહો જોઇએ કે આ વણિકૂપુત્ર કોણ છે, જેણે પ્રમાદથી મેળવેલ ચિંતામણી પણ ગુમાવ્યો ? " કુમારે કહ્યું; " સાંભળ–

" એક ભોગપુર નામનું નગર છે. તેનાં રત્નજડિત દેવમંદિરની પ્રભાનાં પૂર રેલાતા આકાશનો ભાગ પલ્લવિત બને છે. તેમાં પોતાના શુભ આચારને પાળવાના વલણવાળો પુષ્કળ ધનવાળો ધનવાહ નામનો શેઠ છે. તેને વિશિષ્ટ વિનયઆદિ ગુણોના મંદિરરૂપ ગુણમતી ભાર્યા છે. એ બંને ય પોતાના પૂર્વભવના ઉદય પામેલા પુણ્યપ્રકર્ષને અનુરૂપ એવું વિષયસુખ માણતાં કાળ પસાર કરે છે. હવે એકદા સેંકડો ઉપાયોને અંતે ગુણમતીને દીકરો જન્મ્યો. હરખાયેલાં શેઠે નૈમિત્તિકને તેડાવીને પૂછયું.: 'ભલા, કહે જોઇએ કેવો આ મારો દીકરો થશે ?' તેણે પણ નિમિત્તશાસ્ત્રનું અનુસંધાન કરીને, જન્મકાળનાં મુહૂર્ત, ગ્રહ નક્ષત્ર, હોરા આદિનું બળ વિચારીને, ને વળી તે સાથે દીકરાનાં સામુદ્રિક લક્ષણોનો મેળ બેસાડીને કહ્યુ : ' ભદ્ર ! સાચુ કહું તો તમારો દીકરો બધી કળાઓના સમુદાયનાં કુળગૃહ-રૂપ અને બધા ગુણોના સંકેતસ્થાનરૂપ થવાનો છે. માત્ર જુવાનીમાં ગરીબાઈના દુ:ખનો ભોગ બનશે." તેથી શેઠ નારાજ થયા. નૈમિત્તિકને સન્માનીને વિદાય કર્યો. ઉચિત વિધિ-વિધાન કર્યા. બાળકનું નામ 'પુણ્યસાર' પાડયું.

" એમ કરતાં આઠ વર્ષનો થયો. કલાચાર્યની પાસે મૂકયો. તે રમતવાતમાં બધી જ કળાઓ શીખી ગયો. નૈમિત્તિકનું વચન સંભારીને શેઠે તેને રત્નપરીક્ષા ખાસ કરીને શીખવી. પછી સારે દિવસે બંધુદત્તની દીકરી બંધુમતી વેરે પરણાવ્યો. દીકરાને બધાં કાર્યોમાં દક્ષ જાણીને શેઠે તેને કુટુંબનો કારભાર સોંપ્યો. પછી શેઠ પારલૌકિક કાર્યોમાં પરોવાયા. જીવોની મરણશીલતાને વશ થઇ અંતે તે મૃત્યુ પામ્યા. પુણ્યસાર પિતાની ઉત્તર-ક્રિયા કરી કુટુંબકાર્યોમાં રત થયો પણ પૂર્વકર્મના દોષથી થોડા જ દિવસમાં પૈસેટકે ઘસાઈ ગયો. કારણકે: જયાં સુધી લક્ષ્મી અખંડપુણ્યરૂપી દોરડાથી બંધાયેલી હોય છે ત્યાં સુધી એક ઠેકાણે સ્થિર રહે છે, પણ એ દોરડું તૂટી જાય તેવી જ તે મર્કટીની જેમ ચંચળ બની જાય છે.

" હવે એ પુણ્યસારને ગરીબ થયેલો જાણીને રાજપુરુષો એને બહુમાન આપતા નથી. સ્વજનોનો સમુદાય સન્માનતો નથી. મિત્રમંડળ પણ એને અનુસરતું નથી. વધુ શું કહીએ ? બધા લોકોના અપમાનને પાત્ર બન્યો. જેને લક્ષ્મી સ્નેહભર્યાં નયનોથી જુએ તે માણસ ગુણરહિત હોય તો ય દુનિયામાં સન્માનપાત્ર બને છે; લોકો ખોટા ખોટાજ એવા ધનવાનના સ્વજન થતા આવે છે. જ્યારે વૈભવ ઓસરી જાય ત્યારે માણસ ગુણવાન્ હોય તો ય નજીકના બંધુજનો ય શરમાવે છે, તેને ગુણરહિત માને છે, સેવકોય સાંભળતા નથી. દ્રવ્ય વગરનો પુરુષ ડગલે ને પગલે અપમાન પામે છે.

" હવે આમ ગરીબાઈના દુઃખથી પીડાયેલો પુણ્યસાર વિચારવા લાગ્યો. " મુજ અભાગિયા પાસે ધન નથી, પોતાના ને પારકા પર ઉપકાર કરી શકાય તેવાં સાધનો નથી. તો પછી બકરીના ગળા પરના ( ખોટા ) આંચળની જેમ નિષ્ફળ એવા આ જીવનનો શો અર્થ ? તો કોઈપણ ઉપાયે ફરી ધન કમાઉં, મારા મનોરથો પૂરા કરું ગુરુજનોની પૂજા કરું.'

એટલામાં એ જ ગામમાં રહેતો સુસ્થિત નામનો સાર્થવાહ વહાણમાં પરદેશ જતો હતો. પુણ્યસાર જઈને તેને મળ્યો. તેણે સુસ્થિતને કહ્યું: ' મારે પણ ધનની જરૂર હોવાથી તમારી સાથે દરિયાપારનો દેશ જોવો છે.' સુસ્થિતે કહ્યું: ' ભાઈ! એમાં શું ? ચાલ.' પછી સારે દિવસે વહાણ હંકાર્યું. મોટા મોટા મગરમચ્છનાં પૂછડાંના ફટાટોપ સાથે ઊછળતાં વિકટ મોજાંઓથી બિહામણો લાગતો સાગર પાર કરીને વહાણ રત્નદ્વીપ પહોંચ્યું. ઊતરીને સૌ પોતપોતના વેપારમાં પરોવાયા. પુણ્યસાર પણ રત્ન ખોદી કાઢવા લાગ્યો. છ એક મહિના થયા ત્યાં સુસ્થિતને પાછા ફરવાની ઇચ્છા થઇ; આથી પડો વગડાવી ઘોષણા કરાવી કે સાતમે દિવસે વહાણ પાછું સ્વદેશ જશે. આ સાંભળી પુણ્યસાર સુસ્થિતની પાસે આવીને કહેવા લાગ્યો; હું તમારી સાથે આવીને આટલા વખતથી અહીં છું ને હજી અહીં જ રહીશ.' સુસ્થિતે કહ્યું: ' તું કેમ આવતો નથી ?' પુણ્યસારે કહ્યું: ' હજી પણ મને ધારેલો ધનલાભ થયો નથી.' સુસ્થિતે કહ્યું: ' આ પાંચ રત્ન લે. ત્યાં જઈશ એટલે તને પચીસ હજાર દીનાર ઊપજશે.' તેણે કહ્યું: ' મારી ઇચ્છા એનાથી મોટી છે.' સુસ્થિતે કહ્યું: ' જેમ ઠીક લાગે તેમ કર.' સુસ્થિત પોતાના દેશ તરફ ઉપડ્યો. પુણ્યસાર રત્નો ખોદતો ત્યાં જ રહ્યો.

" કેટલાક દિવસો બાદ રત્નદ્વીપના દેવતાએ કહ્યું: 'ભલા, હજી તારી કોદાળીના ઘા કેમ અટકતા નથી ?' તેણે કહ્યું: ' મારા મનોરથ પુરાયા નથી તેથી.' દેવતાએ કહ્યું; ' તારા

મનોરથો કેવા છે? તેણે કહ્યુંઃ 'હું તો ચિંતામણિ રત્ન મેળવવા ચાહું છું.' દેવતાએ કહ્યુંઃ 'તારાં ભાગ્ય એવાં નથી કે જેથી તને ચિંતામણિની પ્રાપ્તિ થાય.' તેણે કહ્યુંઃ એ મળશે નહિ ત્યાં સુધી હું અટકીશ નહિ.' દેવતા અદૃશ્ય થઈ. કેટલાક દિવસ પછી ફરીથી દેવતાએ એને વાર્યો તો યે અટકતો નથી. ત્રીજીવાર પણ આવું જ થયું. ત્યારે દેવતાએ વિચાર્યું. 'આ આનો ખરેખરો નિશ્ચય લાગે છે.'

પછી બીજે દિવસે તે ખોદતો હતો ત્યારે ચિંતામણિ દેખાડ્યો. એ જોઈને પુણ્યસાર હરખાયો. એનાં લક્ષણો તપાસ્યાં, રત્નપરીક્ષાના શાસ્ત્ર સાથે મેળવી જોયાં. ખૂબ જ આનંદિત મનવાળો પોતાને રહેઠાણે ગયો. યથાવિધિ પૂજા કરીને તે દિવસે નિરાહાર રહ્યો. 'જો સાચે જ આ ચિંતામણિ હોય તો એક લાખ સોનામહોરથી ય વધારે આપે.' એવી ધારણા કરીને રાત્રે ઊંઘી ગયો. સવારે તે પ્રમાણે બનેલ જોઈને હર્ષિત થયો.

"બીજે દિવસે પોતાને નગર જવાની ઈચ્છાવાળા તેણે એક ભાંગેલા વહાણની નીશાનીરૂપ ધ્વજ ફરકાવ્યો. હવે આ બાજુ એક ધનદેવ નામનો સાગર ખેડુ વેપારી સમુદ્રમાર્ગે ભોગીપુર જતો હતો. તેણે ધ્વજા જોઈને પોતાના માણસો મોકલ્યા. તેમણે તેને કહ્યુંઃ "ભાઈ, અમને ધનદેવ નામના વેપારીએ મોકલ્યા છે ને કહ્યું છે કેઃ 'આ કોઈ ભાંગેલા વહાણવાળો મહાપુરુષ લાગે છે, તો તેને લઈને આવો.' તો હોડીમાં બેસો." ત્યારે પુણ્યસાર તે હોડી પર ચડ્યો. એ લોકોએ પૂછ્યુંઃ 'તારી પાસે કશું છે ખરું?' તેણે કહ્યુંઃ 'હા, આ લાખ સોનામહોર છે.' પછી તેમની સાથે ઉપડ્યો. ધનદેવ સાર્થવાહને જઈને મળ્યો. એણે પુણ્યસારને કહ્યુંઃ 'ભાઈ, કયાં જવાનું છે?' તેણે જવાબ દીધો. 'ભોગપુર' વેપારીએ કહ્યુંઃ 'અમે પણ ત્યાં જ જઈએ છીએ. તો તારી સાથે સંગમ થયો તે ઠીક થયું. તો સુખેથી આવ.'

હવે સફર દરમિયાન પુણ્યસાર શરદપૂર્ણિમાની મધરાતે શારીરિક ક્રિયા માટે ઊઠ્યો. વહાણના તૂતકપાસે ઊભો. હવે તે બધી દિશાવધૂઓ માટે મુખ જોવાના લલિત દર્પણરૂપ ચંદ્રમંડળને જોઈને હર્ષઘેલો થઈ ગયો ને વિચારવા લાગ્યોઃ 'અહો ચન્દ્રમંડળની રમણીયતા! તેની રેલાતી ચાંદનીથી છવાઈ ગયેલો સાગર જાણે ક્ષીરસાગર હોય તેમ ભાસે છે. આના જેવી રમણીય બીજી કોઈ વસ્તુ હશે ખરી?' આમ વિચારતાં તેને ચિંતામણિ સાંભર્યો, દાબડામાંથી ચિંતામણિ કાઢીને, હથેળીમાં મૂકીને જોવા લાગ્યો. 'અહો! ચંદ્ર અને ચિંતામણિનું બધી રીતે સરખાપણું!' એમ વિચારતો હતો તેવામાં જ ભારે પવનની ઝપટથી વહાણ ડોલતાં તેના હાથમાંથી ચિંતામણિ પડી ગયો. તેથી 'હા!' 'હા!' એમ

કરતોક ને ‘ લૂંટાઇ ગયો રે, લૂંટાઇ ગયો ! અરે કોઇ વહાણને રોકો ! ’ એમ બૂમો પાડવા લાગ્યો. આ સાંભળીને વ્યાકુળ થઇ ગયેલા વેપારીએ કર્ણધારો પાસે મહાપરાણે વહાણ થંભાવી દેવડાવ્યું, ને પુણ્યસારને પૂછ્યુઃ ‘ કેમ ચીસો પાડે છે ? ’ શોકના ભારને લીધે ગદ્‌ગદ્‌ વાણીમાં તે બોલ્યોઃ ‘ પાછળ મારી હથેળીમાંથી ચિંતામણિ પડી ગયો છે તો તેની તપાસ કરાવો. ’ સાગરખેડુ બોલ્યોઃ ‘ જ્યાં તેં પહેલા ચીસ પાડેલી તે સ્થળથી તો વહાણ સેંકડો જોજન આગળ વધી ગયું છે; ને પાણી અથાગ છે. તેથી કેવી રીતે શોધી શકાય ? ’ તેથી પુણ્યસારનું મો ફિક્કું પડી ગયું તો હે ભદ્રે ! ચિંતામણિના જેવો જ ઇચ્છેલા અર્થની પ્રાપ્તિ કરાવનાર માનવભવ પામીને પ્રમાદને વશ થઇને વેડફી નાખું એવો હું નથી. ”

હવે વહાલાના ભાવિ વિરહથી પીડા પામતી મદનલેખા બોલીઃ ‘ મનુષ્ય નિપુણ-બુદ્ધિથી બરોબર વિચારીને જે કાર્ય કરે છે તેનું જ પરિણામ સંસારમાં સુખકારક આવે છે. નહિ તો જો કામ બગડે તો પસ્તાવો થાય છે-જેમ આંબાને છેદવામાં રાજાને થયો. ” કુમારે પૂછ્યુંઃ “ એ આંબાને છેદનારો રાજા કયો ? ” મદનલેખા બોલીઃ “ સાંભળો—

“ અનેક રત્નજડિત મંદિરોમાંથી નીકળતાં તેજોવલયોથી પાટલ ( રાતા ) રંગનું પાટલીપુત્ર નગર છે. ત્યાં દુશ્મનની સ્ત્રીઓનાં નયનજળના પ્રવાહમાં જેના ઉજ્જવળ યશ-રૂપી રાજહંસ વિલાસ કરે છે તેવો તથા રાજહંસ જેવા શ્વેત ગુણસમુદાયરૂપ ગુણ ( દોર-ડા ) ના સમુદાય વડે નાથવામાં આવેલી જયલક્ષ્મી વડે જેનો દેહ આલિંગાયો છે તેવો પૃથ્વીરાય રાજા છે, અને તેને ચંચળ આંખોના કટાક્ષરૂપી મોજાઓથી કામરૂપી સાગરને ખળભળાવનારી, સ્થૂલ સ્તનોની મધ્યે લટકતા લાંબા હારવાળી, સુતારા નામની રાણી છે. ત્યાં બધી કળાઓ અને બધાં શાસ્ત્રોનો જેમણે સાર સમજી લીધો છે તેવા અને બધાં દેશોની ભાષાઓમાં ચતુર હોવાથી વિવિધ દેશો સાથે વેપાર કરનારા રત્નસાર નામના શેઠ રહેતા હતા. તેને નિર્મળ શીલ અને અલંકારોથી સુંદર એવા દેહમાં લજ્જાને ધારણ કરતી અને નિર્મળ કાર્યોમાં રત એવી રત્ના નામે પત્ની છે. તેમને ગરીબોને ધન દેનારો, તત્ત્વાર્થવિચારમાં પરોવાયેલા ચિત્તવાળો અને દેવગુરુનાં ચરણોને સેવનારો એવો ધનદત્ત નામે દીકરો છે. હવે એકવાર તે પોતાના બાંધવોને મિત્રોના સમુદાય સાથે બની-ઠનીને બધા જ યાચકોને પુષ્કળ ધન આપતો, બજારને માર્ગે જતો હતો ત્યાં કોઇક માણસ તેને જોઇને વખાણવા લાગ્યો. ‘ આ જ કૃતાર્થ છે, આનો જ જન્મ તથા વૈભવ સફળ છે. ’ ત્યારે બીજો એક જણ કહેવા લાગ્યોઃ ‘ તે તારા વખાણ માટે લાયક નથી.— જે પૂર્વજોએ પેદા કરેલા ધનથી મોજ લૂંટે છે તે કાયર છે. દુનિયામાં જે પોતાના બાહુ-

ઓ વડે મેળવેલા ધનથી વિલસે છે તે જ વખાણવા લાયક છે, તે જ ખરો પુરુષ છે, બીજો નહિ.' આમ સાંભળીને ધનદત્ત વિચારે છે: 'આણે ખરી વાત કહી. તો ધન કમાવા પરદેશ જાઉં.' તેણે પોતાના મિત્રોને પોતાનો મનોરથ કહ્યો. તેમણે વખાણ કર્યા: 'આતો સત્પુરુષનો માર્ગ છે.' પિતા પાસે ગયો.

"પગે પડીને કહે છે: 'મને રજા આપો, જેથી હું પરદેશ જઈ ધન કમાઉં.' જાણે શેઠનું બધું જ લૂંટાઈ ગયું હોય તેમ નિરાશ થયેલા મનવાળા શેઠે કહ્યું: 'બેટા! તારે માટે તો સઘળા ભોગોપભોગ માટે પૂરતું એવું પૂર્વજોથી ચાલ્યું આવતું ધન છે. તો તેનાથી મોજ કર, યાચકવર્ગના મનોરથ પૂર.' ધનદત્ત બોલ્યો: 'બાપુ! વારસાથી આવેલી લક્ષ્મી તો માત્ર બાળપણમાં જ પુરુષે ભોગવાય, પણ જ્યારે તે યુવાન થાય ત્યારે તો માતાની જેમ એ લક્ષ્મીનું પાલન કરવું ઘટે. તો આ અંગે મને જલ્દી રજા આપો. મને વિઘ્ન મા કરો. ધન કમાઉં, જેથી યશોગાન થાય.' શેઠે કહ્યું: 'જેમ ઠીક લાગે તેમ કર.' દીકરાએ 'આપની કૃપા' એમ કહીને જવાની સામગ્રી તૈયાર કરવા માંડી.

"પછી ગણવા લાયક માલ ગણાય છે, માપવા લાયક ચીજો મપાય છે, બીજી કેટલીક નકકી માપમાં ગોઠવાય છે, રાજ્યના વેરા આપવામાં આવે છે, પાથેય તૈયાર કરાય છે, ગુરુ અને દેવતાઓની પૂજાઓ રચાય છે, પડો વગાડી સાદ દેવાય છે: 'જે ધનદત્ત સાથે જશે તેની બધી આશા ધનદત્ત પૂરશે.' પછી બ્રાહ્મણો, સુભટો વગેરે ઘણા લોકો સાર્થ સાથે ચાલ્યા. નગરની બહાર સાર્થનો પડાવ નાખ્યો. પછી જાતે દાન દઈને, સ્વજનોનું સન્માન કરીને, વડીલો તથા પિતા વડે અનુસરાતો, બંધુઓથી વીંટાયેલો શ્રેષ્ઠ રથ પર બિરાજેલો ધનદત્ત ઉપડયો. પિતા પાછા ફરવા લાગ્યા ત્યારે તેમનાં ચરણે પડયો. તેણે બિડાયેલા કમળ જેવો અંજલિ રચ્યો. (હાથ જોડ્યા) ત્યારે પિતાએ શિખામણનાં વચન કીધાં: 'બેટા, તને સુખમાં ઉછેર્યો છે ને તું સ્વભાવે એકદમ સરળ છે. પરદેશ દૂર છે. દૈવની ગતિ વિષમ છે. માર્ગો દુર્ગમ છે, વસ્તુઓનું રક્ષણ કરવું મુશ્કેલ છે. ચોર-ચોરટા અકારણ ક્રોધ કરી બેસે છે. ધૂર્તો છેતરવાની વૃત્તિવાળા હોય છે. વેપારીઓ માયાવી હોય છે. તેથી ક્યારેક પંડિત તો ક્યારેક મૂર્ખ, તો ક્યારેક દયાળુ તો ક્યારેક નિર્દય (તો ક્યારેક સદય,) કદીક સુભટ તો ક્યારેક વળી કાયર ક્યારેક ત્યાગી તો ક્યારેક કૃપણ–ટુંકમાં કહીએ તો સાગરની જેમ જેના માંહ્યલાનો તાગ ન પામી શકાય તેવા થવું.' એમ કહી શેઠ પાછા વળ્યા.

"ધનદત્તે પ્રયાણના હુકમ દઈ દીધા. સાબદા કરાયેલા સાર્થિકોના આ પ્રકારે

આલાપ સંભળાવા લાગ્યા : ‘ અલ્યા એય ! ગાડું જોડીને રસ્તા પર લે, ’ ‘ બૂમો ન પાડ, ’ ‘ પાડાઓ ઉપર પાણી ભરેલી પખાલ ગોઠવ, ’ ‘ ધોરી બળદ પર માલ લાદ, ’ ‘ ઊંટને નીચા નમાવ, ’ ‘ ઘડીક રોકાઈજા જેથી હું આ બધો ય માલ ચડાવી દઉં, ’ ‘ ગધેડા અને ખચ્ચરને ગુણોથી લાદીને તૈયાર કર, ’ ‘ પોતાના વેગથી પવનને જીતવા ઘોડાને પલાણ ’– આવા વિવિધ બોલ બોલતા આખા સાર્થને ઉપાડીને અનેક પદાતીઓથી વીંટળાયેલો **ધનદત્ત** માર્ગ કાપે છે.

“ વિવિધ પ્રકારના પુષ્કળ માલ સામાનના ભારથી દબાયેલી ધરતી ગાડાનાં પૈડાના કીચુડાટથી જાણે કે કણસે છે. મોટો ભાર ઉપર લાદ્યો હોવા છતાં માર્ગ પર ચાલતાં ચાલતાંય ડોક વાળીવાળીને ઊંટો વૃક્ષોની આગલી કૂંપળો ખાય છે. વેગપૂર્વક પગલાં માંડવાથી ઊંચે ઊછળતી બંને બાજુએ રહેલી ગુણીઓથી જાણે ખચ્ચરોને પાંખો આવી હોય એમ શોભતા હતા. પાણી ભરેલી પખાલ ઉપાડી રહેલા કાજળકાળા પાડાઓ, પુણ્યથી ખેંચાઈ આવેલા પાણી ભરેલા વાદળાની જેમ લોકોની તૃષા છીપાવતા હતા. આ રીતે ચાલતાં જતા સાર્થવાહ ક્રમે કરીને શ્રીપુર પહોંચ્યો. ત્યાં નગર બહાર પડાવ નાખ્યો.

એટલામાં જેને મોઢે શ્વાસ માતો નથી તેવો, સ્ખલન પામતી વાણીવાળો, આમ તેમ શૂન્ય નજર નાખતો, ઝડપથી પગલાં માંડતો, ભયથી કંપતા સર્વ અંગોવાળો, ‘ હું તારે શરણે આવું છું ’ એમ બોલતો, એક પુરુષ સાર્થવાહના તંબૂ પાસે આવી ચડ્યો. પછી ‘ બ્હીશ મા ’ એમ બોલતાં સાર્થવાહે આસન મંગાવ્યું. તેની પાછળ ને પાછળ ઉગામેલાં શસ્ત્રોવાળા, ધનુષ્ય પર બાણ ચડાવીને ‘મારો’ ‘ મારો ’ એમ બોલતાં રાજાના માણસો આવ્યા. સાર્થવાહે તેમને પૂછયું: ‘ અરે, અરે, આણે શો અપરાધ કર્યો છે ? ’ તેઓ બોલ્યા: ‘ આ રાજાનો દાસ રાજાના અલંકાર ચોરીને દ્યૂત રમતાં પકડાયો હતો. અમે તેને રાજા પાસે લઈ ગયા. રાજાએ કહ્યું: ‘ આમ કરો , તેથી કારાવાસમાં પૂર્યો. પણ આજ રાત્રે પાછલે પહોરે બેડી તોડીને, રખેવાળને મારીને કારાવાસમાંથી ભાગ્યો. ગમે તેમ કરીને અમે તેને જાણી ગયા, અને એની પૂંઠે પડ્યા. હવે તે તો સરોવર પાસેના ગીચ જંગલમાં પેઠો. જંગલની ગીચતાને લીધે અમે અત્યાર સુધી ભુલાવામાં પડ્યા. અત્યારે ત્યાંથી નીકળીને તમારે શરણે આવ્યો છે. તો આ રાજના ગુનેગારને સોંપી દો. ’ સાર્થવાહે કહ્યું: ‘ વાત સાચી. પણ શરણાગતને સોંપી દેવો તે ય ઠીક ન કહેવાય. ’ તેઓ બોલ્યા: ‘એ વાત બરોબર પણ રાજા અમને છોડશે નહિ. ’ સાર્થવાહે કહ્યું: ‘ આણે રાજાના અલંકાર આપી દીધા કે નહી ? ’ તેમણે જવાબ આપ્યો:

' આપી દીધાં. ' સાર્થવાહ કહેવા લાગ્યોઃ 'તો ઘડીક ખમો. હું જ રાજાને વિનવું. ' તેમણે કહ્યુંઃ ' એમ કરો. '

"સાર્થવાહ રાજા પાસે ગયો. દ્વારપાળ દ્વારા કહેવડાવીને પ્રવેશ્યો. એણે રાજાને એક કીમતી રત્નમાળા અર્પી. રાજાએ સાર્થવાહને કહ્યુંઃ ' ભાઈ, તું ક્યાંથી અહીં આવ્યો છે ? ' સાર્થવાહે પણ બધી વાત કહી, પોતાના આવવાનું પ્રયોજન પણ જણાવ્યું રાજા બોલ્યો : ' જો કે આ ગુનેગાર છે તો યે તારા કહેવાથી આને છોડી મૂકું છું. ' સાર્થવાહ પણ ' મોટી કૃપા ' એમ કહેતો મુખ્ય રાજદૂત સાથે પોતાને રહેઠાણે ગયો. દૂતે પણ રાજાનો આદેશ કહીને ચોરને છોડાવ્યો. પછી સાર્થવાહે પોતાની સાથે તેને જમાડ્યો. પછી તેને કહેવા લાગ્યો : ' તારા દેખાવથી આ તારું કામ વિરુદ્ધ છે. તો હવે આવું કરીશ મા. ' તેણે કહ્યું : ' સાર્થવાહ ! આ ખોટા કામથી હું અટક્યો છું. હવે કોઇક ખાસ વ્રત કરીશ. આમ કરતાં તમારું પણ પ્રિય થશે. વળી બીજું : મારી પાસે સિદ્ધ એવો ભૂતાદિના નિગ્રહનો મંત્ર છે. તો તે આપ સ્વીકારો એવી મારી પ્રાર્થના છે. ' ' એની માગણી ઠેલવી ઠીક નહિ ' એમ કરીને સાર્થવાહે મંત્ર જાણી લીધો. તેથી પેલો પણ પોતાનું મનવાંછિત સિદ્ધ કરવા ચાલ્યો ગયો.

ધનદત્તે પ્રયાણનો આદેશ દીધો. જતાં જતાં ' કાદંબરી ' નામના જંગલમાં આવી પહોંચ્યો. નદીકિનારે પડાવ નાખ્યો. ત્યાં એક ભમરા જેવા વાનના ચણોઠી જેવાં લાલ નયનોવાળા, હાથમાં ધનુષ્ય-બાણવાળા, સાથે કૂતરાવાળા એક રડતા વ્યાધ યુવાનને જોઇને તેને સાર્થવાહે પૂછ્યુંઃ ' કેમ રડે છે ? ' તે પણ કહેવા લાગ્યોઃ ' સાંભળો. અહીં પર્વતમાં એક દુર્ગાપલ્લી છે. ત્યાંનો મુખી સિંહચંડ છે. એને સિંહિની નામે પ્રાણપ્રિય પત્ની છે. તેને કોઈ કારણે ભૂતનો વળગાડ થયો છે, એનો જીવ સંશયમાં મુકાયો છે. તેના વગર પલ્લીપતિ જીવશે નહિ. આથી રડું છું. '

"આ સાંભળીને સાર્થવાહ બોલ્યો : ' મારી માસે ભૂત કાઢવાનો મંત્ર છે. ' આ સાંભળીને તે હરખાયો ને જઈને પલ્લીના મુખીને કહ્યું. તે પણ પોતાની પ્રિયતમાને લઇને ત્યાં આવ્યો. સાર્થવાહે પણ સકલીકરણ સહિત મંત્રનું સ્મરણ કર્યું તેના પ્રભાવે પેલીનો વળગાડ દૂર થયો. ' અહો પરોપકારી સાર્થવાહ ! ' એમ વિચારતો પલ્લીપતિ પોતાને ઘેર ગયો.

"ધનદત્ત પણ ગંભીરપટ્ટણ આવ્યો. ત્યાં વેપાર કર્યો. ' જોઇએ તેવો લાભ ન થયો ' એમ વિચારીને વહાણ પર ચડ્યો. વહાણ અનુકૂળ પવનથી પ્રેરાતાં પેલેપાર પહોંચ્યું.

ત્યાં ધારેલો લાભ થતાં સાર્થવાહ પાછો ફર્યો. પાછા ફરતાં સાર્થવાહે ચાંચમાં બે કેરી ધારણ કરતા, થાકને લીધે ઢીલી પડેલી પાંખોવાળા, વહાણ પાસે પાણી ઉપર પડી રહેલા એક રાજપોપટને જોયો. સાર્થવાહે બૂમ પાડી, 'અરે! બચાવી લો, બચાવી લો.' આથી એક ખલાસીએ વહાણમાંથી ઊતરીને હાથમાં પોપટને પકડી લીધો. સાર્થવાહને આપ્યો. પવન નાખવા વગેરેથી એને સ્વસ્થ કર્યો. ચાંચમાંથી બંને કેરી મૂકી દઈને પોપટ બોલવા લાગ્યો : 'સાર્થવાહ! તેં મોટો ઉપકાર કર્યો છે-કેવળ મને જીવનદાન દીધું તેથી જ નહિ, મેં આણેલા અન્નની આશાએ જીવન ટકાવતાં મારા આંધળાં માત-પિતાને પણ જીવન દીધું છે. જીવનદાનથી બીજું કોઈ ચડિયાતું દાન નથી. જીવ જતો હોય ત્યારે રાજ્યદાન પણ નકામું છે. તો તને ઉપકારનો બદલો શું વાળું? હું તો તિર્યંચ યોનિમાં જન્મ્યો છું. છતાં આમાંથી એક કેરી લઈ લે.'

"સાર્થવાહે કહ્યું: 'મારે એકે કેરીનું શું કામ છે? તું આ બીજું ખાવાનું પણ ખા.' પોપટ બોલ્યો : 'સાર્થવાહ! આ એક કેરીનો ય મોટો પ્રભાવ છે. સાંભળ, પોતાના મદજળની તીવ્ર વાસથી ચંચળ બનેલા ભ્રમરોના ગણગણાટથી કુપિત થતા હાથીઓના ઝૂંડ વડે ખેદાનમેદાન કરાતાં કપૂરનાં વૃક્ષોમાંથી ફેલાતી સુવાસ વડે મનોહર એવો વિંધ્ય-પર્વત છે. તેની પાસેના જંગલમાં એક વૃક્ષ પર પોપટનું બક જોડું રહે છે. તેમની પાછલી ઉંમરમાં હું પુત્ર તરીકે જન્મ્યો. તે બંને ઘડપણમાં આંધળાં થયાં છે, તેથી હું જ તેમને ચણ લાવી દઉં છું. એક વખત હું ચણ લેવા ગયો ત્યારે કુલપતિ તાપસોને વ્યાખ્યાનમાં કહેતા હતા કે 'સમુદ્રમધ્યે એક શિખરવાળા પર્વતની તળેટીમાં, પૂર્વ દિશામાં, દેવોએ સ્થાપેલું, અમૃતમય રસવાળું આમ્રવૃક્ષ છે. તેને હંમેશા કેરી આવે છે. તેનું એક ફળ પણ જે ખાય તેના બધા વ્યાધિ નાશ પામે, જરા અને મરણ પણ ન આવે.' તે સાંભળીને મેં વિચાર્યું કે લાવ એક કેરી આણીને માતા-પિતાને આપું, જેથી તેઓ ફરી નવાં શરીરવાળાં થઇ જાય. ત્યાં ગયો. આંબો જોયો. બે કેરી લઈ લીધી. આવતાં ગાત્રો થાકી ગયાં, તેથી અહીં પાણીમાં પડી ગયો. અને અકારણ વાત્સલ્ય દાખવતા આપે મને જીવાડ્યો. તેથી એક કેરી લઇ લો, બીજું હું માતા-પિતા માટે લઇ જઈશ.' વિસ્મયથી ખીલેલી આંખોવાળા સાર્થવાહે પણ એક કેરી લઇ લીધી. પોપટ રજા લઇ પોતાના ઠેકાણે ગયો.

"સાર્થવાહે વિચાર્યું : 'તે લોકો જ જગત્‌માં ધન્ય છે, તેમની જ કીર્તિ ત્રિભુવનમાં ભમે છે કે જેઓ સ્વાર્થનાં કાર્યો ત્યજીને પરનાં કાર્યોમાં પ્રવર્તે છે. તો આ કેરી આ મારા રાજાને દઈને બહુજન ઉપર ઉપકાર કરું.' આવા વિચારથી પ્રયત્ન પૂર્વક કેરી

સાચવી રાખી, ગંભીરપટ્ટણ આવીને ઊતર્યો. ફરી સાર્થને સજ્જ કરીને પોતાના નગર તરફ ચાલ્યો. કાદંબરી જગંલમાં આવ્યો. ત્યાં સાર્થનો પડાવ નાખ્યો. એટલામાં ભીલોનું ધાડું ત્રાટક્યું. ધનદત્ત ચુનંદા સૈનિકોની પલટનને લઇને સામે ગયો. એટલામાં ચારણે લલકાર્યું : 'ગુરુ અને દેવનાં ચરણરૂપ કમળના ભ્રમરસમાન, પરોપકારનાં કામોમાં પોતાનો જીવ પરોવનારો, જબરા દુશ્મનને સજ્જ થયેલો જોઈને અડગ પરાક્રમ દાખવતો એવો તે શ્રેષ્ઠ સાર્થવાહ ધનદત્ત જિનેન્દ્રની કૃપાથી હેમખેમ રહેો.'

"આ સાંભળીને ભીલ સરદારે હાક મારી : 'અરે ઓ ! તમને મારા શરીરના સોગન. પ્રહાર કરશો મા.' ભીલો ચિત્રમાં દોર્યા હોય તેમ ખોડાઇ રહ્યા. ભીલ સરદારે દૂતને મોકલતાં કહ્યું: 'ભલા, આ ધનદત્ત કોણ છે ? જરા જાણી લાવતો. શું પેલો પરોપકારી દયિતાને જીવન દેનારો તો નહીં ?' દૂતે તપાસ કરીને સરદારને કહ્યું: 'આ તો એ જ છે.' 'અરરર ! મેં તો ભૂંડું કામ કર્યું !' એમ બોલીને હથિયાર હેઠા મૂકીને પલ્લીના એ સરદારે સાર્થવાહને પ્રણામ કર્યા. સાર્થવાહે ઓળખી લીધો,

"બંને તંબૂમાં સોનાના આસનો પર બેઠા, શરમથી નીચું જોઇ ગયેલા પલ્લીપતિને સાર્થવાહ પૂછવા લાગ્યો, 'ભલા આદમી, મજામાં તો છેને ?' તેણે કહ્યું: 'કૃતઘ્નોમાં શિરોમણી એવો હું જ્યારે પરોપકારી એવા તારું પણ ભુંડું ચિંતવું છું, ત્યારે મારા ખેમકુશળ કેવા ? તો હે સાર્થવાહ ! તમારાં પગલાં પાડીને મારી પલ્લિને પાવન કરો, જેથી મને હૈયાધારણ થાય.' સાર્થવાહ પણ, 'અરે આની મહાનુભાવતા !' એમ ચિંતવતો પલ્લિમાં ગયો. મારેલા હાથીઓના દંતશૂળથી રચેલી સળંગ દીવાલવાળા, હાથીના કુંભસ્થળમાંથી પડેલા મોતીઓના ઢગથી સુંદર આભાવાળા, મોટા મોટા ચમરીના પૂછડાથી ઢંકાયેલા, ચિત્તા-ચમરી-વન્ય રીંછના વાળથી રચેલા મંડપવાળા, પવનની થપાટો ખાતી ઘરોની ટોચ પર ગોઠવેલાં મોરનાં પીછાથી જાણે તાંડવ કરતું હોય તેવા એ ગામને જોતો સાર્થવાહ પલ્લીપતિના ભવને પહોંચ્યો. પલ્લીપતિએ તેને મોતી, હાથીદાંત, ચિત્તાનાં ચામડાં ઇત્યાદિની મોટી ભેટ ધરી. તેના આગ્રહને લીધે તે લઇને સાર્થવાહ પોતાના સાર્થમાં પાછો ફર્યો.

"ક્રમે કરીને પોતાને નગર પહોંચ્યો. ભારે ઠાઠ સાથે પ્રવેશ કર્યો. કીમતી રત્નોથી ભરેલા થાળ ઉપર અમૃતમય આમ્રફળ સ્થાપીને રાજાને મળવા ગયો. દ્વારપાળ દ્વારા નિવેદિત થયેલો તે રાજાની સમક્ષ આવ્યો. ભેટ ધરી પ્રણામ કરીને સાર્થવાહ બેઠો એટલે રાજાએ કુશળ સમાચાર પૂછ્યા અને વિસ્મયથી પૂછ્યું : 'હે સાર્થવાહ ! બધાં રત્નોની

ઉપર તેં આ આમ્રફળ મૂકયું છે, તે નવાઇ કહેવાય. તો રહસ્ય શું તે કહે.' સાર્થવાહે બધી જ વાત કહી. રાજાએ સંતોષ અનુભવીને દાણ માફ કર્યું. 'ભારે મહેરબાની' એમ બોલતો સાર્થવાહ પોતાને ઘેર ગયો.

"હવે પૃથ્વીરાય રાજા એ ફળને હાથમાં લઈ વિચારે છે 'આને એક જ શરીર માટે વાપરવાથી શો વિશેષ? તો લાવ, મારા બાગમાં આને વાવી દઉં, જેથી બહુ ફળો થાય, ને તો ઘણા લોકો પર ઉપકાર થાય. મૃત્યુ રોગ ને જરાને હરી લેતું આમ્રફળ ખાઇને એકે એક મનુષ્ય દેવરૂપ થઈ જશે અને હું દેવરાજા થઈ જઈશ.' રાજા ચાકરોને આજ્ઞા કરે છે. 'સાચવીને આ ફળ વાવો.' ચાકરો આજ્ઞાનું પાલન કરે છે. એને અંકુર ફૂટે છે ત્યારે પણ તેનું બરાબર જતન કરે છે. બેચાર પાંદડાં ફૂટતાં એકદમ રાજાને વધામણી કરે છે. રાજા તેમને મનવાંછિત આપે છે. બગીચાના માણસો રોજ રોજ રાજાને જણાવે છે. 'આજે નવા અંકૂર ફૂટયા,' 'આજે આંબે સઘન ઘટા થઇ' 'આજે મોર આવ્યા' ઈત્યાદિ વધામણી લાવનારને રાજા દાન દે છે.

"ફળ આવ્યાના ખબર સાંભળીને રાજાનો હરખ માતો નથી; કહે છે; 'હવે આ ફળોને ખૂબ સાચવજો.' આમ દેખરેખ રખાતી હતી. એક રાત્રે જ્યારે રખેવાળો સૂતેલા ત્યારે ઉપરથી દૈવજોગે એક ફળ નીચે પડયું. આથી હરખાઇને તેમણે એ ફળ લઇ લીધું અને સવારે પૃથ્વીરાયને સોંપ્યું. રાજા વિચારે છે: 'વસિષ્ઠપુત્રને ઉત્તમ દક્ષિણા સાથે આ ફળ આપું. હું તો બીજું ફળ ખાઈશ.' પછી બ્રાહ્મણ દેવશર્મા ને બોલાવ્યો. સન્માનપૂર્વક કહ્યું: 'આ ફળ પહેલું છે એમ કરીને તમને દીધું છે. આ મારૂં વ્રત છે.' બ્રાહ્મણ ફળ લઇને ઘેર ગયો. દેવતાદિની પૂજા કરીને મુખમાં ફળ મૂકે છે ત્યાંજ તેના પ્રાણ ચાલ્યા ગયા!

"કોઇકે રાજાને આ વાત જણાવી. રાજા ચિત્કાર કરી ઊઠયો: 'અરેરે! ભારે ખોટું થયું. ગુણના ભંડારસમો વિપ્ર મૃત્યુ પામ્યો. ખરેખર, આ કોઈ ઝેરી આંબો લાગે છે; કોઇક વેરીએ મારા પ્રાણ લેવા મોકલ્યો લાગે છે. એને તરત ઉખાડી નાખો.' માણસો એકદમ હાથમાં ફરસી લઇને ગયા ને આંબાને મૂળમાંથી છેદી નાખીને ધરણીવશ કર્યો.

પાછળથી આ વાત સાંભળીને કોઈ જીવનથી હારેલા તો કોઈ વૈરાગી, તો વળી કોઈ કોઢથી ગળી રહેલાં અંગોવાળા મનુષ્યો 'આ આંબો ખરેખર મૃત્યુરૂપ છે' તેમ વિચારી મોતને ભેટવા માટે કોઇ કાચું તો કોઈ અર્ધું પાકેલું આમ્રફળ તો કોઈ મૂળ

ખાવા લાગ્યા. હવે આમ તેમણે ફળ ખાધાં તેથી તે બધા જ દેવકુમાર જેવા થઇ ગયા. આ જોઇને રાજા વિસ્મય પામી વિચારે છે: ‘આ લોકો તો હું નજરોનજર જોઉં છું કે નીરોગી-જાણે કે કામદેવ સરખા-થઇ ગયા છે. બીજી બાજુ પેલો બ્રાહ્મણ મૃત્યું પામ્યો ! આ કોઇક અદ્‌ભુત બનાવ છે !’ પછી પહેરેગીરોને બોલાવી પૂછે છે. ‘શું તમે પેલું પહેલું આમ્રફળ જાતે તોડીને લઇ આવેલા કે ભૂમિ પર પડેલું લીધેલું ?’ તેમણે જવાબ દીધો : ‘મહારાજ ! અમને નિંદરમાં ફળ પડયાની ખબર રહી નહોતી. અમે તો ધરતી પર પડેલું ફળ લઈ આવેલા, ત્યારે રાજા કહેવા લાગ્યોઃ ‘ચોક્કસ, ફળ બહારથી સાપના ઝેરથી ખરડાયું હોવું જોઇએ. નહિ તો પેલા બ્રાહ્મણનું મોત કઈ રીતે થાત ? અરે રે ! અવિચારી મેં આ અમૃતમય આંબો ફરસીથી કપાવી નાખીને ભારે ખોટું કર્યું. અરે ! કહે છે કે જાતે વિષવૃક્ષ વાવ્યું હોય તોય સમજુ માણસો જાતે તેને છેદાવતા નથી તો પછી આવા રતન જેવા આંબાની તો વાત જ શી ? આખો જનમારો અનુતાપ કરાવે તેવું કુકર્મ કરનારો મારા જેવો અવિચારી પુરુષ તો કોઇ નહિ હોય.’

“આમ તમારે પણ વગર વિચાર્યે બધાંજ સુખના ભંડારરૂપ વિષયો ત્યજીને પછી રખે પસ્તાવાવારો આવે.”

કુમારે કહ્યું, ‘જે મદ્યની જેમ હિતાહિતને ન સમજાવનાર અને જ્ઞાનનો વિચ્ચેદ કરનારા છે, કિંપાક ફળની જેમ પહેલાં મધુર પણ પરિણામે દુઃખાવહ છે, જે નિદ્રાની જેમ દુઃખદ અંતવાળી મોહલહરીઓ ઉત્તેજનારા છે તેવા વિષ જેવા વસમા વિષયો હું જાણી બૂઝીને સેવુ ? વળી જે પાણીના પૂરની જેમ સંસારરૂપી વૃક્ષનો નાશ કરનારા છે, જે મેઘની જેમ વિવેકરૂપી સૂર્યના તેજને અપહરી લેવા સમર્થ છે, હિમની જેમ જે શુદ્ધ બુદ્ધિરૂપી નલિનીનો વિચ્છેદ કરવામાં કુશળ છે–તેવા વિષયોના સેવન માટે કયો શાણો માણસ ઉદ્યમ કરે ? વળી, વિષયોમાં સુખ સરસવ જેટલું તુચ્છ ને દુઃખ પહાડ જેટલું મોટું હોય છે; મધુબિંદુમાં આસક્ત એવો કૂવે લટકતો મનુષ્ય આનું દૃષ્ટાન્ત છે.’

મદનલેખા કહેવાલાગી: “આ કૂવે લટકતો મનુષ્ય વળી કયો?” કુમારે વાત માંડીઃ

“એક મોટું જંગલ હતું. તે અનેક સર્પ, વાઘ, સિંહથી બિહામણું લાગતું. એનો છેડો કયાંય મળતો જ નહિ. મદમસ્ત હાથીઓના તોફાનના ભયથી નાસતાં પ્રાણીઓથી તે સંકુલ હતું. તેમાં એક ગામ હતું. તેમાં હિત–અહિતના વિચાર વગરના, કામધંધા વગર હંમેશા પડયાપાથર્યા રહેનારા પામર લોકોથી જ ભવનો ને મહોલ્લાઓ ભરેલા હતા. તેમાં અવિવેકીઓના શિરોમણિ સરખો, પોતાની પ્રિયતમાના મુખમાંથી

નીકળેલા પ્રત્યેક વચનને પાળવામાં તલ્લીન એવો એક કુળપુત્ર રહેતો હતો. એને એકે-આવડતી નહિ. આમ ને આમ પત્ની સાથે જ લાંબો વખત પસાર કર્યો.

ક્યારેક અનુકૂળતા જોઈને તેની પત્નીએ તેને કહ્યું: ‘ હે વહાલા ! આટલા વખત સુધી તમે કામધંધા વગર બેસી રહ્યા, તે બરોબર નથી. કારણ કે, વ્યવહારભાર ન ઉપાડ નારો પુરુષ ગુરુ, દેવ, અને અતિથિના સત્કારમાં તેમજ કુટુંબના ભરણપોષણમાં અસમર્થ હોઈ, ખરેખર, સંસારમાં હલકો પડે છે. તો અહીંથી નીકળીને બીજે ગામ જઈએ. ત્યાંના લોકો કામધંધાવાળા છે એવું સાંભળ્યું છે. ’ તેના કહેવાથી એ નબીરો બીજે ગામ ગયો. ત્યાં પણ ઘણા કાળ સુધી પરણેતરનુ મુખકમળ જોવાની તૃષ્ણાને જ વશ રહ્યો. ફરી એક-વાર એની ઘરવાળી કહેવાલાગી: ‘ વહાલા ! અહીં પણ ધાર્યા પ્રમાણે તમને કોઈ કામ-ધંધો જડ્યો નથી તો બીજે જઇએ. ’

“ કુળપુત્ર કહેવા લાગ્યો : હે સુતનુ ! જેવી તારી આજ્ઞા. તારા સિવાય મારી બીજી કોઈ આંખ નથી. તું જ મારી મતિ, ગતિ અને શરણુ છે. ’ એથી ભાર્યાને સંતોષ થયો કે ‘ આ મારી આજ્ઞામાં છે. ’ તે વધુ ને વધુ ગુણવિશિષ્ટ અનેક ગામોમાં ગયા. ત્યાં ત્યાં પણ જોઈતી ચીજવસ્તુઓના સાંસા હોવાથી ભારે કષ્ટમાં દહાડા જવા લાગ્યા. વળી પત્ની કહેવા લાગી: ‘ જો મારું વચન પાળો તો તમને ખૂબ સુખી કરું. ’ કુળપુત્ર બોલ્યો: ‘ આમ શું બોલે છે ? જો તું કહેતો ધારદાર તલવાર લઈને અન્ય કોઈ વિક્ષેપવિના રાજાની સેવા કરું. શ્વાસ ચડી જાય ને ધૂળ ભરાઈ જાય તોય તેની આગળ દોડતો ફરું. સ્વામીએ કરેલી કૃપાનો બદલો વાળવા મત્ત હાથીઓના સમૂહથી ખૂંખાર લાગતી રણભૂમિમાં ઝુકાવું. કોઇની પરવા કર્યા વિના વેપાર કરૂં. ચોર-લૂંટારાના સતત્ ઉપદ્રવ-વાળા પરદેશમાં જાઉં. આભને આંબતાં મોજાની થપાટોથી માઝા મૂકી ગયેલા સમુદ્રને ય તરી જાઉં. અનેક રત્નોથી રૂડા એવા રોહણગિરિને ય ખોદી કાઢું. સાચું ન કહેનારા બાતુવાદીઓને ય સેવું. ભારે મુશ્કેલી પડે છતાંય વિવરપ્રવેશ પણ કરું. મદગંધના લાલચુ ભમરાઓને કાનની થાપટ દેતા હાથીનાં ઝૂંડ પણ દેશાંતરથી લઈ આવું. બધાં જ લક્ષ-ણોમાં શ્રેષ્ઠ અંગવાળા ઘોડાની પણ ભાળ કાઢું. મોટા ભાર ખેંચવામાં જબરા બળદ રાખું. મોટા ભાર ઉપાડે તેવા ઊંટ પાળું. ભારે વેગે ચાલનારાં ખચ્ચર વસાવું. ભાર ખેંચનાર ગધેડાં બાંધું. બધાં સુખ લઈ આવનારી ખેતી કરાવું. તું કહે ત્યાં જાઉં. વળી જાતભાતના લહેકા કરીને ધનિકોની સામે નાચું, તેમના ગુણ પણ ગાઉં વાજા વગાડું. વિવિધ હોંશિયા-રીથી લોકોને હસાવતો ભાંડવેડા કરું. અથવા તો પારકાના ગુણોને પ્રકટ કરવા માટે ભાટ-

પણું પણ કરું. તરત જ અનેક પ્રકારના ચિત્રો બનાવી દઉં ? વહાલી ! તારા કહેવાથી બીજું પણ દુષ્કર કાર્ય કરું.'

"તેથી ભાર્યા મો મલકાવીને બોલી : 'વહાલા ! તમે તો ઘણું ઘણું કીધું, ત્યારે હું તમને સલાહ આપું કે આટલાં ગામોમાં તમે રહ્યા છતાં તમને ધન મળ્યું નથી, તો હવે તમે પરદેશ જવાની તૈયારી કરો.'

પ્રિયતમાથી આમ કહેવાતાં કુળપુત્ર ત્યાંથી નીકળ્યો. તે જંગલમાં એક ક્રોધે ભરાયેલા હાથીની નજરે ચડ્યો. ભારે મોટી સૂંઢને દંડની જેમ કુપિત યમદેવની જેમ તેને પીઠ પાછળ દોડ્યો આવતો જોઈને કુળપુત્રનાં બધાં ગાત્ર ધ્રુજવા લાગ્યાં, આમ તેમ ચંચળ નયનોથી જોવા લાગ્યો અને મોતના ભયથી ભાગવા લાગ્યો.

"હવે હાથી તેને સૂંઢથી પકડવા કરે છે તેટલામાં તેણે ખૂબ ઊંડો એવો એક ઘાસથી છવાયેલો કૂવો જોયો. એ કૂવાની ધાર પાસે એક ખૂબ મોટું વડનું ઝાડ ઊભું છે. ઝાડમાંથી એક વડવાઈ કૂવામાં લટકતી હતી. ભય પામીને કૂવા તરફ ધસી ગયેલા કુલપુત્રના હાથમાં એ વડવાઈ આવી ગઈ. તેને પકડીને લટકતો તે કૂવાની અંદર નજર નાખે છે ત્યાં [illegible] ફાડી રહેલો મોટો અજગર દેખાય છે. તે કુલપુત્રને ગળી જવા માટે રોષે ભરાયેલી આંખો માંડીને બેઠો છે. કૂવામાં ચાર બાજુએ શિવજીના કંઠ જેવા નીલવર્ણા, લબકારા મારતી લાંબી જીભવાળા, વિષકણો ના ફૂવારા ઉડાડતા, ચાર ઝેરી સાપ પણ તે કુલપુત્રને કોળિયો કરવાની રાહ જુએ છે. વળી પેલી વડવાઈને કાળાધોળા બે ઉંદરો કાપી રહ્યા છે. હાથી પણ સૂંઢના છેડાથી તેના વાળ ફેંદે છે અને રોષમાં આવીને ફરી ફરીને વડના ઝાડને થપાટો ગલાવે છે. તેથી ઝાડ પરથી મધમાખો ઊડીને રોષમાં આવીને એકદમ કુલપુત્રને ચારે બાજુથી ચટકવા લાગે છે.

હવે એટલામાં હાલી ઊઠેલા મધપૂડામાંથી ગમે તેમ કરીને મધનું એક ટીંપું કુલપુત્રના કપાળ પર આવી પડ્યું. એ ટીપું દદડતું જીભ સુધી પહોંચ્યું. કુલપુત્ર તેનો સ્વાદ લેવા માંડ્યો. બીજું સમગ્ર દુઃખકારણ વીસરીને પોતાના મનમાં સુખ અનુભવવા લાગ્યો.

"આ દૃષ્ટાંત છે. એનો ઉપનય આવો છેઃ—જેમ વિવિધ પ્રાણીઓથી ભરેલું અરણ્ય, તેમ જન્મજરા-મરણ-રોગ-શોક આદિથી ભરેલો સંસાર. જેમ કામધંધા વગરનું ગામ તેમ અસંવ્યવહાર-રાશિ. જેમ અનેક મહોલ્લા અને તેમાં અસંખ્ય ભવનો, તેમ

અસંખ્ય ગોલકો અને અસંખ્ય નિગોદો. જેમ પામર લોકો, તેમ નિગોદના જીવો. જેમ કુલપુત્ર, તેમ સંસારી જીવ. જેમ તેની પ્રિયતમા, તેમ તેની ભવિતવ્યતા. જેમ તેના વચનથી ગામતરે જવું, તેમ ભવિતવ્યતાની પ્રેરણાથી અસંવ્યવહારરાશિમાંથી સંવ્યવહાર-રાશિમાં જવું. જેમ તે પછી ય બીજા ગામમાં ભટકવું, તેમ વિકલેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીની યોનિઓમાં ઉત્પત્તિ. જેમ ભાર્યાના કહેવાથી કુળપુત્રે સેવા, વેપાર આદિ કરવું, તેમ સંસારી જીવે ભવિતવ્યતાથી પ્રેરાઈને તેવા વિવિધ વ્યાપારો કરવા. જેમ પેલો વનહસ્તી, તેમ મૃત્યુ. જેમ કૂવો, તેમ મનુષ્યભવ. જેમ અજગર' તેમ નરક. જેમ ચારસર્પો, તેમ ક્રોધ-માન-માયા-લોભરૂપ ચાર કષાયો. જેમ વડવાઈ, તેમ આયુષ્ય. જેમ પેલા ઉંદર, તેમ કૃષ્ણ-શુકલ એમ બે પ્રકારના પક્ષો. જેમ પેલા ઉંદર વડવાઈને કાપે છે, તેમ કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ આયુષ્યને છેદે છે. જેમ પેલી મધમાખો, તેમ વિવિધ વ્યાધિઓ. જેમ પેલું મધુબિંદુ, તેમ વિષયસુખ.

"તેથી હું કહું છું કે સરસવ જેટલું અલ્પ વિષયસુખ છે અને મોટા પર્વત જેટલું દુઃખ છે તેથી હે ભદ્ર સ્રી ! જો કોઈ વિદ્યાધર તેમાંથી તેને ઉગારવા માંગે તો તે ઇચ્છે કે નહિ ? એ બોલીઃ "ચોક્કસ ઈચ્છે." કુમારે કહ્યુંઃ તો પછી મોટા ભવકૂપમાંથી નીકળવા ઈચ્છતા એવા મારી ઉપર જ્યારે ગુરુની કૃપા થઈ છે ત્યારે મને શાને અટકાવે છે ?"

એટલામાં વહાલાના વિયોગની કલ્પના કરીને કનકાવલી બોલીઃ "વહાલા, એક મારું હિતવચને ય સાંભળી લો. સગુણ કે નિર્ગુણ એવું જે કોઈ કાર્ય કરવાની રુચિ હોય તેના પરિણામનો પુરુષે વિચાર કરી લેવો ઘટે. સરખી રીતે વિચાર્યા વિના મૂઢ-મનવાળા જે લોકો કાર્ય કરે છે તે અવશ્ય પેલા મિત્રવતીના સસરાની જેમ શોક કરતા રહે છે." કુમારે પૂછ્યુંઃ "ભદ્રે ! એ મિત્રવતીનો સસરો વળી કોણ ?" તે કહેવા લાગી.

"અવંતિદેશમાં ઉજ્જેણી નગરી છે–જ્યાં સોનાના ઊંચા પ્રાસાદોની પંક્તિની ટોચ પરથી આકાશમાં ફેલાતો કિરણસમૂહ લોકોને મેરુની શંકા કરાવે છે. તેમાં અવંતિદત્ત શેઠ રહે છે. એની પત્ની યશોધરા છે. તેમની દીકરી મિત્રવતી. તેના લગ્ન તે જ નગરીના રહેવાસી વિષ્ણુદત્તના પુત્ર સોમદેવ સાથે થયાં. કેટલોક વખત પસાર થયો ત્યાં સોમદેવને વિચાર આવ્યોઃ 'માતાનું ધાવણ અને પિતાની લક્ષ્મીનો પરિભોગ આ બે વસ્તુઓ મનુષ્યને બાળપણમાં છાજે, જુવાનીમાં નહિ. તો દેશાંતરે જઈને ધન કમાઉં ને

સહુ યાચકના મનોરથો પૂરીને કીર્તિ મેળવું.' એમ વિચાર કરીને સારે દિવસે ધન કમાવા માટે પિતાની આજ્ઞા લઈ પ્રસ્થાન કર્યું.

'મેં પ્રિયતમાને તો પૂછ્યું નથી' એમ સામદેવ મનમાં ખેદ કરતો હોય છે, ત્યાં તેનો સોબતી એક બ્રાહ્મણ તેની મનની વાત કળી જઇને કહે છે. 'તારી પ્રિયતમા સાથે ઉદ્યાનમાં તારો સંગમ કરાવીશ.' પછી તે મિત્રવતીની સખી માધવીને કહે છેઃ 'તું મિત્રવતીને ઉદ્યાનમાં લઇ આવ. હું પણ સામદેવને લઈ આવું છું. એમ બંનેનો સંગમ થશે.' એમ સંકેત કરી બંનેનું મિલન કરાવ્યું. બંનેએ સુખદુઃખની વાતો કરી. રજસ્વલા હોવાથી તેમના તે મિલનથી મિત્રવતી ને ગર્ભ રહ્યો.

"જતાં જતાં સામદેવે તેને હૈયાધારણ માટે વીંટી આપી અને તેના ગળેથી પદ્મરાગમણિવાળો હાર લઈ લીધો. ને પરદેશ ઉપડ્યો. ઘણા દિવસ થઈ ગયા. મિત્રવતીનું પેટ મોટું દેખાવા લાગ્યું. આ જોઇને મિત્રવતીના ખાનદાન કુળનો વિચાર કર્યા વગર, ગુણના પક્ષપાતને ગણકાર્યા વિના, કાર્યાકાર્યનો પરમાર્થ વિચાર્યા વગર, શું પરિણામ તેનો ખ્યાલ બાજુએ મૂકીને, સ્વજન તરીકેનો સ્નેહ દાખવવાનું ચૂકીને, પોતાના કુળ પર આવનાર આળનો વિચાર કર્યા વગર, ગુસ્સે ભરાયેલાં સાસુ–સસરા બોલવા લાગ્યાંઃ 'જુઓ તો, બંને કુળના કલંકના વિચાર વગરની આ પાપિયણે કેવું આ લોક ને પરલોકથી વિરુદ્ધ એવું અકાર્ય કર્યું છે! તેથી આ પાપિયણ સઘળા લોકના ધિક્કારને લાયક છે. નિંદ્ય કર્મ કરનારી એવી, આનું મોં પણ જોવા લાયક નથી, એનું નામ લેવા જેવું ય નથી.'

"પછી એની પાસેથી ઘરેણાં પાછાં માગ્યા. પેલીએ હાર સિવાયનાં બાકી દઇ દીધાં. એમના મનમાં શંકા થઈ. પરંતુ ગુસ્સાના અતિરેકમાં હારનું વૃત્તાંત ન પુછ્યું. ઘેરથી કાઢી મૂકી. પિતાને ઘેર ગઇ. ત્યાંથી ય કાઢી મૂકી. તેથી માધવી સાથે એ નગરીમાંથી બહાર નીકળી ગઇ. શરમની મારી કોઇને મોં પણ બતાવી શકતી ન હોઇ તે જ દિવસે કોસાંબી જતા સાર્થ સાથે નીકળી. જંગલમાં આગળ વધતાં માધવી ક્યારેક લાકડાં લેવા ગઈ હતી ત્યાંથી ભીલો તેને ઉપાડી ગયા. તેથી મિત્રવતી એકલી કેમે કરીને કૌશામ્બી પહોંચી. સાર્થ નગરીમાં પ્રવેશ્યો. પણ મિત્રવતી એક મંદિરમાં જ રોકાઈ ગઇ.

"એટલામાં પૂરા મહિના થતાં ભારે કષ્ટથી પ્રસવ કર્યો. દીકરો જન્મ્યો. હરખ

ને શોક બંને થયા. ખરેખર, સંતાનરૂપી સંજીવની તો આપત્તિગ્રસ્ત, દુખી અને દુર્ગતિથી પીડિત જીવને ય અવશ્ય જીવન આપે છે. કેટલોક વખત ગયો. વહેલે પરોઢિયે, 'નદી પાસે જ છે એમ કરીને બાળકને પેલી મુદ્રા સહિતના ઉત્તરીયથી લપેટી નદીમાં ઉતરીને જ્યાં હાથપગ ધુએ છે, તેટલામાં કૂતરો બાળકને લઇને આચમન કરવા બેઠેલા યામુન શેઠ પાસે બાળકને લઈ આવ્યો. તેમણે હર્ષભેર લઈ લીધું. મુદ્રા જોઈ. 'સામદેવનો દીકરો છે' એમ જાણી એને ઘેર લાવ્યા. કર્મ અને ધર્મના સંયોગે તે જ વખતે જેને પ્રસવ થયો છે તેવી નિત્ય મરતાં બાળકોને જન્મ આપનારી પોતાની સિત્તા નામની ગૃહિણીને પેલો છોકરો સોંપ્યો. તેણે તો મરેલા ગર્ભને જ જન્મ આપ્યો. એને ફેંકી દીધો.

"એક માસ પસાર થતા પેલા બાળકનું વધામણું કર્યું ને એનું નામ 'યક્ષદત્ત' (જકખદિન્ન) પાડ્યું. સુખથી એનો નિર્વાહ થવા લાગ્યો. કારણ કે, દુર્ગમ એવા સંગ્રામમાં જ્વાળાઓથી સંકુલ અગ્નિમાં, હાથી-વાઘ-સિંહને લીધે ભયાનક એવા વનમાં, કે અનેક ઉપદ્રવોવાળા પહાડમાં ઊછળતાં મોજાના તાંડવવાળા સાગરમાં ગયેલ મનુષ્ય પણ પૂર્વ ભવોમાં કરેલા પુણ્યોથી રક્ષાય છે.

"આ બાજુ ચિત્રવતી નદીમાંથી બહાર નીકળીને બાળકને ન જોતાં તેની શોધ કરવા લાગી. પણ બાળક દેખાયુ નહિ ત્યારે એક બાજુ બેસી પડીને રડવા લાગી.' હાય દૈવ! હું જ તીવ્ર દુઃખો માટે સર્જાઈ છું? તને બીજો કોઈ ભંડારી ન મળ્યો કે જેથી અરે દૈવ! હજી પ્રિયતમના વિરહાગ્નિથી સર્વગાત્રો બળતાં હતાં ત્યાં તેં મારા પર અસહ્ય ગુમડાજેવું કલંક ચોંટાડ્યું? તેમાં વળી સાસુ-સસરાએ અને માત-પિતાએ ઘરમાંથી કાઢી મૂકી. મારા દીકરાનું પણ અપહરણ કરી તેં તો ઘા પર મીઠું નાખ્યું.' આમ વિલાપ કરતી ગોવાલણો એ આશ્વાસન આપ્યું. પરદેશી જાણી ગામના મુખીની વહુ તેને ગોકુળમાં લઈ ગઇ, ને દિકરી ગણીને રાખી. હવે ત્યાં થોડાક દિવસ પસાર થયા. તેવામાં તેને સ્ત્રી લોલુપ એવા ગામના ઠાકોરના સિપાઇએ જોઈ. તેણે માલિકને વાત કરી. તેણે ગોવાળિયા પાસે તેની માંગણી કરી. ગોવાળિયાએ કહ્યું: 'સજ્જનોનો ધર્મ નથી.' તેથી તેણે એનું અપહરણ કરાવ્યું.........(?) તેના માણસોએ 'અરે, આ તો મહાસતી છે' એમ કરીને પૂજી, એને છોડી દીધી. ગોકુળ તરફ ચાલી. વડના ઝાડ નીચે સાપ કરડ્યો. ઝેર ચડયું હતું તે એક ઘરડા ભીલે ઉતાર્યું. ગોકુળમાં આવી. પહેલાંની જેમ ગોવાલણો વચ્ચે તે રહેવા લાગી ને તેનો કેટલોક વખત પસાર થયો.

"આ બાજુ યક્ષદત્ત વખત પસાર થતાં શરીરમાં અને કળાઓમાં વૃદ્ધિ પામ્યો.

તેના પ્રતાપે હવે સિત્તા પણ નાશ ન પામે તેવો ગર્ભ ધારણ કરવા સમર્થ બની. બીજા બે પુત્રો જન્મ્યા ! હવે યક્ષદત્ત બધી કળાઓમાં પાવરધો અને ગુણોમાં આગળ પડતો હતો. તેથી સિત્તાને ઉચાટ થયો. એને વિચાર આવ્યો. 'આ યક્ષદત્તને મારી નાખું, નહી તો મારા પેટના જણ્યા દીકરાઓ સંપત્તિ પામશે નહી.'

"હવે એક વખત દુકાને ગયેલા પુત્રો માટે લાડવા મોકલ્યા. તેમાં તેણે ઝેર નાખ્યું. પીરસનારને કહ્યું કે 'આ લાડવા યક્ષદત્તને દેજે. તે ગયો. હવે યક્ષદત્ત કામમાં રોકાયેલો હોવાથી એ વખતે ખાવા ન બેઠો, નાના દીકરાઓએ ખાધું. થોડો વખત ગયો. હવે પેલા ભાઈઓ કહેવા લાગ્યા. યક્ષદત્ત ! ચાલ ઘેર. આપણે જમીએ.' હવે તે તો કામમાં રોકાયેલો હતો. તેથી કામ પુરું ન થાય ત્યાં સુધી ત્યાંથી ઉઠવા સંમત ન થયો. પેલા નાના છોકરાઓ 'અમને ભૂખ લાગી છે' એમ કહી રડવા લાગ્યા. યક્ષદત્ત બોલ્યો 'આ લાડવો જ ખાઇ લો.' તેમણે ઝેરી લાડુ ખાધો. થોડા જ વખતમાં ઝેર ચડયું અને મૃત્યુ પામ્યા.

"આની યમુનને ખબર પડી. પણ આને ય મારી નાખશે એમ વિચારી યક્ષદત્તને સાચી વાત કરીને, પેલી મુદ્રા સોંપીને વેપારને બહાને તામ્રલિપ્તિ નગરે મોકલ્યો. 'મને મારાં માતા-પિતાની કઇ રીતે ઓળખાણ થાય ?' એવો ઉચાટ કરતો તે ગયો. ત્યાં માતા પિતા મળે તે માટે સતત દેવભક્તિ કરવા લાગ્યો. દેવે દર્શન દઈને કહ્યું કે તને એક મહિનામાં જ માતા-પિતાનો ભેટો થઇ જશે. તારી માતા છે મિત્રવતી ને પિતા છે સામદેવ. એ બંને તને એક મહિનાને અંતે 'પ્રિયમેલક' ઉદ્યાનમાં આવીને મળશે. ત્યાં તને જોતાં જ મિત્રવતીને પાનો ચડશે. અને સામદેવની તારા જેવી જ આકૃતિ જોઈને 'યક્ષદત્ત, તારા પિતા આવ્યા છે, એમ તને અહીંના લોકો કહેશે.' આ વચનથી યક્ષદત્તને સંતોષ થયો.

"હવે આ બાજુ મિત્રવતી અનુચિત આહારના દોષથી કોઢમાં સપડાઈ. ગામડાની દવાઓથી સાજી ન થઇ. રોગ તો વધ્યો. ગોવાળિયાએ વૈદ્યને તેડાવ્યો. પૂરતા સાધનો ન હોવાથી વૈદે ઉપચાર કરવાનું પડતુ મૂકયું. કંટાળીને ગોવાળિયાઓને ખમાવીને જમના નદીનાં પૂર આવેલા તેમાં તેણે તો પડતું મૂકયું. પ્રાણ ગળે આવ્યા ત્યારે અરડુસીના ઝાડને વળગી રહી. ત્યાં સાત દિવસ પસાર થયા. આઠમે દિવસે તેને ખૂબ ભૂખ લાગી ત્યારે તેણે અરડુસીના ઝાડની બખોલમાં ઊગેલો વજ્રકંદ ખાધો. તેના નશામાં ઘેન ચડયું. નદી કિનારે પહોંચી તેણે પાણીનું વમન કર્યું. બેભાનાવસ્થામાં જ તેના સાત દિવસ વીતી

ગયા. આઠમા દિવસે ચેતન આવ્યું. મહાપરાણે ઊઠી. ઠંડા પવનથી પીડાતી તે સ્મશાનના અગ્નિ પાસે પહોંચી. સ્મશાનનાં બીજોરાં ખાધા. સવારે કોટવાળે તેને જોઈ એટલે પોતાને ઘેર લઇ ગયો. ઇંદ્રવારુણી ............ ની ખીર વગેરે દ્વારા તેની સારવાર કરાઈ. પહેલાની જેમ સાજી થઈ ગઈ. ગંગાવાડે રહી.

"આ બાજુ સામદેવ વૈભવસામગ્રી કમાઈ ને કાળે કરીને ઘેર આવ્યો. હવે મિત્રવતીને ત્યાં જોઇ નહિ તેથી વડીલોને પૂછે છે. તેઓ બનેલી વાત જેવી ને તેવી કહે છે. આ સાંભળીને સામદેવને શોકને લીધે ભારે સંતાપ થઈ આવ્યો અને ધડ કરતો નીચે પડી ગયો. મૂર્છાથી આંખો મીંચી ગયો. વળી ઠંડા ઉપચારોથી ભાનમાં આવ્યો. ને આમ વિલાપ કરવા લાગ્યો: 'હાય ચારુ ચંદ્રવદના! ખીલેલા કમળની પાંખડી જેવા નયનવાળી! આ નયનોથી હવે ફરી તું મને ક્યાં જોવા મળવાની? જન્મથી નિષ્કલંક શીલવાળી ને ધર્મશીલ એવી તારા ઉપર પાપિયા એવા મેં જ કલંક ચોંટાડયું.................' પછી બ્રાહ્મણે વડીલોને બધી જ બનેલી વાત કહીં. વિશ્વાસ બેસે માટે પદ્મરાગ-મણિવાળો હાર પણ બતાવ્યો. વિષ્ણુદત્ત શેઠનું મન શંકામુક્ત બન્યું. તે વિચારવા લાગ્યા: 'અરર મેં વગર વિચાર્યે આ ખોટું કામ કર્યું. જેમ ખરાબ રાજા નગરમાંથી નીતિને કાઢી મૂકે તેમ મે આ લોકોને આનંદ આપતી મિત્રવતીને મારા ઘરમાંથી કાઢી મૂકી. ન તો એના ઉત્તમ કુળ સામે જોયું, ન તો નિર્મળ શીલ તરફ. હૈયામાં સ્વજન માટેનો થોડો પ્રેમ પણ મેં દાખવ્યો નહિ. આ પરલોકને બગાડે તેવું પાપ છે તે પણ નિર્ભય બનીને મેં યાદ ન કર્યું. જન્મથી કેળવેલી કરુણા પણ સાવ છોડી દીધી. ધિક્, ધિક્! હીન વિધાતાએ જેમ નિર્મળ ચંદ્રને, તેમ ભાન ભૂલેલા મેં મારા કુળને કાળા કલંકવાળું કર્યું.'

"આ બાજુ સામદેવ પ્રતિજ્ઞા કરે છે: 'મિત્રવતી ન મળે ત્યાં સુધી હું ઘરમાં પેસવાનો નથી.' ઘેરથી નીકળીને યોગ્ય સ્થાનોમાં તેની શોધ કરી. ક્યાં ય ન દેખાઈ. તેથી એક વડના ઝાડ પર ચડીને ગળે ફાંસો ખાવા લાગ્યો. ત્યાં કોઇક નિમિત્તિયાએ એને રોક્યો: 'આમ કરીશ નહિ. ચોક્કસ તને તારી પત્નીનો જોગ થશે. ગંગાવાડ જા. ત્યાં તારી શિયળભંગ થયા વિનાની જાયા છે. આમાં કોઇ શંકા નથી. આજે જ તને તેની સખી મળશે.' સામદેવને વાત ગળે ઊતરી. તેને ભીલોથી ભાગી છૂટેલી માધવિકા રસ્તામાં મળી. એ રડવા લાગી. તેણે ગમે તેમ કરીને આશ્વાસન આપ્યું. માધવિકાએ સામદેવને પોતાની બધી જ વાત કહી. સામદેવે પોતાની વાત પણ કહી. બન્ને ય ગંગાવાડ તરફ ચાલ્યા. બન્ને ત્યાં પહોંચ્યાં. તેમણે કોટવાળના ઘરમાં મિત્રવતીને જોઈ. તે રડવા

લાગી. તેમણે તેને સાંત્વન આપ્યું. સૌએ સામસામી પોતપોતાની સઘળી વીતક કહી. તે કોટવાળે સાંભળી. બહુમાન પૂર્વક તેને પાછી સોંપી. તેને લઈને સામદેવ ચાલ્યો. તામ્રલિપ્તિ પહોંચ્યો. દીકરા યક્ષદત્તને જોયો. પિતા સાથેના મળતાપણા પરથી તેમજ મુદ્રા જોઇને પોતાનો દીકરો છે તેમ જાણીને તેઓ સંતોષ પામ્યા. થોડો વખત તેઓ ત્યાં જ રહ્યા.

આમ વિદ્યુદ્દત્ત શેઠ પોતાની પુત્રવધૂ બાબત અવિચારીપણે કામ કરનારા કહેવાયા ને અપજશ પામ્યા. તેથી શેઠ જીંદગીભર પસ્તાતા રહ્યા ને દુઃખી દુઃખી થઈ ગયા. માટે હે વહાલા, કશું વગર વિચાર્યે કરશો મા. એને બદલે જેમાં સંભ્રમથી નમતા સામંતોના મુકુટમણિના કિરણો આપની પાદપીઠને ચાટે છે, જ્યાં થનગનતા ઘોડાઓના સમૂહના હણહણાટથી અનર્થ માત્ર ત્રાસીને ભાગ્યા જાય છે, હાથીના કુંભસ્થળના ગાઢા સિંદૂરથી જેમાં અકાળે સંધ્યાનો આભાસ સર્જાય છે, અને વળી જેમાં રથના શિખરભાગે પવનથી પ્રેરાયેલા ધ્વજરૂપી ભુજના તાલે નાચતી જય-લક્ષ્મીથી મનવાંછિત અર્થ સમુદાય રાજ્યને મળતો રહે છે, તેવા આ વંશપરંપરાગત-વળી જેમાં પ્રજા પણ અનુરાગવાળી છે તેવા-જ નીતિથી ચિરકાળ પામો ને!"

કુમાર બોલ્યો: "હે મુગ્ધે! રાજ્ય તો ખરેખર સૂર્ય, ચંદ્ર કે રત્નદીપની પ્રભા વડે પણ ન ભેદી શકાય તેવું ને વળી કદી ન ટળે તેવું અંધારુ છે, ન ભૂંસી શકાય તેવું અંજન છે. પડળ વગરનું આંધળાપણું છે, દવાથી ન મટે તેવો કારણ વગરનો સન્નિપાત છે, રાત્રી પુરી થતાં ય ન ટળે તેવી ને આંખ બિડાયા વિના આવેલી નિંદ્રા છે, છેવટે પણ શાંત ન થાય તેવો ને મદિરા વગર થતો મદ છે, બેડી વગરની કેદ છે, પિત્ત વગર થતો દાહજ્વર છે, ઇંધણ વગરની આગ છે, ઝેર વિના આવતી મૂર્છા છે, કંઈ ખાધા વિના પેદા થયેલ મરડો છે. એના મોહમાં જે પડ્યા તે કાર્યાકાર્ય જાણતા નથી, હિતાહિતનો ખ્યાલ કરતા નથી, ધર્મ શું ને અધર્મ શું તે પણ જાણી શકતા નથી, ગમ્યાગમ્ય ગણકારતા નથી. આ તો તૃષ્ણારૂપી વિષવેલને વધારનારુ જળ છે, ઈંદ્રિયરૂપી હરણો માટે લલચાવનારું ગીત છે, સત્ચરિત્ર ચિત્તવૃત્તિઓ માટે ધૂમાડાનું પડ છે, પ્રમાદરૂપી પિશાચોને નાચવા માટેનું વિન્ધ્યવન છે, બધા અવિનયરૂપી અંધરાઓ માટે દિવસની સમાપ્તિરૂપ છે, ક્રોધાવેગરૂપી સર્પો માટે નિર્મિત કરેલ બખોલ છે, વિષયરૂપી દારૂડિયા માટેનું પીઠું છે, ઐશ્વર્યના વિકારરૂપી નટો માટેની રંગભૂમિ છે, દોષરૂપી મગરો માટેનો સમુદ્ર છે, ગુણરૂપી કલહંસો માટે વાદળનો સમૂહ છે, કપટરૂપી નાટક માટેનું આમુખ છે, લોકાપવાદરૂપી અગ્નિ માટેનો

સુસવતો પવન છે, કામરૂપી હાથીને બાંધવાનો ખૂંટો છે, ધર્મરૂપી ચંદ્ર માટે રાહુનું મુખ છે, પ્રશંસા ને માટે વધ્યસ્થાન છે.

વળી રાજ્યાભિષેકને દિવસે જ મંગલકળશમાંથી ઝરતા જળપ્રવાહ વડે જાણે કે મનુષ્યનું દાક્ષિણ્ય ધોવાઈ જાય છે, પુરોહિતની કુશાગ્રની બનેલી પૂંજણીથી પ્રશમભાવ ખંખેરાઇ જાય છે, યજ્ઞના અગ્નિના ધૂમાડાથી તર્કશક્તિ જાણે મલિન બની જાય છે, માથાના સુવર્ણમુકુટથી વૃદ્ધાવસ્થાના આગમનનું સ્મરણ જાણે રોકી રખાય છે. છત્ર વડે જાણે કે મોક્ષ-માર્ગનું દર્શન અટકાવાય છે. ચામરના પવનથી બધુંજ સત્ય અપહરાઈ જાય છે, પ્રતિહારના વેગદંડથી જાણે કે ગુણસમુદાયને દૂર ખસેડાય છે, લોકોમાનો સાધુવાદ જયકારના કોલાહલથી લોપ થઇ જાય છે, ફરકતી ધજાઓના પડદાથી જાણે પુણ્ય ભુંસાઈ જાય છે. રાજ્યને માટે પાકેલા માંસ પર ટાંપતા કૂતરાઓની પેઠે સગા ભાઈઓ પણ લડતા હોય છે. એવા રાજ્ય માટે કોને ખરો ભાવ થાય ? રાજ્યમાં આસક્ત મનુષ્ય જીવવધ આદિ મહાપાપો કરીને પેલા શરણરહિત શુરસેનની જેમ નરકમાં જાય છે.

"જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં નંદીગ્રામમાં ગોવિંદ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેની લક્ષ્મી નામની ભાર્યાની કૂખે રુદ્ર અને સ્કંદ નામના બે પુત્ર થયા. તેમની વચ્ચે ખૂબ સ્નેહ હતો. ક્યારેક ખેડ જોવા ખેતરે ગયા. ત્યાં ખેતર પાસે એક ચાંડાલનો છોકરો ફરતો હતો. તે તેમની નજરે ચડ્યો. જાતિના મદમાં ભાનભૂલીને બંને બોલવા લાગ્યા, 'અરે દુષ્ટ, અધમ, અમારા ખેતરને અભડાવે છે! તારી જાતિ જાણતો નથી ? આમ ચાલતા શું થાય છે ?' આમ બોલતાં જ એને ઢેફાં વગેરેથી એવો માર્યો કે જેથી એનો જીવ નીકળી ગયો.

"હવે તે આર્તધ્યાનના દોષને લીધે એ જ ખેતરમાં સાપ થઈને જન્મ્યો. એક વખતે રુદ્ર અને સ્કંદ જ્યારે ખેતરને સાચવવા ત્યાં સુતા હતા ત્યારે સંજોગોવશાત્ ત્યાં ભમતા પેલા સર્પની નજર પડી. પૂર્વભવનું વેર સંભારીને એમાંથી એકને સર્પ ડસ્યો. એથી 'મને કંઇક કરડયું, મને કંઇક કરડયું.' એમ પોકારવા લાગ્યો. 'શું થયું ? શું થયું ?' એમ કરીને તેને શોધતો તેનો ભાઈ આવ્યો, તો તેને પણ સર્પ કરડયો. કશો ઉપચાર થઈ શક્યો નહિ, તેથી બંને મરી ગયા ને તે જ ખેતરમાં શિયાળ થઇ જન્મ્યા.

"હવે એ અરસામાં જેને અવધિજ્ઞાન જન્મ્યું તેવા જ્ઞાનશૂર નામના એક મુનિરાજ ત્યાં પધાર્યા. દેવોએ રચેલા સુવર્ણકમળમાં બિરાજ્યા. ગામલોકો વંદવા આવ્યા. ભગવાને

ધર્મદેશના આરંભી અવસર મળતાં દીકરા અંગે ખેદ ધારણ કરતા ગોવિંદ બ્રાહ્મણે તેમને પૂછ્યું. 'ભગવન્! મારા દીકરા ક્યાં જન્મ્યા છે?' મુનિ બોલ્યોઃ 'ભાઇ, જાતિમદમાં ભાન ભૂલીને પોતે જે ચાંડાલ છોકરાને મારી નાખેલો તેનો જીવ સર્પ થતાં તે સર્પથી જ ડસાયેલા તારા દીકરા આ ખેતરમાં શિયાળવા બનીને જન્મ્યા, ને મોટા થયા. પણ આજે તારા ખેડૂતોએ સાંજે ખેતરમાં રહેવા દીધેલા અને રાત્રે વરસેલા વાદળાના પાણીથી ભીંજાયેલાં ગાડાનાં દોરડાં વધારે પડતા ખાઇને શૂળવેદના ઉપડતાં મરી ગયા છે ને બાજુમાં પડેલાં છે.'

"આમ સાંભળીને ગોવિંદ અને બીજા લોકો તપાસ કરવા ગયા તો ત્યાં તેમને તે જ રીતે જોયા. આથી 'અહો, ભગવાનનું કેવું અદ્ભુત જ્ઞાન! અરે થોડા ય કર્મનું કેવું દારુણ પરિણામ!' એમ બોલતાં ગોવિંદ અને બાકીના લોકો વૈરાગ્ય પામ્યા. જિનધર્મ અંગીકાર કર્યો.

„ હવે તે શિયાળ મરીને આ જ ભારતવર્ષમાં પ્રતિષ્ઠાન નગરમાં ઋષભદત્ત નામના ધોબીને ત્યાં ઘરની ગધેડીના ગર્ભમાં ગધેડા તરીકે એક, ને બીજો ઘરની કૂતરીની કૂખે કૂતરો થઈને જન્મ્યા. બંને પરસ્પર સ્નેહથી ઊછરતાં મોટા થયા.

"હવે એક દિવસ શિકારનો શોખીન ગોપાલ રાજા તે બાજુથી પસાર થતો હતો. એટલામાં દક્ષિણ દિશામાં ઊભેલા ગધેડાએ ભૂંકવા માંડયું. તેનો અવાજ સાંભળીને તેના સ્નેહને વશ થયેલો કૂતરો ડાબી બાજુથી (?) દક્ષિણ દિશામાં ગયો. આને અપશુકન ગણીને રાજાએ બંનેને એક જ બાણ માર્યું. મરી ગયા. કર્મની વિચિત્રતાને લીધે, તેમનું સારું ભાવિ હોવાને કારણે તે જ નગરમાં આનંદ-શેઠની સુનંદા નામની ભાર્યાને પેટે ચંદન નામના જોડિયા ભાઈ તરીકે જન્મ્યા. બંને શરીરમાં અને કળાઓમાં આગળ વધવા લાગ્યા. સારા કુળ અને શીલ વાળી કન્યાઓ સાથે તેમનાં લગ્ન કરાવાયાં. જીવલોક સ્વપ્ન કે ઇન્દ્રજાળ જેવો હોવાથી આનંદ શેઠ મૃત્યુ પામ્યા. બંને દીકરાનો આનંદ ચાલ્યો ગયો. જેમ આથમતા સૂરજ સાથે કિરણ-સમુદાય ચાલ્યો જાય છે તેમ આનંદ શેઠના જવા સાથે જ તેમનું ધન ઓસરવા લાગ્યું. બંને સ્વમાનને ધન માનતા હતા તેથી લજ્જાને લીધે ત્યાં રહી શક્યા નહિ. તેથી નગરમાંથી નીકળીને દેશાંતર ગયા.

"ત્યાં કુશવર્ધન નગરમાં ધનવર્ધન શેઠને ત્યાં વાણોતર તરીકે રહ્યા. પણ ત્યાં કંઈ ખાસ લાભ ન જોતાં વહાણે ચડી સમુદ્ર ઓળંગી સાગરપાર ગયા. વેપાર કરવા

લાગ્યા. પેટપૂરું ખાવા સિવાય કંઈ વધારે મળતું નહિ તેથી રોહણ પર્વતમાં રત્નો ખોદી કાઢવા ગયા પણ કાણી કોડી પણ ન મળી. તેથી ત્યાંથી નીકળી ગયા. કોઇ સંન્યાસીથી ઠગાઇને વિવરપ્રવેશ કર્યો. કોઇ હલકા દેવતાએ ધકેલતા ( ? ) કુશવર્ધન નગરના ઉદ્યાનમાં આવી પડયા. સંજોગવશાત્ ત્યાં આવેલા ધનવર્ધન શેઠે તેમને જોયા. પોતાને ઘેર લઈ ગયા. કહ્યું: 'ભલા ભાઈ, મને પૂછ્યા વગર તમે અહીંથી ચાલ્યા ગયા તે ઠીક ન કર્યું : તો હવે હું તેવો પ્રયત્ન કરીશ કે જેથી તમને સંપત્તિ પ્રાપ્ત થાય.' આમ શિખામણ દઈને એમને વેપાર માટે એક હજાર દીનાર દીધા. બંને વેપાર કરવા લાગ્યા. ( ગ્રંથાગ્ર ૩૦૦૦ ) હવે કર્મ અને ધર્મના સંયોગે દ્રવ્ય બમણું થયું. તેથી સ્વદેશ જઇએ એમ વિચારીને શેઠને દ્રવ્ય પાછું દીધું. પછી બંને બે હજાર દીનાર લઇને પોતાને દેશ ચાલ્યા. પોતાના નગરની નજીક આવી પહોંચ્યા.

એટલામાં અચાનક આવેલા ચોરોએ તેમને જબરો પ્રહાર કરીને નીચે પાડી દીધા. ધન લઈને ચોરો ભાગી છૂટયા. હવે પેલા બેને કંઠે પ્રાણ આવેલી દશામાં પડ્યા હતા ત્યાં એક મુનિની નજરે ચડ્યા. કરુણા ભરેલા મનવાળા તેમણે કાનનાં મૂળમાં હિતશિક્ષા આપી કે— 'જીવો પૂર્વે કરેલાં સત્કર્મ કે દુષ્કર્મના ફળો ભોગવે છે. તેથી ધીર પુરુષો અન્ય પર નથી રિઝતા કે નથી ખીજતા.' તમે પણ પૂર્વભવે કોઇ બીજાને પીડા કરી હશે કે જેથી અત્યારે તમારે આવી પીડા આવી પડી. ન કરેલું કોણ ભોગવે ? કરેલ સત્કર્મ કોઈનું અફળ થતું નથી. પોતેજ કરેલ કર્મ ભોગવતાં માણસે શા માટે મન બગાડવું ? તો વિષાદ ન કરો. હૃદયમાં સકળ દુઃખોનું હરણ કરનાર પંચપરમેષ્ઠિનો મંત્ર ધારણ કરો. એજ કલ્યાણનો જનક છે.' એ પ્રમાણે ઉપદેશ કરીને મુનિએ પંચપરમેષ્ઠિનો નમસ્કાર મંત્ર શીખવ્યો. સ્વભાવથી ભોળા હોવાથી એ મંત્ર એમને અમૃતસમાન થઇ પડચો. પછી તે તે પ્રકારના પાપ ન કરવાથી અને પંચપરમેષ્ઠિના નવકારના પ્રભાવથી મરીને આ જ જંબુદ્વીપમાં, ભરતવર્ષમાં, ચંપા નગરીમાં રાજા ચંદ્રસેનની રાણી ચંદ્રકાન્તાની કુખે યુગલ પુત્રો રૂપે જન્મ્યા. કાળક્રમે વધામણું કરીને ખૂબ ધામધૂમ સાથે તેમનાં નામ પાડવામાં આવ્યા. એકનું વીરસેન, બીજાનું શૂરસેન. યુવાનીમાં આવ્યા અને કળાઓમાં નિપુણ થયા એટલે તેમને રૂપમાં લક્ષ્મીને પણ શરમાવે તેવી સુંદરીઓ પરણાવી. તેમની સાથે સકળ ઇન્દ્રિયોને સુખ આપનાર વિષયસુખ અનુભવતી તેમનો કેટલોક કાળ પસાર થયો.

એકદા તરુણ જનોના મનને પ્રમત્ત બનાવનાર વસંત ઋતુ આવી, જેમાં નાચતી રમણીઓના કંઠણકલાપના કલરવથી કામદેવ જાગૃત થાય છે. આશ્ચર્યથી રોમાંચિત થતા

તરૂણોના સમૂહો દ્વારા જેમાં દેવાલયોમાં રથયાત્રાઓ થઈ રહી છે. જેમાં પુષ્પની સુગંધથી લોભાયેલા ભમરાઓની પંક્તિઓના સમગ્ર જગતનો વિજય કરવા સજ્જ થયેલા મદન રાજાની જાણે કે પ્રશસ્તિ કરતાં ગુંજારવથી સમગ્ર દિશાચક્ર ભરાઇ જાય છે, જેમાં જાણે કે વસંતે વનશ્રીના અંગે કરેલાં નખક્ષતની પંક્તિઓની જેમ કિંશુકો શોભે છે અને આમ્ર-મંજરીઓ જાણે કે મદનાગ્નિની જ્વાળાઓ સમાન શોભે છે, જેમાં મલય–પવનથી હલતી લતાઓ જાણે કે પલ્લવરૂપી હાથોથી નૃત્ય કરે છે, અને કાનનોમાં કોકિલનો સુર પ્રસરી રહ્યો છે જાણે કે માનિનીઓને મદનો ત્યાગ કરવાનો ઉપદેશ. આમ ત્યાં મધુમાસ સમયે લોકોને સુખ આપનાર મદનનો મહોત્સવ પ્રવર્તી રહ્યો હતો ત્યારે બહુ ગુણવાન એવા રાજકુમારોએ ક્રીડા માટે ઉદ્યાનમાં જવાની ઇચ્છા કરી.

પછી લોકોના મનને આનંદ આપનાર શણગાર સજીને, કંઠમાં લટકતા હારવાળા બન્ને કુમારો સપરિવાર ઉદ્યાનમાં ગયા. લાંબા સમય સુધી ક્રીડા કરીને જ્યાં વિશ્રામ કરતા હતાં, તેવામાં વાદળના ગર્જન જેવો ગંભીર શબ્દ સાંભળ્યો. વિસ્મયથી અવાજની દિશામાં જતાં તેમણે દેવોએ રચેલા સુવર્ણકમળ ઉપર બીરાજમાન વિશિષ્ઠ અવધિજ્ઞાનથી સકળ ભાવોને જાણનાર, ભાવદેવ નામના મુનિવરને ધર્મોપદેશ કરતા જોયા. બન્ને તેમની પાસે ગયા. આનંદોલ્લાસથી તેમણે ગુરુને પ્રણામ કર્યા ગુરુએ સકળ કલ્યાણરૂપી વેલીને વિકસાવનાર વાદળસમાન 'ધર્મલાભ' આપ્યો. કુમારો ઉચિત આસને બેઠા. મુનિએ ધર્મદેશના આપી.

પ્રસંગ જાણી આમણે પણ કહ્યું, 'હે ભગવન્! ત્રણે લોકનું સ્વામિત્વ મળતાં પણ ન થાય તેવો આનંદ આજ અમને આપના દર્શનથી થયો. હે નાથ! તમારા મુખચંદ્રનું અવલોકન કરીને અને પદપંકજને નમન કરીને અમે અમારી જાતને અમૃત-સમુદ્રમાં જાણે કે ડુબેલી માનીએ છીએ. તો હે ભગવન્! કૃપા કરીને આનું કારણ અમને કહો.' એટલે ગુરુએ કહ્યું, 'હૃદયપૂર્વક ધ્યાન દઇને સાંભળો. જાતિમદથી ઉન્મત્ત એવા બ્રાહ્મણપુત્રો, શિયાળો, ગર્દભપુત્રો અને પછી વણિકપુત્રો રૂપે જન્મેલા તમે બન્ને, ચોરો દ્વારા મરાતા ગળે જીવ આવી ગયેલ એવી અવસ્થામાં મેં શીખામણ સાથે આપેલ પંચપરમેષ્ઠિનો મંત્ર સાંભળીને સંતોષપૂર્વક મરી ને રાજકુમારો રૂપે જન્મ્યા છો. એ કારણથી મને જોઇને તમને બન્નેને હે ભદ્રપુરુષો! આનંદનો અનુભવ થાય છે.'

આથી જેમને જાતિસ્મરણ જ્ઞાન થયું છે તેવા તે બન્ને તેમના ચરણમાં પડી કહેવા લાગ્યા, 'આપે જે કહ્યું તે સત્ય છે.'

એટલે ગુરુએ કહ્યું, 'તમે પહેલા પાપનું ફળ જોયું, હવે આ પંચપરમેષ્ઠિના નવકારના પુણ્યનું ફળ પ્રત્યક્ષ અનુભવશો. તો પુણ્યની વૃદ્ધિને માટે પ્રમાદરહિત થઈને પ્રયત્ન કરવો જોઈએ અને પુણ્ય-વૃદ્ધિનો ઉપાય છે-જીવોનો વધ વગેરે પાપકર્મોનો પરિત્યાગ, ક્રોધાદિ કષાયોનો નિગ્રહ, શબ્દાદિ વિષયોનો પરિહાર, મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિનો નિરોધ, દુર્દમ એવી ઇંદ્રિયોનું દમન, અવ્રતોનો સર્વથા ત્યાગ અને ચારિત્ર્ય-ગ્રહણ.'

ત્યારે વીરસેનનું પરાક્રમ જાગી ઊઠયું, વિશુદ્ધ ભાવના પ્રગટી, વિષય-તૃષ્ણાની નિવૃત્તિ થઇ, ચરણ-પરિણામની આવિર્ભૂતિ થઈ. એણે કહ્યું, 'ભગવન્! જનની-જનકને પૂછીને, તમારા ચરણોમાં પ્રવજ્યા લઈ, વહાણથી જેમ સમુદ્ર તેમ સંસાર તરી જવા ઈચ્છું છું.'

મુનિએ કહ્યું, 'દેવાનુપ્રિય! તને કોઇ વિઘ્ન ન હો.' પછી ગુરુને વંદન કરીને વીરસેન ચાલ્યો. વૈરાગ્યરંગ લાગ્યા વિનાનો શૂરસેન પણ ચાલ્યો. બન્ને ઘેર પહોંચ્યા. વીરસેને શૂરસેનને કહ્યું, 'વત્સ! તેં પણ ભગવંતના વચનામૃતનું પાન કર્યું છે. સંસારનું સ્વરૂપ જાણ્યું છે. શુભ અને અશુભ કર્મનું ફળ જાણ્યું છે. પૂર્વ જન્મમાં આપણે સાથે જ રહ્યા છીએ. તો સાથે જ ગુરુના ચરણોમાં દીક્ષા લઇએ.' શૂરસેને કહ્યું, 'ભાઈ! જે તમે કહ્યું તે સાચું, પણ પૂર્વજન્મોમાં કલેશની પરંપરા અનુભવીને આ રાજ્યસુખ મેળવ્યું છે. તો આપણે સાથે જ ભોગવીએ. કારણ કે, પુણ્યના ફળ રૂપે જ રાજ્ય, ઇચ્છિત કામિનીઓ, વિષય સુખ, સજ્જન-સમાગમ અને ઇચ્છિત ધનસંપત્તિ મળે છે. પાપનું ફળ એથી વિપરીત હોય છે. વળી, પુન્યથી આ હાથી, ઘોડા, રથ સાથેનું, નમન કરતાં સામંતો અને મંત્રીઓ સાથેનું રાજ્ય મળ્યું છે. લાવણ્ય, રૂપ અને યૌવનના મદથી વિહ્વળ, ખીલતી, મનોહર અને તીરછી આંખે જોતી લલનાઓ પુન્યથી જ પ્રાપ્ત થાય છે. સકળ ઇન્દ્રિયોને સુખદ, સંસારરૂપ વિષવૃક્ષના અમૃતફળ જેવું વિષયસુખ પણ પુણ્યવિના જગતમાં પામી શકાતું નથી. બીજાં બધા સુખો જેમાં સમાઈ જાય છે. એવું સજ્જન-સમાગમનું સુખ પ્રબળ પુણ્યથી જ મેળવાય છે. તો આપણે રાજ્ય ભોગવીએ, પ્રવર કામિનીઓ માણીએ, વિષયસુખ અનુભવીએ અને સજ્જનો સાથે સંગત કરીએ. મનવાંછિત વસ્તુઓ પ્રાપ્ત કરી, પુણ્યનું ફળ ભોગવી, પછી જે ઉચિત હોય તે સાથે જ કરીશું.'

વીરસેને કહ્યું, 'વત્સ! સ્વપ્નની માયાજાળ જેવો આ જીવલોક છે, રાજ્યનો અંત નરક છે, વિષયો પરિણામે રસવિનાના છે, યૌવન ક્ષણભંગુર છે, રમણીઓ દુર્ગતિમાં જવાની સીડીઓ છે, સંધ્યા સમયે પક્ષીઓને મળેલા વૃક્ષના જેવો સજ્જનોનો સમાગમ

છે, અકાળે મનોરથભંગ કરનાર અને જેને રોકી શકાય નહીં એવું મૃત્યુ બળવાન છે. સહેજ પણ કરેલા દુષ્કર્મનું ફળ દારુણ છે. તો મોહ છોડીને, સત્ત્વનું આલંબન લઇને, ઉદ્યમી બન, જેથી આપણે સાથે જ દીક્ષા પાળીએ, સાથે જ કર્મનો ક્ષય કરીને પરમ પદ પામીએ.'

શૂરસેને કહ્યું, 'ભૂખ્યાને મળેલી ખીર જેવું, તરસ્યાને રણમાં મળેલા ઠંડા પાણી જેવું, લાંબા સમયે મળેલું આ રાજ્ય છોડવા હું શક્તિમાન નથી. તમને જેમ યોગ્ય લાગે તેમ કરો.'

ત્યારે 'આ કઠણ કર્મવાળો છે કે જે ભવસાગર પાર કરવા માટેના તરાપા સમાન ગુરુ મેળવીને અને પુણ્યપાપનાં ફળ જાણતો હોવા છતાં પણ દીક્ષા લેતો નથી.' એમ વિચારતો **વીરસેન** પિતા સમીપે ગયો, ને પોતાનો મનોરથ કહ્યો. પિતાએ કહ્યું, 'વત્સ! તું ધન્ય છે. તારી સાથે હું પણ દીક્ષાગ્રહણ કરીશ.' એમ કહીને તેણે શૂરસેનને રાજ સોંપ્યું, જિનમંદિરોમાં પૂજા કરી, દીનજનોને દાન દીધું, કેદીઓને મુક્ત કર્યા ને સ્વજનોનું સન્માન કર્યું. શૂરસેને જેમના નિષ્ક્રમણનો મહોત્સવ ઉજવ્યો એવા **ચંદ્રસેન** અને **વીરસેને** ભાવદેવ-ગુરુ સમીપે દીક્ષા લીધી. પછી **ચંદ્રસેન** તીવ્ર તપશ્ચર્યા કરીને કર્મ-રાશિનો ક્ષય કરીને મોક્ષમાં ગયો, અને નીરતિચાર ચારિત્ર્ય પાળીને બ્રહ્મલોકમાં ગયો. પણ શૂરસેન રાજ્યના મોહમાં મૂર્છિત થઇને, બધી ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ થઇને, ઘોર હિંસામાં પ્રવૃત્ત થયો, મહા પરિગ્રહમાં રત થયો. તેણે આમિષ આહારનો ત્યાગ ન કર્યો, તે મદ્યપાનમાં આસક્ત બન્યો ને પરસ્ત્રીઓમાં લુબ્ધ થયો, જીવહિંસાદિ બધા દુષ્કર્મો કરી, મરીને ત્રીજી નરકભૂમિમાં ગયો. તેને પ્રતિબોધવા માટે **વીરસેન** દેવ અનુકંપાથી ત્રીજી નરકભૂમિમાં ગયો અને તેને કહેવા લાગ્યો, 'ભદ્ર! મને ઓળખે છે?' અતિ દુઃખથી પીડાતા નરકવાસી શૂરસેને કહ્યું, 'નાથ! પોતાના દેહની પ્રભાથી અંધકારના પૂરને બાળનાર, રત્નમય કર્ણપૂર સમાન તમને કોણ ન ઓળખે?' એટલે દેવે કહ્યું, 'બસ, બસ, એવા ઉપચારની કોઈ જરૂર નથી' એમ કહી પૂર્વભવનું સ્વરૂપ દેખાડયું. વિભંગજ્ઞાનથી પૂર્વવૃત્તાંત જાણી જઇને નારકીએ કહ્યું, 'ભદ્ર! તું તો પૂર્વભવનો ભાઇ **વીરસેન**!' દેવે કહ્યું, 'તેં ગયા જન્માં રાજ્ય છોડીને સંયમ ન લીધો તેથી આ નરકાગ્નિનું દુઃખ ભોગવે છે. જ્યારે મેં વિષયો છોડીને ગુરુ-વચનથી વ્રત પાળ્યું તો હું દિવ્ય ઋદ્ધિયુક્ત પંચમ કલ્પનો દેવ બન્યો.' ત્યારે નારકે કહ્યું, 'હા ભાઈ! મે મૂઢે ગુરુના અને તારાં હિતવચનો ગણકાર્યા નહીં તે મારા મનને અત્યારે બાળે છે, જે મેં જીવવધ કર્યા તેનાથી પવનથી હાલતા અસિવનના પત્રોના સમૂહથી કાન-નાક-હોઠ કપાયેલો એવો હું

ખંડિત બન્યો છું. મેં જે માંસભક્ષણ કર્યું તેના કારણે પરમાધર્મીઓ સાણુસીઓ દ્વારા ખેંચીને મારું જ માંસ મને આપે છે તે ખાઉં છું. વારવા છતાં દારૂનો સ્વાદ મે કર્યો, તો વૈતરણી નદીમાં ધગધગતું સીસું પીઉં છું. જે મેં અનુચિત જાણ્યા છતાં પરદારાનો સંગ કર્યો હતો, તેનાથી અગ્નિમાં તપાવેલી તાંબાની પુતળીને આલિંગન કરું છું. ચતુરંગ સેના સાથેના રાજ્યે મને નરકમાં પડતાં ન બચાવ્યો. તો હે બંધુ! એવા રાજ્યમાં વજ્ર પડો. આ વેદનાઓ સહન કરવા હું શક્તિમાન નથી, તો સેંકડો દુઃખોથી દાઝેલા મને કરુણા કરીને આ નરકમાંથી કાઢો.' દેવવડે તેને કાઢવામાં આવતાં જેમ ખોબામાંથી પારો સરી જાય તેમ સરકી જઈ વધુ દુઃખ પામ્યો. તેથી વિલાપ કરતો નારકી કહેવા લાગ્યો, 'હે ભાઇ! મને છોડી દે. મને બહાર કાઢવાથી વધારે દુઃખ થાય છે.' આથી દેવ તેને ત્યાં છોડી સમ્યક્ત્વનો ઉપદેશ આપી બ્રહ્મલોકમાં પાછો ફર્યો.

તો હે ભદ્રે! હું શૂરસેન જેવો નથી કે રાજ્યલોભથી નરકમાં પડું."

એટલામાં રત્નાવલીએ કહ્યું, 'અવિચારી કાર્ય કરનારને ખૂબ પસ્તાવો થાય છે. લોકો તેની નિંદા કરે છે. વરદત્ત એનું દૃષ્ટાંત છે.'

કુમારે પૂછ્યું, 'તે વરદત્ત કોણુ?' રત્નાવલીએ કહ્યું, "આકાશને આંબતાં અનેક દેવભવનોથી હિમાલયની શંકા કરાવતું, સકળ સંપત્તિનું મિલનસ્થાન અને આનંદદાયક એવું આનંદપુર નામે નગર હતું. ત્યાં તીક્ષ્ણ તલવારની ધારના પાણીથી દુશ્મન–પત્નીઓના આંખના કાજળને ધોઇ નાખનાર જનાર્દન નામે રાજા હતો. તેને ત્યાં બધા કામોમાં પૂછવા લાયક મહાજનનો મુખ્ય શેઠ અને પરોપકારના કામમાં તત્પર એવો વસુમિત્ર નામે શેઠ હતો. તેની નિર્મળ ગુણોથી શોભતી યશોમતી નામે ભાર્યા હતી. સકળ મનોરથો પૂરા કરતા એવા તેમનો સમય જતો હતો, માત્ર બાળક ન હોવાનું તેમને દુઃખ હતું. તેથી તેમણે દેવતાનું આરાધન કર્યું. દેવીએ વરદાન આપ્યું. તેના પ્રભાવે પુત્ર જન્મ્યો. વધામણા સાથે એનું વરદત્ત નામ પાડયું. શરીર અને કળાકારીગરીમાં વધતો તે યુવાન થયો. સરળ એવા તેને બાળપણથી જ પોતાના હૃદયસમીપ વધુ પ્રિય પણ કપટી એવો સાગરક નામે મિત્ર હતો.

કોઈ વખત પોતાના મહેલના ભોંયતળિયે પોતાની સખીઓ સાથે દડાથી રમતી એક કન્યા વરદત્તે જોઇ. એણે કહ્યું, 'મિત્ર! જો જો આશ્ચર્ય? ગોળ ગોળ ફરતી આ બાળા વસ્ત્રના છેડાને, હારને અને ચોટલા વલયાકારે ઘુમાવતી જાણે કે ત્રણ છત્ર રચતી હોય તેવી લાગે છે. અહો! એનું નિરુપમ રૂપ! અસામાન્ય લાવણ્ય! ખરેખર આ તો

યંત્રના પ્રયોગથી ચાલતી મણિ-શાલભંજિકાની લીલા ધારણ કરે છે. ખરે એના તેજથી આચ્છાદિત થયેલ નયનોવાળા [ ...............? ] પ્રજાપતિ બ્રહ્માએ બરાબર ન જોવાથી જ એને પોતાની પાસે નહીં રાખી લીધી હોય! તો આ કોની પુત્રી છે? કહે.'

મિત્રે કહ્યું, 'મિત્ર! અહીંના જ રહેવાસી અને પોતાના કુલરૂપી કમળને માટે સૂર્ય સમાન **બંધુદત્ત શેઠની બંધુમતી** નામે પત્નીની કુખે જન્મેલી આ **જિનમતી** નામે પુત્રી છે.'

તે કન્યાએ પણ અતિ-સૌભાગ્યના સાગરના તરંગ સમાન તીરછી આંખોના દૃષ્ટિ-પાતથી વરદત્તને જોયો. તેનો ભાવ જાણી જઈ સાગરક તેને ઘરે લઈ ગયો. ઘરનું બધું કામકાજ ભૂલીને તે જ મુગ્ધવદનાનું ચિંતન કરતો **વરદત્ત** તપેલ શીલા પર નાખેલા માછલાની જેમ તરફડતો અને દીર્ઘ નિશ્વાસ નાખતો પથારીમાં પડ્યો રહેવા લાગ્યો. તેની એવી અવસ્થા જાણીને તેના પિતાએ સાગરકને પૂછ્યું, 'વત્સ! વરદત્તની અસ્વસ્થતાનું કારણ તું જાણે છે?' તેણે બધું કહી દીધું. ત્યારે વસુમિત્રે બંધુદત્ત પાસે માગું કર્યું, 'મારા પુત્રને તમારી પુત્રી પરણાવો.' તેણે કહ્યું, એ યોગ્ય જ છે. તમારાથી ઉત્તમ બીજો કોણ હોય? પરંતુ મારે એવી પ્રતિજ્ઞા છે કે શ્રાવક ને જ પોતાની પુત્રી પરણાવવી' વસુમિત્ર પાછો ફર્યો. તેણે પુત્રને આ વાત કરી. તેણે પણ તે કન્યાને અર્થે મુનિપાસેથી શ્રાવકધર્મ સ્વીકાર્યોને ભાવપૂર્વક પાળવા લાગ્યો. બંધુદત્તે આ જાણ્યું. તેણે **જિનમતી** આપી. વિવાહ થયો. [ વરકન્યાને ] અન્યોન્ય વિશ્વાસ થયો. વિષયસુખ અનુભવતાં તેમનો સમય પસાર થવા લાગ્યો.

કોઇ વેળા **વરદત્ત** બહાર ગયેલો ત્યારે તેના ઘરે સાગરક આવી ચડ્યો. તેણે જિનમતીને કહ્યું, '**શબ્દદેવ** (?) શેઠની પુત્રવધૂ સાથે તારો પતિ એકાંતમાં જે મંત્રણા ચલાવે છે. તેનું શું પ્રયોજન છે તે તું કંઇ જાણે છે(?) સરળ સ્વભાવવાળી તેણે જવાબ આપ્યો, 'તમારો મિત્ર એ જાણે બીજા અંતરંગ એવા તમે જાણો.' સાગરકે કહ્યું, 'હું મંત્રણાનું કારણ જાણું છું. પરંતુ વણપૂછ્યે શા માટે કહું?' જિનમતીએ કહ્યું, 'હું પૂછું કે તેમાં શું છે?' સાગરકે કહ્યું, 'સુંદરિ! મારે તારું જે કામ છે તે જ કામ તેને તેનું છે.' ભાવાર્થ ન સમજતાં તેણીએ પૂછ્યું, 'મારું તમારે શું કામ છે?' તેણે કહ્યું, 'તે તારા પતિને મૂકીને કોઈ બીજા વિવિધ રસના ભોગી વિદગ્ધ પુરુષનું શું તારે કામ નથી?' તે સાંભળવું અસહ્ય એવું દુષ્ટ માગણીનું હીન વચન સાંભળીને કોપાયમાન થયેલી તેણે તિરસ્કાર પૂર્વક મુખ વાળીને કહ્યું, 'રે નિર્લજ્જ! અનાર્ય! આવું પાપ તેં વિચાર્યું કેવી રીતે! ધિક્કાર છે તારા જડત્વભરેલા ચરિત્રને. શું તું મારા પતિને પણ તારા

જેવો સમજે છે? તું ખરે જ મિત્ર રૂપે હળાહળ વિષ સમાન છે. તો પાપી ચાલ્યો જા. પાપીના દર્શનથી પણ પ્રચુર પાપ થાય છે.' આ પ્રમાણે ધિક્કારાતો તે તસ્કરની જેમ ત્યાંથી ભાગ્યો.

ગૌહત્યા કરનારની પેઠે મલિનમુખવાળા એવા તેને વરદત્તે જોયો. પૂછ્યું, 'શા કારણે તું ઉદ્વિગ્ન જેવો જણાય છે?' તે નિઃશ્વાસ નાખીને જાણે હિમાલય સમીપે જડતા નિમિત્તે હોય તેમ બોલ્યો, 'જીવને સંસારમાં ઉદ્વેગનું કારણ શું પૂછે છે? ન કહી શકાય અને ન પ્રકટ કરી શકાય તેવું અણચિંતવ્યુ, મનુષ્યને આ જગતમાં કંઈક આવી પડે છે. આમ કહેતા કપટપૂર્વક પ્રકટાવેલ અશ્રુજળના ઓઘથી ભરેલી આંખોવાળો તે અટકયો. એટલે વરદત્ત પણ આમ વિચારવા લાગ્યો, 'જેમ ધૂમાડાથી અગ્નિની જાણ થઇ જાય તેમ ધીરતાવાળો હોવાથી ન કહેવા છતાં આંસુના પૂરથી એના મનનો અતિ ઉદ્વેગ જાણી જવાય છે.' પછી તેણે કહ્યું, 'જો કહી શકાય તેવું હોય તો તારા ઉદ્વેગનું કારણ મને કહે. મને દુઃખમાં ભાગીદાર કરી તારું દુઃખ હળવું કર.' સાગરકે કહ્યું, 'મારા જીવન સમાન એવા તારી પાસે ન કહેવા જેવું મારે બીજું ય કંઈ નથી. તો પછી આ વાતમાં શું વિશેષ છે? પણ મિત્ર જાણે જ છે કે બધા દુઃખનું કારણ જેમ હિંસા છે અને અંધકારનું કારણ જેમ રાત્રિ છે તેમ અનર્થોનું કારણ સ્ત્રી છે.'

આથી વરદત્તે પૂછ્યું, 'મોટી ફેણુવાળી ને વાંકી ચાલવાળી નાગણીની જેવી અતિ વિષય વાસનાવાળી ને માયાવી ચરિત્રવાળી કોઈ સ્ત્રીએ શું તને સંકટમાં પાડ્યો છે?' એટલે બનાવટી લજ્જાવાળો સાગરક કહેવા લાગ્યો, 'મારા તરફ કામવિકાર દર્શાવતી જિનમતી ઘણા સમયથી મારી પાસે ગેરવ્યાજબી માંગણી કરે છે. પોતાની જાતે જ શરમાઇને આ મૂઢ કયારેક અટકશે એમ વિચારીને મેં આટલા સમય સુધી ઉપેક્ષા કરી. પણ દિવસે દિવસે અસતીને યોગ્ય એવાં વચનો મને કહી રહી છે, અટકતી જ નથી. અરેરે! મહિલાઓનો દુરાગ્રહ! આજે તને મળવા માટે તારા ઘેર હું ગયો કે અચાનક જ તક ઝડપીને જિનમતીએ રાક્ષસીની માફક મને ઝડપ્યો. તેની સખત પકડમાંથી જાળમાંથી જેમ હરણી છૂટે તેમ મુશ્કેલીથી છૂટીને ભયભીત હું અહીં આવ્યો. તો વિચારું છું કે આની પાસે જીવતાં તો મારો છૂટકો નહી થાય એટલે આત્મહત્યા કરું. એ પણ યોગ્ય નથી કે પેલી મિત્રને જુદું જ કહેશે અને મિત્ર પણ મારી ગેરહાજરીમાં તે બધું સાચુ માનશે અથવા આ બધું જેમ બન્યું તેમ મિત્રને કહું જેથી તેનો વિશ્વાસ કરી વિનાશ ન પામે. વળી એ પણ યોગ્ય નથી કે તેણીની આશા ન પૂરવા છતાં તેના દુશ્ચારિત્ર્યની જાહેરાત કરી ઘામાં મીઠું ભભરાવવું. આવી વિચિત્ર ચિંતાથી વ્યાકુળ ચિત્તવાળા મને તેં જોયો. હે મહાભાગ! મારા ઉદ્વેગનું આ કારણ જાણ.'

હવે તે પાપી મિત્રના વચનોથી ક્રોધથી ધમધમતો તે અવિચારી વરદત્ત પોતાને ઘેર ગયો ને પગ ધોવા સામે આવેલી જિનમતીનું નાક છરી વડે તેણે કાપી નાખ્યું, જેમ ધૂતારો થાપણ ઝૂંટવી લે તેમ. એટલે હાહાકાર થઇ ગયો. સ્વજનવર્ગ એકઠો થયો. બધા વરદત્તને કહેવા લાગ્યા, 'અરે પાપી! દયાહીન! કુળને કલંક લાગશે એ વિચાર્યા વિના, સ્વજનના સ્નેહને ગણકાર્યા વિના આ તેં બન્ને લોકમાં દુઃખ કરે તેવું કૃત્ય શા માટે કર્યું? આ સકળ ગુણવાળી જિનમતીમાં તો તલના ફોતરા માત્ર જેટલો ય દોષ ન હોય. કારણકે એનું કુળ નિષ્કલંક છે, રૂપ મનોહરી છે, વાણી મધુર છે, આચરણ વિનયથી ભરેલ છે, નજર પરપુરુષના દર્શનથી વિમુખ છે, લજ્જા સજ્જનોને ય શરમાવે તેવી છે, અને ચારિત્ર્ય શરદના ચન્દ્ર જેવું નિર્મળ છે.'

આ બાજુ રાજાના માણસો બનાવની જાણ થતાં વરદત્તને પકડીને રાજાપાસે લઈ ગયા. રાજાએ પૂછ્યું, 'ભાઈ! આ તારી ભાર્યાએ શું અપરાધ કર્યો છે કે જેથી રાજદરબારમાં જાણ કર્યા વગર તેં જાતે જ તેને સજા કરી?' વરદત્તે કહ્યું, 'દેવ! મારો સાગરક નામે મિત્ર છે. તે આનો અપરાધ જાણે છે.' રાજાએ કહ્યું, 'તો તેને લાવો.' તપાસ કરતાં ચોકીદારોએ ક્યાંક જંગલમાં નાસતા સાગરકને પકડ્યો, બાંધીને રાજા પાસે આણ્યો. રાજાએ પૂછ્યું, 'અરે દુરાચારી! આ સાધ્વીએ કયો અપરાધ કર્યો છે?' પણ ભયથી કંપતા ગાત્રોવાળો તે કંઇ બોલ્યો નહીં એટલે ચાબુકથી ફટકાર્યો. આથી જે હકીકત હતી તે તેણે કહી દીધી. ગુસ્સે થયેલ રાજાએ બન્નેને ગુનેગાર માની જેલમાં પૂર્યા. આ તરફ પતિતરફથી આવી અવસ્થા થઇ છતાં જિનમતીના હૃદયમાં તેના પ્રત્યે સહેજ પણ રોષ થયો નહીં. [કેમ કે] પીલાવા છતાં શેરડીના સાંઠા જેમ મધુર જ રહે તેમ કૂળવધૂઓ પણ પતિ તરફથી દુભવવામાં આવ્યા છતાં કલેશ કરનારી બનતી નથી.

જિન-પ્રવચનના વચનામૃતથી ભાવિત ચિત્તવાળી તે આમ કહેવા લાગી, 'મારાં જ ભવાંતરના કર્મનું આ ફળ છે. કારણ બધા પૂર્વે પોતે કરેલા કર્મના ફળ પામે છે, અપરાધમાં કે ફાયદામાં માત્ર નિમિત્ત જ બીજું કોઈ બને છે. મારું નાક કપાવા છતાં મને એનું જરાય દુઃખ નથી. કર્માધીન જીવો કયા કયા અપમાનો પામતા નથી? પરંતુ મારા શીલના કલંકની સંભાવનાથી નિર્મળ જૈન ધર્મની લઘુતા થાય છે તેનું મોટું દુઃખ છે.' આ પ્રમાણે બોલતી તે ઘર દેરાસરમાં જિનપ્રતિમા સમક્ષ જઈ એકાગ્ર મને કાઉસ્સગ્ગ કરવા લાગી.

પછી જિનમતીના શીલથી પ્રસન્ન થયેલ શાસનદેવીએ તરતજ તેની નાસિકા પૂર્વવત્ સારી કરી દીધી. આકાશમાંથી કુસુમવૃષ્ટિ થઈ અને દેવદુંદુંભિ વાગવા લાગ્યા. જેમાં

જિનમતી જેવી સતી છે. તેવું જિનશાસન જય પામો.' એમ જિનમતીના સતીપણાની અદ્‌ભુત વાત સાંભળીને સ્વયં આવીને રાજાએ તેની પ્રશંસા કરી, 'જેના ઉત્તમ શીલરત્નનો આવો પ્રભાવ છે એવી તું ધન્ય છે, કૃતકૃત્ય છે. તારો મનુષ્ય જન્મ સફળ છે.

પછી જિનમતીએ બે હાથ જોડી રાજાને વિનંતી કરી 'મારા પતિ તથા તેના મિત્રને મુક્ત કરો.' રાજાએ તેમને મુક્ત કર્યા.

પછી પાશની જેવા ગૃહવાસને ત્યજી, વિષયવિમુખ બની, દીક્ષા લઈ, તીવ્ર તપ કરી જિનમતી સદ્‌ગતિ પામી.

લોકોમાં નિંદાતો ને કોઇને ય મુખ બતાવવા માટે અશક્ત વરદત્ત પશ્ચાત્તાપથી બળતો દિવસો કાપવા લાગ્યો.

એમ તમે પણ પ્રિયતમ! અતિ અનુરાગ ધરાવતી અમને એકાએક ત્યજીને પ્રશ્ચાત્તાપનો અનુભવ ન કરશો.'

કુમારે કહ્યું, 'આ સ્ત્રીઓ એટલે વિવેક રૂપી રાજહંસને માટે વાદળાની હાર, ધર્મરૂપી ધનની ચોરનારીઓ, દોષરૂપ સાપના કરંડીયાઓ, મોહરૂપી અંધકારવાળી રાત્રીઓ કદાગ્રહરૂપ મગર માટે સાગરની ભરતીઓ, મોક્ષરૂપી નગરીના દ્વારના આગળાઓ ને દુર્ગતિરૂપી નગરીની સીધી સીડીઓ છે. સ્ત્રીઓના ગહન ચરિત્રને દેવગુરુ બૃહસ્પતિ પણ સમજી શકતા નથી. જયવર્માની જેમ ડાહ્યો માણસ જોઇને અને સાંભળીને વિશ્વાસ કરે છે.' રત્નાવલીએ પૂછ્યું, 'નાથ! જયવર્મા કોણ?'

કુમારે કહ્યું, "ધાતકી ખંડના ભરત ક્ષેત્રમાં ગગનમાર્ગને આંબતા સ્ફટિકના મહેલોથી વિશાળ એવું લક્ષ્મીપુર નામે નગર છે. જેના હાથમાં યુદ્ધવેળાએ વિજયલક્ષ્મીના કસ્તુરીતિલક જેવી શ્યામકાંતિવાળી તરવાર શોભતી હતી તેવો જયવર્મા ત્યાં રાજ્ય કરતો હતો. એક વખત તે સુખચેનથી બેઠો હતો ત્યારે પ્રશસ્ત શાસ્ત્રોથી જેમની બુદ્ધિ સંસ્કારવાળી બની છે તેવા વિદ્વાનો આવ્યા અને તેની સાથે ગોષ્ઠી કરવા લાગ્યા. રાજાએ પૂછ્યું, 'ગહન શું છે?' તેમણે જવાબ આપ્યો 'સ્ત્રી–ચરિત્ર. કારણ–બુદ્ધિમંતો સાગરના જળનું પ્રમાણ જાણી શકે છે, મેરુપર્વતનું માપ જાણી શકે છે, ત્રણે લોકની રચના જાણી શકે છે, [ પરંતુ ] સ્ત્રીઓનું ચરિત્ર જાણી શકતા નથી.' રાજાએ વિચાર્યું, 'સ્ત્રીઓમાં કઈ શક્તિ, કયો ઉદ્યમ, કયું સાહસ છે કે જેથી આ વિદ્વાનો આ પ્રમાણે બોલે છે? મારે આજ કોઈ સ્ત્રીનું ચરિત્ર જોવું જોઇએ.' આમ વિસ્મિત મનવાળો તે રાતે અંધારપછેડો

ઓઢીને પહેરેગીરોની નજર ચૂકવીને ઘરબહાર નીકળ્યો. તેણે અગ્નિવર્મા ભટ્ટના ઘેર જઇને વેદનો ઉચ્ચાર કર્યો. ભટ્ટે પૂછયું, 'ભાઈ! શું જોઇએ?' રાજાએ કહ્યું, 'હું દેશાંતરથી આવેલ બ્રાહ્મણ છું. મારે રહેવાની જગ્યા જોઇએ છે.' ભટ્ટે કહ્યું, 'અહીં જગ્યા નથી.' રાજાએ કહ્યું, 'તમને ઉત્તમ બ્રાહ્મણ જાણીને બ્રાહ્મણ હોવાથી હું આવ્યો છું. બ્રાહ્મણો શુદ્રને ઘરે તો ઉતરે નહીં.' ભટ્ટે કહ્યું, 'જો એમ છે તો કોટડીમાં રહો.' રાજા ત્યાં રહ્યો.

એવામાં ભટાણીએ ભટ્ટને કહ્યું, 'તમારા ભાઈને ઘેર આજ છઠ્ઠી છે. ત્યાં પૂજાની સામગ્રી આપીને હું આવું છું, તો ત્યાં સુધી છોકરાને રાખજો.' ભટ્ટે કહ્યું, 'તું જલ્દી પાછી નહીં આવે અને છોકરો રડશે ને મને હેરાન કરશે. તો છોકરાને લઇને જા.' ભટાણીએ કહ્યું, 'ત્યાં એને કેવી રીતે રાખું? છોડીને જાઉં તો તરત આવીશ.' આમ પુત્ર ભટ્ટને સોંપીને ભટાણી બહાર નીકળી. 'લાવ હવે સ્ત્રીચરિત્ર જોઉં' એમ વિચારી રાજા પણ તેની પૂંઠે પડ્યો. ભટાણી બજારમાં પહોંચી ત્યાં તેને કોઈ પૂર્વસંકેતવાળો યુવાન મળ્યો. તેણે પૂછયું, 'બનીઠનીને કયાં ચાલી?' તેણીએ કહ્યું, મારા દિયરને ઘેર વધામણા માટે જાઉં છું. તરત આવું છું. તું અહીં જ રાહ જો.' રાજાએ વિચાર્યું, 'હવે આનું ચરિત્ર જોઉં.' એમ ત્યાં જ અટકયો. યુવક પણ રાહ જોતો ઊભો હતો તેટલામાં તેણી આવી પહોંચી. યુવાને પૂછયું, 'રતિસુખ કયાં માણવું છે?' તેણીએ કહ્યું, 'મારા ઘેર જઇને તું રાતવાસો માંગજે, જેથી ત્યાંજ નિર્વિઘ્નપણે રતિસુખ માણીશું.' જુવાન ચાલ્યો. વેશપરિવર્તન કરીને તેની પાછળ ભટાણી ચાલી. રાજા પણ આશ્ચર્યચકિત થતો તેમની પાછળ ચાલ્યો. યુવાને વેદપાઠ કરીને ભટ્ટને અવાજ કર્યો, 'આ મારી ઘરવાળી મેં સહેજ શીખામણ દીધી એટલામાં રીસાઇને છોકરાને મૂકીને ઋષભપુરથી અહીં આવી. હું પણ પાછળ પાછળ આવી પહોંચ્યો. આવતાં આવતાં અમને અંધારુ થઈ ગયું. તો અમને રાતવાસો કરવા દો. તમેય બ્રાહ્મણ છો અને હું ય બ્રાહ્મણ છું એટલે આ યોગ્ય છે. બે પહોર રહીને અમે પોતાને શહેર ચાલ્યા જઈશું.' આ પ્રમાણે કહેવાતાં 'તમે રાંધણિયામાં રહો' એમ ભટ્ટે કહ્યું, એટલે બન્ને તેમાં પ્રવેશ્યા.

અડધી રાતે બાળક રોવા લાગ્યો. યુવાને પૂછયું, 'ભટ્ટજી! આ બાળક કેમ રોવે છે?' ભટ્ટે કહ્યું, 'એની મા દિયરના ઘરે ગઇ છે. મેં વારી તોય ન અટકી. આ ભૂખ્યો થયો હોઇ રોતો અટકતો નથી. તે પણ પાછી ન આવી. હું શું કરું?' યુવાને કહ્યું, 'મારી બ્રાહ્મણીએ દિકરાને ઘરે મૂકયો છે. તો તમારા દિકરાને લાવો, ધવરાવશે એટલે સુખે સુઇ જશે.' ભટ્ટે છોકરો સોંપ્યો. સ્તનપાન કરાવીને ભટ્ટને પાછો સોંપ્યો, એટલે છોકરો અને ભટ્ટ બન્ને સુઇ ગયા. પેલા બન્ને પણ ક્રીડા કરીને પ્રભાતે 'ભટ્ટજી! અમે ઋષભપુરવાળા

મહેમાનો જઈએ છીએ.' એમ કહી બારણા બહાર ગયા. યુવાન ચાલ્યો ગયો. ભટાણી ફરી પૂર્વવત્ વેશ પહેરીને પાનબીડાનો થાળ હાથમાં લઈ ઘરે આવી. ભટ્ટ ગાળો આપવા લાગ્યો, 'રાંડ! રાતે કેમ ન પાછી આવી? તારા દિકરાએ મને હેરાન કર્યો.' તે કહેવા લાગી 'આજ તેં કોઇ રાંડ આણી'તી જેથી અહીં કરમાયેલી વેણીને ફૂલની માળા દેખાય છે? અને ખાટલો ય ઢાળેલો છે? હું ઘરબહાર ગઇ એટલીવારમાં તું જાર બની ગયો! રાજા પાસે તારું ચરિત્ર જાહેર કરીશ. કેવી રીતે શ્રાદ્ધની દક્ષિણા મેળવીશ?' આ પ્રમાણે આક્રોશ કરવાથી ભટ્ટ બહાર ચાલ્યો, કૂવા તરફ ગયો.

આ તરફ રાજા ભટાણી પાસે આવ્યો અને પૂછ્યું, 'ભટાણી! જયવર્મા રાજાને જાણે છે? તેણે કહ્યું, 'જેના નગરમાં વસું છું એ સમગ્ર જગતમાં પ્રસિદ્ધ એવા જયવર્મા રાજાને હું ન જાણું?' રાજાએ કહ્યું, 'તો એ હું છું.' તેણે પૂછ્યું, 'તો તમે આવો વેશ કેમ ધારણ કર્યો છે?' રાજાએ કહ્યું 'સ્ત્રીચરિત્ર જાણવા માટે.' તેણે પૂછ્યું, 'કેવું ચરિત્ર?' રાજાએ કહ્યું, 'તારા જેવું.' પછી પુરાવા સાથે રાતનો સઘળો બનાવ કહ્યો. તેથી ક્ષણ એક શરમ અને ભયથી વિહ્વળ થઈ અટકી પછી અટ્ટહાસ્ય કરી તેણીએ રાજાને કહ્યું, 'સ્વામિ! મારું વળી કેવું ચરિત્ર? તારા નગરમાં એવી સ્ત્રીઓ વસે છે જેના પગમાં બાંધેલીય હું ન શોભું!' રાજાએ કહ્યું, 'તો એક તો મને કહે.' એટલે તેણી કહેવા લાગી, "અહીં લોકોના મનોરથ પૂરનાર મનોરથ નામે શેઠ હતો. તેને કમળપત્ર જેવી વિશાળ આંખોવાળી લક્ષ્મી નામે ભાર્યા હતી. ચાર પુત્રો ઉપર તેને સેંકડો માન્યતા પછી જન્મેલી, સુરસુંદરીના રૂપને ય હરાવે એવા રૂપવાળી સુંદરી નામે પુત્રી હતી. પરણાવ્યા સાથે જ તેનો પતિ મૃત્યુ પામ્યો. શેઠે કહ્યું 'પુત્રી! સંસાર આવો જ છે. દેવો અને રાક્ષસો પર પણ મૃત્યુનો પ્રભાવ અનિવાર્ય છે. તો તારે ખેદ ન કરવો. કંઇ કામ કર્યા વિના તું મારા ઘેર જ રહે.' પેલીએ એ સ્વીકાર્યું.

એક વખત ગોખમાં ઊભેલી તેણે વિશિષ્ટરૂપ અને વેશવાળો વિશાળ છાતીવાળા કામપાલ નામે દેશાંતરથી આવેલ રાજપુત્રને રાજમાર્ગે જતો જોયો. પ્રત્યક્ષ કામદેવના સંભ્રમથી તેના તરફ કુસુમમાળા ફેંકતી હોય તેમ કટાક્ષશ્રેણી ફેંકી. એટલામાં બંદિજને ગાયું, 'જેના અતિશય રૂપને જોઇને અમરાંગનાઓ ખરેખર મૃત્યુલોકને ચાહે છે એવો, વિજયલક્ષ્મીનો સંગી, બંગદેશના અધિપતિ ભુવનપાલનો પુત્ર કામપાલ જય પામો.'

શ્રેષ્ઠિપુત્રીએ આ સાંભળ્યું અને જાણ્યું કે આ બંગદેશના રાજાનો પુત્ર કામપાલ છે. રાજકુમારે પણ અનુરાગભરી નજરે તેને નીરખી, ને તેનું જ ચિંતન કરતો કામજ્વરમાં ઘેરાઈ પોતાના આવાસે ગયો. શ્રેષ્ઠિપુત્રી પણ કામપરવશ થઈ અત્યંત અસ્વસ્થ બની ગઇ.

શેઠ મુંઝાઈ રહ્યો હતો એવામાં ભિક્ષાર્થે કોઈ પરિવ્રાજિકા આવી. શેઠે એને કહ્યું, ભદ્રે! મારી પુત્રી અસ્વસ્થ થઈ છે તેને સાજી કર. તેણે જવાબ આપ્યો, ' જોઉં!' પછી તેણીની પાસે જઇને તેને મદનવિકારવાળી જોઇને એણે કહ્યું, ' ભદ્રે! તારા શરીરની અસ્વસ્થતાનું કારણ સમજાયું. તો સાચું કહે તો તને તેની પ્રાપ્તિ કરાવું ' તેણે પણ ' બીજો કોઈ ઉપાય નથી ' એમ વિચારી સાચી વાત કહી. આણે કહ્યું, ' તું ખેદ ન કર. રવિવારે સૂર્યમંદિરમાં સૂર્યપૂજાના બહાનાથી તેની સાથે તારો સમાગમ કરાવીશ. ' એમ કહી પરિવ્રાજિકા ઊઠી. શેઠને કહ્યું, ' મેં કેટલોક રોગ દૂર કર્યો છે. સંપૂર્ણ તો રવિવારે સૂર્યપૂજાથી દૂર થશે. ' પછી તે રાજકુમારના નિવાસે ગઇ. તેના નોકરોએ કહ્યું, ' ભગવતી! તમે કંઈ જાણો છો? ' તેણે કહ્યું, ' બધું હું જાણું છું. કામ કહો. ' તેઓએ કહ્યું, ' અમારા સ્વામી રાજકુમાર એકદમ અસ્વસ્થ છે. તો તેમને સાજા કરો. ' ' કરું ' કહેતી તેને રાજકુમાર પાસે લઇ જવામાં આવી. ' એકાંતમાં તેણે કહ્યું, ' રાજકુમાર! તું શ્રેષ્ઠિપુત્રીના દર્શનથી વ્યાકુળ મનવાળો છે. છિદ્રાન્વેષી કામદેવે તને ઠગ્યો છે. ' ' ભગવતી! કેવી રીતે આ જાણ્યું? અથવા તપસ્વીજનો દિવ્યજ્ઞાનરૂપી ચક્ષુવાળા હોય છે. તો તમે જ સ્વસ્થતાનો ઉપાય વિચારો. ' તેણે કહ્યુ, ' મે ઉપાય વિચારેલો જ છે. સૂર્યમંદિરે જા. ત્યાં તેની સાથે મિલન થશે. '

હવે સ્વજનોથી વીંટળાયેલી શ્રેષ્ઠિપુત્રી સૂર્યમંદિરે ગઈ. સૂર્યપૂજા કરી પાછી ફરતી તેને ત્યાં આવેલા રાજપુત્રે બાહુપાશમાં પકડી. એણે પોકાર કર્યો, ' મને પરપુરુષે સ્પર્શ કર્યો. હવે અગ્નિવિના મારી શુદ્ધિ નથી. લાકડાં લાવો. ' તેના પિતાએ મુશ્કેલીથી રોકી. ઘરે પાછી ફરી. તે જ રાત્રિએ રાજકુમારને લઇને પરિવ્રાજિકા આવી પહોંચી. બન્નેનું મિલન થયું. ' છ કાને ગયેલું રહસ્ય ફૂટી જાય ' એમ વિચારી સુતેલી પરિવ્રાજિકાને જૂના કપડાંથી ઢાંકીને ઘર સળગાવીને બન્ને બહાર નીકળીને રાજકુમારના નિવાસે ગયા.

બળી ગયેલી પરિવ્રાજિકાને પુત્રી સમજતો શેઠ વિલાપ કરવા લાગ્યો, ' હા પુત્રી! પરપુરુષના સ્પર્શથી દુ;ખી થઇ તેં અગ્નિ માંગ્યો. મેં ન આપ્યો, તો તેં જાતે જ હાથ કરી લીધો. ' તેની ઉત્તરક્રિયા કરી અસ્થિ તીર્થસ્થળે મોકલ્યા.

કેટલાક દિવસ જતાં રાજપુત્રનું ધન પણ ખૂટી ગયું. તેણે શ્રેષ્ઠપુત્રીને કહ્યું, ' ભદ્રે! આપણે ચારે દેશ જઇએ. ' તેણે કહ્યું, ' ત્યાં જવાની શું જરૂર છે? અહીં જ શેઠ બધું પૂરશે. તું શેઠની દુકાને જા, મોંઘી સાડી કિંમત ચૂકવીને લેવાનું કહે. ' તે ત્યાં ગયો ને કહ્યા પ્રમાણે કર્યું. સાડી માગીને પત્નીને જોવા માટે લઇ ગયો. તેણીએ ' ગમતી નથી ' કહી રાખી નહીં. આમ બે ત્રણવાર કર્યું. એટલે શેઠે કહ્યું, ' તમારી પત્નીને જ અહીં લાવોને, ટાંટિયા શા માટે ઘસો છો? ' તે આવી. તેને જોઈને શેઠ બોલ્યો, ' રાજપુત્ર!

મારી પુત્રીને જ્યારે તેં સ્પર્શ કર્યો ત્યારે મને ખૂબ જ ગુસ્સો આવેલો, પણ તું રાજપુત્ર છે જાણી કંઈ બોલ્યો નહીં.' રાજપુત્રે કહ્યું, 'મેં આ મારી ભાર્યાને સ્પર્શ કરેલ નહીં કે તમારી દિકરીને.' શેઠ બોલ્યો, 'આ મારી દિકરી કેમ ન હોય?' રાજપુત્રે કહ્યું, શેઠ તમે પ્રેમઘેલા લાગો છો! યાદ નથી કે તમારી દિકરી બળી મરી છે?' શેઠે કહ્યું, 'સાચું. સરખાપણાને લીધે હું મુંઝાયો. તો પણ દિકરીની જેવીજ માનીને હવે આને મારી દિકરી તરીકે સ્વીકારું છું. તો તારે જ જોઇએ તે મારી દુકાનમાંથી લઈ લેવું."

આમ બ્રાહ્મણીનું ચરિત્ર જોઈને અને શેઠની દીકરીનું ચરિત્ર સાંભળીને જયવર્મા રાજાએ મનમાં નક્કી કર્યું કે સ્રી-ચરિત્ર ગહન છે. સ્રીઓમાં અવિશ્વાસ કરતો તે વૈરાગ્યથી રંગાઇ શીલંધર ગુરુ પાસે ગયો, વ્રતગ્રહણ કર્યું અને કાર્યસિદ્ધ કર્યું."

તો ભદ્રે! સ્રીચરિત્ર ગહન છે એમ જાણુ તો હું પણ કેવી રીતે સ્રીઓમાં આસક્તિ રાખુ.?'

એવામાં લીલાવતી બોલી, 'નાથ! તમે વ્રતગ્રહણ તો કરવા માગો છો પુણ્યોપાર્જન કાજે. અને પુણ્યોપાર્જન સકળ મનહર પદાર્થ-સંપત્તિ નિમિત્તે કરવામાં આવે છે. તે તો તમારે એમ જ મળેલી છે-વિચાર્યા સાથે જ મનવંછિત પદાર્થ જ્યાં હાજર થાય છે એવો પ્રશસ્ત રાજકુળમાં જન્મ, મનોહર આરોગ્ય, સકળ કલાકલાપના નિવાસસ્થાન જેવો રતિપતિના રૂપને શરમાવે એવા રૂપવાળો દેહ, યુવતીઓના લોચનો વડે પીવાતા લાવણ્યના મદથી ભરપૂર યુવાની, અનુકૂળ ચિત્તવાળા વડીલો તથા મોટા રાજકુળોમાં જન્મેલી ગાઢ અનુરાગવાળી વિનયી ભાર્યાઓ, આવા પુણ્યથી પામી શકાય તેવા પ્રશસ્ત પદાર્થો તમને મળવા છતાં હજી પુણ્યોપાર્જન કરવાનું કહો છો તે લોભ છે. અને વિદ્વાન પુરૂષે અનર્થ પરંપરાના મૂળ જેવા લોભને ત્યજવો જોઇએ. લોભથી ઘેરાયેલો માણસ કાર્યશેઠની જેમ નાશ પામે છે.' કુમારે પૂછ્યું, 'એ કાર્ય શેઠ કોણ?

લીલાવતી બોલી —

"અનેક વાવ-કૂવા-સરોવર-ઉદ્યાનોથી શોભતું રાજપુર નામે નગર હતું. તેમાં અર્થોપાર્જનમાં ઉદ્યમી અને પારકાના કામ કરનારો કાર્ય નામનો શેઠ હતો. તેને લજ્જાળુ સ્વભાવલાળી અને નિષ્કલંક એવી વજા નામે ભાર્યા હતી. સંસારસુખ ભોગવતા તેમને મોહન, સોહન, મલ્હણ, અને પલ્હણ નામે ચાર પુત્રો થયા. કળાકારીગરી શીખીને યુવાન થયા એટલે તેમને મોટા કુળમાં જન્મેલી લક્ષ્મી, ગૌરી, રતિ, અને રંભા નામે વણિકકન્યાઓ સાથે પરણાવવામાં આવ્યા.

તે શેઠના ઘેર થાવરક નામે કહ્યા મુજબ કરનારો નોકર હતો. એક વાર શેઠે તેને કંઈ કામે મોકલ્યો. પાછા આવતાં તેને ખૂબ વાર લાગી, મધરાત થવા આવી ત્યારે પાછો ફર્યો. બારણા ઉઘડાવવા માટે તેણે ઘરના માણસોને ઘણા સાદ પાડ્યા. પણ નિદ્રાવશ થવાથી કોઇએ બારણું ખોલ્યું નહીં, એટલે બારણા પાસે જ પડેલી એક મોટી, પોલી લાકડાની પાટના પોલાણમાં પ્રવેશીને સૂઈ ગયો. તે ઊંઘે તે પહેલાં જ અન્યોન્ય વાર્તાલાપ કરતી સ્ત્રીઓનો અવાજ તેણે સાંભળ્યો. એટલે 'શું આ પાતાળપ્રદેશથી કંટાળેલી નાગકન્યાઓ છે ? કે ગગન-ગમનવિદ્યા ભૂલી ગયેલી વિદ્યાધરીઓ નીચે પડી છે ? કે પછી કોપાયમાન ઇન્દ્રના શાપથી ભ્રષ્ટ થયેલી દેવાંગનાઓ આવી છે ?' એમ ચકિત મનવાળો તે જ્યાં બરાબર તપાસે ત્યાં તો અલંકારોના રત્નોથી તિમિરસમૂહને હણતી, સઘન કસ્તુરીથી લેપન કરાયેલ અંગોવાળી, કપૂર નાખેલા પાનબીડાથી દિગંતને સુવાસિત કરતી, સુવર્ણના કંકણ-સમૂહને રણકાવતી, કંદોરાની ઘુઘરીઓને ખણકાવતી ને મધુર સ્વરે નૂપુર ઝણકાવતી ચારે વિશિષ્ટ પુત્રવધૂઓને જોઇ.

લક્ષ્મી બોલી, 'સખી ગૌરી ! આજ તું પાટ ઉચક.' બાકીની ત્રણે પાટ ઉપર બેસી ગઈ એટલે ગૌરીએ પાટ ઉપાડી. આકાશ માર્ગે જતી પાટ સમુદ્ર ઉપર આવી પહોંચી. સમુદ્ર પણ તેમના રૂપથી લોભાયેલ ચિત્તવાળો જાણે કે બાહુ ફેલાવતો હોય તેમ શોભતો હતો. આભને અડતાં મોજાઓ વડે જાણે જોતો જણાતો હતો, પ્રગટતા પ્રચુર ફીણના ઢગલાઓથી જાણે દાન કરી કૃતકૃત્ય થયો હોય તેવો શોભતો હતો, ચમકતા મોતીઓના સમૂહ દ્વારા જાણે આ મને ઓળંગીને ચાલી એમ વિલખો બની મહાઘોષથી જાણે તિરસ્કાર કરતો હતો. તેઓ પણ લક્ષ્મીના સુવર્ણકંકણ સમાન સુવર્ણદ્વીપના કનકપુર નામે નગર પહોંચી. પાટને નગર બહાર મૂકી તેઓ નગરમાં ગઈ. થાવરક પાટમાં જ છુપાઇ રહ્યો. સોનાના કિલ્લાની નજીક સોનાની ઇંટોના ટૂકડા તેણે જોયા, પણ બીકના લીધે લઇ શકયો નહીં.

પેલી પણ બધી સ્વચ્છંદે ક્રીડા કરી પાછી ફરી, પાટે બેસી આવી હતી તેમજ પોતાને નગર પાછી પહોંચી ને પાટ તેના ઠેકાણે મૂકી ઘરમાં પ્રવેશી. તેમની બીકથી આવી અદ્ભુત વાત પણ કોઇને કહેવાની થાવરકને હિંમત ન થઈ અને તે મુશ્કેલીથી થોડાક દિવસ તો મુંગો રહ્યો. પછી હિંમત કરીને પોતે જે જોયું હતું તે બધું શેઠને ખાનગીમાં તેણે કહી દીધું. શેઠે કહ્યું, 'અરે થાવરક ! ત્યાં ગયો છતાં તે સોનાની ઈંટોના ટૂકડા તું કેમ ન લઈ આવ્યો ?' તેણે કહ્યું, 'વહુઓની બીકે હું પાટમાંથી બહાર નીકળી શકયો નહીં.' શેઠ બોલ્યો, 'અરે અકર્મી ! કાયરોના સરતાજ ! તું જો, હું ત્યાં જઇને તે લઈ આવીશ. પણ તું ચુપ રહેજે.'

બીજે દિવસે શેઠે પત્નીને કહ્યું, 'હું ગામ જાઉં છું, મારે માટે જરૂરી ભાતું તૈયાર કર.' તેણે ભાતું કરીને આપ્યું એટલે શેઠ ઘેરથી નીકળ્યો, બહાર દિવસ પસાર કરીને રાત્રે છાનોમાનો આવી પાટમાં પેસી ગયો. વહુઓ પણ શણગાર સજી પાટ પાસે આવી. લક્ષ્મી બોલી, 'સખી રંભા! આજ તારો વારો છે. તો તું પાટ ઉપાડ.' બાકીની ત્રણે ચડી. પહેલાંની જેમ પાટ કનકપુર પહોંચી. પાટ બહાર મૂકી તે બધી નગરમાં અંદર ગઈ. શેઠ લોભનો માર્યો બહાર નીકળીને સોનાની ઇંટોના ટૂકડાથી પાટનો અંદરનો ભાગ ભરવા લાગ્યો. તે બધી પણ રમીને પૂર્વવત્ ત્યાંથી પાછી ચાલી. ત્યારે ખૂબ વજન જણાતાં રંભા બોલી, 'સખીઓ! આજ કોઈ કારણે પાટ ઉચકવી મારે માટે મુશ્કેલ જણાય છે. તો આકાશમાં ઊડવા માંડો, પાટને હું દરિયામાં પધરાવું છું.' આ સાંભળી શેઠે રાડ પાડી, 'વહુઓ! એવું પાપ ના કરતા. નહીં તો હું તમારો સસરો કાર્ય આમાં મરાઈ જઈશ.' આમ વિનવણી કરતો અને દીનપણું દાખવતો છતાં 'અમારું ચરિત્ર જાણી ગયો છે' સમજી સસરાને તેમણે દરિયામાં ફેંકી દીધો. પછી વહુઓ પ્રભાતમાં પોતાને ઘેર આવી પહોંચી. પોતપોતાના કામે કાર્ય શેઠને મળવા માણસો આવવા લાગ્યા. કાર્યને ન જોતાં 'કાર્ય આવે ત્યાં સુધી અમે અહીં બેસી રાહ જોઈએ છીએ' એમ વિચારી પાટ પાસે જતાં પાટને પણ ન જોતાં તે બોલે છે 'અરે! કોઈ કારણસર આજ કાર્ય પણ નથી અને પાટ પણ દેખાતી નથી.'

તો જો કાર્ય શેઠ ઘરમાં ભરપૂર વૈભવસામગ્રી હોવા છતાં અતિલોભ ન કરત તો નાશ ન પામત.

એમ તું પણ પ્રિય! લોભવશ થઈને વ્રતગ્રહણ ન કરીશ. વ્રતગ્રહણથી જે મેળવવાનું છે તેમાં તારે શું ઓછું છે? વળી, પુરુષનું વ્રત તો એ છે કે સ્વજનવર્ગનો ઉદ્ધાર કરવો. માથું મુંડાવવાનું વ્રત તો કાયરો જ કરે. સ્વજનોએ દેવતાઓનું આરાધન કરીને સેંકડો માનતાઓ માની તને મેળવ્યો છે તો તેમના મનોરથ કેમ નથી પુરતો?"

કુમારે કહ્યું, 'લાંબા સમય સુધી ઉપકાર કર્યો હોય ને લાંબા સમય સુધી પાળ્યા-પોષ્યા હોય તો પણ સ્વજનો માણસને મૃત્યુથી બચાવવા સમર્થ નથી. અત્યંત કરુણા શબ્દ કરતો માણસ એકલો જ મોતના મોઢામાં જાય છે. તેણે કરેલા સઘળા ઉપકાર ભૂલીને સ્વજનો અહીં જ રહી જાય છે. સ્વજનોને કાજે માણસ અનેકવિધિ પાપો કરે છે પણ નરકની ગુફામાં તે એકલા પાપના ફળ ભોગવે છે. ચોરાશી લાખ યોનિઓમાં ફરતાં જીવોને સાચી રીતે જોઈએ તો બધા જીવો બંધુ જ છે. એક જીવના બીજા જીવનની સાથેના પરસ્પરના સંબંધો અનંતરૂપે સંભવે છે. અનેક જન્મમાં જીવના બીજા જીવ સાથેના જે

સંબંધો બને છે તે આશ્ચર્ય નથી, આશ્ચર્ય તો એક જ જન્મમાં એવા સંબંધો થાય છે તે છે. આ બહુ જાતના સંબંધોના વિષયમાં કુબેરસેના, કુબેરદત્ત અને કુબેરદત્તાનું દૃષ્ટાંત જિનભગવંતોએ આપેલું છે.'

લીલાવતી બોલી, 'નાથ! કુબેરસેના કોણ? ને કોણ કુબેરદત્ત?'

કુમાર કહેવા લાગ્યો—

"ઉદ્દામ યૌવનધારી કમનીય કામિનીઓના વૃંદના વિહારથી મધુર અને પરચક્રના ભયથી મુક્ત એ મથુરા નામે નગરી હતી. ત્યાં કામદેવ રાજાએ ત્રણે લોકના વિજય માટે રાખેલી સેના જેવી કુબેરસેના નામે ગણિકા હતી. તેને પ્રથમ ગર્ભધારણ વખતે પીડ થતાં તેની માતાએ વૈદ્યને બતાવી. વૈદ્યે કહ્યું, 'જોડકાને લીધે આને પીડા થાય છે. બીજો કોઈ રોગ નથી.' એમ જાણીને માતાએ કહ્યું, 'પુત્રી! પ્રસવકાળે તને પીડા થશે. માટે તારા ગર્ભને ગાળી નાખું.' તેણે અનિચ્છા બતાવી. બાળક-બાળકી જન્મ્યા. માતાએ કહ્યું, 'દુ:ખકારક આ બેને ત્યજી દેવા જોઈએ.' તેણે કહ્યું, 'જો તારો એમ આગ્રહ છે તો દશ દિવસના થવા દે.' તેણે કુબેરદત્ત-કુબેરદત્તા નામ કોતરેલી વીંટીઓ તેમને પહેરાવી, દશ દિવસ પૂરા થતાં રત્નો વગેરે સાથે મૂકીને પેટીમાં બંધ કરીને યમુના નદીમાં બન્નેને મૂકી દીધા. ભવિતવ્યતાથી પ્રભાતે એક જણે શૌરીયપુરના બે શ્રીમંતપુત્રોએ પેટી જોઈ. તેમણે તે લઈ લીધી તો અંદર બંને બાળકને જોયા. એક જણે કુબેરદત્તને લીધો, બીજો કુબેરદત્તાને લઈ ગયો.

બન્ને કાળક્રમે મોટા થયા ને કામરૂપી હાથીને ક્રીડા કરવાના વન સમાન યૌવનમાં આવ્યા. તેમનો બંનેનો વિવાહ કરવામાં આવ્યો. વિવાહ પછી વર-વધૂ દ્યૂતક્રીડા કરવા લાગ્યા. સખીઓએ કુબેરદત્તના હાથની વીંટી લઈને કુબેરદત્તાને આપી. તેણે ધ્યાનપૂર્વક જોઈ. બન્ને સરખા જ ઘાટની અને સરખી જ જૂની જાણીને તેણે વિચાર્યું, આમાં કંઈક હેતુ લાગે છે. નક્કી અમે ભાઈબ્હેન હોવાં જોઇએ. કુબેરદત્તમાં મને પતિ તરીકેની લાગણી થતી નથી, કુબેરદત્તને મારામાં પત્ની તરીકેની. તો જરૂર આમ થયું હોવું જોઇએ.' એમ વિચારીને બન્ને મુદ્રા પતિના હાથમાં આપી. તેને પણ જોતાંવેંત તે જ પ્રમાણે વિચાર થયો. વધૂની મુદ્રા તેને સોંપીને તે માતા સમીપે ગયો. સોગંદ આપીને માતાને તેણે પૂછ્યું. અત્યંત આગ્રહ જોઈ માતાએ જે બન્યું હતું તે કહ્યું. તેણે કહ્યું, 'આ! તમે જાણવા છતાં અયોગ્ય કાર્ય કર્યું. તેણે કહ્યું, 'સમાન રૂપ ગુણવાળા જોઈ તમારી જોડી જુગતી થશે એમ અમે મોહાયાં. પણ હે પુત્ર! તમે માત્ર હસ્તમેળાપનો જ દોષ કર્યો છે, કોઇ પાપ આચર્યું નથી. કન્યાને હું તેના ઘેર પાછી વળાવી દઉં છું. તું

પણ પર્યટન કરી આવ. પાછો ફરીશ ત્યારે બીજી કન્યા સાથે પરણાવીશ.' 'ભલે એમ કરો.' એમ કહી કુબેરદત્તે કુબેરદત્તાને પોતાને ઘેર મોકલી. તેણે પણ પોતાની માતાને તેમ જ પૂછયું, તેણે પણ યથાતથ કહ્યું. તેથી નિર્વેદ થતાં કુબેરદત્તાએ દીક્ષા લીધીને પ્રવર્તિની સાથે વિહાર કરવા લાગી. તેણે પેલી મુદ્રા પોતાની પાસે છુપાવીને રાખી.

પ્રવર્તિનીના ઉપદેશથી તીવ્ર તપશ્ચરણમાં લગ્ન કુબેરદત્તાને અવધિજ્ઞાન થયું. અવધિજ્ઞાનથી જોતાં તેણે કુબેરદત્તને કુબેરસેનાના ઘેર રહેતો જોયો. તેનાથી કુબેરસેનાને પુત્ર થયેલો. કુબેરદત્તાએ વિચાર્યું. 'અહા! અજ્ઞાનીઓનું કેવું અકાર્ય!' આમ વિચારી તેમને ઉપદેશ આપવા કાજે આર્યાઓ સાથે વિહરતી વિહરતી તે મથુરા પહોંચી. જઇને કુબેરસેનાના ઘરે જ વાસ માટે માગણી કરી. કુબેરસેનાએ વંદન કરી કહ્યું, 'આર્યા! હું નામમાત્રની જ ગણિકા છું, કુળવધૂની જેમ જ રહું છું. તો તમે ઘરના એક ભાગમાં શાંતિથી રહો.' આમ અનુમતિ મળતા કુબેરદત્તા ત્યાં રહી.

કુબેરસેના પણ બાળકને સાધ્વીઓ પાસે મૂકી જતી. કુબેરદત્તા તેમના પ્રતિબોધ માટે બાળકને સંબોધી બોલતી, 'બાળક! તું મારો ભાઈ છે, ભત્રીજો છે, દિયર છે ને પુત્ર છે. જેનો તું પુત્ર છે તે મારો ભાઈ છે. પિતા છે, પતિ છે ને સાસરો પણ છે. જેના ગર્ભમાં તું જન્મ્યો છે તે મારી માતા છે, સાસુ છે, શોકચ છે અને ભોજાઇ પણ છે.' આવો વાર્તાલાપ સાંભળી કુબેરદત્તા સાધ્વીને વંદન કરી કુબેરદત્ત પૂછવા લાગ્યો, 'આર્યા! આવું એક-મેકથી વિરુદ્ધ અસંબદ્ધ રટણ કેમ કરો છો?' આર્યાએ કહ્યું, 'શ્રાવક! આ સાચું છે, મેં અવધિજ્ઞાનથી જાણ્યું છે.' કુબેરદત્તે પૂછયું, 'કેવી રીતે?' તે કહેવા લાગી "બાળક મારો ભાઈ થાય છે કેમ કે બન્નેની મા એક જ છે. ભત્રીજો પણ છે કેમ કે મારા ભાઇનો પુત્ર છે. દિયર એટલા માટે છે કે મારા પતિનો છે ભાઇ અને પુત્ર પણ છે કારણ મારા પતિનો પુત્ર છે, બાળકનો પિતા તું પણ મારો ભાઈ છે કેમકે બન્નેની માતા એક જ છે, વળી મારો પિતા છે કેમકે મારી માતાનો પતિ છે, વળી પુત્ર પણ છે કેમકે મારી શોકચનો પુત્ર છે અને પતિ છે કારણ કે મને પરણેલો, ને સાસરો એટલા માટે કે મારી સાસુ કુબેરસેનાનો તું પતિ છે. વળી બાળક જેના પેટે જન્મ્યો છે તે પણ મારી માતા છે કેમકે તેના જ પેટે હું જન્મી છું, સાસુ પણ છે કેમ કે મારા પતિ કુબેરદત્તની તે માતા છે, શોકચ પણ છે કારણ મારા પતિની પત્નિ છે અને મારી ભોજાઇ પણ તે છે કારણ મારા ભાઈ કુબેરદત્તની તે પત્ની છે."

પછી આર્યાએ મુદ્રા દેખાડી. કુબેરદત્ત આ બધું જાણીને તીવ્ર વૈરાગ્ય થવાથી, 'અહો! અજ્ઞાનવશ મેં કેવું કર્યું!' એમ વિચારી ગુરુ-સમીપે જઈ સાધુ બન્યો અને મહાન તપ કરી દેવલોકમાં ગયો. કુબેરસેના પણ ગૃહસ્થવ્રતો ધારણ કરી. પછી પ્રવર્તિની સમીપે જઈ આર્યા બની ગઇ.

આમ સ્વજનભાવના અનિયતપણાથી હે ભદ્રે! ખરેખર તો બધા સંસારીજીવો સ્વજનો જ છે. સઘળા પાપથી નિવૃત્તિરૂપ જિનપ્રણીત દીક્ષા વિના કોઇ સર્વજીવો ઉપર ઉપકાર કરવા સમર્થ ન બની શકે. તેથી સર્વજીવો રૂપી સ્વજનોના પાલનપોષણ માટે ઉદ્યત મનવાળા પુરુષે નિર્મળ દીક્ષા જ લેવી જોઇએ."

એવામાં વિરહાતુર કમલાવતી બોલી ઊઠી, 'પ્રિયતમ! હું પણ કંઈક હિતકારી વચન કહેવા માગું છું—અતિ લોભમાં લપટાયેલા જીવો મહા આપત્તિ પામે છે. ઊંટડી બની ગયેલી કુટણી આનું દૃષ્ટાંત છે.' કુમારે પૂછયું, 'તે કુટણી કોણ?'

કમલાવતી બોલી, 'સાંભળો,

"નગરીઓમાં કુસુમાભરણ જેવું ને સરોવર-વાવ-કૂવા-પ્રપાતોથી આનંદ વધારતું કુસુમપુર નામે નગર હતું, જ્યાં ઊંચા દેવમંદિરોના કંચન કળશનો સમૂહ આકાશવૃક્ષના પરિપાકરૂપ પીળા ફળોની લીલા ધારણ કરતો હતો. ત્યાં દુશ્મન-સ્ત્રીઓના નિશ્વાસના પવનથી જેના પ્રતાપનો અગ્નિ ખીલતો હતો એવો ને સુંદર અશ્વોની સેનાવાળો રિપુમર્દન નામે એવો રાજા હતો. તેની સેવામાં પોતાના પિતા દ્વારા અપમાનિત થવાથી ઘર છોડી નીકળેલો આકાશ જેવડા મોટા આશયવાળો (ઉદાર), સકળ કળાકારીગરીમાં કુશળ, સર્વાંગસુંદર એવો બંગાધિપતિનો નંદન નામે પુત્ર રહ્યો હતો. તેણે પોતાના ગુણોથી રાજાના મનમાં પણ સ્થાન મેળવ્યું હતું. રાજા તેને ખૂબ પગાર આપતો હતો. તે ઉદારતાપૂર્વક નટો, વિટો વેશ્યાઓ, બ્રાહ્મણો અને બાળકોના કાર્યોમાં નાણાં વહેંચતો હતો.

એક વખત ફરતા ફરતા તેને પોતાના લાવણ્યથી પાર્વતીને અવગણનાર લલિતા નામે ગણિકાએ જોયો. સ્નેહપૂર્વક લાંબા સમયસુધી નીરખ્યા પછી તેણે દાસીને મોકલી. દાસીએ જઇને કહ્યું, 'દેવ! અમારી સ્વામિની લલિતા વીનવે છે કે અમારે ત્યાં આવવાની કૃપા કરો.' નંદન ગયો. વીણા-વિનોદથી ગણિકાને તેણે આકર્ષી. તે બોલી, 'આ તમારું જ ઘર છે. તો અહીં જ રહો.' નંદને વિચાર્યું, 'આકાશમાં રહેલી છતાં વાંકી અને

વાદળો સાથે જોડાયેલી છતાં તત્ક્ષણ રંગવગરની ઇંદ્રધનુષ્યની ચાપ જેવી, પ્રાર્થના કરવા છતાં વક્ર અને છાતીએ વળગેલી હોય તો પણ તરત જ પ્રેમહીન બનતી વેશ્યાઓને વશ કરવી દુષ્કર છે. વારાંગનાઓ ધનથી જ રાજી થાય છે, કુંદ જેવા ધવલ ગુણોથી નહીં. સઘન ચંદન મૂકીને માખીઓ કચરામાં આસક્ત થાય છે. સ્થૂળ સ્તનો અને પંકજપત્ર જેવી વિશાળ આંખોવાળી હોવા છતાં વેશ્યાઓનો પ્રેમ હળદરના રંગ જેવો હોય છે. આવું જાણવા છતાં જેમ લોહચુંબક ખેંચે તેમ આના રૂપગુણનો સમૂહ મારા હૃદયને બળાત્કારે ખેંચે છે.'

એમ વિચારી તે ત્યાં રહેવા લાગ્યો. અન્યોન્ય બન્નેને પ્રીત બંધાણી. પણ ધનલોભી કુટણી તેના એટલા ધનથી સંતોષાઈ નહીં, એટલે નંદનનું બહુમાન કરતી નહીં. પુત્રીને તેણે કહ્યું, 'બેટી! તને દ્રવ્ય આપનારા આ નગરમાં એવા બીજા ભોગીજનો છે કે જેની પાસે કૂબેર પણ કૃપણ લાગે, તો ય તું આને કેમ છોડતી નથી? તેણે જવાબ આપ્યો, 'હું આને છોડવા શક્તિમાન નથી. તું ધનની લોભી છે. હું તો ગુણની અનુરાગી છું. આના જેવા ગુણો છે તેવા બીજા કોઈમાં નથી.' આ સાંભળીને કુટણી ખીજાઈ. તેણે નોકરોને આજ્ઞા કરી, 'નંદનનું અપમાન કરીને મારા ઘરમાંથી બહાર કાઢો.' તેમણે તે પ્રમાણે કર્યું બહાર કઢાયેલો નંદન દેશાંતરમાં ફરતો ફરતો સાકેત નગરની સમીપે ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાં જાણે કે કંચનમય સ્તંભોથી અંકુરિત, દિવ્ય મંગળ ચંદરવાઓથી પલ્લવિત, સર્વત્ર ચમકતાં ઉત્કૃષ્ટ મોતીઓના તોરણોથી પુષ્પિત અને સુવર્ણ કળશોના સમૂહથી ફલિત જાણે લક્ષ્મીરૂપી લતા હોય તેવું શક્રાવતાર ચૈત્ય હતું, તેમાં તેણે યુગાદિજિનની પ્રતિમા જોઈ. તે જોઈને હર્ષથી વિકસિત નયનવાળો તે સ્તુતિ કરવા લાગ્યો—

'રમણીઓના સ્તનપ્રદેશના સ્પર્શની આસક્તિ તેં છોડી છે અને ધનુષ્ય-તરવાર-ત્રિશૂળ-ચક્રાદિ શસ્ત્ર કે છત્ર તું ધારણ કરતો નથી. તેનાથી હું માનું છું કે તું રાગ દ્વેષ બન્નેથી મુક્ત દેવાધિદેવ છે. કારણ વિના કાર્ય બનતું નથી એટલે આ ઉઘાડી વાત છે. આજ મેં ત્રિલોકલક્ષ્મીના વક્ષસ્થળનું આલિંગન મેળવ્યું, મારાં જન્માન્તરોથી સંચિત કરેલ પાપના પડળો ક્ષણમાં જ ક્ષીણ થઈ ગયા. હે જિનેન્દ્ર! નયનામૃતના ઝરણાં સમાન તમને જોયા ને તરવામાં વિષમ એવા ભવસાગરના તીરે હું આવી પહોંચ્યો છું.'

આમ ધરણી પર મસ્તક રાખીને જિનભગવાનને પ્રણામ કરી, જિનમંદિરના દ્વાર પાસે ચક્રેશ્વરી દેવીની મૂર્તિ સામે મણિ-પીઠિકા પર રાતે સુઈ રહ્યો. મધ્ય રાત્રિએ ત્યાં

બાર આવ્યા, મંદિરમાંથી સુવર્ણ-રત્નના આભરણો લેવા લાગ્યા. નંદને પડકાર્યા, 'અરે દુરાચારીઓ ! આ બન્ને લોકથી વિરુદ્ધ એવું શું કરી રહ્યા છો ? તેમણે જવાબ આપ્યો, 'અમને ગમ્યું તે કરી રહ્યા છીએ.' તેણે કહ્યું, 'એ નહીં બને.' તે બોલ્યા, 'કોણ અટકાવનાર છે ?' તેણે જવાબ આપ્યો, 'આ મારી તરવાર.' તે બોલ્યા, 'જો એમ છે તો સામે આવ.' તરવાર લઈને નંદન સામે થયો. ચોરો પણ પ્રહાર કરવા લાગ્યા. અંગે લાગતા તીરોના સમૂહને પુષ્પોની પાંખડીની પેઠે ખંખેરી નાખતા નંદને શક્તિની ઉત્કટતાથી જીવનની નિસ્પૃહતાથી, જેમ એકલો સિંહ ઘણાય હાથીઓને ભગાડે તેમ, ચોરોને ભગાડી મૂકયા ચોર ચારે દિશાઓમાં નાશી ગયા. નંદનનું સત્ત્વ જોઈને વિકસિત મુખકમળવાળી ચક્રેશ્વરી દેવી લડાઈના સંઘર્ષના કારણે પેદા થયેલા પરસેવાના બિંદુથી ભરેલા શરીરવાળા તેની પ્રશંસા કરતી, ઘન અંધકારના પડળમાં પોતાની સુવર્ણમય શરીરકાન્તિથી વીજળીની જેમ ચમકતી આવી પહોંચી. સત્કાર્ય ન કરતારને દુર્લભ એવું પોતાનું દર્શન દઈને, આઠે હાથવડે એક સાથે અમૃતધારાથી તેના પર સિંચન કર્યું. પછી ઊંડા પ્રહારોથી થયેલ અનેક ઘાવાળા નંદનના શરીરને તરત જ ચક્રેશ્વરીદેવીએ વિવિધ અલંકારોથી શોભતું બનાવી દીધું. પછી જેના વક્ષસ્થળ પર લાંબી હારાવલી શોભતી હતી તેવી અપ્રતિચક્રા દેવીએ માતાની જેમ પ્રેમપૂર્વક તેને કહ્યું, 'હે વત્સ ! તારા આશ્ચર્યભર્યા સાહસગુણથી હું ખુશ થઈ છું. તો અક્ષય-નિધાન જેવો આ ચિંતામણી લે.' એટલે વિનયથી મસ્તક નમાવી નંદન આમ બોલ્યો, 'હે દેવી ! તમારું દર્શન જ ચિંતામણીથી અધિક છે. પણ અતિ વત્સલ જનનીએ સ્નેહપૂર્વક કરેલી આજ્ઞાનું પાલન હું ન કરું તો તમારો પુત્ર ન ગણાઉં.' એમ કહેતાં તેણે ચિંતામણી સ્વીકાર્યો. પછી દેવીએ પંચપરમેષ્ઠિ મંત્ર આપ્યો, ને કહ્યું, 'પુષ્પાદિથી પૂજીને આ મંત્રથી સાતવાર અધિવાસિત કરવાથી આ ચિંતામણિ મનવાંછિત આપે છે. તથા આ મંત્રના પ્રભાવથી ભૂત-પ્રેત-પિશાચ-રાક્ષસ વગેરે કંઈ કરી શકતા નથી, શસ્ત્રો મારી શકતા નથી.' 'તમારી કૃપા' એમ કહેતો નંદન દેવીના ચરણોમાં નમ્યો. દેવી પણ અંતર્ધ્યાન થઈ. તે મંત્રનું સ્મરણ કરતાં બાકીની રાત તેણે વીતાવી.

પ્રભાતમાં તેણે યથોક્ત વિધિ મુજબ ચિંતામણિની પૂજા કરી, જીવનજરૂરી સામગ્રીની માગણી કરી. ચિંતામણીના અચિંત્ય સામર્થ્યથી તરત જ ત્યાં રત્નમય મહેલ થઈ ગયો. નંદન તેમાં પ્રવેશ્યો. અંગમર્દન કરનારા આવ્યા. તેમણે વિનયપૂર્વક તેના શરીરને માલીશ કરી અંગમર્દન કર્યું. ત્યાર બાદ સુગંધી ઉબટન હાથમાં ધારણ કરી તરુણીઓ આવી. તેમણે તેનાથી ઉબટન કર્યું. પછી વિવિધ મણિઓના કિરણોથી ઇન્દ્રધનુષ જેવા બનેલા,

વિશાળ, ગોળાકાર અને પવનથી હલતાં મોતીઓના તોરણો જેમાં નૃત્ય કરતા હતા. એવા સ્નાન-મંડપમાં લઇ જઈ તેને રત્નની પાટ ઉપર બેસાડયા. સુગંધી જળથી ભરેલ અનેક ઝારીઓથી, મનહર ગીત-વાદ્ય-નૃત્યપૂર્વક દિવ્યાંગનાઓએ તેને સ્નાન કરાવ્યું, પછી દિવ્ય વસ્ત્રો પહેરાવ્યા. પુષ્પ-વિલેપન આદિ શણગાર સજી દિવ્ય સ્ત્રીઓથી વીંટળાયેલો તે શક્રાવતાર મંદિરમાં આવ્યો. પુષ્પ-સુગંધિદ્રવ્યો વગેરેથી ભક્તિભાવપૂર્વક તેણે ભગવાન યુગાદિદેવની પૂજા કરી. જિનપૂજા કરવા આવેલા સાકેતના લોકોમાં આકર્ષણ જન્માવે તેવું, તન્મય બનેલી સુંદર સ્ત્રીઓના હાર પણ તૂટી જાય એવા નૃત્ય સાથેનું નાટક તેણે કરાવ્યું પછી ચક્રેશ્વરી દેવીની પૂજા કરી તે ભોજનશાળામાં ગયો. બધા રસોથી સભર વિવિધ ખાન-પાનથી પૂર્ણ સુવર્ણની થાળીઓમાંથી રાજાની છટાથી તેણે ભોજન કર્યું. જેવું તેણે પાનબીડુ લીધું કે તરત ઇન્દ્રજાળની માફક મહેલ વગેરે અદશ્ય થઇ ગયું. પછી તે કુસુમપુર તરફ ચાલ્યો અને ત્યાં પહોંચી ગયો.

આ બાજુ પેલી લલિતાએ પણ નંદનને ન જોતાં ત્રણ દિવસ સુધી ભોજન છોડી દીધું. અનેકવિધ યુક્તિ-પ્રયુક્તિથી કુટ્ટણીએ મનાવી પણ એણે કહી દીધું, 'ભલે ભગવાન્ અગ્નિદેવ મારા અંગોને આલિંગન કરે, પણ નંદન વિના કામદેવ સમાન પણ બીજો મનુષ્ય નહીં.' આવો તેનો નિશ્ચય જાણી કુટણીએ તેની વાત કબુલી તેને પારણું કરાવ્યું અને પોતે પણ નંદનને શોધવા લાગી.

અન્યદા નંદનને શણગાર સજી ઘરની બાજુની શેરીમાં પસાર થતો તેણે જોયો. તરત જ જઇને વિનંતી કરી તેને ઘરે લઈ આવી, ખૂબ આગતા-સ્વાગતા કરી પૂછયું, પુત્ર! આવી રીતે પ્રવાસ કરવો તને યોગ્ય છે? પાણી પીવા માટે ઊભો થયેલો ને કંઇ કહ્યા વિના જ તું કયાં ચાલ્યો ગયો હતો? આટલા દિવસ સુધી મેં તને કયાં કયાં નથી શોધ્યો? પણ તારા દર્શનનું દાન કરી તેં મારા પર કૃપા ન કરી. આ મારી દુખિયારી પુત્રીને પણ પ્રાણની શંકા થઇ ગઈ. નિરપરાધ હોવા છતાં તારા વિરહમાં, પણ તે તારા તરફ સ્નેહવિહોણી ન બની.'

નંદને કહ્યું, 'હું ખરેખર અચાનક આવી પડેલા કામને માટે દેશાંતર ગયો હતો. આજે જ આવ્યો છું. વ્યાકુળતાને કારણે અહીં આવ્યો ન હતો. તો બીજું કંઈ ધારવાની જરૂર નથી.' એમ કહી ગણિકાના ઘરે રહી વિલાસ કરવા લાગ્યો. કુટણીએ ધન માગ્યું,

ત્યારે ‘લોઢાના ત્રાજવાની પેઠે લોભવાળી આ થોડુંક આપવાથી સંતોષાય એવી નથી’ એમ સમજી તેણે ચિંતામણિના પ્રભાવથી માગ્યા કરતાં વધુ ધન આપી કુટણીને સંતોષી, તો પણ લોભવૃતિથી તે ફરી ફરી માગતી ને નંદન પણ આપતો. આથી એક વાર આશ્ચર્ય પામેલી તેણે વિચાર્યું ‘નક્કી આની પાસે ચિંતામણિ હોવો જોઇએ. એ વિના આટલું આપવાની એની શક્તિ ક્યાંથી હોય? તો તે જ લઈ લઉં.’ પછી સ્નાન કરવા ગયેલા નંદનની કપડાની થેલીમાંથી તેણે મણિ કાઢી લીધો. ફરી કંઇ માંગતાં થેલી તપાસી. મણિ ન દેખાતાં તેણે શોધખોળ શરૂ કરી. તો કુટણી બોલી, ‘રહેવા દે તારું દાન. મારા નોકર-ચાકરોને ખોટા આરોપથી હેરાન ન કર.’ એટલે ‘ખરેખર આણે જ ચિંતામણિ લઈ લીધો છે, નહીં તો કેવી રીતે આ કામ પતી ગયું હોય તેમ અશિષ્ટ બોલે?’ એમ ધારણા કરી ગુસ્સા સાથે ત્યાંથી નીકળી ગયો અને લજ્જાને કારણે રાજાને પણ જણાવ્યાવિના પરદેશ ચાલ્યો. તેણે વિચાર્યું, ‘એમાં કંઇ આશ્ચર્ય નથી કે લોભજ્વરથી પીડાતી બાપડી કુટણીની માગ્યા કરતાં વધુ દેવાં છતાં ય તરસ છીપી નહીં. અવિચારી કાર્ય કરનારી અને વિશ્વાસુનો દ્રોહ કરવામાં મનવાળી તેણે મને જ માત્ર નહીં, પોતાની જાતને ય છેતરી છે. કારણ, વિધિપૂર્વક મંત્ર જાણતી ન હોવાથી પથ્થરના ટૂકડા જેવો ચિંતામણિ તેને કશું જ નહીં આપે. એવી કઈ યુક્તિ કરું કે જેથી તેનું અપ્રિય કરી, પોતાનો પ્રભાવ બતાવીને ચિંતામણિ પાછો લઇ શકું? ઉપકારી પ્રત્યે ઉપકાર કરવા અને વેરી તરફ લેર વેવા જે શક્તિમાન ન હોય એના પુરુષત્વને ધિક્કાર છે.’ એમ ચિંતન કરતો ફરતો ફરતો એક સુંદર પરંતુ મનુષ્યો વિનાના શહેરમાં આવી પહોંચ્યો. મનમાં આશ્ચર્ય પામતો તે અંદર ગયો. તેમાં કિલકિલાટ કરતા વાનર સમૂહોથી ભરેલા દેવળો, ઘુરઘુરાટી કરતા ઘોર વાઘોના નિવાસવાળા ઉત્તમ ઘરો, લટકતી સાપોની કાંચળીઓના તોરણો જોતો જોતો તે રાજમહેલ પાસે પહોંચ્યો. સાતમા માળે ચઢ્યો, તો ત્યાં શરીરે કેશરનું વિલેપન કરેલી અને ગળામાં સુગંધી ફૂલોની માળા પહેરેલી એક ઊંટડી જોઈ. ‘શૂન્ય નગરીમાં ઊંટડી ક્યાંથી આવી? અને અહીં ચઢી કઇ રીતે?’ આમ તર્કવિતર્ક કરતા તેણે ગોખલા-માં રહેલી બે ડાબલી જોઈ. તેમાં એકમાં ધોળું અને બીજીમાં કાળું અંજન હતું. અંજનની સળી જોઇને તેણે ધાર્યું કે આ અંજન હોવું જોઈએ. એટલામાં ઊંટડીની આંખોની પાંપણો એણે ધોળી જોઈ. તેથી ‘ખરેખર આ કોઇ સ્ત્રીને ધોળા અંજનથી ઊંટડી બનાવી દીધેલ જણાય છે. કદાચ કાળા અંજનથી એનું મૂળ સ્વરૂપ થઇ જાય’ એમ વિચારી તેણે ઊંટડીની આંખોમા કાળું આંજણ આંજ્યુ. એટલે તે સ્વાભાવિક રૂપવાળી તરુણી બની ગઈ. ‘તું કુશળ છે ને?’ એમ સ્નેહપૂર્વક પૂછતાં તે બોલી, ‘તમારી કૃપાથી હાલ

કુશળતા છે.' નંદને પૂછ્યું, 'આ શું વૃત્તાન્ત છે.?' ત્યારે તે કહેવા લાગી, 'અહીંથી ઉત્તરમાં ગંગાતટે કુશસ્થળ નગરમાં ગંગાધર નામે શેઠ છે. તેની ગંગા નામે ભાર્યા છે. તેમને ચાર પુત્રો ઉપર સેંકડો બાધાએ પછી સુંદરી નામે પુત્રી જન્મી. તે હું.

હવે ગંગા નજીકના વનમાં મંત્ર-તંત્ર-નિમિત્ત-શાસ્ત્રમાં નિપુણ-બુદ્ધિવાળો રુદ્રશર્મા નામનો પરિવ્રાજક યુવાન રહેતો હતો. મારા પિતાએ એક વખત તેને માનપૂર્વક ભોજન માટે આમંત્રણ આપ્યું, પાદપ્રક્ષાલન આદિ કરી ઉત્તમ આસને બેસાડ્યો. ત્યારે દાળ-ભાત -ઘી-આદિ ખાનપાન પીરસવાનું શરૂ કર્યું. એટલે પિતાના કહેવાથી મેં પવન માટે પંખો લીધો. મારું રૂપ જોઇને અયોગ્ય કામ કરનારો તે પણ જાણે કોપાયમાન કામદેવના બાણોથી ઘાયલ થયો હોય તેમ એવું વિચારવા લાગ્યો, 'વ્રતોમાં આગ લાગો, વિદ્યા નાશ પામો. ધ્યાનના આગ્રહમાં વજ્ર પડો. જો આ રમણી સાથે રમવાનું ન મળે તો મારે સ્વર્ગનું ય કામ નથી. જો અપ્સરાઓએ બ્રહ્માને, ગંગાને ગૌરીએ મહાદેવને અને ગોપીઓએ કૃષ્ણને વિચલિત કર્યા હતા તો મારે વ્રતનું બહુમાન કરીને શું કામ છે? આમ ભોજન પડતું મૂકીને વિવિધ વિકલ્પ વિચારતા તેને મારા પિતાએ કહ્યું, 'જમોને. અત્યારે ચિંતા શાની કરો છો?' ફરી ફરી કહ્યું એટલે 'દુઃખથી વ્યાકુળને આવા ભોજનમાં શું રસ રહે?' એમ કહી તેણે થોડા કોળિયા લીધા. ભોજન પછી પિતાએ તેને પૂછ્યું, 'મહારાજ! તમને શાનું દુઃખ છે?, આગ્રહ કર્યો એટલે તે બોલ્યો, 'અમારે મુનિઓને પણ તમારા જેવા લોકોનો સંગમ દુઃખનું કારણ બને છે. કારણ તમારું અકુશળ થાય તે અમે સહી શકતા નથી, અને કહી પણ શકતા નથી.' પછી તે પોતાના રહેઠાણે ગયો. 'અરે! એમાં શું હશે?' એમ વ્યાકુળ મનવાળા મારા પિતાએ પણ ત્યાં જઇને એકાંતમાં આદરપૂર્વક તેને પૂછ્યું. તેણે કહ્યું, 'આ તો મારે માટે વાઘ અને નદી-વાળો ન્યાય થયો છે. કારણ તમને ના પાડવી મુશ્કેલ છે અને આ વાત પણ કહેવાય તેવી નથી. તો પણ તમે વડીલસ્થાને છો એમ માની તમને સાચી વાત કહું છું ભોજન સમયે મેં તમારી પુત્રીના લક્ષણો જોયા અને તેને પિતૃપક્ષનો નાશ કરનાર જાણી. આ દુઃખથી મેં ભોજન છોડી દીધું. તમારા આગ્રહથી સહેજ ખાધું.' બીકણ પિતાએ 'આ જ્ઞાની છે અને હંમેશ એની વાત સાચી પડે છે.' માની પૂછ્યું, 'મહારાજ! આ વાતનો કોઇ ઉપાય છે ખરો?' તેણે જવાબ આપ્યો, 'છે, પણ તે દુષ્કર છે. ભદ્ર! કારણ કે ખરાબ વસ્તુને છોડતા પીડા નથી થતી. જો કે તારી પુત્રી તને પ્રાણથી પ્રિય છે છતાં એને કુંવારી અવસ્થામાંજ સર્વ આભૂષણ સાથે પેટીમાં બંધ કરી ગંગામાં વહેવડાવી દેવી જોઇએ.

પછી શાંતીપાઠ કરવાથી બરાબર થઇ જશે.'

આથી કુળની રક્ષા માટે પિતાએ તે પ્રમાણે બધું કર્યું, પરિવ્રાજકે પણ પોતાના શિષ્યોને કહી દીધું, 'આજ હિમાલયથી મારી મંત્રસિદ્ધિ માટે પૂજાની સામગ્રીથી ભરેલી એક પેટી ગંગામાં આવશે, તો હેઠવાસ જઇને લઈ આવો. ઉઘાડ્યા વિનાજ લાવજો જેથી મંત્રમાં વિઘ્ન ન આવે.' શિષ્યો ત્યાં ગયા.

આ બાજુ આ નગરના અધિપતિ ભીમે નદીતટે ક્રીડા કરતાં પેટી જોઈ લઇને કૂતૂહલથી ખોલી તો મને જોઇ. કામવશ મને કાઢી લઈ પેટીમાં માંકડી પૂરી દીધી ને પાછી પેટીને વહેવા દીધી. ભીમ પણ નવું રાજ્ય મળ્યું હોય તેમ ખુશ થતો આ નગરમાં પાછો ફર્યો. પરિવ્રાજકના શિષ્યોએ પછી પેટી લઈ ગુરુને આપી. પછી તેના વિવેકની જેમ જ સૂર્ય પણ આથમ્યો. તેની આસક્તિની જેમ સંધ્યાનો રંગ ફેલાયો, તેની કુમતિની જેમ અંધકારની પરંપરા પ્રગટી. તેણે શિષ્યોને કહ્યું, 'આજ રાતે હું મંત્રસિદ્ધિ કરીશ. એટલે સૂર્ય ઊગે ત્યારે તમે આવજો.' એમ કહી મઠના બારણા બંધ કર્યાં, તાળું માર્યું. પછી 'સુંદરી! ગંગાદેવી તારા પર પ્રસન્ન થયા છે. તેણે તને વર તરીકે મને આપ્યો છે. તો મારા પ્રણયનો અસ્વીકાર ન કરીશ.' એમ બોલતા તેણે પેટી ખોલી અને બન્ને હાથ પસાર્યા. એટલે બંધનથી ખીજાયેલી માંકડીએ દાંતથી તેના હોઠ અને ગાલ કરડી પછી નાક પકડ્યું. મદનથી મૂઢ મનવાળા તેણે કહ્યું, 'પ્રિયે! નાસિકા મૂકી દે. વધુ પ્રેમ પણ યોગ્ય ન ગણાય.' આમ બોલતો હતો ત્યાં માંકડીએ નાક તોડી લીધું અને નખથી બધા અંગો ફાડી ખાધા. આમ 'આ તે સુંદરી નથી.' એમ વિચારતા તેને માંકડીએ ખૂબ રંજાડ્યો."

નંદન બોલી ઊઠ્યો, 'ભલાનું ભલું થાય છે અને બુરાનું બુરું. સુંદરી રાણાને ઘેર શોભે છે અને મઠમાં બાવાજીને માંકડી ફાડી ખાય છે!'

સુંદરીએ કહ્યું, 'પછી આખી રાત તે તરફડ્યો અને ફરી ફરી માંકડીએ પેટ અને છાતી ફાડી ખાવાથી પાપી મરી ગયો. ભવિતવ્યાથી મરીને તે રાક્ષસ થયો, જ્ઞાનથી પૂર્વ-જન્મ જાણીને ભીમ ઉપર કોપાયમાન થયો. અહીં આવી ભીમને મારી નાખ્યો અને એક મને છોડી આખા નગરને સાફ કરી નાખ્યું. મારા તરફ સ્નેહ પ્રગટ કરતા તેણે આ હકીકત મને કહી છે. વળી તેં પોતે જ નજરે જોયું છે તેમ રૂપ-પરિવર્તન કરનાર બે

અંજન પણ તેણે બનાવેલ છે. તો હે શક્તિશાળી યુવાન ! મને આ રાક્ષસથી છોડાવ. હે સુભગ ! મારા યૌવનને સફળ કર.' આમ સાંભળીને કરુણાભાવથી યુક્ત મનવાળા તેણે કહ્યું, 'પ્રિય ! ભય મૂકી દે.'

પછી બન્ને અંજન તથા રત્નોનો ખજાનો લઇ સુંદરી સાથે મહેલમાંથી તે નીચે ઉતર્યો. સુંદરીને ઊંટડી બનાવી દીધી, તેના માથે રત્નનો ખજાનો મૂકયા અને કુસુમપુર તરફ જવા લાગ્યો. તેની પાછળ કરાળ રૂપવાળો, ઘોર અટ્ટહાસ્યથી દિશાઓને ભરી દેતો, જમની જીભ જેવી છરી હાથમાં ધારણ કરેલો રાક્ષસ, 'અરે દુરાચારી ! આજ તું મરી ગયો સમજ.' એમ બોલતો દોડ્યો. પણ પંચપરમેષ્ઠિનો મંત્ર સ્મરી નંદને તેને અટકાવી દીધો. તેનો પ્રભાવ જાણી જઈ રાક્ષસ બોલ્યો, 'રાક્ષસની ઉપર પણ ભેક્ષસ હોય છે-એ લોક-કહેવતને તેં સાચી પાડી છે. તો હવે મને મૂકી દે. તું જે કહીશ તે હું કરીશ.' નંદને કહ્યું, 'તે નગરને પહેલાની જેમ જ વસવા દો' 'ભલે.' એમ કબુલ કરતાં નંદને રાક્ષસને મુક્ત કર્યો એટલે પોતાની જગ્યાએ ગયો. નંદન પણ કુસુમપુર પહોંચ્યો, મોટું મકાન વગેરે મિલ્કત લઇ સુંદરી સાથે વિલાસ કરવા લાગ્યો.

આ બાજુ નંદન ચાલ્યો જતાં લલિતાએ ક્રોધપૂર્વક કુટણીને કહ્યું, 'અગ્નિ પણ ઈંધણાથી સંતોષાય છે. પણ પાપણી ! તું બહુ દ્રવ્ય મળવા છતાં ય ધરાતી નથી. તો મારે તારું કામ નથી.' એમ બોલતી તે રાજા પાસે ગઇ ને વિનંતિ કરતી બોલી, 'દેવ ! ધન દેતો હોવા છતાં અને મને મનગમતો હોવા છતાં, ચિંતામણી પડાવી લઇને નંદનને કાઢી મૂકયો છે, અને ચિંતામણી દ્વારા પાપણીને હવે કાણી કોડી ય મળતી નથી. આમ નંદને ગયો અને મણિ તેને કોડીય આપતો નથી એટલે કહેવત સાચી પડી કે, ન ધન મળ્યું, ન મિત્ર.' રાજા બોલ્યો, 'અહો ! અમારા મુખ્યસેવક નંદનને આણે પરદેશ કાઢ્યો ? તો જ્યારે તેને લઇ આવે ત્યારે જ એને ઘરમાં પેસવા દેજો. એમ કહી માન સાથે લલિતાને જવા દીધી. ઘેર જઈને તેણે કુટણીને બહાર કાઢી અને પોતે પતિવ્રતાવ્રત લીધું-વેણીબંધ કર્યો, મંગળ આભૂષણ ધારણ કર્યું અને પલંગ પર સુવાનું છોડી દીધું. આ સમાચાર સાંભળીને નંદન લલિતાને ઘેર ગયો. ચંદ્રને જોઇને જેમ કુમુદિની વિકસે તેમ તેને જોઇને લલિતા હસી. ફરી પૂર્વવત્ તે તેની સાથે ભોગ ભોગવવા લાગ્યો. 'ચિંતામણિ મેળવવાનો બીજો કોઈ ઉપાય નથી' વિચારીને કુટણીને બોલાવી. 'ખરાબ ભૂતકાળને આ ભૂલી ગયો છે' એમ માની તે રાજી થઇ, તો પણ 'કયાંક હું નિર્ધન (?) બની જઈશ માની ચિંતામણિ તેણે આપ્યો નહીં.

એક વખત એણે નંદનને પૂછ્યું, 'તારી પાસે ધન કયાંથી આવે છે?' તેણે કહ્યું, 'અંજનસિદ્ધ પાસેથી મને અંજન મળ્યું છે. એ અંજન આંખે આંજવાથી આખા જગતમાં ભોંયતળિયે રહેલા ખજાના મને હાથમાં જ હોય તેમ દેખાય છે.' એટલે દ્રવ્ય-લોભથી કુટણીએ કહ્યું, 'મારી આંખો ય આંજી દે, જેથી હું પણ ખજાના જોઇ શકું.' તેથી નંદને તેની આંખો ધોળા અંજનથી આંજી. એટલે કુટણી ઊંટડી બની ગઈ. નંદન તેના પર સવાર બની નગરમાં ફરવા લાગ્યો. રાજાએ સમાચાર જાણી આશ્ચર્યચકિત થઇ તેને બોલાવ્યો. અને પૂછ્યું, 'ભલા! આ શું?' તેણે અંજન-પ્રયોગ બતાવ્યો. રાજાએ પૂછ્યું, 'શું બીજો પ્રયોગ છે કે જેનાથી ફરી માણુસ બની જાય?' તેણે કહ્યું, 'છે.' રાજાએ કહ્યું, 'જો હોય તો તેનો પ્રયોગ કર.' ત્યારે તેણે કાળા અંજનથી ઊંટડીને સ્ત્રી બનાવી. રાજાએ કહ્યું, 'અહો! તું તો આશ્ચર્યનો ભંડાર છે. તારે તો અમારી પાસે જ રહેવું જોઇએ.' પછી તે કુટણીને રાજાએ કહ્યું, 'ચિંતામણિ આને સોંપી દે, નહીંતર પાપણી! ફરીથી આવી વિડંબના પામીશ.' તેણે નંદનને મણિ આપી દીધો. મણિના પ્રભાવથી નંદન પણ ઇચ્છિત વસ્તુઓ પામ્યો અને ધર્મ કરી સદ્‌ગતિમાં ગયો."

'એમ હે સ્વામી! તમે પણ ઇચ્છિત સંપત્તિનો સમૂહ મેળવ્યો છે. તો લોભ રૂપી ગ્રહથી ગ્રહિત થઈ વિડંબના ન પામશો. તેમ છતાં પણ તમારા મનમાં વ્રત લેવા માટેની ઇચ્છા બળવાન હોય તો પુત્રનું મુખકમળ જોઇને પછી ઇચ્છામુજબ કરજો જેને લાંબા કાળ સુધી પાળીને પહેલાંના રાજાઓએ મોટો કર્યો છે તે વંશનો પુત્ર વિના ઉચ્છેદ થઇ જશે. વિદ્વાનો કીર્તિ તથા ધર્મને જીવનના બે ફળ કહે છે. પુત્ર વિના પુરુષના એ બે ય નાશ પામે છે. પુત્રે કરેલા ઉપકારના બદલામાં બંદિગણો 'એનો પિતા વક્તા, ભોગી, દક્ષ, દયાળુ અને સરળ હતો' એવી યશગાથા ગાય છે. પુરુષે સ્થાપેલ વિવિધ ધર્મસ્થાનો જગતમાં સ્વશાસન કે પરશાસન દ્વારા ભંગાતા પુત્ર વિના કોણ રોકે? પુત્રની ઉત્પત્તિ પિતૃઓને ઉપકારી છે કારણ શ્રુતિવચન છે કે પુત્રે આપેલ ભોજન (શ્રાદ્ધ) થી તેમની સદ્‌ગતિ થાય છે. પુત્રને બધો ભાર સોંપી, જગતમાં ઋણમુક્ત થઇ પછી તે રમત માત્રમાં સ્વર્ગનો રસ્તો શોધી શકે છે. વળી કહ્યું છે કે—

अपुत्रस्य गतिर्नास्ति स्वर्गे नैव च नैव च ।
तस्मात् पुत्रमुखं दृष्ट्वा पश्चात्स्वर्गे गमिष्यति ॥

[ પુત્રહીનની સ્વર્ગમાં ગતિ નથી થતી, નથી થતી. પુત્રનું મુખ જોઈને મરનાર સ્વર્ગમાં જાય છે. ]

કુમારે કહ્યું, 'જો વંશનો ઉચ્છેદ થાય તો એમાં વ્યક્તિનું શું નાશ પામે? કારણ, પોતે કરેલાં સારાં કે ખોટાં કાર્યો જ સુખ કે દુઃખનાં કારણ છે. જો સારાં કામ કર્યા હોય તો, વંશનો ભલે ઉચ્છેદ થાય પણ પુરુષ દેવલોકનું અવિરત સુખ ભોગવે છે. અને જો પહેલાં દુષ્કર્મ કર્યા હોય તો વંશ ગમે તેટલો વધ્યો હોય પણ તે દુર્ગતિમાં જઈ દુઃખો જ ભોગવે. જે પોતાના સચ્ચરિત્રથી સ્થાપી હોય અને ડાહ્યા માણસો વખાણે તે જ કીર્તિ છે, બીજી નહીં. કીર્તિ સુગતિનું કારણ નથી બનતી, કારણ જેની કીર્તિ ગવાય છે એવા જીવો પણ દુષ્કૃત્ય કરીને દુર્ગતિમાં જ જાય છે. સેંકડો ધર્મસ્થાનકો રચાવીને પુણ્યનો સંચય કરીને મનુષ્યો સદ્‌ગતિમાં જાય છે અને ત્યાં સુખો ભોગવે છે. જે પાપીઓ બીજાએ કરેલાં ધર્મસ્થાનો ભાંગે છે તે પાપના ભારથી લદાયેલા દુર્ગતિમાં જઈને બહુ દુઃખ પામે છે. દુર્જનોદ્વારા નાશ કરાવવા છતાં એવા ધર્મસ્થાનોના કરાવનાર કંઈ સુગતિમાંથી પાછા ફરતા નથી. પોતે જ કરેલું માણસ પરલોકમાં ભોગવે છે. પુત્રે આપેલા ભોજનથી તૃપ્તિ થાય છે એ જૂઠ છે. દુર રહેલો માણસ પણ બીજા દ્વારા અપાયેલ અન્ન નથી પામતો, તો પછી મરેલાને વળી પુત્રે ધરેલાં અન્નથી તૃપ્તિ કયાંથી થાય? પુત્રને ભાર સોંપી, કંઈ સત્કાર્ય કર્યા વિના સ્વર્ગમાં કેવી રીતે જાય? આઠ પ્રકારના કર્મનું ઋણ ધારણ કરનારો કેવી રીતે ઋણમુક્ત ગણાય? જો સત્કાર્ય કર્યા વિના પુત્રના મુખદર્શનથી જ સ્વર્ગ મળતું હોય તો બહુ પુત્રવાળી ભુંડણ-કૂતરી વગેરેને સ્વર્ગ તદ્દન સહેલાઇથી મળે. પુત્રથી સ્વર્ગ નથી મળતું, ઉલટું કયારેક પુત્ર પોતાના પિતાને હણે છે ને શત્રુ કયારેક પુત્ર બને છે. **સમુદ્રદત્ત**ની કથા આનું દૃષ્ટાંત છે.'

**કમલાવતી** બોલી, 'તે **સમુદ્રદત્ત**ની કથા શું છે?' કુમાર કહેવા લાગ્યો—

"પોતાની સમૃદ્ધિથી જેણે ઉત્તમ કીર્તિ મેળવી છે એવી ને મહેલોના રત્નના પ્રકાશથી બધી દિશાઓરૂપી ભીંતો ને અજવાળતી તેવી **તામ્રલિપ્તિ** નામે નગરી હતી. જ્યાં વસ્ત્રસિવાય વ્યસન ન હતાં, જ્યાં કોઈ વૈભવવિનાનું ન હતું પણ સ્ત્રીઓ માત્ર અવિધવા હતી, પારકાનો દ્રોહ કરનાર ત્યાં કોઈ ન હતું માત્ર કોઈ ગોપાળબાળો જ પારકાની ગાયો દોહનારા હતા. એવી તે નગરીમાં **સમુદ્રદત્ત** નામે સમૃદ્ધ પણ અવિવેકના નિવાસ જેવો વેપારી હતો. તેની બહુ કપટી એવી **બહુલા** નામે પત્ની હતી. તેમને દાક્ષિણ્યવાળો **મહેશ્વરદત્ત** નામે પુત્ર હતો, અને તેની લાવણ્યરૂપ અમૃતની નદી જેવી **ગંગિલા** નામે પત્ની હતી.

તે **સમુદ્રદત્ત** લોભવશ મતિભ્રષ્ટ થયેલો, બહુ માયા-પ્રપંચ કરતો, સંતોષ વગરનો થઈ વધુ ને વધુ ધન પેદા કરવાના ઉપાય કરતો અને કોઈને આપતો નહીં, જાતે ય ખાતો

નહીં-એમ ધનનું રક્ષણ કરતો. કોઇ એની પાસે કંઈ માગે તો એને સાતે મોઢે તાવ આવી જતો અને પારકાને ય દાન કરતો જોઇ એને શિરોવેદના થતી !

હવે એક વખત ઘરના આંગણામાં બેઠેલા **સમુદ્રદત્તને** કોઇ માણસે દીનવચનોથી આમ કહ્યું, 'ભાઈ ! હું **ભદ્દિલપુરનો** નિવાસી છું, વેપારીનો દિકરો છું, કુતુહલથી દુનિયા જોવા ઘેરથી નીકળેલો છું. સેંકડો આશ્ચર્યથી ભરેલા સુંદરસરોવર-નદી-પર્વત-નગર-ગામો જોતો અને દુનિયામાં ઘૂમતો દૈવયોગે અહીં આવી પહોંચ્યો. અહીં એક ચોરને જમના સુભટો જેવા રાજાના રોષે ભરાયેલા સિપાઈઓ ખૂબ મારતા હતા તે મેં જોયું. કરુણાથી મેં તેમને કહ્યું, 'અરે ! આ બાપડાને મૂકી દો તો તમને સો દીનાર આપું.' આ વચન સાંભળીને તેઓએ 'આ આનો સંબંધી જણાય છે' બોલતાં મને બાંધીને જેલમાં નાખ્યો. મારી પાસે જે કંઇ પૈસા હતા તે લઈ લઈને એક મહિનો ભોજનવિના અંદર રાખ્યો. આજ મને છોડયો છે. હે સાર્થવાહ ! તમને સમર્થ જોઇને ભુખ્યો હોઈ ભોજન માટે એક દીનાર આપવા દયા કરવા પ્રાર્થું છું.' આવું વચન સાંભળીને કૃપણતાથી કાળું મોઢું કરતો **સમુદ્રદત્ત** ભવાં કપાળે ચડાવીને દુર્વચન બોલવા લાગ્યો, 'અરે મહામૂઢ ! મારા ઘરેથી તરત ચાલતી પકડ. તું દીનારને લાયક નથી. બહુ તકલીફ વેઠીને હું દ્રવ્ય એકઠું કરું છું, તે તારા જેવાને આપીને ખાલી થઈ જવા માટે નથી. આ જોઇને પાસે બેઠેલા **મહેશ્વરદત્તને** દયા આવી, તેણે પેલાને બે દીનાર આપી. તેથી **સમુદ્રદત્ત** બોલ્યો, 'અરે કુપુત્ર ! તેં આ શું કર્યું ? પૈસા કમાવામાં કેટલી તકલીફ પડે છે એની ખબર નથી ?' પુત્રે જવાબ આપ્યો, 'પિતાજી ! બહુ ફરકતી ધ્વજાની જેવી ચંચળ આ લક્ષ્મીના દાન અને ભોગ બે જ ઉપયોગ છે, ત્રીજો નથી.' **સમુદ્રદત્તે** વિચાર્યું, 'હાય ! મારા છોકરાનું મન આવું જુદી જાતનું કેમ થયું ? જરૂર લક્ષ્મી તેને રૂઠશે.' આમ અનેક તર્ક વિતર્ક કરતાં તેના હૃદયમાં એવો આઘાત લાગ્યો કે તરત જ મૃત્યુ પામ્યો.

પછી આર્ત્તધ્યાનથી મરેલો તે તે જ સ્થળે પાડારૂપે જન્મ્યો અને ક્રમે મોટો થયો. બહુ કપટથી લોકોને છેતરવાની ઇચ્છાવાળી **બહુલા** પણ પતિના મરણથી ઉદ્વેગ કરતી, આર્તધ્યાન કરી, મરીને આસક્તિના કારણે પોતાના જ ઘરે કુતરીરૂપે જન્મી. **મહેશ્વરદત્તની** પત્ની **ગંગિલા** વડીલો વિનાના ઘરમાં સ્વચ્છંદપણે વર્તતી અંકુશવિનાની થઈ ગઈ. એક વખત **મહેશ્વરદત્ત** બીજા પુરુષ સાથે ક્રીડા કરતી તેને જોઈ કોપાયમાન થયો. પોતાની પત્નીને પારકાની બનેલી જોઇને કોણ કોપાયમાન ન થાય ? **મહેશ્વરદત્તે** તેને અધમૂઓ કર્યો એટલે તે ભાગ્યો, સહેજ દુર જતાં જ પડી ગયો. તેણે વિચાર્યું, 'અરે ! મેં પાપીએ આ અકાર્ય કર્યું. એમ સંવેગ પામી, જાતને નિંદતો, મનની શાંતિ

સાથે મરી ગયો. કર્મની વિચિત્રતાથી તે જ ક્ષણે ભોગવેલી **ગંગિલા**ના ગર્ભમાં પોતાના જ બીજથી ઉત્પન્ન થયો, અને કાળક્રમે પુત્ર તરીકે જન્મ્યો.

**મહેશ્વરદત્ત**ાને તે ખૂબ જ વહાલો હતો અને રાજી થતો તે પુત્રને ઊંચકીને ફરતો હતો. પછી **મહેશ્વરદત્તે** પિતાની શ્રાદ્ધક્રિયા કરાવી. પિતાનો જીવ જે પાડો બનેલો તેને જ ખરીદી, તેને મારી, તેનું માંસ સગાસંબંધીઓ તથા બ્રાહ્મણોને ખવરાવ્યું. પિતાની તૃપ્તિ માટે પિતાને જ ખાધો! કેવું અજ્ઞાન! પુત્રને ખોળામાં બેસાડી **મહેશ્વરદત્ત** પોતે માંસ ખાઈ રહ્યો હતો અને કૂતરીરૂપે સામે ઊભેલી મા–તરફ પણ હાડકા નાખતો હતો ને તે પણ ખાતી હતી.

હવે તે જ વખતે માસક્ષમણના પારણા અર્થે ફરતા કોઈ અતિશય જ્ઞાની મુનિ ઘરમાં પ્રવેશ્યા. **મહેશ્વરદત્ત**ને એકીટશે જોઇને પોતાના મનમાં તેમણે વિચાર્યું, 'અહો અજ્ઞાન! આણે શત્રુને ખોળામાં બેસાડ્યો છે અને પિતાનું માંસ ખાઈ રહ્યો છે. પિતાનાં હાડકાં કૂતરીરૂપ માને આપે છે, અને તેય પોતાના ધણીના હાડકાં સંતોષથી ખાઈ રહી છે!' આમ વિચારીને સાધુ ત્યાંથી પાછા ફર્યા. તેમની પાછળ જઈ મહેશ્વરદત્તે કહ્યું, 'મહારાજ! ભિક્ષા કેમ ન લીધી?' મુનિએ કહ્યું, 'તમે માંસ–ભક્ષણમાં મગ્ન હતા એટલે હું ન રોકાયો. મને ઉલટો સંવેગ થયો.' **મહેશ્વરદત્તે** પૂછ્યું, 'તમને કયા કારણે વધુ સંવેગ થયો?' મુનિએ તેને બધી વાત કહી. તે સાંભળી અત્યંત વૈરાગ્ય થતાં **મહેશ્વરદત્તે** તે જ મુનિ પાસે દીક્ષા લીધી. આમ કુકર્મો કરી દુર્ગતિમાં જતાં પુત્ર પણ માણસને બચાવી શકતો નથી. અને પુત્રે કરેલા કામથી પિતૃઓને નથી તૃપ્તિ થતી. શત્રુ ભવાંતરે પુત્ર પણ થાય અને પુત્ર પોતાના પિતાને હણનાર પણ બને. તેથી આ લોક અને પરલોકમાં સુખનું કારણ એવો ધર્મ જ ખરો પુત્ર છે."

એવામાં **સૌભાગ્યમંજરી** બોલી, 'સકળ પદાર્થો મળવા છતાં વ્રત લેવા તૈયાર થયા છો તે લોભથી ચલિત થયેલા **જંબુક**ની પેઠે હે સ્વામી! તમે પસ્તાશો.

કુમારે પૂછ્યું, 'તે જંબુક કોણ?'

**સૌભાગ્યમંજરી** કહેવા લાગી—

"અહીંથી પૂર્વના પ્રદેશમાં **અંગ** નામે વિશાળ પ્રાંત છે. દુશ્મનદળોનો જ્યાં ભય નથી. એવી **ચંપા** નામે તેની નગરી છે. ઉત્તુંગ જિનમંદિરોના શીખર પર શોભતી

કનકધ્વજાદંડરૂપી ભુજાઓ દ્વારા જાણે સુખોની સ્થાપનાની આનંદપૂર્વક લક્ષ્મી નાચી રહી હતી તેવી તે નગરીમાં પોતાના અનુપમ રૂપથી કામદેવને તિરસ્કૃત કરનાર **કનકધ્વજ** નામે રાજા હતો. ત્યાં **નિધિસાર** નામે શેઠ હતો, **રત્નસાર** નામે તેનો પુત્ર હતો. તેની **રિદ્ધિમતી** નામે સુંદર પત્ની હતી.

નદીએ નહાતી તેને કાંઠે ઉભેલા એક રાજપુતે જોઈ. તેને અનુરાગ થતાં દૃષ્ટિરૂપી દૂતી મોકલી. પેલીએ તેનો સ્વીકાર કર્યો. યુવાને પાછળ જઇને તેનું ઘર જોઈ લીધું, પછી મિલન-સંકેત જાણવા માટે પરિવ્રાજિકાને મોકલી. પરિવ્રાજિકાએ જઈને યુવકની લાગણી વગેરે વિશે તેને કહ્યું. તે બધું સાંભળી, પોતાનો ભાવ છુપાવી રાખી તેણે પરિવ્રાજિકાને ઉધડો લીધો અને મેશથી લીંપેલ હાથથી તેની પીઠે પાંચ આંગળા પડી જાય તેમ થાપો મારી, અશોકવનના પશ્ચિમ દ્વારેથી તેને ભગાડી મૂકી. વળી કહ્યું, ' જો ફરીથી આવીશ તો મારા ઘરનાને કહી દઇશ. ' પરિવ્રાજિકા ચાલી ગઈ. જઇને તેણે યુવાનને બધું કહ્યું. તુષ્ટ થયેલા યુવાને વિચાર્યું, ' અહો તેની હોંશિયારી ! આવી પરિવ્રાજિકાને ય તેણે છેતરીને મને કૃષ્ણ પંચમીના દિવસે અશોકવાટિકાના પશ્ચિમ બારણેથી આવવાનો સંકેત આપી દીધો ! ' પરિવ્રાજિકાને તેણે કહ્યું, ' પરિવ્રાજિકા ! તે ના રાજી હોય તો થયું. '

વદી પાંચમે તે અશોકવૃક્ષતળે જઇ પહોંચ્યો. મિલન થયું. અન્યોન્ય સ્નેહ વધતો હતો. એમ કેટલાક દિવસ ગયા. પછી ડહોળું તેલ, મેલી વાટો અને શયનગૃહમાં દીવો જોઇને **નિધિસારને** શંકા થઈ કે ' આ શું ? ' રાતે જોયું તો તે યુવકની સાથે સુતેલી પુત્રવધૂ નજરે પડી. તેના જમણા પગેથી **નિધિસારે** ઝાંઝર ઉતારી લીધું. તેને ખ્યાલ આવી ગયો. તેણે યુવકને જગાડચો કહ્યું, ' સમયે મદદ કરજે. ' તે ગયો. પેલી પણ પતિ સમીપે ગઇ, પતિને જગાડીને બોલી, ' અહીં ઘામ થાય છે. ચાલો અશોકવાડીમાં જઇએ. ' ' ભલે. ' પેલાએ સ્વીકાર્યું એટલે અશોકવૃક્ષતળે જઇ એકાદ પ્રહર સુતા. પછી પતિને જગાડીને તે બોલી. ' શું તમારા કુળમાં આવું યોગ્ય છે કે પતિ સાથે સુતેલી વહુનું ઝાંઝર સસરો લઈ લે ? ' તે બોલ્યો, ' સવારે લઈ લઈશું, ' પેલી રડવા લાગી. રત્નસારે અટકાવી એટલે તે બોલી, ' અટકાવે છે શું ? આ બનાવથી તો મને કલંક લાગ્યું. ' તે બોલ્યો, ' મારી સાથે રહેલી તને એમાં કલંક શાનું ? એવું વિચારવાની જરૂર નથી. ' દિવસ ઉગ્યે **રત્નસારે** પિતા પાસે ઝાંઝર માંગતા કહ્યું, ' તમે જોયા વિના જ આ શું કરો છો ? ' પિતાએ કહ્યું, ' જોયા વિના કર્યું. તેને મેં પરપુરુષ સાથે જોઈ છે. ' રત્નસાર બોલ્યો, ' પિતાજી ! તમે અંધારાને લીધે ભૂલ્યા છો. હું જ બહાર સુતો હતો. અને મને તેણે તે જ વખતે આ કહ્યું. ' પુત્રવધૂ બોલી, ' હું મારી શુદ્ધિની ખાત્રી કરાવીશ. અહીં

યક્ષ છે, જે શુદ્ધ હોય તે તેના બે પગ વચ્ચેથી પસાર થઇ જાય છે અને જે અશુદ્ધ હોય તેને તે રોકી દે છે.' બન્નેએ તેમ કરવાનું સ્વીકાર્યું. નાહી ધોઈ ધૂપ-ફુલ-ફળ-નિવેદ્ય હાથમાં લઇ પૂત્રવધૂ યક્ષના મંદિરે જવા નીકળી. પૂર્વસંકેત પ્રમાણે તેના યારે ગાંડાના વેશમાં આવી તેની સાથે બાથ ભીડી. તેને પાગલ માની લોકોએ દૂર કર્યો. ફરીથી સ્નાન કરી પેલી યક્ષમંદિરે પહોંચી. યક્ષની પૂજા કરી, તેણે પ્રાર્થના કરી, 'યક્ષ ભગવાન ! મેં પતિને મૂકીને કોઇ અન્ય પુરુષનો બીજા ભાવથી સ્પર્શ કર્યો નથી. પાગલવાળો બનાવ તો તમારી અને વડીલોની સામે જ બન્યો છે. એમાં શું કહેવું ?' એમ બોલતી મુંઝાયેલા યક્ષની બે જાંઘ વચ્ચેથી તે નીકળી ગઈ. 'સતી' 'સતી' એમ સગાંઓના પોકારો સાથે વાજતે ગાજતે ઘેર ગઇ.

આ પછી વિચારમાંને વિચારમાં સાસરાની ઊંઘ નાશ પામી. રાજાએ જાણ્યું કે, 'અંતઃપુરના રક્ષક તરીકે આ ઠીક રહેશે.' એમ વિચારી તેને તેડાવ્યો અને રાતે અંતઃપુરનું ધ્યાન રાખવા કહ્યું. તેણે સ્વીકાર્યું. એમ થોડાક દિવસ ગયા. એક વખત રાતે એક રાણીને તેણે ઊભી થતી અને પોતાને જોઇ પાછી સૂઇ જતી જોઇ. 'આ આમ કેમ કરે છે ?' વિચારી તેણે સૂઈ જવાનો ડોળ કર્યો. પેલીએ વિચાર્યું, 'આ સૂઈ ગયો છે' એમ વિચારી ઝરૂખામાં ગઈ. તે ઝરૂખાની નીચે જ રાજાના પ્રિય હાથીને બાંધવામાં આવતો. તે હાથીનો મહાવત તેને આવતી જાણી હાથીને ગોખ પાસે લાવ્યો. હાથીએ તેને સુંઢથી ઊચકી જમીન પર મૂકી. મહાવતે 'મોડી કેમ આવી ?' કહી તેને સાંકળેથી મારી. તે બોલી, 'નાથ ! મારો નહીં. રાજાએ આજ કોઈ નવો રખેવાળ અંતઃપુરમાં મૂકચો છે. તે સુતો જ નથી.'

ક્રીડા કરીને મહાવતે પાછલી રાતે તેને જવા દીધી. હાથીએ સુંઢ પર ચડાવીને તેને ગોખ પર મૂકી. તે નિવાસસ્થાનમાં ચાલી ગઇ. આ બધુ નિધિસારે જોયું અને વિચાર્યું, 'અહો ! સ્ત્રીઓનું ચરિત્ર વિષમ છે. આમ ઉપલા માળે, આટલા રક્ષણ નીચે રખાવા છતાં આ આવું આચરણ કરે છે, તો અમારી વહુઓ ભલી કે પાણી ભરવા ગયેલી પાછી તો ઘેર આવે છે.' આમ રોષ અને ચિંતાથી મુક્ત થઈ તે સૂઈ ગયો. સૂર્ય ઉગ્યો છતાં તે ઊઠ્યો નહીં. દાસીએ રાજાને જાણ કરી, 'હજી પેલો વૃદ્ધ ચોકીદાર સુઇ રહ્યો છે.' રાજાએ વિચારીને કહ્યું, 'આમાં કંઇક કારણ હોવું જોઇએ. તો એને ઉઠાડશો નહીં. ઊંઘ પૂરી કરી તે ઊઠે ત્યારે મારી પાસે લાવજો.' સાત દિવસે ઉંઘમાંથી ઊઠ્યો ત્યારે રાજા પાસે લઈ જવાતાં, રાજાએ નિધિસારને પૂછ્યું, 'શા કારણે તને આટલી ઉંઘ આવી ?' તેણે કહ્યું, 'અભય આપો.' રાજાએ કહ્યું, 'તને અભય છે.' ત્યારે તેણે બધી વાત કહી દીધી. 'તે

રાણી કઇ તે તું જાણે છે ? ' રાજાએ પૂછયું. તેણે કહ્યું, ' હું નથી ઓળખતો. પણ સાંકળ-ના નિશાન પરથી જણાઇ જશે. '

પછી રાજાએ જાળ રચી, લાકડાનો હાથી બનાવરાવ્યો. રાણીઓને બોલાવી કહ્યું, ' મેં એક દુઃસ્વપ્ન જોયું છે. તેનું નિવારણ કરવા તમે બધી આ હાથીની સુંઢ પર ચડી પુછડીએથી ઉતરો. ' બધીએ એમ કરવા હા ભણી, એક પેલી હરામી રાણી બોલી, ' હું હાથીથી ડરું છું. ' રાજાએ એને કમળની દાંડીથી પીટી. તે બેભાન બનવાનો ઢોંગ કરી જમીન પર પડી ગઇ. રાજાએ વિચાર્યું, ' આ જ તે દુરાચારીણી હોવી જોઇએ. ' તેની પીઠ જોઈ તો સાંકળના ઘા દેખાયા. હસીને રાજા બોલ્યો, ' હે સુંદરી ! સાચા હાથી સાથે રમતાં તું ડરતી નથી અને લાકડાના હાથીથી બીએ છે ? ત્યાં સાંકળથી ફટકારાતી હોવા છતાં બેભાન નથી થતી અને અહીં મેં કમળથી મારી તો બેભાન થઇ ગઈ ? ' કોપાયમાન થયેલ રાજાએ મહાવતને બોલાવ્યો, હાથીને ય મંગાવ્યો. તેના પર બન્નેને બેસાડ્યા. માણસોને આજ્ઞા કરી, ' પર્વતની ધાર પર ચડાવીને આ બધાને ખીણમાં નાખો. '

મહાવતે હાથીને ધાર પર ચડાવ્યો. ત્રણ પગ પર્વતના શીખર અને એક પગ ઊંચો રાખી હાથી ઊભો રહ્યો. લોકો બોલવા લાગ્યા, ' હાથીને મારી નખાવવો યોગ્ય નથી. ' રાજા બોલ્યો, ' હાથીને જલદી નીચે પાડો, ' ફરી મહાવતે હાથીના બે પગ અદ્ધર લટકતા રખાવ્યા. બે પગ શિખર પર રહ્યા. ફરી લોકો બોલ્યા, ' અહો ! આ પશુને મરાવવું યોગ્ય નથી. ' રાજા ચૂપ રહો, મહાવતે ત્રણ પગ આકાશમાં અદ્ધર કરાવ્યા, માત્ર એક પગ શિખર પર રખાવ્યો. બધા લોકોએ હાહાકાર કરી કહ્યું, ' હે મહારાજ ! આવા હસ્તિ-રત્નનો નાશ કરવો યોગ્ય નથી. એ તો પશુ છે, કાર્યાકાર્ય ન સમજે. કૃપા કરી એને છોડો. ' એટલે રાજા બોલ્યો, ' મહાવતને કહો કે હાથીને પાછો વાળે. ' માણસોએ મહાવતને કહ્યું, ' શું તું હાથી ને ફેરવીને પાછો ઉતારી શકીશ ? ' મહાવતે કહ્યું, ' જો અમને બન્નેને અભય આપવામાં આવે તો હાથીને પાછો વાળું. ' રાજાને આ વાત કહેવામાં આવી. રાજાએ કહ્યું, ' ભલે, એમ. ' એટલે મહાવતે હાથી પાછો વાળ્યો અને બન્ને નીચે ઉતર્યા. રાજાએ બન્નેને દેશનિકાલ કર્યાં. ઘરેણા સાથે બન્ને ત્યાંથી તરત રવાના થયા અને એક નગરમાં પહોંચ્યા, ત્યાંજ સાંજ પડી હોવાથી એક મંદિરમાં રહ્યા.

આ બાજુ મધરાતે નગરમાંથી એક ચોર, પાછળ સિપાઇઓ પડવાથી ભાગી તે જ મંદિરમાં પેસી ગયો. ' સવારે પકડી લઇશું ' એમ વિચારી સિપાઈઓએ મંદિરને ઘેરી લીધું. પેલા બે જ્યાં સુતા હતાં ત્યાં જ ચોર આવ્યો. મહાવત તો થાકેલ હોઈ ઊંઘી રહ્યો, પણ પેલીએ કસ્તુરી વગેરેની સુગંધીથી ચોર હોવાનું અનુમાન કર્યું. તે ચોર પાસે ગઈ.

ચોરે તેને જાણી લઈ વીટની જેવું વર્તન કર્યું. સ્પર્શથી તેણે ધારી લીધું કે કોઇ સારા ઘરની સ્ત્રી છે. પેલીએ પૂછ્યું, 'તું કોણ છે?' તેણે કહ્યું, 'હું ચોર છું' તે બોલી, 'સાચે જ તું ચોર છે, જેણે મારું હૃદય પણ હરી લીધું. પણ અહીં ક્યાંથી આવ્યો?' ચોર બોલ્યો, 'સિપાઇઓ પાછળ પડતાં મોતની બીકે અહીં આવી ગયો.' પેલી બોલી, 'જો મને ઇચ્છે તો તારા જીવનની રક્ષા કરું.' તે બોલ્યો, 'એક તો સોનું અને વળી સુગંધી, કોણ ન ઇચ્છે? પણ તું મારા જીવનનું રક્ષણ કેવી રીતે કરીશ?' પેલાએ કહ્યું, 'હું તું મારો પતિ છે એમ કહીશ.' ચોર બોલ્યો, 'ભલે, એમ.'

સવારમાં સિપાઇઓએ તેમને પકડ્યા. મહાવત બોલ્યો, 'હું ચોર નથી, મુસાફર છું. આ મારી પત્ની છે.' પેલીને પૂછતાં તેણે ચોર ભણી જોઇ કહ્યું, 'આ મારો પતિ છે. અને મહાવત પ્રતિ જોઇ કહ્યું, 'પણ આને હું ઓળખતી નથી.'

સિપાઇઓ મહાવતને પકડી ગયા, રાજાને કહી શૂળી પર ચડાવ્યો. એ વખતે તરસથી પીડાતાં તેણે જે જે માણસને જોયા તે તે દરેક પાસે પાણી માગ્યું, પણ રાજ-ભયથી કોઇએ આપ્યું નહીં. એવામાં **જિનદાસ** શ્રાવક તે સ્થળેથી નીકળ્યો. તેની પાસે પાણી માગ્યું એટલે તે બોલ્યો, 'જો હું પાછો ફરું ત્યાં સુધી તું 'અરહંતને નમસ્કાર' એમ બોલ્યા કર તો લાવી આપું: પેલાએ 'ભલે' કહી એમ કરવાનું સ્વીકાર્યું. રાજપુરુષો-ની રજાથી શ્રાવક પાણી લઈ આવ્યો. શ્રાવકને જોતાં જ 'નમો અરહંતાણં' બોલતો તે મૃત્યુ પામ્યો ને નવકારના પ્રભાવથી અને અકામ નિર્જરા કરવાથી ચારિત્રહીન હોવા છતાં વાણવ્યંતર દેવ બન્યો.

પેલી સ્ત્રી તે ચોર સાથે રવાના થઇ. જતાં તેમના રસ્તામાં નદી આવી. એટલે ચોરે સ્ત્રીને કહ્યું, 'આ નદી ખૂબ વેગવાળી છે. વસ્ત્રો વગેરે સાથે તને પાર કરવાનું શક્ય નથી. એટલે તું આ કાંઠે બરુના ઘાસમાં સંતાઇને શરીરના વસ્ત્રાલંકારો બધું મને આપી દે. હું એ બધું સામે કાંઠે મૂકી પછી તને પાર ઉતારું છું.' તે બોલી, 'ભલે' બધું સામે કાંઠે લઇ જઇને ચોરે વિચાર્યું, 'જો આ પોતાના ધણીને ય મરાવે તો મારી ક્યાંથી વહાલી થવાની?' એમ વિચારી તે ચાલવા માંડ્યો. પેલીએ બોલાવ્યો, 'મને મૂકીને ક્યાં જાય છે?' 'હું ડરું છું' બોલતો તે રવાના થઇ ગયો. જન્મવેળાએ જેવું હતું તેવું શરીર ધારણ કરતી પેલી બરુના ઘાસમાં પેશીને બેઠી રહી.

આ તરફ પેલા વાણવ્યંતરે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું તો આવી હાલતમાં તેને જોઇ. દયા આવવાથી તેને બોધ પમાડવા તેણે ત્યાં જઈ શિયાળનું રૂપ લીધું ને મોઢામાં માંસપેશી લીધી. એક માછલું નદી વચ્ચેથી ઉછળીને કાંઠાપર પડયું એટલે શિયાળ મોઢામાંનું માંસ છોડી માછલું લેવા દોડ્યો. પણ માછલું પાણીમાં સરકી ગયું અને પેલી માંસપેશી પણ આકાશમાંથી ઊતરીને સમળી લઈ ગઇ. આમ શિયાળે બન્ને ગુમાવ્યા. આ જોઇ પેલી સ્ત્રી બોલી, 'માંસપેશી દઇને હે દુર્બુદ્ધિ! માછલું ઇચ્છે છે? હે શિયાળ! માંસ અને માછલી બન્ને ચૂકયો. હવે શાનો પસ્તાય છે?' શિયાળે જવાબ આપ્યો, 'કામથી ઉપરત થયેલા પતિને છોડીને તેં જારની ઇચ્છા કરી. રંડા! તેં પતિ અને જાર બંનેને ખોયા અને હવે પસ્તાય છે શું?' તે ખૂબ જ ડરી ગઇ કે 'આ શું?' એવામાં વાણવ્યંતરે પોતાનું સ્વરૂપ અને વિભૂતિ દેખાડી અને પોતાની ઘટના કહી. પછી કહ્યું, 'પાપિણી! મેં એવું પાપ કરેલું તો પણ નવકાર મંત્રના પ્રભાવે મને લાભ થયો. તો હવે તું પણ જિનશાસન સ્વીકારી ધર્મ કર.' પેલીએ 'ભલે' કહી સ્વીકાર કર્યો. સાધ્વી પાસે લઇ જઇ તેને વાણવ્યંતરે દીક્ષા અપાવી.'

'એમ હે પ્રિયતમ! મને લાગે છે કે મળેલું સુખ છોડવા ઇચ્છતો અને નથી મળ્યું તે ઇચ્છતો તું બન્ને ગુમાવીશ. તો આ હેતુવિનાનો દુરાગ્રહ છોડી દઇને, સકળ ઇન્દ્રિયો તથા મનને અનુકૂળ વિષયો દ્વારા પોતાના શરીરનું પોષણ કર. શા માટે આકરા તપ, વાળનો લોચ, ભૂમિશયન અને બ્રહ્મચર્યથી દેહને નકામો પરેશાન કરે છે? શું એ તારું વેરી છે?'

કુમાર બોલ્યો, 'જો અનેક પ્રકારના ખાદ્ય પદાર્થો અને શાકભાજીઓથી મનને આનંદ આપનાર કલમી ચોખા જેવા સ્નિગ્ધ ને મધુર આહારથી કે નાળિયેર, કેળા, ખજૂર દ્રાક્ષ, નારંગી, દાડમ વગેરે વિવિધ ફળોથી નિત્ય એને પોષવામાં આવે; શતપાક અને સહસ્રપાક તેલ વડે અભ્યંગ કરીને, ઉબટન કરીને, ઉત્તમ પાણી વડે એને નવરાવવામાં આવે; કેસર, કપૂર, ચંદન, અગરુ, કસ્તૂરી આદિ મનોહર સુગંધી પદાર્થોથી એને લેપ કરવામાં આવે; ચીનાંશુક, પટ્ટાંશુક આદિ દિવ્ય, કોમળ અને સુંવાળા વસ્ત્રો એને પહેરાવવામાં આવે; પોતાના કિરણોના સમૂહથી અંધકારનો નાશ કરનાર એવાં સુવર્ણ-રત્નમય અનેક અલંકારોથી એને શણગારવામાં આવે; કપૂરયુક્ત, લવીંગ-શીતલચીની-બોર વગેરે ભરેલા પાનથી એને સન્માનવામાં આવે; ઉજ્જવળ દિવ્ય વસ્ત્રની ચાદર બીછાવેલ ઉત્તમ શય્યાવાળા રત્નજડિત પલંગમાં એને સુવરાવવામાં આવે; બહુ સુગંધના કારણે એકઠા થયેલા ભમરાઓના ગુંજારવવાળી પુષ્પમાળાઓથી રોજ એને સજાવવામાં આવે;

ઉન્નત સ્થૂળ સ્તનયુગલધારી યુવતીઓના સ્તનભંગીઓવાળા નાટ્યના દર્શનથી એને ખુશ કરવામાં આવે; બધા સ્વર, ગ્રામ અને મૂર્છનાઓને પ્રકટ કરતા, વીણા અને વેણુના સુંદર રવ સાથેના તાલબદ્ધ ગીત એને સંભળાવવામાં આવે; તો પણ પરલોક જવાનો સમય આવે ત્યારે ખલપુરુષની પેઠે ઉપકાર ભૂલીને આ દેહ એક ડગલું પણ જીવની સાથે ચાલતો નથી. લાંબો વખત પાળ્યા છતાં અને એ જીવને અંતે તો અનુપાર્જિત ધનની પેઠે છોડી દે છે એ નક્કી છે **ત્રણ મિત્રોનું દૃષ્ટાંત** આ માટે જાણીતું છે.

**સૌભાગ્યમંજરીએ** પૂછ્યું, 'તે શું ?'

કુમાર કહેવા લાગ્યો—

"અનેક કથાઓનું કેન્દ્રસ્થાન એવું **ક્ષિતિપ્રતિષ્ઠ** નામે નગર હતું, ત્યાં નામ પ્રમાણે ગુણવાળો **જિતશત્રુ** રાજા હતો. તેને સમગ્ર અધિકારવાળો હોવાથી ગૌરવવાન એવો **સુબુદ્ધિ** નામે મંત્રી હતો. તેણે દુઃખમાં કામ આવે તે માટે ત્રણ મિત્રો બનાવ્યા. તેમાંનો એક બચપણમાં સાથે રમેલો, સાથે જ ઉછરેલો, સાથે જ ભોજન કરતો અને સાથે ઊઠતો-બેસતો એવો હતો. બીજો પ્રસંગે મળતો ત્યારે તેનું સ્નાન-વિલેપન-ભોજન-શયનાસનથી તે સ્વાગત કરતો એવો હતો. ત્રીજો માત્ર મળે ત્યારે નમસ્કાર અને મધુર વાર્તાલાપથી સંતુષ્ઠ એવો મિત્ર હતો. આમ મંત્રીને નિત્ય મિત્ર, પર્વમિત્ર, અને જુહારમિત્ર એમ ત્રણ મિત્રો હતાં.

હવે કોઈ વખત કોઈ દુર્જને અવસર મેળવી ને રાજાની પાસે મંત્રીના ખોટા દોષો રજૂ કર્યા. એવું કોઈ ઘર નથી. રાજકુળ નથી કે દેવળ પણ નથી, જ્યાં અકારણ જ રોષ કરનાર બે-ત્રણ દુર્જન ન દેખાય! પછી રાજા તરત જ મંત્રીપર કોપાયમાન થયો. રાજાનો કોઈ મિત્ર હોય એવું કોઇએ જોયું કે સાંભળ્યું છે ? કહ્યું છે કે—

**काके शौचं द्यूतकारे च सत्यं सर्पे क्षान्तिः स्त्रीषु कामोपशान्तिः।**
**क्लीबे धैर्यं मद्यपे तत्त्वचिन्ता राजा मित्रं केन दृष्टं श्रुतं वा ? ॥**

[કાગડામાં સ્વચ્છતા, જુગારીમાં સત્ય, સર્પમાં ક્ષમા, સ્ત્રીઓમાં કામતૃપ્તિ, નપુંષકમાં ધૈર્ય, દારૂડિયામાં તત્ત્વચિંતન અને રાજાનો મિત્ર કોણે જોયો કે સાંભળ્યો ?]

હવે જેવા મંત્રીએ રાજદરબારમાં જઇને રાજાને પ્રણામ કર્યા કે ગુસ્સાથી આંખો રાતી કરતા રાજાએ મોં ફેરવી લીધું. રાજાને કોપાયમાન થયેલો જાણી મંત્રી કંઇક બહાનું

કાઢી ત્યાંથી નીકળી ગયો અને નિત્યમિત્રના ઘેર ગયો. મિત્રે મ્લાન મુખવાળા તેને આવતો જોઈ વિચાર્યું, 'જરૂર રાજા આના પર ખીજાયો લાગે છે, તેથી એકલો આવી રહ્યો છે.' એમ વિચારી દોડીને ઘરમાં ઘુસી ગયો. મંત્રીએ તેને જોયો અને કહ્યું, 'મિત્ર! રાજા મારા પર ગુસ્સે થયો છે. તું મદદ કર. આપણે દેશાંતર જઇ આ આપત્તિમાંથી પાર ઉતરીએ. ખૂબ ડરી ગયેલો મિત્ર બોલ્યો, 'મારા ઘરમાંથી તું બહાર નીકળ. તારા લીધે મારા કુટુંબ સાથે ક્યાંક હું માર્યો ન જાઉં!' નિત્યમિત્રના આવા વચનોથી ખિન્ન થતો મંત્રી ત્યાંથી નીકથી પર્વ-મિત્રના ઘેર પહોંચ્યો. તેણે પણ મંત્રીને જોઇ સહેજ સ્નેહ બતાવ્યો. રાજાના કોપની વાત કહેતાં પર્વમિત્ર બોલ્યો, 'અહીં જન્મ્યા ને અહીં જ સગા સંબંધીઓ હોવાથી અમે તારી સાથે દેશાંતર આવવા તો શક્તિમાન નથી. પણ આપણા નગરના સીમાડા સુધી વળાવવા આવીશું.' એમ કહી તે મંત્રી સાથે ચાલ્યો. મંત્રી પણ ખિન્ન મને વિચારવા લાગ્યો, 'ચિરકાળ મેં ઉપકાર કર્યો હોવા છતાં આ મિત્રોએ મારી કોઇ મદદ કરી? અહો! દુર્જનો ઉપકારને ભૂલી જનારા હોય છે. હજી ત્રીજો મિત્ર છે તેના ઘરે જાઉં. મને આપત્તિમાં આવેલાને જો તે સહાય કરે એમ હોય તો જોઉં.' એમ વિચારી જુહાર મિત્રના ઘેર તે ગયો. તેને દૂરથી આવતો જોઈ જલદી ઊભો થઇ સ્વાગત કર્યું અને પછી પૂછ્યું, 'કેમ પધારવાનું થયું?' એટલે મંત્રીએ તેને સઘળો વૃત્તાંત કહ્યો. તેણે કહ્યું, 'રાજાનો ભય રાખીશ નહીં. મિત્ર! તારી બુદ્ધિની મદદથી વાળ પણ વાંકો નહી થાય. અહીંથી હું તને દેશાંતર લઈ જાઉં છું, જ્યાં રાજાનો ભય નથી. મારી મદદથી ત્યાં તું નિત્ય સુખે રહી શકીશ.' આમ ભેટ બાંધી તે મંત્રીની સાથે ચાલી નીકળ્યો. દુઃખમાં મદદ કરવી એ જ મિત્રભાવની કસોટી છે. મંત્રીની સાથે પર્વમિત્ર નગરની હદ સુધી આવી પાછો ગયો. જુહારમિત્રની સાથે મંત્રી '**વંછિતપુર**' પહોંચ્યો. જુહારમિત્રની મદદથી વંછિતપુરના રાજાનો મંત્રી બની તે સુખપૂર્વક રહેવા લાગ્યો."

આ રૂપક છે. તેનો ઉપનય આવો છે—"જેમ **ક્ષિતિપ્રતિષ્ઠનગર** તેમ **સંસાર**. ત્યાં જે **જિતશત્રુ** રાજા તે સ્વચ્છંદ-વિલાસી **મૃત્યુ**. જે **સુબુદ્ધિ** મંત્રી તે વિવેકી **ભવ્યજીવ**. જે સાથે જ ખાનપાન કરનાર **નિત્યમિત્ર** તે **શરીર**, મૃત્યુ રાજા રૂઠે ત્યારે જે જીવની સાથે ડગલું ય નથી ચાલતું. જે **પર્વમિત્ર** તે **સ્વજનસમૂહ**, તેનો ઉપકાર યાદ કરી નગરના સીમાડા સુધી સાથે આવે છે. **જુહારમિત્ર** તે ધર્મ જે સહાયક થઇને **સ્વર્ગ-મોક્ષરૂપી વંછિતપુર** પહોંચાડે છે અને તેના પ્રભાવે જીવ નિત્ય સુખી થાય છે."

'સુખે લાલન-પાલન કરેલ અને સુખોથી પુષ્ટ બનાવેલ આ દેહ પરલોકના માર્ગે જતાં જુદો પડે છે. હે ભદ્રે! તેને શા માટે પાળવો જોઇએ?'

એવામાં **રત્નમંજરી** બોલી, 'પ્રાપ્ત થયેલ આ ભોગો છોડીને નહીં મળેલા ભોગો શોધતો, અતિલોભવશ તું ખરે જ **કુટણી**ની જેમ કલેશ પામીશ.'

કુમારે પૂછ્યું, 'તે **કુટણી** કઇ ?'

**રત્નમંજરી** કહેવા લાગી—

" આ **ભારતવર્ષ**માં, પોતાની ધવલ કાંતિથી સુરપુરીને ય હસનાર એવું **ઋષભપુર** નામે સુંદર નગર હતું. ત્યાં **અભયંકર** નામે શેઠ હતો, જેનો વિશાળ વૈભવ જોઈ લોકો કુબેરને ય રંક સમજતા. તેની **કુશલમતી** નામે ભાર્યા હતી. તેમના ઘેર બે નોકર હતા. જિન-પૂજા તથા મુનિઓને દાન દેવામાં રત શેઠને જોઇને બન્ને વિચારતાં, 'ધન્ય છે આને કે જે આ પ્રકારે ધર્મ કરી રહ્યો છે. આપણે અભાગીયા શું ધર્મ કરીએ ?'

એક વખત ચોમાસાના દિવસે તેમના શેઠે મંદિરમાં જિનપ્રતિમાની પૂજા કરવા માટે ફૂલો આપ્યા, પણ તેમણે લીધાં નહીં. તેમણે કહ્યું, 'જેના ફૂલો હોય તેમને જ પુન્ય મળે, અમારી માત્ર ચેષ્ટા જ ગણાય. શેઠે સમજાવ્યા પણ માન્યા નહી. એટલે ગુરુ પાસે લઇ ગયા. ગુરુએ પૂછ્યું, 'કેમ ફૂલોથી જિન ભગવાનને પૂજતા નથી ?' તેમણે જવાબ આપ્યો, 'અમારા પૈસાથી જ અમે પૂજવા માગીએ છીએ. પણ અમારી પાસે પૈસા નથી.' ફરી એક બોલ્યો, 'મારી પાસે પાંચ કોડી બચાવેલી છે. પણ એટલા થોડાથી પૂજા કરવાનું મન થતું નથી.' ગુરુએ કહ્યું, 'શક્તિપ્રમાણે ઓછું આપનારને પણ મહાન ફળ મળે છે. ધર્મમાં તો શુદ્ધ ભાવ મહત્ત્વનો છે.' આથી તેણે કોડીઓથી ફૂલો ખરીદી જિનપૂજા કરી. બીજાએ વિચાર્યું, 'આની પાસે તો આટલાય પૈસા નીકળ્યા. મારી પાસે તો એટલું ય નથી. તો હું શું કરું ?' એમ વિચારતાં તેણે પચ્ચકખાણ કરતા શ્રાવકોને જોયા. એણે ગુરુને પૂછ્યું, 'મહારાજ ! શું આમ કરવાથી ધર્મ થાય છે ?' ગુરુએ કહ્યું, 'જરૂર; તેણે ઉપવાસનું પચ્ચકખાણ લીધું અને ઘેર ગયો તેણે વિચાર્યું' 'જો આજે સાધુઓ આવે તો હું તેમને મારુ ભોજન વહોરાવીશ. કેમકે પોતાના હાથે કમાયેલું આપવાથી બહુ ફળ મળે છે.' એમ તે વિચારતો હતો તેવામાં વડિલ તથા માંદા સાધુઓની વેયાવચ્ચમાં રોકાયા હોવાથી જેમણે ઉપવાસ નહોતો કર્યો એવા સાધુઓ વહોરવા આવ્યા. ખૂબ ભાવપૂર્વક તેણે પોતાનું ભોજન તેમને વહોરાવ્યું. બીજા જન્મ માટે તેણે શુભકર્મ બાંધ્યું.

આ બાજુ **કલિંગપતિ** રાજા **શૂરસેન** પોતાના જ પિત્રાઇઓ દ્વારા રાજ્ય હરી લેવાતાં, **કુરુદેશ**માં જઇ **ગજપુર**ના રાજાની ચાકરીમાં રહ્યો. રાજાએ તેને ચાર ગામ

આપ્યા. તેમાં **શાલિશીર્ષ** ગામમાં વસતાં તેની **વિજયા** નામની રાણીની કુખે સાધુઓને ભોજન આપનાર પેલો ચાકર પ્રથમ પુત્રરૂપે અને જિનપૂજા કરનાર બીજા પુત્રરૂપે જન્મ્યો. મોટાનું **અમરસેન** અને નાનાનું **વજ્રસેન** નામ આપવામાં આવ્યું. પૂર્વે કરેલા પુણ્યના પ્રભાવથી રૂપલાવણ્યવાળા બન્ને વિદ્યાકળામાં નિપુણ થઈ યુવાનીમાં આવ્યા. વિવિધ રમત ગમત કરતા બન્ને વિલાસ કરતા હતા એવામાં અપરમાને ઇર્ષ્યા થઇ. ચાકરીએથી પાછા આવેલા પતિએ પૂછ્યું તો ખૂબ આગ્રહ પછી તેણે કહ્યું, ‘જે દિવસથી તમે ચાકરીએ ગયા છો તે દિવસથી તમારા છોકરાઓ મારી સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે. આટલા દિવસ તો મેં મક્કમતાથી પસાર કર્યા છે. હવે તમને જે ઠીક લાગે તે કરો.’ આ સાંભળીને કોપાયમાન થયેલ રાજાએ ચંડાળને બોલાવી કહ્યું, અરે! ગામના સીમાડે કુમારો ઘોડેસ્વારી કરે છે. તારા સાથીદારો સાથે જઇ તેમનાં માથા વાઢી લાવ.’ ચંડાળે વિચાર્યું, ‘આને ગ્રહબાધા થઇ છે કે શું?’ ‘જેવી આજ્ઞા’ એમ બોલી તે કુમારો પાસે ગયો, રોતાં રોતાં તેમને વાત કરી. તે બોલ્યા, ‘તો પિતાની આજ્ઞા મુજબ કર. કદાચ અમે કંઇ અપરાધ કર્યો હશે. નહીં તો પિતાજી શા માટે આવી આજ્ઞા કરે?’ ચંડાળે કહ્યું, હું વિનંતિ કરું છું કે તમે બીજે દેશ ચાલ્યા જાઓ.’ કુમારો બોલ્યા, ‘એમ કરવાથી તો પિતાજી તને અને તારા કુટુંબને સજા કરશે.’ ચંડાળ બોલ્યો, ‘તમારા પ્રતાપે મારું રક્ષણ થશે.’ કુમારો ગયા. ચંડાળ પણ ઘોડા લઇને તથા ચિત્રકાર-પાસે કુમારોના માથાં જેવાં જ માથાં કરાવી રાજા પાસે સાંજે ગયો, ઘોડા સોંપ્યાં અને માથાં બતાવ્યા. રાજાએ કહ્યું, ‘એવી રીતે એને છૂપાવી દે કે કોઇ જુએ નહીં.’ ચંડાળે પણ તેમ કર્યું. સાવકીમાને આનંદ થયો.

કુમારો ચાલતા ચાલતા એક અટવી નજીક આવ્યા. તે નદીરૂપી હાર ધારણ કરતા ગિરિશિખરરૂપી ઉન્નત પયોધરોવાળી, ઉપર ફરતા ભમરાઓવાળા પુષ્પોરૂપી નયનોથી કટાક્ષ કરતી, પવન ભરાયેલ વાંસના સુરોથી ગીત ગાતી, આનંદી ચમરી ગાયોના પૂંછ-ડાંથી ચામર વીંઝતી, પવનથી હલાવાતાં પલ્લવરૂપી હાથોવડે રસ્તાના ખેદથી થાકેલા કુમા-રોના પ્રસ્વેદ-બિંદુ લુછતી અનુરક્ત તરુણી જેવી અટવીએ સઘન વૃક્ષ-ઝુંડોમાં ભરેલા અંધ-કારમાં અતિ વિરલ રવિકિરણોની ભાત ભક્તિપૂર્વક રચી.

હવે ત્યાં કુમારોના પ્રતાપને ફેલાતો ન જોઈ શકતાં સૂર્ય અસ્તાચળના શિખરે આવેલા ઉદ્યાનની અંતરાલે છુપાઇ ગયો. ત્યાં એક તળાવડી જોઇને તેના કાંઠે બેઠા. તળાવ-ડીએ મોજારૂપી હાથવડે તેમના પગ ધોયા. પછી એક આંબાના ઝાડ નીચે મણિશિલા પર કુણા પાંદડા પાથરીને તે પર બન્ને બેઠા. ત્યારે **વજ્રસેને** મોટાભાઇને પૂછ્યું, ‘આપણા

પર પિતાજી કેમ રૂઠયા તેનું કંઈ કારણ તું જાણે છે ?' મોટાએ કહ્યું, 'ભાઇ! બરાબર તો નથી જાણતો, પણ સાવકીમા ઇર્ષ્યાથી આપણા તરફ ધુંધવાયેલી હતી. એની ચેષ્ટાથી મને એમ લાગ્યું હતું. એટલે એનું જ કારસ્તાન હોવાની સંભાવના છે.' વજ્રસેને પૂછ્યું, 'શું પિતાજી પણ ખોટીવાતમાં વિશ્વાસ કરે ?' મોટાએ કહ્યું, 'વત્સ ! કપટથી કુટી જેવી સ્ત્રીઓ એવી રીતે કહેવાનું જાણે છે કે રાગાંધ બુદ્ધિવાળા બધુ જેમનું તેમ સ્વીકારી લે છે. અથવા એનાથી શું ? તેણે જ આપણને આખી દુનિયા દેખાડી તેથી તે આપણી ઉપકાર કરનારી છે.' એમ બોલતો મોટો ભાઇ સૂઇ ગયો. નાનો ચોકી કરવા લાગ્યો. એટલામાં આંબા ઉપર બેઠેલા પોપટે પોપટીને કહ્યું, 'આ કુમારો સ્વાગત કરવા યોગ્ય છે, પણ આપણી પાસે કંઇ નથી કે એમને આપીએ.' પોપટી બોલી, 'તને યાદ નથી કે આપણી નજર સામે જ વિદ્યાધરોએ સુકૂટપર્વતપર વિદ્યાથી મંત્રેલા બીજવાળા બે આંબા વાવ્યા છે ?' બન્નેએ એકબીજાને તે આંબાનો પ્રભાવ કહી બતાવ્યો—'એકનું ફળ નાનું હોય છે. તે ગળીને પેટમાં જાય એટલે રોજ સવારે પાંચસો સોનામહોર મોંમાંથી નીકળે. બીજાનું ફળ મોટું હોય છે, તે ખાનારો સાત દિવસમાં રાજા બને. તો તે ફળ લાવી આ બંનેને એક એક આપીએ.' એમ વિચારી તે પ્રમાણે કર્યું.

વજ્રસેને પોતાની પાસે પડેલ બે કેરીઓ જોઈ. કપડાના છેડે બાંધી. તેણે વિચાર્યું, 'શું પોપટીએ કહ્યું તે સાચું હશે ? અથવા વિદ્યાનો પ્રભાવ અકલ્પનીય છે.' પછી મોટો ભાઈ ઉઠ્યો, નાનો સુઈ ગયો. પ્રભાતે બન્ને આગળ ચાલ્યા. રહસ્ય કહ્યા વિના જ નાનાએ મોટું ફળ મોટા ભાઇને આપ્યું ને નાનું પોતે ગળી ગયો. એકાંત મેળવી તે સરોવરે ગયો ને મોઢું ધોયું ત્યાં મોઢામાંથી પાંચસો સોનામહોર પડી. તેણે મોટાભાઇને ભોજન-વસ્ત્રાદિક માટે તે દ્રવ્ય આપ્યું. મોટાએ પૂછ્યું, 'તારી પાસે દ્રવ્ય કયાંથી ?' તેણે કહ્યું, 'કુટુંબીઓએ જકાતનું જે દ્રવ્ય મને મોકલેલું તે મેં ખજાનામાં જમાં કરાવ્યું ન હતું.'

પછી બન્ને **કંચનપુર** પહોંચ્યા. ત્યાં એક આંબાનીચે **અમરસેન** સુતો. **વજ્રસેન** ભોજનાદિ સામગ્રી માટે નગરમાં ગયો. તે નગરમાં રાજા અપુત્ર મરણ પામેલો. નવા રાજાની શોધ માટે કરેલ પાંચ દિવ્યો જ્યાં **અમરસેન** સુતો હતો ત્યાં આવ્યાં. હાથીએ તેને ઊંચકી પીઠ પર બેસાડ્યો. સામંતો તેને નમવા લાગ્યા. માથે ધવલ છત્ર સાથે ચામરો વડે પવન નખાતો તે નગરમાં પ્રવેશ્યો.

**વજ્રસેન** સમાચાર સાંભળી વિચારવા લાગ્યો, 'તે દિવસ આથમી જાઓ, રાત પડો, વહાણુ થાઓ જ નહીં જેમાં પોતાનો ધંધો છોડીને પારકાના મોઢા જોયા કરવાના

હોય.' આમ વિચારી તે મગધિકાના ઘેર ગયો અને મોજ કરવા લાગ્યો. રાજાએ નાના ભાઈની ખૂબ શોધ કરી પણ ક્યાંય મળ્યો નહીં. તે રાજકાજમાં દિવસો વિતાવવા લાગ્યો.

એક વાર કુટણીના કહેવાથી મગધિકાએ તેને પૂછ્યું, 'ધંધા વિના તારી પાસે ધન ક્યાંથી?' ખૂબ આગ્રહ કરવાથી સરળ સ્વભાવના તેણે બધી સાચી વાત કહી દીધી. કંઇક ઔષધિ પીવડાવીને કુટણીએ તેને વમન કરાવ્યું ને આમ્રફળ થાળમાં પડયું. તે લઈ લીધું. તે લઇને તેને ઘર બહાર કઢાવ્યો. ચિંતાતુર થઈ ફરતો ફરતો મધરાતે નગર બહાર શૂન્ય મંદિરે પહોંચ્યો. ત્યાં ચાર ચોરો ચોરીના માલની વહેંચણી બાબતમાં ઝઘડતા હતા. કુમારે ચોર હોવાની નિશાની કરી. ચોરોએ તેને ચોર માની બોલાવ્યો, પાસે બેસાડી પૂછ્યું, 'અમારી પાસે ત્રણ વસ્તુઓ છે-કંથા, લાકડી અને પાદુકા; કુમાર બોલ્યો, 'એના વડે શું કામ થઇ શકે છે?' તેમણે કહ્યું, 'એક સિદ્ધપુરુષે છ મહિના સુધી સ્મશાનમાં વિદ્યાસાધના કરી. વિદ્યા દેવીએ પ્રસન્ન થઇ આ ત્રણ વસ્તુઓ તેને આપી. દેવીએ કહ્યું કે "રોજ આ કંથાને ખંખેરવાથી પાંચસો રત્ન પડશે. આ લાકડી માથે ઘૂમાવવાથી કોઈ હથિયાર કંઈ કરી શકશે નહીં. અને આ પાદુકા પહેરવાથી ઈચ્છા પ્રમાણેના સ્થળે જવાશે." અમે છ મહિના સુધી બારીક નીરિક્ષણ કરીને સિદ્ધને મારી નાખ્યો અને ત્રણે વસ્તુઓ લઈ લીધી. હવે ત્રણ વસ્તુ અને ચાર ચોર હોવાથી વહેંચણી કરવાની મુશ્કેલી છે.' કુમારે કહ્યું, 'આમાં લડવાનું શું છે? હું તમારો ઝઘડો ટાળું, એમ કહી તેણે લાકડી, કંથા અને પાદુકાઓ લઇ લીધી, ક્ષણમાં જ પાદુકા પગમાં પહેરી આકાશમાં ઊડી નગરની પેલે પાર ઉપડી ગયો. વિલખા બની ચોર પોતપોતાને સ્થાને ગયા.

પછી કુમાર રોજ કંથા ખંખેરીને પાંચસો રત્ન લેવા માંડયો. વેશાંતર કરી તે નગરમાં ગયો અને જુગાર રમવા તથા વિલાસ કરવા લાગ્યો. એક વખત કુટણીએ તેને જોયો, ઘરે જઇ મગધિકાને કહ્યું. મગધિકાને તેણે શ્વેત વસ્ત્રો પહેરાવ્યા, વેણી બાંધી અને કુમાર પાસે લઇ જઈ કહ્યું, 'વત્સ! મેં પાપિણીએ તને કઢાવ્યો ત્યારથી મગધિકા તારા વિરહથી રડતી આવી રીતે રહે છે.' આવા કપટી વચનો સાંભળી કુમારે વિચાર્યું, 'ફરીથી રંડાએ કંઈક કપટ માંડયું લાગે છે. ભલે. જોઇ લઇશ. એમ વિચારી પ્રણામ કરી કહ્યું, 'તારી પુત્રીને એ યોગ્ય છે. મારે શું કરવાનુ છે?' ત્યારે તે તેન ઘેર લઈ ગઈ.

કેટલાક દિવસ ગયા પછી કુમારને કુટણીએ પૂછયું, બેટા! તું પૈસા ક્યાંથી કાઢે છે?' તેણે કહ્યું, 'માતાજી પાદુકા પહેરી આકાશમાર્ગે પરદેશ જઉં છું અને ત્યાંથી દ્રવ્ય લઈ આવું છું.' કુટણી બોલી, 'જો એમ હોય તો તો મારી બાધા પૂરી થશે. તારા

વિયોગમાં મેં સમુદ્ર મધ્યે આવેલ કામદેવની પ્રતિમાનું પૂજન કરવાની માનતા માની હતી. તો મને ત્યાં લઈ જા ને.' કુમાર તેને કામાયતને લઇ ગયો. જેવો તે પાદુકાઓ બહાર મૂકી અંદર ગયો. તરત જ કુટણી પાદુકા પહેરી ઘરે પહોંચી ગઈ 'અહો! પ્રપંચી રંડાએ મને છેતર્યો.' એમ વિચારતો બેઠો ત્યાં એક વિદ્યાધરે તેને જોયો અને પૂછયું, 'અહીં કેમ આવ્યો છે?' તેણે સાચું કહી દીધું. વિદ્યાધરે કહ્યું, 'ચિંતા ન કર. એક પખવાડિયું કામદેવની પ્રતિમાની પૂજા કરતો અહીં રહે. મારે અગત્યનું કામ છે તે કરીને પાછો આવી તને પોતાને ઘેર પહોંચાડીશ. પણ તું બારણા પાસે રહેલા બે વૃક્ષ પાસે ન જતો.' કુમારે તેની વાત માની. વિદ્યાધર તેને પખવાડિયું પહોંચે એટલા લાડુ આપીને આકાશમાર્ગે ગયો.

એક વાર કુમારે કુતૂહલથી એક વૃક્ષનું ફૂલ સુંઘ્યું તો તે ગર્દભ બની ગયો. પાછા આવી વિદ્યાધરે તેને જોઇ બીજા વૃક્ષનું ફૂલ સુંઘાડયું એટલે ફરી પાછો મનુષ્ય બન્યો. વિદ્યાધરે તેને ઠપકો આપ્યો. તેણે પોતાનો દોષ કબૂલ કર્યો અને પૂછયું, 'આવું આશ્ચર્ય કઇ રીતે થાય છે?' વિદ્યાધર બોલ્યો, 'આ વૃક્ષો મેં ખર-માનુષી વિદ્યાથી અધિવાસિત કર્યા છે. તેથી તેનો એવો પ્રભાવ છે.' વિદ્યાધર કામદેવની પૂજા કરવા ગયો એટલે કુમારે બન્ને વૃક્ષોના ફૂલો લઇ લીધા અને બે જુદી જુદી પોટલીમાં બાંધ્યા.

પછી વિદ્યાધરે કુમારને **કંચનપુર** પહોંચાડ્યો. ત્યાં આવી તે મોજ કરવા લાગ્યો. કુડણીએ તેને જોયો. એને આશ્ચર્ય થયું. **માગધિકાએ** વારવા છતાં પગે-માથે પાટા બાંધી કુટણી કુમાર પાસે ગઈ. ગુસ્સો ચડવા છતાં જાતને કાબુમાં રાખી તે બોલ્યો, 'માજી! આ શું થયું?' તે બોલી, 'તું કામદેવના મંદિરમાં ગયો તે જ વખતે એક વિદ્યાધર પાદુકા લઇને ચાલ્યો, મેં તેને રોકયો તો તેણે મને ઊલાળી ને ફેંકી. તે હું નગરમાં આવી પડી. એટલે મારી ઘૂંટણીઓ ભાંગી ગઈ. કુમાર બોલ્યો, 'માતાજી! પાદુકાનું નેને કંઇ દુઃખ નથી. તમને જીવતા જોયા એ જ ઘણું છે. એમ કહેતાં જ તેનો હાથ પકડી કુટણી તેમ ઘેર લઇ ગઇ અને લોભી મનવાળી તેણે પૂછયું, 'બેટા! તું કઈ રીતે અહીં આવી પહોંચ્યો? અને આવી મજા કઈ રીતે કરે છે?' કુમાર બોલ્યા, 'મેં કામદેવની આરાધના કરી. તે મને પ્રત્યક્ષ થયા અને બહુધન આપી અહીં પહોંચાડ્યો,' પેલીએ પૂછયું, 'કામદેવે બીજું કંઇ આપ્યું ખરું?' તેણે કહ્યું, 'આપ્યું છે ને.' કુટણી બોલી, 'શું?' તેણે કહ્યું, 'જે સુંઘવાથી વૃદ્ધ પણ યુવાન બની જાય એવી ઔષધી તેણે આપી છે.' રાજી થતી તે બોલી, 'તે મને આપીશ?' તો 'તમારા માટે જ તે હું લાવ્યો છું.' એમ બોલતાં કુમારે

હાથમાંની લાકડી બાજુપર મૂકી, પેલાં ફૂલ હાથમાં લઇ તેને સુંઘાડ્યા. એટલે કુટણી ગધેડી બની ગઇ. તેના મોંમા કઠણ ચોકડું પહેરાવી કુમાર તેની પીઠ પર સવાર બન્યો. અને લાકડીથી હાંકતો નગર વચ્ચે નીકળ્યો. 'એના લોભનું ફળ એને ચખાડયું તે યોગ્ય જ કર્યું'' એમ માગધિકા રાજી થઇ. બીજી ગણિકાઓએ શોર કર્યો એટલે કોટવાળ દોડી આવ્યા. તેણે શહેર વચ્ચે જ કુટણીને મારતા કુમારને જોયો અને પડકાર્યો, 'આ શું તોફાન માંડયું છે?' કુમારે ખીજાઇને કહ્યું, 'મને ગમે તે કરીશ. તારામાં તાકાત હોય તો રોક.' એટલે કોટવાળ તેનાપર સેલ-ભાલા વગેરેના પ્રહારો કરવા લાગ્યો. પણ લાકડી ઘુમાવતા કુમારને એકેય શસ્ત્રની અસર ન થઈ. આ સાંભળી રાજા ત્યાં આવી પહોંચ્યો. તેણે કુમારને ઓળખ્યો. હાથી ઉપરથી ઉતરી તે કુમારને ભેટી પડયો. કુમારે કહ્યું, મને મૂકી દો. ભાઇ! મારા હાથને જરા સુખ પમાડું.' રાજાએ પૂછયું, 'વત્સ! આ બધું શું છે?' કુમારે બધી વાત કહી, કુટણીને તે જ હાલતમાં એક ઝાડના ઠુંઠાસાથે બંધાવી. પછી રાજા સાથે હાથી પર બેસી તે નગરમાં આવ્યો.

કુટણીને તે અવસ્થામાં જોઈને લોકો બોલવા લાગ્યા, 'લોભ છોડી દો. અતિ લોભ ન કરવો. અતિ લોભ કરવા જતાં કુટણી ગર્દભી બની ગઈ.'

પછી રાજાએ આગ્રહ કરવાથી કુમારે બીજા ફૂલો સુંઘાડી કુટણીને પાછી માણસ બનાવી પાદુકા લઇને છોડી મૂકી.

પછી કુમાર વજ્રસેન યુવરાજ બની વિપુલ ભોગ ભોગવવા લાગ્યો. બન્નેએ માત-પિતાને તેડાવી, 'તમારી કૃપાથી આ રાજ્ય મળ્યું.' એમ કહી સાવકી માતાને રાજી કરી.

એકવાર ગોખમાં બેઠેલા બન્ને ભાઈઓએ માત્ર ચાર હાથ સુધી જ નજર નાખતાં અને તપરૂપી શ્રીવડે સર્વાંગ આલિંગિત એવા મુનિયુગલને રાજમાર્ગ પર જોયું. એ જોઇ તેમને જાતિસ્મરણ થયું. જઈને તેમણે મુનિઓને વંદન કર્યા. એક મુનિએ અવધિજ્ઞાનથી તેમનો પૂર્વભવ જાણી કહ્યું, 'થોડાક સત્કાર્યનું પણ તમે આ ઋદ્ધિરૂપી ફળ મેળવ્યું છે. તો જિનપૂજા અને સાધુઓની સેવામાં વધુ પ્રયત્ન કરો.' તેમણે પણ તે વાત માની. જિન-ધર્મમાં વધુ ઉદ્યત બની, ખૂબ ભોગો ભોગવી, કાળક્રમે બન્ને સદ્‌ગતિ પામ્યા.''

'આ રીતે લોભવશ કુટણીને વીત્યું તે સાંભળી, તમે પણ પરભવના સુખના લોભથી મળેલું સુખ ગુમાવો નહીં. પ્રિય! સ્નેહનિર્ભર માત-પિતા, સગા-સંબંધી, મિત્રો તથા

પત્નીઓને પ્રેમ કરો. સાથે ઉછરેલા વૃક્ષોને છોડતાં ય દુઃખ થાય છે. તમે અતિ કઠણ છો કે આટલા લાંબાકાળના સંબંધ વાળાને છોડવા તૈયાર થયા છો.'

કુમાર બોલ્યો, 'ભદ્રે! સ્નેહ વિવેકરૂપી ચંદ્રને માટે રાહુમુખ સમાન છે, દોષરૂપી પાણીનો સાગર છે, મોહરૂપી મહાસર્પનું દર છે, વૈરાગ્યરૂપી પર્વતને માટે વજ્ર છે, પાપ-રૂપી અંધકારથી ભરેલ રાત છે, પુન્યરૂપી વૃક્ષો માટે અગ્નિ છે, દુરાચારરૂપી શાકિનીના સમૂહને ક્રીડા કરવા માટેનું સ્મશાન છે, શોકરૂપી પિશાચનું શૂન્ય નગર છે, અહિંસારૂપી ધરતીનો મહાકાળ છે, સત્યરૂપી કમળને માટે હિમ છે, સંવેગરૂપી વાદળને માટે પવન છે, કામદેવરૂપી રાજાનું વિલાસભવન છે, દુઃખરૂપી ફણગા માટે પાણી છે, અનર્થરૂપી નગરનું પ્રવેશદ્વાર છે, સ્વર્ગ-મોક્ષની આડેનો આગળો છે. સ્નેહનું આવું સ્વરૂપ જાણીને બુદ્ધિમાન પુરુષે સ્નેહ ન કરવો જોઇએ-જાણી બુઝીને ઝેર કોણ ખાય? વળી, અહિતમાં પ્રવર્તાવનાર જે કોઇ હોય તેના તરફ કોને પ્રેમ થાય? આ વિશે **શુભંકર** તરફના **લીલાવતી**ના પ્રેમનું દૃષ્ટાંત છે.'

**રત્નમંજરી**એ પૂછ્યું, 'સ્વામિ! તે શુભંકર કોણ? અને **લીલાવતી** કોણ?'

કુમાર કહેવા લાગ્યો—

"સવિશેષ સુખવિલાસનો વિષય એવો **કામરૂપ** નામે દેશ છે. તેમાં પૃથ્વીરૂપી સ્ત્રીના તિલક સમાન **મદનપુર** નામે નગર હતું. દુશ્મનના હાથીને હણતી વખતે ઉછળતા મોતીના સમૂહથી વિજયશ્રીને શણગારનારો **પ્રદ્યુમ્ન** નામે ત્યાં રાજા હતો. દેહની કાંતિ-રૂપી દંડાથી લોકોને સન્માર્ગેથી પાડવામાં ઉદ્યમી તેવી **લીલાવતી** નામે તેની રાણી હતી. ભોગ ભોગવતાં તેમનો કેટલોક કાળ ગયો.

એક વખત રાજા અશ્વક્રીડા માટે ગયો. એ સમયે એકાંત ઝરૂખામાં બેસી ચોપાસ જોતી **લીલાવતી** રાજમાર્ગ પરથી દેવમંદિરે જતા **વિમલમતિ** સાર્થવાહના જુવાન પુત્ર **શુભંકર**ને જોયો. તેને જોઇને વિષયાતુર થયેલ **લીલાવતી**ને તેના પર અવિવેકના બળ-વાળો અભિલાષ પેદા થયો. તેણે યુવાન તરફ કામાતુરતાથી જોયું. યુવાનની નજર પણ તેના પર પડી, તેણે પણ મોહના દોષથી આસક્તિપૂર્વક તેના તરફ જોયું. 'અહો! તે મનની વાત જાણી ગયો છે.' એમ **લીલાવતી**ને આનંદ થયો. કામદેવના બાણથી ઘાયલ થયો હોય તેમ યુવાન એ સ્થળે ઉભો રહી ગયો, **લીલાવતી**એ પોતાનું બધું રહસ્ય જાણનાર **જાલિની** નામની દાસીને કહ્યું, 'સખી! કામદેવનો પ્રસાર દુર્નિવાર છે, તો જઈને એ

ચુવાનજનોના શિરોમણિને અહીં લઈ આવ.' 'આ વાતમાં કામીજનોના હૃદયો અત્યંત નાજુક હોય છે.' એમ સમજી દાસી જઈ યુવાનને લઈ આવી. આવીને તે શયનખંડમાં પલંગ પર બેઠો. લીલાવતીએ તેને પાન આપ્યું. હજી તે પાન લે એવામાં જ બંદિ-જનોનો કલરવ સંભળાયો. રાજા આવી પહોંચ્યો જાણી લીલાવતી ડરી ગઈ. બીજો કોઇ ઉપાય ન જોતાં શુભંકરને તેણે સંડાસમાં ધકેલ્યો. રાજા આવી પહોંચ્યો. પલંગ પર બેઠો. થોડી વાર રહી એ બોલ્યો, 'અરે! કોઇ પાણી આપનારને બોલવો અમારે શૌચ જવું છે.' પાણી આપનાર નોકરને બોલાવવામાં આવ્યો. શુભંકરે આ સાંભળ્યું. 'સાચે જ હું માર્યો જઇશ.' એમ અત્યંત ડરી જઈ જીવ બચાવવા ઊંડા, અંધારિયા, અત્યંત દુર્ગંધી અને કીડાઓથી ખદબદતા ખાળકૂવામાં તેણે કુદકો માર્યો. ગળાસુધી તે ગંદકીમાં ડૂબી ગયો. કીડાઓએ તેને પીડા કરી. તેની નજર રુંધાઇ, શરીર સંકોચાવા લાગ્યું ને તેમાં પીડા થવા લાગી. તે અત્યંત વ્યાકુળ થઈ મૂર્છિત થયો.

આ બાજુ રાજા અંગરક્ષકો દ્વારા તપાસ કરાવી સંડાસમાં પેઠા, શૌચક્રિયા કરી બહાર નીકળ્યો. લીલાવતી સાથે મનોવિનોદ કરતો રાજા આખો દિવસ ત્યાં જ રહ્યો. પછી તે દરબારમાં ગયો. એ દરમિયાન લીલાવતીએ શુભંકરની તપાસ કરાવી. તે ત્યાં ન મળ્યો. એટલે લીલાવતીને દાસીએ કહ્યું, 'દેવી! ભયભીત થઇને ખાળકૂવામાં પડી મરી ગયો લાગે છે.' લીલાવતીએ કહ્યું, 'એમ જ લાગે છે. નહીં તો ક્યાં અદૃશ્ય થઈ જાય?' આમ એણે ચિંતા મૂકી દીધી.

આ બાજુ શુભંકર ખાળકૂવામાં આવી અવસ્થામાં પણ ભવિતવ્યતાના યોગે કે કર્મની વિચિત્ર ગતિથી અશુચી ભોજનપાનથી કેટલોક કાળ જીવતો રહ્યો. પછી સાફસુફી માટે ખાળકૂવો ખોલવામાં આવ્યો ત્યારે નખ અને રોમ વગરનો કાંતિ વગરનો એવો તે રાત્રે બહાર નીકળ્યો. મહામુશ્કેલીએ તેણે શરીરને ચોકખું કર્યું અને પછી ઘેર ગયો. 'આ કોણ માણસ?' એમ તેના કુટુંબીઓ ડરી ગયા. શુભંકર બોલ્યો, 'ડરો નહીં. હું શુભંકર છું.' વિમલમતિએ પૂછ્યું, 'તેં શું કર્યું કે આવો બની ગયો? અને આમાંથી તારો કેવી રીતે છૂટકારો કરવો?' શુભંકરે કહ્યું, 'પિતાજી! મારા મૃત્યુની શંકા કરશો નહીં. હું શુભંકર પોતે જ છું. જે કંઈ મેં કર્યું અને જેનાથી આવી દશા થઈ તે બધું કમનશીબ એવો હું તમને કહું છું. પણ એકાંત કરાવો.' બધા માણસો ગયા એટલે 'કોઇ ઉપાય નથી એટલે જેમ બન્યું તેમ જ કહું' એમ વિચારી શુભંકરે બધું કહ્યું. પિતાને સંવેગ થયો કે, 'અહો! અકાર્ય કરવાની ઇચ્છાનું ફળ! પછી તેણે શુભંકરને

ઘરમાં આવવા દીધો, વાયુરહિત સ્થાનમાં રાખી સહસ્રપાકાદિ ઔષધો વડે પુષ્ટ કર્યો. સમય જતાં તે પૂર્વાવસ્થામાં આવ્યો.

પ્રસંગે તે દેવમંદિરે જવા રાજમાર્ગેથી પસાર થયો. પહેલાંની જેમ જ લીલાવતીએ તેને જોયો. પહેલાંની જેમ જ જાલિની દાસીએ સમજાવી મોકલી. મોહવશ શુભંકર ગયો. તે ગયોતેવો જ રાજા આવી પહોંચ્યો. પહેલાંની જેમ જ ખાળકૂવામાં પડવાનું અને નીકળવાનું બન્યું. ફરી સ્વસ્થ થતાં રાણીએ જોયો. ફરી બોલાવ્યો. ફરી અવમાનના થઈ. આમ અનેક વાર બન્યું."

'તો તમને પૂછું છું, તે લીલાવતીને શુભંકર પ્રત્યે અનુરાગ હશે કે નહીં?' રત્નમંજરીએ કહ્યું, 'નાથ! ખરેખર નહીં. લીલાવતી બુદ્ધિહિન હોવી જોઈએ, જે જે વસ્તુને યથાર્થ જોતી નથી, પોતાનો ભાવ જોતી નથી, પોતાની કે પારકાની ચિંતા કરતી નથી કે શુભંકરના ભવિષ્યનો વિચાર કરતી નથી.'

કુમારે કહ્યું, 'ભદ્રે! જો એમ છે, તો તમારો પણ મારા ઉપર સ્નેહ નથી. તમે પણ બુદ્ધિરહિત છો, જે ખરાબ કર્મબંધ કરાવનાર, કષાયવાળા, ચંચળસ્વરૂપના અને તુચ્છ ભોગો ઇચ્છો છો. તેથી તમે પદાર્થને યથાર્થ સમજતી નથી. ભવરૂપી સમુદ્રમાં નિર્વાણનાં સાધક સર્વોત્તમ મનુષ્યપણાને ધર્મમાં પ્રયોજતા નથી. તેથી તમે પણ પોતાના ભાવને જાણતા નથી. જગતને ભય પમાડનાર દારુણ મૃત્યુ સમીપ રહેલ જાણવા છતાં ચિંતા કરતા નથી. તેથી સ્વ-પર-ચિંતા તમે કરતા નથી. મધ જેવા મીઠા પરંતુ પરિણામે દારુણ અને નરક-જન્મના કારણ એવા વિષયસુખને સુંદર કહી, મને પણ તેમાં જોડો છો. તેથી મારું ભવિષ્ય પણ વિચારતા નથી. આમ યથાર્થપણે તમને મારા પર સ્નેહ નથી. ભદ્રે! જેથી દીક્ષા લેવામાં વિઘ્ન કરી મને નરકરૂપી કૂવામાં નાખી રહો છો.'

આ સાંભળીને વધૂઓને સંવેગ થયો. અતિશય શ્રદ્ધાપૂર્વક કુમારના ચરણયુગલમાં પ્રણામ કરી તેઓ બોલી, 'આર્યપુત્ર! અમારો વ્યામોહ પણ દૂર થયો છે. અમને સમ્યગ્ જ્ઞાન થયું છે. અમારો વિષયરાગ નષ્ટ થયો છે. તો આર્ય! અમને અમારે શું કરવું તે આજ્ઞા આપો.'

કુમારે કહ્યું, 'ધન્ય છે તમને. તમારું મનુષ્યપણું યોગ્ય જ છે કે જેમનામાં આવી કુશળબુદ્ધિ છે. હવે તમે બધી પ્રવજ્યા લો.'

પછી કુમારે મહાદાનની ઘોષણા કરી. જિનાયતનોમાં પૂજા કરી, ગુરુજનોને પૂજ્યા, અમારિઘોષણા કરાવી, બંદિજનોને છૂટા કર્યા ને સ્વજનોનું બહુમાન કર્યું. પછી ઉત્તમ તિથિ-કરણ મુહૂર્ત અને યોગમાં ધર્મમિત્રો અને ધર્મપત્નીઓ સહિત દિવ્ય પાલખીમાં બેસી, સામંતમંત્રિઓથી વીંટળાયેલો રાજાની અનુજ્ઞા લઇ, મંગળવાજિંત્રોના અવાજ સાથે તરુણીજનોના નૃત્ય સાથે, નગરજનો વડે જોવાતો અને તેમનામાં ધર્મરાગ પ્રેરતો, બંદિજનોથી બિરદાવાતો, માગણોના મનોરથ પૂરતો કુમાર કુસુમાકર ઉદ્યાનમાં પહોંચ્યો. પાલખીમાંથી ઉતરી તે વિનયનંદન ગુરુના ચરણોમાં ગયો. ત્રણ પ્રદક્ષિણા સાથે પ્રણામ કરી તેણે પોતાની જાત ગુરુને અર્પણ કરી. ગુરુએ યથોક્ત શાસ્ત્રવિધિથી તેને દીક્ષા આપી. ચંદ્રલેખા વગેરે તેની ભાર્યાઓને દીક્ષા આપી. ગુરુએ વિનયવતી પ્રવર્તિનીને સોંપી.

હવે દુષ્કર પરીષહ સહન કરતા, સૂત્રોનું અધ્યયન કરતા અને તેના અર્થ સમજતા દૈવી ઉપસર્ગોની અવગણના કરતા, ગુરુજનોની સેવા કરતા, ઇન્દ્રિયસમૂહને જિતતા, દુષ્કર ક્રિયાઓ કરતા, માસ-બેમાસ-ત્રણ માસની તીવ્ર તપશ્ચર્યા કરતા પુરુષસિંહ મુનિ મહાત્મા પવનની જેમ સર્વત્ર અપ્રતિબદ્ધ વિહરવા લાગ્યા. જેમ ચંદ્રકિરણના સંગથી પર્વતને તેજસ્વી વનસ્પતિઓ પેદા થાય તેમ તપના પ્રભાવથી તેમને ખેલલબ્ધિ વગેરે લબ્ધિઓ ઉત્પન્ન થઈ. કોટીવેદ રસથી જેમ તાંબું સોનું બની જાય છે, તેમ તેમની ખેલલબ્ધિના અલ્પાંશ પ્રભાવથી પણ કોઢથી ઘેરાયેલા દેહવાળાનો દેહ સુંદર બની જતો. તેમના શરીરનો કસ્તુરીની સુગંધવાળો મેલ બધા રોગ હરતો અને તેમના અમૃત જેવા હસ્તસ્પર્શથી રોગો નાશ પામતા. સૂર્ય જેમ અંધકારને દૂર કરે તેમ તેમનો પ્રસ્વેદ રોગસમૂહનો નાશ કરતો અને તેમના શરીરને લાગેલા પવનથી ઝેર વગેરે પણ નાશ પામતા. વિ[illegible] દુષિત થયેલ અન્ન પણ તેમના મુખે બોલાયેલ મંત્ર સાંભળતાં જ વિષવિકાર શમી જ[illegible] તેમના નખ, કેશ વગેરે રોગીના ઔષધરૂપ હતા. અણિમા શક્તિથી તેઓ સોયના નાકામાંથી પસાર થઇ શકતા, મહિમા-શક્તિથી તેઓ મેરુ પર્વતથી પણ મોટું સ્વરૂપ કરી શકતા, ગરિમા શક્તિથી ઇન્દ્ર કરતાય વધુ ગુરુતા ધારણ કરી શકતા, પવન શક્તિથી મેરુશિખરને ય આંગળીથી સ્પર્શી શકતા, પ્રાકામ્ય શક્તિથી ભૂમિપર પાણીની જેમ અને પાણીમાં ભૂમિપર ફરતા હોય તેમ ફરી શકતા, ઐશ્વર્ય શક્તિથી ચક્રવર્તીનો વૈભવ મેળવવા સમર્થ હતા, તેમના વશિત્વગુણથી ક્રૂર પ્રાણીઓ પણ શાંત થઈ જતા. અપ્રતિઘાતિત્વ ગુણથી તેઓ પર્વતની અંદરથી પણ પસાર થઇ શકતા. અંતર્ધ્યાન શક્તિથી પવનની જેમ અદૃશ્ય થઇ શકતા. કામરૂપિત્વ શક્તિથી આખા જગતમાં વ્યાપે તેવું રૂપ ધરી શકતા. એક જ અર્થ સમજવામાં આવતા બધાં જ અર્થ સમજાઇ જાય તેવી બુદ્ધિ-રિદ્ધિ તે ઉત્તમ

મુનિને પ્રાપ્ત થઇ. કોષ્ઠમાં જેમ ધાન્ય સચવાઈ રહે તેમ તેમની કોષ્ઠબુદ્ધિમાં સૂત્રો અક્ષત સચવાઇ રહેતા. પદાનુસારી શક્તિથી તેઓ એક પદ ઉપરથી સમગ્ર ગ્રંથને ગ્રહણ કરી લેતા. મનોબલથી તેઓ અંતમૂહુર્તમાં તેને બોલી જતા. તેમનું શરીરબળ એટલું હતું કે ચિરકાળ સુધી પ્રતિમા ધારણ કરવા છતાં તેમને દેહપીડા ન થતી. તેઓને અમૃત-દુધ-મધ-ઘી આસવની એવી લબ્ધિ હતી કે તેમના પાત્રમાં પડેલ તુચ્છ અન્ન પણ અમૃતરસવાળું બની જતું અને તેમણે કરેલું આશ્વાસનનું વચન દુઃખીમાટે અમૃતમય પરિણામવાળું બની જતું. તેમને અક્ષય મહાશન લબ્ધિ હતી કે તેમના પાત્રમાં વહોરાવેલું અલ્પ અન્ન પણ જ્યાં સુધી તેઓ જમી ન લે ત્યાં સુધી ખૂટતું નહીં. તેમને અક્ષય મહાલય લબ્ધિ પણ હતી કે જેનાથી તીર્થંકરની પરિષદની માફક તેમની સભામાં પણ અસંખ્ય મનુષ્યો મુશ્કેલી વિના સમાય જતા.

એક જ ઇન્દ્રયથી બીજી બધી ઇન્દ્રિયોના વિષયોનું જ્ઞાન થઈ શકે એવી સંભિન્ન -શ્રોત લબ્ધિ તે મહર્ષિને થઇ. જંઘાચારણ લબ્ધિથી એક જ કુદકે તેઓ રુચક પર્વત પર અને નંદિશ્વર પર જઈ અને બીજા કુદકે પાછા ફરી શકતા. એક કુદકે તેઓ મેરુશિખર પહોંચી ત્યાંથી એક કુદકે નંદનવન અને બીજા કુદકે સ્વસ્થાને પાછા આવી જતા. વિદ્યા-લબ્ધિ યુક્ત તેઓ એક કુદકે માનુષોત્તર અને બીજા કુદકે નંદિશ્વર દ્વીપ પહોંચી ત્યાંથી એક જ કુદકે સ્વસ્થાને પાછા ફરતા. બે કુદકે તેઓ ઉર્ધ્વ જઇ એક કુદકે પાછા આવતા. આશીવિષ ઋદ્ધિથી તેઓ નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ હતા, પણ નિસ્પૃહ પુરુષ-સિંહ મુનિ લબ્ધિનો ઉપયોગ કરતા નહીં.

શુદ્ધભાવનાથી કુશળ પુણ્યોપાર્જન કરનાર તેઓએ આ વીશ સ્થાનો દ્વારા તીર્થં-કર-નામ-કર્મનું ઉપાર્જન કર્યું.—( ૧ ) અરહિંત ભગવંત અને તેમની પ્રતિમાનું પૂજન, ( ૨ ) સિદ્ધ ભગવાનના સ્વરૂપની શ્રદ્ધા અને ચિંતન, ( ૩ ) બાળરોગી આદિના પાલન દ્વારા પ્રવચન-વાત્સલ્ય, ( ૪ ) ગુરુઓની આહાર-વસ્ત્ર આદિ દાન દ્વારા સેવા, ( ૫ ) વ્રત-પર્યાયમાં મોટા મુનિઓનું બહુમાન, ( ૬ ) અર્થની અપેક્ષાએ બહુશ્રુતોનું વાત્સલ્ય, ( ૭ ) તપસ્વીઓની પૂજન-દાનાદિથી ભક્તિ, ( ૮ ) નિત્ય સુત્રાર્થજ્ઞાનનો ઉપયોગ, ( ૯ ) સંપૂર્ણ શંકાદિ દોષ રહિત સમ્યકત્વ, ( ૧૦ ) જ્ઞાન-દર્શન-ચારિત્ર્યનો ઉપચાર-વિનય, ( ૧૧ ) અતિચાર-રહિત આવશ્યક-ક્રિયા ( ૧૨ ) મૂલ અને અનુત્તર વ્રતોનું અતિચાર રહિત પરિપાલન, ( ૧૩ ) પ્રમાદરહિત પ્રતિક્ષણ શુભ ધ્યાન, ( ૧૪ ) અનવરત બારપ્રકારનું તપ, ( ૧૫ ) તપસ્વીજનોમાં અન્નાદિનો સંવિભાગ, ( ૧૬ ) આચાર્યો વગેરેની શક્તિ-

પૂર્વક સેવા-સુશ્રુષા, ( ૧૭ ) આપત્તિઓ દૂર કરી સંઘને સમાધિ આપવી, ( ૧૮ ) અપૂર્વ સૂત્રાર્થનો સંગ્રહ, ( ૧૯ ) અનવરત શ્રદ્ધા અને સ્મરણપૂર્વક શ્રુતભક્તિ અને ( ૨૦ ) વાણી આદિની લબ્ધિ દ્વારા શાસનની પ્રભાવના.

આ સ્થાનો દ્વારા તીર્થંકર કર્મ ઉપાર્જીને તેઓ ભાવિક જનોને પ્રતિબોધ પમાડતા લાંબા કાળ સુધી જગતમાં વિહર્યા. પોતાનો પર્યંતસમય જાણી સંલેખના પૂર્વક કાળ કરીને વૈજયંત વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા અને તેત્રીસ સાગરોપમ વર્ષ સુધી ત્યાં સુખસાગરમાં લીન થયા.

**શ્રી સોમપ્રભસૂરિ-વિરચિત સુમતિસ્વામિ ચરિતમાં તીર્થંકર કર્મોપાર્જનપરક નર-સુર-ભવો પૂર્ણ થયા.**

॥ ૐ ॥

॥ શ્રી સુમતિનાથ ચરિત ॥

॥ પ્રથમ ખંડ ॥

॥ સમાપ્ત ॥

શ્રી શ્રી શ્રી

સમાપ્ત

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.